-: બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ :-

-: ગ્રંથ પ્રેરક :-

પૂજ્ય મુનિરાજ
શ્રી સુધર્મસાગરજી
મહારાજ સાહેબ

# અ-ભિ-ન-વ
# ઉપદેશ પ્રાસાદ

ભાગ-૧

શ્રાવક જીવન અંગે પરિશીલન

-: ગ્રંથ સર્જક :-

મુનિ દીપરત્ન સાગર
(M. Com. M. Ed.)
(અભિનવ હેમ લઘુપ્રક્રિયા-
સંસ્કૃત વ્યાકરણના સર્જક)

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

શ્રી આનંદ-ક્ષમા-લલીત-સુશીલ-સુધર્મસાગર ગુરુભ્યોનમઃ

# અ-ભિ-ન-વ
# ઉપદેશપ્રાસાદ

ભાગ-૧

---

શ્રાવક-જીવન અંગે પરિશીલન

-: ગ્રન્થ પ્રેરક :-

પૂજ્ય મુનિરાજશ્રી

સુધર્મ સાગરજી મહારાજ સાહેબ

મુનિ શ્રી દીપરત્ન સાગર (M.Com. M.Ed.)

(અભિનવ હેમ લઘુ પ્રક્રિયા-સંસ્કૃત વ્યાકરણના સર્જક)



પૂ. ઉપા. યશોવિજયજી પછી થયેલા અપ્રતિમ વિદ્વાન
શાસન ઉપરના બાહ્ય અભ્યંતર આક્રમણનો
નીડરતાથી સામનો કરનાર, રસનેંદ્રિય
વિજેતા, દીર્ઘદૃષ્ટિપણાથી વિરોધના
વંટોળ વચ્ચે આગમો મુદ્રિત
કરાવી જૈન જગતને અધ્ય-
યન અધ્યાપન સુલભ
બનાવનારા.

## શ્રી આનંદસાગર સુરિજી મ. સા.


■ મુદ્રક ■

ભાવના પ્રિન્ટરી
કમ્બોઈનગર પાસે,
**મહેસાણા**-૩૮૪૦૦૨

■ પ્રકાશક ■

અભિનવ શ્રુત પ્રકાશન
C/o. **પ્ર. જે. મહેતા**
પ્રધાન ડાકઘર પાછળ,
**જામનગર**-૩૬૧૦૦૧.

**સંવત-મહા, ૨૦૪૬** **ફેબ્રુ-૧૯૯૦**

# અનુક્રમણિકા


| ક્રમ | પરિશિલન | અધ્યયન | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | સાંભળવાની કળા | શ્રાવક એટલે શું | ૧ |
| ૨ | પરમાત્માને ઓળખો | જિનનો અર્થ | ૧૧ |
| ૩ | પાપને ધિક્કારો | શું ન કરવું ? | ૨૧ |
| ૪ | ધર્મને આદરો | શું કરવું ? | ૩૧ |
| ૫ | મારે તારું વચન પ્રમાણ | જિનાજ્ઞા માનવી | ૪૧ |
| ૬ | સંસારમાં કેમ રખડો છો ? | મિથ્યાત્વ | ૫૧ |
| ૭ | શું પ્રભુ કે ગુરુ ને ઓળખ્યા ? | મિથ્યાત્વ | ૬૧ |
| ૮ | "મારું એજ સાચું" છોડો | મિથ્યાત્વ | ૭૧ |
| ૯ | સત્ય શું છે ? | સમ્યક્ત્વ | ૮૧ |
| ૧૦ | કાયમી સુખી થવું છે ? | સમ્યક્ત્વ | ૯૧ |
| ૧૧ | જે જિન ભાખ્યું તેનહીં અન્યથા | સમ્યક્ત્વ | ૧૦૧ |
| ૧૨ | સમકિત દુષણ પરિહરો રે | સમ્યક્ત્વ | ૧૧૧ |
| ૧૩ | યાત્રા સમભાવથી ત્યાગ સુધી | આવશ્યક | ૧૨૧ |
| ૧૪ | સમભાવની સાધના | સામાયિક | ૧૩૧ |
| ૧૫ | પૈસા ખર્ચ્યા વિના પુન્ય મેળવો | સામાયિક | ૧૪૧ |
| ૧૬ | પાપ નિવૃત્તિની પ્રતીજ્ઞા | સામાયિક | ૧૫૧ |
| ૧૭ | શ્રાવક સાધુ સરીખો થાયે | સામાયિક | ૧૬૧ |
| ૧૮ | ભજ સદા ભગવંત | ચઉવીસત્થઓ | ૧૭૧ |
| ૧૯ | સ્મરણ પરમાત્માનું | ચઉવીસત્થઓ | ૧૮૧ |
| ૨૦ | વંદનથી મુક્તિ | વંદન | ૧૯૧ |
| ૨૧ | ખમાવો ગુરુ રાયને | વંદન | ૨૦૧ |
| ૨૨ | વંદના પાપ નિકંદના | વંદન | ૨૧૧ |
| ૨૩ | ચાલો ઘરમાં વસીએ | પ્રતિક્રમણ | ૨૨૧ |

| ક્રમ | પરિશિલન | અધ્યયન | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૨૪ | રે ભાઇ ! તું ચાલતા શીખ | પ્રતિક્રમણ | ૨૩૧ |
| ૨૫ | પાપ સ્થાનક પરિહરો | પ્રતિક્રમણ | ૨૪૧ |
| ૨૬ | પાપ નાશની અણુમોલ પ્રક્રિયા | પ્રતિક્રમણ | ૨૫૧ |
| ૨૭ | આત્મહત્યા વિના શરીરત્યાગ | કાયોત્સર્ગ | ૨૬૧ |
| ૨૮ | પાપના બીજને બાળી નાખો | કાયોત્સર્ગ | ૨૭૧ |
| ૨૯ | સદા મગનમાં રહેવું | કાયોત્સર્ગ | ૨૮૧ |
| ૩૦ | યાત્રા શ્રદ્ધાથી અનુપ્રેક્ષા સુધી | કાયોત્સર્ગ | ૨૯૧ |
| ૩૧ | વિરમે તે બચે | પચ્ચક્ખાણ | ૩૦૧ |
| ૩૨ | નિયમનો મહિમા | પચ્ચક્ખાણ | ૩૧૧ |
| ૩૩ | પરભવનું ભાથું | પર્વ મહિમા | ૩૨૧ |
| ૩૪ | ચાર શણગાર | પૌષધ | ૩૩૧ |
| ૩૫ | સંયમદિન આરાધો | પર્વમાં પૌષધ | ૩૪૧ |




શ્રી નેમિનાથાય નમઃ

## —: ગ્રન્થ ભૂમિકા :—

શ્રી વીતરાગ સર્વજ્ઞ ભગવંતે બે પ્રકારનો ધર્મ પ્રરૂપેલ છે.
(૧) સાધુ ધર્મ (૨) શ્રાવક ધર્મ.

પરમાત્મા શ્રી મહાવીર મહારાજાના શાસનમાં અનેક વિદ્વાન્ પૂજ્ય આચાર્યાદિ થઈ ગયા. તેઓએ કેવળ સાધુધર્મ કે શ્રાવક ધર્મને અનુલક્ષી ને અનેક પ્રકારની રચનાઓ કરી છે.

પ્રતિક્રમણાદિક ક્રિયામાં પણ કેટલાંક સૂત્રો સાધુ અથવા શ્રાવકને લક્ષમાં રાખીને જ છે.

શ્રાવક માટેના જ સૂત્રોમાંનુ એક સૂત્ર તે "**મન્નહ જિણાણું.**"

પ્રસ્તુત ગ્રન્થનો વિષય—અધ્યયન પરત્વેનો આધાર આ મન્નહ જિણાણું સૂત્ર છે.

કોઈને શંકા થાય કે તો પછી આ ગ્રંથનું નામ **અભિનવ ઉપદેશ પ્રાસાદ** શા માટે ?

જૈન સાહિત્યમાં ઉપદેશ પ્રાસાદ ખૂબ જ પ્રસિદ્ધ ગ્રંથ છે. પૂ. લક્ષ્મી સૂરીજી મહારાજે સ્વશિષ્યને માટે એ ગ્રંથ તૈયાર કરેલો. આ ગ્રંથ વ્યાખ્યાન કરતી વખતે મંદ ક્ષયોપશમવાળા સાધુને તો ખૂબજ ઉપયોગમાં આવે છે. પણ તેમાં રહેલ અષાઢ ચાતુર્માસિક અને અષ્ટાહ્નિકા [શ્રી પર્યુષણ પર્વના પ્રથમ ત્રણ દિવસ]ના વ્યાખ્યાનો તો બધાં જ પૂજ્યો વાંચે છે.

તેથી વ્યાખ્યાનને માટે પ્રસિદ્ધ એવા તે ગ્રન્થ ને આધારે પ્રસ્તુત પુસ્તકનું નામ પણ **અભિનવ ઉપદેશ પ્રાસાદ** રાખેલ છે. તેમાં એક એક વિષય પર તૈયાર કરેલ **પરિશીલન** વ્યાખ્યાન તરીકે પણ ચાલે તેવું છે.

વર્તમાન કાલે ચાતુર્માસ કરાવવામાં મોટા ભાગના સંઘોમાં પૂજ્ય સાધુ ભગવંતને ચાતુર્માસ વિનંતી કરતાં પહેલાં એક જ વાત વિચારાય છે કે **વ્યાખ્યાન કેવું** ?

પરિણામે મંદ ક્ષયોપશમવાળા અથવા તો જ્ઞાન-તપ-ભગવંત-ભક્તિ-જાપ વગેરે આરાધનામાં વિશેષ રસવાળા પૂજ્ય સાધુ મહારાજ તથા સાધ્વીજીઓને પણ ઇચ્છા કે અનિચ્છાએ-આવડે કે ન આવડે તો પણ વ્યાખ્યાન આપવું પડે છે.

આવા સમયે વ્યાખ્યાનમાં સીધે સીધું વાંચે તો પણ શ્રાવકાચાર સ્પષ્ટ સમજાવી શકાય તેમજ સાથે સાથે વિવિધ શાસ્ત્રીય છણાવટો, કથા, બહારના પ્રસંગો, શ્લોકો, સ્તવન સજ્ઝાય વગેરેની પંક્તિ આદિ એક સાથે મળે તેવો કોઇ સંગ્રહ હોય તો ઘણો ઉપયોગી થાય.

આ ઉપરાંત કોઈપણ કારણસર વ્યાખ્યાનમાં ન જઈ શકનાર શ્રાવક-શ્રાવિકા વર્ગ પણ ઘેર બેઠાં શ્રાવક-આચારના જ્ઞાનને મેળવે તેમજ સાધુ-બહુમાન આદિને પણ પ્રાપ્ત કરે તેવા સંગ્રહ-**પરિશિલન**-જેવું કંઇક હોય તો ઉપયોગી થાય.

આવા હેતુથી પ્રરાઇને મુનિ **દીપરત્ન સાગરે** તૈયાર કરેલ **પરિશીલન** એટલે આ--

## અભિનવ ઉપદેશ પ્રાસાદ

પ્રસ્તુત પરિશીલન તૈયાર થયા બાદ "છપાવવા અંગે શું કરવું" તે વિચારણા ચાલુ હતી.

રાજસ્થાનના તીર્થોની યાત્રા કરતાં મધ્યપ્રદેશના દ્વાર સમા નીમચ (છાવણી) પહોંચ્યા.

નયનરમ્ય મૂળનાયકજી શ્રી પાર્શ્વપ્રભુજીના દર્શન કરતાં વિહારનો થાક ઉતરી ગયો. ઉપાશ્રયમાં પગ મુકતા એક રોમાંચક અનુભવ થયો. મનમાં વિચાર આવ્યો "ચોમાસું અહીં થાય તો?"

બીજે કે ત્રીજે દિવસે નીમચ છાવણી સંઘમાં તન-મન-ધનથી ભોગ આપનાર **પુનમચંદજી ચોરડીયા** એ વિનંતી કરી કે બાપજી सा ! इस साल चातुर्मास यहीं करो तो अच्छा । नरे साल से साधू महाराज का लाभ नहीं मिला । બાદમાં સર્વે ટ્રસ્ટી ગણે વિનંતી કરી.

ચાતુર્માસ આજ્ઞા માટે પૂજ્ય ગચ્છાધિપતિ શ્રી ને પત્ર લખ્યો. પૂજ્યશ્રીની અનુમતિ આવી ગઈ.

ચાતુર્માસમાં શ્રી સંઘના ઉપપ્રમુખ **બસંતીલાલજી લસોડે** એક વખત આ **પરિશીલન** નો ફકરો વાંચ્યો. આગળ આગળ વાંચતા આનંદિત થયા. "સમગ્ર પરિશીલન છપાવો" તેવી ભાવના વ્યક્ત કરી.

આ બનાવ પછી કેટલાંક દિવસે એક ભાઈએ આવીને કહ્યું કે આ **પરિશીલન** છપાવો તો હું સારો સહકાર આપીશ. પણ મારું નામ ક્યાંય ન લખતા ગુપ્તદાન કરવાનું છે.

આમ પુસ્તક છપાશે તેવો વિશ્વાસ ઉત્પન્ન થયો. શ્રી સંઘમાં વાત કરી. **સુરજમલજી નાગોરી** એ મીટીંગમાં પ્રસ્તાવ મુકયો. તે સમયના સંઘના સેક્રેટરી શ્રી **પ્રેમપ્રકાશજી પગારીયા** ની અધ્યક્ષતામાં લેવાયેલ આ મીટીંગમાં સર્વાનુમતે ૨૦ શેર પાસ કર્યા. તે મુજબ ખજાનચી અક્ષય સિંહજી કોઠારી-"**અખેબાબુ**" તેમજ **યશવંત સિંહજી લોઢા**-"હેડ-સા" એ તુરંત ડ્રાફટ તૈયાર કરાવ્યો.

બીજી મીટીંગમાં ફરી બીજા ૨૦ શેર પાસ કર્યા. તેનો ડ્રાફટ પણ રવાના થઈ ગયો.

બાદમાં **મનોહરસિંહજી લોઢા** એ ખૂબ જ ભાર પૂર્વક વ્યક્તિગત સહકાર આપવા વાત મુકી. શ્રી સંઘના શ્રાવક-શ્રાવિકાએ આપેલ સહકારથી આ પ્રથમ ભાગ તૈયાર થઈ ગયો. (જેના નામ છેલ્લે આપેલ છે.)

પ્રસ્તુત **પરિશીલન** ના ઉપયોગથી દેશવિરતી ધારણ કરી સર્વવિરતિના પરિણામથી-પરિપાલનાથી આગળ વધતાં વધતાં પરમપદને પ્રાપ્ત કરો તે જ હાર્દિક ભાવના સહ................

**પ્રસ્તુત પરિશીલનમાં** છદ્મસ્થતા વશ જે કંઈ વીતરાગ સર્વજ્ઞ ભગવંતની આજ્ઞા વિરુદ્ધ લખાયેલ હોય કે મુદ્રણ દોષથી છપાયેલ હોય તેનું ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

**"મુનિ સુધર્મ સાગર"**

अर्हत्सिद्ध गणीन्द्र वाचक मुनि, प्रष्ठा प्रतिष्ठास्पदं
पंच श्री परमेष्ठिनः पददतां प्रोच्चैर्गरिष्ठात्मताम्
द्वैधान्पञ्च सुपर्वणां शिखरिणः प्रोद्दाममाहात्म्यत
श्चेतश्चिन्तित दानतश्च कृतिनां ये स्मारयन्त्यन्वहम्

જેઓ અપૂર્વ માહાત્મ્યથી અને મનોવાંછીતના દાનથી એમ બે પ્રકારે, વિદ્વાનોને હંમેશા પાંચ જાતના કલ્પ-વૃક્ષોની યાદ અપાવે છે, તે શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ રૂપ પંચ પરમેષ્ઠી—ગૌરવયુક્ત ઉચ્ચ પ્રતિષ્ઠાના સ્થાન (મોક્ષ) ને આપો.

वीरं नमिऊण तिलोयभाणं विसुद्ध नाणं सुमहा निहाणं
वुच्छामि चड्ढ निसकिच्चमेएं जिणंद चंदाण य आगमाउ

ત્રણલોકના ભાનુ-સૂર્ય સમાન પ્રકાશક, વિશુદ્ધ જ્ઞાનના ધારક તેમજ શ્રેષ્ઠ એવા નિધાન તુલ્ય શ્રી વીર પરમાત્માના આગમોમાંથી ઉદ્ધરીને હું શ્રાવકના નિત્ય (એવા)આ કૃત્યોને કહીશ.

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
નમો નાણસ્સ

# (૧) શ્રાવક એટલે શું ?

— સાંભળવાની કળા

परलोकहिय सम्मं जो जिणवयणं सुणेइ उवउत्तो
अई तिव्व कम्म विगमा सुक्को सो सावगो एत्थ

શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મહારાજાએ પંચાશક ગ્રન્થમાં શ્રાવકની વ્યાખ્યા કરતા આ શ્લોકમાં છેલ્લે सो सावगो एत्थ કહ્યુ તે શ્રાવક જાણુવો. શ્રાવક એટલે શું ?

સાવ સાદી વ્યાખ્યા કરતા शृणोति इति श्रावकः કહ્યું. જે સાંભળે તે શ્રાવક. તમે બધાં સાંભળો છો કે નહીં ? એનો અર્થ એવો થાયને કે બહેરા માણસ કોઈ શ્રાવક હોય જ નહીં ? શ્રાવકના કુળમાં જન્મેલો રેડીયો સાંભળે તો પણ શ્રાવક અને બજારમાં ભાવતાલ સાંભળે તો પણ શ્રાવક, ઘરમાં ઝંકારારા સાંભળે તો પણ ?

એમ નહીં....તો પછી શ્રાવક એટલે શું ? સ્થાનાંગ સૂત્રમાં અભયદેવસૂરિ મહારાજાએ સ્પષ્ટતા કરી કે शृणोति जिनवचनम् इति श्रावकः જિનવાણીને સાંભળે તે શ્રાવક. અહીં મહત્વ કોનું ? સાંભળવાનું કે જિનવચનનું ?

મોક્ષાર્થી માટે પાયો છે "ભગવાનની વાણી." શ્રવણ કરવાનું ખરૂં, પણ ભગવાનની વાણીનું.

ઝાલાવડમાં રાજસીતાપુર ગામ. ત્યાં માલુભા રાણા નામે ફોજદાર. આખા પરગણામાં ફેં ફાટે. માલુભા પોતે મૂળ કોંઢના વતની. છ ફૂટ ઊંચા, ગોરોવાન, ભરાવદાર મૂછો, અંગ્રેજી ભાષા પર કાબુ. એ સમયે ધાંગધ્રાના રાજા સાહેબનો નેજો ફરકે અને રૈયતના રક્ષણ માટે માલુભા રાણા હતા.

રાજસીતાપુર ગામે એક પગી ભજન ગાય. પગીનો એવો બુલંદ કંઠ કે સૂરની સરવાણીમાં જાણે આખું ગામ તણાઇ જાય, પગી રામસાગરે ભક્તિની ભભક ફેલાવી દીધી. માલુભાને કાને વાત આવી કે 'ફોજદાર ! પગીના ભજન સાંભળવા એ જીવતરનો લહાવો છે, લહાવો. ભજન તો શું મરમના ઘા છે, ઘા સાહેબ'

એક રાતે માલુભા પણ ભજન સાંભળવા પુગ્યા. રંગત જામી ભજનની. પરભાત થઇ ગયું ત્યાં સુધી માલુભાને ખબર ન પડી. સવારે ધાંગધ્રે પહોંચે ત્યાં રાજા સાહેબે હુકમ સંભળાવ્યો. તમારી નિમણુંક પોલિસ વડા તરીકે કરવામાં આવે છે. તેણે હોદ્દો તો સંભાળ્યો, પણ કાનમાં હજી ભજનનો રંગ છે–ગુંજ્યા કરે છે શબ્દો (તમને સ્તવન કે સજ્ઝાય કેટલા યાદ ? કે પછી સ્તવન પુરુ થયું નથી કે વરકનકશંખ વિદ્રુમ ને ભગવાનહં-કરવાનું જ યાદ રહ્યું.)

માલુભા રાણાને ફરી ભજનનું મન થયા કરે, પણ પોલિસનો મોભો નડે. એક બાજુ હૈયું હાથ નથી રહેતું–બીજી બાજુ પોલિસ વડો થઇને દોથા જેવા ગામમાં ભજન સાંભળે. હવે કરવું શું ? પછી ખાનગી ડ્રેસ પહેરી રોજ ઘોડી પર જાય, રાત્રે ભજન સાંભળે, સવારે પાછા ધાંગધ્રે.

એક રાતે ભજનની જમાવટ થઇ છે–મંજીરા ના રણકાર, તબલાનો નાદ, પગીનો સુર–બધાં એકમેકમાં ઓળઘોળ થઇ ગયા છે. માલુભા ભક્તિ રસનું પાન કરી રહ્યા છે. ત્યારે પગી બોલ્યો :

**વીજળીના ઝબકારે રે મોતી પરોવો**
**પાનબાઇ અચાનક અંધારા થશે રે**

તમે પણ સજ્ઝાયમાં બોલો છો ને

**સ્થિર નહીં આ સંસારે પ્રાણી, તન ધન યૌવનવાન**
**જિમ સંધ્યાના વાદળનો રંગ, જિમ ચંચળ ગજ કાન**

માલુભાના મગજમાં ચમકારો થઇ ગયો. વીજળીના ઝબકારે રે મોતી પરોવો–આ મનુષ્ય ભવ માંડ મલ્યો છે. હવે આત્માનું સાધી લેવું. ધાંગધ્રે હડી મેલી, સવારે રાજીનામું દઇ દીધું. બસ થઇ ગયા ભક્તિમાં તરબોળ. પોતાને ખોરડે સાધુ–સંતોની રમઝટ બોલે છે, બંદુકના ઘોડાને બદલે માળાના મણકા ફરી રહ્યા છે. છેલ્લે ૧૨ વર્ષનું મૌન ધારણ કર્યું. પણ આ બધો પ્રતાપ કોનો ? શ્રુતિ રાગનો.

તેથી શ્રાવક માટે પણ લક્ષણ બાંધ્યું કે જિનવચન સાંભળે તે શ્રાવક.

અહીં ફરી પ્રશ્ન થાય કે જિન વચન સાંભળે તો ખરો, પણ મોક્ષનો અર્થી શ્રાવક કઇ રીતે સાંભળે તો કલ્યાણકારી થાય ?

परलोक हियं-પરલોક માટે હિત બુદ્ધિથી સાંભળે–કદાચ પરલોકની હિત બુદ્ધિએ સાંભળવા છતા તેમાં ધ્યાન ન આવે તો ? એટલે શ્રીમાન્

હરિભદ્રસૂરિ આગળ જણાવે उवउत्तो-ઉપયોગ પૂર્વક સાંભળે.

હવે વિચારો તમારું નામ શ્રાવક પાડ્યું કોને આધારે? ધર્મ શ્રવણને આધારે-જિનેશ્વર મહારાજના વચનો સાધુમુખેથી પરલોકની હિત બુદ્ધિએ સાંભળે-તે પણ ઉપયોગ પૂર્વક સાંભળે તે શ્રાવક કહેવાય. એટલે તમારા આખા વર્ગનું નામ રાખ્યુ કોને આધારે? શાસ્ત્ર શ્રવણને આધારે. જૈનનો નાનો છોકરો કીડી પણ ન મારે-તે ડરે. હવે આ ડર કયાંથી આવ્યો? શાસ્ત્ર શ્રવણમાંથી. દુનિયાદારીમાં પડેલા સૌનું જ્ઞાન-શ્રદ્ધા બધુંજ વાસી ઠીકરા જેવું હોય, પણ તે તાજું કે ગરમ થાય કયારે? ધર્મશ્રવણ વખતે. જો ધર્મશ્રવણનું પગથીયું જ છોડી દો તો મનમાંથી ડર ગયો અને ડર ગયા પછી પુણ્ય-પાપ-ધર્મ-અધર્મ-સમક્તિ-મિથ્યાત્વ-બંધ-મોક્ષ બધી વાતો નક્કામી. કેમકે શાસ્ત્ર શ્રવણ છે તો શ્રદ્ધા છે અને શ્રદ્ધા છે તો જ શ્રાવકપણું છે.

આગમમાં પણ કહ્યું છે કે—

सवणे नाणे य विन्नाणे पच्चक्खाणे य संजमे
अनिह्णए तवे चेवं वोदाणे अकिरिय निव्वाणे

શાસ્ત્ર શ્રવણથી જ્ઞાન થાય, જ્ઞાનથી વિજ્ઞાન થાય, વિજ્ઞાનથી પચ્ચક્ખાણ થાય, પચ્ચક્ખાણથી સંયમ થાય, સંયમથી દોષ રહિત તપ થાય, તપથી ક્રિયા રહિતપણું થાય. (પૂર્વ કર્મ નિર્જરે અને નવા ન બંધાય) ક્રિયા રહિત થતા નિર્વાણ (મોક્ષ) થાય. જેમ અર્જુન માલીને મોક્ષ થયો તેમ—

**(અર્જુનમાલીઃ—)**

રાજગૃહી નગરીમાં અતિ ધનવાન એવો અર્જુન નામે એક માળી રહેતો. તેને બંધુમતી નામે અતિ સુકુમાર સ્ત્રી હતી. બન્ને પ્રતિદિન નગર બહાર કુળ દેવતા એવા મુદ્દગર પાણી યક્ષની ફૂલ પૂજા માટે જાય. તે ગામમાં લલિતા નામે મંડળી. તેમાં શોખીન અને ધનાઢ્ય લોકો, પણ બધાં કુછંદે ચડેલા હતા.

નગરમાં મહોત્સવના દિવસે અર્જુનમાલીને થયું કે આજે ફૂલના ઘણાં પૈસા ઉપજશે, માટે વહેલો જઇ પહેલાં યક્ષની પૂજા કરીને આવું. જેવા તે પતિપત્ની યક્ષ મંદિરમાં ગયા કે પેલી લલિતા ટોળકીએ જોયું કે વાહ! સ્ત્રી ઘણી સુંદર છે. તેની સાથે ભોગ ભોગવવા એ જીવનનો લહાવો છે. અહો કેટલું આનું રૂપ! બીજો કહે-આ ન મળી તો

જીવન શા કામનું ? ત્રીજો કહે–દરવાજા પાછળ છૂપાઈ જઈએ. આખું ષડ્યન્ત્ર રચાઈ ગયું. જેવા અર્જુનમાલી અને બંધુમતી મંદિરના અંદરના ગૃહમાં પ્રવેશ્યા કે તુરંત પેલા છએ પુરુષોએ અર્જુનમાલીને બાંધી દીધો. તેની નજર સામે છએ પુરુષોએ બંધુમતી સાથે ભોગ વિલાસ કર્યો. અર્જુનમાલી ક્રોધથી ધમધમી ઉઠયો.

અરે ! હું નિત્ય યક્ષની પૂજા કરનારો ને મારો આ પરાભવ, ખરેખર ! મેં જેની પૂજા કરી તે પથરો જ છે, યક્ષ નહીં. નહીં તો મારી આ દશા ન હોય. યક્ષના મનમાં અનુકંપા જાગી. તેણે અર્જુનમાલીના શરીરમાં પ્રવેશ કર્યો, બંધનો તોડી નાખ્યા. છ પુરુષ અને સાતમી સ્ત્રી, સાતે ને મારી નાખ્યા. પછી તો રોજેરોજ શા મણનો લોઢાનો મુદ્ગર લઈને ફરે છે અને ૬ પુરુષ તથા ૧ સ્ત્રીની હત્યા કરી રહ્યો છે. રાજગૃહી નગરીમાં હાહાકાર મચી ગયો. શ્રેણિક મહારાજે ઉદ્‌ઘોષણા કરાવી કે જ્યાં સુધી અર્જુનમાલી ૭ ની હત્યા ન કરે ત્યાં સુધી નગરવાસીઓએ બહાર નીકળવું નહીં.

છ મહિના સુધી આ ક્રમ ચાલ્યો છે. રોજ સાત–સાતની હત્યા. એવા સમયે ભગવાન મહાવીર શહેરની બહાર ઉદ્યાનમાં સમોસર્યા. પણ જાય કોણ ?

સુદર્શન શેઠ વિચારે કે ભગવાન ખુદ પધાર્યા ને હું જિનવાણી સાંભળવા ન જઉં તે કેમ બને ? માતા–પિતા રજા ન આપે–છતાં નગર દરવાજે પહોંચ્યો તો દરવાન દરવાજો ન ખોલે. સુદર્શન તો જિનવાણી શ્રવણ માટે અનન્ય શ્રદ્ધાવાન છે. ગમે તેમ જીદ કરીને નીકળે છે નગર બહાર. તુરંત દરવાજો બંધ થઈ ગયો. નગરના કિલ્લે લોકોની ભીડ જામી ગઈ. સુદર્શન તો પરમ શ્રદ્ધાથી આગળ વધે છે. એક જ વિચાર છે —

**અમૃત ઝરણી મીઠી તુજ વાણી**
**વહાલા મારે જેમ અષાઢો ગાજે**
**કાન મારગ થઇ હિયડે પેસી સંદેહ મનના ભાંજે**

પ્રભુની વાણીના શ્રવણ વિના સંદેહ નિવારણ કેમ થાય ? તે વિના પદાર્થનું ચિન્તન કેમ થાય ? **શ્રાદ્ધવિધિમાં** રત્નશેખરસૂરિજી જણાવે છે–

श्रद्धालुतां श्राति पदार्थचिन्तनात्
धनानि पात्रेषु वपत्यनारतम्

कृन्तत्य पुण्यानि सुसाधु सेवनात्
अतोऽपि तं श्रावक माहुरुत्तमाः

શ્રાવક એટલે શું? (૧) પદાર્થ- તત્ત્વના ચિંતન પૂર્વક શ્રદ્ધાને દૃઢ કરે. (૨) પાત્રમાં નિરંતર ધન વાપરે. (૩) સાધુની સેવા-વૈયાવચ્ચથી પાપને કાપે-તેને ઉત્તમ પુરૂષો શ્રાવક કહે છે.

સૌ પ્રથમ લક્ષણ મુકયું. 'શ્રદ્ધાને દૃઢ કરવી તે' પણ શ્રદ્ધા દૃઢ થાય કઇ રીતે? તત્વની વિચારણાથી. પણ **તત્ત્વ એટલે શું?**

તત્ત્વો નવ છે જીવ, અજીવ, પુન્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ.

जीवा जीवा पुण्णं पावा सव संवरो य निज्जरणा
बंधो मुक्खो य तहा नव तत्ता हुंति नायव्वा

નવ તત્ત્વમાં આ રીતે જણાવ્યું છે. માટે પ્રત્યેક શ્રાવકે આ નવે તત્ત્વોની શ્રદ્ધા કરી મોક્ષાર્થી બનવું.

**પ્રશ્ન** :– તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું કે (અધ્યાય : ૧ સૂત્ર : ૪) जीवाजीवाश्रवबन्धसंवरनिर्जरा मोक्षास्तत्त्वम (સ્થાનાંગ સ્થાન : ૯ સૂત્ર : ૬૬૫) માં જીવ અજીવ આશ્રવ બન્ધ સંવર નિર્જરા મોક્ષ એ સાત તત્ત્વો કહ્યા છે. વળી કેટલાંક બે તત્ત્વો ગણાવે છે જીવ અને અજીવ. અમારે કયા તત્ત્વચિંતનથી શ્રદ્ધા દૃઢ કરવી.

**સમાધાન** — જુઓ તત્ત્વાર્થસૂત્રકાર ઉમાસ્વાતીજી મહારાજાએ પાપ-પુણ્ય બંને તત્ત્વોને આશ્રવમાં સમાવ્યા છે. શુભ આશ્રવ તે પુણ્ય અને અશુભ આશ્રવ તે પાપ. હવે સાત અને નવ બંનેમાં મૂળ તત્ત્વ સરખા થયા કે નહીં?

જેઓ બે તત્ત્વો જણાવે છે તે પણ નવે નવ સ્વીકારે છે. કેમ કે પાપ-પુણ્ય બંને તત્ત્વોનો સમાવેશ આશ્રવમાં કર્યો. આશ્રવ એ વ્યવહારનયની અપેક્ષાએ જીવનો મિથ્યા દર્શનાદિ પરિણામ છે. માટે તેનો સમાવેશ જીવમાં થઇ શકે અને નિશ્ચયનયની અપેક્ષાએ મિથ્યા દર્શનાદિ રૂપ જીવનો કર્મજન્ય વિભાવ પરિણામ એટલે કે કર્મ હોવાથી તેનો સમાવેશ અજીવમાં થઈ શકે.

સંવર તે કર્મબન્ધના હેતુને રોકવારૂપ જીવનું શુદ્ધ સ્વરૂપ છે, નિર્જરા કર્મનાશ કરનાર જીવનું શુદ્ધ સ્વરૂપ છે. માટે તેનો સમાવેશ જીવ તત્ત્વમાં કર્યો.

બંધ એ આત્મા સાથે કર્મના સંબંધ રૂપે છે. માટે તેનો સમાવેશ અજીવ તત્ત્વમાં કર્યો. કેમ કે ત્યાં કર્મનું પ્રાધાન્ય છે. મોક્ષ એ કર્મના સર્વથા ક્ષય થકી પ્રગટેલ વિશુદ્ધ સ્વરૂપ છે, માટે તેને જીવમાં સમાવિષ્ટ કર્યું એમ નવે તત્ત્વો થઇ ગયા કે નહીં ?

આમ છતાં જે નવ તત્ત્વ અલગ અલગ જણાવ્યા તે જીવને હેય અને ઉપાદેયના જ્ઞાન માટે છે. જેમ કે મુમુક્ષુને મોક્ષ ઉપાદેય છે. પણ બંધ હેય છે, સંવર–નિર્જરા ઉપાદેય છે, પણ આશ્રવ હેય છે વગેરે ખ્યાલો રહે માટે સ્પષ્ટ પણે અલગ પાડયા.

પણ આ બધી વાત સમજાય કયારે ? જિનવાણીનું શ્રવણ રૂચિ પૂર્વક કરે તો. સુદર્શન શેઠ તો શ્રાવક ખરા અર્થમાં છે. માત્ર શ્રાવક કુળમાં જન્મ્યો કે જેનું નામ જ શ્રાવક રાખ્યું હોય તેવો શ્રાવક નહીં. પ્રભુ મહાવીર પરમાત્માની વાણી સાંભળવા નીકળેલ છે. સામે અર્જુનમાલી હાથમાં મુદ્ગર લઈ ધસમસતો આવે છે. કિલ્લા ઉપર ટીંગાતા નગરજનોના મુખમાંથી ચીસ નીકળી જાય છે. બધાંની આંખો સુદર્શન પર ચોંટી ગઈ છે. પણ સુદર્શન જેનું નામ– તુરત જ ખેસથી ભૂમિ પ્રમાર્જન કરે છે.

જો જો પાછા પૂછતા નહીં ખેસ કયાંથી આવ્યો ? –શ્રાવકનો વેશ જ છે કે ધોતી–માથે પાઘડી, અંગરખા કે કોટ ઉપર ખેસને વાળીને નાખી હોય. માટે ખેસથી ભૂમિ પ્રમાર્જન કર્યું.

ભૂમિ પ્રમાર્જી—જિનેશ્વરને ભાવ નમસ્કાર કરી વ્રત ઉચ્ચારણ કર્યું. ચાર શરણા ગ્રહણ કર્યા. કયા ચાર શરણા ?

चत्तारी शरणं पवज्जामि

अरिहंते शरणं पवज्जामि सिद्धे शरणं पवज्जामि

साहु शरणं पवज्जामि

केवलि पन्नत्तं धम्मं शरणं पवज्जामि

સાગારી અનશન કરી, દુષ્કૃત ગર્હા કરે છે, સુકૃત અનુમોદના કરે છે. ક્ષમાપના કરે છે, દૃઢ શ્રદ્ધાથી પ્રભુને હૃદયમાં અવધારી કાયોત્સર્ગમાં ઉભા રહે છે.

**દુઃખ દોહગ દુરે ટલ્યારે સુખ સંપદશું ભેટ**
**ધીંગ ધણી માથે કિયોરે કુણ ગંજે નર ખેટ**
**વિમલજિન દીઠા....**

અર્જુનમાલી સ્તબ્ધ થઈ ઉભો રહી ગયો છે. યક્ષ સુદર્શનના પ્રભાવથી ચાલ્યો ગયો. અર્જુનમાલી ધબ કરતો જમીન પર પડયો. સુદર્શન કાયોત્સર્ગ પારી જુએ છે ત્યાં અર્જુનને પણ ચેતના આવી જતાં પૂછે કે-ભાઇ! કયાં જાઓ છો? સુદર્શન કહે–પ્રભુની વાણી સાંભળવા.

આનું તો નામ જ સુદર્શન– જેનું દર્શન સુંદર છે તેવો. દર્શન એટલે શ્રદ્ધા. અર્થ કરીએ તો સુંદર શ્રદ્ધાવાળો અને સામાન્ય અર્થમાં મોઢું જોવું ગમે તેવો એટલે કે જેનું દર્શન સારું લાગે તેવો સુદર્શન, તેને જોઈને અર્જુનમાલી પણ સાથે ચાલ્યો. નગરવાસી પણ સુદર્શનની શ્રદ્ધા અને જિનવાણી શ્રવણના રાગની પ્રશંસા કરે છે. પ્રભુની વાણી સાંભળી અર્જુનમાલી પ્રતિબોધ પામ્યો. દીક્ષા લીધી. અભિગ્રહ ધારણ કરી છ માસ સુધી નિરતિચાર ચારિત્ર પાળે છે. પૂરા છ માસ સાત-સાત જીવોની હત્યા કરનાર અર્જુન માલી એટલે કે ૬ મહિનાના ૩૦ દિવસ લેખે ૧૮૦ દિવસ × ૭ હત્યા = ૧૨૬૦ જીવોની હત્યાનું પ્રાયશ્ચિત છ માસ સુધી કરી છેલ્લે પંદર દિવસની સંલેખના પૂર્વક કાળધર્મ પામી મોક્ષે ગયા.

માટે જ શાસ્ત્રકાર મહારાજા જણાવે છે કે सवणे नाणे य विन्नाणे શાસ્ત્ર શ્રવણથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન. એ રીતે ક્રમશઃ પચ્ચક્ખાણ, સંયમ, તપ, નિર્જરા ને છેલ્લે મોક્ષ પ્રાપ્ત થાય છે.

પણ બધાની જડ શું? શાસ્ત્ર શ્રવણ. કઈ રીતે? પરલોકની હિત બુદ્ધિએ–માત્ર ભાષા વર્ગણાના પુદ્ગલો કાનને ગમે તેટલા માટે જ વ્યાખ્યાન નથી સાંભળવાનું.

श्रवन्ति यस्य पापानि पूर्व बद्धान्यनेकशः
आवृत्तश्च व्रते नित्यं श्रावक: सोऽभिधीयते

પૂર્વે બંધાયેલા અનેક પાપો જેમને ઘટે અને જે નિરંતર વ્રત (પચ્ચક્ખાણ) થી પરિવરેલો હોય તેને શ્રાવક કહેવાય. એટલે કે શ્રાવક નિર્જરા તત્ત્વની શ્રદ્ધા કરી પૂર્વના પાપ ઘટાડે અને સંવર તત્ત્વના આદર પૂર્વક નિત્ય વ્રતનિયમોથી જીવે.

વાણી શ્રવણનું મહત્ત્વ કયારે? જો નિર્જરા અને સંવર પૂર્વક મોક્ષનો અર્થી બને તો.... વાણી શ્રવણ કાનની મજા માટે નથી. પણ આદરવા માટે છે. સાંભળીને તે પ્રકારની કરણી કરવા માટે છે, બાકી

માત્ર માહિતીના ભાર ઊંચકતા મજુર બનશો તો ગધેડા અને તમારામાં ફર્ક કેટલો રહેશે?

શાસ્ત્રકાર મહર્ષિ શ્રાવકના અર્થને વધુ સ્પષ્ટ કરવા તેના ચાર પ્રકારો વર્ણવે છે.

**ચાર પ્રકારના શ્રાવકો**

(૧) **અરીસા સમાન :** જેમ અરીસામાં આબેહુબ પ્રતિબિંબ ઝીલાય તેમ આ પ્રકારના શ્રાવકો જિનવાણી શ્રવણનું હુબહુ પ્રતિબિંબ ઝીલે છે. એટલે કે પ્રવચન સાંભળે તેને એ જ સ્વરૂપે હૃદયમાં અવધારે છે. અને જિનવાણી પરત્વે પૂર્ણ આદર--બહુમાન ધરાવતા હોય છે.

**કેવું બહુમાન :—**

इणमेव निग्गंथं पावयण सच्चं अणुत्तरं
केवलिअं पडिपुन्नं नेआउअं संसुद्धं सललगत्तणं
सिद्धिमग्गं मुत्तिमग्गं निज्जाणमग्गं निव्वाणमग्गं
अवितहम् अविसन्धि सव्वदुखप्पहीणमग्गं

આ નિર્ગ્રન્થ પ્રવચન-અર્થાત્ જિનવાણી સત્ય છે એટલે કે સજ્જનોને હિતકારી છે, (અનુત્તર) જેનાથી શ્રેષ્ઠ બીજું કોઈ પ્રવચન નથી, (કેવલિઅં) અદ્વિતીય છે. જેના જેવું પણ બીજું કોઈ પ્રવચન નથી. વળી આ જિનવાણી પ્રતિપૂર્ણ છે. ન્યાયથી યુક્ત અને મુક્તિ પ્રાપ્ત કરાવનાર છે, દોષ વિનાની એવી સર્વથા શુદ્ધ છે. ત્રણ પ્રકારના શલ્યોને કાપી નાખનાર છે, સિદ્ધિ ગતિ અને મુક્તિ એટલે કે મોક્ષના માર્ગ રૂપ છે. સિદ્ધશિલા એ પહોંચવાના માર્ગરૂપ–સકળ કર્મોના ક્ષયથી પ્રગટતા આત્માના અનંતના સુખના માર્ગરૂપ, જગતને પૂજાના સ્થાન રૂપ, મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષાએ શાશ્વત અને સર્વ દુઃખો જ્યાં સર્વથા ક્ષીણ થયા છે. તે માર્ગના કારણભૂત એવું આ જિન પ્રવચન છે.

આ જિનવાણીની આરાધનામાં જ સ્થિર થવાથી જીવો સિધ્ધી પામે છે–બોધ પામે છે. કર્મોથી મુક્તિ પામે છે--સર્વ રીતે શાંતી પામી–સર્વ દુઃખોનો અંત કરે છે.

માટે જ **તં ધમ્મં સદ્દહામિ**–તે ધર્મની હું શ્રદ્ધા કરું છું.

शृणोति इति श्रावकः ની વ્યાખ્યા ત્યારે જ ફળીભૂત બને જ્યારે આ રીતે પ્રવચન એટલે કે જિનવાણીનો હૃદયમાં આદર હોય, બહુમાન હોય–શ્રદ્ધા હોય અને તદનુસાર પ્રવૃત્તિ માટેનો પુરુષાર્થ હોય.

માટે જ "અરીસા" જેવા શ્રાવક કહ્યા કે જ્યાં જિનવાણીનું હુબહુ પ્રતિબિંબ ઝીલાય.

## રાહીણીયા ચાર

સર્વથા જિન વાણીથી દૂર રહેવા પ્રતિબદ્ધ એવા ચાર પણ અનાયાસે જિનવાણી સાંભળતા ચારિત્ર પામી સદ્ગતિને મેળવનાર બન્યા તો શ્રધ્ધાળુ શ્રાવકનું કલ્યાણ કેમ ન થાય ?

રાજગૃહી નગરી પાસે લાહખુર નામે ચાર રહે. તેને રાહિણીયા નામે એક પુત્ર હતો. ચારે મરણ પથારીએ પુત્રને બાલાવ્યા. પુત્રને કહે–બેટા ! હમણાં મહાવીર નામે એક ધુતારા નીકળેલા છે. તેને જે કાઇ સાંભળે તે માણસ તેની વાણીથી ધુતાઇ જાય છે. માટે તું પ્રતીજ્ઞા કર કે કાઇ દીવસ એ ધુતારાની વાત સાંભળવા જઇશ નહીં. રાહિણીયાએ તેના પિતા પાસે પ્રતિજ્ઞા લીધી પછી ચારીના ધંધા શરૂ કર્યો. એક વખત રાજગૃહીમાં ચારી કરવા જઇ રહ્યો છે. માર્ગમાં વીર પ્રભુ દેશના આપી રહ્યા જોઇ તુરંત કાનમાં આંગળી નાખીને દાડયા, રખેને ક્યાંક વાણીના શબ્દા કાનમાં ચાલ્યા ન જાય.

જો કે તમારે પણ આવા ઘણા મહાનુભાવા હાય છે. એને એજ સમયે જુદી સામાયિક કરવી, માળા ગણવી, વાતો કરવી આવી પ્રવૃત્તિ હાય છે. કેમકે વળી જિનવાણી કાનમાં પ્રવેશી જાય તો પાછા બાયડી–છાકરા રખડી પડેને ?

રાહિણીયા પણ બગલમાં પગરખાં દબાવી કાનમાં દાટા દઇ ભાગ્યા. ત્યાં પગમાં કાંટો વાગ્યા. કાંટા કાઢે નહીં ત્યાં સુધી દાડવું કેમ ? જલ્દી જલ્દી કાંટો કાઢયા ત્યાં તો દેવા કેવા હાય તે અંગેના વર્ણનના શ્લાક કાનમાં પ્રવેશી ગયા.

એ જ દિવસે અભયકુમારના હાથે ચાર તરીકે પકડાયા. ઘણા બુધ્ધિશાળી ચાર હતો. પહેલેથી જ બધી ગાઠવણ કરીને બેઠા છે. સામે બુદ્ધિ નિધાન અભયકુમાર મંત્રી છે. તે પણ ચાર પાસે કબુલાત કરાવ્યા વિના છાડે તેવા નથી. ચારને છેતરવા ભાજન કરાવી દારૂ પાઇને બેભાન કરી દીધા. આંખ ખાલીને જુએ તો દેવાંગના નૃત્ય કરી રહી છે. પાતે દેવ શય્યામાં પાઢેલા છે. બધાં સ્વામીનાથ–સ્વામીનાથ કહી પાકારે છે પૂછે છે અહા તમે એવી કઇ કરણી કરી કે અહીં સ્વર્ગમાં આગમન થયું ?

રાહિણીયા સમજી ગયા. નક્કી આ અભયકુમારે તરકટ કર્યું છે.

હું મર્યો જ નથી તો દેવલોક કયાંથી ? વળી હમણાં જ મહાવીરે દેવતાનું વર્ણન કર્યું તે મેં સાંભળેલ છે. અહીં તો બધાંની માળા કરમાયેલ છે. આંખો ઉઘાડ–બંધ થાય છે. હું પણ હવે સામી ચાલબાજી કરું. તેણે પણ સત્કૃત્યોની જ વાત કરી. અભયકુમારે છોડી દેવો પડયો. પણ ચોર તુરંત પહોંચ્યો વીર પ્રભુના શરણે.

હે ભગવન્ ! આપની કૃપાથી બચ્યો છું. મારો ઉદ્ધાર કરો. અભયકુમારની ક્ષમા માંગી, ચારિત્ર લીધું, અનશન કરી સ્વર્ગે ગયો.

જો અનાયાસે વાણી શ્રવણ પણ કલ્યાણકારી બને તો શ્રાવકનો વર્ગ તો ઓળખાય જ જિનવાણી શ્રવણ ને આધારે. તે કેટલું આત્મ હિત સાધી શકે ?....પણ જો અરિસા જેવા શ્રાવક હોય તો !

(૨) **ધજા જેવા શ્રાવક** :– શ્રાવકનો બીજો પ્રકાર ધજા જેવો ચંચળ છે. જેમ ધજાને હવા લાગે તો એકથી બીજી તરફ ઉડે, વળી સ્થિર થઇ જાય. આ શ્રાવકો જિનવાણી સાંભળે ત્યારે સ્થિર થાય ખરા પણ ફરી દુનીયાના ચકકરમાં સંસારના રંગે રંગાવા લાગે. ઉપાશ્રયમાં હોય ત્યાં સુધી સારા, બહાર નીકળ્યા કે પાછા હતા ત્યાં ને ત્યાં.

(૩) **થાંભલા જેવા** :– આ પ્રકારના શ્રાવકો કદાગ્રહી હોય છે. જેમ થાંભલાને ગમે તેટલો ઉપદેશ આપો પણ તે જડનો જડ રહે. ચેતન આવે જ નહીં તેમ આ પ્રકારના શ્રાવક ગમે તેટલું ઉપદેશ શ્રવણ કરે પણ કદાગ્રહ ન છોડે

(૪) **ખરંટક**—આ પ્રકારના શ્રાવકોને ઉપદેશ તો ન જ ગમે પણ સામે પક્ષે ગુરુના હૃદયને વીંધે તેવા શબ્દો બોલે. બીજી રીતે કહીએ તો જેમ અશુચિ પોતે તો ખરાબ જ હોય પણ તે બીજાને પણ પોતાનો ગંદવાડ ઉડાળે તેમ આવા શ્રાવકો પોતે તો બગડે પણ બીજાને પણ બગાડનારા હોય.

આવો વર્ગ પ્રતિક્રમણાદિક ક્રિયા કરતો હોઇ વ્યવહાર શ્રાવક કહેવાય પણ નિશ્ચયથી મિથ્યામતિ જ હોય.

માટે અરિસા જેવા શ્રાવક બની પરલોકની હિત બુધ્ધિએ ઉપયોગ પૂર્વક જિનવાણી શ્રવણ કરી કર્મ નિર્જરા થકી મોક્ષમાર્ગના આરાધક બનો તે જ શુભકામના........

# (૨) "જિન" શબ્દનો અર્થ

## —પરમાત્માને ઓળખો

ज सासय सुह साहण माणा आराहणं जिणिंदाण
ता तीए जइयव्वं जिणवयणा विसुद्धबुद्धीहिं

ભક્ત પરિજ્ઞા પયન્નામાં શ્રી વીરભદ્રાચાર્યજી છઠ્ઠા શ્લોકમાં જિનાજ્ઞાના મહત્ત્વને જણાવતા લખ્યું કે જિનેન્દ્રોની આજ્ઞાનું આરાધન કે જે શાશ્વતા સુખનું સાધન છે. તે આજ્ઞાના પાલન માટે– જિનવચનમાં નિર્મલ બુદ્ધિવાળા (માણસો) એ ઉદ્યમ કરવો જોઈએ.

શ્રાવકના ૩૬ કર્તવ્યોને જણાવતી મન્નહ જિણાણં સજ્ઝાયમાં શ્રાવકોનું પ્રથમ કર્તવ્ય મુકયું: મન્નહ જિણાણમાણં –**માનો જિનેશ્વરની આજ્ઞાને,** આજ્ઞા શા માટે માનવાની? શ્રી વીરભદ્રાચાર્યજીએ જણાવ્યા મુજબ શાશ્વત સુખને પામવા માટે........મોક્ષનો અર્થી શ્રાવક હંમેશા જિનાજ્ઞા પાલનમાં ઉદ્યમવંત હોવો જ જોઇએ કેમ કે મન્નહ જિણાણં સજ્ઝાયનું બીજું નામ જ सड्ढ निच्च किच्च सज्झाओ છે. જેનો અર્થ થાય શ્રાવકના નિત્ય કૃત્ય ( હંમેશા કરવા લાયક કાર્ય) ની સજ્ઝાય. તે નિત્ય કૃત્યોમાં પ્રથમ કૃત્ય मन्नह (मन्ह) जिणाणम् आणं–અહીં ત્રણ શબ્દો મુકયા. (૧) માનો (૨) જિનની (૩) આજ્ઞાને. કોની આજ્ઞા માનવાની? જિનની પણ જિન એટલે?

**જિન એટલે શું ?**

આવશ્યક નિર્યુક્તિ ગાથા ૧૦૭૬ મુજબ जियकोहमाण माया, जियलोहा तेण ते जिणाहुंति જિન એટલે જેણે ક્રોધ, માન, માયા, લોભ જિત્યા છે તે .

આવશ્યક હરિભદ્રસૂરિ કૃત ટીકા ૪૯૪માં જણાવે કે— रागद्वेषकषायेन्द्रिय परिषहोपसर्गाष्ट प्रकार कर्म जेतृत्वाज्जिनाः રાગ, દ્વેષ, કષાય, ઈન્દ્રિય, પરિષહ, ઉપસર્ગ અને આઠ પ્રકારના કર્મોને જિતે તે જિન.

યોગશાસ્ત્રમાં પણ કહ્યુ કે जिनान रागद्वेषादि जेतृन् બધી વ્યાખ્યાનો સંક્ષેપ એ જ છે કે રાગ–દ્વેષ–કષાયો–ઈન્દ્રિયો–પરિષહો–ઉપસર્ગો અને આઠ પ્રકારના કર્મોને જીતનાર તે જિન કહેવાય.

**એક પ્રસંગ:–**

એક યુવાન હોસ્પીટલમાં જઈ રહ્યો હતો. ત્યાં અચાનક ઠોકર લાગી. ઠોકર લાગતા નખ ઉખડી ગયો અને લોહીની ધારા છૂટી, માંડ માંડ પાટો બંધાવી ઇશ્વરને મનોમન ભાંડવા લાગ્યો. અરે! આ ઇશ્વર પણ કેવો બેવકુફ છે કે હું આવ્યો દર્દીને જોવા અને ઈશ્વરે મને જ દર્દી બનાવી દીધો. મનમાં જ આ રીતે ઈશ્વરને વગોવતો લીફ્ટમાં બેઠો તો લીફ્ટમાં એક માણસ વ્હીલચેર વાળો આનંદમાં મસ્તીથી ગીતનો ગણગણાટ કરી રહ્યો છે. યુવાન ચમકયો. આના બંને પગો કપાઇ ગયા છે, છતાં આટલો આનંદ.

યુવક કહે દોસ્ત, મને માત્ર ઠોકર વાગી તો ઇશ્વર પર ગુસ્સો આવ્યો અને તું અજબનો છે કે તારા બંને પગ કપાઇ ગયા છતાં હસતો રહે છે.

અપંગ કહે ભાઇ! આભાર માન ઇશ્વરનો કે મારા બે હાથ સલામત છે અને આ મજબુત બાવડા વડે વ્હીલચેર ફેરવી શકુ છું. બાકી આ હોસ્પીટલમાં હાથ-પગ બંને કપાઇ ગયા હોય તેવા માણસો પણ છે. તેઓનું શું થતું હશે?

પ્રસંગનો મર્મ એટલો જ છે કે કેટલાંક ફરિયાદથી જીવે છે. કેટલાંક ઇશ્વરનો આભાર માની જીવે છે. પણ ખરેખર **(જિન કેવા)** ઇશ્વર કેવો છે?

**જિનજી પૂજક નિંદક હોય કે તારે સમપણે રે લોલ**
**જિનજી કમઠ ધરણપતિ ઉપર સમચિત્ત તું ગણે રે લોલ**

કારણકે જિન રાગ-દ્વેષ રહિત છે. કમઠે ઉપસર્ગ કર્યા કે ધરણેન્દ્રએ ભક્તિ કરી પણ પાર્શ્વપ્રભુ બધાંને સમચિત્તે જ જુએ છે.

**પ્રશ્નઃ–** પ્રત્યેક કેવળી રાગદ્વેષ જીતે કે નહીં? જીતે. પ્રત્યેક કેવળી જિન ગણાય કે નહીં? ગણાય. તો પછી અહીં જે જિનાજ્ઞાની વાત કરી તે જિન માં પ્રત્યેક કેવળીને સમાવી લેવાનાને?

–ના–અહીં જિન શબ્દ તિર્થંકર કે અરિહંતના અર્થમાં સમજવાનો છે. લોગસ્સ સૂત્ર બોલો છે ને? લોગસ્સમાં પાંચ વખત જિન શબ્દ આવે છે. તેમાં સૌ પ્રથમ जिणे શબ્દ પૂર્વે બે વિશેષણ મુકયા लोगस्स उज्जोअगरे અને धम्म तित्थयरे. જો जिण શબ્દથી સર્વ કેવલી ગણવા હોય તો આ બે વિશેષણો ન મુકે કેમકે

લલિત વિસ્તરા પૃ. ૪૩ માં જણાવે છે કે—

विशिष्ट श्रुतधरादयोऽपि जिना एवोच्यन्ते तद्यथा

श्रुत जिनाः, अवधि जिनाः, मनःपर्यव जिनाः વગેરે

આ બધાંનો સમાવેશ जिन માં નહી કરવા માટે जिन પૂર્વે વિશેષણ મુકયાં.

અહીં જિનાજ્ઞામાં જે જિન શબ્દ મુકયો તે અરિહંત કે તિર્થંકરના અર્થમાં મુકેલ છે. સામાન્ય કેવલી અને અરિહંત બંનેમાં ભેદ છે.

પૂર્વે તિર્થંકર નામકર્મની નિકાચના કરી હોય, આઠ મહાપ્રાતિહાર્યની પૂજાને યોગ્ય હોય, ત્રણ ભુવનમાં પૂજિત હોય, વીસ સ્થાનકમાંના કોઈપણ એક કે સર્વ સ્થાનકની આરાધના કરીને તે આવેલ હોય, ૩૪ અતિશયોથી યુક્ત હોય, પ્રભુના જન્મ પછી તે માતાની કુક્ષિમાં બીજો જીવ જન્મે નહીં, વળી તીર્થંકર પરમાત્મા માતાની કુક્ષિમાં આવે ત્યારે માતાનું શરીર સ્વચ્છ પુદ્ગલમય તથા સુગંધી બને છે. તેનું ગર્ભ સ્થળ વધતું નથી, કસ્તુરી બરાસ કરતાં પણ વધુ સુગંધી બને છે. પ્રભુનો જીવ હીરાની જેમ ઉત્પન્ન થાય અને માતા જે આહાર લે તે પણ શુભરૂપે પરિણમે, પ્રસવમાં કોઈ જ પીડા ન થાય–આવી કોઈજ વિશેષતા સામાન્ય કેવલીમાં જોવા મળે નહીં તેથી જ પ્રભુના અતિશય વર્ણવતા જણાવે છે કે—

**ચાર અતિશય મૂળથી ઓગણીસ દેવના કીધ**
**કર્મ ખપ્યાથી અગિયાર ચોત્રિસ એમ અતિશયા**
**સમવાયાંગે પ્રસિદ્ધ........**

ગૌતમ સ્વામી પણ जिणवर નું વિશેષણ દર્શાવતા जगचिन्तामणी શબ્દ મુકયો. કેમ ? જગતમાં ચિંતામણી રત્ન સમાન છે. જેમના ચિંતનમાત્રથી ઇષ્ટ ફળ સિદ્ધ થાય. પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જી મોક્ષ પ્રાપ્ત થાય માટે જગચિંતામણી કહ્યા. એવા પ્રભુને જન્મતાં જ ચાર અતિશયો હોય જે સામાન્ય કેવલીને ન હોય માટે जिन નો વિશેષ અર્થ ગ્રહણ કરવો.

**જૈનેતર પ્રસંગઃ–** શ્રી કૃષ્ણ મહેલમાં બેઠા છે ત્યારે સત્યભામા પંખો વીંઝતા વિચાર કરે કે હું છું તો પ્રભુને કેટલો આરામ છે....બારણા પાસે સુદર્શન ચક્ર બેઠું વિચારે કે પ્રભુની શી તાકાત છે કે શીશુપાલનું માથું છેદાય–તે મારા વિના શકય જ નથી. લોકો પણ પ્રભુને "ચક્ર સુદર્શન ધારી" કહે છે. ધન્ય છે મને!....ત્યાં મહેલના દરવાજે

બેઠેલ ગરૂડ વિચારે કે હું છું તો પ્રભુની ગતિ છે. ભક્તો પણ શું ગાય છે–ગરૂડે ચડી આવજો ગિરધારી–ખરેખર ધન્યવાદ તો મને જ છે.

કૃષ્ણ મહારાજા વિચારે છે કે કંઇક યુક્તિ કરૂં–બોલ્યા કે–લંકામાં મારા ભક્તને મળવું છે. સત્યભામા કહે–કોણ હનુમાન, મારે પણ જોવા છે. કૃષ્ણ કહે–પણ તે ભક્ત વિચિત્ર છે, રામ સિવાય કોઇને નમે નહી. હું તો રામ બની જઇશ–પણ સીતાનું શું ? સત્યભામા કહે-ઓહો હું સીતા બની જઇશ તેમાં શું? જો જો હો બરાબર વેશ ભજવજો—

અરે ! રામ આવે તો યે ન ઓળખે પછી ?

ગરૂડને કહ્યું–જાઓ લંકા, હનુમાનને કહો રામ—સીતા બોલાવે. ગરૂડ કહે–હું તો જાઉં–પણ વાનરને મારી પીઠે બેસાડું. ? હું તો દશ ગણતાં આવી જઇશ–પણ તે ફફડી ને મરી જશે, પ્રભુ કહે-નહીં, તમારે જવું જ પડશે.

સુદર્શન ચક્ર ! જી ફરમાવો, પ્રભુ. કોઇ મારા કમરામાં પ્રવેશે નહી તે જો જો—અરે કોની તાકાત છે અહીં આવે. હું છું ને !

ગરૂડ પહોંચ્યો લંકાએ. વાનરને જોઇ કહે, એય પૂંછડીયા, હનુમાન નામના વાંદરાને ઓળખે ? કેમ ભાઈ કામ છે ? છે ! રામને. મારા રામને , શું કામ પડયું ? કેમ, તું હનુમાન છો બેસ મારી પીઠે. જો ગબડયો તો બાર વાગી જશે. ભાઈ વૃદ્ધ છું પણ આવવું તો પડશે જ. ગરૂડે પાંખો ફેલાવી પણ ઉડી જ ન શકે.

કેમ ગરૂડ મા'રાજ ? ના–ના આતો ખાંસી આવી ગઇ ફરી પ્રયત્ન કર્યો, ઉડી ન શકયો—હનુમાન કહે–ઠીક ગરૂડ મા'રાજ, હું તો ધીરે ધીરે પહોંચીશ. તમે જાઓ. ગરૂડ કહે-અરે ! આ બુઢ્ઢાનું વજન તો ભારે છે.

હનુમાન તો પહોંચ્યા. ચક્ર કહે–ખબરદાર. તુરંત હનુમાને ચક્રને બગલમાં દાબી દીધુ—પેલુ બિચારું ચુપ થઈ ગયું. અંદર જઇ જય રામ–જીકી કરી પ્રભુને પ્રણામ કર્યા. પ્રભુ કહે-કેમ સીતાને ભૂલી ગયા ? કયાં છે ? આ બેઠા. આ તો કોક વેશધારી છે. મારી માતા આવા ન હોય.

ત્રણેનું અભિમાન ઓગળી ગયું. કેમકે જિનેશ્વર કે અરિહંતને અતિશય હોયજ–પણ અતિશયને આધારે જિનપણું નથી. અરિહંતને છત્ર હોયજ પણ છત્રધારી હોવાપણાથી અરિહંત ન થવાય. માત્ર સમ-

વસરણનો જ વિચાર કરીએ તો પણ કેવલી કરતા જિનની વિશેષતા જણાઈ આવશે.

**સમવસરણ:—**

(૧) વાયુકુમાર દેવો સૌ પ્રથમ એક યોજન પૃથ્વી પ્રમાર્જન કરે (૨) મેઘકુમાર દેવો પછી સુગંધી જળની વૃષ્ટિ કરે (૩) વ્યંતર દેવો સોનું-માણેક અને રત્નોથી એક ઊંચુ ભૂમિતળ બનાવે-અધો મુખ ડીંટવાળા પંચરંગી સુગંધી પુષ્પો પાથરે-ચારે દિશામાં રત્ન માણિકય-સોનાના તોરણો રચે. તોરણ નીચે અષ્ટ માંગલિક રચે.

(૪) ભુવનપતિ નીચેથી પહેલો રૂપાનો ગઢ અને સોનાના કાંગરા બનાવે.

(૫) બીજો સોનાનો અને રત્નના કાંગરા હોય તેવો ગઢ જયોતિષી બનાવે

(૬) વૈમાનિક દેવો ત્રીજો રત્નનો ગઢ બનાવે અને મણીના કાંગરા હોય

(૭) દરેક ગઢને ચાર-ચાર દરવાજા અને વીસ-વીસ હજાર પગથીયા હોય છે.

(૮) બીજા ગઢમાં ઈશાનખૂણે પ્રભૂને વિશ્રામ લેવા માટે દેવછંદો હોય છે.

(૯) પ્રથમ ગઢના પૂર્વ દ્વારે બે વૈમાનિક દ્વારપાળ, દક્ષિણ દ્વારે બે વ્યંતરો, પશ્ચિમ દ્વારે બે જયોતિષ્ક, ઉત્તર દ્વારે બે ભુવનપતિ દ્વારપાળ તરીકે હોય છે.

(૧૦) એ જ રીતે બીજા ગઢમાં પૂર્વ દ્વારથી અનુક્રમે જયા, વિજયા, અજિતા, અપરાજિતા દેવી દ્વારપાળ તરીકે હોય છે.

(૧૧) સમવસરણ મધ્યમાં ૩ કોશ ઊંચુ અશોકવૃક્ષ હોય છે. નીચે વિવિધ રત્નોની બનેલી પીઠ અને મણિમય છંદકમાં મધ્યમાં પૂર્વ દિશા તરફ પાદપિઠ સહિત રત્નસિંહાસન પર પ્રભુ બિરાજે છે. ઉપર ત્રણ છત્રો અને બે બાજુ ચામર વિંઝાય છે.

આવા વિશિષ્ટ/અતિશયધારી પ્રભુ હોય તેવા જિનની આજ્ઞા આપણે પ્રમાણ કરીએ છીએ.

એક અત્યંત ગરીબ ડોશી. લાકડાનો ભારો કાપીને લાવે, શેઠાણીને આપે અને પોતાનું ગુજરાન ચલાવે. એક વખત ખૂબ જ થાકેલી હતી. માંડ માંડ પહાડ ચડી જંગલમાંથી લાકડાં કાપીને લાવી. શેઠા-

ણીને ઘેર પહોંચતા તો હાંફી ગઈ. ત્યાં શેઠાણી તાડુકયા. આટલા જ લાકડાં–હમણાં જ પાછી જા, બીજા લાકડાં લઈ આવ. ડોશી ઘણું કરગરી કે મને ખાવા આપો. પછી કહેશો તેટલાં લાકડાં લાવી આપીશ. શેઠાણી માનતી નથી. થાકેલી, ભૂખી ડોશી ફરી જંગલમાં ગઈ. લાકડાં લાવી. ત્યાં રસ્તામાં સમવસરણ રચાયેલું છે. જિનેશ્વરની વાણી સાંભળે ત્યાં ધીમે ધીમે ભૂખ–થાક માંડયા દૂર થવા. માથે ભારો હતો તેને જ ટેકે એમને એમ સ્થીર થઇ ગઈ. પ્રાયઃ મૃત્યુ પામી સ્વર્ગે ગઇ.

આ અતિશય છે જિનેશ્વરની વાણીનો. એવા જિનની આજ્ઞાને પ્રમાણ કરવાની. જિનેશ્વરની વાણીનું શ્રવણ પણ એક શિસ્તબદ્ધ પ્રક્રિયા છે. કોઈ કલ્પના ન કરી શકે તેવી અદ્ભુત શિસ્ત હોય છે જિનવાણી–પ્રભુના જ મુખે શ્રવણ કરવામાં.

**વૈશાખ સુદી દશમી લહીનાણુ, સિંહાસન બેઠા વર્ધમાન**
**ઉપદેશ દે પ્રધાન.**
**અગ્નિખૂણે હવે પર્ષદા સુણીએ, સાધવી વૈમાનિક સ્ત્રી ગણીયે**
**મુનિવર ત્યાં હિજ ભણીએ**
**વ્યંતર જ્યોતિષી ભુવનપતિસાર, એહનો નૈઋત્ય ખૂણે અધિકાર**
**વાયવ્ય ખૂણે એની નાર**
**ઇશાને સોહીએ નરનાર, વૈમાનિક સુર થઇ પર્ષદા બાર**
**સુણે જિનવાણી ઉદાર**

ભગવન્ પોતે પૂર્વ દ્વારેથી પ્રવેશ કરે- ચૈત્યવૃક્ષને પ્રદક્ષિણા દઇ પૂર્વાભિમુખ બેસે. બાકી ત્રણ દિશામાં તેના સમાન રૂપ હોવાથી દરેકને તે પ્રત્યક્ષ જ લાગે.

એક ગણધર ભગવન્ સાથે જ હોય તે પ્રભુથી બહુ નજીક નહીં, બહુ દૂર નહીં તે રીતે અને ભગવંતને નમસ્કાર કરીને બેસે.

**આવશ્યક સૂત્ર ભા. ૨માં પૂ. મલયગિરિજીમહારાજા ૧૨ પર્ષદાનું વર્ણન કરે છે.**

(૧) પ્રથમ ગણધર પછી બાકીના ગણધરો પૂર્વ દ્વારેથી પ્રવેશી ભગવન્‌ને ત્રણ પ્રદક્ષિણા દઇ અગ્નિ ખૂણે બેસે.... કેવળી પરમાત્મા આવે. ત્રણ પ્રદક્ષિણા દઈ નમસ્તિર્થાય બોલી ગણધરોની પાછળ બેસે.

પછી મનઃપર્યવજ્ઞાની, પછી અવધિજ્ઞાની, પછી ૧૪ પૂર્વધર, પછી ૧૦ પૂર્વધરાદિ પૂર્વદ્વારેથી આવી ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દઈ

नमस्तिर्थाय नमः केवलिभ्यः કહી અનુક્રમે પાછળ–પાછળ બેસે. બાકીના સાધુ–ભગવંતો પૂર્વ દ્વારેથી આવી આ રીતે કહી વધારામાં नमोऽतिशायिभ्य: કહીને પાછળ બેસે.

(૨) વૈમાનિક દેવીઓ આ રીતે આવી વધારામાં नमः साधुभ्यः કહી સંયમીની પાછળ ઉભા રહે પણ બેસે નહીં.

(૩) સાધ્વીજીઓ પણ પૂર્વ દ્વારેથી આવી ઉપર મુજબ પ્રદક્ષિણા તથા નમસ્કાર કરી વૈમાનિક દેવી પાછળ ઉભા રહે.

(૪) દક્ષિણ દ્વારેથી ભવનવાસી.

(૫) જ્યોતિષ્ક.

(૬) વ્યંતર દેવીઓ પ્રવેશ કરી પ્રદક્ષિણાદિ કરી નૈઋત્ય ખૂણામાં એક બીજા પાછળ ઉભા રહે*

(૭) ભવનપતિ (૮) વ્યંતર (૯) જ્યોતિષી દેવો. પશ્ચિમ દ્વારેથી આવે, ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દઈ नमस् तिर्थाय વગેરે ચાર નમસ્કાર કરી વાયવ્ય ખૂણામાં એકની પાછળ એક બેસે.

(૧૦) ઉત્તર દ્વારેથી આવી વૈમાનિક દેવો (૧૧) મનુષ્યો (૧૨) માનુષી સ્ત્રી પ્રદક્ષિણા દઈ તિર્થંકરાદિને વાંદી ક્રમશઃ બેસે.

કેવી સુંદરતમ વ્યવસ્થા છે બાર પર્ષદાની ? આવી વ્યવસ્થિત સુદૃઢ વ્યવસ્થા એ માત્ર જિનેશ્વરનો અતિશય છે, સામાન્ય કેવલીનો નહીં. એવા જિનેશ્વરની આજ્ઞા આપણે પ્રમાણ કરવાની છે.

**પ્રશ્ન :–** કેવળી અનેક હોય પણ તિર્થંકર ૨૪ જ કેમ ? એવો સહજ પ્રશ્ન થાય. ત્યારે આ વાતનો સિદ્ધચક્ર પાક્ષિક વર્ષ : ૧ અંક : ૯ પૃ : ૨૧૦માં ખુલાસો કરતા જણાવે કે :—

દરેક ઉત્સર્પિણી કે અવસર્પિણીમાં જિનેશ્વર જેવા ત્રણ લોકના નાથને જન્મવા લાયક બધાં ગ્રહો ઊંચા હોય તેવો સમય માત્ર ૨૪ વખત જ આવે છે.

---

*નોંધ :– થોયમાં વાયવ્ય ખૂણે લખ્યું છે. પણ મલયગિરિજી કૃત વિવરણ અને ભદ્રબાહુ સ્વામી સુત્રિત નિર્યુક્તિ શ્લોક ૧૧૭

जोइसिय भवणवंतर देवीओ दक्खिणेण पविसेउं
चिट्ठति दक्खिणावर दिसिम्मि तिगुणं जिणं काउं

સમગ્ર ઉત્સર્પિણી કે અવસર્પિણી કાળના છ–છ આરામાં માત્ર ત્રીજા–ચોથા આરામાંજ ૨૪–૨૪ તીર્થંકરો થાય. જેમની આજ્ઞા પ્રમાણ કરવાની છે તેવા જિનેશ્વરોનું પ્રત્યક્ષ મિલન ભરતક્ષેત્રની અપેક્ષાએ કેટલું અલ્પ ? છતાં શ્રાવકનું પ્રથમ કર્તવ્ય જિનાજ્ઞા પ્રમાણ કેમ મુકયું ? કેમ કે બાકીના બધાં કર્તવ્યોમાં અંતર્ભૂત તત્ત્વ તો જિનાજ્ઞા જ છે.

**એક પ્રસંગ :**— ઝરખિયાનો વાઘરી ઝેરકો અને તેની ઘરવાળી ઝમકુડી બંને બાવળના દાતણ પાડે છે. પરણ્યાને માત્ર પંદર દિવસ થયેલાં. પંદર રાત્રિ તો પલકારામાં વીતી ગઈ. પ્રીતના પટારા મંડાયા છે. સાંજ પડી ગઇ ને ઝરકો બોલ્યો, હવે કયારે રોટલા ભેગા થઈશું ? તી' એલા વાઘરી હું તને કાંઈ ભુખ્યો નહીં રાખું. આવી વાતું કરતાં એકમેકને હેત ઉભરાણું. બંનેના હોઠ થરકયા. વાઘરી હજી વાઘરણ તરફ હાથ લંબાવીને પ્રીત પસારવા ગયો ત્યાં તો ઘોડાના ડાબલા સંભળાયા અને વાઘરીએ જલ્દી પોતાની લાંબી કરેલી ભૂજા સંકેલી લીધી અને વાઘરણે કપડાં સંકોર્યા.

અસવારને કહ્યું : ઘણી ખમ્મા બાપુ ! કેમની કોર્ય ? અસવાર કે કાલે ખંભાળે ખાબકવાનું છે. હેં ! ખંભાળે ? ઝમકુડીના કાન ચમકયા. દાતરડું થંભી ગયું. ઝરકો બોલ્યો : કેમ બાપુ ? અચાનક.

આપણા ભોજબાપુને નવચંદરી ભેંસુના દુધ ખાવાનો ચટકો લાગ્યો છે. બંને અસવાર તો હાલ્યા. ઝરકો કહે : જોયું ઝમકુડી, કાલ તારા પિયરની પદમણી ભેંશ મારા ગામમાં. કળ ખાઇ ગયેલી ઝમકુ બોલી ઉઠી કે વાઘરી અમારા દેહા બાપુના ડેલેથી ડોબા છોડવા રમત નથી. ઝરકો પણ વટે ચડી ગયો. બોલ જોવું છે કાલે ?

ઝમકુનું માથું ફાટી ગ્યું. બહું વટ કરછ ને તે તારા ભોજ બાપુ ભેગો તુંય હાલ્યો આવજે. માર્યો કછોટો ને પકડી પીયર વાટ. સીધી પહોંચી દેહાવાળાને ડાયરે. બાપુ બોલ્યા : કેમ ગગી, આમ હાંફતી કેમ આવી ? બાપુ ! સાબદા રે'જો. ઝરખીયાનું કટક આવે છે. નવચંદરી ભેંસુ જોઇ છે. એમાં શું ગગી, આપણે ભેટ દઇ દઈએ. ના બાપુ, ના, એને ભેટયું નથી જોઈ'તી, એને તો ધીંગાણુ કરીને જ લઇ જવી છે.

ખલાસ ! ઢોલ વગડયાં, સાદ પડયો ને ગાડે ગાડે માણુસ ગોઠ-

વાયા. બીજે દિ ધિંગાણું જામ્યું. હાકલા–પડકારા થયા. એક જુવાન તલવાર વિંઝતો ફરી રહ્યો છે. ધિંગાણામાં ઝરકો તો ઝાટકે દેવાઈ ગયો. પણ ખંભાળાનો એક જુવાન પણ ભાલે વીંધાઇ ગયો. ઘોર ધીંગાણામાં નવચંદરી ભેંસો જાશે એમ લાગતાં ભોડાં રેડવી લીધાં. ભોજ બાપુ ખાલી હાથે પાછાં ફર્યા. ગામને ઝાંપે જોયું તો મરદના વેશમાં ભાલે વિંધાયેલી ઝમકુ પડી હતી.

વિચાર કરવા જેવો છે કે જે ગામમાં જનમ લીધો તે એક ગામના ધણીને માટે માણસ આખા જીવતરને જોખમમાં મુકી દે એટલા બધાં પ્રીતિ- બહુમાન હોય તો આપણે અતિશય ધારી અને ભવોભવ મળનારા ધણી એવા અરિહંત પરમાત્મા વિતરાગ જિનેશ્વર દેવની આજ્ઞા પાલનરૂપ બહુમાન પ્રીતિ કેમ ન હોય?

વળી જિનેશ્વર પરમાત્મા તો આપણને દ્રવ્યથી, ભાવથી—નામ સ્મરણ રૂપે કે મૂર્તિરૂપે સર્વથા પવિત્ર કરનાર છે માટે જિનાજ્ઞા માનવી જ જોઈએ.

**જિનેશ્વર નામ-આકૃતિ-દ્રવ્ય-ભાવથી કઇ રીતે પવિત્ર કરે છેઃ-**

नामाकृति द्रव्यभावैः पुनतस्त्रिजगज्जनम्
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे

કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી જણાવે કે અમે અરિહંતની સમુપાસના કરીએ છીએ. પણ તે અરિહંત કેવા છે?

તેનું નામ–આકૃતિ-દ્રવ્ય જિન કે ભાવ જિન ત્રણ જગતના લોકોને પવિત્ર કરે છે. વળી આગળ કેટલું બધું કહી દીધું? સર્વસ્મિન્ ક્ષેત્રે કાલે ચ— સઘળાં કાળે અને બધાં જ ક્ષેત્રોમાં.

આપણે આજે "જિનની"— પરમાત્માની ઓળખ કરવા બેઠા છીએ. તે પણ શા માટે? જેની આજ્ઞા પ્રમાણ માનવાની છે તેની ઓળખ કરવી છે. માત્ર ઓળખથી અટકવું નથી પણ તેનું મહત્ત્વ પણ હૃદયમાં અવધારવાનું છે. તે માટે આ ગાથા કેટલા સુંદર શબ્દો કહી જાય છે.

સર્વ કાળમાં કે સર્વ ક્ષેત્રોમાં પરમાત્મા આપણને પવિત્ર કરે છે. માત્ર પરમાત્માનું નામસ્મરણ કરે તો પણ ત્રણે જગતના લોકોને પવિત્ર કરે છે.

ઋષભદેવની માળા કરે તે પણ નામનું સ્મરણ, પાર્શ્વનાથની કરો તો પણ નામ સ્મરણ અને મહાવીર સ્વામીનો જાપ કરો તો પણ નામ સ્મરણ જ કહેવાય. ત્રણ જગતના લોકોને પવિત્ર કરનાર, પરમાત્માનું નામ સ્મરણ છે. આ રીતે લોકોને આરાધના માર્ગે જોડવા તો સહસ્ત્રકુટ નામાવલીની આરાધના ગોઠવાયેલી છે.

એજ રીતે અરિહંતની આકૃતિ—આકૃતિ એટલે મુખ્યતાએ પ્રતિમાજી પ્રતિમાજી શાશ્વત અને અશાશ્વત બંને રૂપે વિદ્યમાન છે. જિનેશ્વર સાક્ષાત્ વિદ્યમાન તો સર્વક્ષેત્રમાં સર્વકાળે હોય નહીં પણ તેનું બીંબ જ સ્થાપના જિન રૂપે પૂજનીય બને છે. વળી ભક્તિનું સાતત્ય પણ આકૃતિ થકી વિશેષ રહી શકે અને એ રીતે આકૃતિ પણ ત્રણ જગતના લોકોને પવિત્ર કરનારી છે.

દ્રવ્ય જિન એટલે જે ભાવિમાં જિન થવાના છે તેવો સામાન્ય અર્થ સ્વીકારીએ તો પણ જન્મ કલ્યાણક—ચ્યવન કલ્યાણકાદિ સમયે તેમની વિશિષ્ટ ભક્તિ ત્રણ જગતના લોકોને પવિત્ર કરનારી છે.

ભાવજિન તો સાક્ષાત્ કલ્યાણકારી છે જ.

આ રીતે नामाकृति द्रव्यभावैः ચારે રીતે જગતના જીવોને પવિત્ર કરે છે. તેવા પ્રકારના જિનની આજ્ઞા પ્રમાણ કરવાની છે.

પરમાત્માની આટલી ઓળખ પ્રથમ કર્યા બાદ જિનની આજ્ઞા શું છે? તે કઇ રીતે જણાવે તે અધિકાર અગ્રે વર્તમાન.

✲ ✲ ✲

# ( ૩ ) જિનાજ્ઞા-શું ન કરવું ?

—પાપને ધિક્કારો

आकालमियमाज्ञा ते हेयोपादेय गोचरा:
आश्रव: सर्वथा हेय उपादेयश्च संवर:

વીતરાગ સ્તોત્રના ૧૯ માં પ્રકાશમાં કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજા જણાવે કે હે ભગવન્ ! હંમેશાં તારી આજ્ઞા એ જ છે કે આશ્રવો સર્વથા છોડવા લાયક છે અને સંવર હંમેશાં ઉપાદેય—આદરણીય છે

જિનેશ્વરની આજ્ઞા માનવી જ જોઈએ आणाए धम्मो. બહુ સહેલાઈથી બોલાય છે. પણ જિનાજ્ઞા એટલે શું ? વિચાર્યું છે કદી ? કલિકાલ ભગવંતે કેટલી સુંદર સચોટ વ્યાખ્યા કરી. એ જ વાકયમાં બધું સમાવી દીધું. આશ્રવ છોડો. સંવર આદરો પણ આશ્રવ એટલે ? आश्रव- **એટલે શું ?**

इन्दिअ कषाय अव्वय जोगा, पंच चउ पंच तिन्नकम्मा
क्रियाओ पणवीस, इमाइ ताओ अणुक्कमसो

નવતત્વ કાર આશ્રવને સ્પષ્ટ કરવા માટે મુખ્ય પાંચ ભેદ જણાવે છે. ૫ ઈન્દ્રિય ૪ કષાય ૫ અવિરતિ ૩ યોગ અને ૨૫ ક્રિયા એ મુખ્ય પાંચભેદ અને ૪૨ પેટા ભેદ, જે કર્મને જીવ તરફ આવવાના દ્વારો છે તે આશ્રવ છે. આશ્રવ એટલે કર્મનું આવવું અથવા કર્મબન્ધ થવાના હેતુરૂપ પરિબળો.

આત્મામાં રાગ-દ્વેષ રૂપી ચુંબકત્વ રહેલું હોય ત્યાં સુધી જેમ લોહચુંબક લોખંડને પોતા તરફ ખેંચે તેમ આત્મા કર્મોની વર્ગણાને પોતા તરફ ખેંચે છે. અને આ "કર્મોનું આવવું" તેજ આશ્રવ.

**એક પ્રસંગઃ—**

તે દી ઢાંક ગામના ટીંબે દાદોભાઈ-કલોભાઈ બે ચારણ વસતા'તા. બેઉને જીભને ટેરવે શારદાનો વાસ જોઈલો. એક વખત જામનગરના ધણી વિભાજામને મળવા ઘોડા પલાણ્યા. વિભાજામે પણ કવિઓને રૂડો આવકાર દીધો. રાત્રે ડાયરો જામ્યો છે. આખી કચેરી હકડે ઠઠ ભરી છે. વિભાજામ ચારણું માથે મીટ માંડે છે ને કહ્યું : કરાવો મોજ ડાયરાને, ગઢવા. ને જાણે સરસ્વતિ વહેતી હોય તેમ સરવાણીયું છુટી. બુલંદ અવાજથી

જાણે આભના ગુંબજો ગર્જી ઉઠયા. અડધી રાત સુધીમાં સૌ એક-તાન થઈ ડોલવા લાગ્યા. ત્યાં ડાયરા વચ્ચે રત્નજડીત પ્યાલી ફરવા લાગી. ખુદ વિભાજામે કલાભાઇ સામે પ્યાલી ધરી. લ્યો કવિરાજ, તમે પણ પીઓ મોજથી. કલોભાઇ હલ્યો પણ નહીં. ડાયરો બોલી ઉઠયો, કવિરાજ ! સાતસે પાદરના ધણી તમને હાથોહાથ પ્યાલી આપે છે. તોયે કલાભાઇનો હાથ ન લંબાયો. વિભાજામે ફરી કહ્યું, લ્યો, લ્યો કવિરાજ. કલોભાઈ માત્ર ટુંકો જવાબ આપે છે. હું જોગમાયાનો અખંડ ઉપાસક, મારાથી દારૂ ન પિવાય. માનું સત લાજે.

વિભોજામ કહે, ગઢવી, ડાયરાનું અપમાન છે. તમે ખાલી મારા હાથમાંથી લઇ હેઠો મુકી દો પ્યાલો અને મારું માન રાખો. ગઢવી કહે, તમારા માન--પાન અમારા માથા ઉપર બાપ, પણ પાપની પ્યાલીને હું હાથેય ન અડાડું. વિભાજામે છેલ્લો દાવ ફેંકયો કલાભા, હું વિભોજામ, જો મારા હાથેથી દારૂની પ્યાલી હેઠી મુકો તો એક ગામ લખી આપું....બાપુ એકાવન ગામ લખી આપો તોયે પાપની પ્યાલીએ આવતો ગામ ગરાસ મારો ભવ બગાડે. એટલું બોલી અડધી રાત્રે ડાયરો છોડી બંને ચારણો ચાલી નીકળ્યા.

કારણુ आश्रवः सर्वथा हेयः । आ+श्रव (આશ્રવ) એટલે ચારે તરફથી પાપનું શ્રવવું તે. જો તેને છોડવામાં ન આવે તો એક તરફ હજી કર્મનિર્જરા ન કરો ત્યાં બીજી બાજુ કર્મોના તળાવો ભરાવા માંડશે. માટે જિનેશ્વરની આજ્ઞા એ જ છે કે આશ્રવ સદા છોડવા લાયક છે.

નવતત્વમાં આશ્રવના ૪૨ ભેદ વર્ણવ્યા છે તેમાં સૌ પ્રથમ પાંચ ઇન્દ્રિયોના વિષયો જણાવે છે–

**પાંચ ઇન્દ્રિયના ૨૩ વિષયો**

સ્પર્શ, રસ, ઘ્રાણુ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇન્દ્રિયથી પ્રિય અને અપ્રિય એવા ૨૩ વિષયોમાં જે રાગ દ્વેષ થાય છે. તે રાગ અને દ્વેષ જ કર્મબન્ધનું કારણુ છે.

ભારે–હલકો-લીસો--ખરબચડો વગેરે સ્પર્શ રાગ દ્વેષ જન્માવે છે. જેમ સ્પર્શની ઇચ્છાવાળો હાથી હાથણીને ભેટવા દોડે છે ને ખાડામાં પડી પોતાનો જીવ ગુમાવે છે, રસના વિષયમાં લોલુપ બનેલું માછલું ખાવા માટે તરાપ મારે ને ગળામાં અણી ફસાતા મોતને નોતરે છે. સુગંધ માટે ભમતો ભમરો કમળ બીડાઇ જતાં મૃત્યુને શરણે જાય છે

અને આંખના વિષયોમાં પાગલ પતંગીયુ બળતા દિવામાં પોતાની આહુતિ આપે છે. કાનને સંગીતના વિષયમાં લીન બનાવી હરણ શીકારીના બાણુનો શીકાર બને છે.

તો પાંચે ઇન્દ્રિયોના વિષયમાં ડૂબેલા માનવીને પાપાશ્રવ થકી ભવોભવ રખડ પટ્ટી થાય તેમાં કોઇ નવાઈ ખરી?

ઈન્દ્રિયોના એકેક વિષયને સ્પષ્ટ સમજી લો. તો જ આશ્રવ સર્વથા છોડવાનું સૂત્ર પકડી શકશો.

સ્પર્શના ૮ ભેદ–ભારે, હલકો, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ, લીસો, ખરબચડો.

રસના વિષય–૫. ખાટો, ખારો, તીખો, કડવો, મીઠો.

જીભની લોલુપતા આ પાંચમાં રમણ કરવા દોડીને અંતે ભ્રમણ વધારે છે.

ગંધ બે પ્રકારે. સુગંધ અને દુર્ગન્ધ.

ચક્ષુના વિષય પાંચ. રાતો-કાળો-નીલો-ધોળો-પીળો.

ચક્ષુરિન્દ્રિયના વિષયમાંથી નિવર્તવા જ જાણે પાંચ રંગે વિતરાગ પરમાત્મા ન હોય તેમ સમજવા કવિ કહે છે કે—

**વિદ્રુમવર્ણા દોય જિણંદા,**
**દો નીલા દો ઉજ્જલકંદા, દો કાલા સુખ કંદા**
**સોલે જિનવર સોવન્ન વરણા,**
**શિવપુરવાસી શ્રી પરસન્ના, જે પૂજે તે ધન્ના**

છેલ્લે કર્ણેન્દ્રિયનો સચિત-અચિત્ત કે મિશ્ર શબ્દ વિષયે રાગ દ્વેષ તે સર્વેનો નિગ્રહ કરવો.

પ્રશ્ન :— ઈન્દ્રિયોને આશ્રવ કહી તો વીતરાગને શું ઇન્દ્રિયો નથી?

ઈન્દ્રિયોના વિષયોમાં થતો રાગ દ્વેષ એ આશ્રવરૂપ છે. વીતરાગને રાગદ્વેષ હોતા નથી માટે તેને ઇન્દ્રિયોના વિષય થકી આશ્રવ થતો નથી. છતાં આપણે ઇન્દ્રિયને આશ્રવરૂપ ગણી કેમ કે ઇન્દ્રિય નિગ્રહ થતાં જ રાગદ્વેષ નિગ્રહ થશે.

**૪ કષાય**

कषाय देहकारायां चत्वारो यामिका इव
यावज्जाग्रति पार्श्वस्था स्तावन्मोक्षः कुतो नृणाम्

દેહરૂપી કેદખાનામાં કષાય રૂપી ચાર ચોકીદાર જ્યાં સુધી સમીપ

ભાગે જાગતા રહેલા છે, ત્યાં સુધી મનુષ્યોને મોક્ષ ક્યાંથી થાય?

અમેરિકામાં પ્રમુખ ગ્રાન્ટ ધર્મપરાયણ અને શ્રદ્ધાળુ વ્યક્તિ હતા. દર રવિવારે નિયમિત પોતાના ઘરના બધા સાથે પ્રાર્થના કરે. કદી આ નિયમમાં ભંગ ન થતો. એક રવિવારે સવારમાં પોતાના કુટુંબ સાથે પ્રાર્થના કરવા બેઠા હતાં. પ્રધાન મંડળના ત્રણ-ચાર સભ્યો પણ પ્રાર્થનામાં સામેલ હતા. પ્રાર્થના શરૂ થઇને ત્રણ-ચાર વર્ષના બાળકે વાતો શરૂ કરી. તેનાથી પ્રાર્થનામાં વિક્ષેપ થયો. ગુસ્સાથી ગ્રાન્ટે બાળકને તમાચો મારી દીધો. ગ્રાન્ટની માતાએ તુરત ગ્રાન્ટને તમાચો માર્યો.

પ્રધાનોની હાજરીમાં ગ્રાન્ટને અપમાન લાગ્યું. એક પ્રધાન બોલ્યા પણ ખરા કે માજી, આમ અમારી હાજરીમાં પ્રમુખને તમે મારો તો તેમને કેટલું નીચા જોણું થાય? માજી મૌન જ રહ્યા. પ્રાર્થના બાદ કહ્યું કે પ્રાર્થના ક્રોધના ઉપશમન માટે છે. જો ક્રોધ નિવારો નહીં તો તેનું પાપ ચાલુ જ રહેશે. પછી તે પ્રાર્થનાનો અર્થ શો? માટે જીવ પર સનિમિત્ત કે નિર્નિમિત્ત દ્વેષનો એટલે કે ક્રોધનો ત્યાગ કરો.

**માન :–** અભિમાન કે ગર્વ તે માન. તેનો સર્વથા ત્યાગ કરવો. માન કષાયરૂપ આશ્રવમાં ડૂબેલા બાહુબલીજીને કઠોર ધ્યાન અને અખંડ સાધના વચ્ચે પણ કેવળજ્ઞાન થતું ન હતું.

**માયા :–** કપટ, શઠતા કે છેતરપીંડી તે માયા. માયા કષાય રૂપ આશ્રવ જીવને એવા ભમાડે છે કે જીવ પોતે પણ માયા કર્મના ઉદયમાં આવ્યા બાદ પોતે માયા કરી રહ્યો છે તે જાણતો નથી અને અન્તે તિર્યંચગતિમાં ભટકે છે.

**લોભ :–** શરીર કે ધન વગેરે બાહ્ય વસ્તુ વિશે આસક્તિ કે પ્રાપ્તિ માટે આકાંક્ષા તે લોભ. લોભ કષાયનો ઉદય સૌથી ભયંકર છે. ચાર પ્રકારે કષાય આશ્રવ થાય છે. તે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજવલન, ચારે પ્રકારે ક્રોધ, માન, માયાનો ક્ષયોપશમ થયો હોય. માત્ર સંજવલન લોભના ઉદયવાળો જીવ પડે તો સીધો ચોથા ગુણઠાણા સુધી પણ પહોંચે.

પ્રભુને એક પગે ઈન્દ્ર મહારાજા સેવા કરી રહ્યા છે. બીજી તરફ બીજા ચરણે ચંડ કૌશિક ડસી રહ્યો છે. જેવી પરિણતિ સર્પ ઉપર છે તેવી જ ઈન્દ્ર ઉપર છે. બંને ઉપર સમભાવ.

સમભાવ શબ્દ બોલવો સહેલો છે પણ જરા ઊંડા ઊતરી વિચારો જોઈએ. એક પગે સાપ ડંસ દેતો હોય. બીજા પગે ઈન્દ્ર સેવા કરી રહ્યો છે. છતાં આ પણ બોધ પામે અને આ પણ બોધ પામે. કેટલી ઉદાત્ત ભાવના. ત્રણ ત્રણ વખત જવાળા ફેંકી. છેલ્લે ડંસ દીધો. તો પણ ચંડ કોસિયાને કહ્યું કે બુજ્ઝ ! બુજ્ઝ ! કેવું જીગર હશે પ્રભુનું.

છતાં શાસ્ત્રકારે શું કહ્યું ? પ્રભુ છદ્મસ્થ હતા. વીતરાગ નહીં. તો વીતરાગપણાની દશા કઇ ? જગતમાં એક પણ ચીજ મહાત્માની સમભાવ દશા પલટાવી શકે તેમ નથી. છતાં માત્ર સંજવલન કષાયનો ઉદય થયો ને વીતરાગ પણાને ધક્કો મારીને નીચે ઉતારી દે છે. ૧૧-૧૨-૧૩-૧૪ ચારે ગુણઠાણા વીતરાગના, પણ ૧૧ મું છદ્મસ્થ વીતરાગનું. સંજવલન કષાયનો એક માત્ર ઉદય સીધા ચોથા ગુણઠાણે ફેંકે. માટે કહ્યુ કે—

आश्रवः सर्वथा हेय

કષાયરૂપી આખો હાથી નીકળી જાય પણ સંજવલન કષાયરૂપી પૂંછડે હાથી અટકી ગયો તો ખલાસ. આખો હાથી પાછો અંદર—અરે ! એક ખૂણામાં પડેલો છે, પણ ઉભો થાય એટલે માણસ ચક્કર ખાઇને હેઠો પડે તેમ આત્માને હેઠે પાડી દે.

તેથીજ કહ્યું કે-आश्रवः सर्वथा हेय

**અવિરતિ (પાંચ-અવ્રત)** હિંસા, મૃષાવાદ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ પાંચ પ્રકારે કર્મોનું આત્મા તરફ આશ્રવણ થાય છે. તે માટે અવિરતિ શબ્દનો ઉપયોગ બહુ સમજપૂર્વક થયો છે. પાપનું પચ્ચક્ખાણ પૂર્વક વિરમણ ન હોવું તે જ અવિરતિ. એકેન્દ્રિય જીવો નથી હિંસા કરવા જતા કે નથી જૂઠ બોલતા, ચોરી પણ નથી કરવાના છતાં તેને અવિરતિથી સતત કર્માશ્રવ થતો રહે છે. માટે જ નાનકડું સૂત્ર કહ્યું आश्रवः सर्वथा हेय

છ કાયમાંથી કોઈ પણ જીવની હિંસા મન—વચન—કાયાથી ન કરવી, ન કરાવવી કે કરતા—કરાવતાની અનુમોદના ન કરવી. સમગ્ર જીવન સુધી આ નવ પ્રકારે હિંસાથી વિરમવું. તે પ્રથમ મહાવ્રત—પ્રાણાતિપાત વિરમણ વ્રત પ્રતિજ્ઞા ગમે તેવી દૃઢ હોય પણ તેની કિંમત કયારે ? જુઠ ન હોય તો. જુઠને મહાવ્રતમાં કોઇ અવકાશ નથી. ક્રોધી, લોભી, ભયભીત વગેરે તમામને મહાવ્રતમાં અવકાશ, પણ જુઠ્ઠાને અવકાશ

નહીં. આથી બીજું મૃષાવાદ વિરમણ વ્રત, જેમાં પણ મન-વચન-કાયાથી કરવું, કરાવવું કે અનુમોદવું નહીં. આમ બીજું મહાવ્રત હોય તો પહેલું ટકશે.

અવિરતિ આશ્રવ રોકવા ત્રીજે નંબરે કહ્યું કે સચિત્ત કે અચિત્ત, થોડું કે ઘણું, જંગલમાં કે શહેરમાં કંઈપણ આપ્યા વિના લેવું નહીં. લેવા માટે પ્રેરણા કરું નહીં કે લેનારને અનુમોદન આપવું નહીં. તે ત્રીજું અદત્તાદાન વિરમણ વ્રત. ત્રણે પ્રતિજ્ઞા સારી રીતે પાળે પણ પોતાની દૃષ્ટિ જ સ્થિર ન રાખે તો ?

હિંસા-જુઠ-ચોરીથી વિરમેલો હોય પણ જો સંસારના રાગમાં ડૂબ્યો તો ગયો. પર્યુષણમાં સાંભળો છો ને-સિંહ ગુફાવાસી મુનિની વાત-જેમની તપશ્ચર્યાથી સિંહ સરખા જનાવર પણ શાંત થઈ જાય તે રીતે ચાતુર્માસ વ્યતીત કરે છે. છતાં કોશા વેશ્યાને ત્યાં ગયા ત્યારે ? પોતાના સામર્થ્યની પ્રતીતિ કરાવા પણ જરાક દૃષ્ટિ લપસી ત્યાં ધૈર્ય અને સ્થૈર્ય ગયું ને ?

સ્ત્રીનો સમાગમ તો ઠીક પણ તેની ઇચ્છા પણ પાયમાલ કરી દે તેમ છે. ચાહે દેવતા, ચાહે મનુષ્ય, ચાહે તિર્યંચની કોઈપણ સ્ત્રી માટે વિષય ભોગનો સર્વથા ત્યાગ થાય તે ચતુર્થ વ્રત મૈથુન વિરમણ.

સ્થુલભદ્ર, કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ રહેવા ગયા છે. ગુરુ મહારાજની આજ્ઞા લઈને ત્યાં કોશાને પ્રતિબોધ કરીને આવવા માટે ગયા છે. પણ ત્યાં વાતાવરણ કેવું ?

ઘર વેશ્યાનું છે. છએ રસથી ભરપુર ભોજન લેવાનું. તપ કે ઉપવાસમય ચોમાસું નહીં—ખાવાપીવાનું પુરેપુરૂં—વેશ્યાના નિવાસ-સ્થાનની ચિત્રશાળામાં ચિત્રો પણ કેવા ? મનોહર કામચેષ્ટાને દર્શાવતા. વળી પૂર્ણ એકાન્તમાં—એક સ્ત્રી સાથે છે. પૂર્વની પરિચિત અને પાછો પરસ્પર રાગ હતો તેવી સ્ત્રી—એ પણ સામાન્ય નહીં. નિપુણ વેશ્યા છે. ચાર ચાર મહિના પસાર કરવા છતાં મનમાં વિકાર નહીં. તનમાં વિકાર નહીં. વચનમાં વિકાર નહીં. કોશા વેશ્યા મુનિને ચલાયમાન કરવા ભોગની પ્રાર્થના કરે. વિવિધ રીતે અંગોપાંગનું પ્રદર્શન કરે. તે પણ માત્ર દેખાવ કરતી નહીં હૃદયના ભાવો સાથે છે. વેશ્યા પણ પ્રેમ હૃદયપૂર્વકનો કરે છે. આજકાલ તો પોતાની પત્ની પણ હાર્દિક પ્રેમ કરતી હશે કે નહીં તે તમને ખબર !

છતાં સ્થુલભદ્ર મુનિ ચલાયમાન થયા નહીં. માટેજ સજઝાયમાં પણ કહેવાય છે કે,

**કોશા મંદિર ચોમાસુ રહયા ન ચલ્યા શિયળે લગાર**
**તે સ્થુલભદ્રને જાઉં ભામણે નમો નમોરે શત વાર**
**એવા મુનિવરને પાયે નમું**

૮૪ ચોવીશી સુધી આ એક નામ અમર રહેશે. કેમ ? સર્વથા મૈથુનવિરમણ વ્રતને લીધે. જો કે સ્ત્રી પરિગ્રહ રૂપજ છે છતાં પાંચમા વ્રતમાં પરિગ્રહ વિરમણ વ્રત અલગ દર્શાવ્યું. કારણકે પરિગ્રહ એ બાવાજીની લંગોટી જેવો છે. બાવાજીને ગામમાં ભિક્ષા માટે જવું પડે. તે લોકોએ એક લંગોટી બંધાવી. લંગોટી સુકવી'તી તે ઉંદર ચાવી ગયો. એટલે ઉંદરથી બચવા માટે બિલાડી લાવ્યા. બિલાડીને રોજ દુધ જોઈએ. દુધ લાવવું કયાંથી ? એટલે ગાય લાવ્યા. પછી ગાય માટે થઈ ગમાણ. હવે તે સાફ કરવા શું કરવું ? એટલે લાવ્યા ગાયવાળી-ગાયવાળી બની ગઇ ઘરવાળી ને બાવા બન્યા ઘરબારી.

માટે પરિગ્રહ વિરમણ વ્રત મુકયું. સંતોષ પૂર્વક ઓછામાં ઓછી જરૂરીયાતથી જીવવું તે અને વસ્તુ પ્રત્યેના મમત્વ કે મુર્છા નો ત્યાગ.

**યોગ :–** યોગ એટલે શકિત અથવા સામર્થ્ય. મન–વચન–કાયાની પ્રવૃત્તિને મનોયોગ–વચનયોગ–કાયયોગ તરીકે ઓળખાવાય છે. आश्रवः सर्वथा हेयः કહીને યોગને આશ્રવરૂપ ગણ્યા તો શું મન–વચન–કાયાની પ્રવૃત્તિને સર્વથા છોડી દેવી ?

ના, પ્રવૃત્તિ સર્વથા છોડવાની વાત શ્રાવકે સમજવાની નથી. અત્યારે તો એટલું જ સમજો કે અશુભ યોગને છોડો ને શુભમાં પ્રવર્તો.

○ મનોયોગ :- મન દ્વારા વિચારણા રૂપ આત્માનું જે સામર્થ્ય પ્રગટે તે– તેના ચાર ભેદ કહ્યા.

(૧) સત્ય મનોયોગ– યથાર્થ વિચારણા કરવી તે.

(૨) અસત્ય મનોયોગ— અસત્ય કે અયોગ્ય વિચારણા કરવી તે

(૩) મિશ્ર મનોયોગ-કંઈક સત્ય અને કંઈક અસત્ય વિચારણા કરવી તે.

(૪) અસત્યામૃષા મનોયોગ-જે વિચારણામાં સત્ય કે અસત્ય જેવું કંઇ જ ન હોય.

૦ વચનયોગ- વાણી દ્વારા બોલવારૂપ સામર્થ્ય પ્રગટે તે. આ યોગ પણ મનોયોગની જેમ ચાર ભેદે ગણાવેલ છે. સત્ય વચનયોગ, અસત્ય વચનયોગ વગેરે.

૦ કાયયોગ— કાયા દ્વારા ગમનાગમન રૂપ જે સામર્થ્ય પ્રગટે તે કાયયોગ.

આ ત્રણે યોગ વડે જીવ કર્મોનો આશ્રવ કરે છે.

અસત્ય મનોયોગને જણાવતો સુંદર પ્રસંગ વાંચેલો.

લ્યો આપા દેવાત, આ તમ સારૂં હોકાની બજરનું પડતલું આણ્યું છે. ભારી મીઠી છે. થયું કે આ બજરનો ધુવાણો તો આપા દેવાતની ઘુંટમાં જ શોભે. ત્યાં બીજો કાઠી બોલ્યો : ‘ આપા દેવાત, આ હોકો ગંગાજળની તાર મઢાવી ખાસ તમારા માટે જ લાવ્યો છું.’ મોં મલકાવી દેવાતે હોકાની ભેટ સ્વીકારી. ત્રીજો કાઠી આવ્યો. લ્યો આપા દેવાત, આ ઉનની દળી. તમારી ઘોડીને માથે મશરૂ જેવી થશે ને ઘોડીનું ડીલ નહીં છોલાય. તમામ કાઠી આ ગલછટા દેવાત વાંક માથે મીટ માંડી બેઠા છે. સહુ તેને રીઝવવા મથે છે. કેમ કે દેવાત દુશ્મન બને તે ગામ ત્રીજે દિ’ ટીંબો થઇ જાય.

ત્યારે ભર દાયરામાં બેઠેલા પડછંદ પુરુષને આ રીતે જાણે ખંડિયાઓ નજરાણું દેતા હોય તે જોઇ આધેડ વયનો એક મર્દ બોલ્યોઃ કાઠીઓમાં આ કઢીચટ્ટા પણું કે’દિથી આવ્યું ભાઈ. જેની આટલી બધી ભાટાઇ કરવી પડે તે દેવાત વાંક છે કોણ ?

ચૂપ ભાઇ ચૂપ લાખાં, તું હજી છોકરું છે. તારું લાખાવદર હજી દેવાતના ડાબલા હેઠળ પડ્યું નથી લાગતું. નીકર તુંય તારી વાળીની કેરિયું દેવા દોડયો આવે.

ના બા ના. હું દેવાતને ડરથી દેવા જાઉં એથી તો રૂડું કાગડા-સુડા-પોપટ મારી કેરી ન ખાય. કાઠીના દીકરા સહુ સરખા. આવી રજવાડી ભાટાઈ શું કરવાની ? બોલનારનો અવાજ ઉંચો થયો. કાને વાત અથડાતા ધગેલ ત્રાંબા જેવી રાતી આંખે દેવાત બોલ્યોઃ ઈ મુછાળો કોણ ચાંદા કરે છે. થડકયા વીના પેલો જણ બોલ્યો. હું લાખાવાળો છું. ભા ! કાઠીના દીકરા સહુ સરખા. તેમાં આ ભાટાઇ કયાંથી આવી ? દેવાત બોલ્યો : તેં આપા લાખાવાળા, તું લાખાવદર ફરતા ગઢ બંધાવી લેજે ભા... આપા દેવાત, તું તારે ચઢી આવજે. નાની ગામડીનો ધણી

હું ગઢ તો શે ચણાવું, પણ કળશીયો જરૂર કરીશ. મારૂં નોતરૂં યે અફર જાણજે. ઈ તો ગા વાળે ઇ અરજણ.

તે દિ' લાખો પરગામ હતો. છ-આઠ મહિના થઇ ગયા'તા ઈ વાતને. દેવાતનું કટક આવ્યું. ગામમાં મસાણ જેવી શાંતિ થઇ ગઇ. વસ્તી માંડી ધમરોળાવા. દેવાત આવ્યો લાખાને ફળીયે. પણ લાખો છે નહીં. દેવાત જૂએ છે ફળિયે પંદર વર્ષની કન્યા ઉભી છે, બાજુમાં વછેરો બાંધેલો. દેવાતને થયું આ વછેરો લઇ જઈને નાક કાપું. લાખા વાળો જીવશે ત્યાં સુધી નીચું મોં રાખશે.

ભાલો મુકયો ઓરડાની કોરે. વછેરાના પગની પછેડી છોડવા બેઠો. બરડો બરાબર હીરબાઇ સામે. હીરબાઇ તો વજ્ર જેવી હતી. મગરના મોઢેથી બકરૂં છોડાવી લાવેલી હીરબાઈએ ભાલો ઉપાડયો. કર્યો ઘા. ભચ દેતો દેવાત ધરતીમાં જડાઇ ગયો. દેવાતની જ તલવારે ટુકડે ટુકડા કરી દેવાતને પોટલીમાં બાંધી દીધો. કટકને એમ કે દેવાત આગળ નીકળી ગયો છે. લાખાને રસ્તામાં ખબર મળી. થયું કે દુશ્મન સાથે જ લડી મરૂં. પણ દીકરીએ ગઢવી સાથે કહેવડાવ્યું કે બાપુને કે'જો કે પેલા મને મોઢું દેખાડે. નહીં તો મરતી ભાળે.

આવ્યો ઘેર, ગાંસડી છોડી બતાવી. દરબાર બોલ્યા મુરખા દેવાત. વછેરાની પછેડી કાઢવા તું શીદ બેઠો. તલવારથી કાઢતા નો'તું આવડતું. પણ તારા અભેમાન કયાં ઓછા હતાં કે તું સાચું વચારી શક.

બસ આજ સમજી લો. અસત્ય મનોયોગ મનની અયોગ્ય પ્રવૃત્તિ કે વિચારણા થકી થતો આશ્રવ, આ રીતે વચન કે કાયા થકી પણ કર્મોનો જે આશ્રવ થાય છે, તે આશ્રવનો સર્વથા રોધ કરવો તે જ જિનાજ્ઞા.

આશ્રવનો છેલ્લો ભેદ તે किरियाओ

**૨૫ ક્રિયા :** ક્રિયાઓ ૨૫ પ્રકારે જણાવી-કાયિકી–અધિકરણિકી–પ્રાદ્વેષિકી–પારિતાપનિકી–આરંભિકી–પારિગ્રહિકી–માયાપ્રત્યાયકી– મિથ્યા દર્શન પ્રત્યયિકી–અપ્રત્યાખ્યાનિકી–દ્દષ્ટિકી–સ્પૃષ્ટિકી–પ્રાતિત્યકી·સામંતોપનિપાતિકી–નૈસૃષ્ટિકી–સ્વાહસ્તિકી–આજ્ઞાપનિકી–વૈદારણિકી–અનાભોગિકી–અનવકાંક્ષ પ્રત્યયિકી-પ્રાયોગિકી–સમાદાનિકી–પ્રેમપ્રત્યયિકી-દ્વેષિકી-ઐર્યાપથિકી.

આવી પચીસ પ્રકારની ક્રિયા વડે જીવ કર્મોનો આશ્રવ કરે છે. એકાદ ક્રિયા દૃષ્ટાન્તરૂપે જોઇએ—તો અધિકરણિકી ક્રિયા એટલે શું ? અધિકરણ સાધન વડે કરેલી. જેમકે છરી વડે શાક સમારવું. અહિં છરી વડે શાક સમારવાની જે ક્રિયા તેનો સંભવ કર્મોનો આશ્રવ કરે છે. તેથી આવી પચીસે પ્રકારની ક્રિયાનો ત્યાગ કરવો તે જિનાજ્ઞા

## ટુંકમાં આશ્રવઃ સર્વથા હેય

૧૯૧૪ માં જર્મનને શરણે થવું પડયું ત્યારે તેઓએ સરસ વાત કરેલી. અમારા કિલ્લા-હથીયાર-સ્ટીમર વગેરે બધુંજ શત્રુઓએ કબ્જે કર્યું પણ એક હથીયાર અમોઘ છે. શત્રુ રાજયો આખી દુનિયા કબ્જે કરે તો પણ અમારું હથિયાર કદી બુઠ્ઠુ થવાનું નથી. તે હથિયાર છે શત્રુ તરફ ધિક્કારની નજરે જોવું તે. અમોઘ છે આ એક જ હથિયાર. "શત્રુને ધિક્કારો" જેટલું આ શસ્ત્ર દબાવાય તેટલું વધું તેજ થાય.

તમે પણ આવું એક હથિયાર રાખો. ધિક્કારનું હથિયાર. શાસ્ત્રકારો જણાવે છે-**પાપને ધિક્કારો.** તિર્થંકરને શરણે ગયા પછી પણ પાપ તરફ ધિક્કાર ન હોય તો ગમે તેટલી આરાધના કરો છતાં બચાવ થઇ શકશે નહીં. માટે સૂત્ર આપ્યું પાપને ધિક્કારો.

आश्रवः सर्वथा हेयः

# (૪) જિનાજ્ઞા-શું કરવું ?

—ધર્મને આદરો

आकालमियमाज्ञा ते हेयोपादेय गोचरा:
आश्रव: सर्वथा हेय उपादेयश्च संवर:

કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રાચાર્યજી વીતરાગ સ્તોત્રના અધ્યાયઃ ૬ માં જણાવે કે હે પ્રભુ ! સદા કાળને માટે તારી એજ આજ્ઞા છે કે આશ્રવ સર્વથા ત્યાજય છે અને સંવર સદા આદરણીય છે. પણ સંવર એટલે ?

તત્વાર્થાધિગમમાં અધ્યાયઃ ૯ શ્લોક : ૧ માં કહ્યુ કે आश्रव निरोध: संवर: આશ્રવ નો નિરોધ એટલે કે કર્મો આવવાના કારણોને રોકવા તે જ સંવર-સ્થાનાંગ સૂત્રના સ્થાનઃ ૧ તથા ઉત્તરાધ્યયન અધ્યાય : ૨૯ ના સૂત્રઃ ૧૧ માં પણ आश्रव निरोध: संवर: તેમ કહ્યું એટલે કે કષાય-અવ્રત-વગેરેને રોકવા તે જ સંવર. પણ આ અર્થને વિશેષ સ્પષ્ટ કરવા નવતત્વકાર ૫૭ ભેદે સંવરને સમજાવતા મુખ્ય છ પ્રકારો નોંધે છે.

૧. સમિતિ-૫ ૨. ગુપ્તિ-૬ ૩. પરિષહ-૨૨ ૪. યતિધર્મ-૧૦ ૫. ભાવના-૧૨ ૬. ચારિત્ર-૫

समिइ गुत्ती परिषह जइ धम्मो भावना चरित्ताणि
पण ति दुवीस दस बार पंचभेएहिं सगवन्ना

શ્રાવક કે જે મોક્ષનો અર્થી છે તે પ્રભુની આજ્ઞા માની આશ્રવનો ત્યાગ કરે એટલે કે કર્મો આવવાના દ્વારોને બંધ કરી દે તે સાચું પણ પછી કરે શું ?

તો ત્યાં પ્રભુની આજ્ઞા આવી કે સંવરને આદરે-उपादेयश्च संवर:

ચલાળા નામના ગામે આપો દાનો નામે ભગત. વાળુપાણીથી પરવારી ઢાલીએ આડો પડયો છે. પડયો પડયો હોકાની નેહ તાણે છે અને શીળો પવન વીંજણો વીંઝી રહ્યો છે. બરાબર પડખે જ ટીંબલા ગામનો ગલૈયો ભગત હોકો પકડીને બેઠો છે. આ આપો દાનો એટલે તો દેવતાઈ પુરુષ, કીરતારના કમાડ આપા દાના માટે ઉઘડી ગયા છે. અમી ભરી આંખે અલૈયા ભગતને કહ્યું, ભગત ! ટેલ કરવા આવો છો, પણ છૈયા છોકરા લાવ્યા નઈ ?

બાપુ ! ઈ તો સંધીય કરમની વાતો છે. આપો દાનો અલૈયા ભગતની વાતનો પાર પામી ગયા. બોલ્યા, જા રામોપીર તને દીકરો દેશે.

બીજે દી અલૈયો ભગત ટીંબલે પૂગ્યા. સુરૈયાબાઈને વાત કરી. ૧૮૩૩માં સુરૈયાબાઈની કુખે દીકરો જન્મ્યો. બાઈ નાહીને ઉઠયા. આપા દાનાને પગે લગાડી પાછા ફર્યા. એમાં એક દી અલૈયા ભગત બીમાર પડયા. ભગતને સૂઝી આવ્યુ કે હવે બાજરી ખૂટી છે. બોલાવ્યા ઘરવાળાને. કહ્યું કે હવે આપાદાનાને આશરે દીકરાને મોટો કરજે. ભલે, કહેતા સુરૈયાબાઇની પાપણ ભીંજાણી.

દોઢેક વરસના દીકરા સાથે બાઇ ચલાળે પૂગ્યા. આપા દાના બોલ્યા : દીકરી, આ ગીગો તો ધરમનો થાંભલો થાશે. છોકરો બાર વર્ષનો થયો. ગીરની ગાળીયુંમાં વાછળા ચારે. ત્યાં મંદિરે જાય પણ મંદિરના પૂજારીને ગીગો આંખના કણાની જેમ ખૂંચે. મંદિરના પગથીયેથી ગીગાને પાછો વાળે, પણ પ્રભુના દર્શન કરવા ન દે.

હાલતાં ય ધરતી ન દુભાય તેવા ગીગાના આત્માએ ગીરની ગાળીમાં જ બીજું સ્થાન શોધી શિવમંદિરનું થાનક ઓળખ્યું. બીલીપત્રથી પૂજા કરી. દુધનો અભિષેક કર્યો. ધીરે ધીરે ગીગાનો જીવ શિવમાં એકાકાર થયો. ગીગાને થયું કે ખરેખર આદરવા લાયક તો આ જ છે. અને એમ કરતાં કરતાં ગીગો માથાબોળ ભક્તિમાં ભીંજાયો.

આપા દાનાના વેણે ચલાળેથી બોડેશ્વર આવ્યા. અભ્યાગતને માટે ઓટલા અને રોટલાનું પરબ માંડયું. હજારો માણસને એક પંગતે પીરસતો. ગાયુ-ભેંસુની ચાકરી કરતો ગીગો હિન્દવાપીર તરીકે ઓળખાયો. આજે પણ સત્તાધારની જગ્યામાં આ પરંપરા ચાલે છે.

ગીગાએ આખું જીવન ઓળઘોળ કરી દીધું કેમકે તેને સમજાઇ ગયું કે આદરવા લાયક તો શિવ પ્રભુજ છે. તેમ આપણે પ્રભુની આજ્ઞા સમજાઇ જાય-ગળે ઉતરી જાય-હ્રદયમાં અવધારાય જાય કે આદરવા લાયક સંવરજ છે. તો બસ નાનકડું સૂત્ર યાદ રાખો

उपादेयश्च संवर:

પણ સંવર એટલે શું ? ફરી પાછો એજ પ્રશ્ન. સંવરનો અર્થ સમજાય તો આદરીએ ને ? સંવરમાં છ બાબતોનો સમાવેશ કર્યો. સમિતિ-ગુપ્તિ-પરિષહ-યતિધર્મ-ભાવના-ચારિત્ર.

(૧) **સમિતિ**:— સમ્યક્ ઉપયોગ અથવા સાવધાનતા પૂર્વકની પ્રવૃત્તિ તે સમિતિ.

० ઈર્યા સમિતિ:— ઉપયોગ પૂર્વક ગમન-સાડાત્રણ હાથ ભૂમિને જોઈને અને ત્રસ કે સ્થાવરની હિંસા ન થાય તે રીતે ચાલવું

० ભાષા સમિતિ:— જે બોલીએ તે બીજાને હિતકારી કે પ્રિય હોય તેવું બોલવું-તે પણ સત્ય બોલવું તેમજ ઓછું બોલવું.

० એષણા સમિતિ:— નિર્દોષ એવા વસ્ત્ર, પાત્ર, આહાર વગેરેનું ગ્રહણ કરવું.

० આદાન નિક્ષેપ:— ઉપયોગ પૂર્વક અને આંખ વડે વસ્તુનું પ્રમાર્જન કરી એટલે કે બરાબર જોઈને વસ્તુને લેવી અથવા મુકવી.

० પારિષ્ઠાપનિકા:— મળ મૂત્રાદિકનો ત્યાગ નિર્દોષ અને જંતુ-રહિત ભૂમિમાં કરવો.

(૨) **ગુપ્તિ**—તત્વાર્થસૂત્ર અધ્યાય: ૯ નો શ્લોક: ૪ માં તથા ઉત્તરા-ધ્યયનના ૨૪ માં અધ્યયનના ૨૬ મા શ્લોકમાં ખૂબ સુંદર નાનકડું વાકય મુકયું सम्यग् योग निग्रहो गुप्तिः

સાવધાનતા પૂર્વક મન-વચન-કાયાની પ્રવૃત્તિનો નિરોધ તે ગુપ્તિ. એટલે કે મન-વચન-કાયાની પ્રવૃત્તિને અપ્રશસ્તમાં જતી અટકાવી પ્રશસ્તમાં પ્રવર્તાવવી.

० મનોગુપ્તિ:-ક્રોધ-દ્રોહ-ઇર્ષ્યા વગેરે મનની અકુશલ પ્રવૃત્તિને રોકીને અક્રોધાદિ રૂપ ક્ષમા ત્યાગ-ભાવનાદિમાં મનને પરોવવું.

० વચન ગુપ્તિ:—અસત્ય, અહિતકારી અને અપરિમિત બોલવાનો ત્યાગ કરી સત્ય, હિતકારી તથા ઓછું કે જરૂર પૂરતું જ બોલવું.

० કાય ગુપ્તિ:—આ શરીર વડે કરાતી હિંસા-ચોરી-અબ્રહ્મનું આચરણ વગેરે અકુશલ પ્રવૃત્તિમાંથી શરીરને અટકાવીને અહિંસા-બ્રહ્મચર્યપાલન વગેરે શુભ પ્રવૃત્તિમાં જ આ કાયાનો ઉપયોગ કરવો તે કાય ગુપ્તિ

**પ્રશ્ન**:—સમિતિ અને ગુપ્તિની વાત કરી તો તે બન્નેમાં તફાવત શો છે?
**સમાધાન**:—ગુપ્તિમાં અસત્ ક્રિયાનો નિષેધ મુખ્ય છે—સમિતિમાં સત્ક્રિયાની પ્રવૃત્તિ મુખ્ય છે. છતાં સમિતિ માત્ર પ્રવૃત્તિ રૂપ છે. જયારે ગુપ્તિમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ બન્ને છે.

3

(૩) પરિષહ:—

क्षुधा पिपासा शितोष्णं दंशा चेला रति स्त्रियः
चर्या नैषेधिकी शय्या आक्रोश वध याचनाः
अलाभ रोग तृणस्पर्शाः मल सत्कार परिषहाः
प्रज्ञाऽज्ञान सम्यक्त्वमिति द्वाविंशतिः परिषहाः

આ બાવીસ પરિષહો સમભાવે સહન કરી તેના પર જય મેળવવો તે પરિષહ જય.

જેમકે:—

**ક્ષુધા** એટલે કે ભૂખ, **પિપાસા** એટલે તરસ, **શીતોષ્ણ** મતલબ ઠંડી–ગરમી અને **દંશ**--ડાંસ વગેરેની પીડા એ પાંચે પરિષહો સમભાવે સહન કરવા.

છઠ્ઠો **અચેલક** પરિષહ—જીર્ણવસ્ત્રને સદ્ભાવે અકલ્પનીય વસ્ત્રની ઈચ્છા ન કરવી તેને અચેલક પરિષહ જય કહેવાય. સંયમને વિશે અરૂચિ દૂર તે **અરતિ** પરિષહ જય અને સ્ત્રીને જોઈને કામ વિકારથી ચલિત ન થવું તે **સ્ત્રી પરિષહ** જય.

પણ આ છ પરિષહ કરતા સાતમો ચર્યા એટલે કે વિહાર પરિષહ સમજવા જેવો છે. કેમકે ક્ષુધા--પિપાસા વગેરે પરિષહો ત્યાં જ વધુ અનુભવાય છે. વિહાર પરિષહનો સરળ અર્થ તો એટલો જ કે એક સ્થળે ન રહેતા નિરંતર વિહરવું.

બાબરા નામે સૌરાષ્ટ્રમાં એક ગામ. ત્યાં સવારમાં સળંગ ૨૪ કિલોમિટરનો વિહાર કરી પહોંચ્યા. પાણીના ઉપયોગ માટે વાત કરી. થોડી વાર પછી વહોરવા ગયા. નવકારશી (જો કે ખરેખર તો પોરસીનો સમય પણ પુરો થવા આવેલો) અને થોડું પાણી વહોરી લાવ્યા. મનમાં વિચારેલું કે બાકીનું પાણી વાપરીને લાવીશું. વાપરીને ગયા બીજું પાણી લેવા તો તે ઘરમાં જવાબ મળ્યો કે મહારાજ સાહેબ તમે આટલી વાર ન આવ્યા તો અમે તો છોકરા નવડાવી નાખ્યા. પાણી ખલાસ.

બોલો શું જવાબ આપવો. વિહારને લીધે આવા કેટલાંયે પરિષહો થાય. એક વખત ગાયોની ગમાણમાં સુવાનો વખત આવેલો. ગાયભેંસ પણ ત્યાં ને અમે પણ ત્યાં જ. કેવી સુંદર ઊંઘ આવી હશે?

દશમો **નૈષેધિકી** (સ્થાન) પરિષહ—સ્ત્રી આદિ રહિત વસતિમાં

નિર્ભય પણે રહેવું તે. અગિયારમો શય્યા પરિષહ--ઊંચી નીચી ગમે તેવી જમીનમાં સંથારો કરવો પડે તો મનને ખેદ ન થવા દેવો અને તે રીતે આ પરિષહ સહન કરવો.

અમેરિકન પ્રમુખ ક્લિવલેન્ડ કોઈ કામવશાત્ ટ્રેઈનમાં બેસી એક શહેરમાં જતા હતા. એજ ટ્રેઈનમાં સાહિત્યકાર રિચર્ડ ગિલ્ડર પણ પ્રવાસ કરી રહેલા. ટ્રેઈનમાં ચિક્કાર ગિરદી. બેસવાની પણ જગ્યા ન મળે તો સુવાની જગ્યા કયાંથી મળે ?

ગિલ્ડર તો અકળાઈ ગયા. તેણે વિચાર્યું કે ચાલો પ્રમુખશ્રીના ડબ્બામાં જઉં ત્યાં તો આરામ મલી રહેશે.

ક્લિવલેન્ડને ગિલ્ડર પ્રત્યે માન પણ ઘણું હતું એટલે ગિલ્ડરને સંકોચનો પ્રશ્ન નહોતો. એક એક ડબ્બે શોધ કરી પણ પ્રમુખ કયાંય દેખાયા નહીં--રીઝર્વ ડબ્બામાં પણ પ્રમુખ ન દેખાયા. ગાર્ડને બોલાવીને પૂછ્યું કે પ્રમુખ સાહેબ કયાં સુતા છે ? ગાર્ડે સામાન મુકવાના ડબ્બા તરફ આંગળી ચીંધી. ગિલ્ડરે ડબ્બામાં જઈને જોયું તો પ્રમુખ એક પેટી પર આરામથી સુતા હતા. ગિલ્ડરને આશ્ચર્ય થયું. પ્રમુખને પૂછ્યું કે અરે ! આપ આમ કેમ સૂતા છો ? પ્રમુખશ્રી બોલ્યા કે એ બાઇને નાનકડું બાળક હતું અને સીટની જરૂર તેને વધારે હતી તો હું અહીં આવીને સૂઈ ગયો.

આ કહેવાય શય્યા પરિષહ પરનો વિજય.

**અજીઆ ફુલની શય્યા જેને ખૂંચતી**
**અજીઆ સંથારો શીલા કરી સેજ, ધરમ ધોરી રે**
**મુનિ તો વૈભાર ગિરિ જઇ વંદીએ—**

શાલીભદ્ર, જેને શ્રેણિક મહારાજાનો સ્પર્શ પણ અકળાવી ગયો. એવા કોમળ શય્યામાં ઉછરેલા જીવે વૈભારગિરિની ધગધગતી શિલા પર અનશન કર્યું તો શય્યા પરિષહનો કેવો જય કર્યો હશે ?

આજ રીતે બીજા અગિયાર પરિષહો પર જય મેળવવો જોઇએ. પણ કયારે ?

उपादेयश्च संवरः એ પ્રભુ આજ્ઞા સ્વીકારી હોય તો.

(૧૨) **આક્રોશ**–લોકો તરફથી ગુસ્સો–તિરસ્કાર સહન કરવો.
(૧૩) **યાચના**–દીનતા–અભિમાનનો ત્યાગ કરી યાચના કરવી.
(૧૪) **વધ**–પ્રહાર સહન કરવો.

(૧૫) **અલાભ**–ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત ન થાય તો ખેદ ન કરવો.
(૧૬) **રોગ**-પીડાને સમભાવે સહેવી.
(૧૭) **તૃણ**–પહેલાં ઘાસનો સંથારો થતો હતો તે સમયે સુકા ઘાસના સ્પર્શથી જે પીડા થતી હતી તે તૃણ સ્પર્શ-તે સહેવો.
(૧૮) **મલ**-શરીર પર જે મેલ વગેરે થાય તે ગ્લાનિ રહિત પણે ધારણ કરવો.
(૧૯) **સત્કાર**–લોકો તરફથી આદર સત્કાર થાય ત્યારે ગર્વ ન કરવો.
(૨૦) **પ્રજ્ઞા**–બુદ્ધિ સારી હોય તો ગર્વ ન કરવો.
(૨૧) **અજ્ઞાન**–અજ્ઞાનતા હોય તો ખેદ ન કરવો
(૨૨) **સમ્યક્ત્વ**–જિનવચનમાં સંદેહ ન કરવો.

**પ્રશ્ન** :– બાવીશ પરિષહો કહ્યા તેમાં એક સાથે કેટલા પરિષહો હોય ?

**સમાધાન** :- એક સાથે વીશ પરિષહો હોય. કેમ કે શીત અને ઉષ્ણ પરિષહ પરસ્પર વિરોધી છે, તેમજ ચર્યા (વિહાર) અને નિષદ્યા (સ્થાન) પરિષહ બંને સાથે હોતા નથી.

**પુનઃ પ્રશ્ન** :– તત્વાર્થ અધ્યાય : ૯ સૂત્ર : ૧૭ માં તો જીવને એક સાથે વધુમાં વધુ ૧૯ પરિષહો કહ્યા છે. તે કઇ રીતે બને ?

**સમાધાન** :– તત્વાર્થકાર જણાવે છે કે ચર્યા-નિષદ્યા–શય્યા ત્રણમાંથી એક જ પરિષહ એક સમયે હોય માટે વધુમાં વધુ ૧૯ પરિષહો કહ્યા.

એ જ રીતે સંવરના ભેદોને આગળ વર્ણવતા શાસ્ત્રકાર મહર્ષિ ચોથો પાયો જણાવે છે ભાવના.

અનિત્ય-અશરણ-સંસાર–એકત્વ–અન્યત્વ–અશુચિ-આશ્રવ–
સંવર–નિર્જરા–લોકસ્વભાવ–બોધિદુર્લભ–ધર્મ.

બારે ભાવનાઓને ભાવવા પૂર્વક આત્માને અનુશાસિત કરે. આત્મા ભાવનાની ધારાએ ચઢતા ચઢતા સંવરમાંથી નિર્જરા ભાવના સુધી પહોંચી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી શકે. એક માત્ર અનિત્યભાવના ભાવવા માટે કેવી સુંદર પંક્તિ મુકી છે.

**સ્થિર નહીં આ સંસારે પ્રાણી, તન ધન યૌવન વાન**
**જેમ સંધ્યાના વાદળનો રંગ, જેમ ચંચલ ગજ કાન**

શરીર-સંપત્તિ-યૌવન-વર્ણાદિક બધું ચંચલ છે. ચપલ છે. નાશવંત છે. આજે છે અને કાલે ન પણ હોય એ રીતે પ્રત્યેક વસ્તુની અનિત્યતા ચિંતવી, તે વસ્તુમાં લોભાવું નહીં, મોહ પામવો નહીં તે જ સંવર.

કેમ કે સંવરનો અર્થ જ છે નવા કર્મોને આવતા અટકાવવા. માટે જ પ્રભુની આજ્ઞા છે–

उपादेयश्च संवरः

સંવરના ભેદોમાં પાંચમું પગથીયું જણાવતા દશ પ્રકારના યતિ–ધર્મોનું વર્ણન કરે છે. ક્ષમા વગેરે દશ ધર્મોનું પાલન કરવું જેથી નવા કર્મોને આવતા અટકાવી શકાય.

જેમ કે ક્ષમા ધર્મ એટલે શું ? ક્રોધને ઉત્પન્ન થવા દેવો નહીં અને જો ઉત્પન્ન થયો હોય તો તેને નિષ્ફળ બનાવવો. કેમ કે ક્રોધ એ એક પ્રકારનો કષાય છે. કષાયથી કલુષિત બનેલો આત્મા સંસારને વધારનારો બને છે. ભગવાનની આજ્ઞા જે उपादेयश्च संवरः છે તેનું આજ મહત્વ પૂર્ણ રહસ્ય છે. સંવર સદા આદરણીય છે. પણ આદરવાની જરૂર શું ? નવા કર્મોનું સંવરણ અટકાવવા. જીવ આ રીતે ક્ષમા વગેરે દશ ધર્મોને પાળતો आश्रव निरोधः संवरः ના સૂત્રને સાર્થક કરી શકે છે.

સ્વામી રામદાસ પોતાના શિષ્યો સાથે એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. માર્ગે ચાલતા થાક લાગવાથી વિસામો લેવા બેઠા. રામદાસજીને બહુ જ થાક લાગ્યો હોવાથી ઉંઘ આવી ગઈ પણ શિષ્યો બીજા ઝાડ પાસે જઈ ઉભા રહ્યા. એવામાં શેરડીનું ખેતર નજરે પડયું. શેરડી જોતાં શિષ્યોના મોમાંથી પાણી છુટવા લાગ્યું. શિષ્યોને થયું કે ગુરુજી કયાં જુએ છે, ચાલો શેરડી ખાવા જઈએ. છાનામાના માંડયા શેરડી ખાવા.

સ્વામી રામદાસજી તો ઉંઘતા હતા પણ ખેતરનો માલિક ઉંઘતો નહોતો. તેણે તો ડાંગ હાથમાં લીધી ને દોડયો શિષ્યોની પાછળ. શિષ્યો તો મુઠી વાળીને ભાગ્યા. પણ સ્વામી રામદાસને ઝાડ નીચે સૂતેલા જોઈ ક્રોધે ભરાયેલા ખેડૂતે બે ચાર લાકડી ઝુડી દીધી.

તેટલામાં બધા શિષ્યો ત્યાં આવી ગયા. પોતાના ગુરૂદેવને

મારતા ખેડૂતને પકડીને ઝાડ સાથે બાંધી દીધો. સ્વામીજીએ તુરંત જ આજ્ઞા કરી કે ખેડૂતને છોડી દો. તેણે મને જે માર માર્યો તે શિક્ષા મારા માટે યોગ્ય જ છે. કેમ કે શિષ્યોનો દોષ એ મારો પોતાનો જ દોષ ગણાય. પોતાની ઇજાની પરવા કર્યા વિના તેમણે ખેડૂતને બંધન મુક્ત કરાવ્યો.

ખેડૂત તો સ્વામી રામદાસની આવી ક્ષમાશીલતા જોઈ બોલી ઉઠયો, માફ કરજો ક્ષમાવાન્ ! મેં તમને ખોટી સજા કરી.

બસ આવી ક્ષમા ધર્મયુક્તતા દ્વારા સંવરની સાધના કરી જિનાજ્ઞાનું પાલન કરવું જોઇએ.

ક્ષમા તો યતિધર્મનું એક પગથિયું થયું પણ ક્ષમા વગેરે દશ ધર્મો જાણવા જરૂરી છે. કેમ કે આજ કાલ ક્ષમાશ્રમણ (खमासमण) નો અર્થ માત્ર ક્ષમાધર્મ પૂરતો જ મર્યાદિત કરાવા લાગ્યો છે. પણ ખરેખર "ક્ષમા પ્રધાન છે અથવા પ્રથમ છે તેવા" એ અર્થ કરીને બાકીના નવે યતિધર્મો જાણવા-સમજવા આવશ્યક છે.

खंतो मद्दव अज्जव मुत्ती तव संजमे अ बोद्धव्वो
सच्चं सोअं आकिंचणं च बंभं च जइ धम्मो

ક્ષમા માર્દવતા આર્જવતા મુક્તિ તપ સંયમ સત્ય
શૌચ આકિંચન બ્રહ્મ–

આ દશ યતિધર્મો જણાવેલા છે. ક્ષમા પછી

(૨) **માર્દવતા** :— માનનો ત્યાગ કરી નમ્રતા ધારણ કરવી તથા માન વડે ઉત્પન્ન થતા જાત્યાદિ મદનો નિગ્રહ કરવો.

(૩) **આર્જવતા** :— માયાનો ત્યાગ કરી સરળતા ગ્રહણ કરવી.

(૪) **મુક્તિ** : — નિર્લોભતા કેળવવી અથવા બાહ્ય પરિગ્રહને વિશે મૂર્છાનો ત્યાગ કરવો.

(૫) **તપ** :— ઇચ્છાઓના નિરોધ રૂપ તપને આદરવો.

(૬) **સંયમ** :- ઇન્દ્રિય અને કષાયાદિ પર જય મેળવવો એટલે કે તેને અંકુશમાં રાખવા.

(૭) **સત્ય** :— જે બોલે તે યથાર્થ બોલે, હિતકારી બોલે અને પરિમિત અથવા તો ખપ પૂરતું જ બોલે.

(૮) **શૌચ** :- અંતઃકરણની પવિત્રતા અથવા તો ભાવોની શુદ્ધિ કેળવવી.

(૯) **આકિંચન** :— સર્વ પ્રકારના પરિગ્રહનો કે મમત્વબુદ્ધિનો ત્યાગ કરવો.

(૧૦) **બ્રહ્મ** :- વિષય વાસના ત્યાગી સર્વ ઇન્દ્રિયો પર સંયમ રાખવો.

આ રીતે સંવરને સમજાવતા યતિધર્મના દશે ભેદો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, કેમ કે માત્ર ક્ષમાને ધારણ કરશો તો ક્રોધનો જ નિગ્રહ થશે. પણ કષાય કેટલા છે તે જાણો છો ?

કષાયના ચાર પ્રકાર છે. ક્રોધ-માન-માયા-લોભ. જે રીતે ક્ષમા ધર્મથી ક્રોધરૂપી આશ્રવનો નિગ્રહ થાય છે. તે રીતે માર્દવતાથી માનનો, આર્જવતાથી માયાનો અને મુક્તિ ધર્મથી લોભરૂપી કષાય આશ્રવના દ્વારો બંધ થાય છે.

એક ભિખારી હતો. ઈન્ટરનેશનલ ભિખારી, માત્ર એક ગામમાં જ ભીખ માંગે એવો નહીં. ગામે ગામ અને દેશ વિદેશમાં ભીખ માંગતો ફરે. ફરતો ફરતો એક એવા રાજમાં પહોંચ્યો કે જયાં ભીખ માંગવાની મનાઇ હતી. તુરંત ત્યાંના પહેરેગીરે પકડીને રાજા પાસે હાજર કર્યો.

રાજા કહે કેમ ભીખ માંગે છે ? ખબર નથી આ રાજમાં ભીખ માંગવાની મનાઈ છે. ભિખારી કહે શું કરૂં નામવર ! આ પાપી પેટને માટે બધું કરવું પડે છે. રાજાએ તુરંત ભિખારી અને ભિખારણ માટે ભોજનની વ્યવસ્થા કરાવી.

બીજે દિવસે પાછો ભીખ માંગતા પકડાયો. રાજા ખીજાયો. પકડીને પૂરી દો આને જેલમાં. નામદાર ! પણ મારી સ્ત્રી બાળકની મા બને તેમ છે, તેને શું ખવડાવીશ ? માટે ભીખ માંગવી પડે ને ! રાજા કહે ઠીક છે. તેની વ્યવસ્થા થઇ જશે. જા કાલથી ભીખ માંગતો નહીં.

ત્રીજે દિવસે પાછો ભીખ માંગતા પકડાયો. રાજાનો દિમાગ ફાટયો. ફાંસીએ ચડાવી દો આને. ભિખારી કહે નામવર ! સાંભળો સાંભળો- આજકાલ જમાનો બહુ ખરાબ છે, કયાંક એકની બદલે જોડકું આવી જાય તો ! ! !

લોભ કષાયનો કેટલો ઉદય થયો આ. શાસ્ત્રકારો પણ ફરમાવે છે કે માત્ર સંજવલન લોભ કષાય સિવાયના ૧૫ ભેદોનો ક્ષયોપશમ

થઇ ગયો હોય તો પણ અગિયારમાં ગુણઠાણેથી જીવ પડીને સીધો ચોથે અને ક્યારેક તો મિથ્યાત્વ સુધી પહોંચી જાય છે.

માટે દશે પ્રકારના ધર્મનું સ્વરૂપ સમજી રાખો તો સંવરની આદરણીયતા રૂપ જિનાજ્ઞા પાલન થઈ શકે.

છેલ્લું પગથીયું છે પાંચ પ્રકારનું ચારિત્ર.

(૧) **સામાયિક ચારિત્ર** :- સાવદ્ય (પાપ) યોગના ત્યાગ પૂર્વક સમભાવે જીવન વ્યતિત કરવું.

(૨) **છેદોપસ્થાપનીય** :- વડી દિક્ષા વગેરે કારણે પ્રથમના ચારિત્ર પર્યાયનો છેદ કરી પુનઃ સ્થાપના કરવી. વર્તમાન કાલીન પરંપરા મુજબ અહિંસાદિ પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરવો.

(૩) **પરિહાર વિશુદ્ધિ** :- તપ વડે વિશુદ્ધિ કરવી તે. હાલ તીર્થંકર કે વિશિષ્ટ જ્ઞાનીને અભાવે આ પ્રકારનું ચારિત્ર વિચ્છેદ પામેલ છે.

(૪) **સૂક્ષ્મ સંપરાય** :- સંજ્વલન લોભનો ઉદય બાકી હોય અને બીજા સર્વેનો ક્ષય કે ઉપશમ થયો હોય તેવું ચારિત્ર.

(૫) **યથાખ્યાત ચારિત્ર** :- કષાયનો સર્વથા ઉપશમ અથવા ક્ષય થાય.

આ રીતે ૫૭ ભેદે સંવરને વર્ણવ્યો પણ સંવરની જાણકારી શા માટે જરૂરી છે તે યાદ છે કે ભૂલાઇ ગયું ?

જિનેશ્વરની આજ્ઞાના પાલન માટે. શ્રાવકનું પ્રથમ કર્તવ્ય છે જિનાજ્ઞા પાલન. જિનાજ્ઞામાં બે વસ્તુ બતાવી. આશ્રવઃ સર્વથા હેય અને ઉપાદેયશ્ચ સંવરઃ

તમે પણ સંવરની ઉપાદેયતા સમજી જિનાજ્ઞા પાલન કરતાં મોક્ષ માર્ગને પામો તે જ શુભકામના.

❋ ❋ ❋

# (૫) જિનાજ્ઞા માનવી

— મારે તારું વચન પ્રમાણ

वितराग सपर्यात स्तवाज्ञा पालनं परम्
आज्ञाऽऽराद्धा विराद्धा च शिवाय च भवाय च

વિતરાગ સ્તોત્રના ૧૯ માં પ્રકાશના ત્રીજા શ્લોકમાં કલિકાલ સર્વજ્ઞ ભગવંત હેમચંદ્રાચાર્યજી જણાવે છે કે હે વિતરાગ! તારી પૂજા કરતા પણ તારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે. કેમકે આજ્ઞાની આરાધના મોક્ષ માટે અને વિરાધના ભવભ્રમણને માટે છે.

પણ આજ્ઞા એટલે શું? આજ્ઞાનો ટુંકો પણ સચોટ અર્થ કર્યો आश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः ભગવાનની આજ્ઞા એકજ છે. આશ્રવ સર્વથા ત્યાજય છે. સંવર સર્વદા આદરણીય છે.

પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધટીકામાં "આજ્ઞા એટલે આગમ" જ એવો અર્થ જણાવ્યો પણ શ્રાવક આજ્ઞાનો માત્ર અર્થ જાણે અને અમલ ન કરે તો તે જાણકારી કામની શું? તેથી શ્રાવકનું પ્રથમ કર્તવ્ય મુકયું मन्नह जिणाणम् आणम्–માનો જિનેશ્વરની આજ્ઞાને.

તમે બધાં પણ કપાળમાં તિલક કરો છો તે શા માટે? હે ભગવન્, હું તારી આજ્ઞાને મસ્તકે ચડાવું છું એટલે કે તારી આજ્ઞાનો સ્વીકાર કરું છું કારણકે તારી આજ્ઞાની આરાધના મોક્ષને માટે છે અને વિરાધના ભવભ્રમણને માટે છે.

"જિનાજ્ઞા માનવી" માં જે માનવી–मन्नह શબ્દ મુકયો ત્યાં માનવી એટલે શું? (मन्यध्वम् તમે માનો)–એટલે કે સ્વીકારો–આદરો અને આચરણમાં મુકો તેવો અર્થ અભિપ્રેત છે. આપણા લોકનેતાની જેમ "હું માનું છું કે"........એવું બોલી પોકળ વચનોનો વરસાદ વરસાવવો તેમ નહીં, પણ જિન આગમને પુરા આદર–બહુમાન પૂર્વક અમલમાં મુકવું.

હઠિલા ગામના ગંગાજળીયો હમીરજી ગોહિલનો એક સુંદર ઐતિહાસિક પ્રસંગ છે. હમીરજી ગોહિલે કેસરીયો સાફો બાંધ્યો-ખડિયામાં ખાપણ નાખ્યું. મોંમાં તુલસી માંજર મુકયું. શરીરે બખ્તર ભીડયું. હાથમાં ભાલો લીધો. ખભા ઉપર તલવાર ટાંગી અને 'જય

સોમનાથ' ની આલબેલ પોકારી ને ઉપડયો સોમનાથી સખાતે.

હમીરજી છે તો એકલ પંડે—પણ જાણે આખા સૌરાષ્ટ્રની મરદાનગી હાલી નીકળી હોય તેમ રજપુત દોડયો જાય છે. ઘોડો પણ અસવારના ભાવે ભીંજાતો ડાબા માંડી રહ્યા છે. રાત આવે ત્યાં પોરો ખાય ને પ્રભાતે પાછો ઘોડો પલાણે. એમ કરતો હમીરજી એકલ પંડયો સોરઠના સીમાડા વીંધી રહ્યો હતો. સીમાડો વીંધતા જ્યાં એક પરભાતે ગામની પછીતેથી નીકળ્યો ત્યાં મરસીયાના સૂર સંભળાયા. અસવારે તુરંત ઘોડાનું ચોકડું ખેંચી ઘોડો વાળ્યો આંગણામાં. અચંબો પામી જુએ તો એક ડોશી ઘંટી ફેરવતી જાય અને ડુસકા લેતી જાય છે.

એંશી વરસની અવસ્થાને આંબી ગયેલ ડોશીને જોઈને હમીરજી દીકરા જેવા હેતથી પૂછે છે, માડી આ ઉગમણે પરભાતે પરભાતિયાંને બદલે મરસિયા કાં ગાવ ? ડોશી ડુસકુ થંભાવીને બોલ્યા ગગા મારો દીકરો મરવાનો છે ઈ દુઃખે મરસિયા ગાઉં છું. આજથી બરાબર પાંચમે દન સોમનાથના ચોકમાં એક જુવાન માથું પડશેને મલકની મરદાનગી હાલી જાહે. પછે દુશ્મનને ડારો દેનારો કોઈ નહીં રેહે.

કોણ મરશે માડી ?

હઠીલાનો હમીરજી ગોહેલ.

આટલું સાંભળતા તો હમીરજીનું બખ્તર તુટું તુટું થવા માંડયું. માડી હું જ હમીર.

ડોશીના આંખના કુવામાં તેજ પ્રગટયા. હમીરજી ! આજની રાત રોકાઇ જા. મારે તને પરણાવવો છે. હમીરજી મુંઝાણો ને બોલ્યો માડી પાંચમે દિ હું મરવાનો છું. કોણ હૈયા ફૂટી મારી હારે ફેરા ફરશે ?

દીકરા તું ઘડીક પોરો ખા. જેવી આજ્ઞા માડી.

માડીને જાણે જુવાની ફૂટી હોય તેમ તરત જ દોડયા. સીધા વેગડા ભીલની કન્યા પાસે.

**પીંગલ હુંદી પદમણી ગોખેથી કાડે માત્ર**
**દેવ સુધા મન ડગમગે માનવ કે તો માત્ર**
**હાથે ચૂડી હેમની હેમ સરીખા હાથ**
**મારું ને જે દી ઘડી તે દી નવરો દીનાનાથ**

આવી પદમણી જેવી ભીલ કન્યા હતી તેને ડોશી વાત કરે છે. છોડી એક રાતનો ઘરવાસ છે અને પાંચમે દી રંડાપો નક્કી સમજ-

વાનો. બોલ વીવા કરવાની તારી મરજી છે?

મારુ–ભીલકન્યા કહે માડી મારું પણ લેવા આવ્યા છો? તમારી આણ મારે માથા પર. તમે કો તેમાં ના હોય જ નહીં

વાહ છોડી વાહ! મારા અવતારના ઉજળા એંધાણ. ડોશી પૂગ્યા સીધા વેગડા ભીલ પાસે. વાત માંડી છોડી તૈયાર છે. એક રાતનો ઘરવાસ ને પાંચમે દી રંડાપો છે. બોલ તારી હા ભણ તો વીવા આદરી દઈ. વેગડો કે માડી તમે જે ભલું સમજો ઇ કરો અમારે તો તમારી આણ પરમાણ છે.

**નારે પ્રભુ નહીં માનુ અવરની આણ**

**મારે તાહરું વચન પ્રમાણ..........નારે પ્રભુ**

હે પ્રભુ અવરની એટલે બીજાની આજ્ઞા હું કદી નહીં માનુ. મારે તો તારીજ આજ્ઞા પ્રમાણ છે. આ વાત ગૌતમ સ્વામી જેવા ભાવો હૃદયમાં ધારણ કરી વિચારવા જેવી છે. ચાર જ્ઞાનના ધણી અને દ્વાદશાંગીના રચયિતા એવા ગુરુ ગૌતમ પણ પોતાના જ્ઞાનનો ઉપયોગ ન કરે. અને એક જ રટણ રાખે કે મારે તારું વચન પ્રમાણ. કેમ ભઇ! જિનાજ્ઞા પાલનનું કે સ્વીકારનું આટલું મહત્ત્વ શું કામ?

જિનાજ્ઞા એટલે આગમ વચન. તે એકાંતે હિતકારી સર્વજ્ઞ પ્રણીત છે. પ્રભુએ કઠોર સાધના કરી, પરિષહો સહન કરી જ્ઞાનાતિશય પ્રાપ્તી દ્વારા કેવલજ્ઞાન પામીને જે વચન પ્રકાશ્યું તે આગમ વચન છે. આ વચન સર્વજ્ઞ પ્રભુના મુખેથી નીકળેલ છે. ગણધરોએ ગુંથેલ છે અને પરંપરાથી અમારી પાસે આવેલું છે.

એટલું જ નહીં પણ મુમુક્ષુ સત્સાધુ परिग्रहाच्च એટલે કે મુમુક્ષુ અને સજ્જન પુરુષોએ તે તારા આગમને સ્વીકારેલ છે. વળી તેમાં પૂર્વાપરનો કોઇ વિરોધ નથી. ગુરુએ આગમને જે રીતે આચર્યું તે જ રીતે શિષ્યો પણ આચરે છે. પણ પૂર્વની વાતને ખંડિત કરી નવી વાતની સ્થાપના કરતાં નથી. વળી મોક્ષમાર્ગે લઇ જનાર પણ "જિનાજ્ઞા પાલન" એ એક માત્ર સાધન છે.

ગમે તેટલો દુઃખદ તપ, પરિવ્રાજકપણું કે અન્ય કાંઇ આચરણા કરે પણ તારા આજ્ઞારૂપ માર્ગની સ્પર્શના વિના કદી કોઇ મોક્ષે જતું નથી. માટે હે પ્રભુ મારે પણ તારી આજ્ઞા જ પ્રમાણ છે.

વળી જે સર્વજ્ઞ નથી. રાગાદિ ચિહ્નોથી દુષિત છે. પૂર્વાપર વિરોધ-

વાળા છે તેમના વચનથી શું મળવાનું? માટે આટલું જ વિચાર.

હે પ્રભુ, મારે તારું જ વચન પ્રમાણ. અહીં પણ પાંચસો ભીલો કામે લાગી ગયાં. હમીરજી સાથે મારુના ઘડીયા લગ્ન લેવાણા. પરભાતે હમીરજી તો હાલ્યો સોમનાથની વાટે. સોમનાથ પૂગી દુશ્મનોનો દાટ વાળીને હમીરજી શહીદ થઈ ગયો. આજે પણ સિંદુરી ખાંભી સોમનાથના આંગણે ઉભી છે. પણ હમીરજીની પરણેતરથી એક ખમીરવંતી કોમ પેદા થઇ ગઈ ને તેણે સોરઠના સીમાડા ગજવ્યા.

પણ આ બધું કયારે બન્યું? એક સામાન્ય ડોશી પર વિશ્વાસ મુકી તેની વાત હમીરસિંહ, વેગડા ભીલ અને ભીલ કન્યાએ સ્વીકારી ત્યારે. આને કહેવાય આજ્ઞા માનવી-આજ્ઞાને આદર પૂર્વક સ્વીકારવી.

आणाइ तवो आणाइ संयमो तह दाण माण आणाए
आणा रहिओ धम्मो पल्लाल पुल्लुव परिहाइ

આજ્ઞા પૂર્વકનો તપ
આજ્ઞા પૂર્વકનો સંયમ
આજ્ઞા પૂર્વક જ દાનમાન (શોભે છે.)
પણ આજ્ઞા વગરનો ધર્મ ઘાસના પૂળા જેવો નકામો છે.

આજ્ઞાને સમજવા આશ્રવ અને સંવર તો તત્વની વાત થઇ. બહુ ઊંડી સમજણ પ્રાપ્ત થાય તો આશ્રવ-સંવરની પરિભાષા માલુમ પડે. પણ તમારા સામાન્ય જીવનમાં પણ જિનાજ્ઞા રૂપે ટેકસ ચૂકવવાનો હોય તે ખબર છે ખરી?

તમે કહેશો આ વળી નવી વાત કયાંથી લાવ્યા મહારાજ સાહેબ? મકાન વેરો ભરવાનો હોય તે ખબર છે. વાહન વેરો ભરવાની ખબર છે, પણ આ ભગવાનનો વેરો ભરવાની વાત તો આજે નવી સાંભળી.

જુઓ ભાગ્યશાળી! પક્ખિ, ચઉમાસી કે સંવત્સરી પ્રતિક્રમણ કરો છો કે નહીં? તેમાં શિષ્ય આદેશ માગે છે.

ઈચ્છકારી ભગવન્ પસાય કરી પક્ખિ તપ પસાત કરશોજી.— ત્યારે ગુરુમહારાજ શું કહે:

**પક્ખિ લેખે એક ઉપવાસ** — ૨ આયંબિલ — ૩ નિવિ—૪ એકાસણા — ૮ બિયાસણા — ૨૦૦૦ સ્વાધ્યાય યથાશક્તિ તપ કરી પહોંચાડવો.

ત્યારે શિષ્ય શું કહે? જો આટલો તપ કર્યો હોય તો पइट्ठियो

કહે નહીં તો કહે તહત્તિ–એટલે કે હું આપની આજ્ઞા સ્વીકારું છું.

આ આખી વાતનો અર્થ એ છે કે તમારે બધાંયે પ્રભુની આજ્ઞાના સ્વીકાર રૂપે ઓછામાં ઓછો આટલો તપ તો કરવો જ જોઇએ.

વર્ષમાં પક્ખિ કેટલી? ચોવીશ–તેમાંથી ત્રણ ચઉમાસી બાદ કરો તો? એકવીશ પક્ખિ.

| | | | |
|---|---|---|---|
| (૧) ૨૧ પક્ખિનો એક ઉપવાસ | | = | ૨૧ ઉપવાસ |
| (૨) ૩ ચઉમાસીનો છઠ્ઠ = ૩×૨ | | = | ૬ ઉપવાસ |
| (૩) સંવત્સરીનો અઠ્ઠમ | | = | ૩ ઉપવાસ |
| કુલ કેટલાં થયા એક વર્ષમાં | – – – – | – | ૩૦ ઉપવાસ |

એટલે તમે ૩૦ ઉપવાસ કરો. તે ન થાય તો ૬૦ આંબેલ, ન થાય તો ૯૦ નિવિ, એ રીતે ૧૨૦ એકાસણા, ૨૪૦ બિયાસણા યાવત્ ૬૦૦૦૦ સ્વાધ્યાય— એટલામાંથી કોઈપણ એક તપ શક્તિ મુજબ કરવો. જો આટલો **લઘુત્તમ તપ** ન થાય તો જિનાજ્ઞા ભંગનો દોષ લાગે.

**માટે હૃદયમાં એક જ ભાવ ધારણ કરો–**

**મારે તારું વચન પ્રમાણ, નહીં માનું અવરની આણ.**

**ગૌતમ-આનંદ શ્રાવક–**

શ્રી વીર પરમાત્માની વાણીથી પ્રતિબોધ પામેલ આનંદ શ્રાવક રાજગૃહી નગરીમાં વસે છે. બાર વ્રતધારી શ્રાવક છે. તેની પત્ની શિવા-નંદાએ પણ બાર વ્રત લીધેલા છે. તેવો સુપક્ષયુક્ત શ્રાવક વ્રત ગ્રહણ કર્યાને ૧૪ વર્ષ વીત્યા બાદ શ્રાવકની પ્રતિમાને અંગીકાર કરી છેલ્લે અનશન સ્વીકાર્યું છે.

આવા સુશ્રાવક આનંદ ગાથાપતિના પરિણામની ધારા જોવાને ગૌતમસ્વામી પ્રભુજીની આજ્ઞા માંગી. પ્રભુની આજ્ઞા પ્રાપ્ત થતાં દૂતિ પલાસવનથી વાણિજ્ય ગ્રામ નગરમાં આવવા ગૌતમ સ્વામી નીકળ્યા.

આનંદ ગાથાપતિની પૌષધ શાળામાં ગૌતમ સ્વામી આવ્યા પણ અશક્તિને કારણે આનંદ શ્રાવક એક ડગલું પણ ચાલવા શક્તિમાન હતો નહીં. એટલે ગુરુદેવના માત્ર દર્શન કરીને પ્રમુદિત થયો. પછી ગૌતમ સ્વામીને પૂછ્યું કે હે પ્રભુ ગૃહસ્થાશ્રમમાં રહેલા ગૃહસ્થને અવધિજ્ઞાન થાય ખરું?

ગૌતમ સ્વામી કહે હા થઈ શકે–

તો પ્રભુ મને પણ અવધિજ્ઞાન થયું છે. હું પૂર્વ દિશા તરફ લવણ સમુદ્રમાં ૫૦૦ યોજન સુધી, દક્ષિણ અને પશ્ચિમ દિશામાં પણ ૫૦૦ યોજન સુધી અને ઉત્તરમાં ચુલ્લહિમવંત નામના વર્ષધર પર્વત સુધી જોઈ શકું છું. વળી ઊંચે સૌધર્મ દેવલોક અને નીચે રત્નપ્રભા પૃથ્વીમાં લોલુપ નામના નરકાવાસના પહેલા પ્રતર સુધી જોઈ શકું છું. હે પ્રભુ મને આટલું અવધિજ્ઞાન થયું છે.

આનંદ આટલું બધું અવધિજ્ઞાન કદી ગૃહસ્થને ન થઈ શકે. આટલી સ્થિરતા/નિર્મળતા ગૃહસ્થને અસંભવિત છે. આનંદ તમારી ભૂલ થાય છે માટે આલોચના કરો.

આનંદ શ્રાવક કહે- પ્રભો ! સાચી વાત કહેનારને પ્રાયશ્ચિત હોય ખરું ? ગૌતમ સ્વામી કહે ન હોય. તો પ્રભુ આપ જ પ્રાયશ્ચિત કરો. ગૌતમ સ્વામી તો પહોંચ્યા વીર પ્રભુની પાસે. ભગવાન પાસે ખુલાસો પૂછયો.

શ્રી વીર પરમાત્માએ જણાવ્યું કે આનંદને જે અવધિજ્ઞાન થયું તે વાત યથાર્થ છે.

**પાંચ પ્રકારના અનુષ્ઠાન :—**

(૧) વિષ અનુષ્ઠાન :— આ લોકને માટે જે કાંઈ તપસ્યા-ક્રિયા વગેરે કરે તેને વિષ અનુષ્ઠાન કહેવાય છે. જેમ માગધિકા વેશ્યાએ કુલવાલક મુનિને ભ્રષ્ટ કરવા માટે જે વૈયાવચ્ચાદિ કર્યા તે વિષ અનુષ્ઠાન થયું.

(૨) ગરલ અનુષ્ઠાન :— પરલોકના સુખને માટે જે કાંઈ તપસ્યા-આરાધના વગેરે થાય તે. જેમ વસુદેવના જીવ નંદિષેણે તપ કર્યો તે કેવલ પછીના ભવમાં સુખ પ્રાપ્તિ માટે હતો, તો તેને ગરલ અનુષ્ઠાન કહેવાય.

(૩) અન્યોન્યાનુષ્ઠાન :— ઉપયોગ વગર સામાયિક આદિ ક્રિયા કરે કે અન્ય કંઈ તપ કરે અથવા બીજા જીવની ક્રિયા જોઈને સંમૂર્છિમની પેઠે અનુસર્યા કરે તે અન્યોન્યાનુષ્ઠાન કહેવાય.

(૪) તદ્દહેતુ અનુષ્ઠાન :— ઉપયોગ પૂર્વક-અભ્યાસને-અનુકૂળ જે ક્રિયા કરવી તે તદ્દહેતુ અનુષ્ઠાન કહેવાય. જે રીતે આનંદ શ્રાવકે ૧૪ વર્ષ બાર વ્રતનું પાલન કર્યું પછી પ્રતિમા અંગીકાર કરી.

૦ સમ્યક્ત્વ પ્રતીમા – એક માસ સુધી સમ્યક્ત્વ પાલન.

૦ બીજી પ્રતીમા – બે માસ સુધી વ્રત સહિત પ્રથમ પ્રતીમા પાલન.

૦ ત્રીજી સામાયિક પ્રતીમા – ત્રણ માસ સુધી પ્રથમ પ્રતીમાનું પાલન અને સામાયિકનો અભ્યાસ.

૦ ચોથી પ્રતીમા – ચાર માસ સુધી સમ્યક્ત્વ પ્રતિમાદિ પાલન કરવા ઉપરાંત ૮-૧૪-૧૫-૩૦ એ ચાર પર્વતિથિ પૌષધ કરવા.

૦ પાંચમી પ્રતીમા – પાંચ માસ સુધી પર્વતિથિએ પૌષધમાં રાત્રીના ચાર પ્રહર કાઉસ્સગ્ગ કરવો.

૦ છઠ્ઠી પ્રતીમા – છ માસ સુધી અતિચાર દોષ રહિત બ્રહ્મચર્ય પાલન કરવું.

૦ સાતમી પ્રતીમા – સચિત્ત વર્જનરૂપે સાત માસ સુધી જીવન વીતાવવું.

૦ આઠમી પ્રતીમા – આઠ માસ પર્યંત આરંભ ન કરવા રૂપ આરંભ ત્યાગરૂપ પ્રતીમા.

૦ નવમી પ્રતીમા – આરંભ ન કરવા ઉપરાંત સેવક વગેરે દ્વારા આરંભ કરાવવો પણ નહીં તે રીતે નવમાસ વીતાવવા.

૦ દશમી પ્રતીમા - પોતાના નિમિત્તનું ભોજન ન કરવા રૂપ દશમી પ્રતિમા વહેવી.

૦ અગીયારમી પ્રતીમા - અસ્ત્રાથી મુંડન કરવું કે લોચ કરાવવો. સાધુની જેમ વિચરવું. प्रतिमा प्रपन्नस्य श्रावकस्य भिक्षां देहि । એમ કહી ભિક્ષા માંગે. પૂર્વની બધી પ્રતિમા વહન કરી છેલ્લે અનશન કરે અથવા શક્તિ હોય તો દીક્ષા લે.

આ રીતે પ્રતીમાનો ક્રમશઃ અભ્યાસ કરી ઉપયોગ પૂર્વક આરાધના કરતા આનંદ શ્રાવકને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું.

(૫) અમૃત અનુષ્ઠાન :— અર્જુનમાલીની જેમ મોક્ષને માટે યથાર્થ વિધિ પૂર્વક જે તપ ક્રિયાદિ કરવા તેને અમૃત અનુષ્ઠાન કહેવાય.

શાસ્ત્રકારે વર્ણવેલા આ પાંચ પ્રકારના અનુષ્ઠાનો મુજબ તદ્દહેતુ

અનુષ્ઠાનથી આનંદ શ્રાવક વિશાળ અવધિજ્ઞાનને પામ્યા.

ભગવાને ગૌતમ સ્વામીને કહ્યું કે હે ગૌતમ તમે હવે આનંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડમ્ આપો. ગૌતમ સ્વામી પણ વીર પ્રભુની આજ્ઞા પામી તુરંત જ ગોચરી મુકી, વાણીજ્ય ગ્રામ નગરમાં પાછા પધાર્યા. આવીને આનંદ શ્રાવક સાથે ક્ષમા યાચના કરી.

આને કહેવાય જિનાજ્ઞા પાલન. ચાર જ્ઞાનના ધણી, પ્રભુના પ્રથમ શિષ્ય, હજારો શિષ્યોના ગુરુ એવા ગૌતમ સ્વામીને પણ જ્યારે પ્રભુએ આજ્ઞા કરી તો સામાન્ય ગૃહસ્થની માફી માંગી. આ જગ્યા પર તમે હો તો શું કહો ?

ધૂળ પડી તમારી સેવામાં. તમારા શાસન માટે આવડી મોટી દ્વાદશાંગી રચી, આગમો બનાવ્યા ને મને કાંઇ વળતર નહીં. માથે જાતાં એક નાની વાતમાં માફી માંગવાની. તમારા જેવા ભારે કર્મી ભગવાનની ધૂળ કાઢવામાં બાકી રાખે ખરા ? મરતા એવા કણબી માટે શાસનના ધુરંધરે માફી માંગવા જવાનું ?

કઇ રીતે સહન કર્યું હશે ગૌતમ સ્વામીએ ? શાસનના ધોરી· ભગવાનની જમણી ભૂજા જેવા–વળી પ્રથમ શિષ્ય–તથા ૫૦૦-૫૦૦ને સાથે લઈને આવેલા એવા-છતાં કંઇ નહીં—

કારણ મનમાં એક જ વાત રમતી હતી. વણાઈ ગયું હતું હૃદયના કણકણમાં....

**મારે તારું વચન પ્રમાણ— નહીં માનું અવરની આણ**

આ રીતે શ્રાવકે પણ આજ્ઞા પાલન કરવું જોઇએ. આજ્ઞા પાલન એટલે કે જિન વચન અંગીકૃત કરવું અથવા તો જિનેશ્વરે પ્રરૂપેલા તમામ આગમો કે શાસ્ત્રોને આદર પૂર્વક સ્વીકારવા.

आज्ञा—आ–सामस्त्येन अनन्त धर्म विशिष्टतया
ज्ञा–ज्ञायते / अवबुध्यन्ते

અનન્ત એવા ધર્મને (શાસ્ત્રને) સમસ્તતા પૂર્વક વિશિષ્ટ રીતે જાણવા-સમજવા એટલે કે કેવળ જ્ઞાની અથવા સંપૂર્ણ જ્ઞાની પરમાત્માએ પોતાના અનંત જ્ઞાનના બળ વડે શાશ્વત સત્યોની કરેલી પ્રરૂપણાને સમજવી–સ્વીકારવી. કેમ કે જિનાજ્ઞા પાલન એ શ્રાવકનું પ્રથમ

અને પ્રધાન કર્તવ્ય છે. વર્તમાનકાલે જિનાજ્ઞા તો શાસ્ત્ર સ્વરૂપે જ લિપિબદ્ધ છે. કોઈ વિશિષ્ટ જ્ઞાની તો છે નહીં. જે વીર પ્રભુએ ગૌતમ સ્વામીને આપેલ પ્રશ્નોત્તરની જેમ આપણા અજ્ઞાનનું હરણ કરે.

તેથી જ મન્નહ જિણાણુંની સજઝાયમાં છેલ્લે સુંદર વાકય મુકયું. निच्चं सुगुरुवएसेणं "માનો જિનની આજ્ઞાને" પણ કઈ રીતે? તો કહ્યું "નિત્ય સદ્‌ગુરુના ઉપદેશથી."

એટલે કે શ્રાવકે **ગુરૂના ઉપદેશપૂર્વક** જિનાજ્ઞાનું પાલન કરવું જોઇએ. કેમ કે થોડી આજ્ઞાનું કરેલ પાલન જીવને શાશ્વત સુખ આપનારું બને છે.

**અષાઢાભુતિ** નટવિદ્યામાં બેતાજ બાદશાહ સમાન હતા. ભરત ચક્રવર્તીનું નાટક ભજવવા તૈયાર થયા. જીવનનું સૌથી છેલ્લું નાટક ભજવી નટડીના પિતાને પુષ્કળ ધન આપવાનું હતું. ૫૦૦ રાજકુમારોને તૈયાર કર્યા. જાણે ખરેખર ભરતચક્રી હોય તેમ ચક્રની ઉત્પત્તિ, છ ખંડની સાધના, ૩૨ હજાર મુગટબદ્ધ રાજા, ૮૪ લાખ હાથી, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ રથ, ૯૬ કરોડ સુભટો સહિત ત્રણ ખંડ જીત્યા, ત્રણ ખંડ જીત્યા બાદ વિદ્યાધરની કન્યાને સ્ત્રી રત્ન તરીકે સ્થાપી વગેરે બધું જ નાટક અસલ ભરત ચક્રી હોય તે રીતે નિર્માણ કર્યું. છેલ્લે ચરમ સીમા આવી નાટકની અને અષાઢાભૂતિના જીવનની.

ભરત ચક્રીની જેમ અરીસા ભવનમાં દાખલ થયા. આંગળીમાંથી વીંટી પડી ગઇ ને ભરતની જેમ અનિત્યાદિ ભાવનાએ ચઢયા. જીવનમાં પણ ખરેખરું નાટક ભજવાઈ ગયું ને અષાઢાભૂતિ પામ્યા કેવલજ્ઞાન. ત્યાં જ પંચમુષ્ટિ લોચ કર્યો. દેવતાઓએ આપેલ વેશ ધારણ કર્યો. લોકો હજી નાટક છે તેમજ સમજતા હતા પણ અષાઢાભૂતિ ખરેખર કેવલી બની ગયા.

આ બધું બન્યું કેમ? નટડીના મોહમાં ડુબેલા અષાઢાભૂતિ અચાનક કેવલી બને જ કેમ?

— એક જ ઉત્તર. માત્ર આજ્ઞાને માની માટે–મુનિ અષાઢાભૂતિ ગોચરી વહોરવા ગયેલા. નટના ઘેર ભિક્ષામાં લાડવો મલ્યો. મુનિને થયું અરે રે એક લાડવામાં મારે ભાગે શું આવશે?

કાણા સાધુ, વૃદ્ધસાધુ, કોઢીયા સાધુ, કુબડા સાધુ એમ એક પછી એક રૂપો મુનિ અષાઢાભૂતિ વિકુર્વતા ગયા ને નટને ઘેરથી એક એક લાડવો વહોરતા ગયા. ઉપર બેઠેલા નટે જોયું કે આ મુનિ નટ વિદ્યા માટે કુશળ છે તો મારી પુત્રી દ્વારા તેને આકર્ષી મારે ઘેર લાવું.

બંને પુત્રીના રોજના પ્રયત્નોથી મુનિ તેનામાં આસક્ત થયા. ગયા ગુરુ મહારાજ પાસે રજા લેવા. હે ભગવન્ ! મેં બાળપણમાં દીક્ષા લીધી છે માટે વિષયસુખ ભોગવ્યું નહીં. પણ હવે બે સ્ત્રીઓ સામેથી શય્યાસુખ ભોગવવા માગણી કરે છે તો મને તેમ કરવા રજા આપો.

ગુરુ સમજે છે કે આવી આજ્ઞા ન અપાય. પણ મુનિ આજ્ઞા લેવા આવ્યા, માટે હજી તે આજ્ઞાવર્તી તો જણાય છે. તેથી થોડાં પણ જો પરિણામ હશે તો લાભકારક બનશે.

ગુરુ મહારાજે કહ્યું કે તને વ્રત-આરાધના કરતાં પણ નટડીના સુખ વધુ લાગ્યા તે ખોટું જ છે, છતાં મારી એટલી આજ્ઞા પ્રમાણ કરજે કે દારૂ-માંસને કદી અડીશ નહીં. અને તેના ભક્ષણ કરનાર સાથે કદાપી સંબંધ રાખીશ નહીં. અષાઢાભૂતિ મુનિ "તહત્તી" કહી વેશ મૂકીને ચાલ્યા.

નટ-નટડી સાથે શરત કરી કે તમારે સર્વથા દારૂ-માંસનો ત્યાગ કરવો તો જ તમારી સાથે રહું. નહીં તો મારા ગુરુની આજ્ઞા મલે તેમ નથી. નટડીએ શરત કબુલી. લગ્ન થયા. ૧૨ વર્ષ વીત્યા. એક દિવસ નટડીને થયું કે સ્વામી નથી તો આજે દારૂ-માંસ લઈ લઈએ. પણ અચાનક અષાઢાભૂતિ આવ્યા. દૃશ્ય જોયું. ખલાસ- ગુરુની આજ્ઞા યાદ આવી. સ્ત્રીની આસક્તિ છુટી ગઇ ને શાશ્વત પદ સુધી પહોંચ્યા. કારણ–આજ્ઞાપાલન.

दुविहा जिणिद पूआ दव्वे भावे अ तत्थ दव्वंमि
दव्वेहि जिणपूआ जिणआणा पालणं भावे

જિનપૂજા દ્રવ્ય અને ભાવથી કરાય છે. પુદ્ગલ દ્રવ્ય વડે કરાતી પૂજા તે દ્રવ્યપૂજા. જિનાજ્ઞાપાલન તે ભાવપૂજા. તમે પણ આવી ભાવ-પૂજાથી મુક્તિને પામો એ જ અભ્યર્થના.

# ( ૬ ) મિથ્યાત્વની ઓળખ.

## — સંસારમાં કેમ રખડો છો ?

न मिथ्यात्व समः शत्रु र्न मिथ्यात्व समं विषम्
न मिथ्यात्व समो रोगो न मिथ्यात्व समं तमः

મિથ્યાત્વ સમાન કોઇ શત્રુ નથી. મિથ્યાત્વ સમ કોઇ ઝેર નથી. મિથ્યાત્વ સમ કોઈ રોગ નથી. મિથ્યાત્વ સમ કોઇ અંધકાર નથી.

જિનાજ્ઞા પાલનકર્તા શ્રાવકને માટે મોક્ષની નિસરણી ચડવા માટે બીજું કર્તવ્ય જણાવ્યું-मिच्छं परिहरह-मिच्छं એટલે मिथ्यात्वम् અને परिहरह એટલે परिहरत--ત્યાગ કરો.

શેનો ત્યાગ કરવાનો ? મિથ્યાત્વનો. કેમકે જીવ આ સંસારમાં રખડે-ભવભ્રમણ કરે કે ચોરાશીના ફેરામાં ભટકે છે, તેનું મૂળ કારણ છે મિથ્યાત્વ. માટે જ શાસ્ત્રકાર મહર્ષિએ એક જ શ્લોકમાં મિથ્યાત્વની તુલના કરતી ચાર વસ્તુઓ જણાવી. શત્રુ ઘણા હોય પણ મિથ્યાત્વ જેવો બીજો કોઈ શત્રુ નથી. ઝેર ગમે તેટલા હશે પણ હળાહળ ઝેર તો માત્ર મિથ્યાત્વ જ છે. બધા રોગોનું નિવારણ કદાચ થઈ શકે પણ મિથ્યાત્વ ભયંકર રોગ છે. અને છેલ્લે કહ્યું કે મિથ્યાત્વ જેવો અંધકાર નથી.

એક ગંજાવર વહાણ મધદરિયે ઝડપભેર પોતાનો રસ્તો કાપી રહ્યું હતું. વહાણનો નાખુદા અચાનક તુતક પાસે જઇ ચડયો. પીંજરીયાના ઇશારાથી તેનું મોઢું નિરાશ થઇ ગયું. ચહેરાની રેખાઓ બદલાઇ ગઇ. ખારવા મુંઝાણા. આ બધું જોઇ એક વધુ ડાહ્યા મુસાફરે ખલાસીને પૂછયું, કેમ ભાઇ, આમ ઝંખવાણા કેમ પડી ગયા ?

ભાઈ ! વહાણના તળીયે કાણું પડી ગયું છે. તે તમે આટલા બધાં મુંઝાઈ શું ગયા ? નાખુદો કહે ભાઈ ! તું સમજે છે કે એક કાણું પડવાથી કેટલી ખાના ખરાબી સર્જાઈ જાય ?

પેલા મુસાફરે ફરી પ્રશ્ન કર્યો. અરે ડ્રાઇવર સાહેબ, તળીયું તો આપણે દેખાતું નથી. અને આ વહાણના તળીયાને પંદર-પંદર દાંડામાં આમેય કોઇ દી જોયું નથી. તમે કહો છો તેવું કાણું પણ દેખાતું

નથી. વહાણનો જે ભાગ આમે ય નકામો જ છે તેમાં કાણું પડવાથી મુંઝાવાનું શું હોય?

આ મહામૂર્ખને કોણ સમજાવે કે હવે આ વહાણ સમુદ્રમાં ડુબવાનું જ છે.

આ જ રીતે મિથ્યાત્વ પણ સંસાર સમુદ્રમાં તરતી આ માનવ ભવ રૂપી નાવને ડુબાડનાર બને છે. કેમ કે જેમ અજ્ઞાની મુસાફરને માટે અજ્ઞાન જ અંધકાર રૂપ હતો એટલે વહાણ ડુબવાની વાત સમજાઈ નહીં. તેમ અજ્ઞાની જીવને માટે મિથ્યાત્વ જ મોટો અંધકાર છે અને મિથ્યાત્વ રૂપી શત્રુને હણ્યા વિના આત્મા કદી મોક્ષે જવાનો નથી.

પણ **મિથ્યાત્વ એટલે શું ?**

મિથ્યાત્વ એટલે અનાદિના ભ્રમણને લીધે ચિત્ત ભૂમિ પર છવાઈ ગયેલી ખોટી ધારણાઓ. જે આપણું નથી તેને આપણું માની બેઠા. પરિણામે જીવને સાચી પરિસ્થિતિનું ભાન ન થાય. ગમે તેટલા પ્રયત્નો કરે પણ ઇષ્ટ ફળ સિદ્ધિ એટલે કે મોક્ષમાં સફળતા મળે જ નહીં.

આપણા શ્રાવકો મિથ્યાત્વની વાતમાં એક જ બચાવ શોધીને બેસી ગયા, કે હું ક્યાં જોગી સંન્યાસીઓને માનુ છું કે હું ક્યાં તેમના વ્રત–વતોલા કરું છું, પછી મારામાં મિથ્યાત્વ ક્યાં રહ્યું સાહેબ?

ત્યારે તેને સમજાવવું પડે કે ભાગ્યશાળી! બીજાને ન માનવા માત્રથી મિથ્યાત્વ રહિત ન થવાય. તત્ત્વની શ્રદ્ધા ન થવી એજ મિથ્યાત્વ છે. અરે તત્ત્વ અને અતત્ત્વ બંનેને સરખા માને તે પણ મિથ્યાત્વ જ છે.

કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રના દ્વિતીય પ્રકાશમાં જણાવે છે કે મિથ્યાત્વ એટલે—

अदेवे देव बुद्धिर्या गुरुधोर गुरौ च या
अधर्मे धर्मबुद्धिश्च मिथ्यात्वं तदिपर्ययात्

એક રમણીય પ્રભાતે એક મુમુક્ષુએ અકળાઈ ને બુદ્ધને કહ્યું, પ્રભો! આપ કહો છો કે બધાને મોક્ષ મળી શકે અને સંસારની રખડપટ્ટી બંધ થઇ શકે છતાં કોઈનેય મોક્ષ પ્રાપ્ત થતો હોય તેવું તો દેખાતું નથી. તો જગતનો આવો ખેલ કેમ છે?

બુદ્ધના પ્રશાંત ચહેરા પર હાસ્યની લકીર આવી ગઇ. જિજ્ઞાસુને

કહ્યું એક કામ કર. આ નગરમાં જઈ તપાસ કર. કોને કોને શી ચાહના છે.

મુમુક્ષુ તો ગયો સીધો રાજા પાસે, પૂછ્યું તમારે શું જોઈએ છે આ જીવનમાં ? રાજા કહે બસ રાતદિન એક જ ઇચ્છા રાખું છું કે દુશ્મનો પરાજય પામતા જાય અને મારું રાજ્ય વિસ્તરતું જાય એટલે આનંદ.

ગામના શ્રેષ્ઠીને મળ્યો મુમુક્ષુ. શ્રેષ્ઠી બોલ્યો-મને આ અઢળક ધન કેમ સાચવવું એ જ ચિંતા છે. તે સાચવવામાં જ મને અનીદ્રાનો રોગ થયો છે.

મુમુક્ષુ પહોંચ્યો યુવાન પાસે. તેને થયું કે યુવાન તો જરૂર ધ્યેય-લક્ષી જીવન જીવતો હશે. પણ યુવાનનો ઉત્તર તો સાવ જુદો જ નીકળ્યો. તે કહે જીવન તો વહેતા ઝરણાં જેવું છે. તેને કોઈ હેતુમાં બાંધવું જ ન જોઈએ. ગાતા-ઉડતા પક્ષીની જેમ બસ મોજ કરો એ જ જીવન.

છેલ્લે રૂપસુંદરી પાસે ગયા. કદાચ જીવનનું તત્ત્વજ્ઞાન તેની પાસે તો મોક્ષની આશા રખાવતું હશે, કેમ કે સંસારના રંગરાગ તો બહુ માણ્યા હોય. પણ રૂપસુંદરીને રૂપની જાળવણી સિવાય કશું જ જોઈતું નહોતું.

યુવાન પાછો આવ્યો. કોઈને યશની ઝંખના છે તો કોઈને પદની ચાહના—કોઈને ધનની તો કોઈને વૈભવની. પણ મોક્ષ તો કોઈને ય જોઈ તો નથી.... પ્રભુને કહ્યું પ્રભુ ! મારો ઉત્તર મળી ગયો. મોક્ષ તો સહુને મળે પણ તે તરફ કોઈને મુખ જ કયાં માંડવું છે.

પ્રસંગનો મર્મ એટલો જ કે તમારે સૌને અધર્મને વિશે જ ધર્મપણાની બુદ્ધિ છે. જે આપણો ધર્મ વ્યવહાર નથી ત્યાં જ ધર્મ માની લીધો. પછી મોક્ષની સંભાવના જ કયાં રહી ?

કલિકાલ સર્વજ્ઞ પણ આ જ વાતને શ્લોકમાં જણાવી ગયા કે દેવના ગુણો જેમાં નથી તેમાં દેવપણાની કલ્પના કરવી, ગુરુના ગુણો ન હોય ત્યાં ગુરુપણાની ભાવના કરવી અને અધર્મના વિશે ધર્મપણાની બુદ્ધિ હોવી તે સત્યથી વિપરીત હોવાથી મિથ્યાત્વ કહેવાય છે.

મિથ્યાત્વને રોગ, વિષ કે અંધકાર સાથે સરખાવતા કહ્યું કે આ ત્રણેની ચિકિત્સા એટલે કે નિવારણ ન કર્યું હોય તો એકાદ જન્મ માટે દુઃખ આપે, પણ મિથ્યાત્વને દૂર કરવાનો ઉપાય જો ન કર્યો તો

હજારો જન્મો સુધી દુઃખદાયક બને છે. જેમ જન્માંધ માનવી વસ્તુની રમ્યતા કે અરમ્યતાનો વિચાર કરી શકતો નથી, તેમ મિથ્યાત્વથી અંધ બનેલા ચિત્તવાળો પણ તત્ત્વ કે અતત્ત્વ સંબંધિ કોઈ વિવેક ધરાવતો નથી.

अदेवे देव बुद्धिर्या જે કહ્યું તે તો તત્ત્વ દૃષ્ટિએ સત્ય છે. કેમ કે તમે જ અતિચાર બોલો ત્યારે કંઈક આવા શબ્દો બોલો છો ને?

"બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર ગણપતિ ક્ષેત્રપાલ વગેરે દેવોને દેહ દેહરાના પ્રભાવ દેખી તેમને આ લોક કે પરલોકને માટે પૂજ્યા-માન્યાં."

તેમની પાસે ભૌતિક ફળ સંબંધિ માગણી કરવી, કુદેવને સુદેવની બુદ્ધિથી માનવા એટલે કે પોતે જ મનમાં આવા પ્રકારના મિથ્યાત્વની સેવના કરે.

હું આવા પ્રકારના દેવની પૂજા કરું તેવું વિચારે. બીજા કોઈ પાસે પૂજા કરાવું તેમ વિચારે અથવા આવા દેવોની પૂજા કરનાર સારું કરે છે તેમ માની તેનું અનુમોદન કરવાનું મનથી વિચારે તો તેને મનથી કરણ-કરાવણ-અનુમોદન રૂપ મિથ્યાત્વ યુક્ત જાણવો.

एयं अणुतरूत्तं मिच्छं मनसा न चिंतइ करेमि
सयमेव नो करेउ अन्नेण कए न सुठ्ठुकयं

આજ રીતે વચનથી કુદેવને માનવા-પૂજવા વિશે બોલે તો વચન રૂપ મિથ્યાત્વ લાગે અને કાયા વડે કુદેવની પૂજાદિક આચરણ કરે તો કાયારૂપ મિથ્યાત્વ સમજવું.

આ લોકને માટે પણ યક્ષ યક્ષીણી કે દેવ દેવીને માનવા તે અનુચિત છે. વળી દેવમાં પણ સુદેવપણાની બુદ્ધિ ન હોય અને આરાધના કરે તો મિથ્યાત્વની વૃદ્ધિ થાય.

આ લોકમાં મિથ્યાત્વની વૃદ્ધિ કે પુષ્ટીથી જીવ પરલોકમાં પણ બોધિ દુર્લભ બને છે.

પરમાત્મા મહાવીર મહારાજાના જીવે મરિચિના ભવમાં ત્રિદંડીપણું સ્વીકાર્યું ત્યારે તેને મન ત્રિદંડીપણામાં ધર્મબુદ્ધિ હતી જ નહીં, છતાં પંદર પંદર ભવ સુધી તે સંસ્કારો ચાલુ રહ્યા. જ્યારે જ્યારે મનુષ્યપણું પામ્યા ત્યારે ત્યારે ઘર છોડીને ત્રિદંડી બન્યા પણ સાધુપણું પામ્યા નહીં અને એ રીતે સંખ્યાતા સાગરોપમ સુધી તેમને ત્રિદંડીપણાના સંસ્કાર નડયા.

**નવો વેશ રચે તેણી વેળા, વિચરે આદીશ્વર ભેળા**
**જળ થોળે એ સ્નાન વિશેષે, પગે પાવડી ભગવે વેશે**
**નવો વેશ....**
**ધરે ત્રિદંડી લાકડી મોટી શિર મુંડનને ધરે ચોટી**
**વળી છત્ર વિલેપન અંગે સ્થૂળથી વ્રત ધરતો રંગે**

એક વખત વીર પ્રભુનો જીવ મરિચિમુનિ પ્રથમ તીર્થંકર પરમાત્મા ઋષભદેવ સાથે વિચરી રહેલ છે. ગ્રીષ્મઋતુમાં તૃષાથી પીડાયેલા એવા મરિચિમુનિને વિચાર આવ્યો કે હું આ સાધુપણાના ગુણો વહન કરવા સમર્થ નથી, કારણ કે હું નિર્ગુણી છું.

ભગવાનના જ પૌત્ર છે. ભરત ચક્રવર્તીના પુત્ર છે. વળી ભાવિ તીર્થંકર છે એટલે વિચારે છે કે હવે વ્રતનો ત્યાગ તો શી રીતે કરાય માટે કંઈક નવો વેશ ધારણ કરું.

**ધરે ત્રિદંડ લાકડી મોટી, શિર મુંડનને ધરે ચોટી.**

શ્રમણ ભગવંતો તો ત્રણ દંડથી રહિત છે, પણ હું તો દંડ વડે જીતાયેલો છું. માટે મારે ત્રિદંડનું લંછન થાઓ. વળી સાધુઓ પોતાના કેશ એટલે કે વાળનો લોચ કરે છે. પણ હું શસ્ત્ર વડે મુંડાવવા વાળો થાઉં તેમજ શિખાધારી બનું એટલે કે ચોટલી રાખું. વળી સાધુ મહાવ્રતધારી છે, મારાથી તો મહાવ્રત પળાય તેમ નથી તો અણુવ્રતધારી બનીશ.

મુનિઓ મોહ વગરના છે પણ હું મોહવાળો છું માટે માથે છત્રને ધારણ કરું. મહર્ષિઓ ઉપાનહ રહિત છે પણ મારે તો ચરણ (પગ) રક્ષા માટે ઉપાનહ (પગરખાં) રાખવા. સાધુઓ શીલ ગુણે કરી સુગંધી છે. પણ હું નથી માટે શ્રીખંડ ચંદનના તીલકો મારે કરવા, મુનિઓ કષાય રહિત છે. પણ હું તો કષાયે કરી યુક્ત છું માટે શ્વેતને બદલે કષાયવાળા (ભગવા) વસ્ત્રો પહેરવા.

આવા વિચારો કરીને મરિચિએ ત્રિદંડી વેશ ધારણ કર્યો છતાં મરિચિને જ્યારે લોકો ધર્મ પૂછતાં તો મરિચિ કહેતા કે સાધુધર્મ તો જિનોએ કહ્યો તે જ છે. પણ હું તે ભાર સહન કરવાને સમર્થ નથી માટે આ રીતે વિચરું છું. એ રીતે લોકોને પ્રતિબોધ કરી જેઓ સાધુપણું ઈચ્છે તેને સીધા આદિનાથ પ્રભુ પાસે મોકલી દેતા અને પ્રભુના નિર્વાણ પછી પણ સાધુ સાથે વિહરતા મરિચિ ભવ્યજનોને

પ્રતિબોધી સાધુ પાસે જ દીક્ષા લેવા મોકલતા.

કેટલી નિર્મળ શુદ્ધિ હશે તેમની ? કેટલી ભવ્ય પ્રતિબોધ શક્તિ હતી તેમની ? પણ વ્યાધિ ગ્રસ્ત બનેલ મરિચિને અસંયમી જાણી કોઇ સાધુ તેની સેવા કરતા નથી. ત્યારે મરિચિને ગ્લાનિ થતાં મનમાં વિચાર આવ્યો કે અરેરે ! આ સાધુ કેવા દાક્ષિણ્ય વગરના અને સ્વાર્થમાં જ ઉદ્યમવંત તથા લોક વ્યવહારથી વિમુખ છે. ધિક્કાર છે તેમને કે પરિચિત એવા મને એક જ ગુરૂના શિષ્ય હોવા છતાં મારી સામે પણ જોતા નથી.

ના....ના....મારે આવું વિચારવું અયુક્ત છે. કેમ કે તેઓ પોતાના શરીરની પરિચર્યા નથી કરતા તો મારા જેવા ભ્રષ્ટની સેવા શું કરે ? માટે જો આ વ્યાધિમાંથી મુક્ત થાઉં તો મારી સેવા કરે તેવો એક ચેલો કરી લઉં. ખરેખર દૈવયોગે મરિચિને આવો કપીલ નામે ચેલો મલી ગયો. જો કે મરિચિએ પ્રથમ તો જિનધર્મનો જ ઉપદેશ આપ્યો. પણ કપિલે પૂછ્યું કે તો શું તમારા માર્ગમાં ધર્મ નથી ? ત્યારે મરિચિએ ઉત્તર આપ્યો—

**મરિચિ કહે ધર્મ ઉભયમાં, લીએ દીક્ષા યૌવન વયમાં**
**ઇણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર**

મરિચિના આ મિથ્યા ધર્મોપદેશથી કોટાકોટી સાગરોપમ સંસાર ઉપાર્જન થયો. અને એ ત્રિદંડીપણાના મિથ્યાત્વ વાસિત સંસ્કારોથી પાંચમા ભવે કૌશિક બ્રાહ્મણ થઈ ત્રિદંડી થયા. છઠ્ઠા ભવે ધુણાપુરી નગરીમાં પુષ્પમિત્ર બ્રાહ્મણ અને ત્રિદંડીપણું, આઠમે ભવે ચૈત્ય સ્થાનમાં અગ્ન્યુપોત બ્રાહ્મણ અને ત્રિદંડી, દશમા ભવે અગ્નિભૂતિ બ્રાહ્મણ, બારમા ભવમાં શ્વેતાંબીમાં ભારદ્વાજ વીપ્ર—ચૌદમા ભવમાં રાજગૃહિમાં સ્થાવર બ્રાહ્મણ અને આ બધાં જ ભવોમાં ત્રિદંડીપણું પામ્યા પછી સોળમાં ભવમાં ચારિત્ર પ્રાપ્ત થયું.

अन्नेसिं सत्ताणं मिच्छत्तं जो जणेइ मुढप्पा
सो तेण निमित्तेणं न लहइ बोहिं जिणा भिहियं

જે મૂઢ આત્મા બીજા જીવોને મિથ્યાત્વ (પમાડવા) માં નિમિત્ત બને છે. તે (આત્મા) તે જ નિમિત્તથી (કારણ થકી) જિનકથિત બોધિ એટલે કે સમ્યક્ત્વને પામતો નથી.

વીર પ્રભુના જીવે પણ એકજ ભૂલ કરી. પ્રરૂપણામાં કે ધર્મ ત્યાં પણ છે અને અહીં પણ છે તેમ કહ્યું. બસ તે જ "નિમિત્ત" તેને પંદરમાં ભવ સુધી મિથ્યાત્વમાં રમાડતું રહ્યું.

ઘણો સુંદર દાખલો છે તીર્થંકર પરમાત્માનો. પણ કમનસીબે આપણે તેનો મર્મ સમજતા નથી. નંદીષેણ મુનિની માફક ઉત્તમ પ્રતિબોધ શક્તિ ધરાવતો મરિચિનો જીવ-વળી ભાવિ તીર્થંકર પણ છે. ઘણાંને સંયમ માર્ગમાં સ્થાપીત કર્યા છતાં એક જ વચન મિથ્યાત્વવાળું પ્રકાશ્યા ને કોટાકોટી સાગરોપમનો સંસાર વધાર્યો. તો વાત વાતમાં તમે તમારી માન્યતાથી ધર્મનું માપ કાઢો છો, તો તે મિથ્યાત્વથી તમારી દશા શી થશે તે વિચાર્યું છે કદી ?

જો સંસારમાં રખડવાનું બંધ કરવું હોય તો શાસ્ત્રકારે શ્રાવક માટે નાનકડું સૂત્ર આપી રાખ્યું છે. मिच्छं परिहरह તિષ્યગુપ્ત મુનિ જેવા પૂર્વના અભ્યાસી અને અગીયાર અંગના જ્ઞાતાને એક સામાન્ય નિમિત્ત ઠગાવી ગયું તો આપણા જેવા પામર જીવને અજ્ઞાનતા રૂપી અંધકારમાંથી કેટલા નિમિત્તો ભટકાવનાર બનશે ? માટે જ શ્રાવકને સામાયિક પ્રતિક્રમણ કે પૂજાનો ઉપદેશ ન દેતા પહેલા "**મિથ્યાત્વને છોડો**" એ કાર્ય મહત્ત્વનું ગણ્યું.

**તિષ્યગુપ્ત મુનિ** અગીયાર અંગના જ્ઞાતા છે. આત્મપ્રવાહ નામના પૂર્વનો અભ્યાસ કરી રહ્યા છે. એક પ્રશ્ન ઉઠયો-જીવના એક પ્રદેશમાં જીવની વક્તવ્યતા થઈ શકે ખરી ? ગુરુ મહારાજ કહે નહીં. આપે કરેલો આ અર્થ સમર્થ નથી.

તો જીવના બે પ્રદેશમાં જીવ વક્તવ્યતા થઈ શકે ?

ગુરૂ મહારાજ કહે ના !

તો પ્રભો ! ત્રણ પ્રદેશમાં....પ્રભુ કહે ના.

પૂછતાં પૂછતાં તિષ્યગુપ્ત મુનિ આગળ વધ્યા. પ્રભો અસંખ્યાત પ્રદેશમાં તો જીવની વક્તવ્યતા થઇ શકે ને ? તો પણ ગુરુ મહારાજ કહે ના.

છેવટે એક પ્રદેશ ઉણુ સર્વ પ્રદેશમાં જીવ કહેવાય કે ન કહેવાય ?

ગુરુ મહારાજનો એકજ ઉત્તર. આ અર્થ પણ સમર્થ નથી. પરિપૂર્ણ લોકાકાશના પ્રદેશ જેટલા પ્રદેશ એકેક જીવના છે. તે સમગ્ર પ્રદેશને જીવ કહેવાય.

તિષ્યગુપ્ત મુનિમાં મિથ્યાત્વ પ્રવેશી ગયું. તેણે મનોમન નક્કી કર્યું કે જીવના એક છેલ્લા પ્રદેશમાં જ જીવ સંજ્ઞા રહેલી છે. જેમ લોકો કપડું બનાવવા માટે સુતરના એકેક તાંતણાં ભેગા કરે. એક તાંતણો પછી બીજો તાંતણો પછી ત્રીજો તાંતણો......એમ એમ કરતાં કેટલાંયે તાંતણાં ભેગા થાય ત્યારે કપડું બને. પણ કપડું બન્યું ક્યારે કહેવાય ?

જ્યારે તેમાં છેલ્લામાં છેલ્લો તાંતણો વણાય ત્યારે. મતલબ કે છેલ્લો તાંતણો જ કાર્ય સાધક છે. તેમ જીવસંજ્ઞા પણ છેલ્લા પ્રદેશ-માંજ રહેલી છે.

ગુરુ મહારાજે ઘણું સમજાવ્યું કે ભાગ્યશાળી ! તારી આ માન્યતા ખોટી છે. કપડામાં રહેલો છેલ્લો તાંતણો નહીં પણ સમગ્ર તંતુ સમુદાયજ વસ્ત્રરૂપ ગણાય. **વસ્તુમાં વસ્તુત્વ અન્ત્ય અંશને કારણે નથી, પણ સઘળાયે અંશો વસ્તુત્વ માટે કારણ ભૂત છે.** જો છેલ્લા એકજ તાંતણાથી કપડું થતું હોય તો બીજા તાંતણા લાવવા કે વણવાની જરૂર શું ?

તમારી ભાષામાં જ સમજો તો કહી શકાય કે જો એક દોરા રૂપ તાંતણો જ આખું કાપડ ગણાય તો તમે કોકડી કે દોરાના રીલથી જ ચલાવો કે પછી કાપડીયાને ત્યાં કાપડ લેવા જશો ?

તિષ્યગુપ્ત મુનિ આ વાત સમજ્યા નહી, માટે તેને ગચ્છ બહાર કર્યા (યાદ રાખજો ગચ્છ બહાર કર્યા છે. ઓઘો ખેંચી લેવાનું ક્યાંય લખ્યું નથી) કેમકે જિનવચનમાં શ્રદ્ધા ગુમાવી નિહ્નવ બન્યા. મિથ્યાત્વ પ્રવેશી ગયું એટલે વાત પુરી. જૈન શાસનમાં સંપૂર્ણ શ્રદ્ધા જોઇએ. એક ટકામાં પણ શંકા થઇ તો સંઘ બહાર. જિન વચનમાં સો ટકા શ્રદ્ધા જ જોઇએ.

આજ તો જૈન આચારની ગતાગમ ન હોય અને એકાદ ચોપડી (શ્રાવકનો ગ્રન્થ) વાંચી ગયા ત્યાં તો કહેશે કે હું ફલાણા સંઘનો પ્રમુખ છું. અલ્યા ભાઇ ! વાણીયા કે'દી'થી પ્રમુખ થઇ ગયા. જૈન સંઘના પ્રમુખ સ્થાને તો આચાર્યાદિ મુનિ ભગવંતોજ હોય. શ્રાવકે તો શ્રમણ-ઉપાસના કરવાની હોય.

મૂળ વિષય પર આવીએ તો યાદ રાખવાનો એકજ મુદ્દો છે-મિથ્યાત્વ પરિહરો. **સંસારમાં રખડવાનું બંધ કરવું છે ?** તો નાનકડું સૂત્ર યાદ રાખો-मिच्छं परिहरह.

તિષ્યગુપ્ત મુનિ વિહાર કરતાં કરતાં એક વખત આમલકલ્પા નામે નગરીમાં પહોંચ્યાં. ત્યાં જિનવચનમાં અતુટ શ્રદ્ધા ધરાવતો એક મિત્રશ્રી નામે શ્રાવક રહેતો હતો. તેને થયું કે મુનિરાજશ્રી વ્રત-નિયમોનું પાલન તો સુંદર રીતે કરી રહ્યા છે. માત્ર એક વચનમાં શંકા થતાં નિહ્નવ પણું પામ્યા છે. તો તેને પ્રતિબોધ કરું.

મુનિ મહારાજને નિમંત્રણ આપ્યું કે આપ આજે મારે ત્યાં આહાર માટે પધારો. તિષ્યગુપ્ત ત્યાં ગયા ત્યારે મિત્રશ્રી શ્રાવકે બહુ-માન પૂર્વક બેસાડયા. ઉત્તમ પ્રકારના અનેક ભક્ષ્ય ભોજન અન્નપાન વસ્ત્રાદિનો સમૂહ ધરેલો હતો. સર્વમાંથી છેલ્લો એકએક અવયવ લેતો જાય છે. અને પાત્રમાં મુકતો જાય છે. જેમકે શાક પકવાન વગેરેનો કણીયો મુકે દાળ, કઢી, જળ વગેરનું એક-એક બિંદુ લે-એ રીતે વહોરાવે છે.

તિષ્યગુપ્ત કહે હે શ્રાવક ! આવો એક-એક કણ આપીને તું મારી હાંસી શા માટે કરે છે ? તારે આવી મજાક કરવી હતી તો મને નિમં-ત્રણા કેમ કરી ?

મિત્રશ્રી શ્રાવકે પ્રત્યુત્તર વાળ્યો કે એ તો આપનો જ મત છે. જો છેલ્લા કણીયાથી જ આપને ક્ષુધાની તૃપ્તિ નહીં થાય તેમ કહેશો તો આપનો મત જુઠો પડશે. કેમકે ભગવાનના મતે તો જીવ સર્વ પ્રદેશમાં છે. ગુરુ મહારાજે પણ આપને સમજાવ્યું છે કે કાપડના છેલ્લા તાંતણાને કાપડ ન મનાય પણ બધાંજ તાંતણાના સમૂહને કાપડ મનાય. જો સંપૂર્ણ આહારથી જ તૃપ્તિ થાય તેવું તમે માનતા હો તો તમારો મત છોડવો પડશે.

આ સાંભળી જિનવચનમાં થયેલી અશ્રદ્ધા દૂર થતાં તિષ્યગુપ્ત પહોંચ્યા ગુરુમહારાજ પાસે. મિથ્યાત્વનો ત્યાગ કરી ગુરૂ પાસે આલોયણ-પ્રતિક્રમણ કર્યું ને સદ્દગતિને પામ્યા. આ રીતે શ્રાવકોએ પણ મિથ્યા-ત્વનો ત્યાગ કરવો જોઇએ. માટેજ મન્નહ જિણાણં સજઝાયમાં શ્રાવક માટે બીજું કર્તવ્ય જણાવ્યું मिच्छं परिहरह

આ આખી વાત શરૂ કયાંથી થઇ ? કે પછી બારહાનમાં (કથામાં) ઘઉં (તત્ત્વ) ભૂલાઇ ગયા ? આખી વાતનો આરંભ થયો "સંસારમાં કેમ રખડો છો ?" એ વિષયથી

સંસારમાં રખડવાનું કારણ શું ? મિથ્યાત્વ. મિથ્યાત્વ એટલે શું ? તે સમજતા આટલી ચર્ચા કરી પણ મિથ્યાત્વની વ્યાખ્યા પાછી ભૂલી ન જતાં. કલિકાલ સર્વજ્ઞ ભગવંતે યોગશાસ્ત્રમાં જણાવ્યું.

अदेव देव बुद्धि र्या गुरूधीरगुरौ च या
अधर्मे धर्मबुद्धिश्च मिथ्यात्वं तद्विपर्ययात्

अदेवे देव बुद्धिः—જે દેવો સ્ત્રી, શસ્ત્ર માળાદિ રાગના ચિહ્નોથી દૂષિત છે બીજાના નિગ્રહ કે અનુગ્રહમાં તત્પર છે. તે દેવોની ઉપાસના કદી મુક્તિને માટે થતી નથી. માટે તેવા કુદેવમાં કદી દેવપણાની બુદ્ધિ કરવી નહીં.

સુદેવની ઓળખ આપતાં એક સ્તુતિમાં સુંદર રીતે કુદેવની વ્યાખ્યા સમાવી લીધી છે.

न शूलं न चापं न चक्रादि हस्ते
न हास्यं न लास्यं न गीतादि यस्य
न नेत्रे न गात्रे न वक्त्रे विकार
स एक परात्मा गति र्मे जिनेन्द्रः

જેમના હાથમાં ત્રિશૂલ નથી, જેમના હાથમાં ધનુષ નથી કે જેમના હાથમાં ચક્ર વગેરે આયુધ નથી. જેને હાસ્ય–નૃત્ય અને ગીતાદિનું કરવાપણું નથી. જેના નેત્રમાં, ગાત્રમાં અને મુખમાં વિકાર નથી તે પરાત્મા શ્રી જિનેન્દ્ર એક જ મારી ગતિ થાઓ

જેઓમાં આવા લક્ષણો વિદ્યમાન છે. તેવા અદેવમાં દેવની બુદ્ધિ કરવી, અગુરુમાં ગુરુપણાની ભાવના કરવી કે અધર્મમાં ધર્મની ગતિ કરવી તે મિથ્યાત્વ છે. માટે કુદેવોને પૂજવારૂપ–કુગુરુને ભજવારુપ અને કુધર્મને માનવા–આદરવા રૂપ મિથ્યાત્વને છોડો.

એ રીતે મિથ્યાત્વનો ત્યાગ કરી પરંપરાએ સમ્યકત્વની પ્રાપ્તિ કરી મોક્ષમાર્ગને પામનારા બની સંસારની રખડપટ્ટીમાંથી મુક્ત બનો એ જ શુભેચ્છા–અભ્યર્થના

✲ ✲ ✲

# ( ૭ ) મિથ્યાત્વના પ્રકારો-[ ૧ ]

## —શું પ્રભુ કે ગુરુને ઓળખ્યાં ?

द्विषद्विष तमो रोगै दुःखमेकत्र दीयते
मिथ्यात्वेन दुरन्तेन जन्तो र्जन्मनि जन्मनि

શત્રુ–વિષ–અંધકાર–રોગ એકજ વાર (એકજ જન્મમાં) દુઃખ આપે છે. જ્યારે મિથ્યાત્વ પ્રાણીને જનમો જનમનું દુઃખ આપે છે. માટે જ શ્રાવક માટેની "મન્નહ જિણાણું" સજઝાયમાં બીજું કાર્ય મુકયું मिच्छं परिहरह–મિથ્યાત્વને છોડો.

મિથ્યા એટલે ખોટું અને त्व એ ભાવસૂચક પ્રત્યય છે જેમાં ખોટાપણું કે અસત્ય હોય તે **મિથ્યાત્વ** કહેવાય. જેમકે આપણી સામે એક ગાય અને ઘોડો બન્ને ઉભા છે. હવે તમે બન્ને ને જોયા પછી ગાયને ઘોડો કહો અથવા ઘોડાને ગાય કહો તો તે એક પ્રકારનું મિથ્યાત્વ છે. કદાચ ઘોડો અને ગાય બન્નેને સમાન ગણો તો તે પણ એક પ્રકારનું મિથ્યાત્વ છે. અને તમે એમ કહી દો કે ઘોડો અને ગાય બન્નેનું અસ્તિત્વ જ નથી તો તે પણ મિથ્યાત્વ જ છે.

આ ઉદાહરણને જ આપણે તત્વ દૃષ્ટિએ સમજવાનું છે. પણ તે સમજણ મેળવતા પહેલાં કે પછી યાદ રાખવાની વાત તો એટલી જ છે કે મિથ્યાત્વને છોડો–मिच्छं परिहरह

બંગાળમાં એક ખ્યાતનામ નવલકથાકાર તથા રાષ્ટ્રિય ગીતના સર્જક બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય થઈ ગયા. એક વખત કોઈ જાહેર સભામાં તેમને વક્તવ્ય આપવા જવાનું થયું. ત્યાં પોતાના ભાષણ દરમ્યાન કોઈ એક વિષયની વાત નીકળતા પોતાનું મંતવ્ય જાહેર કર્યું અને વક્તવ્ય પુરું થતાં ઘેર પાછા આવ્યા. લોકો પણ બહુ પ્રભાવીત થયા તેમના ભાષણથી.

ઘેર આવેલા બંકીમચંદ્રને પોતે રજૂ કરેલા મંતવ્ય માટે વિચારવું જરૂરી લાગ્યું. થોડા દિવસો સુધી વિચારતા સમજાયું કે પોતાનું મંતવ્ય તો ખોટું છે. તેને થયું કે જાહેરમાં લોકો પ્રભાવીત થાય તેના કરતાં સત્ય વાત સમજે તે વધુ જરૂરી છે. ફરી જ્યારે વક્તવ્યનો પ્રસંગ આવ્યો ત્યારે પોતાનું અગાઉનું મંતવ્ય ખોટું હતું તે વાત

નિર્ભયપણે પ્રગટ કરી અને ખરેખર સત્ય શું હોઈ શકે તે જણાવ્યું.

બંકીમચંદ્રના મિત્રોને આ વાત ગમી નહીં. તેઓ બંકીમચંદ્રથી નારાજ થઇ ગયા. પાછા ફરતાં બોલ્યા, ચટ્ટોપાધ્યાયજી તમે તમારું મંતવ્ય ફેરવ્યું તે બહુ ખોટું કર્યું. લોકો પર એવી છાપ પડી કે તમે અસ્થિર ચિત્તવાળા છો. તમારા પરનું બહુમાન ખલાસ થઇ ગયું લોકોનું.

બંકીમચંદ્ર બોલ્યા, મિત્રો આપને દુઃખ લાગ્યું તો માફ કરજો. પણ જેને કદી પોતાનો મત ફેરવવો ન પડે તે ખરેખર મહાન પુરુષ કે મહાત્મા છે. અને પોતાની વાત ખોટી (મિથ્યા) છે તે જાણવા છતાં ખોટા મતને વળગી રહે તો તે કપટી અથવા દંભી છે. મિત્રો, હું ન તો દંભી છું ન તો મહાત્મા, એટલે મે મારી મિથ્યા વાતને છોડીને સત્ય વાત પ્રગટ કરી તેમાં ખોટું શું કર્યું ?

આ સામાન્ય દૃષ્ટાન્તમાં મહત્ત્વપૂર્ણ વાત એકજ **"ખોટાને છોડો"** मिच्छं परिहरह કેમકે કેવળજ્ઞાની જ સંપૂર્ણ શાશ્વત સત્ય સદાકાલ માટે પ્રરૂપી શકે, છદ્મસ્થની ભૂલ કયારેક તો થવાની શકયતા છે. તેમને ત્રિકાલજ્ઞાન તો છે જ નહીં એટલે બંકીમચંદ્રની બીજી વાત ધ્યાનમાં રાખવા લાયક છે કે ખોટાને વળગી રહેવું તે દંભીપણું છે. તેથી શ્રાવક નું કર્તવ્ય લખ્યું "મિથ્યાત્વ–ત્યાગ"

## મિથ્યાત્વ એટલે શું ?

મિથ્યાત્વના અર્થ માટે ઘોડો અને ગાયનું દૃષ્ટાન્ત જોયું તે વાત તત્ત્વ દૃષ્ટિએ રજૂ કરતા જણાવે કે–

સુદેવ-સુગુરુ અને સુધર્મને કુદેવ–કુગુરુ કે કુધર્મ માનવા—અથવા —કુદેવ કુગુરુ કુધર્મને સુદેવ–સુગુરુ–સુધર્મ માનવા—અથવા—બન્નેમાં કોઇજ ફેરફાર નથી, તેવું માનવું–અથવા–દેવ, ગુરુ કે ધર્મનું અસ્તિત્વજ નથી તેવું સ્વીકારવું આ બધુંજ મિથ્યાત્વ છે.

મિથ્યાત્વને શત્રુ–વિષ કે રોગ સાથે સરખાવતાં જ્ઞાની પુરુષોએ જણાવ્યું કે શત્રુ, વિષ કે રોગ જીવને એકજ જન્મ માટે હણનારા બને છે. પણ મિથ્યાત્વ રૂપી શત્રુ, મિથ્યાત્વરૂપી વિષ કે મિથ્યાત્વ રૂપી રોગ જીવને જનમો જનમ માટે ડૂબાડનાર કે ભમાડનાર બને છે. માટે મિથ્યાત્વનો સર્વથા પરિહાર કરવાથી અથવા મિથ્યાત્વ ત્યાગ

માટે ત્રિવિધે ત્રિવિધે પચ્ચક્ખાણ કરવાથી જ અનુક્રમે સમ્યક્ત્વ પ્રગટે છે.

આવશ્યક નિર્યુક્તિમાં પણ ૧૨૫૦–૫૧મી ગાથામાં જણાવેલ છે કે मिच्छत्त पडिक्कमणं तिविहं तिविहेण नायव्वं એટલેકે મિથ્યાત્વનું પ્રતિક્રમણ ત્રિવિધે ત્રિવિધે જાણવું.

હું મન–વચન અને કાયાથી ખોટાપણાને કે અનુચિતપણાને કરૂં નહીં, કરાવું નહીં કે કરતાંની અનુમોદના કરૂં નહીં.

આવું મિથ્યાત્વ શાસ્ત્રકારોએ દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે જણાવેલ છે.

બાહ્યવૃત્તિથી મિથ્યાત્વનું આચરણ કરે પણ અંતરંગ વૃત્તિમાં નિર્મલપણું જ હોય તે દ્રવ્ય મિથ્યાત્વ જાણવું અને ત્રિકાલજ્ઞાની એવા તીર્થંકર પરમાત્માના વચનો પર જે અનાદર કરવો તે ભાવ મિથ્યાત્વ સમજવું.

દ્રવ્ય મિથ્યાત્વને જણાવતા લક્ષ્મિસૂરિજી મહારાજા હેમચંદ્રાચાર્યજીનો પ્રસંગ વર્ણવે છે. કુમારપાળના આગ્રહથી પૂજ્ય હેમચંદ્રાચાર્યજી મહારાજા સોમેશ્વર મહાદેવની યાત્રા કરવા ગયા. ત્યાં કુમારપાળે મહાદેવને વંદના કરી, તે વખતે બ્રાહ્મણોએ રાજાના કાન ભંભેર્યા કે જૈનધર્મીઓ તીર્થંકર સિવાય બીજા કોઇ દેવોને નમતા નથી. આ વાત સાંભળી કુમારપાળ રાજાએ આચાર્ય મહારાજને કહ્યું હે પૂજ્ય, આપ શીવને વંદના કરો.

આચાર્ય મહારાજ પણ નમસ્કાર કરતા બોલ્યા, "જેને ભવબીજના અંકુરોને ઉત્પન્ન કરનારા રાગાદિક ક્ષય પામેલા છે તેવા બ્રહ્મા, વિષ્ણુ, શિવ કે જિન જે હોય તેને મારા નમસ્કાર હો–જે તે સમયે, જે તે પ્રકારે, જે તે નામ વડે જે છે તે તુંજ છો–સર્વદોષ અને પાપરહિત પણ જો કોઈ હોય તો તું એકજ છો. માટે હે ભગવાન્! તમને મારા નમસ્કાર હો!

રાજાને આશ્ચર્ય થયું સ્તુતિ સાંભળીને એટલે ગુરુ મહારાજને કહ્યું, હે પૂજ્ય! આપ આવા મતમતાંતરનો આગ્રહ મૂકી મને ખરૂં તત્વ સમજાવો. ત્યારે સૂરિસમ્રાટ કહે કે હે રાજન્! શાસ્ત્ર સંવાદ તો દૂર રહ્યો. આ શિવ પોતેજ તત્વનું નિરૂપણ કરશે. તે તમે આદરજો.

મધ્યરાત્રિએ આચાર્ય મહારાજના ધ્યાનથી પ્રત્યક્ષ થઇને મહાદેવે

રાજાને કહ્યું રાજન્ ! તીર્થંકરોએ પ્રરૂપેલા સ્યાદ્વાદ તત્વના આચરણથી જ તું વાંછીત ફળને પામીશ. તે સાંભળી રાજા સમકિત સન્મુખ થયો.

અહીં ભાવિ લાભાલાભનું કારણ મહત્વનું હોવાથી કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રાચાર્યે જે આચરણા કરી તે દ્રવ્યથી મિથ્યાત્વરૂપ હતી પરંતુ ભાવ મિથ્યાત્વ ન હતું. કેમકે અંતરંગવૃત્તિ તો ગુરુદેવની નિર્મલ જ હતી.

જ્યારે શ્રાવકોને દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારે મિથ્યાત્વનો ત્યાગ કરવાનું કહ્યું તેનું કારણ એ કે શ્રાવકોને સામાન્યતયા વિશિષ્ટ જ્ઞાન કે વિવેક સદા સર્વદા હોતા નથી. માટે ટુંકુ સૂત્ર આપી દીધું–

मिच्छं परिहरह

મિથ્યાત્વના લૌકિક અને લોકોત્તર એવા પણ બે ભેદો પ્રસિદ્ધ છે. તે બંને ભેદોના પણ દેવ વિષયક અને ગુરુ વિષયક એવા બે પ્રકાર છે. એમ ચાર પ્રકારે મિથ્યાત્વને ઓળખાવેલ છે.

**(૧) લૌકિક દેવગત મિથ્યાત્વ** :— બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ આદિ લૌકિક દેવોને સુદેવ માનીને પૂજવા, નમવું, તેમના મંદિરોમાં જવું કે તેમની પ્રસિદ્ધ આરાધના–પ્રવૃત્તિ વગેરે કરવા તે સર્વેને લૌકિક દેવગત મિથ્યાત્વ સમજવું.

**(૨) લૌકિક ગુરૂગત મિથ્યાત્વ** :— બ્રાહ્મણ, તાપસ, સંન્યાસી વગેરે લૌકિક ગુરુઓને સુગુરુ માનીને નમસ્કાર કરવો, દંડવત્ પ્રણામ કરવા, जयश्री कृष्ण વગેરે બોલવું. તેમની ધર્મકથા સાંભળવી, તે પ્રમાણે આચરણા કરવી, બહુમાન કરવું વગેરે લૌકિક ગુરુગત મિથ્યાત્વ સમજવું.

**(૩) લોકોત્તર દેવગત મિથ્યાત્વ** :— પરદર્શનીઓએ પોતાના કબ્જે રાખેલી, પોતાના દેવરૂપે માનેલી જિન પ્રતીમાની પૂજા વગેરે કરવું. તેમજ આ લોકના સુખને માટે જૈન તીર્થોની યાત્રા કરવા જવું, આ લોકના સુખ માટે તીર્થની માનતાઓ માનવી, ઇહલોકની સિદ્ધિ કે સુખને માટે જિનેશ્વર દેવને ભજવા તે સર્વે લોકોત્તર દેવગત મિથ્યાત્વ કહેવાય.

**(૪) લોકોત્તર ગુરૂગત મિથ્યાત્વ** :— પાસત્થા, અવસન્ન વગેરે કુસાધુઓને ગુરૂરૂપ માનવા, વન્દન કરવું અથવા તો ગુરુના સ્તૂપ, મૂર્તિ વગેરેની આ લોકના સુખને માટે યાત્રા કરવી, ઇહલોકના

સુખને માટે જ ગુરુની માનતા માનવી, બાધાઓ રાખવી તે સર્વે લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ જાણવું.

**એક દૃષ્ટાંત** :– મગધ દેશમાં કુશસ્થલ નગર હતું. તે નગરમાં જીવ–અજીવ વગેરે તત્ત્વોના જાણકાર એવા સુમતિ અને નાગીલ નામના બે ભાઈઓ રહેતા હતા. પાપકર્મનો ઉદય થતાં તેઓ નિર્ધન બન્યા. ધન-ઉપાર્જન કરવા માટે બન્ને ભાઈઓ પરદેશ જવા નીકળ્યા. માર્ગમાં ચાલતા તેઓએ પાંચ સાધુઓને જતાં જોયા. તેમના સંવાદો અને ચેષ્ટા વગેરે પરથી પાસત્થા હોય તેવું જણાયું.

નાગીલે સુમતિને કહ્યુ ભાઈ ! મેં એક વખત નેમિનાથ પ્રભુના મુખે સાંભળેલું કે...

एवंविहे अणागार रुवे भवंति - ते कुसीले
ते दिट्ठिए वि निरकिउ न कप्पंति

આવા પ્રકારના સાધુ વેશધારી હોય છે, તેઓને કુસિલિયા જાણવા. તેઓ દૃષ્ટિથી પણ જોવા યોગ્ય નથી. માટે આપણે આવા મિથ્યાદૃષ્ટિ-ઓને છોડીને આગળ જઈએ.

સુમતિ કહે હે ભાઇ ! તું વક્ર દૃષ્ટિ દેખાય છે. નાગિલ કહે નહીં ભાઇ નહીં. હું મનથી પણ સાધુના દોષને ગ્રહણ કરતો નથી. આ તો પરમ તારક શ્રી તીર્થંકર પરમાત્મા નેમિનાથ ભગવંતની આજ્ઞાનું પાલન કરું છું. સુમતિ કહે જેવો બુદ્ધિ વિનાનો તું છે તેવો બેવકુફ તારો તિર્થંકર હશે કે જેણે આવો નિષેધ કર્યો. નાગિલે સમજાવ્યું ભાઈ ! આવી રીતે તું તીર્થંકરની આશાતના ન કર. આ સાધુ સાથેનો સંગ તને લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ આપનાર છે. બાકી હું પંચ મહા-વ્રતધારી ગુરુનો અવિનય કદાપી કરૂં નહીં. સુમતિને નાગિલની વાત ગળે ઉતરી નહી. તેણે પ્રાણના અંત સુધી આ સાધુને ન છોડવા તેવો નિર્ણય કરી તેમની પાસે દીક્ષા લઈ સાધુ બન્યો.

ગૌતમ સ્વામીએ પ્રભુ મહાવીરને પૂછ્યું હે પ્રભો ! આ રીતે મિથ્યાત્વવાસી બનેલો સુમતિનો જીવ ભવિ છે કે અભવિ ? પ્રભુ કહે હે ગૌતમ તે જીવ ભવિ જ છે. ગૌતમ સ્વામીએ ફરી પૂછ્યું ભગવન્ ! તેની ગતિ શી થઇ છે ? વીર પરમાત્માએ જણાવ્યું કે ગૌતમ ! જિને-શ્વરની આશાતના તથા મિથ્યાત્વના પરિણામોને લીધે તેણે અનંત

સંસાર ઉપાર્જન કર્યો છે. હાલ તો તે પરમાધામિક દેવપણે ઉત્પન્ન થયો છે. અનંત કાલ ભટકશે.

તે સુમતિના જીવના એક જ ભવનું વર્ણન સંક્ષેપથી જોઈશું તો પણ તેના ભયંકર ભવ ભ્રમણનો ખ્યાલ આવી જશે અને આપણો મૂળ વિષય "મિથ્યાત્વ પરિહરો" માં પ્રભુ કે ગુરૂને ઓળખ્યા? એવું શિર્ષક કેમ આપ્યું તે પણ સમજાશે.

જંબુદ્વિપની જગતીની વેદિકાથી ૫૫ યોજન દૂર ૧૨ા યોજન વિસ્તારવાળો અને ૯ યોજન ઊંચો અને હાથીના કુંભસ્થળના આકારે હોય તેવો એક દ્વિપ રહેલો છે. તેમાં કાજળ જેવી કાળી ગુફાઓ છે. એ ગુફામાં જલચારી મનુષ્યો રહે છે. આ સર્વે મનુષ્યો પ્રથમ સંહનનવાળા, મદ્યપાન કરનારા, માંસભક્ષણ કરનારા, કાળા કાળા સીસમ જેવા વર્ણવાળા, દૂર્ગન્ધ મારતા શરીરવાળા હોય છે. તે અંડગોલિક મનુષ્યો તરીકે ઓળખાય છે. તેમના અંડની ગોળીને ચમરી ગાયની પુચ્છ વડે ગુંથીને કાનમાં બાંધી વેપારીઓ સમુદ્રમાં પ્રવેશે છે. જેથી તેમને સમુદ્રના જીવજંતુ ઉપદ્રવ કરતા નથી.

આ અંડની ગોળી મેળવવા માટે વેપારીઓ ઘંટીના આકારે વજ્ર શિલાના બે સંપુટ લાવે છે. તે સંપુટમાં દારૂ-માંસ-માખણ-મદ્ય ભરીને અંડગોલિક મનુષ્યને ખાવા માટે લલચાવે છે. ગુફાથી થોડે દૂર અંતરે રહી માંસના ટુકડા વગેરે ફેંકી અંડગોલિયાને ધીરે ધીરે સંપુટમાં પ્રવેશ કરાવે છે. જેવા અંડગોલિક માનવો તેમાં પ્રવેશ કરે કે તુરંત જ ઘંટીનું પડ બંધ કરી દે. પછી યંત્ર વડે વજ્રની ઘંટીમાં તે માનવોને દળવાનું શરૂ કરે. પણ આ મનુષ્યો એટલા બધાં બળવાન હોય છે કે એકાદ વર્ષ સુધી દળાય ત્યારે મહાવેદનાને અનુભવતા તેઓ માંડમાંડ મૃત્યુ પામે છે. (છતાં કદાચ એકાદ અંડગોલિક બચી જાય તો બહાર નીકળતાં જ બધાં વેપારીને મારી નાખે તેટલું બળ તેમનામાં હોય છે.) મૃત્યુ પામેલા અંડગોલિકના શરીરના ચૂર્ણ થતા તે ચૂર્ણમાંથી અંડની ગોળીઓ શોધી લે છે.

સુમતિનો જીવ આ રીતે સાત સાત ભવ સુધી અંડગોલિક મનુષ્ય, પછી પરમાધામી, ફરી અંડગોલિક મનુષ્ય અને પછી પરમાધામી.... એ રીતે ભવભ્રમણ કરશે. વિચારો હવે કે એક માત્ર લોકોત્તર ગુરુગત

મિથ્યાત્વ અને તે સાથે જિનેશ્વર દેવની આશાતનાનું કેવું ભયંકર પરિણામ !

સાત સાત ભવમાં આ રીતે ઘંટીમાં દળાવાનું અને એકાદ વર્ષ જેવા લાંબા સમય માટે નરકના જેવી ઘોર યાતના ભોગવવાની. માટે જ શાસ્ત્રકારો જણાવે કે मिच्छं परिहरह–મિથ્યાત્વને છોડો.

પહેલા સુદેવ–સુગુરુ અને સુધર્મની સાચી ઓળખ પ્રાપ્ત કરી લો એટલે કે પ્રભુ અને ગુરુને બરાબર ઓળખી લો. જો તમે પ્રભુ કે ગુરુને ઓળખી લીધા હોય તો કુદેવ–કુગુરુ–કુધર્મ રૂપ મિથ્યાત્વને છોડો.

સુમતિનો જીવ આવું અનંત ભવ ભ્રમણ કરી છેલ્લે દીક્ષા લઈને મોક્ષે જશે. જ્યારે પ્રભુ અને ગુરુને સમ્યક્ પ્રકારે પરખનાર એવો નાગીલ તો તે જ ભવે બાવીશમા તીર્થંકર પરમાત્મા શ્રી નેમિનાથ પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરી મોક્ષે ગયો. તમે પણ દેવ અને ગુરુની સમ્યક્ પ્રકારે ઓળખ પામીને મિથ્યાત્વનો પરિહાર કરનારા બનો.

યોગશાસ્ત્રમાં દેવ–ગુરુ અને ધર્મની સુંદર ઓળખ આપી છે. ત્યાં પણ કુગુરુને ઓળખાવતા લખ્યું કે—

સર્વ વસ્તુઓના અભિલાષી, ભક્ષ્ય–અભક્ષ્ય વગેરે ભોજનને કરનારા, ધન–સ્ત્રી–પુત્ર આદિ પરિગ્રહ ધારી, અબ્રહ્મચારી કે મિથ્યા ઉપદેશ દેવાવાળા ગુરુઓ ગુરુ જ નથી. માટે સુમતિના જીવની માફક આવા ગુરુનું અનુયાયી પણું કદી સ્વીકારવું નહીં. તેમજ લૌકિક કે લોકોત્તર બંને પ્રકારના મિથ્યાત્વનો પરિહાર કરવો.

જે આત્મા આવા ચારે પ્રકારના મિથ્યાત્વને ત્રિવિધે તજનારા થાય છે. તે જીવોને નિષ્કલંક એવું શુદ્ધ સમકિત પ્રગટે છે.

**પ્રશ્ન** :– રાવણ અને કૃષ્ણ જેવાએ પણ તે-તે કાળે મિથ્યાત્વ સેવેલું હતું તેનું શું ?

**સમાધાન** :– આ પ્રશ્ન સવથા અનુંચિત છે. જેમકે એક વાત તો એ છે કે તે કાળે જૈન ધર્મની જ પ્રબળતા હતી. તે પ્રબળતાને લીધે બીજા જીવો જલ્દીથી મિથ્યાત્વની વૃદ્ધિને પામે તેમ નહોતા.

બીજી મહત્વની વાત એ છે કે કોઈપણ આલંબન ચઢવા માટે લેવાનું હોય, પડવા માટે નહીં. કેટલીક દ્રવ્ય ક્રિયાઓ જોઈને જીવને સંશય જાગે. અને તે સંશય હૃદયમાં શલ્ય ઉભું કરે તો જીવ સાંશયિક મિથ્યાત્વમાં પ્રવેશે છે. જેમકે શ્રીપાલ રાજાનો રાસ સાંભળી કોઇ

એવો અર્થ કરે કે વાહ! નવપદનું ધ્યાન ધરીએ તો સ્ત્રી-પુત્રાદિ પ્રાપ્ત થાય. તો એ વિપરિત અર્થ છે. નવપદનું ધ્યાન મોક્ષને માટે જ હોય. પણ શ્રીપાલમાં ખોટું આલંબન પકડાઈ જાય તો? નવપદને બદલે નવવધૂના આરાધનમાં જોડાઈ જવાય, જે મોક્ષની નિસરણીને બદલે નરકની ગર્તામાં ગબડાવી દે.

માટે જ શ્રાવકને બીજું કર્તવ્ય જણાવતાં નાનકડું સૂત્ર પકડાવી દીધું. मिच्छं परिहरह – **મિથ્યાત્વને છોડો.** મનથી મિથ્યાત્વને છોડો, વચનથી મિથ્યાત્વને છોડો, કાયાથી મિથ્યાત્વને છોડો—કારણ-રૂપ મિથ્યાત્વને છોડો, કરાવણ રૂપ મિથ્યાત્વને છોડો, અનુમોદન રૂપ મિથ્યાત્વને છોડો. બસ મિથ્યાત્વ પરિહાર એ જ શ્રાવકજીવનનું લક્ષ્ય બનાવી દો. કેમકે મિથ્યાત્વના ભેદ વર્ણવતા શાસ્ત્રકારે મિથ્યાત્વની સ્થિતિ પણ વર્ણવી છે. તે મુજબ અનાદિ સાંત સ્થિતિનું મિથ્યાત્વ ક્યારેક પણ દૂર થશે અને સમ્યક્ત્વ સ્પર્શશે. સમ્યક્ત્વની સ્પર્શના થશે તો જરૂર મોક્ષ મળશે.

**મિથ્યાત્વની સ્થિતિ :-**

अभव्याश्रित मिथ्यात्वेऽनाद्यनंता स्थितिर्भवेत्
सा भव्याश्रित मिथ्यात्वे ऽ नादिसांता पुनर्मता

અભવ્ય પ્રાણીને આશ્રીને મિથ્યાત્વની સ્થિતિ અનાદિ અનંત છે. અને ભવ્ય પ્રાણીને આશ્રીને મિથ્યાત્વની સ્થિતિ અનાદિ સાંત માનેલી છે એટલે કે—

જે જીવો ભવ્ય છે અને (નિગોદમાંથી) અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવી ગયા છે તેવા જીવોને ક્યારેક તો સમક્તિની સ્પર્શના થવાની જ છે. મતલબ કે તેઓનું મિથ્યાત્વ એક દિવસ તો દૂર થવાનું જ છે માટે તેઓને મિથ્યાત્વની સ્થિતિ અનાદિ સાંત કહી. સાંતનો અર્થ છે જેનો અંત છે તેવી. જ્યારે અભવ્ય જીવની મિથ્યા-ત્વની સ્થિતિ अनादि अनंत જણાવી. अनंत એટલે જેનો કદી અંત થવાનો નથી તેવી. જે જીવો અભવ્ય છે તેઓ કદી મોક્ષે જવાના નથી. તેમને કદી સમક્તિ થવાનું નથી અને તેમના મિથ્યાત્વની સ્થિતિનો કોઇ અંત પણ નથી. તેથી તેઓને अनादि अनंत સ્થિતિ વાળા કહ્યા.

**અભવિ પાલકનું દષ્ટાંત :-** શ્રાવસ્તી નામે નગરી હતી. આ નગરમાં સ્કંદક નામે રાજપુત્ર રહેતો હતો. તેણે દેવાધિદેવ પરમાત્મા

શ્રી મુનિસુવ્રત સ્વામીજી પાસે શ્રાવક ધર્મ અંગીકાર કરેલો હતો. એક દિવસે પાલક પુરોહિત ત્યાં આવ્યો. રાજ્યસભામાં ધર્મની ચર્ચા થતાં વિવાદ સર્જાયો. ત્યારે સ્કંદક રાજપુત્રે પાલક પુરોહિતનો પરાજય કર્યો. પરાજય પામેલા પાલકના મનમાં સ્કંદક પ્રત્યે તીવ્ર દ્વેષ ઉત્પન્ન થયો.

કેટલાંક સમય બાદ સ્કંદક રાજપુત્રે દીક્ષા લીધી. જ્ઞાનાભ્યાસ થયા બાદ પ્રભુજીની આજ્ઞા માંગી કે મારી બેનના દેશ જાઉં કે કેમ ? પ્રભુ કહે હે શિષ્ય ! ત્યાં તને મરણાંત ઉપસર્ગ થશે. પ્રભો ! ઉપસર્ગમાં હું આરાધક બનીશ કે વિરાધક. ભગવંત કહે તમારા સિવાયના બધાં શિષ્યો આરાધક બનશે પણ તમે વિરાધક થશો.

સ્કંદક આચાર્યએ વિચાર્યું કે મારા નિમિત્તે અગર પાંચસોને આરાધકપણું મળતું હોય તો તે કાર્ય કરવામાં ખોટું શું ? ભગવાનની આજ્ઞા પૂર્વક વિહાર કર્યો અને પહોંચ્યાં બેનની નગરીમાં. ત્યાં પૂર્વનો વૈરી પાલક પુરોહિત પણ હતો. પાલકે કપટ યુક્તિ દ્વારા રાજાના મનમાં ઠસાવી દીધું કે આ સાધુના વેશમાં તમારું રાજ્ય લેવાને આવેલ છે. સાથે ૫૦૦ સુભટો પણ લાવ્યો છે. રાજાને મનમાં ક્રોધ વ્યાપી ગયો. અને તુરંત પાલકને હુકમ આપ્યો–

**રાજા કહે મંત્રીશ્વરૂ જે રુચે તે ધાર**
**સાંભળી પાલક હરખીયો ઊંદર જીમ મંજાર**

રાજાએ બધાં જ સાધુઓને મારી નાખવાની આજ્ઞા કરી. પાલકે તેને ઘાણીમાં પીલવા વિચાર્યું ત્યારે રાજાએ આટલો જ જવાબ ગુસ્સામાં આપ્યો.

મંત્રીશ્વર ! તમને જેમ રુચે તેમ કરો, ત્યારે પાલક એટલો ખુશ થયો કે જાણે બિલાડી ઉંદરને જોઇને નાચી ઉઠે તેમ આનંદમાં આવીને ઘાણી તૈયાર કરાવી. એક પછી એક શિષ્યને ઘાણીમાં નાખી પીલવાનું શરૂ કર્યું. સ્કંધક ઋષિજી બધાં જ શિષ્યોને આરાધના કરાવતા જાય છે. આરાધનાના ભાવમાં આગળ વધતા વધતા બધાં જ શિષ્યો અંતકૃત કેવલી બની મોક્ષે સિધાવ્યાં. બસ છેલ્લા બાલ શિષ્યને ઘાણીમાં પીલવાનું શરૂ કર્યું ત્યારે આચાર્ય મહારાજે સ્થિરતા ગુમાવી પહેલાં તો પાલકને વિનવણી કરી. કરગર્યા, ભાઈ ! પહેલાં મને પીલી નાંખ, આ નાનકડા બાલશિષ્યને પીલાતો હું જોઈ નહીં શકું. પણ પાલકે

તેની આજીજી માન્ય ન કરી. ત્યારે સ્કંધક ઋષિજીના પરિણામો બદલાયા. ત્યાં જ નિયાણું કર્યું કે મારા તપ તેજનું કાંઈ બળ હોય તો હું આખા નગરનો વિનાશ કરનારો થાઉં.

પાંચસો શિષ્યોને કેવલજ્ઞાન થયું પણ સ્કંધક ઋષિ નિયાણું કરી અગ્નિકુમાર દેવ થયા. તેણે આખા નગરને ભસ્મ કરી દીધું.

આખી કથામાં એક જ પ્રશ્ન આપણે માટે મહત્વનો છે. પાલકના આવા કિલષ્ટ અને ક્રૂર પરિણામો થયા કેમ?

**ઋષભ વિજયજી**–સ્કંધક ઋષિની સજ્ઝાયમાં જણાવે છે કે–

**સાવત્થી નયરી ભણી દંડક રાય વરીઠ્ઠ**
**જીવ અભવ્યનો દુષ્ટમો પાલકમાત્ય કુધીઠ્ઠ**

ધીઠ્ઠો એવો પાલક મંત્રી દુષ્ટ બુદ્ધિવાળો અને અભવ્ય જીવ હતો. તે મરીને સાતમી નરકે ગયો.

અભવિના જીવને કદી મોક્ષની ઇચ્છા થતી જ નથી. તે અનાદિ અનંત સ્થિતિ વાળા ગાઢ મિથ્યાત્વના ઉદય વાળો હોય છે. પણ જો તમને કદી "**હું મોક્ષે જાઉં**" તેવો વિચાર પણ આવે અથવા હું ભવિ હોઈશ કે અભવિ તેવો સંશય થાય તો સમજવું કે તમે ભવિ છો. ભવિ જીવ કયારેક તો મોક્ષે જવાનો જ છે. મોક્ષે જવા સમકિત પામવું જરૂરી છે. સમકિત પામવા મિથ્યાત્વનો ત્યાગ ફરજિયાત છે. માટે શ્રાવકોનું બીજું કર્તવ્ય જણાવ્યું मिच्छं परिहरह

શુદ્ધ દેવ–ગુરુ–ધર્મને ઓળખી સૌ મિથ્યાત્વનો પરિહાર કરનારા બનો, એ જ અભ્યર્થના........

☼ ☼ ☼

# (૮) મિથ્યાત્વના પ્રકારો [૨]

## —"મારું એજ સાચું" છોડો

वरं ज्वालाऽऽ कुले क्षिप्तो देहिनात्मा हुताशने
न तु मिथ्यात्व संयुक्तं जीवितव्यं कदाचनं

શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છે કે ચારે બાજુ વ્યાપ્ત એવી અગ્નિ જવાળામાં પોતાના દેહ વડે આત્માને હોમવો સારો, પણ મિથ્યાત્વથી જીવવું સારું નહીં.

વિચારો જરા ! આત્મહત્યા કરતાં પણ મિથ્યાત્વને મોટું પાતક કહ્યું. તે કઈ રીતે કહ્યું ? ચારે બાજુ ફેલાયેલી અગ્નિની જવાળાઓમાં હોમેલો દેહ બળશે જરૂર, પણ માત્ર એક ભવ માટે. જ્યારે મિથ્યાત્વ રૂપી હોળીમાં પડેલો આત્મા ભવોભવ અટવીમાં બળ્યા જ કરશે, છતાં આત્માનો છુટકારો નહીં થાય. એટલે જ શ્રાવકને નાનકડુ સૂત્ર આપ્યું–

मिच्छं परिहरह

સૂત્ર નાનું પણ કેટલો મોટો સંદેશો આપ્યો કે ગુણઠાણાની શ્રેણીના પગથીયા ચઢાવી દીધા. આજકાલ જૈન સિદ્ધાંતની બારાખડી ન જાણતા લોકો પણ વાત વાતમાં બોલે છે કે "આ બરોબર નથી – આમ થવું ન જોઇએ – મને તો લાગે છે કે સાધર્મિક વાત્સલ્ય એ નકામો ખર્ચ છે," વગેરે.

બસ તેવા મહાનુભાવોને આ નાનકડું સૂત્ર વંચાવી દો. मिच्छं परिहरह-**મિથ્યાત્વ ત્યાગ** કારણ કે તેઓએ કદી મહાપુરુષોના ગ્રંથો જોયા નથી. અવલોકયા નથી. તેઓને શું સમજાવવું કે યોગ્ય–અયોગ્યનો નિર્ણય શાસ્ત્ર દષ્ટિએ થાય. સ્વબુદ્ધિએ નહીં.

પૂર્વધર મહર્ષિ દેવર્ધિગણી ક્ષમાશ્રમણ તરફ એક દષ્ટિ તો ફેંકો. આગમને આરૂઢ કર્યા ત્યારે એક જ વાત પરત્વે જુદા જુદા આચાર્યોનો મત પરસ્પર વિરોધી જણાતો લાગે. છતાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ બન્ને મતો ન્યાયી જણાતા હોય અને વિરોધાભાસ ન ટળી શકતો હોય તો શું લખ્યું ? तत्वं केवलिगम्यम् તત્વ શું હશે તે કેવલી જાણે, કહીને વિરમે. પણ કયાંય પોતાનો મત રજુ કરે નહીં કે મારી દૃષ્ટિએ આ સાચું છે કે ખોટું. અગિયાર અંગના જ્ઞાતા અને એક પૂર્વના

ધારક પણ પોતાનું મંતવ્ય શાસ્ત્રની વાતમાં રજુ કરે નહીં તો તેઓના હૈયામાં જિનવચન પરનો આદર કેટલો હશે ?

આપણે જિનવચનને બદલે નિજવચનમાં રાચીએ છીએ. બહારના રૂડાં રૂપાળા દેખાવ પરથી જ નિર્ણય કરવા માંડીએ છીએ. જાણે કે શીંગડાવાળો સમકિતી અને પૂંછડાવાળો મિથ્યાત્વી એવું ઠરાવેલ ન હોય ! ! !

**એક સાચા બોલા સંત** ગૃહસ્થને ત્યાં આવ્યા. ગૃહસ્થને બધી વાતે સુખ પણ સ્વભાવથી બંને માણસ ખૂબ જ અશાંત. ગમે ત્યાંથી ઝઘડા ભેગાં કરી લાવે. પત્ની પણ એવી કે બળતામાં ઘી હોમે.

સંતે તેઓને ત્યાં ઉતારો લીધો. પણ તે ગૃહસ્થનું અશાંત અને અગ્નિની ભડભડતી જવાળા જેવું જીવન જોઇને ત્રાહિમામ્ થઇ ગયા. વહેલી તકે એ ઘરમાંથી વિદાય લીધી. વિદાય સમયે તે પુરુષ અને સ્ત્રીએ સંતના આશીર્વાદ માગ્યા. સંતે તેઓને માત્ર બે જ શબ્દો કહ્યા-**માણુસ બનજો.**

ધમાલિયો પુરુષ તો સંતની વાત વિસરી ગયો. પણ તે ગૃહસ્થની પત્ની મનમાં મુંઝાયા કરે. તેને વિચાર થયો કે શું આપણે ઢોર છીએ કે સંતે માણુસ બનજો તેવા આશીર્વાદ આપ્યા, પણ હવે જવાબ કોની પાસે માંગે ?

વર્ષો વીતી ગયા. સંત ફરી પાછા તે. શહેરમાં પધાર્યા, ત્યારે પેલી સ્ત્રીએ તેના પતિને કહ્યું, ચાલો, આપણે સાચાબોલા સંતના દર્શને જઇએ. પહોંચ્યાં સંત પાસે. ગૃહસ્થની પત્નીએ વર્ષો પહેલાંના આશીર્વાદનું રહસ્ય પૂછ્યું. ત્યારે સંતે કાંઇ જ જવાબ ન આપતા પોતાના સામાનમાંથી એક કાચ કાઢયો.

સંતે ગૃહસ્થ અને તેની પત્નીને કહ્યું કે આ એક જાદુઈ કાચ છે. તેમાં માણુસ જેવો હોય તેવો જ દેખાય છે. તમે પણ જુઓ, તમારૂં સાચું પ્રતિબિંબ આમાં પડશે.

સ્ત્રીએ અરીસો ઝુંટવી લીધો ને જેવું પોતાનું પ્રતિબિંબ જોયું કે છળી ઉઠી. ઓ ! બાપરે ! આમાં તો હું કુતરી જેવી દેખાઉં છું, શેરીના નાકે બીજી કુતરીઓ સામે ઘુરકીયા કરી રહી છું. મને સહેજેય જંપ નથી. તો ખરેખર શું હું કુતરી છું ?

અધીરા પુરૂષે તરત કાચ છીનવી લીધો. પોતાનું સ્વરૂપ જોયું તો

ઉકરડામાં આળોટતો ગધેડો. અરે આ શું દેખાય છે?

બન્ને બોલ્યા હે સંત પુરૂષ! અમે તો માણસ છીએ અને આમાં જનાવર જેવા કેમ દેખાઇએ છીએ? સંત કહે જુઓ ભાગ્યશાળી! આ કાચમાં તમે જેવા છો તેવા જ દેખાશો. બહારનું રૂપ નહીં પણ અંતરનું સ્વરૂપ પ્રગટ થશે.

આજ વાત મિથ્યાત્વના સંબંધમાં તમે સમજો. ક્રિયા, આડંબર, વાતો વગેરેથી માનવીનું બાહ્ય રૂપ દેખાય પણ આંતર સ્વરૂપ જાણ્યા વિના માનવીની સાચી પરખ ન થાય. મિથ્યાત્વનો સંબંધ પરિણામો સાથે છે. જીવના આંતરિક પરિણામો પરથી જ જીવનું સાચું સ્વરૂપ નક્કી થઇ શકે. આપણે પૂર્વે જોયું કે "मिच्छं परिहरह" નાનકડાં સૂત્રે ગુણઠાણાની શ્રેણીના પગથિયાં ચઢાવી દીધાં. તે વાતનો સંબંધ શાસ્ત્રકાર મહર્ષિ અહીં જોડે છે.

મિથ્યાત્વ વાસિત જીવ પહેલાં ગુણઠાણે છે. પણ જીવનું સાચું સ્વરૂપ જ્યારે સમજાય ત્યારે એટલે કે સમકિત પ્રગટે ત્યારે તે ચોથા ગુણઠાણે પહોંચે. પણ આપણે તો સાચું સ્વરૂપ નક્કી કરવા માટે જ્ઞાન નથી તો શું કરવું? તેને માટે પંચસંગ્રહની ૮૯ મી ગાથામાં મિથ્યાત્વના પાંચ પ્રકારો જણાવ્યા તેને આધારે તમે પોતે જ કયાં છો તે નક્કી કરી લેવું.

अभिग्गहिअमणभिग्गहं च, तह अभिनिवेसिअं चेवं
संसइअमणाभोगं, मिच्छत्तं पंचहा एअं

(૧) આભિગ્રહિક (૨) અનાભિગ્રહિક (૩) આભિનિવેશિક (૪) સાંશયિક (૫) અનાભોગિક

**(૧) આભિગ્રહિક** :- પોતાનું જ માનવું સાચું છે બાકી બધું ખોટું છે એવો આગ્રહ.

સ્વશાસ્ત્રના આગ્રહથી જેનો વિવેક રૂપ દીપક બુઝાઈ ગયો હોય, માત્ર પરદર્શનનો પ્રતિકાર કરવામાં ચતુર, અવિવેકી એવા લોકો પોતાના પક્ષના દુરાગ્રહી હોય છે તેઓને આભિગ્રહિક મિથ્યાત્વ કહ્યું છે. જેઓને તત્ત્વનો પક્ષ અને અતત્ત્વનો ક્ષેપ છે તેવા વિવેકીને પરદર્શનના પ્રતિકારમાં મિથ્યાત્વ મનાતુ નથી.

શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મહારાજા લોકતત્ત્વ નિર્ણયમાં જણાવે છે કે

पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु
युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः

મને શ્રી વીર પરમાત્મામાં પક્ષપાત નથી અને કપિલ વગેરે અન્ય દર્શનીમાં દ્વેષ નથી. માત્ર જેનું વચન યુક્તિસંગત — સત્ય હોય તેનો સ્વીકાર કરવો એ જ મારૂં મંતવ્ય છે.

આખી વાતનો સાર એટલો જ કે **મારૂં એ જ સાચું**–તે વાત છોડો તો આપોઆપ આ પ્રકારના મિથ્યાત્વનો પરિહાર થઈ જશે.

ભારત–પાકીસ્તાનના ભાગલા પૂર્વેની આ વાત છે. તે સમયે અફઘાનીસ્તાન પણ ભારતનો જ એક પ્રદેશ હતો. સમગ્ર ભારત પર બ્રિટનનું સામ્રાજ્ય વર્તતું હતું. એવી પરિસ્થિતિમાં બનેલો આ પ્રસંગ છે.

ઉત્તર પ્રદેશમાં આર્યસમાજી નેતા કુંવર સુખલાલ આર્ય થઈ ગયા. તેઓ એક વખત અફઘાનીસ્તાનના પાટનગર પેશાવરમાં પહોંચ્યા. ત્યાં તેઓએ હિંદુ ધર્મ તરફી અને બ્રીટીશ શાસન વિરોધી ભાષણ આપ્યું. એટલે બ્રીટીશ સરકારે રોષે ભરાઈને સુખલાલજી આર્યની ધરપકડ કરી. તેના પર ખટલો શરૂ કરવામાં આવ્યો. અદાલતમાં ખડા કરાયા. જે બ્રીટીશ જજ આ ખટલો સંભાળી રહ્યા હતા, તેઓએ સુખલાલજી આર્યની ઠેકડી ઉડાડવા પ્રશ્ન કર્યો અરે! સુખલાલજી તમે તો ઉત્તર પ્રદેશના રહેવાસી છો નહીં? સુખલાલજી કહે હા, પણ તે વાતની અત્યારે શું નિસ્બત છે જજ સાહેબ!

નિસ્બત માટેજ પ્રશ્ન કરું છું. છેક યુ. પી. થી ધર્મનો ઉપદેશ દેવા અને બ્રિટીશ રાજ્ય વિરુદ્ધ પ્રવચન કરવા તમારે પેશાવર સુધી આંટો ખાવાની જરૂર શી હતી? શું યુ. પી. માં તમે ધર્મોપદેશ કે બ્રિટીશ વિરુદ્ધ ભાષણ નહોતા આપી શકતા કે તમારે આટલા લાંબા થવાની જરૂર પડી?

સુખલાલજી જરા પણ મુંઝાયા વિના બોલ્યા કે જજ સાહેબ પરવાનગી હોય તો મારે એક પ્રશ્ન આપને પૂછવો છે. જજ સાહેબ કહે બોલો તમારે કયો પ્રશ્ન કરવો છે.

સુખલાલજી બોલ્યા મારો પ્રશ્ન તો બહુ સરળ છે. આપ નામદારને એટલુંજ પૂછવાનું કે આપ લોકો બ્રિટનમાં બેઠા બેઠા શાસન

નહોતા કરી શકતા કે સાત સમંદર પાર કરીને ભારત શાસન કરવા આવ્યા અને આપના ખ્રિસ્તી મિશનરી સેંકડો માઈલ દૂર અમારા દેશમાં ધર્મના પ્રચાર માટે આવ્યા તે બ્રિટનમાં પ્રચાર નહોતા કરી શકતા ?

જજ નિરૂત્તર થઈ ગયા સુખલાલજી કહે જજ સાહેબ લોકોને જે સત્ય લાગશે તે સ્વીકારશે. મારે કંઇ "મારી જ વાત સાચી" તેવો કોઈ આગ્રહ નથી. તમે પ્રચાર કરો છો તેમ હું પણ પ્રચાર કરું છું. લોકોને જે સાચું લાગશે તે સ્વીકારશે અને જજે તેને છોડી મુકયા.

એ જ રીતે શ્રાવકને પણ આભિગ્રહિક મિથ્યાત્વમાંથી બહાર નીકળવા માટે વિવેક પૂર્વક નિર્ણય કરવો જરૂરી છે.

**પ્રશ્નઃ**– દરેક જીવમાં સ્વયં વિવેક કરવાની શક્તિ હોતી નથી તો તેઓએ આ મિથ્યાત્વનો ત્યાગ કેમ કરવો ?

**સમાધાનઃ**– આવા મનુષ્યો માષતુષ મુનિની જેમ માત્ર ગીતાર્થની નિશ્રામાં રહે અને ગુણવંત પુરુષના વચનને પ્રમાણ કરનારા બને તો તેઓ સ્વયં વિવેકી નહીં હોવા છતાં દુરાગ્રહી ન હોવાથી તેમને મિથ્યાત્વ ગણેલ નથી.

**(૨) અનાભિગ્રહિકઃ**– સારા કે ખોટાના વિવેક વિના બધાંને સારા ગણવા તે.

સામાન્ય મનુષ્યો આવા પ્રકારનું મિથ્યાત્વ ધરાવે છે. તેઓ સઘળા દેવને દેવજ માને છે અને બધાં ગુરુઓને સમાનપણે ગુરુ માને છે. દુનિયાના તમામ ધર્મો સાચા છે કોઇ ખોટું નથી તેમ માને, આવા લોકોને પોતાના દર્શનનો આગ્રહ નથી, બીજા પ્રત્યે દ્વેષ નથી. તેઓ વસ્તુતઃ તત્ત્વ કે અતત્ત્વ બન્નેને સમાન જ માને છે માટે મિથ્યાત્વ કહ્યું.

કેટલાક હોંશીયાર માણસો આગળ દલીલ કરતા કહે છે કે આપણે તો બધાં સરખા. એકને સારા ગણીએ અને એકને સારા ન ગણીએ તો નકામો રાગ–દ્વેષ થાય અને અમારો આત્મા નકામો રાગ–દ્વેષમાં ડૂબે ને ? આવાને શું કહેવું ?

જાનવરને પણ એટલી ખબર પડે કે એક કુંડુ પાણીનું હોય અને એક કુંડુ મુતરનું હોય તો શું પીવાય. તે પાણીમાંજ મોઢું નાખશે મુતરમાં નહીં. ત્યાં પ્રશ્ન રાગ દ્વેષનો નથી પણ વિવેકનો છે. સાચા

જૂઠાની પરીક્ષા કરી પછી સત્ય સ્વીકારવાનું છે. તેમાં બધાને સમાન ગણવું તે જ મિથ્યાત્વ છે સંક્ષેપમાં કહીએ તો ઘોડો અને ગધેડો બન્નેને સરખા ન ગણાય.

આટલું સમજી આભિગ્રહિક મિથ્યાત્વ પરિહરો

**(૩) આભિનિવેશિકઃ-** સત્ય જાણવા છતાં પોતાની અસત્ય વાતને પકડી રાખવી તે—

તત્ત્વ-અતત્ત્વને યથાસ્થિત જાણતા છતાં દુરાગ્રહથી વિપરીત બુદ્ધિવાળા બનેલા અને અસત્યનો પક્ષ કરનારા ગોષ્ઠામાહિલ જેવાને આ મિથ્યાત્વ જાણવું.

કર્મની વ્યાખ્યા કરતા જ્યારે પૂજ્યશ્રી વિન્ધ્યમુનિએ જણાવ્યુ કે કર્મ જીવના પ્રદેશ સાથે ક્ષીર-નીરની જેમ જોડાયેલ છે અથવા તો અગ્નિથી તપાવેલા લોહના ગોળા અને અગ્નિની માફક જોડાયું છે. ત્યારે અસત્કર્મના ઉદયથી ગોષ્ઠામાહિલે તેને કહ્યું કે જીવ અને કર્મનો તાદાત્મ્ય સંબંધ દૂષીત છે. કેમકે તાદાત્મ્ય ભાવ માનવાથી જેમ જીવના પ્રદેશ જીવથી ભિન્ન થતાં નથી તેમ કર્મ પણ જીવથી અભિન્ન રહેશે. અને સદાકાલ કર્મ જીવ સાથેજ જોડાયેલું રહેશે તો મોક્ષ થશે નહીં. માટે કર્મ અને જીવ જોડાયેલા નથી પણ સાપની કાચળીને પેઠે જીવને માત્ર કર્મનો સ્પર્શ જ છે. તે કર્મ અને જીવ તાદાત્મ્ય ભાવ વિના જ જોડાયેલા છે અને તેની સાથે પરભવમાં જાય છે તેમ માનવાથી જ મોક્ષ પ્રાપ્તિ રહેશે.

વિન્ધ્યમુનિને શંકા પડી એટલે આચાર્ય મહારાજ પાસે ગયા. આચાર્ય મહારાજ કહે તમારું કથન ખરું છે. કેમકે જીવ પોતાની અવગાહનાથી વ્યાપ્ત થયેલા આકાશ પ્રદેશમાં રહેલા જ કર્મના દળીયાંને ગ્રહણ કરે છે. પણ બીજા પદેશમાં રહેલાંને ગ્રહણ કરતો નથી. જો તે બીજા પ્રદેશમાં રહેલા કર્મ ગ્રહણ કરે તો જ પોતાની ફરતા કર્મને વીંટી શકે અને તોજ કર્મને સાપની કાંચળીની ઉપમા ઘટીશકે.

વિન્ધ્યમુનિએ ગોષ્ઠામાહિલને આ રીતે ગુરુ વચન સમજાવ્યું છતાં તેણે પોતાની વાત છોડી નહીં. એટલે આચાર્ય મહારાજે તેને બોલાવીને સમજાવ્યું કે જો માત્ર બાહ્ય ચામડી સાથે જ કર્મને જોડાયેલાં માનશો તો એક ભવમાંથી બીજા ભવમાં જીવ જશે ત્યારે તો શરીરને મૂકીને જશે. એટલે જેમ બાહ્ય મલ-મેલ વગેરે સાથે ન જાય તેમ કર્મ

પણ નહીં જાય. અને કર્મ વગરનો જીવ તો મોક્ષે જ જવાનો કેમકે પુનર્જન્મના કારણભૂત કર્મ રહેશે નહીં. આવી ઘણી ઘણી સમજાવટ છતાં ગોષ્ઠા માહિલે તેની વાત મૂકી નહીં.

બીજી વખત પ્રત્યાખ્યાન માટે વાંધો લીધો કે યાવજ્જીવના પચ્ચક્ખાણ ન હોય કેમકે યાવજ્જીવના પચ્ચક્ખાણથી તે પૂર્ણ થતાં આવતે ભવે સ્વર્ગમાં દેવાંગના સાથે ભોગ ભોગવીશ એવા અશુદ્ધ પરિણામ થાય તો તે રાગ દ્વેષથી દુષીત થયેલ પચ્ચક્ખાણ ભાવને વિશુદ્ધ રહેવા દેશે નહીં.

ગુરુ મહારાજે સમજાવ્યું કે તેમાં જાવજ્જીવથી કાળની મર્યાદાને કારણે દોષ નથી પણ આકાંક્ષા કે ઇચ્છાને લીધે દોષ છે. ભલા માણસ! કોઇ પોરસી પચ્ચક્ખાણ કરે તો તને પછી ખાવું છે તેવી ઇચ્છાનો દોષ થોડો મનાય.

આ વાતના અનુસંધાને એક પ્રસંગ યાદ આવે છે. રાણપુરમાં એક કંદોઇને ધર્મનો રાગ સારો. તેણે પરિગ્રહના પચ્ચક્ખાણ લીધા કે મારે પાંચ લાખથી વધુ રકમ થાય તો ધર્માદામાં વાપરી દેવી. બસ બીજે દિવસથી ભાઇ ઉપાશ્રયનું પગથીયું ન ચડે. થોડા દિવસો ગયા ત્યાં રસ્તામાં ભેગા થઇ ગયા. પૂછ્યું કેમ ભાઈ, ઉપાશ્રયે કેમ નથી આવતા? તો કે મહારાજ સાહેબ બાધા લીધી છે પાંચ લાખના પરિગ્રહની. હવે જલ્દી કમાવું તો પડશેને કયાંક મારી બાધા તુટી જાય તો?

હવે આ ભાઇને શું સમજાવવું?

સાઈઠ વર્ષની ઊંમરે કોઇ ચોથુ વ્રત લે તો હવેથી બ્રહ્મચર્ય પાળીશ તેવો અર્થ કરાય. પણ કોઇ એમ માને કે તો શું હજી સુધી ડોસા મોજ માણતા'તા? તેનો કોઇ જવાબ છે ખરો?

આચાર્ય મહારાજે પણ ગોષ્ઠામાહિલને કહ્યું કે ભાગ્યશાળી! પોરસિના પચ્ચક્ખાણનો અર્થજ એ કે આટલા કાળ સુધી તો મારે ન જ ખાવું. જો આવી કોઈ કાલ–અવધિ ન સ્વીકારીએ તો તો દીક્ષાના દિવસથી જ અનશન કરવું પડે, તો પછી તીર્થંકર પરમાત્મા દશ પ્રકારના પચ્ચક્ખાણ દર્શાવે છે તેનું શું?

તો પણ ગોષ્ઠા માહિલ ન માન્યા ત્યારે સંઘે કાયોત્સર્ગ કરી શાસન દેવીને યાદ કર્યા, દેવી સીમંધર પરમાત્મા પાસે ગયા. સાચી વાત પ્રગટ કરી તો ગોષ્ઠા માહિલે કહ્યુ કે દેવીની શક્તિ જ એટલી કયાં

છે કે ભગવાન પાસે જાય. પણ પોતાનો મત છોડયો નહીં તે આભિનિવેશિક મિથ્યાત્વ.

શ્રાવકોએ આવો કદાગ્રહ છોડી મિથ્યાત્વ ને પરિહરવું જોઇએ. અહીં ઉત્તરાધ્યયની નિર્યુક્તિ-૧૬૩ માં ભદ્રબાહુ સ્વામીએ કરેલ સ્પષ્ટતા સમજવા જેવી છે—

જે સમક્તિ દૃષ્ટિ આત્મા ઉપદેશ દ્વારા પોતાને સમજાએલાં શાસ્ત્રોને યથાર્થ માને તેમાં પોતાના અજ્ઞાનથી કે ગુરુ પરતંત્રતાથી કંઇક ખોટું સમજાય અને તે ખોટાને પણ સાચું માને તો તેને મિથ્યાત્વ કહેવાય નહીં.

**પ્રશ્નઃ**- જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણ, સિદ્ધસેન દિવાકરજી વગેરે આગમના રહસ્યો જાણવા છતાં એકજ વિષયમાં એકમેકથી ભિન્ન ભિન્ન માન્યતાથી મતભેદ પાડતા અને અન્ય મતને ન સ્વીકારતા તો તેઓ આભિનિવેશિક મિથ્યાત્વવાળા ખરા કે નહીં ?

**સમાધાનઃ**- આ વાત ઘટતી નથી કેમકે અતત્ત્વ છે તેવું જાણવા છતાં તત્ત્વ તરીકે મનાવવાનો દુરાગ્રહ ત્યાં હતો નહીં.

વળી પોતે અંગીકૃત કરેલ મત, પ્રવચનના મર્મને જાણનાર ગીતાર્થોની અવિચ્છિન્ન પરંપરાથી શાસ્ત્ર સંગત છે એમ સમજીને તે અર્થ તેઓએ સત્ય માન્યો-મનાવ્યો હોવાથી તેઓને આભિનિવેશિક મિથ્યાત્વ ન ગણાય.

આવું મિથ્યાત્વ ગોષ્ઠા માહિલ કે જમાલીને ગણ્યું.

કુંડપુર નગરમાં મહાવીર પ્રભુના ભાણેજ જેનું નામ જમાલી હતું તેની સાથે પ્રભુની પુત્રી પ્રિયદર્શનાના લગ્ન થયેલા. પ્રભુની વાણી સાંભળી વૈરાગ્ય ઉત્પન્ન થતાં દીક્ષા લીધી. જમાલીની સાથે ૫૦૦ ક્ષત્રિયોએ અને પ્રિયદર્શના સાથે ૧૦૦૦ સ્રીઓએ દીક્ષા ગ્રહણ કરી. જમાલિએ ચારિત્રની સુંદર પાલના કરતાં કરતાં અગીયાર અંગોનો અભ્યાસ કર્યો.

એક વખત રૂક્ષ અને નિરસ આહારથી જમાલિને દાહજ્વર ઉત્પન્ન થયો. એટલે પોતાના શિષ્યોને આજ્ઞા કરી કે સંથારો કરો. શિષ્યોએ સંથારો તૈયાર કરવો શરૂ કર્યો. હજી અડધો સંથારો થયો હશે, ત્યાં દાહજ્વરથી પીડાતા જમાલિએ પ્રશ્ન કર્યો કે સંથારો થઈ ગયો ? શિષ્યો કહે હા. વેદનાથી વિહ્વળ જમાલિ સુવા માટે આવ્યા

ને જોયું તો સંથારો પુરો થયેલો નહીં એટલે તેના દિમાગમાં ક્રોધ વ્યાપી ગયો. હજી સંથારો થયો નથી ને તમે સંથારો થઈ ગયો કહો છો ? શિષ્યો કહે પ્રભુનું જ વચન છે क्रियमाण कृतं (कडे माणे कडे)

જમાલીને પ્રભુવચનમાં અશ્રદ્ધા થઇ. પ્રભુનો આ સિદ્ધાંત જ ખોટો છે. કાર્ય પૂરૂ થાય ત્યારે જ પૂરુ થયું કહેવાય. कडे कडे ના નવા સિદ્ધાંતની સ્થાપના કરી, પ્રિયદર્શનાએ પણ સ્નેહરાગથી આ વાત સ્વીકારી.

**ખુટ ગયું તેલ ને બુઝ ગઇ બતીયાં**
**મંદિર મેં ભયો અંધીયારો**
**સુંદર વર કાયા છોડ ચાલ્યો વણુઝારો.**

આત્માને લક્ષમાં રાખી કહેવાયેલી આ સજ્ઝાયની પંક્તિનો એક સુંદર અર્થ અહીં નીકળી શકે તેમ છે.

ખુટ ગયું તેલ— શ્રદ્ધા રૂપી તેલ ખુટી જતાં જાણે કે જમાલિનો સમક્તિરૂપી દીવો બુઝાઈ ગયો અને તેના આત્મારૂપી મંદિરમાં ગાઢ અંધકાર છવાઈ ગયો. કારણ કે તેના મનમાં મારું એ જ સાચું તેવી માન્યતા પકડાઈ ને પ્રવેશી ગયું મિથ્યાત્વ.

શાસ્ત્રકાર મહર્ષિએ ફરમાવ્યું છે કે न तु मिथ्यात्व संयुक्तं जोवितव्यं कदाचनं - (પણ) મિથ્યાત્વ સહિત જીવવું સારું નહીં તેના કરતાં આ આત્માને શરીર સહિત બળબળતી જ્વાળામાં ફેંકવો સારો- જમાલિને પણ સમજાવવા ઘણો પ્રયત્ન પણ તેને કોઇ વાત સ્વીકારી નહીં તેથી કેટલાંક શિષ્યો જમાલિને નિહ્નવ જાણી પ્રભુ પાસે ગયા.

એક અક્ષરનો ફેરફાર પણ સિદ્ધાંતમાં ન ચાલે. कडेमाणे कडे અને कड़े कडे માં સાદી ગુજરાતીમાં વિચારીએ તો કરાતું ને બદલે કરાયું, માત્ર त નો य જ કર્યો છતાં રાજપુત્ર અને ૫૦૦ સાથે દીક્ષા લેનાર વળી જેની પત્ની ભગવાનની પુત્રી છે. ૧૦૦૦ સાથે દીક્ષા લઇને આવી છે તો પણ જમાલીને શાસન બહાર કરી દીધો.

કેમ ? આંખમાં નાનકડો રેતીનો કણીયો પણ આંખ ખમી શકે નહીં, તેમ જૈન શાસનમાં એક અક્ષરનો કે પદનો ફેરફાર પણ થઇ શકે નહીં.

पयं अक्खरमपि असद्धहंतो मिच्छदिट्ठि जमालिव्व

જમાલીએ कड़े माणे कडे માંથી માત્ર माणे પદ કાઢયું- કરાતું ને

કરાયું માં त નો य કરી દીધો. જૈન શાસન પરત્વે બાકી બધી વાતમાં પૂર્ણ પણે શ્રદ્ધા છે, છતાં આટલો ફેરફાર મિથ્યાત્વમાં લઈ ગયો. માટે શ્રાવકને કર્તવ્ય આપ્યું કે मिच्छं परिहरह

પ્રિયદર્શના પણ તે જ નગરમાં ઢંક નામના ભગવાનના ઉપાસક કુંભારની શાળામાં વસતિની યાચના કરી રહ્યા હતા. લોકો પાસે જમાલીના મતની પ્રરૂપણા કરતા હતા. ઢંકે વિચાર્યું કે અહો ! કર્મની ગતિ કેવી વિચિત્ર છે કે આ સાધ્વીજી ભગવાનની પુત્રી હોવા છતાં મોહવશ બની પોતાના પતિ એવા જમાલીની અસત્ પ્રરૂપણાને વશ બન્યા છે. તો તેને પ્રતિબોધ કરું.

સ્વાધ્યાય કરતા એવા સાધ્વી પ્રિયદર્શનાની સાડી પર (કપડાં પર) એક અંગારો ફેંક્યો. તેથી સાડીમાં છીદ્ર પડયા. બીજો - ત્રીજો એમ અંગારા ફેંકતા થોડા વધુ છીદ્રો પડયા. સાધ્વીજી કહે અરે આ શું કર્યું ? મારી સાડી (કપડો) બાળી નાખ્યો, શ્રાવક કહે આપ શું બોલ્યા ? આ તો પ્રભુનો મત છે. તમારા મતે તો આખું વસ્ત્ર બળે તો જ બળ્યું કહેવાય ને ?

પ્રિયદર્શનાને સાચું જ્ઞાન થયું. તરત મિથ્યાત્વનો ત્યાગ કરી, આલોચના કરી તે જ ભવે મોક્ષને પામ્યા. માટે શ્રાવકે પણ પોતાના અસત્ આગ્રહો છોડી, મિથ્યાત્વનો ત્યાગ કરવો જોઈએ.

**(૪) સાંશયિક મિથ્યાત્વઃ-** તત્ત્વના વિષયમાં આ આમ હશે કે અન્ય રીતે તેવો સંશય થાય તેને સાંશયિક મિથ્યાત્વ જાણવું.

**(૫) અનાભોગિક મિથ્યાત્વઃ-** ઉપયોગ શુન્યપણું

વિશિષ્ટજ્ઞાન વગરના આત્માઓ, એકેન્દ્રિયથી સંજ્ઞિ પંચેન્દ્રિય સુધીનાને આવું અનાભોગિક મિથ્યાત્વ હોય છે.

આવા પાંચ પ્રકારના મિથ્યાત્વમાં પોતે કયાં રહેલ છે તે વિચારવું-તેમાંથી બહાર નીકળી સત્ય માર્ગમાં પદાર્પણ કરવું તેજ मिच्छं परिहरह–છતાં **મારું એજ સાચું-છોડો** એવો વિષય પસંદ કરવાનું કારણ એ કે વર્તમાનકાલે બુદ્ધિજીવીઓ માટે આજ મિથ્યાત્વનો પરિહાર કરવાનું સમજાવવું વિશેષ આવશ્યક છે. બાકી શ્રાવક માટે તો સર્વથા મિથ્યાત્વ પરિહાર દર્શાવવાજ લખ્યું मिच्छं परिहरह.

# ( ૯ ) સમ્યક્ત્વની સમજ

—સત્ય શું છે?

या देवे देवता बुद्धि गु॑रौ च गुरुतामति:
धर्मे च धर्मधी: शुद्धा सम्यक्त्वमिव मुच्यते

શ્રાવકને માટે "મન્નહ જિણાણું" સજઝાયમાં ત્રીજું કર્તવ્ય મુકયું ધરહ सम्मत्तं સમ્ફ્યત્વ ધારણ કર. સમકિત ધારણ કરવાનું શા માટે?

વિશાળ કે અફાટ ભવસમુદ્રમાં પડેલા આત્મા કે જેની ચારે તરફ મોહના મોજાં અને વમળો ઉછળી રહ્યા હોય અને અચાનક કિનારો નજરે પડી જાય એટલે કે સમકિત પ્રગટે તો કેવો આનંદ થાય! જેમ દરિયામાં અટવાયેલા વહાણના મુસાફરો માત્ર કિનારો જુએ ત્યાં હાશકારો અનુભવે કે હવે વહેલાં મોડાં પણ આપણો છુટકારો થવાનો તેમ ભવસમુદ્રમાં ચકરાવે ચડેલા જીવને સમકિતનો સ્પર્શ થયો એટલે માત્ર અર્ધ પુદ્ગલ પરાવર્તનમાં તેની મોક્ષયાત્રા પુરી!

એક વખત કિનારો દેખાયો, તો સમુદ્ર પાર જરૂર થવાનો પણ જો કિનારા તરફનો માર્ગ પકડી રાખે તો! તેમ શ્રાવક મોક્ષે જરૂર પહોંચશે પણ જો સમ્યકત્વ ધારણ કરે તો! માટે જ શ્રાવકને કહી દીધું ધરહ सम्मत्तं-**સમ્યક્ત્વ ધારણ કરો**

સમ્યક્ત્વ એટલે શું? ટુંકો જવાબ-**શ્રદ્ધા**. જેમ માતા બાળકને ઉછેરે ત્યારે માતાને કેટલી શ્રદ્ધા હોય છે. બાળક મોટો થશે, જીવશે, આરોગ્યવાન્ બનશે, ભણશે, કમાશે, મને સાચવશે વગેરે....તેમ આપણે પણ દઢ શ્રદ્ધા ધારણ કરીએ કે આ સમ્યક્ત્વથી આરંભેલી યાત્રા જરૂર મોક્ષમહેલમાં પ્રવેશ કરાવશે.

☼ પણ સમ્યક્ત્વ એટલે શું?

या देवे देवता बुद्धि....જે દેવને વિશે દેવપણાની બુધ્ધિ, ગુરુને વિશે ગુરુપણાની બુધ્ધિ અને ધર્મ વિશે શુદ્ધ ધર્મ બુધ્ધિ આ(જ) સમ્યક્ત્વ કહેવાય છે.

**શુદ્ધ દેવ ગુરૂ ધર્મ પરીક્ષા સદ્દહણા પરિણામ**
**જેહ પામીજે તેહ નમીજે સમ્યગ્ દર્શન નામ રે-**

ઉમરાળા પરગણાનું સમઢિયાળા ગામ હતું મકર સંક્રાન્તીની એક સવારે સૂરજ અવનીને ઉજાળવા ધીરા ધીરા ડગલા માંડી રહ્યો છે. લોકો દાન પુન્ય કરી ભવનું ભાથું બાંધવા તૈયારી કરે છે. એ ટાણે ગંગાજળીય ગોહિલ કુલનો દિવડો કસળસિંહજી ગામના પાદરે શિવ-મંદિરમાં ભોળીયા નાથને ભજી રહ્યો છે. ભક્તિની ભભકમાં આઠે પહોર આળોટતાં રાજપૂતના રૂંવાડે રૂંવાડે જાણે જપતપની જ્યોતું ઝળહળે છે. કસળસિંહને ભીતરના ભેદ ભાંગી ગયા છે. હવે ગામ ગરાસમાં રસ રહ્યો નથી, ચપરાશી પાસે વેઠવાટા કરાવવા વખત નથી, હથિયાર હેઠા મુકી માળાના મણકામાં મન પરોવી મોક્ષમારગ પગલું ઉપાડી ચૂકેલો ગરાસીયો દેવના દરબારમાં સૃષ્ટીના સર્જનહાર સામે કાલાવાલા કરી રહ્યો છે—શિવમહિમા ગાઈને ઉઠયો.

ગામને પાદરે માણુસોની ઠઠ જામી છે. ભગતને અચરજ થયું. જુએ છે તો સંક્રાંતિનો દિવસ હોવાથી ગામને ગોંદરે ગાયોને લીલું ખવરાવી રહ્યા છે. વડલાને ઓટે દરબાર ડાયરો ભરી બેઠા છે. હોકો વારાફરતી ફરી રહ્યો છે. ખૂબ લીલું ખાઇ જવાથી એક ગાયને મીણો ચડી ગયો હતો, આખું ઓળે ચડી ગયેલી, મોઢેથી ફીણુ નીકળી રહ્યા હતા. કસળસિંહને જોઇને ડાયરામાંથી એકે મહરના વેણુ કાઢયા.

આ ભગત આવ્યા. ગાયને હમણાં બેઠી કરશે. આ વેણુ કસળસિં-હને કાનમાં નહીં કાળજે ખટકયા. ડાયરો તો ભગત માથે મીટ માંડીને બેઠો, ત્યાં બીજો ઘા વછૂટયો. લ્યો ભગત મોડું કાં કરો, સપરમે પરબે તમ બેઠે ગામને પાદરે ગાય મરે ? તો તો તમ ભક્તિને ભોંઠપ લાગે.

કસળસિંહ સમજી ગયા. આજે કસોટી છે. કિરતાર તારી કળા અપરંપાર છે. એટલું બોલી જળે ભર્યા ત્રાંબાના લોટામાંથી અંજલી છાંટી, એક–બે અને ત્રીજી અંજલીએ તો ગાય જાય ભાગી. ડાયરો ઝંખવાણો પડી ગયો. ભગતના પગે પાઘડી મુકી માફી માંગી. કસળ-સિંહે વેણુ કાઢયા ભાઇઓ શીશતો પ્રભુના ચરણે નમાવો ભોળીયો ભવની ભુખ ભાંગશે, હું તો ચિઠ્ઠિનો ચાકર.

ભગત પહોંચ્યા ઘરે, તેને લાગ્યું કે જગત હવે જંપવા નહીં દે. ચમત્કારની વાતું સાંભળીને તો સૌ ઘેરી વળશે. હવે શું કરવું ?

ખાટલો ઢાળીને હાથમાં માળા લઇ બેસી ગયા ભગવાનને અરજ

ગુજારી. ભગવાન્ ! હવે મોડું કરશો તો હું મુંઝાઈ મરીશ. ત્યાંજ આંખ મીંચાણી. માળા હાથમાં જ ઠઠી રહી અને આત્મા અલખને આંગણે ઉપડી ગયો

કેટલી શ્રદ્ધા હશે તેની દેવ પ્રત્યે.

એટલે જ કલિકાલ સર્વજ્ઞ ભગવંત યોગશાસ્ત્રના દ્વિતીય પ્રકાશમાં જણાવે કે જે દેવને વિશે દેવપણાની બુદ્ધિ, ગુરુને વિશે ગુરુપણાની બુદ્ધિ અને ધર્મ વિશે ધર્મપણાની બુદ્ધિ હોવી એજ સમ્યક્ત્વ.

આ વાત સુક્ષ્મતયા સમજવા જેવી છે. જોજો ચમક્તા નહીં આ વાકયથી-**શુદ્ધ દેવ-ગુરૂ—ધર્મ એ આત્માનું સમ્યક્ત્વ નથી.**

દેવ પણ શુદ્ધ હોય, ગુરુ પણ શુદ્ધ હોય છતાં તે સમ્યક્ત્વ નથી. ધર્મની શુદ્ધ ક્રિયા પણ સમ્યકત્વ નથી. તો સમ્યક્ત્વ છે શું ?

આત્માની નિર્મલતામાં અને મલિન ભાવનાના અભાવમાં સમ્યકત્વનો વાસ થાય છે. ગુરૂમાં ગુરુપણું છે, દેવમાં દેવત્વ પણ છે પણ બીજા આત્માનું સમક્તિ તેનામાં નથી.

આત્મા પોતે માર્ગને સમજ્યો હોય અને સમજેલા માર્ગો પર ચડી જાય તો જ જ્ઞાનાદિ સ્વરૂપ પ્રગટે. જેમ કોઇ જગ્યાએ એક-બે-ત્રણ નહીં પણ બાર બાર માર્ગો જતા હોય, પણ મુસાફર પોતાના ગામનું પાટીયું જુએ તો શું કરશે? બધાં માર્ગો છોડીને મુસાફર પોતાની વાટ પકડી લેશે.

શું અહીં પાટીયું મુસાફરનો હાથ પકડીને લઇ જાય છે ? **-ના-** તો શું મુસાફરનો પગ પકડીને લઇ જાય છે?—**ના**—પાટીયું તો માત્ર માર્ગ દેખાડે છે. જે ગામનું લક્ષ હોય ત્યાં તે મુસાફર પહોંચે જરૂર, પણ કયારે પહોંચે ? તે માર્ગની વાટ પકડીને ચાલવાનું શરૂ કરે ત્યારે.

તેમ દેવ અને ગુરુ તો માર્ગ ચીંધાડનાર છે. જીવ પોતે પોતાના આત્માનું સ્વરૂપ સમજે તો બીજે દૃષ્ટિ કરે જ નહીં. માર્ગ ચીંધાડનાર માર્ગે તો પહોંચાડી દેશે પણ પછી સડક ચૂકયા તો ? ચક્કરમાં જ પડવાના ને ?

શુદ્ધ દેવ—ગુરુની ઉપાસના કરવાવાળા શુદ્ધ દેવાદિકને માને એટલે અરિહંત સુધી તો પહોંચ્યાં પણ પછી પૌદ્ગલિક ઇચ્છાથી તેની ભજના કરે તો ? તે સડક ચૂકી ગયા કહેવાય કેમકે તેને જૈનનું એટલે કે લોકો-

ત્તર મિથ્યાત્વ લાગી ગયું. સુદેવને માનવું તે સમ્યક્ત્વ ખરું પણ મોક્ષની બુદ્ધિએ માને તો !

એટલા માટે જ શ્લોકમાં કહ્યું કે દેવને વિશે દેવપણાની બુદ્ધિ જ હોવી, ગુરુને વિશે ગુરુપણાની જ બુદ્ધિ હોવી અને ધર્મને વિશે ધર્મપણાની જ બુદ્ધિ હોવી તે જ સત્ય છે.

મોક્ષને માટે જ દેવ-ગુરુની આરાધના કરવી જોઇએ પણ જો દેવને વિશે ધન કે સ્ત્રી કે ભૌતિક લાલસાની અપેક્ષાએ ભજના કરવાની બુદ્ધિ હોય તો તે સમ્યકત્વ નથી પણ મિથ્યાત્વ છે એટલે કે સત્ય નથી પણ ખોટું છે. કેમકે જો કોઇ કરોડનો હીરો કોડીના ભાવે દઇ દે તો તેને કેવો કહેવાય ?

માટે કહ્યું કે દેવની વિશે દેવપણાની બુદ્ધિ દેવ (જિન) પાસે દેવત્વ (જિનપણું) પ્રાપ્તિનો જ વિચાર, ગુરુ (સાધુ) પાસે સાધુત્વ પ્રાપ્તિનો જ વિચાર, ધર્મની આરાધના ધર્મત્વ પામવા માટે કરવી તે જ સત્ય છે. એટલે સંક્ષેપમાં કહ્યું કે કેવલ મોક્ષમાર્ગ માટે દેવ–ગુરૂ ધર્મની આરાધના કરવી. અતુટ શ્રદ્ધા રાખવી તે સમ્યકત્વ.

ઉમાસ્વાતીજી મહારાજે આટલી લાંબી ચર્ચાને બદલે નાનકડું સૂત્ર આપ્યુ तत्वार्थ श्रद्धानं सम्यग् दर्शनम्–યથાર્થ રૂપથી પદાર્થોનો નિશ્ચય કરવાની જે રૂચિ તે સમ્યગ્ દર્શન. ત્યાં પાયો શું રાખ્યો ? શ્રદ્ધા. તત્ત્વની શ્રદ્ધા. પણ કયા તત્ત્વની ? દેવ–ગુરૂ–ધર્મ એ ત્રણ તત્ત્વની

જિનેશ્વર દેવે પ્રરૂપેલ, ગુરુગમથી અર્થ પ્રતિપત્તિ થયેલ જીવ–અજીવ વગેરે તત્ત્વોની શ્રદ્ધા.

**પ્રશ્નઃ**– શ્રદ્ધા એટલે જિનવચનમાં તત્ત્વોના યથાર્થપણાનો વિશ્વાસ, આ વિશ્વાસ મનની અભિલાષારૂપ હોવાથી મનવાળાને જ ઘટે તો સિદ્ધોમાં શ્રદ્ધા કઈ રીતે ઘટશે ?

**સમાધાનઃ**– તત્ત્વ શ્રદ્ધા એટલે જિનપ્રણીત ભાવોમાં યથાર્થપણાનો વિશ્વાસ. તે તો સમ્યક્ત્વનું કાર્ય થયું–પણ કારણ રૂપ તો છે. મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રગટેલો શુદ્ધ આત્મ પરિણામ–તે જ સમ્યક્ત્વ ગણાય.

ગુજરાતમાં પુસ્તકાલયની પ્રવૃત્તિનો આરંભ અને વિકાસ કરનાર, ચરોતર વિસ્તારમાં લોકોમાં શિક્ષણ સંસ્કારોનું સિંચન કરનાર શ્રી મોતીભાઈ અમીનનું નામ ગુજરાતના વિદ્યાક્ષેત્રે મોખરે છે. તે મોતી-

ભાઈ માન-સન્માન-કીર્તિ-ગુણગાનોથી સદા દૂર રહેતા. કોઇ ઇમારતનો પાયો બનવામાં જ જીવનની સાર્થકતા સમજતા.

તે સમયે વડોદરા નરેશ સયાજીરાવને મોતીભાઇની આ શિક્ષણની તથા પુસ્તકાલયની પ્રવૃત્તિ ઘણી જ ગમતી હતી અને તેમણે મોતીભાઈ અમીનની મુક્ત કંઠે પ્રશંસા કરવા માંડેલી. તેઓએ એક જાહેર સન્માન સમારંભ યોજવાનું નક્કી કરી મોતીભાઇને તેની જાણ કરી. મોતીભાઈએ કહયું કે મને આવા માન-સન્માનની જરૂર નથી, હું તો મૂક સેવક છું. પરિણામે તેનો સન્માન સમારંભ ન યોજાયો. છતાંયે સયાજીરાવે તેને ભેટ રૂપે ૧૫૦૦ રૂપીયાની થેલી મોકલી, સાથે લખ્યું કે મારી આટલી ભેટ સ્વીકારી ઉપકૃત કરશોજી.

મોતીભાઇએ ભેટ તો સ્વીકારી પણ તેમાં આવકવેરાના રૂપિયા ૨૨ પોતાના ઉમેર્યા અને બધીજ રકમ કેળવણી ક્ષેત્રે વાપરી નાખી. આવા ભેખધારી જીવ હતા મોતીભાઈ.

આ તો માત્ર લોભ કષાયથી વિરમવાની વાત થઇ. પણ આ રીતે સમગ્ર પ્રકારે કષાયથી વિરમી પ્રમાદ--કષાયાદિ ત્યાગી મિથ્યાત્વ મોહનીયના ક્ષયોપશમથી જે શુદ્ધ આત્મ પરિણામ પ્રગટે તે જ સમ્યક્ત્વ.

आवश्यक सूत्रः ३६ अध्याय-६ સમ્યકત્વ અધિકારમાં જણાવ્યું કે વિશુદ્ધ સમ્યક્ત્વ મોહનીય પુંજના વેદવાથી-ઉપશમ કે ક્ષયથી પ્રગટ થયેલો અને શમ સંવેગ વગેરે લિંગોથી ઓળખાતો આત્માનો શુભ પરિણામ-ભાવ તે જ સમ્યક્ત્વ કહેવાય. આ લક્ષણ મન વગરના સિદ્ધોમાં પણ ઘટશે અને અપર્યાપ્તાવસ્થાવાળા સંસારી જીવોમાં પણ ઘટી શકે છે. માટે શ્રદ્ધા કે વિશ્વાસ એ સમ્યક્ત્વનું કાર્ય છે. એટલે શુદ્ધ શ્રદ્ધા પ્રગટે ત્યારે સમ્યક્ત્વ તો હોવાનું જ.

અંબડ પરિવ્રાજક પ્રભુ મહાવીરને વંદન કરી રાજગૃહી તરફ જઈ રહ્યા છે ત્યારે પ્રભુએ કહ્યું કે ત્યાં સુલસા શ્રાવિકાને મારા ધર્મલાભ કહેજો. અંબડને થયું કે ભગવાન્ જેને ધર્મલાભનો સંદેશો મોકલે છે તેની પરીક્ષા તો કરું.

રાજગૃહી પહોંચી પોતાની શક્તિ વડે સાક્ષાત્ બ્રહ્માનું સ્વરૂપ ધારણ કરી પૂર્વ દિશામાં રહ્યો. નગરના સર્વ લોકો તેનાં દર્શનાર્થે ગયા પણ સુલસા શ્રાવિકા ન ગઈ. બીજે દિવસે નગરની દક્ષિણ દિશામાં

શંકરનું સ્વરૂપ કર્યું. ત્રીજે દિવસે નગરની પશ્ચિમ દિશામાં સાક્ષાત્ વિષ્ણુ હોય તેવું શરીર વિકુર્વ્યું તો પણ સુલસા શ્રાવિકા વંદન કરવા ન ગયા. ચોથે દિવસે અંબડે વિચાર્યું કે સમ્યક્ત્વને ધારણ કરતી અને દૃઢ શ્રદ્ધાલુ સુલસા બ્રહ્મા–શંકર કે વિષ્ણુને નમે નહીં તે સ્વાભાવિક બને, તો આજે હું તીર્થંકરનું સ્વરૂપ વિકુર્વું (જો કે દેવો પણ પ્રભુની ટચલી આંગળી માત્ર જેટલું રૂપ વિકુર્વવા અસમર્થ છે)

સુલસા બોલી રોજ ભલે લોકોના ટોળા ત્યાં ઉમટતાં પણ નક્કી આ કોઈ પાખંડી લાગે છે. કેમકે ૨૫મા તીર્થંકર કોઈ હોઈ શકે નહીં અને મહાવીર પ્રભુ પધાર્યા હોય તો મારી રોમરાજી વિકસ્વર થવી જ જોઈએ.

કેટલી શ્રદ્ધા હશે સુલસા શ્રાવિકાની. તમારે પ્રભુની પૂજા કરતાં પણ કોઈ દીવસ રોમાંચ થયો ખરો ? અંબડ પરિવ્રાજક શ્રાવકના વેશે સુલસાને ઘેર આવ્યા, પ્રભુના ધર્મલાભનો સંદેશો સુલસાને જણાવ્યો. ત્યારે હર્ષિત થયેલ સુલસાએ ભાવવિભોર દશામાં પ્રભુની સ્તુતિ કરી-સાત-આઠ ડગલા ચાલી આંસુ ઝરતા મુખે બોલી "અહો દેવાધિદેવ ! આપની કેટલી કરુણા કે આપે મુજને યાદ કરી."

શ્રાવકનું પણ આજ કર્તવ્ય છે. **સમ્યક્ત્વ ધારણ કરો**—ધરહ સમ્મત્તં તમને પણ પ્રભુના ધર્મલાભના સંદેશાઓ આવશે.

**દાનાદિક કિરિયા ન દીયે સમકિત વિણ શિવશર્મ**
**તે માટે સમકિત વડું જાણો પ્રવચન મર્મ**
**દર્શન મોહ વિનાશથી જે નિર્મળ ગુણઠાણુ**
**તે નિશ્ચયથી સમકિત કહ્યું તેહના એ અહિઠાણુ**

એક નિર્મળ નિશ્ચલ સમક્તિ વિના દાનાદિક ક્રિયા એટલે કે દાન, શીલ, તપ વગેરે ક્રિયાઓ મોક્ષ સુખ આપી શકતી નથી. જ્યારે સમક્તિ આવે ત્યારે જ મોક્ષ સુખ આપે છે. માટે સમક્તિને જ મોટું જાણવું અને તે જ પ્રવચન સિદ્ધાંતનું રહસ્ય છે.

દર્શન મોહ એટલે કે સમક્તિ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીય તથા અનંતાનુબંધીની ચોકડીના નાશથી જે નિર્મલ એટલે કે મિથ્યાત્વ મેલ રહિત એવું અવિરતિ સમક્તિ દષ્ટિ ગુણઠાણું પ્રગટે છે, તેને જ નિશ્ચયથી સમકિત કહ્યું છે.

શ્રેણિક મહારાજાના એવા સમક્તિની પ્રશંસા ખુદ ઇન્દ્રએ દેવ-

સભામાં કરેલી હતી. એક વખત પ્રસંગ બન્યો કે પ્રભુ રાજગૃહી નગર બહાર ગુણશીલ ચૈત્યમાં સમવસર્યા. તે વખતે શ્રેણિક મહારાજા પણ મોટા સૈન્યની સાથે પ્રભુની વંદના કરવા આવેલ. વંદના કરી યોગ્ય સ્થાને બેઠા. તે વખતે એક કુષ્ઠીને પોતાના કોઢનો રસ પ્રભુના પગે ચોપડતો જોયો.

આ અયુક્ત કાર્ય જોઇને રાજા તેના ઉપર અતિ ક્રોધાયમાન થયો. થોડી વારે પ્રભુને છીંક આવી તો કુષ્ઠી બોલ્યો મરો. શ્રેણિક રાજાને છીંક આવી તો કુષ્ઠી કહે જીવો, અભયકુમારને છીંક આવી તો કહે મરો કે જીવો અને કાલસૌકરિકને છીંક આવી ત્યારે બોલ્યો મ-મર મ-જીવ.

શ્રેણિક રાજા તો તીવ્ર ક્રોધાયમાન બન્યા. મનમાં થયું કે આને જરૂર સજા કરવી જોશે, કુષ્ઠી જેવો બહાર નીકળ્યો તેણે રાજસેવકને દોડાવ્યા પણ કુષ્ઠી તો બહાર નીકળતાં જ ઉડી ગયો.

રાજાએ પ્રભુને પૃછ્યું કે હે પ્રભો ! આ કુષ્ઠીની આવી અયુક્ત ચેષ્ટા કેમ હતી ? પ્રભુ કહે રાજન્ ! એ કુષ્ઠી મનુષ્ય ન હતો પણ દેવ હતો. તેણે અમારા ચરણુની પૂજા કરી તે બાવના ચંદન વડે કરી હતી. પણ દૈવી માયાથી તમને કુષ્ઠરસની ભ્રાંતિ થઇ.

જ્યારે અમને છીંક આવી ત્યારે 'મરો' એમ કહ્યું તે અમારા પર ભક્તિના રાગ વડે કહ્યું જેથી અમે જલ્દી કર્મક્ષય કરી મોક્ષપદને પામીએ. તમને જીવો કહ્યું તે એટલા માટે કે તમે મૃત્યુ બાદ નરકમાં જવાના છો. અભયકુમારને મરો કે જીવો કહ્યું તેનું કારણ એ કે જીવતા પણ સુખી છે અને મૃત્યુ બાદ સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવ થવાના છે. જ્યારે કાલસૌકરિક કષાય અત્યારે રોજના ૫૦૦ પાડા મારે છે અને પછી નરકમાં જવાનો માટે તેને ન મરો—ન જીવો એમ કહ્યું.

બાકી એ દેવ તમારા સમક્તિની પરીક્ષા કરવા આવેલો હતો.

માર્ગે ચાલતા દેવે શ્રેણિક રાજાના સમક્તિની પરીક્ષા કરવા માટે નદીમાં જાળ નાખી માછલા પકડતો સાધુ બતાવ્યો, પછી મત્સ્યનું માંસ ખાતો દીઠો. શ્રેણિક મહારાજા કહે હે સાધુ ! આ દુષ્કર્મ કરવું મુકી દો. તો સાધુએ ઉત્તર વાળ્યો કે હું એકલો જ કંઈ આવો નથી. મહાવીરના બધાં જ શિષ્યો આવા છે. શ્રેણિક કહે અરે ! હીન ભાગ્ય

ભગવાનના સાધુ તો ગંગાના નીર જેવા પવિત્ર છે. તમારું જ આવું હિન ભાગ્ય જણાય છે.

આગળ ચાલતાં શ્રેણિક રાજે એક યુવાન સાધ્વીજીને જોયાં. સર્વ અંગે અલંકાર ધારણ કરેલા, નેત્રમાં કાજળ આંજેલુ, મુખમાં પાનનો ડુચો મારેલો, વળી તે ગર્ભવતી પણ હતા. શ્રેણિક રાજા કહે હે ભલી સાધ્વી! આવું શાસન વિરોધી આચરણ કેમ કરો છો? તો સાધ્વીજી બોલી ઉઠયા કે હું કંઈ એકલીજ આવી નથી. મહાવીરની સર્વ સાધ્વીઓ આવી જ છે. રાજા કહે અરે! પાપીણી તારું જ અભાગ્ય છે કે આમ બોલે છે. બાકી ભગવાનના સાધ્વી તો પુણ્ય સ્વરૂપ છે. ત્યારે તે દેવે પ્રત્યક્ષ થઈ રાજાને પ્રણામ કરી કહ્યું કે ખરેખર, હે રાજન્! ઇન્દ્ર મહારાજાએ જેવું વખાણ્યું હતું તેવું જ તમારું નિર્મલ સમ્યક્ત્વ છે. પછી રાજાને દૈવી હાર તથા બે ક્ષૌભ વસ્ત્ર આપી તે દેવ અદૃશ્ય થયો.

આવા નિર્મલ સમકિતી શ્રેણિક મહારાજા રોજ જિનવર જે દિશામાં હોય તે દિશામાં સવારમાં ૭–૮ ડગલા ચાલી ૧૦૮ સોનાના જવથી વધાવતા – સ્વસ્તિકાદિ આલેખતા અને આજ તીર્થંકર પદ આરાધનાના બળે આવતી ચોવિશીમાં પ્રથમ તીર્થંકરની પદવીને પામશે.

પણ આવું સમ્યક્ત્વ ધારણ કઇ રીતે થાય? तन्निसर्गाद्दधिगमाद्वा– સ્થાનાંગ સૂત્ર સ્થાન–૨ ઉદ્દેશો–૧ સૂત્ર : ૭૦ માં જણાવ્યું કે તે (સમકિત) નિસર્ગથી એટલે કે પરિણામ માત્રથી અથવા અધિગમથી એટલે કે યોગ્ય નિમિત્તથી ઉત્પન્ન થાય છે.

—અનાદિ અનંત સંસાર રૂપી આવર્તમાં પરિભ્રમણ કરતાં પ્રાણીઓને આયુષ્ય સિવાયના જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય વગેરે સાત કર્મોની સ્થિતિ ઘટાડવાનો કોઇ પણ આશય ન હોય છતાં કેવળ ઘુણાક્ષર ન્યાયે (ઘુણાક્ષર ન્યાયનો અર્થ એ છે કે –ઘુણ નામનો કીડો લાકડું કોતરતો કોતરતો આગળ વધે ત્યારે તેનો કોઇ આશય નથી હોતો કે હું અક્ષર કોતરું. તેમ છતાં લાકડામાં આપો આપ અક્ષર પડી જાય છે. તેને ઘુણાક્ષર ન્યાય કહે છે) કેટલાંક કર્મો ખપી જાય તેને જૈન દર્શન યથાપ્રવૃત્તિ કરણ કહે છે.

યથા પ્રવૃત્તિ કરણ દ્વારા જ્ઞાનાવરણીય વગેરે સાત કર્મોની સ્થિતિ ઘટતાં ઘટતાં એક કોડા કોડી સાગરોપમથી પણ કંઇક ન્યૂન બાકી રહે

ત્યારે આકરા રાગદ્વેષના ઉદય રૂપી ગ્રંથી આવે છે. અનંતીવાર જીવ આ ગ્રંથી પાસે આવે છે અને ત્યાં જ અટકી જાય છે. કોઈક જ એવો ભવ્ય જીવ હોય છે જે અપૂર્વકરણ કરીને આત્મ વીર્યના બળે અપૂર્વ પરાક્રમ કરીને એકાએક રાગદ્વેષની ગ્રન્થીને ભેદી નાખે છે.

આ રીતે ગ્રન્થીભેદની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ અનિવૃત્તિકરણ કરી ઉત્તરોત્તર આત્મવીર્યની સ્ફૂરણાવાળા વિશુદ્ધ અધ્યવસાય બને અને તેવા વિશુદ્ધ અધ્યવસાય દ્વારા અંતઃકરણ રૂપ નિષ્ઠાકાળનું અંતર્મૂહુર્ત બાકી રહે ત્યારે વેદનાના મિથ્યાત્વના દળીયા ખસેડી દીધેલા હોવાથી મિથ્યાત્વનો ઉદય અટકે એને જ મિથ્યાત્વનો ઉપશમ કહેવાય અને તે જ ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય.

પણ આ આખી પ્રક્રિયા સમજવી અને બીજાને સમજાવવી તે ઘણું જટીલ કાર્ય છે. જેટલી કઠીન આ પ્રક્રિયા છે તેટલું જ કઠિન તેને શબ્દોમાં રજુ કરવાનું છે... એટલે સત્ય શું છે ? તે સમજાવવા માટે આપણે માત્ર શ્રદ્ધા શબ્દ જ કેન્દ્રમાં રાખ્યો.

દેવ–ગુરુ–ધર્મ પરત્વેની અનન્ય શ્રદ્ધા...નિર્મલ શ્રદ્ધા....તે જ સમ્યક્ત્વ. આટલું સત્ય સમજી રાખશો તો ગ્રન્થીભેદની પ્રક્રિયા તો આપો-આપ સરળ બનવાની.

એક સુફી સંત થઇ ગયા. જેનું નામ હતું બાયજીદ. સંત બાયજીદ સદા ઈશ્વર ભક્તિમાં મસ્ત રહેતા હતા. ગમે તે સમય હોય પણ પ્રભુનું રટણ અવિરત ચાલુ રાખતા. પ્રભુ ભક્તિમાં તેનું મન સદા ડૂબેલું રહેતું. એક વખત ભક્ત સાથીઓ સાથે જઈ રહ્યા હતા. ત્યાં રસ્તે ચાલતા તેને પત્થર વાગ્યો. પત્થરના અથડાવાથી પગમાં લોહીની ધાર વહેવા લાગી.

સંત બાયજીદ બેસી ગયા જમીન ઉપર. એક તરફ પગમાંથી લોહી વહ્યું જાય છે. બીજી તરફ સંત ઉંચે આકાશમાં જોઇને પ્રભુનો અહેસાન માની રહ્યા છે. એક ભક્ત સાથીને થયું આ શી વિચિત્રતા છે ? તમને ઘાની ફીકર નથી ને પ્રભુ પ્રાર્થનામાં મગ્ન બન્યા છો ?

બાયજીદ કહે ખરેખર ઇશ્વર મહાન છે, તેનો કેટલો ઉપકાર છે મારા પર. એક સાથીથી ન રહેવાયું. ઉપકાર શેનો બાયજીદ ? તમે

તેની ભક્તિમાં લીન રહો છો છતાં તમને ઠેસ વાગી? સંત કહે એટલે જ ઠેસ વાગી નહીં તો માથું પછડાઈને ખોપરી ફાટી ગઇ હોત. આ તો શૂળીનું વિઘ્ન સોયથી પત્યું. ખરેખર ઇશ્વર કૃપાળુ છે–દયાવાન છે.

પ્રભુ પ્રત્યે આવી અપાર શ્રદ્ધા કેળવી શકો તો સમ્યક્ત્વની સ્પર્શના થાય. અને સમ્યક્ત્વ ધારણ કરી જીવ પરંપરાએ મોક્ષને પામનારો બને. માટે જ શ્રાવકનું ત્રીજું કર્તવ્ય મુકયું धरह सम्मत्तं-**સમ્યક્ત્વ ધારણ કરો.**

**સત્ય શું છે?** આ પ્રશ્નનો સાદો છતાં મહત્ત્વ પૂર્ણ જવાબ એટલો જ કે **સમ્યકદર્શન**. દેવ–ગુરુ–ધર્મ પરત્વે સંપૂર્ણ શ્રદ્ધા અથવા તો તત્ત્વોની નિર્મલ રુચિ કે જે દર્શન અનુક્રમે જ્ઞાન અને ચારિત્રને અપાવનાર છે. અને આ સમ્યકદર્શન–જ્ઞાન–ચારિત્ર એ જ મોક્ષમાર્ગ છે. માટે સત્ય હોય તો એક જ સમ્યકત્વ

**સમ્યકત્વ**- મહાવ્રતોના ઉચ્ચારણ પૂર્વનો પાયો સમ્યકત્વ. અણુવ્રતોને ગ્રહણ કરવા પહેલાં પણ જરૂરી હોય તો તે સમ્યકત્વ. નાણ માંડીને તીર્થમાળ પહેરતા પહેલા પણ શું મુકયું-સમ્યકત્વ. ક્ષપક કે ઉપશમ શ્રેણી માંડનાર અપ્રમત્ત જીવને પણ પૂર્વનું મહત્વપૂર્ણ ગુણઠાણું હોય તો સમ્યકત્વ–મોક્ષ માર્ગના મહેલમાં પ્રવેશવાનું જો કોઇ **મુખ્ય દ્વાર** હોય તો તે પણ **સમ્યકત્વ.**

માટે નાનકડું સૂત્ર યાદ રાખો. धरह सम्मत्तं હે **જીવ તું સમ્યકત્વને ધારણ કર.**

સત્ય શું છે ? [સમ્યકત્વ] શ્રદ્ધા

# (૧૦) સમ્યક્ત્વના પ્રકારો

## — કાયમી સુખી થવું છે ?

अरिहंतो मह देवो जावज्जीव सूसाहुणो गुरुणो
जिण पन्नत्तं तत्तं इअ सम्मत्तं मए गहिअं

શ્રાવકના કર્તવ્યોને વર્ણવતા મન્નહ જિણાણં સજ્ઝાયમાં ત્રીજું કર્તવ્ય જણાવ્યું–धरह सम्मत्तं **સમ્યકત્વ ધારણ કરો.** પણ સમ્યક્ત્વ એટલે શું ?

अरिहंतो मह देवो–**જાવજ્જીવ** માટે અરિહંત એ જ મારા દેવ છે. સુસાધુ એ જ મારા ગુરુ છે. અને જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલ ધર્મ એ જ પ્રમાણિક સત્ય છે. આ પ્રકારનું સમ્યક્ત્વ મેં ગ્રહણ કરેલ છે.

દુનિયામાં તત્ત્વ ત્રણ છે. દેવ–ગુરૂ–ધર્મ. તે ત્રણની પ્રાપ્તિમાં સમ્યકત્વ કહ્યું છે. જગતનો કોઈ પણ ધર્મ લો. પ્રાયઃ બધામાં પોતાના દેવ. પોતાના ગુરૂ અને પોતાનો અલગ ધર્મ જોવા મળે છે. એટલે અહીં સમ્યકત્વમાં સુંદર સ્પષ્ટીકરણ કરતાં અરિહંત એ મારા દેવ કહ્યું. જેઓએ કામ–ક્રોધ–મોહ–માયા વગેરે તમામ અંતરંગ શત્રુને હણ્યા છે. કર્મનું બીજ જેઓનું બળી ગયું છે અને દેવો દ્વારા અષ્ટ-પ્રાતિહાર્ય યુક્ત મહાપૂજાને યોગ્ય એવા અરિહંત–દેવને દેવ તરીકે સ્વીકાર્યા. એટલે ગુણને આશ્રીને દેવાધિ–દેવ પસંદ કર્યા, વ્યક્તિને આશ્રીને નહીં. એ જ રીતે ગુણવાચી ધર્મ અને ગુણવાચી ગુરૂ તત્વ મુકયું પણ કયાંય વાણીયાના દેવ–વાણીયાના ગુરૂ એમ લખ્યું નહીં. એટલે આવા ગુણવાચી દેવ–ગુરૂ–ધર્મ પરત્વે અતુટ શ્રદ્ધા હોવી એ જ સમ્યકત્વ કહ્યું.

સન ૧૯૨૪ માં બંગાળ ઓર્ડિનન્સ બહાર પડ્યો. તેનો બંગાળમાં વિરોધ થયો. એ સમયે સુભાષચંદ્ર બોઝ કલકત્તા મ્યુનિસિપલ કોર્પોરેશનના ચિફ ઓફિસર હતા. તેઓએ વિરોધમાં મુખ્ય ભાગ ભજવ્યો. સરકારે તેમની ધરપકડ કરી, અલીપોર જેલમાં લઈ ગયા. ત્યાંથી માંડલની જેલમાં લઇ ગયા. પણ ત્યાં તેને હવા માફક ન આવી. તેનું શરીર લથડયું. આખા દેશમાંથી સુભાષ બોઝને છોડી દેવા માટે સરકારને આગ્રહ કર્યો પણ સરકારે ભણકાર્યું નહીં. ડોકટરો

એ પણ કહ્યું કે જો હવે સુભાષબાબુને નહી છોડો તો તેનું જેલમાં જ મૃત્યુ થશે અને સરકારને કલંક લાગશે.

સરકારે જણાવ્યું સુભાષ બોઝ સ્વીટ્ઝરલેન્ડ હવા ફેર માટે જઇ શકશે પણ હિન્દના કોઇ કિનારે તેની સ્ટીમર થોભવી જોઈએ નહીં.

સુભાષબાબુ કહે આવી અપમાન જનક વાત હું સ્વીકારી શકું નહીં, પ્રાણ બચાવવા પરદેશ જવું તેના કરતાં મા–ભોમના ખોળે મરવું સારૂં. મારી કસોટી ભલે થાય પણ ઈશ્વર પર મને શ્રદ્ધા છે. દઢ શ્રદ્ધા. હું જરૂર કસોટીમાંથી પાર ઉતરીશ.

છેલ્લે સરકારે તેમને વિના શરતે છોડવા પડ્યા.

આવી દઢ શ્રદ્ધા દેવ–ગુરૂ–ધર્મ પ્રત્યે કેળવવી જોઈએ કેમકે જ્ઞાનરૂપ વૃક્ષનું મૂળ સમ્યકત્વ છે. મોક્ષરૂપ મહેલના પાયાતુલ્ય પણ સમ્યકત્વ છે. સર્વ સંપદાના નિધાન સરખું પણ સમ્યકત્વ જ છે અને ચારિત્રરૂપી ધનના પાત્ર સમાન પણ સમ્યકત્વ જ છે. સમ્યકત્વની હાજરીમાં જો આયુષ્યનો બંધ પડે તો તે જીવ અવશ્ય વૈમાનિક દેવનું આયુષ્ય બાંધે.

પૂ. યશોવિજયજી મહારાજા પણ લખે છે.

**જે વિણુ નાણુ પ્રમાણુ ન હોવે, ચારિત્ર તરૂ નવિ ફળીયો**
**સુખ નિર્વાણુ નં જે વિણુ લહીયો, સમકિત દર્શન બળીયો**

સમક્તિનું મહત્વ કેટલું ? અષ્ટ પ્રવચન માતાના ધારકને જ્ઞાની લેખે અને નવ-નવ પૂર્વના જ્ઞાન ધરાવનારને પણ અજ્ઞાની કહે. કેમ ભાઈ, આટલો ફર્ક કેમ ? ફર્ક છે માત્ર સમ્યકત્વની હાજરીનો કે (ગેરહાજરી) અભાવનો.

સમિતિ અને ગુપ્તિના પાલકને કદાચ પાંચ મિનિટ પણ ભાષા સમિતિ પર બોલતા ન આવડે. અરે તેના ઉદ્દગારોમાં બાહ્ય વિવેક કે મિઠાશ પણ નજરે ન પડે છતાં તેનું જીવન તારનારું જ રહેશે. અને વાણીમાં ટપકતી મીઠાશથી કલાકો સુધી સમિતિ વિશે બોલનાર તથા શ્રોતાઓને ડોલાવી દેનાર વક્તાઓને હૃદયમાં કોઈ પરિણુતી જ નહીં હોય તો ?

સમ્યકત્વ તો પરિણુતિનો વિષય છે. હૃદયની શુદ્ધ પરિણુતી અને ગુરૂ પરત્વેની દઢ શ્રદ્ધાથી માસતુષમુનિને કેવળજ્ઞાન થઇ ગયું પણ તે પૂર્વે સાડાબાર વર્ષ સુધી મા રુષ મા તુષ એટલું જ્ઞાન પણ ચઢતું ન

હતું. જ્યારે જમાલિ જેવા અગિયાર અંગના જ્ઞાનીને પણ એક શબ્દ ના ફેરફારમાં નિહ્નવપણું જાહેર થઇ ગયું. એટલે શ્રાવકને માત્ર ટુંકુ સૂત્ર આપ્યું. घरह सम्मत्तं–**સમ્યકત્વ ધારણ કરો.** દેવ-ગુરૂ-ધર્મ પરની શ્રદ્ધા કેળવો. તો જ જ્ઞાન પણ પ્રમાણ બનશે. અને ચારિત્રરૂપી વૃક્ષ પણ ફળવાવાળું થશે.

મેતારજ મુનિનું મડદું પડેલું છે. સોનીએ પક્ષીની ચરકમાં જવલા જોતાં બીક લાગી કે નક્કી રાજા મને છોડશે નહીં. બારણા બંધ કરી બેસી ગયો છે. બહારથી સીપાઇ ગમે તેટલું ખખડાવે, સોની એક જ જવાબ આપ્યા કરે છે "ધર્મલાભ."

સીપાઈ કહે છે એલા જવલા લાવ–બસ ધર્મલાભ સિવાય કોઈ જવાબ ન મલ્યો. ફરી સિપાઈ બોલ્યો. 'મોડું થાય છે.' સોની કહે ધર્મલાભ. કોઇપણ પ્રશ્ન પૃછે, સોની ધર્મલાભનો ધ્વનિ જ ફેંકી રહ્યો છે.

સીપાઈઓને થયું કે આપણો રાજા સાધુઓને વંદન કરે ત્યારે સાધુ આવો ધર્મલાભ શબ્દ બોલે છે. માટે તેને જ મલીને વાત કરીએ. ગયા રાજા પાસે. વાત જણાવી કે સોની જવલા આપતો નથી પણ ધર્મલાભ-ધર્મલાભ કર્યા કરે છે. રાજા સમજી ગયા. ધર્મલાભનો ધ્વનિ વિના કારણ ન હોય. સાધુ સિવાય કોઈ ધર્મલાભ બોલે નહીં. બારણા તોડાવું ને સાધુને કંઇ થાય તો પણ ક્ષમ્ય ન ગણાય.

શ્રેણિક રાજા પોતે ગયા સોનીને ઘેર. બોલ્યા કે હું શ્રેણિક પોતે આવ્યો છું. બારણું ખોલવા કહું છું. તરત સોનીએ બારણું ખોલી દીધું. જ્યાં જુએ તો મેતારજ મુનિનો નિશ્ચેષ્ટ દેહ પડેલો જેયો. બાજુમાં સોનાના જવલા પડેલા છે. સોની સાધુવેશ પહેરી હાથમાં ઓઘો (રજો-હરણ) લઇ ઉભેલો છે.

શ્રેણિક મહારાજા વિચારે છે કે એક બાજુ સાધુ મહારાજ છે. વળી મારા પોતાના જમાઇ પણ છે. રાજનીતિ મુજબ પણ સોનીને ફાંસી થાય અને આ તો કુટુમ્બ કલેશ પણ સાથે જોડાયેલો છે. સોનીએ માત્ર મારો સાધુપ્રેમ જોઈને વેશ પહેર્યો છે. માત્ર મોતથી બચવા જ વેશ પહેરેલો છે. છતાં શ્રેણિક શું કહે છે ?

જો હવે વેશ મેલ્યો તો કડકડતાં તેલમાં નાખીશ. પહેરી રાખ્યો તો જરૂર માફી મળશે. અહીં વિચારો કે સાધુવેશ પરની શ્રદ્ધા અને

બહુમાન કેટલા હશે શ્રેણિકને ? કેટલા મેણા ટોણા તેણે કુટુમ્બમાં સાંભળ્યા હશે! પ્રાણ સાટે પ્રાણની રાજનીતિમાં કેટલી ટીકા થઈ હશે તેની! છતાં સમ્યકત્વ હતું તો? કુટુંબ અને રાજનીતિ બધાંનો ભોગ આપ્યો. વળી જણાવી દીધું કે વેશ છોડયો તો માફ નહીં કરું.

કેટલા શ્રદ્ધાવાન હશે એ રાજા, દેવે માયા કરી માંસ ખાતો સાધુ કે ગર્ભવતી સાધ્વી દેખાડી છતાં શ્રદ્ધા જરા પણ ન ઘટી. અરે! સુલસા શ્રાવિકાને જુઓ. તેને છેતરવા અંબડે ખુદ તીર્થંકરનો વેશ રચી જોયો. તો પણ તેની શ્રદ્ધા ન ડગાવી શકયો.

અરિહંત પરમાત્માની અતુટ-અપાર-દઢ શ્રદ્ધા-પંચ મહાવ્રતધારી પરની શ્રદ્ધા અને જિનકથિત ધર્મ પ્રત્યેની દૃઢ આસ્થા બંને જીવોને તીર્થંકર પદવી અપાવી ગયા.

વ્યવહારમાં એક ન્યાય આવે છે. "ઇલિકાભૃંગ ન્યાય" જેમાં કહેવાય છે કે ઇયળ ભમરીનું ચિંતન કરતાં ભમરી બની જાય છે. તમે પણ કદી ધ્યાનથી જોયું હોય તો ખબર હશે કે ભમરી તેના દરમાં ઈયળને લઇ જાય છે, પછી સતત તેની આસપાસ ગુંજારવ કરે કરે છે. ડંખ આપે છે. ઈયળને આ રીતે ભમરીનું જ ચિંતન ચાલુ થતાં ઈયળ પણ ભમરી બની જાય છે (કેટલાંક કહે છે મરીને ઇયળ ત્યાં જ ભમરી પણે ઉત્પન્ન થાય છે.) એ જ રીતે અરિહંતનું સતત ચિંતન, સતત ધ્યાન, સતત રટણ પણ અરિહંતપણું અપાવી શકે છે. શ્રેણિક મહારાજાએ મહાવીર પ્રભુની કેવી આરાધના કરી હશે? કેટલું બધું વીર પ્રભુનું ધ્યાન તેના રોમેરોમમાં અણુએ અણુમાં વ્યાપ્ત બન્યું હશે કે કોઇ પણ તપશ્ચર્યા વિના કેવળ ભાવથી કરેલી તીર્થંકર પદ સ્થાનકની આરાધના તેને વીરપ્રભુ જેવું જ તીર્થંકરપણું અપાવનાર બની. એ જ ૭૨ વર્ષનું આયખું-એ જ સાત હાથની કાયા, એ વર્ણ-બસ જાણે ઇલિકા ભૃંગ ન્યાયનું સાક્ષાત્ તાદાત્મ્ય સાધી ગયા શ્રેણિક.

પણ કયારે? હૃદયમાં શ્રદ્ધા વરેલી હતી—ક્ષાયિક સમક્તિ હતું તો, કાયમી સુખને પામ્યા. કાયમી સુખી થવાનો મુખ્ય ઉપાય શું? સમક્તિ-શ્રદ્ધા.

એક વખત વરસાદ વરસ્યો નહીં, ધરતી બળવા લાગી, ખેતરો ધગધગવા લાગ્યા. સહુ મેઘરાજાને મનાવવા ઉપાય કરે છે પણ

વરસાદ આવતો નથી. વાદળ બંધાતા નથી અને અન્ન પણ પાકે તેમ નથી.

ગામ લોકો ભેગા મળ્યા, પ્રભુને મનાવવા ધુન–ભજન-યજ્ઞ શરૂ કરવા નક્કી કર્યું. ગામલોક એકઠાં થયા એ સમયે એક બાળક હાથમાં છત્રી લઇને આવ્યો. બધાંને નવાઇ લાગી કે આટલો તાપ અને ઉકળાટ છતાં આ બાળકના હાથમાં છત્રી.

કોઇએ મજાક કરતાં પૂછયું અલ્યા આ છત્રી કેમ લાવ્યો? બાળક કહે આપણે પ્રભુને મનાવવા એકઠા થયા છીએ, પ્રભુ તો દયાળુ છે. પુરી શ્રદ્ધાથી ધુન–ભજન–યજ્ઞ કરીએ તો તે જરૂર વરસાદ આપશે ત્યારે હું પલળી જાઉં તો છત્રી તો મારે જોઇએને?

બધાં હસવા લાગ્યા. બાળક કહે તમે બધાં ભેગા તો થયા છો પણ તમને ભગવાનમાં શ્રદ્ધા જ કયાં છે?

શાસ્ત્રમાં એક સુંદર પ્રસંગ આવે છે. મૃગાવતી સતીનો.

ચંડપ્રદ્યોત તેના સગા બનેવી છે. શતાનિક રાજા સગો સાઢુ છે છતાં ચંડપ્રદ્યોતે તેના ઉપર ચૌદ મુગટબદ્ધ રાજાને લશ્કર સહિત લઇ ચડાઇ કરી. કારણ? સગી સાળીના રૂપમાં મોહાઈને બેશરમ બન્યો હતો.

શતાનિક રાજાનું હૃદય ફાટી ગયું. મૃગાવતી વિધવા બની છે. છતાં એ સ્થિતિમાં પણ તેની માગણી કરી. ચંડપ્રદ્યોતની સગી સાળી છે. તરતના વિધવા છે. છતાં રૂપમાં કેટલો મોહાંધ બન્યો હશે કે તેની શરમ ચાલી ગઈ. મૃગાવતીએ પણ કહ્યું કે મારો પુત્ર નાનો છે. તમે મજબુત કિલ્લો બનાવી દો. અને કોઠારો ભરચક કરી દો પછી હું તો તમારે આધીન જ છું.

દુશ્મનો તોડી ન શકે તેવો મજબુત કિલ્લો અને કોઠારો ભરચક થઈ ગયા. ચૌદ મુગટબદ્ધ રાજાના લશ્કરને મજુરી કરાવી છે. કારણ કે મૃગાવતી જોઈએ છીએ. બીજી તરફ મૃગાવતી મનમાં ભાવના ભાવે अरिहंते शरणं पवज्जामि–જો મહાવીર પરમાત્મા હવે અહીં પધારે તો હું ચારિત્ર ગ્રહણ કરી મારા જીવનને પવિત્ર કરું. આ સ્થિતિમાં અરિહંત સિવાય બીજા કોઇ શરણભૂત થનાર નથી.

આ તરફ કિલ્લો ચણાયો ને પેલી તરફ ભગવાન મહાવીર સમવસર્યા.

એક તરફથી ચંડપ્રદ્યોત અને બીજી તરફથી મૃગાવતી આવી. ભગવાનને હાથ જોડીને કહ્યું હે પ્રભો ! અગર ચંડપ્રદ્યોત રાજા રજા આપે તો હું દીક્ષા લઉં.

ચંડપ્રદ્યોત રાજા સડક થઇ ગયો. ચૌદ મુગટબદ્ધ રાજાના ધણીને એક વિધવા–બે બદામની બાયડી બનાવી ગઇ. એક તો પ્રપંચ, છેતરપીંડી અને પાછું જાહેરમાં નાક કાપી ગઇ. કેવું અપમાન થયું હશે. અંતઃકરણ વિકારોથી ભર્યું છે. રૂપના મોહમાં અંધ બનીને બધું કરેલું, છતાં સાળી તો ગઇ ને માથે છોકરો વળગાડતી ગઇ. છતાં ખુશીથી દીક્ષા લે-મારી રજા છે એવા શબ્દો કઈ રીતે નીકળ્યા હશે ? અધમતાની પરાકાષ્ઠાએ બેઠો છે. છતાં દેવ–ગુરુ–ધર્મની શરમ કેટલી નડી કે રજા આપી દીધી.

એટલું જ નહીં ચંડપ્રદ્યોતની બીજી આઠ રાણી ઉભી થઈ ગઇ. અમને પણ માલિકની રજા હોય તો પ્રભો અમે દીક્ષા લઈએ. લડાઈઓ કરી કરીને માંડ મેળવેલી આઠ-આઠ એક સાથે જાય છે. તો પણ ચંડપ્રદ્યોત શું બોલ્યો ? દીક્ષા લેવી હોય તો મારી રજા છે. કેટલો આદર–કેટલું બહુમાન–કેટલી શ્રદ્ધા હશે જિનશાસનની ? મૃગાવતીની પણ શ્રદ્ધા કેટલી કે ખુદ અરિહંત પરમાત્મા પધાર્યા.

પેલો છત્રી લઈને આવેલો બાળક પણ બોલ્યો તમે બધાં મારી મશ્કરી કરો છો. પણ જો જો મારી શ્રદ્ધા–વરસાદ જરૂર આવશે. કહેવાય છે કે યજ્ઞ ચાલ્યો–પ્રાર્થના થઇ, ધુનો બોલાઇ ત્યારે હજારો અશ્રદ્ધાલુની નહીં પણ એક બાળકની શ્રદ્ધા ખાતર વરસાદ વરસ્યો. બાળક છબછબીયા કરતો ચાલ્યો.

આજ શ્રદ્ધા નથી, આસ્થા નથી, સમ્યક્દર્શન નથી પછી જ્ઞાન, ચારિત્ર, તપની વાતોનો શો અર્થ છે ? શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે શ્રાવકને બાર વ્રતને આશ્રીને ૧૩ અબજ ૮૪ કરોડ ૧૨ લાખ ૮૭૨૦૨ ભાંગા છે. પણ સમ્યકત્વ વગરનો આમાંનો એક પણ ભાંગો ટકી શકતો નથી. માટે હે શ્રાવક તું પ્રથમ **સમ્યકત્વને ધારણ કર.** જો કાયમી સુખી થવું હોય તો धरह सम्मत्तं

**સમ્યકત્વના પ્રકાર** :– સમ્યકત્વ નીચેના પ્રકારોથી સમજવું.

(૧) **ઔપશમિક** :– મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધી

ક્રોધ, માન, માયા, લોભ એ કર્મોના અનુદય એટલે કે ઉપશમ અને તે ઉપશમ દ્વારા થતું સમ્યક્ત્વ તે ઔપશમિક સમ્યકત્વ કહેવાય. આ સમ્યકત્વ વખતે જીવને મિથ્યાત્વ વગેરે સત્તામાં તો હોય જ છે. પણ તે રાખ ઢાંકેલા અગ્નિ જેવો છે. જેમ રાખ ઊડે અને ફરી અગ્નિ દેખાય તેમ ઉપશમ દૂર થતાં એટલે કે કર્મોદય થતાં ફરી મિથ્યાત્વ આવે.

(૨) **ક્ષાયોપશમિક** :– મિથ્યાત્વના ઉદયમાં આવેલા દળીયાનો ક્ષય કરવો એટલે કે સત્તામાંથી નાશ કરવો અને ઉદયમાં નહીં આવેલા કર્મોનો ઉપશમ કરવો તે ક્ષાયોપશમિક સમ્યકત્વ જાણવું. જેમ કોલસા બળતા હોય તેમાં કેટલાક સર્વથા બળીને ખાખ થયા હોય અને કેટલાક માથે રાખ ઢળી ગઇ હોય તેમ આ પ્રકારનું સમક્તિ જાણવું.

(૩) **ક્ષાયિક** : મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધી કષાયની ચોકડીનો સત્તામાંથી જ સર્વથા ક્ષય થવાથી પ્રગટતું સમ્યકત્વ તે ક્ષાયિક સમક્તિ. જે પ્રગટ થયા બાદ કદી જતું નથી. આપણા કોલસાના દૃષ્ટાંત મુજબ બધાં જ કોલસા બળી સંપૂર્ણ રાખ થઇ જાય પછી જેમાંથી કદી અગ્નિ પ્રગટે નહીં તે.

કાયમી સુખી થવું હોય-શાશ્વત સુખને પામવું હોય તો જીવે આ ક્ષાયિક સમક્તિ જ પ્રાપ્ત કરવાનું રહેશે.

(૪) **વેદક** :– ક્ષપક શ્રેણીને પ્રાપ્ત કરતા જીવને અનંતાનુબંધી ચારે કષાય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય એ છનો સંપૂર્ણ ક્ષય થયા પછી સમક્તિ મોહનીયને ખપાવતા ખપાવતા તેમાં છેલ્લા પુદ્ગલો ખપાવવાના છેલ્લા સમયે ઉદય પામેલો છેલ્લો ગ્રાસ ભોગવે ત્યારે તેને વેદક સમક્તિ કહે છે.

(૫) **સાસ્વાદન**:– ઔપશમિક સમ્યકત્વવંત કોઈ પતિત પરિણામી જીવને અંતઃકરણમાં વર્તતા ઉત્કૃષ્ટથી છ આવલિ બાકી રહે ત્યારે અનંતાનુબંધી કષાયનો ઉદય થતા સમ્યકત્વનું વમન કરે ત્યારે જીવને સમક્તિનો કંઇક આસ્વાદ આવે તેને સાસ્વાદન સમક્તિ કહેવાય.

તમને જીવનમાં પહેલીજ વાર આઇસ્ક્રીમ મળ્યો હોય—ખાતા ખાતા આઇસ્ક્રીમ ઓગળવા માંડે ને છેલ્લે છેલ્લે તમે લાકડાની ચમચી

ચુસો ત્યારે જેમ કંઇક સ્વાદ તો આવે જ તેવી લગભગ અનુભૂતિને સાસ્વાદન પણું કહેવાય.

ઔપશમિક-અંતર્મુહુર્ત, સાસ્વાદન છ આવલિકા, વેદક એક સમય, ક્ષાયિક સમક્તિ સાધિક તેત્રીશ સાગરોપમ, ક્ષાયોપશમિક સાધિક છાસઠ સાગરોપમ એટલા સમય સુધી ભોગવાય.

પ્રશ્ન:- આ સમક્તિ કેટલી વખત પ્રગટ થાય ?

**પંચ વાર ઉપશમીય લહીજે, ક્ષય-ઉપશમ અસંખ**
**એક વાર ક્ષાયિકતે સમકિત, દર્શન નમીયે અસંખરે**

એક જીવને આખા સંસાર ચક્રમાં ઔપશમિક (અને સાસ્વાદન) ઉત્કૃષ્ટથી પાંચ વખત, ક્ષાયિક (અને વેદક) એક વખત, ક્ષાયોપશમિક અસંખ્યાતી વાર પ્રગટે. કાયમી સુખી થવા માટે તો ક્ષાયિક સમક્તિ જ ધારણ કરવું જોઇએ, પણ સમ્યકત્વ ધારણ કરવું કઇ રીતે ?

દશપુર નગરમાં સર્વગુણ સંપન્ન રાજા વજ્રકર્ણ રહેતો હતો તેને માત્ર એક દુષણ વળગ્યુ શિકારનું. એક વખત સગર્ભા હરણીનો શિકાર કર્યો ત્યારે તેનો ગર્ભ પૃથ્વી પર પડી તરફડવા લાગ્યો તે જોઇ વજ્રકર્ણ રાજાએ આત્મનિંદા કરતાં નક્કી કર્યું કે હવે કદી શીકાર કરવો નહીં. ત્યાં એક મુનિને જોઇને આત્મહિત માટે પ્રાર્થના કરી.

મુનિરાજે પણ જીવની યોગ્યતા જાણી સમક્તિ સહ હિંસાદિ ત્યાગ કરવા જણાવ્યું. સમક્તિનું સ્વરૂપ જણાવતા મુનિશ્રીએ કહ્યુ કે રાગ દ્વેષ વર્જિત શ્રી જિનેશ્વર તે દેવ, ચારિત્ર રહસ્યનિધિ સાધુ તે ગુરુ અને જીવાદિક નવતત્ત્વોનું શુદ્ધ સ્વરૂપ તે ધર્મ. તેની જે સદ્દહણા રાખવી તે સર્વમાં મુખ્ય એવું સમક્તિ કહેવાય.

રાજાએ સમક્તિ મૂલ બાર વ્રત ગ્રહણ કર્યા. દેવ-ગુરુ સિવાય કોઇને નમવું નહીં તેવો નિયમ લીધો. પણ અવન્તીના સિંહરથ રાજાનો તે સેવક રાજા હતો એટલે તેને પ્રણામ કરે તો નિયમ ભંગ થાય અને ન પ્રણામ કરે તો રાજા જીવવા ન દે એટલે મધ્યમ માર્ગ કાઢયો. વીંટીમાં શ્રી મુનિસુવ્રત પ્રભુની પ્રતીમા કોતરાવી.

સિંહરથ રાજાને ખબર પડી કે વજ્રકર્ણ મને પ્રણામ કરતો નથી પણ અંગુઠીમાં કોતરેલ પ્રતીમાને વંદન કરે છે. બસ દશપુર નગર પર ચડાઈ કરી દીધી. વજ્રકર્ણ રાજા નગરના દરવાજા બંધ કરી બેસી ગયો ને બહાર સિંહરથ ઘેરો ઘાલીને બેઠો. બધું ઉજ્જડ થવા લાગ્યું-રામચં-

દ્રજીને સમાચાર મલ્યા. થયુ કે સાધર્મિક અને આવો સમ્યગ્ દૃષ્ટિ જીવ આમ પરેશાન થાય તે ખોટું–દશપુર નગર પહોંચી લડાઈ કરી, લક્ષ્મણે સિંહરથ રાજાને બાંધીને સેવક બનાવ્યો અને વજ્રકર્ણને ઉજ્જૈનીનું રાજ સોંપ્યું.

વજ્રકર્ણની શ્રદ્ધા વિશેષ દૃઢ બની–મરીને સ્વર્ગે ગયો અને ત્યાંથી મોક્ષે જશે.

માટે શ્રાવકનું કર્તવ્ય ફરી યાદ કરીએ धरह सम्मत्तं સમ્યકત્વને ધારણ કરો તો આવા સાધર્મિક સંબંધો જગતભરમાં મલ્યા જ કરશે. પણ સમ્યકત્વ ધારણ કઇ રીતે કરશો ?

अरिहंतो मह देवो जावज्जीव सुसाहुणो गुरुणो
जिण पन्नत्तं तत्तं इअ सम्मत्तं मए गहिअं

સમ્યકત્વને કારક–રોચક અને દીપક એવા અન્ય ત્રણ ભેદે પણ ઓળખાવાય છે.

**કારક**:– જિનાજ્ઞાનુસારની શુદ્ધ ક્રિયા એવી રીતે કરે કે તે જોઇને અન્ય જીવોને પણ સમ્યકત્વ પ્રગટે. આવા પ્રકારનું સમ્યકત્વ વિશુદ્ધ ચારિત્રવંત જીવોને જ હોઇ શકે

**રોચક**:– આ સમક્તિવંત જીવ બીજાને ક્રિયામાં રુચિ કે પ્રીતિ ઉત્પન્ન કરાવી શકે છે. પણ પોતે ક્રિયા કરી–કરાવી શકતો નથી. જેમકે કૃષ્ણ મહારાજા ઘણાંને ચારિત્ર અપાવવામાં નિમિત્ત બન્યા પણ પોતે લઇ શકે નહીં.

**દીપક**:– દીવો જેમ બીજાને પ્રકાશ આપી શકે પણ દીવા નીચે તો અંધારું જ હોય છે. તે રીતે કોઇ જીવ પોતે તો અભવ્ય કે મિથ્યાદૃષ્ટિ હોય. છતાં તેના ઉપદેશથી બીજાઓને સમક્તિ પ્રાપ્તિનું કારણ બને.

શ્રાવકે कारक સમક્તિ ધારણ કરવા માટેજ પ્રયત્ન કરવો. જોકે रोचक સમક્તિ શ્રદ્ધાવંત જરૂર હોય છે છતાં કાયમી સુખી થવાની ઇચ્છા વાળા માટે તે રાજમાર્ગ નથી. આપણો મુખ્ય વિષય છે **કાયમી સુખી થવું છે** ? જીવને શાશ્વત સુખ મલે કયાં ? મોક્ષમાં, મોક્ષે કયારે પહોંચે ? ક્ષાયિક સમક્તિ બન્યા પછી ? સમક્તિનો પાયો શું ? દૃઢ શ્રદ્ધા. દેવ–ગુરુ–ધર્મ પ્રત્યેની દૃઢ શ્રદ્ધાને ધારણ કરતો જીવ કયારેક તો મોક્ષ–પથને પકડવાનો જ.

दंसण भट्ठो भट्ठो दंसण भट्ठस्स नत्थि निव्वाणं
सिज्झंति चरण रहिया दंसण रहिया न सिज्झंति

એ રીતે ચારિત્ર કરતાં પણ દર્શનને મહત્ત્વનું ગણ્યું-યાવત્ દર્શનભ્રષ્ટને નિર્વાણ છે જ નહીં ત્યાં સુધી જણાવ્યું. તો એ શ્રદ્ધાનું મહત્ત્વ કેટલું આંકયું હશે ?

મૂળીની પાટે ચાચોજી થઇ ગયો. ગોમતીમાં સ્નાન કરી વ્રત લીધું કે મારી પાસે જે કંઇ હશે તે માંગનારને આપીશ. હળવદ દરબારે દસોંદી ચારણને ઉશ્કેર્યો કે પરમારનું નીમ તોડાવો તો માંગે તે આપું. ચારણ પહોંચ્યો મૂળી. ભરકચેરીમાં જઇને બોલ્યો બાપુ ! આવ્યો છું તો માંગવા પણ તમથી નહીં બને. ચાંચોજી પરમાર કહે શા માટે ? માંડવરાજ જેવો ધણી મારી શ્રદ્ધાને થોડો ડગવા દેશે. રાજ પર માંડવરાયની ધજા છે. મેં કંઈ ગુમાન કર્યું નથી બધું તેમના ભરોસે છે પછી લાજ તો ભગવાન રાખશે.

અશ આપે કે અધપતિ દે ગજ કે દાતાર
સાવઝ દે મુ સાવભલ પારકરા પરમાર

ચારણ કહે કોઇ રાજા ઘોડા દાનમાં દે, કોઈ હાથી દે પણ હે રાજા તું મને જીવતો સાવઝ દે.

સભામાં અવાજ ફાટી ગયો. હાહાકાર થઈ ગયો. ગોઝારા ગઢવાના અવાજો ઉઠયા. ચાંચોજી કહે ભલે કાલે પ્રભાતે સાવઝનું દાન લઇ જજો.

મધરાતે માંડવરાજના થાનકે જઇ ચાંચોજીએ અરજ ગુજારી સુરજદેવ ! હું તો જીવતો સાવઝ કેમ આપીશ ? તારી ધજાને મારી શ્રદ્ધા ન લાજે તેવું કરજે. દેવળના ઘુમ્મટમાંથી ધણધણાટી દેતો અવાજ આવ્યો. તું મુંઝાશ શું ? મારા ડુંગરામાં આટલા સાવઝ છે. તું એકને ઝાલી લેજે.

બીજે દિવસે કચેરી અને ચારણને લઇ ચાચોજી ચાલ્યો ચોટીલાના ડુંગરમાં. ચાલો કવિરાજ સાવઝ દઉં. ત્યાં તો ત્રાડ દેતો સિંહ નીકળ્યો. દોટ મુકીને ચાચોજીએ કાન પકડી લીધો. બકરા જેવો થઈ સિંહ ઉભો રહ્યો. લ્યો સાવઝનું દાન ગઢવા. ચારણ જાય ભાગ્યો. એલા કોઇનો ચડાવ્યો મારી લાજ લેવા આવ્યો તો હવે દાન લઇને જા મને પાછું ન ખપે. ગઢવી કે બાપુ ! પોચી ગયું, દાન પોંચી ગયું

લોકો કહે છે માંડવરાજ ખુદ સિંહ બનીને આવેલા. ચાચોજી પરમારની શ્રદ્ધા કેટલી હશે ?

આવા શ્રદ્ધાવંત બની દેવ-ગુરુ-ધર્મનું શરણ સ્વીકારી કાયમી સુખી થવા સમ્યકત્વ ધારણ કરો તેજ શુભેચ્છા.

# (૧૧) સમ્યકત્વના લક્ષણો

## — જે જિન ભાખ્યું તે નહીં અન્યથા

रुचिर्जिनोक्त तत्त्वेषु सम्यक् श्रद्धानमुच्यते
जायते तन्निसर्गेण गुरोरधिगमेन वा

જિનેશ્વરે કહેલા તત્વોને વિશે રુચિને સમ્યક્ શ્રદ્ધા (દર્શન) કહેવાય છે. તે નિસર્ગથી (સ્વાભાવિક) અથવા ગુરુના અધિગમથી (જન્મે છે.) પ્રાપ્ત થાય છે.

સમ્યકત્વનો સરળ અર્થ આપી દીધો. જિનેશ્વર દ્વારા કહેવાયેલ તત્વોમાં સમ્યક શ્રદ્ધા. કેવળ શ્રદ્ધા. અંતરના કોળીયામાં એક દીપ ઝળહળી ઉઠયો. દીવ્ય દીપ. અને જીવ તથા પુદ્ગલની ભેદરેખા સ્પષ્ટ કરી દીધી. શરીર જડ છે. હું ચેતન છું. હું એટલે ? આ શરીર નહીં પણ આત્મા. મમત્વ બુદ્ધિની તીવ્રતા ઘટી ગઈ પણ તેના પાયામાં રહેલી છે શ્રદ્ધા. ચાહે દિગંબર મત હોય કે સ્થાનકવાસી. તેરાપંથી હોય કે અન્ય જૈન મત પણ નવતત્વની માન્યતા કે શ્રદ્ધામાં કોઇને મતભેદ નથી. તેથી જ ઉમાસ્વાતીજી જેવાનું સૂત્ર સાર્થક બનતું જ જણાશે.

तत्त्वार्थ श्रद्धानाम् सम्यग् दर्शनम्

શ્રદ્ધાની પ્રાપ્તિ દુષ્કર છે. જ્ઞાનપ્રાપ્તિ કદાચ દુન્યવી લોભથી પણ થાય. અરે ભણતો ભણતો માનવી (સાધુ) સાડાનવ પૂર્વ સુધી પણ પહોંચી જાય છતાં આ જ્ઞાન તેને શ્રદ્ધા ન પણ અપાવી શકે તેવા દ્રષ્ટાંતો છે. જ્યારે અલ્પજ્ઞાનના ધારક માષતુષ મુનિ જેવા આત્મા કેવળ શ્રદ્ધાના બળે સંપૂર્ણ જ્ઞાન પામીને આ લોક તરી ગયા.

રાણપુર ચાતુર્માસમાં એક ગોસાઇ જે વાયરમેન તરીકે કામ કરતાં હતા તે આવેલ. ઉપાશ્રય નીચે આયંબિલ ખાતામાં કોઈ લાઈટ રીપેર કરવાની હતી. તેને પૂછયું કે તમે આરાધના શું કરો છો ? અમે મેલડીમાની આરાધના કરીએ છીએ. માનો હુકમ થાય ત્યારે બળબળતા તેલમાંથી પુરીઓ કાઢીએ. તેમને પૂછયું કોઇ મંત્ર, કોઈ જાપ કે એવી કઇ વિધિથી આવા ઉકળતા તેલમાં હાથ નાખો. ત્યારે ગોસાઇજી બોલ્યા મહારાજ સાહેબ, કેવળ શરધા (શ્રદ્ધા)

આ હકીકત જ્યારે નિહાળી ત્યારે થયું કે તમે ટ્રેઈનમાં બેસો ત્યાં ડ્રાઈવર પર શ્રદ્ધા રાખો. પ્લેનના પાયલોટ પર શ્રદ્ધા રાખો. અરે ઓપરેશન થિયેટરમાં કે ડાર્કરુમમા લઈ ગયેલા ડોકટર પર વિશ્વાસ રાખો છો. પણ જિનેશ્વરે કહેલાં તત્વોમાં રુચિ કે શ્રદ્ધા કેટલા?

મનુષ્યની પરીક્ષા આજકાલ જ્ઞાન કે વકતૃત્વ શક્તિથી થાય છે. પણ તેનામાં શ્રદ્ધા કેટલી છે તે કઈ રીતે નક્કી કરશો ? જો શ્રદ્ધા જ ન હોય તો તે જ્ઞાન કે ચારિત્રની કિંમત કેટલી ?

ધારાનગરીમાં લક્ષ્મીધર બ્રાહ્મણ રહેતો હતો. તેણે આચાર્ય મહારાજને વચન આપેલું કે હું બેમાંથી એક પુત્રને તમારે ચરણે જરૂર ધરીશ. પણ પ્રસંગોપાત પોતાની કબુલાત પાળી શકયા નહીં. મરણ સમયે બન્ને પુત્રોને પ્રતીજ્ઞા જણાવી. નાનો શોભન નામનો પુત્ર બોલ્યો કે પિતાજી હું આપને જરૂર ઋણમુક્ત કરીશ.

શોભન ઘેરથી ચાલ્યો ગયો. સ્વજનોની રજા મલે તેમ ન હતી. તેણે રજા વગર જ દીક્ષા લઈ લીધી. લક્ષ્મીધરનું તો મૃત્યુ થઇ ગયું પણ ધનપાલને નાનો ભાઇ શોભન મુનિ થયો તે ગમ્યું નહીં.

ધનપાલ પંડિતમાં અજોડ વિદ્વત્તા હતી, તે રાજ્યના માનીતા પંડીત બન્યા. આ તરફ શોભન મુનિ પણ આચાર્ય મહારાજ પાસે ભણી–ગણીને વિદ્વાન બની ગયા. એકદી' ગુરુ મહારાજે શોભન મુનિને આજ્ઞા કરી કે તમે ધારાનગરી જઈને જૈનમુનિના દ્વેષી બનેલા તમારા ભાઇને પ્રતિબોધ કરો.

આ તો બધાં દેવ-ગુરુ–ધર્મની પરમોચ્ચ શ્રદ્ધાવાળા મુનિ મહાત્મા હતા. ગુરૂમહારાજની આજ્ઞા શિરસાવંદ્ય કરી ચાલ્યા ધારાનગરીએ. નગરમાં પ્રવેશતા જ ધનપાલ પંડિત સામે મલ્યા. ધનપાલ તો પોતાના ભાઈને ઓળખી શકયા નહીં' એટલે મજાક કરી. ગધેડા સરખા દાંતવાળા હે ભદન્ત, તને નમસ્કાર હો. તુરંત રીબાઉન્ડ શોટની જેમ મુનિએ જવાબ વાળ્યો માંકડા જેવા મુખવાળા હે ભાઇ ! તું સુખી તો છે ને ?

મુનિના વચનથી પરાજય થયો જાણી વિદ્વાન એવા ધનપાલે તુરંત સ્તબ્ધતા ખંખેરીને પૂછ્યું. આપ કયાં ઉતરવાના છો ? મુનિ કહે જેની મને રાખવાની ઇચ્છા હોય તેને ત્યાં. મુનિને વિદ્વાન જાણી ધનપાલ પોતાને ઘેર લઈ ગયા. મુનિને વહોરવા બોલાવ્યા. તે સમયે કોઈ

શત્રુએ લાડવામાં વિષ ભેળવી ધનપાલ પર મોકલેલા હતા. તેથી સૂઝતો આહાર સમજી મુનિને લાભ આપવા વિનંતી કરી. મુનિ કહે અમને આ લાડવા કલ્પતા નથી. ધનપાલે પૂછયું કેમ આમાં કાંઇ ઝેર-એર ભેળવેલ છે. મુનિ જવાબ આપે-હા તેમજ છે. ધનપાલે ખાતરી કરાવી ત્યારે ઘણો આનંદ થયો.

ધીમે ધીમે રોજ વાર્તાલાપ થતાં પરિચય વધ્યો. કેટલાંક દિવસે ધનપાલને શ્રાવક બનાવી, તેની શ્રદ્ધા દઢ કરી વિહાર કર્યો. જૈનધર્મમાં દઢ બનેલો ધનપાલ પરમ શ્રદ્ધાથી જીવન વિતાવે છે. રાજાને પણ શિકાર ન કરવા માટે પ્રતીજ્ઞા કરાવી.

ધીમે ધીમે તેના વ્રતની દઢતા અને સત્ય પ્રિયતાથી રાજાનો ગુસ્સો વધતો ગયો. રાજાએ પરીક્ષા ખાતર મહાદેવના મંદિરમાં મોકલ્યા તો પણ જઈને મસ્તક નમાવ્યું નહીં અને રાજાને સ્પષ્ટ જણાવી દીધું કે આ મસ્તક જિનેન્દ્ર પરમાત્મા સિવાય કોઈને નમાવતો નથી.

એક વખત યુગાદિશનું ચરિત્ર રચ્યું. ભોજ રાજા રસતરબોળ થઇને સાંભળી રહ્યો હતો. રાજા કહે તું આમાં ભરત ચક્રવર્તીને બદલે મારૂં નામ કરી દે અને ઋષભદેવને સ્થાને મહાદેવનું નામ મુકી દે તો એક કરોડ સોનામહોર આપું. ધનપાલે સ્પષ્ટ ના સુણાવી દીધી. કેમ કે તેને ગ્રહણ કરેલ સમ્યકત્વમાં તે અત્યંત દઢ હતો.

अरिहंतो मह देवो जावज्जीव सुसाहुणो गुरुणो
जिण पन्नत्तं तत्तं इअ सम्मत्तं मए गहिअं

જાવજીવને માટે અરિહંત એ જ મારા દેવ, સુસાધુ એ જ ગુરૂ અને જિનેશ્વરે પ્રરૂપેલ તત્વ એ જ ધર્મ એ પ્રકારનું સમ્યકત્વ મેં ગ્રહણ કર્યું છે તે શ્રદ્ધામાંથી કોઈ કાળે હું ભ્રષ્ટ થઈ શકું નહીં. ગુસ્સે થયેલા રાજાએ આખું યુગાદિશ ચરિત્ર બાળી નાખ્યું. અપમાનિત થયેલા ધનપાલ કવિ ત્યાંથી ચાલ્યા ગયા.

થોડા સમયે એક વિદેશી પંડિત આવ્યા. ભોજરાજાના બધાં વિદ્વાનોનો પરાજય કર્યો ત્યારે રાજાને થયું કે ખરેખર ધનપાલ પંડિત હોય તો આ પરાજય સહન કરવો ન પડે. બોલાવ્યા ફરી ધનપાલ કવિને. પૂર્ણ સત્કાર, સન્માન આપ્યું. પણ તેનું નામ સાંભળતાં જ વિદેશી પંડિત ચાલ્યો ગયો. રાજસભામાં જૈનધર્મ અને તેની શ્રદ્ધા બંને બાબતોની ખૂબ જ પ્રશંસા થઇ. મિથ્યાત્વીના સતત પરિચય છતાં

પાપસંગના નાશની સ્પૃહાવાળા ધનપાલ કવિની રચનાને આજ પર્યંત આપણા સાધુ ભગવંતો ભક્તિભાવથી સ્મરી રહ્યા છે તે જ એની નિર્મળ શ્રદ્ધાનું પ્રતિબિંબ છે.

રાજકવિની પદવી ચાલી ગઈ કે રાજાએ યુગાદિશ ચરિત્ર બાળી નાખ્યું તો પણ જેની શ્રદ્ધા વિચલિત ન બની તે ધનપાલ કવિએ કેટલું દઢ સમકિત ધારણ કર્યું હશે! દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યે કેટલો આદર હશે તેના મનમાં? ને આજ સામાન્ય મૈત્રી સંબધમાં પણ તમે રાગી દ્વેષી દેવને માથું નમાવતા ફરો છો. એટલા માટે જ મન્નહ જિણાણં સજ્ઝાયમાં શ્રાવકનું ત્રીજું કર્તવ્ય જણાવ્યું.-धरह सम्मत्तं **સમ્યકત્વને ધારણ કરો.**

**સમ્યક્ત્વની ઓળખ શી?** પ્રારંભમાં જ "શ્રદ્ધા કેટલી છે, તે નક્કી કેમ કરવું" એ પ્રશ્ન કર્યો છે, શાસ્ત્રકાર મહર્ષિ સમકિતને ઓળખવા માટે જુદા જુદા પાંચ ચિહ્નો કે લક્ષણો દર્શાવે છે. જેનામાં આવા લક્ષણો વિદ્યમાન જણાય તે શ્રદ્ધાવંત કે સમક્તિવંત છે તેમ જાણવું.

**લક્ષણ પાંચ કહ્યા સમકિત તણાં**
**ધૂર ઉપશમ અનુકૂલ સુજ્ઞાની**
**શ્રી જિન ભાષિત વચન વિચારીએ.**

સમક્તિના પાંચ લક્ષણ કહ્યા છે. શમ—સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિકય. પાંચેમાં સર્વ પ્રથમ મુકયું શમ (ઉપશમ)

**(૧) શમ :–** અનંતાનુબંધી કષાયોના અનુદયને શમ કહેવાય. બીજા શબ્દોમાં ક્રોધવૃત્તિ અને વિષય તૃષ્ણાનું શમી જવું તે શમ.

પ્રશ્ન :– ક્રોધવૃત્તિ અને વિષયતૃષ્ણાની શાંતિને શમ કહીએ તો શ્રેણિક મહારાજા કે કૃષ્ણમાં આ લક્ષણ કઈ રીતે ઘટી શકશે? તેઓ તો અપરાધી–નિરપરાધી પર ક્રોધ કરનારા અને વિષયાસક્ત હતા.

સમાધાન :– વસ્તુને ઓળખાવનાર ચિહ્ન અને વસ્તુ સાથે જ રહે તેવો કોઇ નિયમ નથી. જેમ અગ્નિનું ચિહ્ન ધુમાડો છે. છતાં લોખંડના ગોળામાં રહેલો અગ્નિ નિર્ધુમ હોય છે. તો શું તેને અગ્નિ નહીં કહો, એટલે ચિહ્ન તો તેની ઓળખ માટે છે પણ તે ચિહ્નના અભાવે પણ વસ્તુ રહી શકે ખરી. તેથી શમ ન હોય તો પણ સમક્તિ હોઇ શકે ખરું—બીજું સમાધાન એ પણ છે કે તેઓ સંજ્વલન

કષાય વાળા હોઈ શકે છે. અને અહીં તો અનંતાનુબંધીનો નિષેધ કર્યો છે.

संवेगो च्चिय उवसम निव्वेओ तहय होइ अनुकंपा
अत्थिक्कं चिअ ए ए सम्मत्त लक्खणा पंच

પ્રવચન સારોદ્ધાર ગાથા ૯૩૬ માં પણ સમક્તિના પાંચ લક્ષણો વર્ણવતા શમ–સંવેગ-નિર્વેદ-અનુકંપા–આસ્તિકતા જ જણાવ્યું પણ તેમાં તેણે સંવેગ પહેલા મુક્યું. આપણે ઉપશમને પ્રથમ લીધું છે, તે ઉપશમની બીજી સુંદર ઓળખ આપતા પૂ. ઉપાધ્યાય યશોવિજયજી જણાવે છે–

**અપરાધી શું પણ નવી ચિત્ત થકી**
**ચિંતવીએ પ્રતિકુળ–શ્રી જિનભાવિત વચન વિચારીએ**

વિશાલા નગરીમાં એક સાધુ મહારાજ માસ-ક્ષમણને પારણે ક્ષુલ્લક (બાળ) મુનિ સાથે સ્થંડિલ જતા હતા. માર્ગમાં પ્રમાદથી દેડકી મરી ગઇ તે વખતે ક્ષુલ્લક સાધુ મૌન રહ્યા. પ્રતિક્રમણ વેળા તપસ્વી મુનિરાજે આલોચના કરી નહીં ત્યારે ક્ષુલ્લક મુનિએ યાદ અપાવ્યું–તમે પેલું પાપ કેમ આલોચતા નથી ?

ગુસ્સે થયેલા તપસ્વી મુનિ તો મારવા દોડયા. બધાં સામે મારી વગોવણી કરે છે ? ત્યાં થાંભલા સાથે અથડાયાં, ક્રોધથી વ્રતની વિરાધના થઈ. મરીને તે જ્યોતિષી દેવ થયાં, ત્યાંથી દષ્ટિવિષ સર્પના કુલમાં દેવતાધિષ્ઠિત સર્પ બન્યા. ત્યાં બીજાં બધાં સર્પો પૂર્વભવના પાપની આલોચના ન કરવાથી જ ઉત્પન્ન થયેલા તે સર્વે જાતિ સ્મરણ જ્ઞાનથી જોઈને આહાર શુદ્ધિ કરતાં હતાં. આ જોઈને નવા સર્પને પણ પૂર્વના મુનિભવની આહાર ગવેષણા યાદ આવી.

નવા સર્પે નક્કી કર્યું કે મારી દષ્ટિથી કોઈ પણ જીવનો નાશ ન થાઓ. આખો દિવસ તે સર્પ બિલમાં જ મુખ રાખીને રહેતો અને રાત્રે પ્રાસુક વાયુનું ભક્ષણ કરતો.

એક વખત કુંભ રાજાનો પુત્ર સર્પદંશથી મૃત્યુ પામ્યો. રાજા ગુસ્સે થઈ સર્વ સર્પને મરાવવા લાગ્યો. જે જેટલા સર્પ મારીને લાવે તેટલી સોનામહોર આપે. સોનામહોરના લોભે લોકો સર્પને મારવા લાગ્યા.

એક ગારૂડીએ આ દષ્ટિવિષ સર્પના બિલ પાસે મંત્ર ભણવો શરૂ

કર્યો. સાપને થયું કે હું મુખ બહાર કાઢીશ તો લોકો મરી જશે તેથી થોડું થોડું પૂછડું બહાર કાઢતો ગયો ને ગારૂડી તે કાપતો ગયો ત્યારે સર્પે પણ પૂર્વ પાપ સંભાળી વિચાર્યું કે આ તો મારા કર્મના જ કટકા થઇ રહ્યા છે. માટે **સમભાવે** સહન કર. તે **સમભાવથી** મૃત્યુ પામી કુંભરાજાની રાણીની કુક્ષીમાં ઉત્પન્ન થયો.

નાગ દેવતાએ સ્વપ્નમાં આવી કહ્યું કે હવે સર્પનો ઘાત કરતો નહીં તારે ત્યાં પુત્ર અવતરશે. રાજાને ત્યાં પુત્ર જન્મ થયો. નાગદત્ત નામ પાડયું. યુવાવસ્થામાં મુનિ મહારાજને જોઇને તેને વૈરાગ્ય ઉત્પન્ન થતાં દીક્ષા લીધી. પૂર્વે તિર્યંચ યોનિમાંથી આવેલો હતો–ક્ષુધા વેદનીયનો ઘણો ઉદય. પોરસિ પચ્ચકખાણ પણ ન કરી શકે. તેથી ગુરુ મહારાજે કહ્યું કે ક્ષમાધર્મનું પાલન કર. તેમ કરતાં તપનું ફળ પામીશ.

મુનિ નાગદત્ત સવારે એક ગડુ (ઘડો) ચોખા લાવી વાપરે તેથી લોકો તેને કુરગડુ કહેવા લાગ્યા. એક વખત એક સાથે ચાર તપસ્વી મુનિ બેઠા છે અનુક્રમે એક–બે–ત્રણ અને ચાર માસખમણનો તપ ચાલે છે. છતાં શાસનદેવી આવીને કુરગડુ મુનિને વંદન કરી બોલ્યા કે આ ભાવ તપસ્વી છે.

સાતમે દિવસે આહાર લાવી દેખાડયો ત્યારે તપસ્વી મુનિએ ક્રોધથી બળખો ફેંકયો. કુરગડુ મુનિ આત્મનિંદા કરતા વિચારે કે ધિક્કાર છે મને કે હું તપ તો નથી કરતો પણ તપસ્વીની વૈયાવચ્ચ પણ નથી કરી શકતો. ત્યાંજ તેને શુકલ ધ્યાનની ધારા વધતા કેવળજ્ઞાન થયું. પેલા ચાર મુનિએ તેને ખમાવ્યા ત્યાં ચારેને પણ કેવળજ્ઞાન થયું.

સંયમની વિરાધના કરેલો સંયમી પણ જ્યાં તરી ગયો તે જ ઉપશમ. આવો શમ (સમતા) ગુણ પ્રગટે ત્યાં "અપરાધીશું પણ નવિ ચિત્ત થકી ચિંતવીએ પ્રતિકુલ" ઉકિત સાર્થક બને.

(૨) **સંવેગઃ**– મોક્ષની અભિલાષા તે સંવેગ. સમકિત દૃષ્ટિ આત્મા રાજાના, ચક્રવર્તીના, ઈન્દ્રના કે અન્ય કોઈ પણ વિષયાદિ સુખોને પણ દુઃખ મિશ્રિત જ માને અને માત્ર મોક્ષને જ સાચું સુખ માને તેને સંવેગ ચિહ્ન યુકત જાણવો.

આવો આત્મા આગમના શ્રવણથી નરક ગતિના કષ્ટો, તિર્યંચ ગતિની પરાધિનતા અને દેવભવમાં રહેલા ઇર્ષ્યા–વિવાદ વગેરેને જાણી સંસારને ભયરૂપ સમજી સંવેગને જ સેવે.

(૩) **નિર્વેદઃ**– સંસારરૂપી કારાગૃહનું વર્જન કરવામાં તત્પર એવી જેના ચિત્તને વિશે બુદ્ધિ હોય તેને નિર્વેદ કહેવાય.

પારલૌકિક સુખની સાધના ન કરી શકતો એવો જીવ પણ સંસાર પ્રત્યે મમત્વરૂપી ઝેરનું જોર ટળી ગયું હોય ને સંસારને કાજળ કોટડી જેવો માની જીવે તો નિર્વેદ લક્ષણ વાળો જાણવો.

निवेएण भंते जीवे किं जणइ હે ભગવાન્ નિર્વેદથી જીવ શું ઉપાર્જન કરે ?

નિર્વેદથી જીવ દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધિ કર્મભોગોને વિશે વૈરાગ્ય પામી ખરેખરા નિર્વેદપણાને પામે છે. સર્વ વિષયોમાં વિરક્તિ પામે છે. વિરક્તિથી આરંભ-પરિગ્રહનો પરિત્યાગ કરે છે. તેથી સંસાર માર્ગનો ઉચ્છેદ થાય છે અને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે.

સંક્ષેપમાં કહીએ તો નિર્વેદ ચિહ્નવાળો જીવ સંસારને માત્ર કેદ-ખાનું સમજી જીવન વિતાવે.

(૪) **અનુકંપાઃ**–

दीन दुःस्थित दारिद्रय प्राप्तानां प्राणिनां सदा
दुःख निवारणे वाञ्छा सानुकंपाभि धीयते

દીન, દુઃખી અને દારિદ્રને પામેલા પ્રાણીના દુઃખોનું નિવારણ કરવાની નિરંતર ઈચ્છા તે અનુકંપા કહેવાય છે.

શક્તિ મુજબ દુઃખીઓના દુઃખ ટાળવાની પ્રવૃત્તિ તે દ્રવ્ય અનુકમ્પા અને તેઓને જોતા જ હૃદય દ્રવી ઉઠે તે ભાવ અનુકમ્પા.

**દ્રવ્ય થકી દુઃખીયાની જે દયા, ધર્મ હિણાની રે ભાવ**
**ચોથું લક્ષણ અનુકંપા કહ્યું, નિજ શકતે મન લાવ**
**શ્રી જિન ભાષિત વચન વિચારીએ**

**દ્રવ્યદયાઃ**– પાલીતાણા એટલે મુક્તિ પંથનું પરગણું. શત્રુંજયના ડુંગરા એટલે દેવતાના દેરાસર અને શત્રુંજયની ટુંકો એટલે તપ અને ત્યાગની જલતી જ્યોત સમજી લો. આવા મુલકમાં અચાનક એક સાંજે આકાશમાંથી ઉતરેલા અંધારે આખીએ અવની ઓગળી ગઈ. સુપડા-ધારે વરસાદ વરસી ગયો. વીજળીના કડાકા બોલ્યા. મધરાત થતાં તો પાલીતાણા માથે પાણીના પરનાળા મંડાઇ ગયા. શેરી અને ગલીઓમાં પાણી શેલારા દેવા માંડયા. બેબાકડા માણસોની કાળજા કંપાવતી ચીસો ઉઠી.

ઓસમાણ બિલ્ડીંગમાં જૈન પાઠશાળામાં પોઢેલા ચારિત્રવિજયજી-ના ઉરને આ ચીસો આંબી ગઇ. મહારાજશ્રી દોડતા રવેશમાં આવી ગયા અને બહાર નજર કરી તો વરુણ દેવનું વરવું સ્વરૂપ નજરે ચડયું. ઉછળતા પાણીમાં પશુને તણાતા જોયા, માનવી મોતના મોઢામાં મુકાતા જોયા અને મહારાજશ્રીનો આત્મા કકડી ઉઠયો.

ચારિત્ર વિજયજી મૂળ કચ્છી હતા. નામ તેનું ધારશીભાઇ. એક વખત મરકીની બિમારીમાં સપડાયા ત્યારે નિરધાર કર્યો કે આમાંથી બચશું તો દીક્ષા લઇશું-દીક્ષા લીધી ને અહિંસાના ઉપાસક બન્યા.

આવા અહિંસાના ઉપાસકના મુખમાંથી ચીસ પડી ગઇ. તરત પાઠશાળામાં સુતેલા છોકરાને જગાડયા, માસ્તરને ઉઠાડયા. પુસ્તકોના પાર્સલની પેટીના દોરડા છોડી નાખ્યા. એક છેડો બંધાયો ઓસમાણ બિલ્ડીંગના થાંભલે અને બીજો સામે દરબારી દવાખાનાને દરવાજે.

મુનિશ્રી પોતે દોરડું પકડીને ઉતર્યા નીચે પાણીમાં, પાછળ છોકરા અને માસ્તરની હારમાળા ગોઠવાઇ ગઇ. તણાતાં એક એક માણસને પકડી પકડીને ઓસમાણ બિલ્ડીંગમાં માંડયા ઉતારવા. બરાબર સામેના દવાખાનામાં ડોકટર હોરમસજી ઉભા ઉભા નજરોનજર આ બનાવને નીહાળી રહ્યા હતા. બરાબર ત્રીજી કલાકે જયારે વરસાદ થંભ્યો ત્યારે ત્યાં ૩૫૦ થી ૪૦૦ માણુસો અને કેટલાંક પશુઓને ઉગારી લેવામાં આવેલા.

મેજર સ્ટ્રોંગને ડોકટરે આ બનાવની વિગત જણાવી. તુરંત મેજર સ્ટ્રોંગ આવ્યા મુનિશ્રી પાસે. મુનિરાજને કહ્યુ કે પાલીતાણા સ્ટેટ તમારી આ અનન્ય કરૂણા કદી નહીં ભૂલી શકે. આ બનાવ વિલાયતના અખબારોમાં પણ વિ. સં. ૧૯૯૯ ના જેઠ સુદ આઠમે બનેલો તેની વિગતવાર નોંધ પામ્યો.

આનું નામ તે દ્રવ્ય અનુકંપા.

આપણે મેઘરથ રાજાના ભવમાં રહેલા શાંતિનાથ પ્રભુના જીવે કબુતરને બચાવવા પોતાની જાતને હોમવા તૈયારી બતાવેલી તે દૃષ્ટા-ન્ત આપીએ તો લોકોને એ વાત હજી પ્રાચીન કાળની લાગે. પણ આ તો વર્તમાનનો જ બનાવ છે. તે મુનિ મહાત્માના હૃદયમાં કેટલી અનુકંપા ભરી હશે. આવી અનુકંપા જેમનામાં સહજ નજરે પડે તેને સમકિત વંત હોવાનું ચિહ્ન ગણાવ્યું.

પણ અનુકંપા બે પ્રકારની છે. દ્રવ્ય અને ભાવ. આજે વધારે આવશ્યકતા છે ભાવઅનુકંપાની. કેવા સુંદર શબ્દો ચિત્રભાનુએ ગુંથ્યા છે તે માટે :—

### કરુણા ભીની આંખોમાંથી અશ્રુનો શુભસ્રોત વહે

અનેક ઉપસર્ગોને કરીને જ્યારે થાકેલો સંગમ દેવ જતો હોય છે ત્યારે વીરપ્રભુને થાય છે કે આ દેહને પામીને અનેક જીવો તરી જશે ત્યારે અરેરે આ બિચારો જીવ આ દેહ થકી કેવા કર્મ બાંધી ગયો. ને હેમચંદ્રાચાર્યજી મહારાજે તે ભાવનાને વાચા આપતા લખ્યું

ईषद् बाष्पार्द्रयोर्भद्र श्री वीर जीन नेत्रयोः

લોકો વિનવી રહ્યા છે પ્રભુને

### જાશોમાં પ્રભુ પંથ વિકટ છે, ઝેર ભર્યો એક નાગ નિકટ છે

દૃષ્ટિ વિષ સર્પ રહેલો છે. આખો માર્ગ ઉજ્જડ બની ગયો છે. કોઇ ત્યાં ફરકવાનું નામ પણ લેતું નથી છતાં પ્રભુ તે તરફ જઈ રહ્યા છે. હૃદયમાં એકજ અનુકંપા લઇને કે તેને પ્રતિબોધ કરવો.

સર્પ પણ વિચારના ઝોલે ચડયો કે આવો મહામાનવ કોણ છે જે મારાથી ભયભીત થયા વિના મક્કમ ગતિએ ડગ માંડી રહ્યો છે. ફુંફાડા મારે છે ચંડકૌશિક! અરે છેવટે પ્રભુના ચરણમાં ડંસ દઇ દીધો. ત્યાં વહેવા લાગી દુધની ધારા. આશ્ચર્ય ચકિત થઇ ગયો સર્પ તે જોઇને. પણ આ તો સમગ્ર જગત પ્રત્ય હૃદયમાં અનુકંપા ધારણ કરી રહેલા હતા પ્રભુ વીર.

કરુણાર્દ્ર સ્વરે બોલ્યા પ્રભુ "બુઝ બુઝ ચંડકૌશિક" થઇ ગયું જાતિ સ્મરણ જ્ઞાન અને જોઇ રહ્યો પૂર્વના ભવોને સર્પ. સાધુના ભવમાં ક્રોધથી ધમધમતા મૃત્યુ પામેલો. પરંપરા ચાલી ને આજે આ દશા થઇ (મારી)

બસ ત્યાંજ અનશન સ્વીકારી લીધુ અને સંલીનતા તથા કાયક્લેશ રૂપ તપ આદરી દીધું. અરે! ચાળણી કરી નાખ્યું શરીરને કીડીઓએ, છતાં હાલ્યો નહીં ને ગયો દેવલોકમાં.

આવા એક તિર્યંચને પણ પ્રતિબોધવા પ્રભુની ભાવ–અનુકંપા કેટલી?

આવી દ્રવ્ય અને ભાવ અનુકંપાને શાસ્ત્રકારોએ સમકિતનું ચોથું લક્ષણ ગણાવ્યું

**(૫) આસ્તિક્ય** :- બીજા તત્ત્વોના શ્રવણ છતાં પ્રભુએ કહ્યું છે તે જ સત્ય છે તેવી દૃઢ શ્રદ્ધા.

तमेव सच्चं नीसंकं जं जिणेहि पण्णत्तं

દૃઢ શ્રદ્ધા—આસ્થા-વિશ્વાસ કે જિનેશ્વરે જે પ્રરૂપણા કરી તેજ એક માત્ર નિ:શંક સત્ય છે.

**જે જિન ભાખ્યું તે નહીં અન્યથા એહવો જે દૃઢ રંગ**
**તે આસ્તિકતા લક્ષણ પાંચમું કરે કુમતિનો એ ભંગ**
**શ્રી જિન ભાષીત વચન વિચારીએ**

આપણો વિષય જે જિનભાખ્યું તે નહીં અન્યથા-કેમ રાખ્યો તે અહીં સ્પષ્ટ બનશે કેમકે તત્વોની અનન્ય શ્રદ્ધા અને જિન-વાણી પરત્વે દૃઢ વિશ્વાસ કે "તે જ નિ:શંક સત્ય છે જે જિનેશ્વરે કહ્યું છે" એ સમ્યકત્વનો પાયો છે.

પ્રભુના વચનમાં એક અક્ષરનો ફેરફાર પણ જૈન શાસનમાં માન્ય નથી. એ રીતે આસ્તિકતા સૌથી મહત્વનું લક્ષણ છે. અહીં સુદેવ-સુગુરૂ-સુધર્મની માન્યતાનો સ્વીકાર તથા કુદેવ-કુગુરૂ-કુધર્મની માન્યતાનો પરિહાર એક સાથે જ થઇ જાય છે. અને આસ્તિકતા લક્ષણની દૃઢ શ્રદ્ધાવાળો જીવ જ ભક્તિમાર્ગના પંથે મોક્ષમાં પહોંચે છે

એટલે આ રીતે આસ્તિકતા લક્ષણ સહિત પાંચે પ્રકારના લક્ષણોથી આપણી જાતનું માપ કાઢી—આપણી સમકિત પરિણતિનો અંદાજ મેળવી પાંચેને આપણામાં સંક્રમાવવા પુરુષાર્થ કરી સમકિત ધારણ કરનારા બનીએ—એ જ કરબદ્ધ પ્રાર્થના.

# ( ૧૨ ) સમ્યકત્વના દુષણો

—સમકિત દુષણ પરિહરો રે

देवत्वधीर्जिनेष्वेव मुमुक्षुषु गुरुत्वधीः
धर्मधीरार्हतां धर्मे तत्स्यात्सम्यक्त्वदर्शनम्

(રાગ દ્વેષને જિતનાર) જિન વિશે જ દેવબુદ્ધિ રાખવી, (સંસાર થકી પોતાના આત્માને મુક્ત કરવાને ઇચ્છતા) મુમુક્ષુ પુરૂષો વિશે જ ગુરુપણાની બુદ્ધિ રાખવી, (દુર્ગતિમાં પડતા જીવોને ધારણ કરનાર) અર્હત્ પ્રણીત ધર્મ વિશે જ ધર્મપણાની બુદ્ધિ (શ્રદ્ધા) રાખવી તે જ સમ્યકદર્શન કહેવાય છે.

શ્રાવકનું કર્તવ્ય જણાવ્યું धरह सम्मत्तं **સમ્યકત્વ ધારણ કરો.** પણ સમ્યકત્વ વિશેની ઓળખ જ ન હોય તો ધારણ શું કરવાના ? જેમ કોઈ સંપૂર્ણ શહેરીજનને કહ્યું હોય કે

"પાદરે એરુ આભડી ગયો" તો શું સમજશે ?

સમ્યકત્વ એટલે શ્રદ્ધા. પ્રભુ મહાવીરે પોતાના પટ્ટધર ગૌતમ સ્વામીજીને આજ્ઞા ફરમાવી, હે ગૌતમ ! તમે હાલિક નામના ખેડુતને જઇને પ્રતિબોધ કરો. ગૌતમ સ્વામી પહોંચ્યા હાલિક પાસે. તેની વાણીના સ્પર્શમાત્રથી ખેડુત સમક્તિ પામી ગયો. પરમાત્માના અદ્‌ભુત ગુણોના શ્રવણ સાથે પરમાત્માના પ્રત્યક્ષ દર્શનની અભિલાષા ખેડુતના મનમાં જાગી ગઇ. પહોંચ્યા પ્રભુની પાસે પણ જેવા પ્રભુને જોયા કે ખેડુત ભાગ્યો ત્યાંથી. ગૌતમ સ્વામી અચરજ પામી ગયા પ્રભુ કહે ગૌતમ ! ચિન્તા ન કરો. એ જીવ ભવભ્રમણ ઘટાડતો ગયો છે. ગુરૂ પરત્વેની શ્રદ્ધા અને પરમાત્મ દર્શનની ઝંખના માત્રથી તે સમ્યકત્વ પામી ગયો. માટે જ મુમુક્ષુ (મોક્ષની ઇચ્છાવાળા) પુરૂષો વિશે ગુરૂપણાની બુદ્ધિ રાખવા કહ્યું.

જિનેશ્વર પરત્વે જ દેવબુદ્ધિ રાખનાર સુલસા તીર્થંકર પદવી પામી ગયા, અર્હત્ પ્રણીત ધર્મને વિશે જ ધર્મબુદ્ધિ ધરાવતા ચિલાતી પુત્રને માત્ર ઉવશમ–વિવેક–સંવર ત્રણ શબ્દો સદ્‌ગતિના ભાજન બન્યા અને શ્રેણિક મહારાજાને પણ સમકિત પ્રાપ્તિનું મૂળ કોણ બન્યું ? અનાથી મુનિ.

## શ્રેણિક રાજા સમક્તિ પામ્યો ગુરૂ અનાથી મુનિરાય
## પ્રાણી તું તો સત્સંગનો રસ ચાખ

શ્રદ્ધા આત્મ પરિણામ રુપ છે. શ્રદ્ધા એટલે "સન્માર્ગ પ્રત્યેની રુચિ" તેજ આપણું અમૂલ્ય ધન છે, કે જે ધન કદી નાશ પામનાર નથી.

**પ્રશ્ન :–** આપ (સમ્યગ્) દર્શન અને શ્રદ્ધા બંનેને પર્યાય જેવા કેમ ગણ્યા છો. ?

એકજ કારણ છે. દર્શનનો સામાન્ય અર્થ છે જોવું. શ્રદ્ધા એ પણ આત્માની આંખો છે. જે આંખો અતીન્દ્રિય આધ્યાત્મિક વસ્તુઓનું આકલન કરે છે માટેજ દર્શન અને શ્રદ્ધા બંને શબ્દોને પર્યાય જેવા ગણીને સમ્યકત્વની ઓળખ અપાય છે.

સમ્યકત્વના જુદા જુદા ભેદોનું વર્ણન કરતાં દશ પ્રકારની રુચિનું વર્ણન આવે છે. તેમાં પણ શાસ્ત્રકારો આજ વાતને આગળ ધરે છે.

જેમકેઃ– બીજરુચિ–સમ્યકત્વ. જેમ બીજને ખેતરમાં વાવીએ તો અનેક બીજો તેમાંથી ફળે છે. તેમ જીવ–અજીવ વગેરે તત્ત્વોનો કોઈ એક પદકે હેતુ કે દૃષ્ટાન્તના દર્શન માત્રથી અનેક પદો, હેતુ કે દૃષ્ટાન્તો પર જીવને શ્રદ્ધા ઉત્પન્ન થવી તેને બીજરુચિ–સમ્યકત્વ ગણ્યું છે.

ચર્મચક્ષુથી તો દર્શન કર્યું માત્ર એકજ પદ કે હેતુનું–પણ આત્માની આંખો એટલે કે શ્રદ્ધાએ અનેક પદ કે હેતુને સ્વીકારી લીધાં. આ વાત તમને સહેલાઇથી સમજાશે નહીં કેમકે બીજરુચિ સમ્યકત્વ હોય ત્યારે જ સમજાય તેવો વિષય છે.

જેમ પેલો મજનુ, લયલાના વિરહનાં તાપમાં રખડી રહ્યો છે, ભટકી રહ્યો છે, કલ્પાંત કરે છે, ચીસો પાડે છે. આવી દિવાનગી જોઇને ગામનો રાજા તેને બોલાવે છે. રાજા કહે અરે બેવકુફ આદમી ! તારી લયલા તો એક સામાન્ય સ્ત્રી છે. ચાલ મારા અંતઃપુરમાં તને એકથી એક ચઢીયાતી સુંદરી દેખાડું.

રાજાએ ૧૨ સુંદરીઓને અંતઃપુરમાંથી બોલાવી મજનુને કહ્યું કરીલે પસંદ આમાંથી ગમે તે એકને, લયલા પાછળ ખુવાર થવાનું રહેવા દે અને તું તારી જીંદગીને સુખી બનાવ.

મજનુ કહે નહીં રાજા સાહેબ નહીં. આમાંથી એક પણ સુંદરી મારી લયલાની તોલે આવી શકે તેમ નથી. રાજા તાડુકી ઉઠયો આ

વાત સાંભળીને "બેવકુફ-પાગલ આદમી" એવું શું છે તારી લયલામાં?

મજનુ કહે માફ કરજો નામદાર! લયલાની સુંદરતા જોવા માટે દુનીયાની નહીં મજનુની આંખો જોઈએ.

તેજ રીતે બીજરુચિ સમ્યકત્વને સમજવા તમારી આંખો કે બુદ્ધિ ન ચાલે તે માટે શ્રદ્ધારૂપી આંખો જોઈએ. કેવળ શ્રદ્ધાની આંખોથી જ ઈશ્વરત્વ પામી શકાય. ભાગ્યશાળીઓ! મીરાની આરત વગર કદી કૃષ્ણને જોઈ શકાતા નથી. નરસિંહની મસ્તી ન હોય ત્યાં સુધી કદી નંદકિશોર જડતો નથી. તે માટે તો જોઈએ ભકતહૃદય. ભકિતની ભભક કે (સમ્યકત્વ) શ્રદ્ધાની આંખો વિના તત્વનો પાર પામી શકાતો નથી.

ભવિ જીવને મન લક્ષ્ય તત્વ એક માત્ર મોક્ષ જ હોઈ શકે. "સમકિતી આત્માની ભાવના કેવી હોય" તે વિશે પ્રવચન સારોદ્ધાર ૯૪૧ માં લખ્યું.

अत्थिअ निच्चो कुणई, कयंच वेएइ अत्थि निव्वाणं
अत्थिअ मुक्खो वाओ, छ सम्मत्तस्स ठाणाइं

આત્મા છે, આત્મા નિત્ય છે, તે પોતેજ કર્તા છે, તે ભોક્તા પણ છે. તેનો મોક્ષ (નિર્વાણ) થઈ શકે છે. અને મોક્ષના ઉપાયો છે. એમ માનવું (ભાવના ભાવવી) તે છ સમ્યકત્વના સ્થાનો છે.

સમકિતી આત્મા આ છ વસ્તુને સ્વીકારતો હોય અને તે રીતે મોક્ષનો ઉપાય કરે તો તેના લક્ષ્ય તત્વ (મોક્ષને) જરૂર પ્રાપ્ત કરી શકે છે.

(૧) **આત્મા છે**:- આત્મા છે એટલે કે જીવ તત્વનું અસ્તિત્વ છે તેમ સ્વીકારવું.

(૨) **નિત્ય છે**:- આત્માની ઉત્પત્તિ નથી કે આત્માનો નાશ થતો નથી પણ તે નિત્ય છે.

(૩) **કર્તા છે**:- આત્મા મિથ્યાત્વ, અવિરતિ, કષાય વગેરે કર્મબંધના કારણોથી યુકત પોતેજ તે કારણો દ્વારા કર્મોને ઉપજાવે છે એટલે કે કર્મબંધ કરનારો બને છે.

(૪) **ભોકતા છે**:- આત્મા પોતે બાંધેલા કર્મોને પ્રદેશથી, રસથી, સ્થિતિથી એ રીતે ભોગવનાર છે.

(૫) **મોક્ષ છે**:- આત્મા કર્મો દ્વારા અને વિસ્તારથી કહીએ

તો રાગ, દ્વેષ, મદ, મોહ વગેરેના ફળ સ્વરૂપ જન્મ, જરા, મરણ, રોગ વગેરેનો આત્યંતિક ક્ષય કરી મોક્ષ–મુકિત મેળવે છે.

**(૬) મોક્ષનો ઉપાય છેઃ–** સમ્યકદર્શન, સમ્યકજ્ઞાન, સમ્યક-ચારિત્ર એ પ્રાપ્તિનો ઉપાય છે.

સોરઠને આથમણે કાંઠે રાણાવાવ નામે એક ગામ. ગામમાં ખેતા પટેલ નામનો કણબી વસે. તેને અજવાળી નામે દીકરી હતી પણ લાડથી સૌ અંજુ કહીને બોલાવે.

અંજૂ સવારે ઉઠીને દશબાર રોટલા ટીપી નાખે. બબ્બે ભેંસોની છાશ ધમકાવી કાઢે. ચાર–ચાર બળદોનું વાસીદું ચપટી વારમાં પતાવી દે. આંગણું સાફ સૂફ કરીને ચોખ્ખું ફૂલ જેવું બનાવી રાખે.

ઘણાંયે મહેમાન ઘેર આવે ત્યારે આ છોકરીને જોતાંની સાથે જ માંગુ નાખતા પણ ખેતા પટેલ દરેકને જવાબ આપતો કે દીકરી હજી તો નાની છે.

પટેલના આંગણે મેપા જીવાત નામનો સાથી રહેવા આવ્યો. જીવાતના અંગ ઉપર પુરા લુગડાં નથી, મોઢા ઉપર કોઈ નૂર નથી, અરે તેના પ્રત્યે માયા ઉપજે એવું કાંઈ એની આંખોમાં નથી. ખેતા પટેલે તેને સાથી તરીકે રાખી લીધો, તેને ત્રણ ટંક પેટીયું (ભોજન) આપવાનું, બે જોડ લુગડાં દેવાના, એક જોડ કાંટારખા અને મોલપાકે ત્યારે એક દિવસમાં એકલે હાથે લણી શકે તેટલા ડુંડા દેવાના.

ભાત આપવા રોજ અંજુ જાય. ભાત લઈ જવાની હોંશમાંને હોંશમાં અંજુ બે પહોર ચડે ત્યાંજ બધું કામ આટોપી લેતી. બે જાડા રોટલા, ઉપર માખણનો લોંદો, ગરમરના બે કકડા, દોણી ભરીને ઘાંટી રેડીયા જેવી છાસ– લઈ અંજુ ખેતરે જાય ત્યારે એનું મોં જેવું રૂડું લાગે તેવું કયારેય ન લાગતું. સાથીની પડખે બેસી અંજુ તાણ કરી કરીને ખવડાવે.

એલા ખા–ખા ન ખા તો તારી મા મરે—પણ મારે મા જ નથી તેનું શું ? તો તારો બાપ મરે— મારે તો બાપ પણ નથી. અરે ! તો તારા મનમાં જે હોય તે મરે, એવું અંજુ બોલતીને છેલ્લા વાકયે સાથી અડધી ભુખે જ ઉઠી જતો. છતાં તેને શરીરે રોજ શેર શેર લોહી ચડવા માંડયું.

એક દી છોકરાએ પૂછ્યું છોડી! તું મારા પર આટલી બધી દયા કેમ રાખ છ ? અંજુ કહે તું અનાથ છોને માટે. પછી તો રોજેરોજ આવી વાતો થતી ને ગમ્મતો થતી.

એમ કરતા ઉનાળો વીત્યો. મેપાએ ખેતર ખેડીને ગાદલા જેવું સુવાળું કરી નાખ્યું. ઘાસનું એક તણખલું સરખું ન રહેવા દીધું. સાઠીઓ સૂડી સૂડીને હાથના ભંભોલા ઉઠયા. અંજુ આવીને એ ભંભોલા પર ફુંકતી અને મેપાના પગના કાંટા કાઢતી.

ચોમાસું વરસ્યું જાણે મેપાના ભાગ ખૂલી ગયા. દોથામાં ન સમાય એવા જાર–બાજરાના ડુંડા નીકળ્યા. બપોરે મેપો મીટ માંડીને બેઠો છે. અંજુ પૂછે છે તેને, એલા શું જોઇ રહ્યો છે ? જોઉ છું કે આટલામાં બાયડી બોણ પરણાશે કે નહીં ? પણ એલા તને મફતમાં બાયડી મલે તો ? અંજુ બોલી. તો તો હું અનાથ કેવાઉ ને ?

લણણીનો દિવસ નક્કી થયો. મેપો રોજ લીલા ઘાસની એકેક ગાંસડી વાળીને એક લુહારને દઈ આવતો. લુહાર સાથે ભાઈબંધી જામી. એક દાતરડી બનાવી. દાતરડી કેવી કે હાથ–પગ આવ્યો હોય તો બટકી ઉડાડી નાખે એવી.

સવારે મેપો દાતરડી લઇને ડુંડા પર મંડાયો. બે પહોર થયા ત્યાં તો ત્રીજા ભાગનું ખેતર કોરું ધાકોળ. પટેલની તો આંખ ફાટી ગઈ. નખ્ખોદ જાય આનું. સાંજ પડશે ત્યાં તો એક પણ ડુંડું આપણે ભાગ નહીં રહે તો ખાઈશું શું ?

અંજુએ આતાના નિસાસા સાંભળ્યા. એણે એની સેના સળી ભરત ભરેલો ચણીયો પહેર્યો. માથે કસુંબલ ચુંદડી ઓઢી. મીંડલાં લઇને માથું ઓળ્યું, હીંગલોક પૂર્યો. વહેલી વહેલી ઘીએ ઝબોળેલી બાજરી લઈને નીકળી. મેપો ખાવા બેઠો પણ આજ તેનું હૈયું હાથમાં નથી. ખૂબ વાતો કાઢી અંજુએ પણ મેપો વાત કરવા તૈયાર નથી. એલચીનો મુખવાસ કરાવ્યો. પણ તેને એલચીની કિંમત ન હતી.

અંજુ બોલી બેસને હવે બે ડુંડા ઓછા વાઢીશ તો કાંઈ બાયડી વનાનો નહીં રહી જા. મેપો ન માન્યો, મોઢું પણ ન મલક્યું. એલા આજ તને આ અંજુ કરતા ડુંડા વધુ વહાલા લાગ્યા. તો યે મેપો ન પીગળ્યો. મેપો તો ઉંધો ઘાલી ચાલ્યો મોલ ભણી.

ઉભો રે તું એમ નહી માને બોલતી અંજુ દોડી. હેતના ઉમળકામાં એણે દાતરડીનો હાથો ઝાલી લીધો. પણ મેપાના કેડીયામાં લટકતી દાતરડી બરાબર ગળે લટકતી'તી. ઉભો રહે એમ અંજુએ બુમ પાડી ને મેપો સદાને માટે ઉભો રહી ગયો. દાતરડી મેપાના ગળામાં ઉતરી ગઇ. એ જ વસ્ત્રોએ અંજુ મેપાના શબને લઈને ચિતામાં ઝંપલાવ્યું. અગ્નિ દેવતાએ બેયને ગુલાબ જેવું અંગારાનું બીછાનું કર્યું.

આવી પ્રીત પ્રભુ સાથે માંડી હોય તો ? રાગીને બદલે વીતરાગીનો રાગ કર્યો હોય તો ? મોક્ષનો પણ ઉપાય છે, કયારે ?

મોક્ષ પ્રાપ્તિ માટે શિવરમણી સાથે પ્રીત માંડે ત્યારે. બાયડી પરણવા મેપાએ કરેલ પુરૂષાર્થ કેટલો ? તેટલો પ્રભુને માટે કર્યો હોય તો મોક્ષનો ઉપાય ચોક્કસ છે.

આ છ સ્થાનકો ખૂબ જ વિચારવા કેમ કે જેઓમાં આ છ માન્યતા શુદ્ધ હોય તેવામાં સમ્યકત્વ રહે છે. પણ સર્વ પ્રથમ 'આત્મા છે' તે વાતનો સર્વથા સ્વીકાર એ મૂળ માન્યતા છે. જ્યાં સુધી જીવના અસ્તિત્વ વિશે શંકા હોય ત્યાં સુધી તો તમારું કામ આગળ વધવાનું જ નથી. આત્માની હયાતી સ્વીકારશો તો તેના મોક્ષ માટે પુરુષાર્થ કરશોને ?

એક વખત રમણ મહર્ષિ પાસે જિજ્ઞાસુ યુવકે આવીને પૂછ્યું ઇશ્વર એની જ રચેલી આ દુનિયામાં અન્યાય કેમ ચાલવા દે છે ? મહર્ષિ કહે ખરેખર તારે આ પ્રશ્ન મને ન પૂછવો જોઇએ. યુવક કહે કેમ ? જેણે દુનિયા બનાવી છે તેને પૂછ.

યુવકે બીજો પ્રશ્ન કર્યો હું પ્રભુને જ પૂછીશ પણ ત્યાં પહોંચવું કઈ રીતે ? મહર્ષિ કહે હું શું કહું. પ્રભુ પાસે પહોંચવાનો માર્ગ તો વ્યક્તિએ જાતે શોધવો જોઈએ.

ત્રીજી વાત— તો એમ કહો કે ઇશ્વરનું અસ્તિત્વ જ નથી. મહર્ષિ કહે કઇ રીતે ? આપણે પ્રત્યક્ષ નથી માટે ? નજરોનજર ન જોયેલી વસ્તુ કઇ રીતે મનાય ? મહર્ષિ કહે તારી વાત તો બરાબર છે તારું મગજ હું જોઈ શકતો નથી તો શું હું માની લઉં કે તું મગજ વગરનો છે. તેમ ઈશ્વર અપ્રત્યક્ષ છે છતાં અસ્તિત્વ તો ધરાવે જ છે.

એ જ રીતે સંસારની ઘણી વાતો અરે માતાપિતા શુદ્ધા વિશે

પ્રત્યક્ષ કોઈ જ પુરાવો નથી છતાં અસ્તિત્વ તો છે જ. તે રીતે આત્માનું પણ અસ્તિત્વ છે જ.

અલબત્ત આત્માના અસ્તિત્વ વિશે ગણધરવાદમાં ઘણી જ જુદી જુદી રીતે સાબીતી અપાય છે. અહીં કેવળ શ્રદ્ધાને આધારે જ વિચારણા થતી હોવાથી આત્મા છે. તે નિત્ય છે-કર્તા છે, કર્મનો ભોક્તા છે, આત્માનો મોક્ષ છે અને તે મોક્ષ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આ છ બાબતો માટે પૂર્ણ વિશ્વાસ હોવો તે જ વાત મહત્ત્વની છે. એક વખત મોક્ષ છે તેટલું દૃઢ થશે તો તે પ્રાપ્તિનો પ્રયત્ન ચોક્કસ થવાનો જ છે.

આવી રીતે સમકિતની ભાવના ભાવતો શ્રાવક સમ્યક્ત્વ ધારણ કરી અને धरह सम्मत्तं એ કર્તવ્યનું પાલન કરવા પ્રયત્નશીલ બને ત્યારે સમકિત દુષિત ન થાય તે માટે શાસ્ત્રકારો લાલબત્તી ધરે છે. સમ્યક્ત્વ ધારણ તો કર્યું પણ તે દુષીત ન થાય તે માટે શું કરવું ?

તમે, નાશવંત જ છે તેવા વસ્ત્ર, ફર્નિચર, મકાન વગેરેને ધારણ કર્યા પછી જેટલા ચિંતિત રહો છો એટલી ચિંતા પણ કદી સમકિત માટે કરી છે ખરી ? રોજ વંદિતુ બોલો છો તેની છઠ્ઠી ગાથા યાદ કરો.

संका कंख विगिच्छा पसंस तह संथवो कुलिंगीसु
सम्मत्तस्स इआरे पडिक्कमणे देसिअं सव्वं

સમ્યક્ત્વના (અતિચાર) મુખ્ય દુષણો પાંચ કહ્યા. શ્રાવક धरह सम्मत्तं કર્તવ્યની યોગ્ય પરિપાલના કરે પણ આ પાંચ બાબતો પરત્વે દુર્લક્ષ સેવે તો તેની સમકિત રૂપી ઇમારત ખંડીત થાય છે. તેથી શાસ્ત્રકાર મહર્ષિએ શંકા–કાંક્ષા–વિચિકિત્સા–કુલિંગી પ્રશંસા અને કુલિંગી સંસ્તવ એ પાંચ દુષણો વર્જવાનું કહ્યું.

(૧) શંકા :– જે શ્રદ્ધાથી અરિહંત અને સિદ્ધનું દેવ તરીકે આલંબન લેવાય છે, પંચ મહાવ્રત ધારી ગુરુનું આલંબન લેવાય છે, વીતરાગ પ્રણીત ધર્મનું આલંબન લેવાય છે, તેની યથાર્થતા વિશે શંકા ઉઠાવવી એ સમ્યક્ત્વ દુષિત કરવાનું પ્રથમ લક્ષણ છે.

શંકા બે પ્રકારે છે. (૧) દેશથી (૨) સર્વથી

(૧) દેશ શંકા :- જિનેશ્વર પ્રરૂપિત સર્વ પદાર્થોમાં શ્રદ્ધા હોય પણ કોઈ એકાદ –બે બાબતોમાં શંકા થાય તે દેશ શંકા. જેમ કે:– જીવપણું સમાન છે છતાં ભવ્ય–અભવ્ય એવા ભેદો કેમ હશે ?

અહીં સમજવાનું તત્ત્વ એ છે કે કેટલાંક પદાર્થ હેતુ ગ્રાહ્ય છે અને કેટલાંક અહેતુ વડે ગ્રાહ્ય છે. તેમાં જીવાદિ પદાર્થો હેતુ વડે ગ્રાહ્ય છે, અને ભવ્યત્વ વગેરે અહેતુથી ગ્રાહ્ય છે, કેમ કે તે ઉત્કૃષ્ટ જ્ઞાન વિના આપણા જેવાં છદ્મસ્થોને સમજાતા નથી તેનું જ્ઞાન માત્ર કેવળ જ્ઞાનીઓના વચનથી જ થાય છે.

(૨) સર્વશંકા :- સઘળા સિદ્ધાંત પ્રાકૃતમાં જ છે. માટે કલ્પિત જ હશે તેવા પ્રકારની શંકા કરવી.

દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપ પરત્વે કે વચનો પર શંકા થવાથી આખો પાયો જ હચમચી જવાનો. દેવાદિ તત્વોની શ્રદ્ધા પર જ સમ્યકત્વની ઈમારત રહેલી છે. તે શ્રદ્ધાનું પોષણ-ટકાવ અને વૃદ્ધિ એ સમ્યકત્વની પાયાની જરૂરિયાત છે.

જોકે કહેવત છે કે "ભૂખ્યાને ભોજન જ બસ છે. "ભૂખ ન લાગી હોય તેવો રોગી જ આ ફાવતું નથી ને આ ભાવતું નથી તેવી વાતો કરે છે. તેમ ખરા ધર્માર્થીને શંકા હોય જ નહીં. શંકા મિથ્યાત્વના રોગીને જ હોય.

(૨) કાંક્ષા :- વિતરાગ એવા દેવ-ત્યાગી ગુરુ અને દયામય ધર્મ પ્રાપ્ત કર્યા પછી પણ અન્ય મત કે દર્શનની આકાંક્ષા કરવી તે બીજું દુષણ કહ્યું.

સિદ્ધકુમારે પૂ. હરિભદ્રસૂરિજી પાસે દીક્ષા ગ્રહણ કરી છે. ધીમે ધીમે શાસ્ત્રનો અભ્યાસ કરતાં કરતાં સારા વિદ્વાન થયા. પછી તર્કશાસ્ત્ર જાણવાની ઇચ્છાવાળા તેણે બૌદ્ધ ધર્મનું રહસ્ય જાણવા માટે આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા માંગી.

આચાર્ય મહારાજ કહે તું ભલે જા પણ ત્યાં કદાચ બૌદ્ધના સંગથી તારું મન ફરી જાય અને તને તે ધર્મ પર શ્રદ્ધા ઉત્પન્ન થાય તો તારે અમારો વેશ આપવા મારી પાસે જરૂર આવી જવું. સિદ્ધર્ષિ મુનિ તે વાત કબુલ કરી બૌદ્ધો પાસે ગયા ભણવા. ત્યાં બૌદ્ધોએ કુતર્કથી તેનું મન ફેરવી નાખ્યું. વેશ પાછો આપવા આચાર્ય મહારાજ પાસે ગયા. ત્યારે બૌદ્ધોએ કહ્યું કે ત્યાં જઇ તમારું મન ઠગી જાય તો અમને અમારો વેશ પાછો સોંપવા જરૂર આવજો.

આચાર્ય મહારાજે તેને સમજાવ્યા એટલે ફરી જૈન દર્શનમાં સ્થિર થઈ બૌદ્ધોને વેશ પરત કરવા ગયા. આ રીતે એકવીશ વખત

ગયા અને આવ્યા. ત્યારે હરિભદ્રસૂરિજીએ વિચાર્યું કે આ બિચારો મિથ્યાદૃષ્ટિ થઈ ને દુર્ગતિમાં પડશે. એટલે તેણે શક્રસ્તવ (ચૈત્યવંદન) પર લલીતવિસ્તરા નામે ટીકા રચીને સિદ્ધર્ષિમુનિને વાંચવા આપી.

લલીતવિસ્તરા વાંચતા વાંચતા અત્યંત સંતુષ્ટ અને પ્રમુદિત થયેલા સિદ્ધર્ષિ મુનિએ દઢ સમકિત વાળા થઈ, અન્ય દર્શનની કાંક્ષા ત્યાગી દીધી. અનુક્રમે આચાર્ય બન્યા અને ઉપમિતિ ભવપ્રપંચ નામે વૈરાગ્ય રસમયી સુંદર કથાની રચના કરી, સ્વર્ગે સંચર્યા.

સમ્યકત્વ ધારણ કરવાવાળા શ્રાવકે પણ આ રીતે અન્ય દર્શનની કાંક્ષાનો ત્યાગ કરવો. કેમ કે તે સમ્યકત્વના મૂળમાં પ્રહાર કરવા જેવું છે. મનમાં કોઇ વસ્તુની સૂક્ષ્મ ઇચ્છા થાય તે સમય જતાં સ્થૂલ બને અને પછી પ્રવૃત્તિમાં પરિણમે છે.

કાંક્ષાને ઇચ્છા, અભિલાષા કે ચાહના પણ કહેવાય છે. તેના પણ દેશથી અને સર્વથી બે ભેદ છે.

☼ દેશ કાંક્ષા :- કોઇ દર્શનમાં માનવસેવાનો વિષય બહુ સારો લાગે તે દર્શનની ઇચ્છા થાય તે દેશકાંક્ષા.

☼ સર્વકાંક્ષા :- સર્વ પાખંડી પ્રત્યેની ઇચ્છા.

(૩) **વિચિકિત્સા** :- સુદેવ, સુગુરુ, સુધર્મના સ્વરૂપ વિશે પાયા વિનાના ખોટા તર્ક, ખોટી વિચારણા કે તે સંબંધિ પ્રાપ્ત થયેલી સ્થિર બુદ્ધિને બદલી નાખવી કે ધર્મસંબંધિ ફલ વિશે શંકા કરવી તે વિચિકિત્સા.

શ્રી દશ વૈકાલિક સૂત્રની ટીકામાં શ્રી હરિભદ્રસૂરિજીએ લખ્યું છે કે विचिकित्सा–मति विभ्रमो यतोऽसौ મતિ વિભ્રમ એ જ વિચિકિત્સા. જેમકે સાધુ સાધ્વીના મલિન વસ્ત્રો જોઇ આ સાધુ અપવિત્ર છે. તેવી વિચારણા કરવી એ એક પ્રકારની વિચિકિત્સા–જુગુપ્સા છે. તેનાથી સમ્યકત્વ શિથિલ બને છે.

० **પ્રશ્ન** :- શંકા અને વિચિકિત્સા બંને સંદેહ રૂપ જ છે. તો બંનેમાં ફર્ક શો ?

० **સમાધાન** :- જીવ–અજીવ વગેરે દ્રવ્યો, તેના ગુણ કે સ્વરૂપ વિષયે જે સંદેહ થાય તેને શંકા સમજવી. જીનકથિત ધર્મ અનુષ્ઠાન કે ક્રિયા સંબંધિ ફળ વિશે સંદેહ થાય તેને વિચિકિત્સા સમજવી.

શ્રેણિક મહારાજા પ્રભુના વંદનાર્થે જતા હતા. માર્ગમાં એક સ્થળે અસહ્ય દુર્ગન્ધ ફેલાતી હતી. સૈનિકોએ વસ્ત્રના છેડાથી નાક બંધ કરી દીધું. શ્રેણિક મહારાજાએ પૂછયું આ દુર્ગન્ધ શાની છે? જવાબ મલ્યો કે માર્ગમાં તરતની જન્મેલી કોઈ બાલિકાના શરીરમાંથી દુર્ગન્ધ છુટે છે.

દેશના સાંભળી પ્રભુને પૂછયું કે આ બાલિકા આટલી દુર્ગન્ધી કેમ છે? પ્રભુ જણાવે કે પૂર્વભવે આ બાળાના વિવાહ સમયે કોઇ મુનિ ગોચરી પધાર્યા. વહોરાવતા મુનિના શરીર પર તથા વસ્ત્રોમાંથી આવતી દુર્ગન્ધથી મુખ મરડયું. વિચાર્યું કે પ્રાસુક જલથી પણ આ સ્નાન કરતા હોય તો વાંધો શો?

જુગુપ્સા મોહનીયકર્મની આલોચના કર્યા વિના મૃત્યુ પામેલી હોવાથી તે દુર્ગન્ધા બની. માટે હે શ્રાવકો! તમે સમ્યકત્વ ધારણ કરો પણ જુગુપ્સા દ્વારા તેને દુષિત ન કરો.

**(૪) કુલીંગી પ્રશંસા** :— કુલિંગી–મિથ્યાદૃષ્ટિની પ્રશંસાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. તેમજ અતત્વમાં શ્રદ્ધા કર્યા, કરાવ્યાનો દોષ લાગે છે. તેથી સમ્યકત્વમાં સ્થિર થયેલાએ કુલિંગી—મિથ્યાત્વીની પ્રશંસા ન કરવી.

**(૫) કુલિંગી સંસ્તવ** :— કુલિંગી—મિથ્યાત્વીનો પરિચય, સહવાસ, સંસર્ગ, સંભાષણ, જીવનચર્યા દર્શન વડે શુદ્ધ શ્રદ્ધા– સમક્તિ દુષિત થાય છે અને અપરિણત તો ધર્મભ્રષ્ટ પણ થાય છે. તેથી મિથ્યાત્વી સાથે એકત્ર ભોજન, વાસ કે આલાપાદિ સર્વથા વર્જવા.

આ રીતે સમ્યકત્વ ધારણ કરતા શ્રાવકે પાંચે દૂષણોનો ત્યાગ કરવો જોઈએ. તે માટે જ આજનો વિષય રાખ્યો. "**સમક્તિ દુષણ પરિહરો રે**"— શ્રાવકને માટે બનાવાએલ મન્નહ જિણાણં સજ્ઝાયમાં ત્રીજુ કર્તવ્ય જણાવ્યું ઘરહ सम्मत्तं એ કર્તવ્યની પરિપાલના કરતો શ્રાવક જ્યારે દેવાદિ તત્ત્વોની સદ્દહણા કરે ત્યારે તેની શ્રદ્ધા દુષિત ન બને તે માટે આ પાંચ લાલબત્તીઓ ધરી છે.

માર્ગે ચાલતા પથિકને જેમ લાલબત્તીથી રૂક જાઓનો આદેશ મળે છે, તેમ શ્રાવકો પણ રૂક જાઓનો સંદેશો સમજી સમક્તિ દુષણનો પરિહાર કરે તે જ અભ્યર્થના.

✱ ✱ ✱

# (૧૩) આવશ્યકનો અર્થ

## — યાત્રા સમભાવથી ત્યાગ સુધી

समणेणं सावएण य, अवस्स कायव्वं हवई जम्हा
अंतो अहो निसस्स य, तम्हा आवस्सयं नाम

આવશ્યક સૂત્ર મૂળ—ગાથા ત્રીજીમાં જણાવે કે સાધુ અને શ્રાવકે દિવસ અને રાત્રિના અંતે અવશ્ય કરવા યોગ્ય છે માટે તેને આવશ્યક કહેવાય છે.

શ્રાવકને માટેની નિત્ય કર્તવ્યોની સજ્ઝાયમાં પણ જણાવે કે छव्वीह आवस्सयम्मो उज्जुत्ता होइ पइ दिवसं પ્રતિદિન છ પ્રકારના આવશ્યકમાં ઉદ્યમવંત રહો.

શ્રાવકે છ આવશ્યક રોજ કરવાના છે, પણ આવશ્યક એટલે શું ? આવશ્યક સૂત્રની ગાથામાં પણ અર્થ આપ્યો કે **અવશ્ય કરવા યોગ્ય કરણી.**

तं जहा सामाइअं चउवीसत्थओ वंदणयं पडिक्कमणं काउसग्गो पच्चक्खाणं તે (આવશ્યક) સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદનક, પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, પચ્ચકખાણ એ છ ના સમુદાય રૂપ છે.... આત્માના ગુણો પ્રગટ કરવા અર્થે જે ક્રિયા કરાય તે आवस्सय કહ્યું.

આવશ્યક ક્રિયા આત્માને પ્રાપ્ત ભાવથી પડવા દેતી નથી, અપૂર્વ ભાવની પ્રાપ્તિ કરાવે છે, તથા પતિત આત્માની પણ ક્ષાયોપશમિક ભાવપૂર્વક કરાતી ક્રિયા વડે ફરીથી ભાવ વૃદ્ધિ થાય છે.

કાઠીયાવાડમાં ઝીંઝાવદર નામનું એક ગામ. ત્યાં ખેડુ અને ખાચરના ખોરડા વસેલા. ગામ માથે ધરમધજા ફરકે. ગામને ટીંબે એક અલૈયો નામે કાઠી રહેતો. ઘરે ધીંગા ધોરી–ધીંગી ખેડ અને ધાનના ઢગલા પેદા કરે. પરસેવા પાડી હક્કની કમાણી ખાતો ખાચર એટલે સ્વામી સહજાનંદ નારાયણના સત્સંગે ભીતરના ભેદ ભાંગીને બેઠેલો ભડ માણસ, સ્વામીના ચરણમાં જીવતરને ધરીને અંતરયામીમાં એકાકાર થયેલો માટી.

એકદા અલૈયો પગ ઉપાડે ત્યાં ટહુકો થયો. 'બાપુ' રાંધણીયામાંથી અવાજ સાંભળી ખાચર બોલ્યા, "બોલ દીકરી" બાપુ મારી

ઉપાધિ મુકો. મલકને આંટો મારી પાછા ફરશો તો યે મારે લાયક માણહ મળવો મુશ્કેલ છે. અઢાર વરસની અવસ્થાને આંબુ આંબુ થતી પાલક પુત્રી રામબાઈને માથે અલૈયા કાઠીની આંખો ખોડાઈ ગઈ, બોલ્યા— 'દીકરી' દેવના દરવાજા કાંઈ દેવાઈ નથી ગયા.

રામબાઈને થયું કે ભીતરના ભાવ ભંડારવામાં હવે કંઈ મજા નથી. રામબાઈ બોલ્યા 'બાપુ' મને પરણવાના કોઈ ઓરતા નથી. મારું મન તો મા'રાજના માળે બેઠું છે. બાપુ તમારા પગે પળું. હવે મારે સંસારની ચારણીમાં નથી ચળાવું. મને મોક્ષને મારગ જવા દો.

જીદે ચડેલી રામબાઈને સમજાવતા ખાચર બોલ્યા બેટા મા'રાજ કહેશે તેમ કરશું હાઉં હવે તારે કંઇ કહેવું છે?

અલૈયા ખાચરે સીધો ગઢડાનો મારગ ધાર્યો. એક ખેપીયાને મોકલ્યો ગઢડા માથે. સવારનો પહોર હતો. શ્રીજી મહારાજ ગઢડા મધ્યે લીલુડા લીંબડાનો છાયો કરી ઢોલીએ બીરાજમાન હતા. ધોળા વસ્ત્રો ધારણ કર્યા હતા. સત્સંગીઓ બેઠા બેઠા શ્રીજી મહારાજના વચનો વીણી વીણીને ચિત્તમાં સંઘરી રહ્યા હતા. અલૈયા મા'રાજના ખેપીયાએ દેવના દરબારમાં ડગ દીધા. મા'રાજને અલૈયા ખાચરના મનની મુંઝવણ જણાવી. મહારાજ તો મોં મલકાવીને બોલ્યા, રામબાઈને કહેજો કે પરણીને પ્રભુ ભજવા. ખેપીયાના વાવડથી અલૈયા ખાચર તો ભક્તિના ભાવમાં ભીંજાઈ ગયા.

રામબાઈ ત્યારે મૌન જ રહ્યા. અંતર ઉરમાં મા'રાજના ઉત્તરને બરાબર સંઘરી લીધો. અલૈયા ખાચરે રામબાઈનું સગપણ લીધું અને લગન માંડયા. આખું ગામ ભગત ભેરૂં હલકયું. ગામના ખોરડા લીંપાવા લાગ્યા, ભીત્યું ધોળાવા લાગી, ગીતો ગુંજવા લાગ્યા, ઢોલ ઢબુકયા, જાનના સામૈયા થયા. માયરા પુરાં થયા કે જાન જમવા બેઠી. ચોથો ફેરો ફર્યા ને વરઘોડીયા પરણી ઉતર્યા,

રામબાઈએ તુરત જ ગળામાંથી હેમનો હાર કાઢયો, કાનમાંથી ઝુમણાં ઉતાર્યા, હાંસડી કાઢી, બલોયા પણ કાઢી નાખ્યા ત્યાં તો માંડવામાં હાહાકાર મચી ગયો.

ખાચર આવ્યા ત્યાં માંડ માંડ એટલું બોલ્યા "કાં દીકરા"....
'બાપુ' મા'રાજના બોલે હું બંધાણી હતી. "પરણીને પ્રભુ ભજવા." મા'રાજનો અડધો બોલ તો પાળ્યો. પરણી લીધું મેં. હવે બીજો અડધો

બોલ પાળવાનો છે બાપુ. હવે હું પ્રભુ ભજીશ.

આને કહેવાય अवस्य करणी પરત્વેનું લક્ષ. પ્રાપ્ત ભાવને પડવા ન દે અને અપૂર્વ ભાવોની પ્રાપ્તિ કરાવે. રામબાઈની વાત માત્ર કથા છે તેમ ન માનશો. આજના યુગમાં પણ દીક્ષા ગ્રહણ કરવા માટે આવા જ પ્રકારની ભાવના ધરાવતા જીવો જોવા મળે છે. જેમાં અમે નજરે જોયેલ ઉદાહરણ છે. ગોંડલના વતની સ્મિતાબાઈ મહાસતીજી.

પણ એ બને કયારે? જો મનમાં ખાતરી થઈ જાય કે આ મારે અવશ્ય કરવા જેવું છે તો—

आवस्सयस्स एसो पिंडत्थो वण्णिओ समासेणं
एतो एक्केक्कं पुण अज्झयणं कित्तइस्सामि
—तं जहा सामाइयं चउवीसत्थओ वंदणयं
पडिक्कमणं काउस्सग्गो पच्चक्खाणं—

અનુયોગ દ્વાર સૂત્રમાં જણાવે છે કે (આવશ્યકના આ સમુદાયને ટુંકમાં કહ્યો) હવે એક એક અધ્યયનનું વર્ણન હું કરીશ.— તે (અધ્યયન) સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચક્ખાણ. (એમ છ છે)

**જે તત્વોને લઇને અન્ય પ્રાણી કરતા આ માનવજીવન ઉચ્ચ ગણાય છે તે છ તત્વોની સાધના એ જ આવશ્યક છે.**

(૧) **સમભાવ**:- શુદ્ધ શ્રદ્ધા જ્ઞાન ચારિત્રનું સંમિશ્રણ.

(૨) જીવને વિશુદ્ધ બનાવવા સર્વોપરિ જીવન મુક્ત મહાત્માઓને આદર્શ રૂપે પસંદ કરી તે તરફ દૃષ્ટિ રાખવી;

(૩) ગુણવંતોનો વિનય-બહુમાન કરવું.

(૪) કર્તવ્યની સ્મૃતિ કે કર્તવ્ય પાલનમાં થતી ભૂલોનું અવલોકન કરી નિષ્કપટ ભાવે સંશોધન કરવું.

(૫) કાયાનો ઉત્સર્ગ કરી ધ્યાનાભ્યાસ દ્વારા પ્રત્યેક વસ્તુ સ્વરૂપને યથાર્થ રીતે સમજવા વિવેક શક્તિનો વિકાસ કરવો.

(૬) ત્યાગ વૃત્તિ દ્વારા સંતોષ અને સહનશીલતા વધારવી.

આ છ એ તત્વોની ગુંથણી આવશ્યકમાં અદ્દભુત રૂપે થયેલી છે. કેમ કે—

સામાયિક એ સાવદ્યયોગની વિરતિ છે, ચતુર્વિંશતી સ્તવમાં ચોવીશ તિર્થંકરોના ગુણોનુ સંકિર્તન છે, વંદનકમાં ગુરુ પરત્વેનો

વિનય ભાવ છે, પ્રતિક્રમણમાં સ્ખલિત આત્માની નિંદા છે, કાયોત્સર્ગ એ ભાવવ્રણની ચિકિત્સા રૂપ છે અને પ્રત્યાખ્યાન નાનાવિધ સંયમની ગુણ ધારણા છે.

આ રીતે છ એ આવશ્યક દ્વારા જીવને **સમભાવથી ત્યાગ સુધીની** યાત્રા પરિપૂર્ણ થાય છે. જીવને શિવ બનવાનો માર્ગ ખુલે છે.

**પ્રશ્ન** :- પ્રારંભના શ્લોકમાં अंतो अहो निसस्स કહ્યું. તે શબ્દ તો પ્રતિક્રમણને લાગુ પડે છે, છતાં અહીં आवश्यक તરીકે કેમ ઘટાવો છો.

**સમાધાન** :- आवश्यक માં છ આવશ્યકની આરાધના અલગ-અલગ દર્શાવેલ છે. જ્યારે પ્રતિક્રમણમાં છ એ આવશ્યકની ક્રમશઃ વિધિ દર્શાવેલ હોવાથી ઉભયકાલ (દિન-રાત્રિ) આવશ્યક કરવું તેમ કહેવાથી પ્રતિક્રમણની વાત છે તેવું લાગે.

તત્ત્વથી તો છ એ આવશ્યક એકબીજામાં સમાઈ જાય છે. વળી આવશ્યકના વિભાગો અલગ અલગ કરી કોઈ એમ કહે કે મેં સવારે સામાયિક કરેલ છે તો સામાયિક દંડક ઉચ્ચર્યા વિના પ્રતિક્રમણ કરૂં તો ચાલે કે નહીં? તો તે ન ચાલે. કેમ કે તે રીતે કરવાથી વિધિનો લોપ થાય છે.

તદુપરાંત આવો પ્રશ્ન કોઇ પ્રતિક્રમણ માટે પણ કરી શકશે કે પ્રતિક્રમણમાં જે છ આવશ્યકોની ગણતરી કરાય છે તેમાં પ્રતિક્રમણ આવશ્યક તો માત્ર इच्छा. सदि. देवसिअं आलोउं વખતે શરૂ થાય છે. તો પછી પ્રતિક્રમણમાં વળી પ્રતિક્રમણ એવો પેટાભેદ ક્યાંથી લાવ્યા? એટલે આવી શાબ્દિક કસરત ન કરતાં તમે માત્ર छव्वोह आवस्सयम्मि उज्जुत्तो होइ पइदिवसं—**પ્રતિદિન છ આવશ્યકમાં ઉદ્યમવંત રહેવું** એટલા કર્તવ્યને લક્ષમાં લેશો તો જ કલ્યાણકારી બનશે.

લંડનમાં જ્યોર્જ પિવોડી નામક એક વ્યક્તિનું બાવલું છે. તે બાવલાના શિલ્પકારનું નામ છે સ્ટોરી. સ્ટોરીની ગણના ઇંગ્લેન્ડના ખ્યાતનામ શિલ્પીઓમાં થાય છે. તેણે રાત-દિવસ જોયા વિના ભૂખ-તરસ વેઠીને આ બાવલાનું સર્જન કરેલું હતું. આ બાવલાને તેણે ઘડતાં ઘડતાં પોતાની સારીયે જાત નીચોવી નાખેલી. તેની સર્જનકલાથી સૌ પ્રભાવીત થયા.

બાવલાની અનાવરણ વિધિનો પ્રસંગ આવ્યો. સૌ સાથે મળીને એક અવાજે નક્કી કરી બોલ્યા કે બાવલાના સર્જક સ્ટોરીને હાથે જ અનાવરણ વિધિ રાખવી. ઉદ્‌ઘાટન દિવસ પણ આવી ગયો. લોકોની ભીડ જામી. નિર્ધારિત સમયે સ્ટોરી પણ ત્યાં આવી ગયો. પડદો ઉંચકયો. બાવલાનું ઉદ્‌ઘાટન થયું ને વણ લખાયેલા શીરસ્તા મુજબ લોકોએ તાળીઓના ગળગળાટ સાથે ઉદ્‌ઘાટકને પ્રવચન કરવાનો આગ્રહ કર્યો.

આવી પરંપરા આજ સુધી જળવાયેલી જ હોવાથી લોકોએ માન્યું કે સ્ટોરી પણ એક સુંદર પ્રવચન આપશે. સ્ટોરી તૈયાર કરેલા મંચ ઉપર આવ્યો. લોકોની સામે જોયું. પોતાના બંને હાથ જોડયા. એટલું જ કહ્યું કે આપ સૌ જે આ બાવલું જોઈ રહ્યા છો તે જ મારું ઉદ્‌ઘાટન પ્રવચન છે. પછી બેસી ગયો.

લોકોને પણ થયું કે ખરેખર કલાકારની કૃતિ એ જ તેનું પ્રવચન છે.

એ રીતે આવશ્યકનો અર્થ જ અવશ્ય કરવા યોગ્ય કરણી. તેની આચરણા જ હોય, વ્યાખ્યાનો નહીં. પૂર્વ પુરુષોએ પણ પ્રથમ તો સુંદર આચરણા કરી બતાવેલ છે. ત્યાર પછી જ आवश्यक सूत्र પર ટીકા વગેરે રચેલા છે. એટલે **સમભાવથી ત્યાગ સુધીની યાત્રા** કરતાં શ્રાવકોએ अवश्य करणीय એ સૂત્રને જ મહત્ત્વ આપવું જોઈએ. જેથી બે–ચાર માણસો તેના પ્રતિક્રમણ કે વંદનાદિ ક્રિયા જોઈને પણ બોધ પામનારા બને.

(ઉભયકાલ) આવશ્યકના અર્થની સુંદર સ્પષ્ટતા માટે પ્રતિક્રમણમાં સમાવાતા છ આવશ્યકોની દષ્ટિએ જ વિચારો તો પણ પુરતું છે, ચઉશરણ પયન્નામાં છ એ આવશ્યક અંગે ગુંથેલા શ્લોકમાં ક્રમશઃ એક એકની વિચારણા લઈએ તો :-

**(૧) સામાયિક :—** સપાપ પ્રવૃત્તિનો ત્યાગ અને નિષ્પાપ પ્રવૃત્તિના સેવનથી સામાયિક વડે ચારિત્ર ગુણની વિશુદ્ધિ થાય છે. પ્રતિક્રમણ કરતી વેળાએ પ્રતિક્રમણ સ્થાપના બાદ જે करेमि भंते સૂત્ર નો પાઠ બોલીએ છીએ તે સામાયિક આવશ્યક છે. સર્વ ક્રિયાનું મૂળ સામાયિક છે. સમતા કેળવાયા બાદ બીજા આવશ્યકોની વિધિ આગળ ચાલે છે.

(૨) **ચઉવિસ્સત્થઓ** :— જિનેશ્વરના અતિ અદ્ભુત ગુણ કિર્તનરૂપ ચતુર્વિંશતિ સ્તવ વડે દર્શનાચાર વિશુદ્ધિ કરાય છે. પ્રતિક્રમણ વેળા અતિચારની આઠ ગાથાના કાઉસ્સગ્ગ બાદ બોલાતું लोगस्स સૂત્ર એ ચોવીશ પરમાત્માની સ્તુતિ રૂપ જ છે.

(૩) **વંદન** :— नाणाईआ उ गुणा तस्संपन्न पडिवत्ति करणाओ
वंदणएण विहिणा कीरइ सोहो उ तेसिंतु

જ્ઞાનાદિ ગુણોથી સંપન્ન એવા ગુરૂનો વિનય કરવાથી, વિધિ પૂર્વક વંદન વડે તે-તે (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ) ગુણોની વિશુદ્ધિ થાય છે. પ્રતિક્રમણ વેળા પાપ આલોચના પૂર્વે (એટલે કે इच्छा कारेण सदि सह भगवन् देवसिअं आलोउं पूर्वे) ગુરુદેવને વંદન કરવામાં આવે છે.

(૪) **પ્રતિક્રમણ** :— (મૂલગુણ તથા ઉત્તર ગુણમાં) સ્ખલિત થયેલા આત્માની તે-તે (સ્ખલનાઓની) વિધિ પૂર્વક નિંદા, ગર્હા, આલોચના તે પ્રતિક્રમણ કહેવાય. પ્રતિક્રમણ વડે (મૂલ ગુણ તથા ઉત્તર ગુણની) શુદ્ધિ કરાય છે.

પ્રતિક્રમણ કરતી વેળાએ इच्छा. संदि. भग. देवसिअं आलोउं ? કહી પાપની આલોચના કરે. ત્યાર પછી ૮૪ લાખ યોનિના જીવો અને અઢાર પાપ સ્થાનકોનું મન—વચન કાયા વડે मिच्छामि दुक्कडम् કરે પછી सव्वस्सवि ના પાઠ થકી ગુરુ મહારાજને પૂછે કે દિવસ દરમ્યાન ખરાબ ચિંતવન—ભાષણ કે આચરણ થયું હોય તો (હું શું કરું ?) ગુરુ મહારાજ કહેશે पडिक्कमेह તે ત્રણેનું પ્રતિક્રમણ કર. એટલે वन्दितु સૂત્ર વડે પાપને પ્રતિક્રમી પછી ગુરુને વંદના કરે.

ઉભયકાલ આવશ્યક અંગે પરિશિલન ચાલતું હોય ત્યારે પ્રતિક્રમણ માટેની લગન મહણસિંહને સ્મર્યા વિના કઇ રીતે આગળ વધે, ?

દિલ્હીમાં પિરોજશાહ બાદશાહ રહે. ત્યાં મહણસિંહ નામે એક જૈન શ્રાવક રાજાને ત્યાં નોકરી કરે. દિલ્હીથી બીજે નગર જવા માટે બાદશાહે મહણસિંહને પણ સાથે લીધો. માર્ગે ચાલતા જ સૂર્યાસ્તનો સમય થવા આવ્યો. મહણસિંહ તો ઘોડેથી ઉતરી ભૂમિનું પ્રમાર્જન કરીને પ્રતિક્રમણ કરવા રોકાઇ ગયો. કેમ કે તે જાણતો હતો **પ્રતિદિન છ આવશ્યકમાં ઉદ્યમવંત રહો.** તે શ્રાવકનું કર્તવ્ય છે.

બાદશાહ બીજે ગામ પહોંચ્યા. જ્યાં જુએ તો મહણસિંહ નહીં.

માણુસો શોધીને લાવ્યા. બાદશાહ પૂછે કે કેમ રોકાઈ રહ્યા હતાં? મહણુસિંહે જવાબ આપ્યો નામદાર હું સૂર્ય ઉદય પૂર્વે કે સૂર્યાસ્ત સમયે ગમે ત્યાં હોઉં તો પણ આવશ્યક પ્રતિક્રમણ કરું છું. બાદશાહ કહે પણ આપણા શત્રુઓ ઘણાં છે. કયારેક તમને કોઈક મારી નાખશે તો? મહણુસિંહે ટુંકો જવાબ આપ્યો, ધર્મ સાચવતાં મોતને ભેટીએ તો વિશેષ રૂડું શું?

બાદશાહે ખુશ થઈને તેની ઉભયકાલ પ્રતિક્રમણ વિધિ સાચવવા ૧૦૦૦ સુભટો રક્ષા કરવા રોકયા. આવા મહણુસિંહે એક વખત ગુરુ મહારાજની વાણી સાંભળી શિલવ્રત અંગીકાર કર્યું. તેના શીલ ગુણ અને નિર્મળ ચિત્તને લીધે તેને બાદશાહે અંતઃપુરના રક્ષકોનો ઉપરી બનાવ્યો. પણ એક વખત તેને અંતઃપુરમાંથી બહાર નીકળતો જોઈ બાદશાહ ગુસ્સે થઈ ગયો. તેના વસ્ત્રો ઉતરાવી પ્રહાર કરવા જાય છે ત્યાં તેની કેળ ઉપર સાત તાળા મારેલો કચ્છ જોઈ ને બાદશાહ હર્ષ પામ્યો. બાદશાહ કહે આ તાળા ઉઘાડી નાખ. નામદાર તેની ચાવી તો મારી સ્ત્રી પાસે રહે છે.

બાદશાહ તેના આવા ઉજ્જવલ શિલથી અતિ પ્રભાવીત થયો. લોકોને થયું કે ખરેખર જેણે આ ભવમાં પોતાના આત્માને નિયંત્રીત કર્યો છે. તે પરભવમાં કઈ રીતે પીડા પામવાનો?

બાદશાહે તેને વસ્ત્રો વગેરે આપી ને આદર સત્કાર કર્યો. લોકોમાં પણ તેની શીલવાન અને સત્યવાદી તરીકેની છાપ ઉપસી.

એક વખત કોઈ દુર્જને બાદશાહના કાન ભંભેર્યા. મહણુસિંહ પાસે ૬૪ ટંક સુવર્ણ છે. ત્યારે તેણે રાજા પાસે સાત દિવસની રજા માંગી. હું ગણતરી કરીને જવાબ આપીશ. સાતમે દિને હાજર થઈ જણાવ્યું કે મારી પાસે ૮૦ લાખ ચાર હજાર સુવર્ણ છે. રાજા પ્રસન્ન થઈ ગયો.

આવા સત્યવાદી મહણુસિંહની પરીક્ષા કરવાની બાદશાહને તમન્ના જાગી. મહણુસિંહના હાથે પગે બેડી નાખી કારાગૃહમાં મુકયો. આખો દિવસ લાંઘણુ થઈ. છતાં સાંજે સૈનિકને બે સોનૈયા આપી બેડી કઢાવી પ્રતિક્રમણ કર્યું. આ રીતે એક મહિનામાં સાઠ સોનૈયા ખર્ચ્યા પણ પ્રતિક્રમણ છોડયું નહીં ત્યારે બાદશાહે પણ તેને મુક્ત કરી શીરપાવ આપ્યો.

કેવી હશે આવશ્યક કરણી પ્રત્યેની દઢતા !

**(૫) કાયોત્સર્ગ** :– પ્રતિક્રમણ કર્યા બાદ પણ શુદ્ધ નહીં થયેલા ચારિત્રના અતિચારોની શુદ્ધિ વ્રણ ચિકિત્સા રૂપ કાયોત્સર્ગ વડે યથાક્રમે થાય છે.

પ્રતિક્રમણ વેળા વાંદણા લીધા બાદ કરેમિ ભંતે સૂત્ર દ્વારા સામાયિકનું પુનરુચ્ચારણ કરી કાઉસ્સગ્ગની સ્થાપના કરી (इच्छामि ठामि काउ. બોલી) અનુક્રમે બે લોગસ્સ–એક લોગસ્સ–એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે.

**(૬) પચ્ચક્ખાણ** :– છ આવશ્યકોમાં છેલ્લુ અને છઠ્ઠું આવશ્યક તે પચ્ચક્ખાણ આવશ્યક.

ગુણધારણ રૂપ પ્રત્યાખ્યાન વડે તપના અતિચારોની તેમજ વીર્યાચારના સર્વ પ્રકારો વડે એટલે સર્વ આવશ્યકોની શુદ્ધિ થાય છે.

પ્રતિક્રમણમાં પણ વાંદણા કરી પચ્ચક્ખાણ કરાય છે. અથવા પૂર્વે કરેલા પચ્ચક્ખાણની સ્મૃતિ તાજી કરાય છે.

આ રીતે છ આવશ્યકો થયા

આવશ્યક વિશે શ્રી જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યકનો આરંભ કરતાં જ જણાવ્યું કે— चरण गुह संगहं सयलं आवस्सयाणु ओगं- આવશ્યકનો અનુયોગ ચરણ (ચારિત્ર) ગુણના સંપૂર્ણ સંગ્રહ રૂપ છે. તાત્પર્ય કે જ્ઞાન દર્શન ચારિત્રને લગતી કોઇ પણ ક્રિયા એવી નથી કે જે આવશ્યકના ક્ષેત્રની બહાર હોય.

**તિણે કારણ રે આવશ્યક કિરિયા કરો**
**ઉપગરણે રે રજોહરણ મુહપત્તી ધરો—**

આવશ્યકના મહત્ત્વને ખૂબ સાદા શબ્દોમાં મહત્ત્વ આપતી આ સજ્ઝાય છે. આવા જ શબ્દો વિશેષાવશ્યકની ત્રીજી ગાથામાં પણ ગુંથી લેવાયા છે.

नाण किरियाहि मोक्खो तम्मयमात्रस्सयं जओ तेणं. જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ થાય છે અને આવશ્યક સૂત્ર જ્ઞાન ક્રિયામય છે. સમ્યગ્બોધ રૂપ જ્ઞાન અને સાવદ્યયોગની વિરતિ તથા નિરવદ્યયોગના સેવન કરવા રૂપ ક્રિયા દ્વારા શ્રાવકોએ આવશ્યકમાં ઉદ્યમવંત રહેવું. કેમકે

આવશ્યક એ જ્ઞાન અને ક્રિયાનું કારણ છે. અને સમ્યગ્ જ્ઞાન-ક્રિયાની પ્રાપ્તિથી મોક્ષફળ સિદ્ધિ મલે છે. પણ જ્ઞાન અને ક્રિયા બંને તત્ત્વો જોઇએ.

કોઇ એક કેદી જેલમાંથી નીકળીને ભાગ્યો. ભાગતો ભાગતો ધર્મશાળા જોઈને રોકાયો. તે જ્યાં રોકાયેલો તે ઓરડામાં જ તેની સામે એક પીંજરુ ટાંગેલું હતું. કેદી બેઠો બેઠો પીંજરામાં રહેલા પોપટની સામે જોઈ રહ્યો હતો ત્યાં જ પેલો પોપટ "મુક્તિ મુક્તિ" એવો શબ્દ બોલવા લાગ્યો.

કેદીને થયું કે જેમ મને જેલમાં પુરી દીધો ત્યારે પરાધીનતાનો અનુભવ થતો હતો અને મુક્તિ માટે હું જેલ છોડીને ભાગ્યો તેમ કદાચ આ પોપટ પણ પીંજરામાં પુરાયેલો હોવાથી પરેશાન થતો લાગે છે. છુટવા માટે "મુક્તિ મુક્તિ" શબ્દનું રટણ કરી રહ્યો છે.

આવું વિચારી તેણે પીંજરાનો દરવાજો ખોલી નાખ્યો અને પોપટને પીંજરામાંથી ઉડાડી મુકયો. થોડીવામાં તેની આંખો મળી ગઇ ને થાકથી નિદ્રાધીન થઈ ગયો. ત્યાં ફરી તેને પોપટનો "મુક્તિ મુક્તિ" અવાજ સંભળાયો. કેદીએ ફરીથી તેને ઉડાડી દીધો.

થોડીવારે ફરી એજ પોપટ-એજ પીંજરુ અને "મુકિત મુકિત" શબ્દોનો અવાજ ચાલુ. કેમકે પોપટે તો માત્ર આ શબ્દ કયાંકથી સાંભળી ગોખી લીધેલો. માત્ર શબ્દ જ્ઞાન હતું પણ તેનો વાસ્તવિક અર્થ કે પ્રવૃત્તિ તેને ખબર ન હતા.

જગતમાં પણ આજ સ્થિતિ નજરે ચડે છે. લોકોને શબ્દજ્ઞાન તો ઘણું છે પણ તે મુજબનું આચરણ થતું નથી. સામાયિક શબ્દ તો બહુ બોલ્યા પણ સમભાવની યાત્રા શરૂ જ ન થઇ. પચ્ચક્ખાણની વાતો બહુ સાંભળી પણ ત્યાગ કયાંય પરિણમ્યો નહીં.

તેથી જ આવશ્યક માટે કહ્યું કે બુદ્ધિમાન શ્રાવકોએ તેમાં પ્રવૃત્તિ કરવી. એટલા માટે તો મન્નહજિણાણં સજ્ઝાયમાં छव्वीह आवस्सयंमि સાથે उज्जुत्तो होइ पइदिवसं શબ્દ જોડી દીધો.-**પ્રતિદિન એટલે કે**

**રોજ રોજ ઉદ્યમવંત રહો**–શેમાં ? છ આવશ્યકમાં. તો જ તમારી યાત્રા સમભાવથી ત્યાગ સુધી પરિપૂર્ણ થશે.

તત્ત્વાર્થસૂત્ર અધ્યાયઃ ૬ સૂત્રઃ ૨૩ માં दर्शन विशुध्धि મધ્યે आवश्यक अपरिहाणि: ના ભાષ્યમાં શાસ્ત્રકાર જણાવે કે "સામાયિકાદિ છ આવશ્યકનું યથાવિહિત યોગ્ય કાલે ભાવથી આસેવન" તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરાવે છે.

સામાયિક વગેરે છ એ અધ્યયનો સ્વરૂપ આવશ્યક છે પણ તે સમ્યગ્ જ્ઞાનક્રિયાનું કારણ છે. તેથી જ તે છ આવશ્યક સમ્યગ્ જ્ઞાન-ક્રિયા સ્વરૂપ છે. માટે એ આવશ્યક સૂત્રનું અધ્યયન–શ્રવણ–ચિન્તન કરવાથી તેમજ તેમાં કહેલું અનુષ્ઠાન આચરવાથી અવશ્ય સમ્યગ્ જ્ઞાન અને ક્રિયાની પ્રાપ્તિ થવાથી મોક્ષ ફળની સિદ્ધિ થાય છે.

માટે જ छव्वीह आवस्सयम्मी उज्जुत्तो होइ पइ दिवसं કહ્યું. પ્રતિ-દિન છ આવશ્યકમાં ઉદ્યમવંત બનો અને **સમભાવથી ત્યાગ સુધીની યાત્રા** સુખપૂર્વક કરતાં કરતાં દ્રવ્ય અને ભાવથી તે તે આવશ્યકમય બની મોક્ષ માર્ગની સાધનામાં સફળ બનો.—

તે જ અભ્યર્થના

☼ ☼ ☼

# ( ૧૪ ) સામાયિક પરિચય

## — સમભાવની સાધના

त्यक्तार्त्त रौद्र ध्यानस्य त्यक्त सावद्यकर्मणः
मुहूर्तं समता या तां विदुः सामायिक व्रतम्

કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી મહારાજા યોગશાસ્ત્રમાં બારવ્રતોનો અધિકાર વર્ણવતા નવમા સામાયિક વ્રતમાં આ શ્લોકની રચના કરતા સામાયિક નો અર્થ સ્પષ્ટ કરે છે.

આર્ત્ત રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી તથા સાવદ્ય (સપાપ) કર્મનો ત્યાગ કરી એક મુહુર્ત (બે ઘડી) સુધી સમભાવમાં રહેવું તેને સામાયિક વ્રત કહેવાય છે.

અહીં એક સાથે ચાર વાતો રજૂ કરી દીધી. (૧) આર્ત્ત રૌદ્રધ્યાનનો ત્યાગ (૨) સાવદ્ય કર્મનો ત્યાગ (૩) પ્રમાણઃ બે ઘડીનું (૪) સમતા એટલે કે સમભાવમાં રહેવું.

આપણો આજનો વિષય મુખ્યતયા આ ચોથી વાત સાથે સંબંધિત છે. **સમભાવની સાધના**

માત્ર સમભાવને આશ્રીને વિવેચન કરીએ તો સમપરિણામ એટલે રાગદ્વેષની ગૌણતાની સ્થિતિ. તે સ્થિતિમાં રહ્યે છતે आय એટલે કે જ્ઞાનાદિકનો જે લાભ અથવા કર્મની નિર્જરા તેનું નામ સામાયિક.

આ રીતે કયાં સુધી રહેવાનું ? બે ઘડી એટલે ૪૮ મિનિટ સુધી. રહેવાનું કઈ રીતે કહ્યું ?—દુર્ધ્યાન છોડીને.—

આખી વાતમાં પાયો શું મુકયો ? સમતા—રાગદ્વેષનો ત્યાગ એ જ **સમભાવની સાધના.**

એક તરફ રાગરૂપ મોટો સમુદ્ર છે બીજી તરફ દ્વેષરૂપી દાવાનળ સળગી રહ્યો છે. તે બન્નેના મધ્યનો જે માર્ગ તેને સમતા કહેવાય. આવી સમતાને ભજનારા લોકોને સામાયિક થાય છે.

સંબોધ સીત્તરીમાં પણ કહ્યું કે समभाव भावि अप्पा मुक्खं लहइ न संदेहो સમભાવથી વાસિત આત્મા મોક્ષને પામે છે તેમાં કોઇ સંદેહ નથી.

સમભાવની શ્રેષ્ઠ સાધના કરી મોક્ષમાં બિરાજેલા એવા પરમા-

ત્માની સ્તવના કરતા પદ્મ વિજયજી મહારાજે પણ લખ્યું કે—

**રાગ ગયો તુજ મન થકી તેહમાં ચિત્ર ન કોઇ**
**રૂધિર આમિષથી રાગ ગયો તુજ જન્મથી, દુધ સહોદર હોઇ**

પ્રભુને વીતરાગ કહ્યા. કેમકે વીત-રાગ એટલે જેના મનમાંથી પણ રાગ ચાલ્યો ગયો છે તેવા. રાગ એ મૂળ છે અને દ્વેષ તેનો વિસ્તાર છે. તે બન્નેની મધ્યમાં રહીને સમભાવની સાધના કરવાની છે. છતાં રાગનું મૂળ કાપી નાખશો તો દ્વેષની ગ્રન્થિ ભેદાતાં વાર નહીં લાગે.

એક શેઠ હતા તેને ઘરમાં એકનો એક પુત્ર. પુત્રવધૂ ખૂબજ હોશીયાર, અને સમજુ મળેલી. તે સ્ત્રીને પોતાના પતિ ઉપર અતિ સ્નેહ હતો. તેની દુનિયાનું સર્વસ્વ —જે કાંઈ ગણો તે શેઠનો પુત્ર જ હતો. અચાનક શેઠનો પુત્ર મૃત્યુ પામ્યો. તે સ્ત્રીને જબરજસ્ત આંચકો લાગ્યો, મગજ અસ્થિર થઇ ગયું. પતિના શબને ખોળામાં લઈ વાતો કર્યા કરે. તમે કેમ બોલતા નથી ? તમે જમતા કેમ નથી ? લોકો ઘણું સમજાવે કે તારો પતિ મૃત્યુ પામ્યો છે. પણ તે સ્ત્રી મરણની વાત સાંભળવા જ તૈયાર નથી, ઘરનું કામકાજ બરાબર સંભાળે. પણ જેવી પતિની વાત આવે ત્યાં જીદ લઈ લે કે જોજોને મારા સ્વામી હમણાં બોલશે !

પુત્રવધૂનો સ્નેહરાગ જોરદાર હતો એટલે આઘાત જીરવી શકી નહીં. સમય જતાં તો શબમાંથી દુર્ગન્ધો વછૂટવા લાગી પણ પેલી સ્ત્રીને જાણે કશું જ થતું નથી. કારણ રાગની પ્રબળતા છે. શબને ગામ બહાર લઇ જઇને રહે છે. રાગાંધ બનેલી તે સ્ત્રી પતિના મૃત્યુને કેમેય સ્વીકારતી નથી.

એક શ્રેષ્ઠિપુત્રને આખી વાત જાણવા મળી. તેને થયું કે જો આનો રાગ ઘટે તો જ કોઈ ઉપાય થઇ શકે. તે કોઇ સ્ત્રીનું મૃતક લઇને પહોંચ્યો ગામ બહાર. પેલી સ્ત્રીની પાસે આવીને રહ્યો. બન્ને સાથે રહેવા લાગ્યા. એક વખત પેલી સ્ત્રી બહાર જઇને આવી ત્યારે શ્રેષ્ઠીપુત્ર કહે, અરે ! મારી પત્ની ને તારો પતિ તો વાતો કરે છે. બન્ને એક-બીજાના પ્રેમમાં પડી ગયા છે. મને તો બહુ દુઃખ થયું. અરેરે ! હું આની પાછળ ઘરબાર છોડીને આવ્યો અને આ તો પારકા પુરુષને પ્રેમ કરવા લાગી.

બસ થઇ રહ્યુ. પેલી સ્ત્રીની રાગદશામાં શંકાનુ બીજ રોપાઈ ગયું. ફરીવાર શેઠની પુત્રવધૂ બહાર જઈને આવી ને શ્રેષ્ઠીપુત્રે જણાવ્યું, આજે તો બન્ને નાસી જવાની યોજના ઘડી રહ્યા હતા. આ તો હું આવી ગયો એટલે ચુપચાપ બેસી ગયા. હવે તું બરાબર ધ્યાન રાખજે નહીં તો તારો પતિ ને મારી પત્ની બંનેને ખોઇ બેસીશું.

ત્રીજી વખત પેલી સ્ત્રીને ફરજિયાત જવાનું થયું એટલે શ્રેષ્ઠીપુત્રે બન્ને મડદાંને કુવામાં પધરાવી દીધાં ને પોંકે પોંકે રોવા માંડયો. શેઠની પુત્રવધૂ આવીને પૂછે છે, એલા આમ બાયડી માફક રડે છે શું ? શ્રેષ્ઠી પુત્ર કહે શું કરું ? આ તો બન્ને ભાગી ગયા હવે શું કરશું ?

પુત્રવધૂ સ્વસ્થતાથી બોલી બહું સારું થયું ભાગી ગયા તે. આપણે નકામા આની પાછળ દુ:ખી થતાં હતાં. હવે તેને રાગ ચાલી ગયેલો એટલે કંઇ થયુ નહીં.

સામાયિકમાં સમતા/મધ્યસ્થતાની વ્યાખ્યા જણાવી તેમાં પણ આ વાતને જે મહત્ત્વ આપ્યું કે રાગને છોડી દો તો પાગલપણું ચાલ્યું જશે. રાગ જશે તો દ્વેષ જવાનો છે. એટલે રાગ દ્વેષને સમ ગણીને આત્માને કર્મબંધથી લેપાતો અટકાવવો તે સમભાવની સાધના.

कमठे धरणन्द्रे च स्वोचित्तं कर्म कुर्वति
प्रभुस्तुल्य मनोवृत्ति पार्श्वनाथ श्रियेस्तुव:

સકલાર્હત્ સ્તોત્રમાં પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ કરતાં આ વાત જ જણાવી. કેવા પ્રભુની સ્તુતિ કરો છો ? કમઠ, કે જેણે ઉપસર્ગો કર્યા અને ધરણેન્દ્ર આવીને ભક્તિ કરી ગયા તો પણ પ્રભુનું ચિત્ત બન્ને વિશે સમાન રહે છે. તેને ધરણેન્દ્ર પર રાગ નથી અને કમઠ પર દ્વેષ નથી.

આ વાત બોલવી સહેલી છે. પણ ધ્યાનથી કમઠના જીવ મેઘકુમારે કરેલા ઉપસર્ગો સાંભળજો તો ખબર પડશે કે સમભાવની સાધના કોને કહેશો ?

કરવત જેવી દાઢવાળા, વજ્ર જેવા નખાંકુર અને પિંગલ નેત્રવાળા કેશરી સિંહ વિકુર્વ્યા, પૃથ્વી પર વારંવાર પૂંછડાં પછાડીને મોઢેથી ધુત્કાર શબ્દો કર્યા-તથાપી પ્રભુ નિશ્ચલ રહ્યા. એટલે ગર્જના કરતા અને મદ ઝરતા હાથી વીકુર્વ્યા. પછી રીંછો, ક્રુર ચિત્તાઓ, વીંછીઓ, દૃષ્ટિવિષ સર્પો વિકુર્વ્યા, અને પ્રભુને ચલાયમાન કરવાના પ્રયત્નો કર્યા. તથાપિ પ્રભુ ચલાયમાન થયા નહીં. ભયંકર વૈતાલો જાણે પ્રભુ પર દોડતા

આવતા હોય તેવી લીલા રચી છતાં પ્રભુ ક્ષોભ ન પામ્યા.

છેવટે ભયંકર મેઘ વિકુર્વ્યો, કાળની જીભ જેવી વિજળીના લબકારા વચ્ચે વરસાદ વરસવો શરૂ થયો. મુશળધાર વર્ષા વરસી, ક્ષણવારમાં તો પ્રભુની નાસિકા સુધી પાણી આવી ગયા. છતાં પ્રભુ ચલીત ન થયા.

આ સમયે ધરણેન્દ્રનું આસન કંપાયમાન થયું. અવધિજ્ઞાનનો ઉપયોગ મુકયો તરત જ પ્રભુના ઉપસર્ગની જાણ થઇ. નીચે આવી પ્રભુને વંદના કરી. કેવળીના આસન સમાન લાંબા નાળચાવાળું સુવર્ણ કમળ વિકુર્વી પ્રભુના ચરણયુગલ નીચે સ્થાપીત કર્યું. કાયા વડે પ્રભુના પુષ્ઠ ભાગ તથા બે પડખાં ઢાંકી દીધા. સાત ફણા વડે પ્રભુને માથે છત્ર ધર્યું. તે સમયે ધરણેન્દ્ર-સ્ત્રીઓ પ્રભુ પાસે નૃત્ય કરવા લાગી. વાજીંત્રાદિક વગાડવા લાગ્યા. અભિનયો વડે રમણીય નર્તન થયાં છતાં પણ પ્રભુજીના ધ્યાનમાં કોઇ ફર્ક ન પડયો.

મેઘકુમારના ઉપસર્ગોથી દ્વેષ ન પામનાર પ્રભુને એવા વિકટ ઉપસર્ગો સમયે આવીને અપૂર્વ ભક્તિ કરનાર ધરણેન્દ્ર પર પણ કોઇ રાગ ઉત્પન્ન ન થયો. માટે તેની સ્તવનામાં આ શબ્દો વપરાયા.

**જિનજી કમઠ ધરણપતિ ઉપર તું સમચિત્ત ગણેરે લો**

સંક્ષેપમાં કહીએ તો સમ એટલે રાગ દ્વેષ ના મધ્યમાં વર્તનાર. અને आय એટલે સમ્યગ્ દર્શનાદિનો જે લાભ. તેને સમાય કહેવાય. સમાય ને विनयादिभ्यः સૂત્રથી સ્વાર્થમાં इकण् પ્રત્યય લાગતા सामायिक થયું.

સામાયિકના ત્રણ (ચાર) ભેદ શાસ્ત્રકારો દર્શાવે છે.—

सामायिक स्यात्त्रैविध्यं, सम्यक्त्वंच श्रुतं तथा
चारित्र तृतीयं तच्च, गृहिकमनगारिकम्

સામાયિક ત્રણ પ્રકારે કહેવાય છે. (૧) સમક્તિ સામાયિક (૨) શ્રુત સામાવિક (૩) ચારિત્ર સામાયિક. આ ચારિત્ર સામાયિકના બે ભેદ દર્શાવ્યા.–ગૃહિક ચારિત્ર સામાયિક અને અનગારિક ચારિત્ર સામાયિક.

**(૧) સમક્તિ સામાયિકઃ**– જીવાદિ તત્ત્વો પ્રત્યેની નિર્મલ શ્રદ્ધા જે શમ–સંવેગ–નિર્વેદ–અનુકંપા અને આસ્તિકય એવા પાંચ લક્ષણો વડે ઓળખાવાય છે.

(૨) **શ્રુત સામાયિકઃ**– તે દ્વાદશાંગી રૂપ છે.

(૩) **દેશવિરતિ/ગૃહિક** :– જેને અણુવ્રતમય ધર્મ કહે છે તેમાં બાર વ્રતોનું આરાધન કરાય છે.

(૪) **સર્વવિરતિઃ**– તે મહાવ્રતમય ધર્મ છે. જેમાં સર્વ સાવદ્યના વર્જન સહિત પાંચ મહાવ્રતોની આરાધના કરવાની છે.

આ ચાર ભેદ જે દર્શાવ્યા તે સર્વવડે મોક્ષ પ્રાપ્તિની સાધના કરવામાં આવે છે. તેમાં સમકિત સામાયિક સંબંધે ઉપદેશ પ્રાસાદ ગ્રન્થમાં ૧૪૦ મા વ્યાખ્યાનમાં ચાર ચોરોની સુંદર કથા નોંધાયેલ છે.

ક્ષિતપ્રતિષ્ઠિત નામે નગર હતું. ત્યાં એક શ્રાવક રહે. પોતાના નિર્વાહ માટે તે ભિલ્લ લોકોના પાળામાં વસતો હતો. પુણ્ય યોગે તે કોટી ધનનો સ્વામી બન્યો. ધીરે ધીરે વધતી તેની સમૃદ્ધિ જોઇને ચાર વૃદ્ધ ભિલપુરુષે વિચાર્યું કે આ વાણીયાનું બધું ધન લઈ લેવું.

શ્રાવકને પ્રતિદિન સાત–આઠ સામાયિક કરવાની ટેવ હતી. એક વખત મધ્યરાત્રીએ તે શ્રાવક તથા તેની ધર્મપત્ની બન્ને સામાયિક કરવામાં લીન થયા હતા. ચાર ચોરોએ ખાતર પાડી જોયું તો ગૃહપતિ જાગતો હતો. ચારે ચોરે વિચાર્યું કે થોડી રાહ જુઓ. ગૃહપતિ નિદ્રાધીન થશે એટલે ધન હરણ કરી લેશું.

ગૃહપતિને એ વખતે જ વિચાર આવ્યો કે દ્રવ્ય તો ઘણા ભવમાં મળશે. આ ભવમાં પણ ઘણું દ્રવ્ય આવ્યું અને ગયું. પણ જો મારા જ્ઞાનાદિ ભાવ દ્રવ્યને ક્રોધ–માન–માયા–લોભ રૂપ ચાર ચોર હરી લેશે તો હું શું કરીશ ?

આમ ભાવદ્રવ્ય બચાવવા તે ગૃહપતિ તો ઉપરા ઉપરી સામાયિક કરવા લાગ્યો. તે સાથે નવકારમંત્ર ભણતો જાય છે. એ વખતે પેલા ચારે ચોરોને પૂર્વે અસંખ્ય ભવ ઉપર કરેલું ધર્માનુષ્ઠાન સાંભર્યું. મનમાં ને મનમાં ચારેને થવા લાગ્યું કે ધિક્કાર છે આપણને કે આ રીતે પારકા ધનને માટે ઈચ્છા કરી રહ્યા છીએ. ચોરી કરવાથી બાહ્ય પૌદ્ગલિક દ્રવ્ય તો આવશે, પણ તેમ કરતાં જ્ઞાનાદિક એવું ભાવ દ્રવ્ય ચાલ્યું જાય છે. ધન્ય છે આ શ્રાવકને કે જેણે આપણને જોઈ લીધાં છે છતાં પોતાનું કર્તવ્ય કે લક્ષ્ય છોડતો નથી.

આ રીતે વારંવાર સામાયિક વ્રતની અનુમોદના કરતાં તે ચારે ચોરો ત્યાં જ સમકિતને પામ્યા. ત્યાં ને ત્યાં જ તેઓએ ચોરી વગે-

રેના પ્રત્યાખ્યાન કર્યાં અને દેશવિરતિ સામાયિક પણ પ્રાપ્ત થયું. અનુક્રમે વૈરાગ્ય વધવા લાગ્યો. શસ્ત્રો મુકીને તેઓ ભાવ લોચના પરિણામી થયાં. તરત સર્વવિરતિ સામાયિકને પામી ગયાં. સવાર સુધીમાં કેવળજ્ઞાન પણ થઈ ગયું ને ચારે ચોરોએ દ્રવ્ય લોચ કરી દીધો. દેવતાએ આવીને મુનિવેશ આપ્યો.

આમ માત્ર ગૃહસ્થની સામાયિકનું દર્શન ચારે ચોરોને સર્વવિરતિ સામાયિક પ્રાપ્ત કરાવી મોક્ષ મહેલમાં બિરાજ માન કરાવનારું થયું. તો તે ગૃહસ્થનું સામાયિક-લક્ષ કેટલું અને કેવું સુંદર હશે !!!

આ સામાયિક જુદા જુદા આઠ નામોથી ઓળખાય છે. કહેવાય છે તો બધાં સામાયિક ના પર્યાયો, પણ દરેક નામ પ્રમાણે તેના અલગ અલગ અર્થ પણ સ્થાપિત કરાયેલાં છે.

આ આઠ નામો (૧) સામાયિક (૨) સમયિક (૩) સમવાદ (૪) સમાસ (૫) સંક્ષેપ (૬) અનવદ્ય (૭) પરિજ્ઞા (૮) પ્રત્યાખ્યાન એ પ્રમાણે છે.

**(૧) સામાયિક** :- સામાયિક નામક ભેદનો અર્થ છે સમભાવ રાખવો તે. જેને માધ્યસ્થ ભાવ અથવા રાગદ્વેષના અભાવની સ્થિતિ કહે છે.

> जो चन्दणेण बाहुं आलिपइ वासिणा त्रि तच्छेइ
> संथुणइ जो अ निंदइ महिरिसिणो तथ्थ समभावा

કોઈ ચંદન વડે ભૂજાને વિલેપન કરે અને કોઈ વાંસળા વડે તેને છેદે, કોઇ સ્તુતિ કરે કે કોઇ નિંદા કરે (પણ) મહર્ષિ તેના પર સમભાવ વાળા જ હોય. એટલે કે સમભાવ સામાયિકના અર્થની સ્પષ્ટતા કરતાં જણાવે કે સમભાવમાં રહેલાને કોઇ સ્તુતિ કરે અને કોઇ નિંદા કરે તો પણ તે તેમાં મોહાશે નહીં કે મુંઝાશે નહીં, એ જ રીતે આવા જીવને ચંદનનું વિલેપન અથવા વાંસળાથી છેદતા થતું રૂધિર વિલેપન બંનેમાં સમભાવ જ રહે છે. તેજ ખરી સમભાવની સાધના.

શ્રી વીર પરમાત્માને પણ ચરણે ઈન્દ્રએ ભક્તિ વડે સ્પર્શના કરી અને ચંડકૌશિક સર્પે દ્વેષથી સ્પર્શના કરી. સ્પર્શના તો બંને એ કરી પણ એકમાં રાગ વિદ્યમાન હતો બીજામાં દ્વેષ– એક સ્પર્શ શીતળતાને દેનારો હતો જ્યારે બીજાએ રૂધિરની ધારા વહાવી દીધી. તો પણ પ્રભુ તો અલિપ્ત જ રહ્યા. તેને તો બંને ઉપર સમભાવ ધારણ જ

કર્યો. આનું પણ કલ્યાણ થાઓ અને આનું પણ કલ્યાણ થાઓ. બંને જીવો બોધ પામે એ જ હતી પરમાત્માની દૃષ્ટિ. કેવી અદ્ભુત સાધના હતી સમભાવની !

સામાયિકનો અર્થ કરતાં પણ આજ વાત શાસ્ત્રકારોએ જણાવી છે. આરંભના કાર્યો છોડી જે સામાયિક કરાય છે તેને વ્યવહારથી નવમું વ્રત જણાવ્યું અને જ્ઞાનાદિ મૂળ સત્તા ધર્મ વડે સર્વજીવોને સમાન જાણી સમભાવ જ રાખવો તેને નિશ્ચયથી નવમું વ્રત એટલે કે સામાયિક વ્રત કહ્યું.

વ્યવહાર ધર્મ સાથે જ્યારે નિશ્ચય ધર્મ જોડાય ત્યારે તે ધર્મ આરાધન મોક્ષ માર્ગે ગમન કરાવનાર બને છે.

હર્ષપુર નામે નગરમાં દમદંત નામનો એક પરાક્રમી રાજા રાજ્ય કરે. તે જ્યારે જરાસંઘને યુદ્ધમાં સહાય કરવા ગયો ત્યારે હસ્તિનાપુરના રાજવી પાંડવ અને કૌરવોએ ઘેરો ઘાલીને હસ્તિનાપુર જીતી લીધું. દમદંત રાજાએ લડાઇ કરીને પોતાનું રાજ્ય પાછું મેળવી લીધું.

એક વખત પોતાના મહેલની અગાસીમાં બેઠો હતો. આકાશમાં જોયા કરે. વાદળાઓ ઘેરાય છે અને વિખરાય છે. મનમાં ચિન્તન ધારા પ્રગટી. આવા રમણીય વાદળ વિખરાતા શી વાર લાગશે. એ રીતે અનિત્ય ભાવના ભાવતા વૈરાગ્ય ઉત્પન્ન થયો. સંસારને અસાર જાણી પુત્રને રાજ્ય સોંપી સંસારનો ત્યાગ કરી ચાલી નીકળ્યા.

વિહાર કરતાં કરતાં એક વખત પહોંચ્યા હસ્તિનાપુર નગરે. કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઉભા છે ત્યાં પાંડવો પસાર થયા. દમદંત ઋષિને જોઇ ને પ્રશંસા કરી. ત્રણ પ્રદક્ષિણા દઇ મુનિને વંદના કરી. થોડી વાર થઇ ત્યાંથી કૌરવો પસાર થયા કૌરવોએ જોયું કે આ મુનિ તો એ જ જણાય છે, કે જે હસ્તિનાપુરના દમદંત રાજા હતા. તેમના હાથે મળેલી સજ્જડ હાર યાદ આવી. તરત ઇંટો અને પત્થરો લઈ માંડયા ફેંકવા વરસાદ વરસાવી દીધો ઇંટ-પત્થરોનો. દમદંત મુનિને લગભગ દાટી દીધા એમ કહી શકાય.

આ રીતે પાંડવોએ દમદંત મુનિની સ્તુતિ કરી અને બહુમાન પૂર્વક નમસ્કાર કર્યા. જ્યારે કૌરવોએ નિંદા કરી ઉપસર્ગ કર્યો. પણ બન્ને નિમિત્તોમાં દમદંત મુનિ તો સમભાવ ધારણ કરી ધ્યાનમાંથી વિચલીત ન થયા.

પાંડવોએ સ્તુતિ–વંદના કર્યા તે યશ નામ કર્મનો ઉદય અને કૌરવોએ ઉપસર્ગ–નીંદા કર્યા તે અપયશ નામકર્મનો ઉદય. એ રીતે રાગ–દ્વેષ પરત્વે કાબુ પ્રાપ્ત કરી કેવળજ્ઞાન પામી મોક્ષે પહોંચ્યા.

શ્રાવકોએ પણ આ રીતે छव्वोह आवस्सयम्मि માં સામાયિક નામક કર્તવ્યનું પાલન કરતાં સમભાવની સાધના કરવી જોઇએ.

**(૨) સમયિક** :— સમયિક એટલે જગતના સર્વ જીવો પ્રત્યે સમદૃષ્ટિ કેળવવી.

સર્વ જીવો પ્રત્યે સમભાવ ઉત્પન્ન થયો પછી आत्मवत् सर्व भूतेसु ઉક્તિ અનુસાર સર્વ પશુ–પક્ષી અને પ્રાણીઓને આત્મ (પોતા) સમાન ગણવાની બુદ્ધિ હોવી खामेमि सव्व जीवे ગાથામાં જણાવેલ मित्ति मे सव्व भुएसु પદ મુજબ મૈત્રીની વાત સાક્ષાત્ થવી.

सर्वत्र मैत्रीमुपकल्पयात्म–
 श्चित्यो जगत्यत्र न कोऽपि शत्रुः
कियद्दिन स्थायिनि जोवितेऽस्मिन्
 किं खिद्यसे वैरिधिया परस्मिन्

હે આત્મન્ તું સર્વત્ર મૈત્રી કલ્પી લે. આ જગતમાં તારો કોઇ શત્રુ છે એમ ચિંતવીશ નહીં. અહીં કેટલા દિવસ બેસી રહેવાનો છે કે નાહક બીજા ઉપર વેર રાખીને ખેદ પામે છે.

શાંત સુધારસ ગ્રન્થમાં આ વાત વિનય વિજયજી મહારાજે ફરમાવી. એ જ વાતનો પડઘો પુન્ય પ્રકાશના સ્તવનમાં પણ સંભળાય છે.

**સર્વ મિત્ર કરી ચિંતવો સાહેલડી રે**
**કોઇ ન જાણે શત્રુ તો (સાહેલડી રે)**
**રાગ દ્વેષ એમ પરિહરી સાહેલડી રે**
**કીજે જન્મ પવિત્ર તો (સાહેલડી રે)**

સંક્ષેપમાં કહીએ તો સર્વને મિત્ર જેવા માની બધા જીવો પ્રત્યે સમદૃષ્ટિ કેળવી અને સમભાવની સાધના સફળ બનાવવી એ સમયિક સામાયિક.

મેતારજ મુનિનું દૃષ્ટાંત આ ભેદને સમજવા જણાવાયેલ છે.

રાજગૃહી નગરીમાં શ્રેણિક મહારાજા માટે એક સોની રોજ ૧૦૮ સોનાના જવ ઘડે. શ્રેણિક મહારાજના જમાઈ કે જે મેતાર્યમુનિ નામે વિચરી રહ્યા હતા તે માસક્ષમણને પારણે સોનીના ઘેર પધાર્યા. સોની

પણ અત્યંત પ્રમુદિત બની લાડવા વહોરાવે છે.

**આજ ફળ્યો ઘર આંગણેરે, વિણુ કાલે સહકાર**
**લ્યો ભીક્ષા છે સૂઝતીરે, મોદક તણો એ આહાર**
**મેતારજ મુનિવર ધન્ય ધન્ય તુમ અવતાર**

મેતારજ મુનિની તપશ્ચર્યાની અનુમોદના કરતો સોની ઘરમાં ગયો. બહાર શ્રેણિક મહારાજાની આજ્ઞાથી ઘડેલા અને જિનભક્તિ માટે જ ઘરવા તૈયાર થયેલા ૧૦૮ સોનાના જવલા પડેલા છે. એક ક્રૌંચ પક્ષી આવ્યું ને સર્વ જવલા ગળી ગયું. મેતારજ મુનિએ પણ તે જોયું. પક્ષી તો ઉડીને ઉંચે બેસી ગયું.

સોની બહાર આવ્યો. પણ જ્યાં જુએ ત્યાં જવલા ન મળે. સાધુને પૂછ્યું આ જવલા કયાં ગયા ? સાધુને થયું કે જો હું સત્ય બોલીશ તો સોની આ પક્ષીને મારી નાખશે. आत्मवत् सर्व भूतेसु એમ સમજી મેતાર્ય મુનિએ મૌન ધારણ કર્યું. તેના મનમાં દયાના અંકુરો ફૂટી ગયા. સોની વારંવાર પૂછે છે પણ મુનિરાજ જણાવતા નથી કે જવલા કયાં ગયા. તે તો બસ મૌન ધરીને કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન બની ગયા.

સોનીને થયું કે જવલાનો ચોરનાર નક્કી આ સાધુ પોતે જ છે. ક્રોધવશ બનીને લીલા ચામડાની વાધર મુનિના મસ્તકને કસીને બાંધી દીધી. આને બરોબરની શિક્ષા થશે એટલે મેળે બોલશે તેમ વિચારી સોની ઉભો છે.

મેતાર્ય મુનિએ તો શરીરની મમતાનો ત્યાગ કરી દીધો. સોનીનો કંઈ પણ વાંક–ગુનો વિચારતા નથી પણ પોતાના આત્માની જ નીંદા કરી રહ્યા છે. સોનીએ તડકામાં ઉભા રાખી દીધા હોવાથી મુનિના પગમાં ફોલ્લા ઉપડી ગયા. ચામડી તડતડ તુટવા લાગી. છતાં આવી અસહ્ય વેદનાને સમભાવથી સહન કરે છે.

**ફટફટ ફુટે હાડકાજી તડતડે તુટે ચામ**
**સોનીએ પરિષહ દીયોજી મુનિ રાખ્યો મન ઠામ**
**મેતારજ મુનિવર ધન ધન તુમ અવતાર.**

મેતારજ મુનિ બરાબર સમજતા હતા કે જો સોનીને ક્રૌંચ પક્ષીનું નામ આપીશ તો તો તે પક્ષીને મારી નાખશે અને પક્ષી પણ દુર્ધ્યા-

નથી નીચ ગતિને પામશે' તેથી પોતે સમભાવે કષ્ટને સહેતા શુભ-ધ્યાનમાં આગળ વધે છે. ગજસુકુમાલને યાદ કર્યા, ખંધક મુનિના શિષ્યોને પાપી પાલકે પીલી નાખ્યા તો પણ ક્ષમાભાવ ધારણ કરી રહ્યા હતા તેની વિચારણા કરી. સુકોશલ મુનિને સંભાર્યા તેમ કરતા કરતા શુકલ ધ્યાનની ધારાએ ચઢેલા મુનિ કેવલજ્ઞાન પામી મોક્ષે સીધાવ્યા.

કઠીયારીએ ભારો મુકયો. અવાજથી ક્રૌંચ પક્ષી જાગી ગયું. તેની વિષ્ટામાં જવલા પડેલા જોઇ સોની પણ પસ્તાયો અને મુનિ વેશને ધારણ કરીને રહ્યો.

આવી સમભાવની સાધના કે સમયિક સામાયિક દ્વારા શ્રાવકે પણ छव्वीह आवस्सयम्मि માંના પ્રથમ આવશ્યક રૂપ કર્તવ્યની પરિ-પાલના કરવી જોઇએ.

જો કે મન્નહ જિણાણં સજઝાયમાં મુકેલ છેલ્લું વાકય ખાસ સ્મ-રણીય છે निच्च सुगुरुवएसेणं –કર્તવ્યનું પાલન કરો પણ નિત્ય સુગુરુના ઉપદેશથી. એટલે કે ગુરુની નિશ્રામાં અને જિનાજ્ઞા પૂર્વક **સમભાવની સાધના કરો.**

# (૧૫) સામાયિક–મહત્વ

## — પૈસો ખર્ચ્યા વિના પુન્ય મેળવો

देश सामायिकं श्राद्धो वितन्वन् घटिकाद्वयम्
द्रव्यादीनां व्ययाभावा–दहो पुण्यं महद् भवेत्

બે ઘડીનું દેશ સામાયિક આચરતા શ્રાવકને દ્રવ્યાદિકના વ્યય વિના પણ ખરેખર કેટલું મોટું પુણ્ય થાય છે.

સામાયિક માટે બે ઘડીનું પ્રમાણ લખ્યું. બે ઘડી એટલે અડતાલીસ મિનિટ. બે ઘડી પર્યંત વચન યોગ અને કાયયોગની નિવૃત્તિ. એટલે કે બોલવા–ચાલવાનું બંધ કરવું. માત્ર ધર્મધ્યાનમાં મગ્ન રહી, પરિણામ વિશુદ્ધિ માટે પ્રયત્ન કરવો. આવા સમયે શ્રાવકને સાધુ સરીખો ગણ્યો. समणो इव सावओ हवइ. આ રીતે બે ઘડીનું દેશ સામાયિક જ્ઞાન–દર્શન–ચારિત્રનો લાભ અપાવનારું થાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯માં અધ્યયનમાં કહ્યું કે હે ભગવન્ ! સામાયિકથી પ્રાણીને શો લાભ થાય ? ગૌતમ ! સામાયિકથી સાવદ્યયોગની વિરતિ થાય....પરંપરાએ મોક્ષ પ્રાપ્તિ. પણ સામાયિકમાં પ્રાથમિક શરત શું મુકેલી છે ? સમતા– "સમભાવ" કેળવવો તે.

જોશુઆ લેબમેન જ્યારે યુવાન હતા તે સમયનો એક પ્રસંગ છે. પોતાના જીવનમાં કઈ કઇ વસ્તુ પ્રાપ્ત કરવી, કઈ કઇ ઉપલબ્ધિ હસ્તગત કરવી કે કઈ કઇ સિદ્ધિ હાંસલ કરવી તેના સ્વપ્નો જુએ. તેઓએ પોતાની ઇચ્છીત વસ્તુઓની, સ્વાસ્થ્ય, સુયશ, શક્તિ, સંપત્તીની યાદી બનાવી. થોડા દિવસો માટે તે બાબત પ્રયત્નો પણ કર્યા, પણ કંઈ વિશેષ પ્રગતિ થતી જણાઈ નહીં. પોતાની સમગ્ર યાદી લઈ પહોંચ્યા અનુભવી અને પરિપકવ વૃદ્ધ પાસે. યાદી બતાવીને તે વૃદ્ધ માણસને પૂછ્યું કે આ બધું પ્રાપ્ત કરવાથી જીવનની સમસ્ત ઉપલબ્ધિ સિદ્ધ ન થઇ શકે ?

વૃદ્ધના મુખ ઉપર સ્મિત ફરકી ગયું. વૃદ્ધ માણસ કહે વાહ ! યાદી તો ખૂબ સરસ બનાવી છે. પણ એક મહત્ત્વની વસ્તુના અભાવે તમારી યાદી નિરર્થક બની જશે. આટલું કહી તે વૃદ્ધ માણસે હાથમાં કલમ લીધી. સમગ્ર યાદીને અંતે નોંધ્યુ **સમતા અને શાંતિ.**

જોશુઆ લેબમેનને સમજાઇ ગયું કે મનની શાંતિ અને સમતા વિના આ બધી જ પ્રાપ્તિ નિરર્થક બનવાની છે.

આપણે અહીં સામાયિકના કર્તવ્યની વાત જણાવતા તો માત્ર બે ઘડી જ એટલે કે ફક્ત અડતાલીશ મિનિટ માટે જ સમતાની સાધના કરવાનું જણાવેલ છે.

શ્રાવકને માટે મન્નહ જિણાણું સજ્ઝાયમાં કર્તવ્યોની નોંધ કરતાં જણાવ્યું છે કે छव्वीह आवस्सयम्मि उज्जुत्तो होइ पइ दिवसं – પ્રતિ દિન છ આવશ્યકમાં ઉદ્યમ વંત રહો. આ છ આવશ્યકમાં સર્વ પ્રથમ આવશ્યક મુકયું સામાયિક.

**સામાયિક એટલે શું ?**

સામાયિક શબ્દની વ્યાખ્યા જુદા જુદા સાત નયોની અપેક્ષાએ કરતાં જણાવે કે

(૧) **નૈગમનય** :– સામાયિક એટલે મોક્ષ, કેમ કે સામાયિક મોક્ષના કારણરૂપ છે.

(૨) **સંગ્રહનય** :– જીવ અથવા આત્માનો પોતાનો મૂળ ગુણ તેને જ સામાયિક કહેવાય.

(૩) **વ્યવહાર નય** : સમતા અને યત્નાએ પ્રવર્તવુ તેનું નામ સામાયિક.

(૪) **શબ્દ નય** :– અષ્ટ પ્રવચન માતાનું પાલન, સાવદ્યયોગથી નિવર્તન અને કષાયનો ત્યાગ તેને સામાયિક કહેવાય.

(૫) **સમભિરૂઢ નય** :— અપ્રમત્તતા કેળવાયાથી ઉત્પન્ન થતા જે સ્વાભાવિક ગુણો તે જ સામાયિક કહેવાય.

(૬) **એવંભૂત નય** :— મન વચન કાયાના યોગે સાવદ્યયોગથી નિવર્તવુ તેને સામાયિક કહેવાય.

(૭) **ઋજુનય** :— ઉપયોગ રહિત બાહ્ય યત્ન તે સ્થૂલ સામાયિક અને ઉપયોગ સહિત બાહ્ય યત્નને સૂક્ષ્મ સામાયિક કહેવાય.

આ રીતે પ્રત્યેક નયો સામાયિકને અલગ અલગ રીતે ઓળખાવે છે. તેમાં માત્ર વ્યવહાર નયને લક્ષમાં રાખીને સમભાવની આરાધના દ્વારા સામાયિકની સાધના કરો તો ક્રમશઃ બીજા નયોની વ્યાખ્યા સાર્થક બનાવી શકશો. સામાયિક એક એવું સાધન બતાવેલ છે જેમાં **પૈસો ખર્ચ્યા વિના પુન્ય મેળવી શકાય છે.**

ઉપદેશ પ્રાસાદ ગ્રન્થમાં શ્રીમાન્ વિજય લક્ષ્મીસૂરિજી મહારાજા સામાયિકનું મહત્વ ફરમાવતા જણાવે છે કે બે ઘડી સમભાવે સામાયિક કરતો શ્રાવક ૯૨ કરોડ, ૫૯ લાખ, ૨૫ હજાર ૯૨૫ ૧/૩+૮/૯ પલ્યોપમનું દેવતાનું આયુષ્ય બંધાય છે. વળી જે કોઇ મોક્ષે ગયા છે, જાય છે કે મોક્ષે જશે-તે સર્વ સામાયિકના પ્રભાવથી જાણવા.

दिवसे दिवसे लक्खं देइ सुवन्नस्स खंडियं एगो
इयरो पुण सामाइय करेइ न पहूप्पए तस्स

સંબોધ પ્રકરણમાં શ્રાવક વ્રત ગાથા ૧૧૩માં જણાવે કે એક મનુષ્ય હરરોજ લાખ ખાંડી સુવર્ણનું દાન કરે અને બીજો માણસ રોજ સામાયિક કરે તો પણ દાન દેનારો (માણસ) સામાયિક કરનારને પહોંચે નહીં. માટે જ આપણે આજનું પરિશીલન રાખ્યું-

**પૈસો ખર્ચ્યા વિના પુન્ય મેળવો—**

પણ શ્રાવકનું આખરી લક્ષ્ય તો મોક્ષ જ હોઇ શકે, પુણ્ય ઉપાર્જન કરવાનું નહીં. એ વાતને ધ્યાનમાં રાખી જ્ઞાની પુરૂષો જણાવે છે કે કરોડો જન્મો સુધી તીવ્ર તપ કરનારો આત્મા જેટલા કર્મો ખપાવી ન શકે તેટલા કર્મો સમતાભાવથી ભાવિત ચિત્તવાળો આત્મા અર્ધ ક્ષણમાં ખપાવી શકે છે. આજ છે સામાયિક કરવાનું સાચું મહત્ત્વ કે ફળ.

કોઈ નગરમાં એક ધનાઢય શેઠ રહેતા હતા. તે ખૂબ જ દાતાર હતો પણ પાત્ર કે અપાત્રની વિચારણા કર્યા વિના લાખ સુવર્ણનું દાન આપે, પછી પોતાના પલંગ પરથી નીચે ઉતરે. તે શેઠની પડોશમાં રહેતી એક વૃદ્ધા હંમેશા એક સામાયિક કરે.

એક વખત કોઈ કારણવશાત્ તે ગૃહસ્થને દાનમાં અને શ્રાવિકાને સામાયિક કરવામાં કંઈક અંતરાય થયો. બંનેને અતિ ખેદ થવા લાગ્યો. તે વૃદ્ધાનો ખેદ સાંભળી પેલા ગૃહસ્થે ગર્વથી કહ્યું કે અરે એય ડોશી તું આટલો બધો વલોપાત શેનો કરી રહી છે?

હવે જે માણસને સામાયિકનું મહત્વ ખબર નથી તેને શું ખબર પડે કે એક સામાયિક ન થવાનો વલોપાત કેટલો અને કેવો હોય?

સામાયિકની પ્રીતિને જણાવતા પૂજ્ય આગમોદ્ધારક શ્રીએ પ્રવચન શ્રેણીમાં જણાવ્યું કે તીર્થંકરપણાની જો કોઇ જડ હોય તો તે છે સામાયિકની પ્રીતિ. અન્યથા તીર્થંકર થઇ શકાય જ નહીં.

કૃષ્ણ મહારાજા કે શ્રેણિક મહારાજાની સ્થિતિ કેવી હતી ? સારી સ્ત્રી જુએ ત્યાં તો જાણે સુકાવા માંડે. કેટકેટલા જોખમો ખેડતા સ્ત્રી મેળવવા માટે. કેટલી લડાઈઓ કરી હતી કૃષ્ણ મહારાજાએ રૂક્મીણી વગેરે સ્ત્રીને મેળવવા.

આટલું કરવા છતાં જ્યાં સામાયિક–સંયમ શબ્દ કાને પડયો એટલે ખલાસ. પછી ન સ્ત્રીનો રાગ, ન કુંવરનો રાગ કે ન કુંવરીનો રાગ.

અભયકુમાર કોણિકને ગર્ભથી ઓળખે છે. ચેલણાને શ્રેણિકના આંતરડાં ખાવાની ઇચ્છા થઈ તે જે રીતે અભયકુમારે પુરી કરી, જે રીતે પોતાની બુદ્ધિપૂર્વક ચેલણા રાણીનો દોહદને સંતોષ્યો, તે જોતા જન્મથી જ કોણિક કેવો પાકશે તે અભયકુમારને ખબર હશે કે નહીં ? તેના હાથમાં રાજ્ય આવે તો નખ્ખોદ વાળી દેશે તે પણ નક્કી હશે કે નહીં ? છતાં જ્યાં સર્વવિરતિ સામાયિક લેવાની વાત આવી ત્યાં શ્રેણિકે ચું કે ચા ન કરી.

અરે મહામોહે મેળવેલી રાણી દીક્ષા લેવા તૈયાર થઇ તો કૃષ્ણ મહારાજા પણ અવાજ ન કરે. કેમ કે સર્વવિરતિ સામાયિક પ્રત્યે અનન્ય રાગ છે. ચૌદ પૂર્વધર પણ સામાયિક ઉચ્ચરે પછી થાય. તીર્થંકર પરમાત્માને પણ મનઃપર્યવજ્ઞાન સામાયિક ઉચ્ચરે ત્યારે જ થાય છે. શાસન પણ સામાયિક છે ત્યાં સુધી જ ચાલુ છે. પ્રભુની પહેલી દેશના નિષ્ફળ ગઇ કેમ કહ્યું ? કારણ કોઇ સામાયિક ઉચ્ચરનાર ન મલ્યો. તીર્થની ઉત્પત્તિનો કે ટકવાનો આધાર જ સામાયિક છે. જે દિવસે સામાયિકવાળું કોઇ જ નહીં રહે તે દિવસે તીર્થ પણ નહીં રહે.

પણ સામાયિકનું મહત્ત્વ ન જાણતો ધનાઢય શેઠ તો પેલી ડોશીનો વલોપાત જોઇ સમજી શકતો નથી એટલે પૂછે છે કે અરે ડોશી એક વસ્ત્રનો કટકો લઈ હાથ પર આમ તેમ ફેરવ્યો કે ન ફેરવ્યો તેમાં શું બગડી ગયું ? તારું કયું પુન્ય ઓછું થઇ ગયું ? તારી સામાયિકમાં એક પૈસાનો ખર્ચ તો બિલકુલ થતો નથી. જો આવા કપડા ઊંચા નીચા કરવામાં જ ધર્મ થતો હોય તો દુનિયામાં કોઇ દાન આપે જ નહીં.

આ વાત સાંભળી વૃદ્ધા બોલી ઉઠી, શેઠ ! આવી વાત ન કરતો.

કેમ કે ગુરુ મહારાજે કહ્યુ છે કે સુવર્ણ–મણીના પગથીયાવાળુ મંદિર કરાવે તેથી પણ સામાયિકમાં ઘણું પુન્ય થાય છે.

સામાયિક શબ્દમાં समाय પદને इकण् પ્રત્યય લાગી सामायिक બન્યું. समाय એટલે सम નો आय. પણ सम એટલે શું ?

(૧) सम :- સમસ્થિતિ: સ્વરૂપમાં લીનતા કે મગ્નતા. અનાદિ કાળથી આત્માની સ્થિતિ વિષમ છે. તે મટાડીને સમ કરવી.

(૨) सम :- સમભાવ, મિત્રતા કે બંધુત્વ. અન્ય સર્વ જીવોને આત્મા સદૃશ માનવા અને તેમની સાથે સમાન રીતે વર્તવું તે.

(૩) सम :- રાગ દ્વેષ રહિત અવસ્થા, મધ્યસ્થતા કે વીતરાગતા. આ અર્થનો મર્મ એવો છે કે આસક્તિને કારણે પદાર્થોમાં કરેલી મનોજ્ઞ કે અમનોજ્ઞ, ઇષ્ટ કે અનિષ્ટ અથવા પ્રિય કે અપ્રિયપણાની કલ્પનાને દૂર કરવી.

(૪) सम :- દર્શન, જ્ઞાન અને ચારિત્રનો સમન્વય. આ અર્થનું રહસ્ય છે– શ્રદ્ધા અને જ્ઞાન પૂર્વક ચારિત્રની સુધારણા કરવી.

આવા પ્રકારના सम નો લાભ તેને સામાયિક કહેવાય. હવે બોલો

**પૈસો ખર્ચ્યા વિના પુન્ય મળે કે નહીં ? (મલે)**

અરે પુન્ય શું પુન્ય કે પાપ બધા પ્રકારના કર્મોનો ભુક્કો બોલાવીને મોક્ષ પણ મળી જાય. પણ પૈસા ખર્ચીને કદી મોક્ષ મલતો નથી.

અનુક્રમે તે ગૃહસ્થ શેઠ આર્ત્તધ્યાન કરતો મૃત્યુ પામ્યો. અને હાથી થયો. અને તે વૃદ્ધા સામાયિકના ધ્યાનમાં મૃત્યુ પામી અને રાજાની પુત્રી થઇ.

એક વખત રાજાના માણસો તે હાથીને પકડી લાવ્યા. રાજાને હાથી પસંદ આવ્યો ને તેણે હાથીને પટ્ટહસ્તિ પદે સ્થાપ્યો. રાજમાર્ગે ચાલતા એક વખત હાથીએ પોતાનુ ઘર વગેરે જોયું. તે જોતાં તેને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. બધુ યાદ આવતા મૂર્છા ખાઇને ત્યાં જ ઢળી પડયો. આ દૃશ્ય જોવા રાજકુમારી પણ ત્યાં આવી. વિચાર કરતાં કરતાં તેને પણ જાતિ સ્મરણ જ્ઞાન થયું. પોતાના બે હાથ વડે હાથીને ઉઠાડવા પ્રયત્ન કર્યો પણ હાથી ઉઠયો નહીં ત્યારે રાજકુમારી બોલી–

उठ सिठि मम भंतकर करि हुओ दाणवसेण
हुं सामाइय राजधुअ बहु गुण समदिय तेण

હે શેઠ ! કંઈપણુ તંત કર્યા વિના તું ઉભો થા. કેમ કે તું દાનના પ્રભાવ થકી હાથી થયો છે અને હું સામાયિકના પ્રભાવે કરીને રાજપુત્રી બની છું જો દાન કરતા પણુ સામાયિકનું પુન્ય મોટું છે.

આપણે પ્રારંભમાં જ સામાયિકના મહત્ત્વને પ્રગટ કરતા શ્લોકમાં આ વાત જણાવી છે.

"द्रव्यादोनां व्ययाभावात् अहो पुण्यं महद् भवेत् "

દ્રવ્યાદિકનો વ્યય કર્યા વિના અરે કેટલું મોટું પુન્ય બંધાય છે. **-પૈસા ખર્ચ્યા વિના પણુ પુન્ય મેળવવામાં સામાયિક નો ફાળો કેટલો** ? પેલો હાથી તરત પ્રતિબોધ પામી ગયો. રાજકુમારીને પોતાના ગુરુણી પદે સ્થાપીને તે ઉભયકાલ સામાયિક કરવા માટે પૃથ્વી તરફ જ દૃષ્ટિ રાખી સમભાવથી રહેવા લાગ્યો. કાળક્રમે મૃત્યુ પામીને સહસાર નામના દેવલોકે દેવતા થયો.

જો જો આ વાત સાંભળીને ચમકતા નહીં કે હાથી દેવ ક્યાંથી થાય ? કર્મગ્રન્થનો સામાન્ય અભ્યાસ હોય તેને પણુ સમજાય તેવી વાત છે. દેવલોકમાં મનુષ્ય કરતા તિર્યંચો જ વધારે જાય છે. હાથી પણુ સામાયિકના પ્રભાવથી આઠમાં દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. આજનો વિષય પણુ આ જ છેને કે

**પૈસા ખર્ચ્યા વિના પુન્ય મેળવો.**

એક તરફ રાગરૂપ મોટો સમુદ્ર રહેલો છે. બીજી તરફ દ્વેષરૂપી દાવાનળ સળગી રહ્યો છે. આપણે તે બંનેની વચ્ચે રહીને જીવન વિતાવવાનું છે. એટલું સમજીને જે મધ્યમ માર્ગ અપનાવે છે તેને "સમતા" કહેવાય છે.

इतो रागमहांभोधिः इतो द्वेष दवानलः
यस्तयोर्मध्यगः पंथाः तत्साम्यमिति गीयते

આ સાથે શ્રાવકને સમજવા યોગ્ય બીજી વાત પણુ સામાયિકમાં મુકેલી છે, તે છે–

सावज्जं जोगं पच्चक्खामि–સાવદ્ય યોગના પચ્ચક્ખાણુ. સામાયિકમાં પૂર્વ શરત રૂપે આ વાત करेमि भन्ते સૂત્રમાં લખી દીધી પૂર્વાચાર્યોએ પણુ કહ્યું છે કે સાવદ્ય યોગને છોડીને કરવા યોગ્ય એવું સામાયિક કેવલી ભગવંતોએ પ્રશસ્ત (શ્રેષ્ઠ) કહ્યું છે.

આવું સામાયિક ગૃહસ્થના શ્રેષ્ઠ ધર્મ રૂપ જાણી આત્માનું હિત

કરનાર પુરૂષોએ પરલોકને માટે આચરવું શ્રેયસ્કર છે.

આ રીતે સામાયિકમાં સમભાવની સાધના સાથે બીજો મહત્ત્વનો પાયો શ્રાવકે સ્મરણમાં રાખવાનો, તે સાવદ્યયોગ [કર્મ] ના વિરમણ રૂપ પણ છે. તે સામાયિકને શાસ્ત્રકારો આઠ નામથી ઓળખાવે છે.

सामाइवं समइवं सम्मंवाओ समास संखेवो
अणवज्जं अपरिण्णा पच्चक्खाणे तं चठ्ठा

(૧) સામાયિક (૨) સમયિક (૩) સમવાદ (૪) સમાસ (૫) સંક્ષેપ (૬) અનવદ્ય (૭) પરિજ્ઞા (૮) પચ્ચક્ખાણ

સમવાદ સામાયિકને ઓળખાવતા શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છે કે **સમવાદ એટલે** राग द्वेषने छोडीने यथास्थित निरवद्य **वचन कहेवुं**. નિર્ભયતા વિના સત્ય વચન બોલાતું નથી. માનવી ક્રોધ વડે, લોભ વડે, ભય વડે કે હાસ્ય વડે અસત્ય ભાષણ કરે છે, પણ સર્વથા સત્ય ભાષણ માટે તો નિર્ભયતાનું તત્ત્વ જરૂરી છે, જે રીતે કાલિકાચાર્યે નિર્ભય પણે દત્તને જણાવ્યું કે સાતમે દિવસે તારું મોત થશે

તુરમણી નામે નગરી હતી. ત્યાં કુંભ નામનો રાજા રાજ્ય કરે. તે રાજાને એક દત્ત નામે પુરોહિત મિત્ર હતો. મૈત્રી સંબંધે દત્ત પુરોહિતને રાજાએ મંત્રી પદવી આપી. અને દત્તો હિંસક યજ્ઞો શરૂ કરી દીધાં આ પ્રકારના યજ્ઞ કરીને દત્ત મંત્રી વિખ્યાત બની ગયો. એક દિવસ કુંભરાજાને કેદ કરીને જાતે જ રાજા બની બેઠો.

એ વખતે તે દત્તના મામા કે જે કાલિકાચાર્ય નામે આચાર્ય હતા, તે એ જ નગરીમાં પધાર્યા. દત્ત મંત્રીની માતા જૈન ધર્મી હતા. તેથી તેણે દત્તને કહ્યું કે તું મામા મા'રાજને વંદન કરવા જઇ આવ. દત્ત મંત્રીએ કાલિકાચાર્યને પૂછયું કે આ યજ્ઞનું મને શું ફળ મળશે.

આચાર્ય મહારાજશ્રીએ જણાવ્યું કે તમે જે યજ્ઞ કરી રહ્યા છો તેથી નીશ્ચે નરક ગતિની પ્રાપ્તિ થાય. દત્ત કહે તમારી વાતની કોઇ સાબીતી આપી શકશો ? આચાર્ય મહારાજશ્રીએ જણાવ્યું કે હા ! આજથી સાતમે દિવસે ઘોડાના ડાબલાથી ઉડેલી વિષ્ટા તમારા મુખમાં પડશે અને તે અનુમાનથી તમારી નરકગતિ નકકી થઈ જાણજો. કાલિકસૂરિએ જે નિરવદ્ય વચન કહ્યું તેનું નામ જ **સમવાદ**.

શ્રાવકના છત્રીશ કર્તવ્યો વર્ણવતા જણાવે કે छव्वीह आवस्सयम्मी

उज्जुतो होइ पइदिवसं. તે છ આવશ્યકમાંનું પ્રથમ આવશ્યક તે સામાયિક.

આ સામાયિકની એક વ્યાખ્યા કરતા જ્ઞાની પુરુષોએ લખ્યું त्यक्त सावद्य कर्मणः સાવદ્ય વ્યાપારનો ત્યાગ કર્યો છે જેણે. પણ સાવદ્ય વ્યાપાર તો મન વચન અને કાયા ત્રણે પ્રકારે ત્યજેલો હોવો જોઇએ. તેમાં વચનથી સાવદ્ય વ્યાપારનો ત્યાગ એ નિવૃત્તિ ધર્મ જણાવે છે પણ પ્રવૃત્તિ ધર્મ શું કરવો ?

પ્રવૃત્તિ ધર્મ તે નિરવદ્ય વચન પ્રગટ કરવું. તે, તેનું નામ જ સમવાદ.

આવા સમવાદ સામાયિકને ધારણ કરનારા કાલિકસૂરિજીએ દત્ત રાજાને સ્પષ્ટ કહી દીધું કે સાતમે દિને તારા મુખમાં વિષ્ટા પડશે. દત્ત તો ક્રોધથી ધમધમી ગયો. જુઓ મા'રાજ સાતમે દિવસે તમે કહ્યું તેમ નહીં થાય તો હું તમને મારી નાખીશ.

આખું શહેર સાફ કરાવી દીધું. ક્યાંય કોઈ જાતની ગંદકી ન રહી. આચાર્ય મહારાજ ફરતા રાજ સેવકો ગોઠવાઇ ગયા. દત્ત પોતે પણ અંતઃપુરમાં ચાલ્યો ગયો. બરાબર છ દિવસ પસાર થયા. સાતમે દિવસે તેને મનમાં એવું થયું કે આજે આઠમો દિવસ છે માટે હવે જઇને આચાર્ય મહારાજને હણી નાખું. લોકો તો તેનાથી ભયગ્રસ્ત હતા જ. તેથી કોઇએ કંઇ જણાવ્યુ નહીં ને રાજા નીકળ્યો ઘોડા પર.

રસ્તામાં કોઇ માળીને હાજતે જવાની શંકા થઈ. રસ્તામાં જ વિષ્ટા કરી ઉપર પુષ્પો ઢાંકીને ભાગ્યો. ઘોડા પર નીકળેલા દત્તના ઘોડાનો પગ પડયો તેની ઉપર અને વિષ્ટા ઉછળીને તેના મુખમાં પડી. આચાર્ય મહારાજના વચન પર વિશ્વાસ આવતા તરત પાછો ફર્યો. આ તરફ એકાંતનો લાભ લઈ કુંભરાજાના સૈનિકોએ રાજાને કેદમુક્ત કરાવ્યા ને દત્ત પાછો ફરતાં લોઢાની કોટડીમાં પુરી દીધો અને ત્યાંથી મૃત્યુ પામી તે સીધો નરકમાં ગયો.

આ રીતે કાલિકાચાર્યએ પોતાનો ભાણેજ તથા રાજા બની બેઠેલા એવા દત્તને નિર્ભય પણે જે સત્યવચન કહી દીધું એ સમવાદ સામાયિક.

**રહેવું કાલિકસૂરિ પરિજન વચન ભૂરિ**
**આજહો સેહવું રે નવિ કહેવું જૂઠ ભયાદિકેજી**

સમવાદ સામાયિક પછીનો ભેદ છે સમાસ સામાયિક.

**સમાસ સામાયિક એટલે થોડાજ શબ્દોમાં તત્વને જાણવું તે.**

ચિલાતિપુત્રને માત્ર ઉપશમ–વિવેક અને સંવર ત્રણજ પદ મુનિ મહારાજે કહ્યા છતાં તેના અર્થ વિસ્તારથી સદ્ગતિને સાધી ગયા.

સુષમા નામની સ્ત્રી પર અત્યંત રાગદશાને ધારણ કરેલા ચિલાતીપુત્ર પાછળ સુષમાના ચાર ભાઈ તથા પિતા ઘોડા દોડાવતા આવી રહ્યા છે, ચિલાતીપુત્રને થયું કે હવે બચવાનો કોઈ રસ્તો નથી, તરત પોતાની પ્રાણપ્રિયા સુષમાનું મસ્તક ધડથી જુદું કરીને ધડને ફેંકી ભાગ્યો. એક હાથમાં ખડ્ગ છે, બીજા હાથમાં સુષમાનું લોહી નીતરતું મસ્તક છે, ને ભાગ્યો જાય છે, ત્યાં ચારણમુનિને જોયા

બોલો મહારાજ જલ્દી બતાવો ધર્મ શું છે. ? ચારણ મુનિએ જોયું કે જીવ યોગ્ય દેખાય છે. તરત ત્રણ પદો કહ્યા ઉપશમ–વિવેક–સંવર. અને ત્યાંથી ઉડી ગયા.

ચિલાતીપુત્ર સ્તબ્ધ દશામાં ત્રણે પદની અર્થ વિચારણા કરી રહ્યો છે, ધીમે ધીમે તેની જ્ઞાનદશા જાગ્રત થઇ. ઉપશમ એટલે કષાયની ઉપશાંતિ–અરેરે મારા હાથમાં તો ખડ્ગ છે. ખડ્ગ એ ધમધમતાં ક્રોધનું પ્રતિક છે. બસ સમજાઇ ગયું ઉપશમ પદ ને ત્યાંજ ખડ્ગને ફેંકી દીધું.

વિવેક એટલે સારાસારની સમજ, હેય ઉપાદેયનું જ્ઞાન, આત્મા અને શરીર બંને અલગ અલગ છે. સુષમા પર રાગદશા હતી તે બરાબર પણ હવે તો માત્ર તેનું મસ્તક મારા હાથમાં છે. તુરંત રાગ દશા મરી પરવારી. પ્રગટી ગયો વિવેક તેના આત્મામાં. ત્યાંજ મસ્તકને ફેંકી દીધું.

સંવર પદની વિચારણા ચાલી કર્મોને આત્મા તરફ આવતા રોકવા संवृणोति इति संवरः ત્યાંજ ચિલાતીપુત્ર કાઉસ્સગ્ગમાં સ્થિર થઈ ગયા. અઢી દિવસ રહ્યા ત્યાં ને ત્યાં. શરીર ઉપર ઉડેલા લોહીની ગંધે ગંધે કીડીઓ આવી ને શરીર ચાળણી જેવું કરી દીધું, પગમાં દાખલ થયેલી

કીડી માથામાંથી નીકળે. છતાં સંવર પદની વિચારણામાં ચડેલા ચિલાતીમુનિ જરાપણ ચલીત ન થયા.

આ થઇ સમાસ સામાયિક. કાયોત્સર્ગમાં સ્થિર બનેલા ચિલાતી મુનિએ એક પણ પૈસો ખર્ચવો પડયો ખરો ? છતાં સમાસ સામાયિકનું ફળ કેટલું ? જીવનભરની આશ્રવમય-પાપમય જીંદગી છતાં અઢી દિવસનું સામાયિક તેને સદ્ગતિ અપાવનાર બન્યું. એજ છે આ પરિશીલનનો સાર–**પૈસો ખર્ચ્યા વિના પુન્ય મેળવો**. સામાયિકના મહત્ત્વને સમજી તમે સૌ સામાયિકને આદરનારા બનો એજ શુભેચ્છા.

# ( ૧૬ ) સામાયિક-કરેમિભંતે

## —પાપ નિવૃત્તિની પ્રતીજ્ઞા

सावद्य कर्म मुक्तस्य दुर्ध्यान रहितस्य च
समभावो मुहूर्तं तद् व्रतं सामायिकाह्वयम्

આવશ્યક સૂત્રમાં છઠ્ઠા અધ્યયનમાં પહેલા શિક્ષાપદ (આવશ્યક) સામાયિકનું વર્ણન કરતાં ઉપરોક્ત શ્લોકમાં જણાવ્યું કે સાવદ્યકર્મ (પાપ વ્યાપાર) મુક્ત અને દુર્ધ્યાન રહિત એવા આત્માનો જે મુહુર્ત પ્રમાણ સમભાવ તે સામાયિક વ્રત કહેવાય છે.

આ રીતે સામાયિકમાં ચાર બાબતો દર્શાવી (૧) સાવદ્ય કર્મથી મુક્ત હોવું તે (૨) દુર્ધ્યાન રહિતતા (૩) સમભાવલીનતા (૪) મુહુર્ત પ્રમાણુ એટલે કે બે ઘડી--અથવા તો અડતાલીશ મિનીટ.

સાવદ્ય કર્મ એટલે મનથી દુષ્ટ ચિંતવન, વચનથી અસત્યાદિ ભાષણ, કાયાથી હિંસાદિ અશુભ પ્રવૃત્તિ. આ સર્વથી મુક્ત થવું તે सावद्य कर्म मुक्तस्य.

સમભાવ એટલે રાગ દ્વેષના નિમિત્ત હોવા છતાં રાગ દ્વેષથી પર રહેવું તે.

આ બન્ને બાબતને બે ઘડી સુધી ટકાવી ધર્મધ્યાનમાં સ્થિર થવું તે સામાયિક. તમે પણ સામાયિક કરો ત્યારે વચન અને કાયાનો સાવદ્ય વ્યાપાર તો બંધ કરી દો છો તે માની લઈએ પણ સમભાવમાં ટકવા માટે પ્રયત્ન કેટલો કર્યો ?

એક યુવાન રોજ કરાટે શીખવા જતો. રસ્તામાં એક વખત કોઈ ગુંડાએ તેને રોકયા, ધમકી આપીને તે યુવાનના ગળામાંથી ચેઈન કાઢી લીધી. યુવાનને જાણુતા હતા તે લોકોને મનમાં થયું કે હમણાં આ બ્લેક બેલ્ટ ચેમ્પીયનભાઈ (કરાટેની એક ચોક્કસ પરીક્ષા પાર કરી ચૂકેલા) પેલા ગુંડાને પાડી દેશે, આજ તો કરાટેનો દાવ ખેલાઈ જવાનો.

પણ જે દૃશ્ય ભજવાયું તે તો તદ્દન વિપરીત જ હતું. પેલા યુવાને તો ભયથી થરથરતા પોતાના કાંડેથી ઘડીયાલ પણ ઉતારીને

આપી દીધી. પરિચિતોને મનમાં થયું કે અરે તો આ ભાઈએ આટલા દિવસ કરાટેના કલાસમાં જઈ કર્યું શું ?

તમે પણ રોજ સામાયિક કરો છો ને ? પણ સમભાવ આવ્યો ખરો કંઈ ? રાગ દ્વેષ પર કોઈ જાતનો કાબુ આવ્યો ખરો ? સામાયિક-નો અર્થ કે તાત્પર્ય એ જ કે આત્માની સ્વાભાવિક સ્થિતિની પ્રાપ્તિ થવી.

ભગવતી સૂત્ર પ્રથમ શતકના નવમા ઉદ્દેશમાં આ જ બાબતને જણાવતાં કહ્યું કે એક વખત શ્રી પાર્શ્વપ્રભુના કાલાસ્યવેષિ અણગારે વીરપ્રભુના સ્થવીરોને પૂછ્યું કે भे अज्जो सामाइए ? के भे अज्जो सामाइअस्स अट्ठे હે આર્ય ભગવંતો આપનું સામાયિક શું ? અને સામાયિકનો અર્થ શો ?

ત્યારે સ્થવિરોએ જણાવ્યું કે आयाणे अज्जो सामाइए आयाणे अज्जो सामाइयस्स अट्ठे ! હે આર્ય ! આત્મા એ અમારુ સામાયિક છે, અને આત્મા એ જ સામાયિક નો અર્થ છે. તાત્પર્ય એ કે આત્માની સ્વાભાવિક સ્થિતિને પ્રાપ્ત થવું તે જ સામાયિક.

શ્રીપુર નગર નામે એક નગર હતું. ત્યાં પદ્મ શ્રેષ્ઠી નામક શ્રેષ્ઠીને કેશરી નામે પુત્ર હતો. કેશરીને કુસંગ લાગી જતાં તે ચોરી કરતાં શીખ્યો. રાજાને કેશરીના પિતાએ વાત કરી. પણ કેશરી ચોર સુધર્યો નહીં એટલે રાજાએ તેને હદપાર કરી દીધો.

કેશરી ગામ બહાર ગયો. સરોવરની પાળ ઉપરથી વૃક્ષ ઉપર ચડયો. ત્યાંથી સર્વ દિશામાં નજર કરતાં તેની નજર કોઈ સિદ્ધ પુરુષ ઉપર પડી. સિદ્ધ પુરૂષ આકાશમાંથી ઉતરીને સરોવરમાં સ્નાન કરવા ગયો. કેશરી ચોરના દિમાગમાં ઝબકારો થયો.

ઉતર્યો સરોવરના કિનારે અને લાગ જોઈને સિદ્ધપુરુષની ચરણ પાદુકા પહેરી કેશરી ચોર આકાશમાં ઉડી ગયો. બધાનું ધન હરણ કરવા લાગ્યો. ગમે ત્યારે રાજાના અંતઃપુરમાં પણ જવા લાગ્યો. રાજાએ ખૂબ તપાસ કરી. ચોરનો પત્તો લાગતો નથી. રાજા વનમાં ગયો ત્યાં તેણે રસ્તામાં ચંડિકાની દિવ્ય પૂજા થઈ હોય તેવો પ્રાસાદ જોયો. એ પ્રાસાદ જોઈને થયું કે નક્કી ચોર અહીં આવવો જોઈએ.

રાજા બરાબર ચોકી રાખીને બેઠા છે. ચોરને કલ્પના પણ ન હતી

કે આવા જંગલમાં હવે તેને કોઇ પકડી શકે. નિત્યક્રમ પ્રમાણે તે તો આવી ગયો. રોજ તો ચંડિકા દેવીના પ્રાસાદમાં દેવીની પૂજા વિધિ બહુ ભક્તિભાવથી કરે. પણ આજે તો જેવી તેણે ચરણ પાદુકા ઉતારી ને મંદિરમાં પગ મુકવા ગયો ત્યાં તો રાજાએ એક પાદુકા ઉપાડી લીધી. દેવીને નમન કરવા માટે નમેલું ચોરનું મુખ એકદમ ચમકયું. ચોર ભાગ્યો ત્યાંથી. કેમ કે ચરણ પાદુકા વગર તેને ઉડવું અશકય બની ગયું અને રાજાના હાથે પકડાવાનો ભય વધી ગયો.

ભય વિહ્વળ એવા તે કેશરી ચોરે એક મુનિ મહારાજને નિહાળ્યા. તરત જ પ્રશ્ન કર્યો કે ભવ પર્યન્ત કરેલા પાપોનો ત્યાગ કઇ રીતે થાય ? કઇ રીતે છુટાય તેમાંથી ?

ગુરુ મહારાજે તેને સામાયિકનું સ્વરૂપ સમજાવ્યું. સમભાવમાં લીન થઇ એક મુહુર્ત માત્ર પણ શુભ ધ્યાન કરી શકે તો તારા સમગ્ર ભવના સંચિત પાપોનો પણ ભુક્કો થઇ જાય. ગુરુ મુખે સામાયિકનું ફળ સાંભળી પૂર્વે કરેલા પાપોનો પશ્ચાતાપ કરતા કરતા શુભધ્યાનમાં આરૂઢ થયો. ત્યાં ને ત્યાં બે ઘડીમાં કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું. દેવતાએ આવી તેમને રજોહરણ તથા વેશ આપ્યો ને સામાયિકના પ્રભાવે કેશરી ચોરમાંથી બની ગયો કેશરી મુનિ.

તેટલામાં રાજા ત્યાં પહોંચ્યો. એક ચોરને જગ્યાએ સમતાવાન સંયમીને જોઇને આશ્ચર્યમાં મુકાઇ ગયો. ત્યારે કેશરી કેવલી બોલ્યા કે રાજા તું જરા પણ આશ્ચર્ય પામીશ નહીં કેમ કે આ બધો સામાયિકનો પ્રભાવ છે.

> प्रतिहन्ति क्षणार्द्धेन साम्यमालंब्य कर्मवत्
> यन्नहन्यान्नरस्तीव्र–तपसा जन्म कोटिभिः

કોઇ પુરુષ કરોડ જન્મ સુધી તીવ્ર તપસ્યા કરવા વડે જેટલા કર્મોને હણી શકે નહીં તેટલા કર્મોને સમતામય સામાયિકનું આલેખન કરનાર પુરુષ અર્ધ ક્ષણમાં હણી શકે.

રાજાને પણ સામાયિકનું મહત્વ સમજાયું. તેને તો શાસ્ત્ર વાકય સાથે પ્રત્યક્ષ પુરાવો મલી ગયો. જીવન ભર ચોરી કરનાર અને લંપટ બનેલો ચોર નજર સામે જ બે ઘડીમાં કેવલજ્ઞાની થઈ ગયા. રાજા રોજ સાત સામાયિક કરવાનો નિયમ કરી ઘેર આવ્યો.

આ રીતે શ્રાવકે પણ સામાયિકાદિ છ આવશ્યકમાં ઉદ્યમવંત રહેવું જોઇએ. પણ સામાયિક એટલે શું ?

ફરી ફરીને એ જ પ્રશ્ન છે તમારી સામે. કેમ કે આ સમગ્ર પરિશીલન સામાયિકની જ આસપાસની વિચારણા માટે છે. સામાયિકના સુંદર સ્પષ્ટીકરણ માટે करेमि भन्ते ની વિચારણા અતિ ઉપયોગી બનશે.

करेमि भन्ते – હે ભદન્ત ! હે ભગવન્ ! હે ભયાંત અથવા તો હે પૂજ્ય આ પ્રમાણે ગુરુને આમંત્રણ કરવા પૂર્વક સામાયિકનો આરંભ કર્યો

આરંભમાં ગુરુને કેમ યાદ કર્યા ? સર્વ ધર્મ અનુષ્ઠાનોમાં ગુર્વાજ્ઞા આવશ્યક છે. ગુરુ હોય તો ગુરુ પ્રત્યક્ષથી અને ન હોય તો ગુરુપણાની સ્થાપના કરવા પૂર્વક સમક્ષ માનીને જ અનુષ્ઠાનો કરાય.

करेमि सामाइअ–હું સામાયિક કરું છું.

સામાયિક એટલે આત્માને સમભાવમાં સ્થિર કરવો. વિષમતાનો અભાવ અને સ્વરૂપમાં લીનતા.

૦ સામાયિક એટલે સદ્વર્તન.

૦ સામાયિક એટલે શાસ્ત્રાનુસારી શુદ્ધ જીવન ગાળવાનો પ્રયત્ન.

૦ સામાયિક એટલે સમસ્થિતિ અર્થાત્ વિષમતાનો અભાવ ઉત્પન્ન કરવાની ક્રિયા.

૦ સામાયિક એટલે સર્વ જીવો પ્રત્યે મિત્રતા કે બંધુત્વની લાગણી કેળવવાનો પ્રયાસ.

૦ સામાયિક એટલે સમભાવની સાધના અર્થાત્ રાગદ્વેષને જીતવાનો પરમ પુરુષાર્થ.

૦ સામાયિક એટલે સમ્યક્ વસ્તુની પ્રાપ્તિ અર્થાત્ સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્રની સ્પર્શના.

૦ સામાયિક એટલે શાંતિની આરાધના.

૦ સામાયિક એટલે અહિંસાની ઉપાસના.

વ્યવહારિક દૃષ્ટિએ આવા ભિન્ન ભિન્ન અર્થો હોવા છતાં તાત્ત્વિક

દૃષ્ટિએ એક જ છે. તે બધા અર્થોનો સમાવેશ વત્તે ઓછે અંશે સમભાવની સાધનામાં થઇ જાય છે. કેમ કે સદ્‌વર્તન એ સમભાવની સાધના વિના શકય નથી, શાસ્ત્રાનુસારી શુદ્ધ જીવન પણ સમભાવની સાધના વડે શકય બને છે, આત્માની અનાદિ કાળથી ચાલી આવતી વિષમ સ્થિતિનો અંત પણ સમભાવની સાધનાથી શકય બને છે, વળી સર્વ જીવો પ્રત્યેની મૈત્રી કે બંધુત્વ લાગણી એ પણ સમભાવનું સ્પષ્ટ સ્વરૂપ જ છે.

બીજો શબ્દ करेमि વાચ્યાર્થ તો હું કરું છું કર્યો. પણ करेमिનો ભાવાર્થ છે હું ગ્રહણ કરૂં છું અથવા હું સ્વીકાર કરું છું.

"હે ભગવન્, હું સામાયિક કરું છું." કહ્યું પણ કઇ રીતે કરવાની ?

सावज्जं जोगं पच्चक्खामि સાવદ્ય યોગ એટલે કે મન-વચન-કાયાની પાપ પ્રવૃત્તિના પચ્ચકખાણ કરીને. એટલે કે તેનો ત્યાગ કરીને અર્થાત્ તેના નિષેધની જાહેરાત કરીને.

વિશેષાવશ્યક ભાષ્ય ગાથા ૩૪૯૬માં જણાવ્યુ– "गरहियमवज्ज-मुत्त, पावं सह तेण सावज्जं" જે ગર્હિત કે નિંદ્ય હોય તેને અવદ્ય કહેવાય. અવદ્ય એટલે પાપ. તેનાથી જે યુક્ત તે સાવદ્ય. આવા સાવદ્ય વ્યાપારનો હું ત્યાગ કરું છું.

આવો ત્યાગ કરવાનો કયાં સુધી ? जाव नियमं पज्जुवासामि. जाव એટલે यावत् "જ્યાં સુધી" यावत् શબ્દ પરિમાણ મર્યાદા અને અવધારણા (નિશ્ચય) અર્થ દર્શાવે છે. તે શબ્દનો સંબંધ નિયમ સાથે છે. जाव नियमं–જ્યાં સુધી લીધેલી પ્રતિજ્ઞાની पज्जुवासामि પરિ–ઉપાસના કરું–સેવના કરું. (ત્યાં સુધી).

જ્યાં સુધી લીધેલી પ્રતિજ્ઞાની હું પરિ–ઉપાસના કરું ત્યાં સુધી સાવદ્ય યોગના પચ્ચક્ખાણ તો કર્યા પણ પછી કરવાનું શું ?

પાપ વગરનું આચરણ કરો. એટલે કે अनवद्य सामायिक કરવી તે.

ચંપાનગરીમાં સોમદેવ બ્રાહ્મણ વસતો. તેને નાગશ્રી નામે સ્રી હતી. સોમદેવને સોમભૂતિ તથા સોમશ્રી નામે બીજા બે ભાઇઓ પણ હતા. ત્રણે ભાઈઓના પરિવારમાં ઘણો સંપ. ધન ધાન્યથી પરિપૂર્ણ એવા ત્રણે ભાઇઓ એક બીજાને ત્યાં વારા પ્રમાણે ભોજન કરે.

એક વખત સોમદેવના ઘેર વારો આવ્યો. નાગશ્રીએ વિવિધ પ્રકારની ભોજન સામગ્રી તૈયાર કરવા માંડી. તેમાં અજાણતા કડવી

તુંબડીનું શાક પણ તૈયાર થઇ ગયું. જેવું શાક ચાખ્યું કે કડવું લાગતા તરત જ થુંકી નાખ્યું. મનમાં થયું કે આટલું બધું સ્વાદિષ્ટ બનાવ્યું મસાલાથી ભરપુર. છતાં કડવું રહી ગયું. એટલે તત્કાલ તો તેણે શાકને બાજુમાં રાખી દીધું.

આ સમયે તે જ ગામમાં વિહાર કરતા ધર્મઘોષસૂરિજી પધાર્યા. તેના એક શિષ્ય નામે ધર્મરુચિ અણગાર, માસક્ષમણને પારણે વહોરવા નીકળ્યા. સોમદેવના ઘેર બધાંનું ભોજન કાર્ય થઈ ગયેલું ત્યાં પહોંચ્યાં. નાગશ્રીને થયું કે ભિક્ષાર્થે પધારેલા આ મુનિરાજને જ બધું શાક વહોરાવી દઉં–એમ વિચારી કડવી તુંબડીનું શાક તેણે ધર્મરુચિ અણગારને વહોરાવી દીધું.

ઉપાશ્રયે પહોંચતા ગુરુમહારાજને પાત્ર દેખાડયું. ગુરુ મહારાજ ગંધ પરથી પારખી ગયા કે આ ઝેરી શાક આવી ગયું. તરત ધર્મરુચિને જણાવે કે હે વત્સ! આ પદાર્થ જો તું ખાઇશ તો મૃત્યુ પામીશ માટે તેને નિર્દોષ ભૂમિમાં પરઠવી આવ.

મુનિ શ્રી ઉપડયા શુદ્ધ ભૂમિને શોધવા. બરાબર નિર્દોષ ભૂમિ શોધી પરઠવવા જતાં પહેલાં શાકમાંથી એક બિંદુ ભૂમિ ઉપર પડી ગયું. અને તેની ગંધથી ખેંચાઈને કીડીઓ આવી ગઇ. તત્કાલ કીડીનું મૃત્યુ થયું. મુનિને થયું કે આ શાકના બિંદુમાત્રથી અનેક કીડીઓ મરે છે તો તેને પરઠવતા કેટલા જીવ–જંતુઓનું મરણ થશે?

આ તો હતા ધર્મરુચિ અણગાર. તેનું નામ જ ધર્મરુચિ. ધર્મ પ્રત્યે જ જેની રુચિ છે, ધર્મમાં જ જેની રુચિ છે, અરે! ધર્મ એજ રુચિ. બસ મનમાં વિચારી લીધું કે મારે પાપના આચરણથી મુક્ત થઇ અનવદ્ય સામાયિક ની પાલના કરવાની છે. હું પોતે જ આ શાક વાપરી લઉં તો માત્ર મારું જ મૃત્યુ થશે.

તુંબડાના શાકને સમીહિત પણે ભક્ષણ કરી સમાધિ પૂર્વક સમ્યક્ આરાધના કરી મૃત્યુ પામી સર્વાર્થસિદ્ધ વિમાનમાં અહમિન્દ્ર થયા. સર્વ જીવોને આત્મવત્ સમજી અહિંસા ધર્મની સુંદર પરિપાલના કરી. અનવદ્ય નિષ્પાપ સામાયિકની આચરણા કરી. અનુત્તર વિમાનને પામ્યા.

કરેમિ ભન્તે સૂત્રપાઠ દ્વારા સાવદ્ય યોગના પચ્ચકખાણની પ્રતીજ્ઞા તો કરી પણ તે પ્રતીજ્ઞા નિવૃત્તિ ધર્મરૂપ છે. પ્રવૃત્તિ ધર્મ રૂપ પ્રતીજ્ઞા

તો કંઈ લખી નથી તો સામાયિકમાં કરવું શું?

અનવદ્ય એટલે કે પાપરહિત પ્રવૃત્તિની આચરણા. જેમ પૌષધ લીધો પછી મંદિરમાં ન જાય અથવા પડિલેહણ ન કરે તો? પ્રાયશ્ચિત આવે તેમ કહ્યું. કેમ ભાઈ? करेमि भन्ते માં કયાં લખ્યું છે પડિલેહણ કરવાનું. કઈ પ્રતીજ્ઞા ભાંગી ગઈ તેમાં? શું તેણે શરીર સત્કાર કર્યો? બ્રહ્મચર્ય ન પાળ્યું? બધી વાત બરોબર પણ અનવદ્યના આચરણ ન કરવાનું જ પ્રાયશ્ચિત લખ્યું.

તે રીતે સામાયિક લે. પછી સ્વાધ્યાય ન કરે અથવા કંઈ ભણે ગણે નહીં ને બેઠો રહે કે વાતો કરે તો ત્યાં સાવદ્યયોગની પ્રતીજ્ઞાનો ભંગ તો ન થયો. પણ સાવદ્ય યોગના ત્યાગ સાથે ગર્ભિત રીતે સંકળાયેલી અનવદ્ય યોગના આચરણની પ્રતીજ્ઞાનું પાલન પણ ન થયું.

આ વાતનું પ્રમાણ દર્શાવવા જ શબ્દ મુકયો पज्जुवासामि એટલે કે હું પરિપાલન કરીશ. **પાપ પ્રવૃત્તિની પ્રતીજ્ઞા સાથે નિષ્પાપનું આચરણ પણ સમજી લેવું.**

આ પરિપાલન કયાં સુધી કરવાનું? કેમ કે करेमि भन्ते સૂત્રમાં તો સમય દર્શાવ્યો નથી. પ્રારંભના શ્લોકમાં જણાવી દીધું मुहुर्तम् तद् મુહુર્ત એટલે બે ઘડી અથવા ૪૮ મિનિટ.

**પ્રશ્ન** :– સમય ૪૮ મિનિટ જ કેમ કહ્યો?

"ચિત્ત શુદ્ધિ" ધર્મધ્યાન–શુકલ ધ્યાન ધારણ કરવાથી થાય છે, શુભધ્યાન કોઇ એક જ વિષય ઉપર અંતર્મુહૂર્ત કે બે ઘડીથી વધારે ટકી શકે જ નહીં, માટે સામાયિકનો સમય ૪૮ મિનિટનો કહ્યો. ૪૮ મિનિટ પર એક ક્ષણ પણ વધારે થઇ એટલે ધ્યાનની ધારા પલટાઇ જવાની. તેમાં કોઈ ફેરફાર નથી. અને જો ગજસુકુમાલ જેવો ભાવોલ્લાસ પ્રગટે તો આ જ બે ઘડીનો પુરુષાર્થ કેવલજ્ઞાન પણ અપાવી દે.

ઇજીપ્તમાં એક સંત થઇ ગયા. તેનું નામ મકારીયો. એક વખત કોઈ યુવક પહોંચ્યો તેની પાસે. આવીને પૂછયું મુક્તિનો ઉપાય શો?

સંત મકારીયો કહે ભાઇ! તું એક કામ કર, કબ્રસ્તાનમાં જઇ જેઓ ચિરશાંતિમાં પોઢેલા છે તેમને ગાળો દઇ આવ. યુવકે અડધા કલાક બાદ આવીને કહ્યું કે હું આપના કહ્યા મુજબ કરી આવ્યો. હવે આપ મને મુક્તિનો ઉપાય બતાવો.

સંત કહે હવે બીજું કામ કર, ફરી કબ્રસ્તાનમાં જઈ બધાની ખૂબ

પ્રશંસા કર. તું પાછો ફરીશ એટલે તને મુક્તિનો ઉપાય મળી જશે. યુવાનની તાલાવેલી ખૂબજ વધી ગઇ. જલ્દીથી કબ્રસ્તાનમાં જઇને બધાંની પ્રશંસા કરી આવી ગયો પાછો.

સંત કહે તેં કબરોને ગાળો આપી ત્યારે તેમણે કશું કહ્યું. યુવક કહે, ના. તે તો શાંત જ રહ્યા. અને તેં પ્રશંસા કરી ત્યારે તેઓ ખુશ થઇ ગયા કે નહીં? યુવક કહે નહીં, ત્યારે પણ તેઓ શાંત રહ્યા.

સંત મકારીયો કહે બસ એ જ છે મુક્તિનો ઉપાય. પ્રશંસામાં લેપાવું નહીં અને નિંદામાં ક્ષોભ ન પામવો.

આવો પુરુષાર્થ તો જીવન ભર કરવાનો છે. પણ તેની સાધના માટે તમને માત્ર બે ઘડીનો એટલે કે ૪૮ મિનીટ નો જ સમય કહ્યો.

સામાયિકમાં પાપ વ્યાપાર તજવાનું કહ્યું પણ તજવાનો કઇ રીતે? दुविहं तिविहणं — मणेणं वायाए काएणं મન-વચન-કર્મ તે ત્રણ સાધન (કરણ) દ્વારા પાપ વ્યાપારનો ત્યાગ કરવાનો છે. માત્ર મનથી, માત્ર વચનથી કે માત્ર કાયાથી નહીં. ત્રણેના સમન્વય પૂર્વક ત્યાગ કરો.

તેમાં પણ બે શબ્દો આગળ ગોઠવી દીધાં न करेमि न कारवेमि હું સ્વયં તો પાપ વ્યાપાર ન કરું પણ બીજા પાસે પણ પાપ વ્યાપાર કરાવું નહીં. પછી તમે સામાયિક લઈને બેઠા હો અને છોકરો આવે તો ધંધાની સલાહ સૂચના ન દેવાય. પણ તમારી સ્થિતિ કેવી થતી જાય છે.—

**એક દિનમાં નવ વાર કરેમિ ભંતે કહું**
**ત્રિવિધ ત્રિવિધ પચ્ચક્ખાણે ક્ષણ એક નવી ઠરું.**

સામાયિક અમે પણ કરીએ અને તમે પણ કરો છતાં ફેર કેટલો? તમારું સામાયિક दुविहं तिविहणं જ્યારે અમારું સામાયિક કેવું? तिविहं तिविहेणं તમારે માત્ર न करेमि અને न कारवेमि શબ્દો મુકયા અમારે વધારામાં શું કહ્યું करंति पि अन्नं न समणुजाणामि સાવદ્ય યોગના સેવન કરનારાને હું સારો પણ ન માનું. એટલે કે અમે અનુમોદના પણ ન કરીએ. જ્યારે તમારે તો અનુમોદનાનું પાપ ચાલુ જ છે.

**પ્રશ્ન :**— दुविहं तिविहेणं શબ્દ करेमि भन्ते માં મુકયા પછી न करेमि ને બદલે मणेणं વાળો પાઠ કેમ મુકયો? તેમ કરતા તો અનુક્રમ તુટી ગયો તેનું શું?

**સમાધાન** :- પાપના કરણ એટલે કે સાધનોની પ્રધાનતા દર્શાવવા અને કરેમિ-કરવારૂપ વ્યાપારની ગૌણતા દર્શાવવા માટે આ રીતે ક્રમ ઉલટાવ્યો છે. કારણ કે વ્યાપાર તો સાધનોને આધીન છે. સાધન છે તો વ્યાપાર છે.

ત્યાર પછી ભૂતકાળના પાપ સંબંધની આલોચના દર્શાવતા પદો મુકયા. तस्स भन्ते -હે ભગવન્ तस्स - તે સાવદ્યયોગનું पडिक्कमामि હું પ્રતિક્રમણ કરૂં છું. निन्दामि -(તે પાપોને) હું મારા આત્માની સાક્ષીએ નિંદુ છું. અહીં પશ્ચાતાપનો ભાવ દર્શાવે છે.

આવશ્યક નિર્યુક્તિમાં લખ્યું કે सचस्तिपच्छायावो-निंदा પોતાના ચરિત્રનો પશ્ચાતાપ તે નિંદા, અંતઃકરણ પૂર્વક તે કાર્યને ખોટું માને, તેને માટે ખેદ કરે, ફરી ન કરવાની બુદ્ધિ ધારણ કરે, તે જ સાચી નિંદા.

गरिहामि - તે સાવદ્ય યોગની હું ગર્હા કરું છું એટલે કે પ્રગટ પણે ગુરુ સાક્ષીએ તેની નિંદા કરું છું.

अप्पाणं वोसिरामि – ભૂતકાળમાં પાપ વ્યાપાર કરનારા તે મારા આત્માને (પાપી પર્યાયોને) તજું છું. आत्मा ના દ્રવ્યાત્મા, કષાયાત્મા, યોગાત્મા, ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્મા એવા આઠ ભેદો ભગવતી સૂત્ર શતક ૧૨ ના દશમા ઉદ્દેશમાં જણાવ્યા છે. આ આઠ ભેદોમાં કષાયાત્મા એ સંસાર વૃદ્ધિનું કારણરૂપ છે. માટે તેનો ત્યાગ કરૂ છું તેમ સમજવું.

સામાયિકમાં આજના પરિશિલનનું શીર્ષક **પાપ નિવૃત્તિની પ્રતિજ્ઞા** જે રાખ્યું તે મુજબ करेमि भन्ते થી अप्पाणं वोसिरामि સુધી બધાં પદોને કેન્દ્રમાં **રાખી** સામાયિકની આરાધના કરવી જોઈએ.

આ રીતે સામાયિક કરતાં આત્માને માટે આઠ ભેદે સામાયિકને વર્ણવતા શાસ્ત્રકાર મહારાજા એક **સંક્ષેપ સામાયિક નામનો ભેદ વર્ણવે છે.**

વસંતપુર નગરનો જિતશત્રુ રાજા હતો, તેણે પંડિતોને બોલાવીને પૂછ્યું મને શાસ્ત્રોનું જ્ઞાન કરાવો. પંડિતો તો ખચ્ચરના ખચ્ચર ઉપર સામાન લાદીને આવ્યા. રાજા કહે આટલું બધું જ્ઞાન હું કયારે પ્રાપ્ત કરીશ. થોડું ઓછું કરીને લાવો. પંડિતો થોડી મહેનત કરી થોડા

ઉપર લદાય તેટલા શાસ્ત્રો જ લાવ્યા. રાજા કહે અરે રાજકાજમાં આટલા શાસ્ત્રો હું કયારે ભણવાનો ?

પંડિતો પછી માત્ર હાથી ઉપર લાવી શકાય તેટલાં જ શાસ્ત્રો-માં જ્ઞાન ભેગું કરી પુસ્તકો લઈને આવ્યા ત્યાં સુધીમાં તો રાજા વૃદ્ધ થઇ ગયો. રાજા કહે અરે હવે તો મને માત્ર થોડા શબ્દોમાં જ્ઞાન બતાવી દો કેમ કે હવે તો મરણ પથારીએ છું.

ત્યારે પંડિતોએ ભેગા મળી વિચાર વિમર્શ કરી એક જ શ્લોકમાં ચાર શાસ્ત્રોનો સાર કહી દીધો.

जीर्णे भोजनमात्रेयः कपिलः प्राणिनांदया
बृहस्पतिरविश्वासं पंचाल: स्त्रीषु मार्दत्रम्

(૧) વૈદ્યક શાસ્ત્રનો સાર શું ? ભોજન પચે પછી જ ખાવું.
(૨) ધર્મશાસ્ત્રનો સાર શું ? સર્વ જીવો પર દયા રાખો.
(૩) નિતિ શાસ્ત્રનો સાર શું ? કોઈના પર વિશ્વાસ ન રાખો.
(૪) કામશાસ્ત્રનો સાર શું ? સ્ત્રી પ્રત્યે માર્દવતા દાખવવી.

રાજાને આમાં કશું જ્ઞાન ન થયું. જૈનાચાર્ય પાસેથી ત્રિપદી સમજી આનંદ પામ્યો. શરીર અને આત્માનો ભેદ સમજાયો ને જિત શત્રુ રાજા આટલા જ્ઞાનના ચિંતન માત્રથ ઘણું પામી ગયો ને સદ્-ગતિને પ્રાપ્ત કરી.

અરે ગણધરોને માત્ર ત્રિપદી આપે છે ભગવાન્, અને તેઓ સમગ્ર દ્વાદશાંગીની રચના કરી દે છે. સંક્ષેપ સામાયિકનો અર્થ જ એ છે કે થોડા જ અક્ષરમાં કર્મનો નાશ થાય તેવા ઘણા વિસ્તારને ગુંથી દેવો.

તમે પણ करेमि भन्ते ના થોડા શબ્દોનો અર્થ વિસ્તારથી ધારી લઈ સામાયિક સાધના કરી પરંપરાએ મોક્ષ પામો તે જ અભ્યર્થના.

✲ ✲ ✲

# (૧૭) સામાયિક–સામાઈય વચનામૃતો

—શ્રાવક સાધુ સરીખો થાયે.

चारित्तस्स विसोही, कीरइ सामाइएण किल इहयं
सावज्जेअर जोगाण वज्जणा सेवणत्तणओ

ચઉશરણ પયન્નામાં જણાવે કે "સપાપ પ્રવૃત્તિના ત્યાગ અને નિષ્પાપ પ્રવૃત્તિના સેવનથી સામાયિક વડે ચારિત્રગુણની ખરેખર વિશુદ્ધિ થાય છે."

શ્રાવકના છત્રીશ કર્તવ્યોને વર્ણવતા ચોથું કર્તવ્ય જણાવ્યું "સામાયિક". તે સામાયિક કરવાનો મુખ્ય હેતુ શો ? ચારિત્રગુણની વિશુદ્ધિ.

ચારિત્ર ગુણની વિશુદ્ધિ તો જીવે પળેપળ કરવાની છે છતાં સામાયિક દ્વારા કેમ કહ્યું ? શ્રાવક છ કાય જીવના આરંભ સમારંભમાં રત હોય જ છે. છતાં બે ઘડીના સામાયિક દ્વારા પણ સપાપ પ્રવૃત્તિનો ત્યાગ અને નિષ્પાપ પ્રવૃત્તિનું સેવન કરી પોતાના આત્માને નિર્મલ બનાવવા પ્રયત્ન કરે તો ક્રમશઃ બે ઘડીનું સામાયિક ક્ષાયિક સામાયિકમાં પરીવર્તન પામી શકે પણ કોઈ જીવ પ્રયત્ન જ ન કરે તો ?

મહાત્મા અબ્દુલ હુસેન બોશકી પોતાના ઘરના આંગણામાં પાટલા પર બેસી હાથપગ ધોઈ રહ્યા હતા, સ્વચ્છ થયા પછી નમાજ પઢવા બેસવાનો તેનો નિયમ, પણ એ દિવસે તેઓ અચાનક પગ ધોતા અટકી ગયા ને ઊંડા વિચારમાં ગરકાવ થઇ ગયા.

તેમને આમ સ્તબ્ધ થયેલા જોઇને તેનો નોકર ઓસરીમાંથી દોડી આવ્યો. અરે માલિક ! શું થઇ ગયું તમને ? આમ અચાનક વિચારમાં કેમ ગરકાવ થઈ ગયા ?

અબ્દુલ હુશેન બોલ્યા તેમાં તારે કંઇ ગભરાવાનું કારણ નથી, મને કોઇ જ તકલીફ નથી. માત્ર હું વિચારતો હતો કે મારા શરીર પર વિંટાળેલી આ ચાદર કોઈ ફકીરને આપી દઉં. એટલું બોલતા તો પોતાની ચાદર હાથમાં લઇ નોકરને કહે જા જલ્દી હમણાંને હમણાં આ ચાદર કોઈ ફકીરને ખેરાત કરીને આવ.

પણ માલિક આટલી ઉતાવળ શા માટે કરો છો? તમે હાથ-પગ ધોઈ લો પછી ચાદરની ખેરાત જાતે જ કરો.

અબ્દુલ હુશેન કહે, ના ભાઇ! મારાથી જરા પણ રાહ જોવાય તેમ નથી. એક તો સત્કાર્યના વિચારો જવલ્લે જ આવે છે. કયાંક કોઇ શયતાન વિચાર ચઢી આવે તો પછી હ્રદયમાં જાગેલી ભાવના ઉડી જાય, આયુષ્ય તો ક્ષણ માત્ર છે, પ્રમાદથી એ ક્ષણ નકામી જવા દઈએ તો નેકી માટે બીજી ક્ષણ ન આવે, એટલે તું હમણાં જ આ ચાદરની ખેરાત કરી આવ. નોકર ફકીરને ચાદરની ખેરાત કરવા ગયો પછી જ મહાત્મા અબ્દુલ હુશેને નમાજ પઢી.

એ રીતે જીવને સામાયિક કરું એવો વિચાર જ પુન્ય યોગે આવે. વિચાર આવ્યા પછી આચરણમાં મુકવાનું મન ઓછાને થાય, મન થઈ જાય તો સ્થિરતા ન રહે, અને જો મન સ્થિર રહે તો ચારિત્રની વિશુદ્ધિ થઇ શકે તે માટે વારંવાર પ્રયત્ન કરવો જોઇએ.

આ પ્રયત્ન કરવાની વાત મારી પોતાની નથી કરતો પણ શાસ્ત્રકાર મહર્ષિઓ તેનું પ્રમાણ આપે છે. बहुसो सामाइयं कुज्जा. કયાં આવે છે આ વાત? સામાયિક પારવાના સુત્રમાં, ત્યાં જણાવ્યા મુજબ "વારંવાર સામાયિક કરવી જોઇએ."

વળી સામાયિક વારંવાર કરવાનું કહ્યું, તેનું ઠોસ કારણ દર્શાવતા સુંદર શબ્દો મુકયા सामाइय वयजुत्तो..........સામાઇક વ્રતથી યુક્ત (સામાયિકમાં રહેલો એવો શ્રાવક) જ્યાં સુધી અને જેટલી વાર મનમાં નિયમ રાખીને સામાયિક કરે છે, ત્યાં સુધી અને તેટલી વાર તે અશુભ કર્મનો નાશ કરે છે. छिन्नइ असुहं कम्मं

વળી સામાયિક કે પૌષધમાં સામાયિકના મહત્ત્વને દર્શાવતાં કેટલા મહત્ત્વ પૂર્ણ વાકયને ગુંથી લીધું છે. समणो इव सावओ होइ **શ્રાવક સાધુ સરીખો થાયે.**— તમે બે ઘડીનું સામાયિક કરો તો બે ઘડી માટે અને પૌષધ કરો તો આખા દિવસ માટે— "શ્રાવક સાધુ જેવો ગણયો."

તમારે સામાયિકમાં આ વેશ કેટલી મિનિટ ભજવવાનો છે? માત્ર અડતાલીશ મિનિટ. તમને આટલો વખત પણ સાધુ વેશ ભજવતા આવડે છે ખરો?

એક બહુરૂપીઓ–તેને નવાણું જુદાજુદા વેશ ભજવતા આવડે. તેને મનમાં થયું કે હવે એક વેશ શીખી લઉં તો પુરા ખેલ કરી શકું. એટલામાં તેને સાધુ નજરે ચડયા. તેને થયું કે આ વેશ ભજવનાર કોઇ નથી તો હું સાધુનો વેશ ભજવું. બહુરૂપીયાને લજ્જા હોય નહીં. તે તો પંદર પંદર દિવસ સુધી સાધુ પાછળ ભટકયો. ગોચરી–પાણી–પડિલેહણ સઘળી વિધિને ધ્યાનથી જુએ છે, બરાબર વેશ ભજવતા શીખી ગયો. સો વેશ શીખી ગયા બાદ ગયો રાજાને ત્યાં.

રાજાને રોજ નવા નવા વેશ ભજવીને બતાવે. રાજા ખુશ ખુશ થઈ ગયો. આમને આમ નવાણું દિવસ પસાર થઈ ગયા. રાજાને એકથી એક વેશ ચઢીયાતો લાગે છે, સો મો દિવસ આવી ગયો. આજે છેલ્લો વેશ ભજવવાનો છે. રાજા પણ આતુરતાથી રાહ જોઇ રહ્યો છે.

બહુરૂપી આવ્યો. મુનિવેશ ધારણ કરીને બોલ્યો "ધર્મલાભ" રાજાને પરીક્ષા કરવાની ઇચ્છા થઈ આવી. ૧૦૦૦૦ સોનામહોરનો થાળ ભરીને બહુરૂપીને આપ્યો. પેલો બહુરૂપી કહે, અમને આ ન ખપે. "ધર્મલાભ" કહીને તે તો ચાલ્યો ગયો પાછો.

બીજે દિવસે સવારે મૂળ વેશે આવ્યો, રાજા પાસે દક્ષિણા માંગી. રાજા કહે કેમ? ગઇકાલે તો તને ૧૦૦૦૦ સોનામહોરનો થાળ ભેટ આપ્યો તો તેં કહ્યું કે મને ખપે નહીં.

નામદાર જે વેશ ભજવવા આવેલો તેને અનુરૂપ વર્તન હતું. તેમ ન કરું તો વેશ લાજે અને અમારી કલા પણ ખોટી પડે.

તમે માત્ર ૪૮ મિનિટ માટે, અરે કદાચ સામાયિકને બદલે પૌષધ કરો તો એક આખો દિવસ પણ આ વેશ ભજવી શકો ખરા? કોઈક વખત તો બે ઘડીનો વેશ બરાબર ભજવી જુઓ તો समणो इव सावओ होइ —

"શ્રાવક સાધુ સરીખો થાયે" એ ઉક્તિની સાર્થકતા સમજાઇ જશે.

**પ્રશ્ન** :– समाइय वय जुत्तो માં સામાયિકને વ્રત કેમ કહ્યુ?

તત્ત્વાર્થ સૂત્ર: અધ્યાય : ૭ સૂત્ર ૧ हिंसाऽनृतस्तेया ब्रह्म परिग्रहेभ्यो विरतिर्व्रतम् હિંસા, અનૃત, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહથી વિરત થવું તે વ્રત કહેવાય. સામાયિકમાં પણ સાવદ્ય યોગથી વિરત થવાનું છે માટે તેને વ્રત કહ્યું.

આ ઉપરાંત શ્રાવકના બાર વ્રતોનું વર્ણન આવે છે, તેમાં પણ ચાર શિક્ષાવ્રતોમાંનું પ્રથમ શિક્ષાવ્રત તે સામાયિક વ્રત છે. વળી અમુક કાલ મર્યાદા માટે સાવદ્ય યોગના ત્યાગની પ્રતીજ્ઞા હોવાથી તેને નિયમ પણ કહેવાય છે.

**પ્રશ્ન :–** सामाइय वय जुत्तो **માં** मणे **શબ્દ** કેમ કહ્યો ?

करेमि भन्ते માં તો સામાયિકની પ્રતીજ્ઞામાં મન–વચન કાયા ત્રણે જોડી દીધા છે. છતાં અહીં મનોયોગની પ્રધાનતા દર્શાવવા मणे શબ્દ મુકયો. મન–વચન–કાયા ત્રણેનું જોડાણ સામાયિક કર્તા માટે અતિ મહત્ત્વનું છે. છતાં વાણીના મૌન પૂર્વક એક સ્થાને બેઠેલો કાયા સ્થિર કરી શકે છે, પણ સાથે મનનું જોડાણ જરૂરી છે, કેમ કે મન ભાવોનું વહન કરે છે. અને ભાવોનું ક્ષેત્ર અતિ વિશાળ અને અપરિમિત છે. તેમાં પણ ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક જુગુપ્સા વગેરે અપ્રશસ્ત ભાવોને મન ઝીલે નહીં તો તે સામાયિકના નિયમથી યુક્ત ગણવો. પણ શુભ ધ્યાનમાં રહે તો તે ઉત્તમ ગણાય.

સંક્ષેપમાં કહીએ તો સામાયિક વારંવાર કરવાનું કહ્યું તેનું કારણ એ કે (૧) छिन्नइ असुहं कम्मं–અશુભ કર્મો નાશ કરે છે.

(૨) समणो इव सावओ होइ **શ્રાવક શ્રમણના જેવો થાય છે.**

આ બન્ને લાભ સારી રીતે પ્રાપ્ત કરવા માટે સામાયિક પારવાના સૂત્રમાં બત્રીસ દોષોને ટાળવાનું કહ્યું.

બાળકોના એક આદર્શ શિક્ષક થઈ ગયા. ગિજુભાઈ બધેકા. તેઓ એક દિવસ વર્ગમાં શિક્ષણ કાર્ય કરી રહ્યા હતા. દરેક વિદ્યાર્થી હાથમાં પાઠયપુસ્તક લઈ વાંચવામાં તલ્લીન થઇ ગયા હતા. પણ એક વિદ્યાર્થી છેલ્લી હરોળમાં બેઠો હતો તે બાજુના વિદ્યાર્થીના પાઠયપુસ્તકમાં નજર ફેરવી રહ્યો હતો.

ગિજુભાઇ એકદમ ગુસ્સે થઇ ગયા, તે બાળકને ધમકાવીને પૂછયું, કેમ ! તારી પાસે પુસ્તક નથી ? શું હજી ખરીદ્યુ નથી ? બીજાના પુસ્તકમાં શું જોઇ રહ્યો છો ?

પેલો વિદ્યાર્થી તો ગભરાઇ ગયો, એકદમ રડતા રડતા માંડ માંડ એટલું બોલી શકયો કે સાહેબ મારા વાલી પુસ્તક ખરીદી શકે તેમ નથી. અમે ગરીબ છીએ સાહેબ.

ગિજુભાઈને મનમાં એક ડંખ રહી ગયો. અરે! હું આદર્શ શિક્ષક કહેવાવું છું. પણ હજી મારામાં આટલો દોષ છે કે હું વિદ્યાર્થીનો વાલી ન બની શકયો. બીજે દિવસે પેલા વિદ્યાર્થીને બોલાવીને હાથમાં પૈસા મુકયા. ને કહ્યુ "જા તું આજે પાઠય પુસ્તક ખરીદી લેજે."

વિદ્યાર્થી ગળગળો થઇ ગયો, સાહેબ! તમે તો મારા શિક્ષક છો, વાલી થોડાં છો કે હું પૈસા લઉં. ત્યારે ખુદ ગીજુભાઇની આંખો ભીની થઇ ગઈ. ગિજુભાઇ કહે બેટા હું પણ એમ જ માનતો હતો કે હું શિક્ષક છું પણ કાલે મારી દષ્ટિનો દોષ દૂર થયો છે. દરેક શિક્ષકે પણ આ દોષ નિવારી વહેલું મોડું સમજવું પડશે કે તેઓ વાલી પણ છે.

આ રીતે દોષ નિવારણની દષ્ટિ તો તમારે જાતે જ કેળવવી પડશે અમે તો માત્ર તમને સામાયિકના ૩૨ દોષ ગણાવી દઈએ.

**શુભ ગુરુ ચરણે નામી શીશ, સામાયિકના દોષ બત્રીશ**
**એ બત્રીશે દોષ નિવાર, સામાયિક કરજો નરનાર.**

સામાયિક દોષ રહિત થઈ શકે તે માટે દશ મનના, દશ વચનના બાર કાયાના એમ કુલ બત્રીસ દોષ જણાવેલા છે.

० **મનના દોષ :–**

अविवेक जसो कित्तो लाभत्थी गव्वमय नियाणत्थी
संसय रोस अविणओ अबहुमाणए दोसा भाणियव्या

**(૧) અવિવેક દોષ :–** આત્મહિત સિવાયના અન્ય વિચારો કરવા, શરીર જ માત્ર કટાસણા ઉપર હોય અને મન સંસારમાં ફેરા ફરતું હોય તો સામાયિક દુષીત થાય.

**(૨) યશ કિર્તી દોષ :–** સામાયિક કરતાં લોકો મારી વાહ વાહ કરશે, મને ધર્મીષ્ઠ કહેશે, મારી કીર્તિ ગવાશે. એવું વિચારી સામાયિક કરે તો સામાયિક દુષીત થાય. પછી વાહવાહ માંથી હવા-હવા થઇ જાય.

**(૩) લાભ વાંછા દોષ :–** સામાયિક દ્વારા કોઇપણ જાતના ધન કે લાભની ઇચ્છા રાખવી તે.

**(૪) ગર્વ દોષ :–** હું સામાયિક કરું છું માટે બીજા કરતા ચઢીયાતો છું એમ વિચારવું.

(૫) **ભય દોષ** - સામાયિક ન કરું તો બીજા લોકો ટીકા કરશે કે કંઈ બોલશે તો. જેમકે :- જો તો ભાઈએ ઉપધાન કર્યાં તા હવે સામાયિક પણ નથી કરતો એવા ભયથી સામાયિક કરવી.

(૬) **નિદાન દોષ** :- સામાયિકના ફળ તરીકે કોઈ સાંસારિક સુખની ઇચ્છા કરવી તે નિદાન દોષ. આરાધના મોક્ષ માટે જ હોય તેને બદલે આ લોકના ફળની સિદ્ધિ માટે કંઈક નિયાણું કરવું તે નિદાન દોષ.

(૭) **સંશય દોષ** :- સામાયિકનું ફળ મળશે કે કેમ? એમ મનમાં શંકા કરવી તે.

(૮) **રોષ દોષ** :- કોઈ કારણથી ઉત્પન્ન થયેલા રોષમાં સામાયિક કરવા બેસી જવું તે. કેમ કે જે નિમિત્તે રોષ ઉત્પન્ન થયો હોય તે નિમિત્ત ચાલુ રહે અથવા તે નિમિત્ત સામે આવી જાય તો સમભાવ ટકશે નહીં.

(૯) **વિનય દોષ** :- જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તેના ધારક સાધુ પ્રત્યે શ્રદ્ધા કે વિનય વિના સામાયિક કરે.

(૧૦) **અબહુમાન** :- ભક્તિભાવ, ઉમંગ કે બહુમાન સિવાય સામાયિક કરવી. જેમકે ઉપાશ્રયમાં સાધુ બાજુમાં કે સામે જ હોવા છતાં પણ આપ મેળે જ સામાયિક લઈને બેસે, પોતાના જ અલગ સ્થાપનાજી સ્થાપે, વંદનાદિક ઔચિત્ય પણ ન જાળવે વગેરે અબહુમાન.

સામાયિક આવશ્યક કરતો શ્રાવક આ પ્રકારના મનના દોષને ટાળીને સામાયિક કરે તો **શ્રાવક-સાધુ સરીખો થાયે** ઉક્તિ સાર્થક બને.

**૦ વચનના દોષ** :-

कुवयणं सहसाकारे सछंद संखेय कलहं च
विगहा विहासोऽ सुध्धं निश्वेक्खो मुणमुणा दोसादस

(૧) **કુવચન દોષ** :- કડવું, અપ્રિય કે અસત્ય બોલવું.

રાજગૃહી નગરીમાં મહાશતક નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેને તેર પત્નીઓ હતી. તેમાં રેવતી નામે એક અતિ કનીષ્ઠ સ્ત્રી પણ હતી. રેવતી પોતે ૧૨ ગોકુળ અને ૧૨ કરોડ સુવર્ણની માલિક હતી, જ્યારે

બાકીની ૧૨ સ્ત્રીઓ એક-એક ગોકુળ અને ૧ કરોડ સુવર્ણની માલિક હતી.

રેવતી પોતાની સપત્ની પર અત્યંત દ્વેષ ધરાવતી હતી. બધાની સંપત્તિ હડપ કરવા તથા ભોગ વિલાસમાં કોઇ આડે ન આવે માટે તેણે બારે શોકયોને ઝેર દઈને મારી નાખેલી. પછી તેણી દારૂ–માંસ પણ સેવન કરવા લાગી.

મહાશતક શેઠ પોતે અનેક ગોકુળોનો અને કરોડો સુવર્ણનો માલિક હતો. પણ શ્રી વીર પ્રભુની દેશના સાંભળી પ્રતિબોધ પામ્યો. બાર વ્રત અંગીકાર કર્યા અને ૧૪ વર્ષ ધર્મારાધના કરી પછી ઉપાસક પ્રતીમાને વહન કરતા એવા તેને અવધિ જ્ઞાન ઉત્પન્ન થયેલું.

એક વખત મહાશતક શ્રાવક પોતાની પૌષધ શાળામાં હતા. ત્યારે રેવતીને વિષય વાસનાનો ઉદય જાગ્યો. પોતાના કામ જ્વરને તીવ્ર બનાવવા માટે તરતનું જન્મેલું બાળક મંગાવ્યું. તે બાળકને મારી નાખી તેના માંસને સંસ્કારીને માંસ ભક્ષણ કર્યું. તેના ઉપર દારૂ પીધો. પરિણામ એ આવ્યું કે તેની મહાવાસના અગ્નીની જ્વાળાઓ જેવી ભડકી ઉઠી. પછી પોતાના સ્વામી મહાશતક પાસે આવીને વાસના સંતોષવા માગણી કરી. કામ શતક શ્રાવકે તો કંઇ જવાબ ન આપ્યો.

પોતાના પતિની પણ વાસના ભડકે તે માટે પોતાનો કેશપાશ છુટો મુકયો. પછી પોતાના સ્તન, સાથળ, ઉદર, જઘન, દાંત વગેરે અંગ-ઉપાંગોને દર્શાવતી નિર્લજ્જ પણે બને કામ ક્રીડાતુર થઇ માંગણી કરવા લાગી. હે સ્વામી નાથ ! આ પૌષધ છોડીને મારી સાથે કામ-સુખ ભોગવો.

તેની વધતી જતી નિર્લજ્જતા જોઇ કામ શતક શ્રેષ્ઠી બોલ્યા, રે ! પાપીણી દૂર ભાગ અહીંથી. આજથી સાતમે દિવસે મૃત્યુ પામીને પહેલી નારકીમાં ૮૪૦૦૦ વર્ષના આઉખે ઉત્પન્ન થઇશ. આવા કઠોર વચન સાંભળી વિલખી પડેલી એવી રેવતી પોતાના આવાસમાં આવીને સાતમે દિવસે મૃત્યુ પામી.

આ વચન સત્ય હતું, છતાં અતિ કઠોર હતું. પ્રભુએ તેનું પ્રાય-શ્ચિત આપ્યું. સત્ય છતાં આવી કડવી અને કઠોર ભાષાનો ઉપયોગ ન

કરવો. ત્યાર પછી મહાશતક શ્રાવક સ્વર્ગે ગયો ત્યાંથી અનુક્રમે મોક્ષે જશે.

સામાયિકમાં આવું કુવચન બોલવું નહીં.

(૨) **સહસાકાર દોષ** :- વગર વિચાર્યું કે એકાએક બોલ્યા કરવું.

(૩) **સ્વચ્છંદ દોષ** :- શાસ્ત્રની દરકાર વિના બોલવું.

(૪) **સંક્ષેપ દોષ** :- સામાયિક લેતા-પાળતા વિધિના પાઠ ટુંકાવીને બોલવા, સ્પષ્ટ અક્ષર કે ઉચ્ચારો ન કરવા.

(૫) **કલહ દોષ** :- સામાયિક દરમ્યાન કલહકારી વચનો બોલવા, ગાળો ભાંડવી વગેરે.

પૂ. યશોવિજયજી મહારાજ કલહ પાપ સ્થાનકની સજ્ઝાયમાં પણ ફરમાવે છે–

**કલહ તે પાપનું બારમું સ્થાન**
**દુર્ગતિ વનનું મૂળ નિધાન સાજન સાંભળો**
**મોટો રોગ કલહ કામ કાચળો.**

(૬) **વિકથા દોષ** :- સામાયિકમાં સ્ત્રીના રૂપ લાવણ્ય સંબંધિ-ખાનપાન સંબંધિ, લોકાચાર સંબંધિ કે રાજ્યકથાદિ ચાર કથા કરે.

**પૌષધ શાળે ભેગા થઈને ચાર કથા વળી સાંધે**
**કાંઈક પાપ મીટાવણ આવે બાર ગણું વળી બાંધે**

(૭) **હાસ્ય દોષ** :- હસવું અથવા હાંસી કરવી.

(૮) **અશુદ્ધિ દોષ** :- કાનો, માત્રા, મીંડી વગેરે ન્યુનાધિક બોલવા કે હ્રસ્વ-દીર્ઘ થઈ જવું. જોડાક્ષરોને છુટા પાડીને બોલવા.

(૯) **નિરપેક્ષ દોષ** :- નિશ્ચયકારી ભાષા બોલવી. "હું આમ કરી જ દઈશ" વગેરે.

(૧૦) **મુણ મુણ દોષ** :- સામાયિક દરમ્યાન ગણગણ્યા કરવું કે સૂત્રપાઠમાં ગોટા વાળવા.

○ **કાયાના દોષ** :—

कुआसणं चलासणं चला दिट्ठी
सावज्ज किरियाऽऽ लंबणाऽऽकुञ्चण पसारणं
आलस मोऽण मल विमासणं
निद्दा वेयावच्चत्ति बारस काय दोसा

(૧) **અયોગ્ય આસન** :- પગ ઉપર પગ ચઢાવવા વગેરે.

(૨) **અસ્થિર આસન** :- ડગમગતા અથવા જ્યાંથી ઉઠવું પડે તેવા આસને બેસવું.

(૩) **ચલદષ્ટિ** :— સામાયિકમાં ચારે બાજુ નજર ફેરવવી કે ડાફોળીયા મારવા.

(૪) **સાવદ્ય ક્રિયા** :— ઈશારાથી ઘરકામ સંબંધિ વાતો કરવી.

(૫) **આલંબન** :— ભીંત કે થાંભલાને આલરવું.

(૬) **આકુંચન-પ્રસારણ** :— હાથ પગ લાંબા-ટુંકા કરવા.

(૭) **આળસ મરડવી.**

(૮) **મોટન દોષ** :- હાથ પગના ટચાકા ફોડવા.

(૯) **મલ દોષ** :— શરીરનો મેલ ઉતારવો.

(૧૦) **વિમાસણ** :- સામાયિકમાં એદીની માફક પડયા રહેવું.

(૧૧) **નિદ્રા** :— સામાયિકમાં ઉંઘવું.

(૧૨) **વસ્ત્રસંકોચન** :- મુહપત્તી—ધોતી વગેરે વસ્ત્રો સંકોચવા.

આ રીતે મનના દશ દોષ, વચનના દશ દોષ અને કાયાના બાર દોષ એવા બત્રીશ દોષ ટાળવા પૂર્વક સામાયિક કરતો શ્રાવક.—समणो इव सावओ होइ—એ પાઠને ચરિતાર્થ કરવા સમર્થ બની શકે છે.*

સામાયિક દોષ રહિત કરવા અંગે આટલી વિશદ ચર્ચા કર્યા બાદ ફરીથી સામાયિકના જુદાં જુદાં આઠ ભેદમાંના બે ભેદ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન સામાયિકનો અર્થ સમજી લો તો સામાયિક એટલે શું? તે ખ્યાલ આવી જશે.

**પરિજ્ઞા સામાયિક** :- પરિજ્ઞા એટલે તત્ત્વનું જાણપણું આવતા વિષયો પ્રત્યે અણગમો થવો તે. તેમ થતાં ઈન્દ્રિય નિગ્રહ થાય, ઇન્દ્રિય નિગ્રહથી મનો નિગ્રહ થશે, મનોનિગ્રહથી ધ્યાન અને સ્થિરતા પ્રાપ્ત થતાં મોક્ષ થશે.

ઇલાચીકુમારને સામાન્ય નટડી પર મોહ જાગ્યો, લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી, નટ કહે તમે નટકળામાં પ્રવીણ થઈ જાઓ તો કુંવરી મળે. ઈલાચી કુમાર થોડા સમયમાં તો કુશળ નટ બની ગયો.

*(નોંધ : વિક્રમની ૧૯ મી સદીમાં પંડિત વીરવિજયજીએ બનાવેલ ૩૨ દોષની સજ્ઝાયમાં અને આ શ્લોક મુજબના ૩૨ દોષમાં થોડો ફરક છે.)

બેનાતટ નગરના રાજાને પોતાની કલા દેખાડવા માટે વિનંતી કરી, રાજા ખુશ થઈને મોટું દાન આપી દે તો તે દ્રવ્યથી હું નટડી સાથે લગ્ન કરું.

એક પછી એક કુશળ નટકલા ઈલાચીકુમાર દેખાડે છે. પણ રાજાને નટડી જોઈ મોહ જાગ્યો. તેને થયું કે વાંસ પર નાચતો નટ ક્યારે પડે ને નટડી મને જડે. ત્રણ ત્રણ વખત વાંસ પર ચડયો છતાં રાજા દાન દેતો નથી.

**તવ તિંહા મુનિવર પેખીયા ધનધન સાધુ નિરાગ**
**ધિક્‌ધિક્ વિષયા જીવને ઇમ પામ્યો વૈરાગ રે**
**કર્મ ન છુટે રે પ્રાણીયા**

દૂર હવેલીમાં રૂપવાન સ્ત્રી મુનિને વહોરાવી રહી છે. ઈલાચી-કુમાર કહે ધન્ય છે મુનિને કે આ સ્ત્રીમાં મોહાતા નથી. અને હું નટડી માટે મહેનત કરુ છું, ત્યાં ને ત્યાં સંવર ભાવના ભાવતા અંત મુર્હુર્તમાં કેવલજ્ઞાન પામી ગયા.

કેમ ? તત્વ સમજાઇ ગયું માટે—

**પ્રત્યાખ્યાન સામાયિક** :- નિષેધ કરેલી વસ્તુનો ત્યાગ કે તૃષ્ણાનો નિરોધ કરવો તે પ્રત્યાખ્યાન.

તેતલીપુર નગરમાં તેતલીપુત્રને પોટીલા નામે સ્રી હતી. અમુક વખતે સ્રી ઉપર અભાવ થયો. તે સ્રીને સાધ્વીજી મહારાજે ઉપદેશ આપતા દીક્ષાની ઇચ્છા થઇ. મંત્રી કહે જો તું દેવલોકમાં જા તો મને પ્રતિબોધ કરવા આવજે.

પોટીલા દીક્ષા બાદ સુંદર ચારિત્ર પાળીને સ્વર્ગે સંચર્યા. પોટીલ દેવ મંત્રીને પ્રતિબોધ કરવા આવ્યા. મહાકષ્ટે ધર્મનો બોધ આપીને વ્રતધારી શ્રાવક બનાવ્યા. કાળક્રમે તેતલીપુત્ર દીક્ષા ગ્રહણ કરી કેવલ-જ્ઞાન પામી મોક્ષે ગયા.

માત્ર એક પ્રત્યાખ્યાનની પ્રીતિ જાગી તો તે પ્રત્યાખ્યાન સામા-યિક મોક્ષ અપાવનાર બન્યું. તેમ તમે પણ समणो इव सावओ होइ **શ્રાવક સાધુ સરીખો થાયે.** ઉક્તિને સાર્થક બનાવે એવું સામાયિક કરો કે જે સદ્ગતિનું ભાજન બને........

# (૧૮) ચઉવીસત્થઓ—લોગસ્સ

—ભજ સદા ભગવંત

दंसणायार विसोही चउवीसासंथएण किच्चइय
अच्चब्भुअ गुण कित्तण-रुवेण जिणवरिंदाणं

જિનવરના અતિ અદ્‌ભુત ગુણ કિર્તનરૂપ ચતુર્વિંશતિ સ્તવ વડે દર્શનાચારની વિશુદ્ધિ કરાય છે.

શાસ્ત્રમાં પાંચ પ્રકારના આચારો કહ્યા છે. જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ–વીર્ય. તેમાં દર્શાનાચારની વિશુદ્ધિ કરવા માટે ચતુર્વિંશતિ સ્તવને સાધન ભૂત ગણ્યું. શ્રાવકના ૩૬ કર્તવ્યોમાં પણ પાંચમું કર્તવ્ય મુક્યું चउवोसत्थओ. પણ चउवोसत्थओ એટલે શું? ચઉવીસત્થઓ એટલે ચોવીશ જિનની સ્તુતિ. આ આવશ્યકની વિચારણા લોગસ્સ સૂત્ર દ્વારા જ સુંદર રીતે થઇ શકે.

લોગસ્સ સૂત્રમાં પ્રતિજ્ઞા દર્શાવેલ છે. कित्तइस्सं चउवोसं...... ચોવીશને એટલે કે ચોવીશે જિનવરની નામોચ્ચારણ પૂર્વક હું સ્તવના કરીશ.–કિર્તન કરીશ.

જેમ હિંદુ રામાયણમાં પ્રસંગ આવે છે કે લંકામાંથી સીતામાતાને છોડાવવા માટે રાવણ સાથે યુદ્ધ કરવા જઇ રહેલી સેનાએ કેવળ રામના નામે પત્થર મુકીને સમુદ્રમાં વહેતા કર્યા તો પત્થરો તરવા લાગ્યા, પત્થરોનો એક સેતુ બની ગયો અને આખી સેના તેના પરથી પસાર થઇ ગઇ. બસ એ જ રીતે પ્રભુની નામ સ્તવના દર્શનાચાર વિશુદ્ધિ કરાવીને આત્માને ભવ સમુદ્ર પાર કરાવી આપવા સમર્થ છે. માટે શ્રાવકોએ પણ પ્રભુની નામ સ્તવના કરવી.

**પ્રશ્ન** :– લોગસ્સ સૂત્રમાં તો માત્ર कित्तइस्सं શબ્દ કહ્યો છે તેમાં નામોચ્ચારણ તો લખ્યું નથી.

**સમાધાન** :– આવશ્યક સૂત્ર હારિભદ્રીય ટીકામાં જણાવેલ છે. कीर्तयिष्यामि इति स्वनामभिः स्तोष्ये इति अर्थः હું પોત પોતાના નામ વડે યાને નામોચ્ચારણ પૂર્વક સ્તવીશ એવો અર્થ કહ્યો. માટે લોગસ્સ સૂત્ર મારફતે ચોવીશે પ્રભુની નામ સ્તવના કરી છે.

પ્રતીમા શતક શ્લોક બીજાની ટીકામાં પણ જણાવે છે કે "પર-

માત્માનું નામ હૃદયમાં સ્થિર થતાં જ જાણે પરમાત્મા સાક્ષાત્ દેખાતા લાગે, હૃદયમાં પ્રવેશી રહ્યા હોય તેમ લાગે, મધુર આલાપો થતાં હોય તેમ જણાય, સર્વે અંગો વડે પરમાત્મા અનુભવાતા હોય તેમ લાગે, તન્મય તદાકાર પણું જણાય. આવા અનુભવો સર્વ કલ્યાણની સિદ્ધિને આપનારા બને છે."

સકલાર્હત્ સ્તોત્રમાં પણ नामाकृति द्रव्यभावैः શ્લોકમાં જણાવે કે પ્રભુનું નામ પણ ત્રણ જગતના લોકોને સર્વક્ષેત્રમાં અને સર્વકાળમાં પવીત્ર કરે છે. માટે પ્રભુની નામ સ્તવના કરવી જોઈએ.

વળી જિનેશ્વર ભગવંતના નામો ગુણ નિષ્પન્ન છે. તેથી નામ સ્મરણ નામીના ગુણોને યાદ કરાવે છે. આ ગુણોનું સ્મરણ માત્ર દર્શન વિશુદ્ધિ કરાવે છે. માટે ચતુર્વિંશતિ સ્તવમાં નામોચ્ચારણ પૂર્વક પ્રભુની સ્તવના કરવી તેમ કહ્યું.

એક જાપાની સેનાપતિ થઈ ગયો તેનું નામ હતું નોબુનાગા. નોબુનાગાની લડાયક શક્તિ અનન્ય હતી. એક વખત જાપાન પર વિદેશી રાજાનું આક્રમણ થયું. તેમનું સૈન્ય ખૂબ જ વિશાળ અને શસ્ત્ર સજ્જ હતું. તેની સરખામણીમાં જાપાનનું લશ્કર ઘણું નાનું હતું.

જાપાનના રાજાએ નોબુનાગાને બોલાવીને કહ્યું કે આપણે યુદ્ધમાં પહોંચી શકીએ તેમ નથી તો તેમની શરતોને સ્વીકારીને દુશ્મન સાથે સંધિ કરી લઈએ. ત્યારે નોબુનાગા સેનાપતિએ ઉત્તર આપ્યો, "નામદાર" આપની વાત કદાચ બરાબર હશે પણ મને મારા સૈનિકોમાં પૂર્ણ વિશ્વાસ છે. તેઓ ઇશ્વરના નામ સાથે આગળ વધશે તો જરૂર આ આક્રમણને મારી હઠાવશે.

રાજાએ મને-કમને પણ નોબુનાગાની વાતનો સ્વીકાર કર્યો. સૈનિકોમાં પણ જુસ્સો હતો નહીં, છતાં નોબુનાગાએ લશ્કરને કુચ કરાવી દીધી. તેઓને દોરવણી આપતો એક સિંતો મંદિર પાસે પહોંચ્યો. સૈનિકોને કહે તમે અહીં જ ઉભા ઉભા ઈશ્વરના નામનો નાદ કરતા રહેજો હું મંદિરમાં જઇને ભગવાનને પ્રાર્થના કરી તેમના આશીર્વાદ લઈ પાછો ફરીશ. ત્યાર પછી એક સિક્કો ઉછાળશું. જો સિક્કો ચત્તો પડે તો સમજજો કે આપણી અવશ્ય જીત થશે.

થોડીવારે બહાર આવ્યો. સૈનિકોએ ઇશ્વરના નામનો નાદ ચાલુ

રાખ્યો, સિક્કો ઉછાળ્યો સિક્કો ચત્તો પડતાં બધાંમાં જોમ આવી ગયું, પછી તો ઇશ્વર પ્રત્યેની અનન્ય શ્રદ્ધા પૂર્વક યુદ્ધ થયું. અને તેઓ લડાઇ જીતીને પાછા ફર્યા ને સિંતો મંદિરમાં જઈ ને ઇશ્વરનું ખૂબ જ ભજન કર્યું.

રાજાએ નોબુનાગાનું બહુમાન કર્યું ત્યારે નોબુનાગા માત્ર એટલું જ બોલ્યા કે સૈનિકોને ઇશ્વરના નામ માત્રમાં પણ રહેલી શ્રદ્ધાની જીત થઈ છે માટે આ બહુમાન તો સિંતો મંદિરે ચડાવવું એ જ અમારું કર્તવ્ય છે.

આપણે પણ कित्तइस्सं ની પ્રતીજ્ઞા કરી પણ તે પૂર્વે શું લખ્યું ?

लोगस्स उज्जोअगरे धम्म तित्थयरे जिणे अरिहंते— જેમની સ્તવના કરવાની છે તેમની પુરી ઓળખ રજુ કરી દીધી. અરિહંત પરમાત્માની નામ સ્તવના કરવી છે. તેમાં કોઇ ફેરફાર નથી. પણ અરિહંત કેવા ?

લોગસ્સ ઉજ્જોઅગરે—લોકના પ્રકાશ—ઉદ્યોત કરનારા અરિહંત. ઉદ્યોત તો ચંદ્ર-સૂર્ય પણ કરે છે, જ્યારે અરિહંત કેવલજ્ઞાન રૂપ સર્વોત્કૃષ્ટ ભાવ—ઉદ્યોત વડે સમગ્ર જગતને પ્રકાશીત કરવાના સ્વભાવવાળા છે.

વળી धम्मतित्थयरेः— ધર્મરૂપી તીર્થને કરનારા અરિહંત. ધર્મ શબ્દનો અર્થ કરતાં જણાવે કે (**લલીત વિસ્તરા** )

दुर्गति प्रसृताज्जीवान्, यस्माद् धारयते ततः
धत्ते चैतान् शुभे स्थाने तस्माद् धर्मः इति स्मृतः

દુર્ગતિમાં પડતા જીવોને રોકીને શુભસ્થાનમાં
સ્થાપિત કરે તે ધર્મ.

तीर्थ—तिर्यते अनेन જેના વડે તરાય તે તીર્થ—

એટલે કે ધર્મ એ જ તીર્થ છે. તેને કરવાનો સ્વભાવ છે જેનો તેવા धम्मतित्थयर.

આ પદ બોલતાની સાથે જ સમવસરણમાં બિરાજમાન થયેલા અને બાર પર્ષદા મધ્યે દેશના આપી રહેલા પરમાત્માનું સ્મરણ થવું જોઇએ.

યોગશાસ્ત્ર સ્વોપજ્ઞ વિવરણમાં પણ આવો જ અર્થ કરી પરમાત્માની ઓળખ કરાવી છે. " દેવો મનુષ્યો—અસુરો વગેરેની પર્ષદામાં સર્વ જીવોને પોત પોતાની ભાષામાં પરિણમે તેવા પ્રકારની અતિશય

યુક્ત વાણી દ્વારા ધર્મ તીર્થને પ્રવર્તાવનારા અરિહંત.

**તેહને પ્રભુજીની વાણી કે અચિરાના નંદ રે**
**પરિણમે સમજે ભવિ પ્રાણી કે અચિરાના નંદ રે**

જિણે શબ્દ બોલતાં રાગ–દ્વેષ પર વિજય મેળવનારા ભગવંતોનું સ્મરણ થાય છે. આવશ્યક સૂત્રની હારિભદ્રીય ટીકામાં જિન શબ્દની વ્યાખ્યા કરતા શ્રીમદ્ હરિભદ્રસૂરિજીએ લખ્યું:— राग द्वेष कषायेन्द्रिय परिषहोपसर्गाष्टप्रकार कर्म जेतृत्वाज्जिनाः રાગ, દ્વેષ, કષાય, ઇન્દ્રિય, પરિષહ, ઉપસર્ગો અને આઠ પ્રકારના કર્મોને જીતનાર તે જિન કહેવાય.

જેમનું નામ સ્મરણ કરવાનું છે તે અરિહંત પરમાત્માની ઓળખ આપતા કેવા સુંદર ત્રણ શબ્દો મુકયા- लोगस्स उज्जोअगरे પછી धम्म तित्थयरे પછી जिणे.

તેમાં પણ जिन શબ્દનું કેટલું મહત્ત્વ આંકયુ હશે ? પુરા लोगस्स सूत्र માં પાંચ વખત जिन શબ્દનો પ્રયોગ કર્યો છે. જાણે પ્રત્યેક વખતે આપણને યાદ અપાવતો હોય આ શબ્દ કે તમે જેનું નામસ્મરણ કરી રહ્યા છો તે (जिन છે) રાગ દ્વેષને જિતનાર છે આપણે તે નામસ્મરણ થકી जिन બનવાનું છે તે લક્ષ્યની યાદ જાણે અપાવતું ન હોય ?

નામ ઉચ્ચારણ પૂર્વક સ્મરણ કરવામાં ત્રણ વખત जिन શબ્દ પ્રયોજ્યો તે પણ બરાબર સાત-સાત જિનને અંતરે.

(૧) સાતમા– सुपासं जिणं च
(૨) ચૌદમા– म्-अणंतं च जिणं
(૩) એકવીશમા– नमिजिणं च

ચોવીશે જિનના કિર્તનમાં દર્શન-વિશુદ્ધિ કરીને છેલ્લે આ જ વસ્તુ તો પ્રાપ્ત કરવાની છે –"રાગ દ્વેષ પર વિજય અને વીતરાગપણું." બીજી નોંધપાત્ર બાબત એ છે, જૈનેતરો માને છે કે જ્યારે જ્યારે તીર્થને હાની થાય છે ત્યારે પરમાત્મા પુનઃ અવતાર ધારણ કરે છે. એટલે जिन શબ્દ દ્વારા ખાસ સમજવાનું કે રાગાદિ શત્રુને જેણે જીત્યા છે તે કદી તીર્થના રાગથી પાછા અહીં આવતા નથી કે અવતાર ધારણ કરતા નથી. એ વાતનું વારંવાર સ્મરણ કરીને સ્તવના કરવી.

એક વખત ગ્રીસના મહાન ફિલોસોફર પ્લેટોએ સાઈરેકયુસના રાજા ડાયોનિસિયસને સારા શાસન વિશે સમજાવ્યું. રાજાને થયું કે

મારા શાસનમાં આનો અંશ પણ નથી. જો પ્લેટો વધારે જીવતો રહ્યો તો લોકોમાં મારા શાસનની ટીકા કરી કયારેક બળવો કરાવી દેશે.

તેણે પ્લેટોને મોતની સજા ફરમાવી દીધી. પ્રધાને રાજાને સમજાવ્યું કે જો પ્લેટોને ફાંસી થશે તો પ્રજા ઉશ્કેરાઇ જશે. રાજાએ પોતાનો નિર્ણય ફેરવી પ્લેટોને કોઇ ધનાઢયને ત્યાં ગુલામ તરીકે વેંચી દીધો. તે ધનાઢય માણુસ દયાળુ હતો એટલે પ્લેટોને એથેન્સ જવા દીધો.

રાજાને ખૂબ જ પસ્તાવો થતાં તેણે પ્લેટોને પત્ર લખ્યો. મારા દુષ્કૃત્યને મનમાં ન લાવશો. હું તમારી માફી માંગુ છું. પ્લેટોએ તાત્કાલિક જવાબ આપ્યો કે મને તમારા દુષ્કૃત્ય માટે જરા પણ રોષ લાવવાનો કે તે બાબત વિચારવાનો સમય નથી. હું સત્યની ખોજમાં એટલો રત રહું છું કે મને આવી વાતનો અંશ માત્ર પણ ખ્યાલ રહેતો નથી

**બસ આ જ છે जिन શબ્દ દ્વારા કીર્તનનું રહસ્ય.**

સૌથી વધુ વખત આવતો આ શબ્દ સૂચવે છે કે ચોવીશે જિનવરની સ્તવના કરો. મનના પરિણામો આપોઆપ નિર્મલ બનતા જશે. એ રીતે દર્શન શુદ્ધિ થતા છેલ્લે એવી સ્વાભાવિક સ્થિતિ પ્રાપ્ત થશે કે રાગ દ્વેષની ગાંઠ આપો આપ છેદાઈ જશે.

जिणे પછીનો શબ્દ મુકાયો अरिहंते— अरिहंतની વ્યાખ્યા ચૈત્યવંદન મહાભાષ્ય ગાથા ૫૧૧માં નોંધ્યું કે—

अट्ठविहं पाडिहरे जम्हा अरहन्ति तेण अरिहंता

આઠ ( મહા ) પ્રાતિહાર્યને જે યોગ્ય છે તે (જ) અરિહંત કહેવાય. આટલો અર્થ વિચારતા જ આઠ મહા પ્રાતિહાર્યથી સેવાતા પ્રભુની યાદ આપણા હૃદયને ડોલાવી દેશે.

**જિનજી આઠ પ્રાતિહાર્ય શું જગમાં તું જયો રે લોલ**

આઠ પ્રાતિહાર્યો કયા કયા ? (૧) અશોક વૃક્ષ (૨) કુસુમ વૃષ્ટિ (૩) દિવ્ય ધ્વનિ (૪) ચામર (૫) સમવસરણ (૬) ભામંડલ (૭) દેવ દુંદુભિ (૮) છત્ર.

કેટલા સુન્દર શબ્દોમાં પ્રભુજીની સ્તવના કરી છે પદ્મ વિજયજી મહારાજાએ—

**જિનજી ભામંડલ શિર પૂંઠે સૂર્ય પરે તપે રે લોલ**
**જિનજી નિરખી હરખે જેહ તેહના પાતક ખપે રે લોલ**

પ્રભુનું કેવું અપાર રૂપ છે. શ્રી મહાનિશિથ સૂત્રમાં આવે છે કે "તેમના મનોહર દેદીપ્યમાન પગના અંગુઠાના અગ્રભાગનું રૂપ પણ એટલું બધુ હોય છે કે જેમ સૂર્ય પ્રકાશથી સર્વ ગ્રહ–નક્ષત્ર–ચંદ્રની પંક્તિ નિસ્તેજ બની જાય છે. તેમ તેઓના (પ્રભુના) તેજથી સર્વ વિદ્યાધર, દેવ,-દેવી, દેવેન્દ્ર, દાનવેન્દ્ર સહિત દેવગણોના સૌભાગ્ય-કાન્તિ–દીપ્તિ–લાવણ્ય–રૂપ અને શોભાને ઢાંકી દે છે."

**ઇન્દ્ર અનુત્તર સુર ગણધરથી રૂપ અનૂપ જિણંદો**
**રૂપ અનૂપ જિણંદો રે શ્રી નેમિ જિનેસર વંદો**

**પ્રશ્ન** : चउविसंपि પછી केवलि શબ્દ કેમ મુકયો ?

કેવલિ શબ્દ ના અર્થમાં તો સામાન્ય કેવલી, શ્રુત કેવલિ વગેરેનો પણ સમાવેશ થાય છે, પણ અરિહંતના બીજા વિશેષણો સાથે केवलि શબ્દ મુકવાથી માત્ર अरिहंत केवलि જ લેવા. તદુપરાંત યોગશાસ્ત્ર–ધર્મસંગ્રહ વગેરેમાં अरिहंत શબ્દને केवलि શબ્દ સાથે સાંકળતા બધામાં એ જ અર્થ કર્યો કે માત્ર ભાવ અરિહંતને જ ગ્રહણ કરવા.

તમને થશે કે આટલા લાંબા પરિશીલનમાં **ભજ સદા ભગવંત** ની મુખ્ય વાત હજી આવી નહીં, હમણાં તો આ વિષય પૂરો થઇ જશે, તો નામ સ્તવના આવશે કયારે ?

આ લાંબી ભૂમિકા સમજણ પૂર્વક રચેલી છે. ચતુર્વિંશતિ સ્તવમાં ચોવીશ તીર્થંકરની નામ સ્તવના જ છે. પણ તે સ્તવનાનું મહત્વ પૂર્વમાં હૃદયમાં અવધારાઇ જાય, લોગસ્સ સૂત્રના પ્રત્યેક પદો ચોવીશ તીર્થંકરોના નામ સાથે સંકળાયેલા છે તે ચિત્ત ભૂમિ પર છપાઈ જાય, તો "**ભજ સદા ભગવંત**" પંક્તિનું રહસ્ય સમજાઇ જશે.

उसभ मजिअं च ગાથાથી ચોવીશે તીર્થંકરોની નામ સ્તવના શરૂ થાય છે, पासं तह वद्धमाणं च પાસે પૂરી થાય છે. આપ સૌ પણ ચોવીશ તીર્થંકરોના નામ જાણો છો, શ્રાવક માટે ૨૪ નામમાં કંઈ નવું નથી. નાવીન્ય એટલું જ કે તેઓને હૃદયમાં અવધારીને તેઓની સ્તવના કરવાનું.

લોગસ્સ સૂત્ર બરાબર યાદ કરો. તેમાં च કાર નો ઉપયોગ અગીયાર વખત કર્યો છે. ऋषभ मजिअंच–संभवमभिणंदणं च–એ રીતે च કાર દ્વારા પ્રત્યેક પ્રભુના નામ પર કેટલો ભાર મુકયો. હું વંદન કરું છું. કોને ?

ઋષભને અને અજીતને. સંભવને અને અભિનંદનને એ રીતે પ્રત્યેક નામને મહત્ત્વ આપી નામોચ્ચારણ પૂર્વક સ્તવના કરવાની પ્રતીજ્ઞા સાર્થક કરી. સાથે સાથે વંદના કરતા રહેવાનો ભાવ સ્પષ્ટ કરવા પાંચ વખત वन्द ક્રિયાપદનો ઉપયોગ કર્યો. (ત્રણ વખત वन्दे બે વખત वन्दामि) હું વંદન કરું છું.

વારંવાર વંદનનો ભાવ આવવો જ જોઇએ. જો સ્તવના કરતા વંદનનો ભાવ આવે તો જ कित्तइस्सं પ્રતિજ્ઞા સાર્થક બને.

નામોચ્ચારણ કર્યા પછી લખ્યું एवं मए अभिथुआ. (એ રીતે) મેં આપને મારી સન્મુખ સાક્ષાત્ રહેલા કલ્પીને નામ ગ્રહણ પૂર્વક સ્તવ્યા છે. કેમ કે ધ્યેય વસ્તુનું ધ્યાન જ શ્રેષ્ઠ છે. ધ્યેય ધ્યાતા સમક્ષ સાક્ષાત્ સમુપસ્થીત લાગવું જોઇએ.

**ધ્યાયક ધ્યાન ધ્યેય ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે**
**ક્ષીરનીર પરે તુમશું મિલશું, વાચક યશ કહે હેજે હળીશું**

કેવા પ્રભુની નામ સ્તવના કરી છે તે જણાવે છે:—

સર્વ પ્રકારની કર્મ રજ દૂર કરેલા, પ્રકૃષ્ટ રીતે નષ્ટ થયા છે જરા અને મૃત્યુ જેના તેવા ચોવીશે જિનવરો—पसीयन्तु પ્રસાદ વાળા થાઓ. જો કે પ્રભુ રાગ દ્વેષ રહિત છે, તે સ્તુતિથી પ્રસન્ન થતા નથી કે નિન્દાથી દ્વેષવાળા થતા નથી. છતાં ચિંતામણી જેમ પથ્થર હોવા છતાં ફળે છે તેમ પ્રભુ પણ ઇષ્ટ પ્રાપ્તિ સ્તોતવ્ય નિમિત્ત છે. માટે જ લોગસ્સ સૂત્રમાં આગળ કહ્યું कित्तिय वंदिय महिआ—પોતપોતાના નામથી સ્તવાયેલા, મન વચન કાયા વડે વંદાયેલા અને પુષ્પાદિથી પૂજાએલા એવા આ લોકના (उत्तमसिद्धा) પ્રકૃષ્ટ સિદ્ધિને પામેલા એવા (હે) અરિહંતો અમને આપો—શું?—

आरुग्ग बोहि लाभं

ચોવીશે તીર્થંકરોની નામપૂર્વક સ્તવના કરી પણ મેળવવાનું શું? તે વાતનું અનુસંધાન અહીં જોડાયું. અરિહંતો દ્વારા આરોગ્ય અને બોધિનો લાભ થાય.

આરોગ્ય એટલે સિદ્ધત્વ કે મોક્ષ (લલીત વિસ્તરા પૃ. ૪૬ आरोग्यं सिद्धत्वं) તેને માટે बोहिलाभं—ભવાંતરમાં જિનધર્મની પ્રાપ્તિ, બોધિ (દર્શન શુદ્ધિ) અને (આ ભવમાં) ઉત્તમ કે શ્રેષ્ઠ એવી સમાધિને આપો.

નામ સ્તવનાને અંતે પણ એ જ લખ્યું કે સિદ્ધા સિદ્ધિ મમ દિસન્તુ-હે પ્રભો મને સિદ્ધિ-મોક્ષ આપો.

હાદો આયરે પછેડી પને વહેતી નદીને સામે કાંઠે તે દિ' પડછાયો જોયો. આંખો મીટ માંડીને બેઠી તો ગરવું ગોરુ મોં, પાંચ કમળની પાંખડી ભેગી થઈ મોંને પખાળે તેવું રૂપ, સંઘેડા ઉતાર કંચન વરણી કાયા.

બીજી જ પળે હાદો ડાંગર નજર પાછી વાળીને મનમાં બબડયો, અરે જીવ ! કયાં જઈને બેઠો. વાડીમાં કેરીનો ઢગલો છે, રોટલે સુખી છે, સંસારે સાયબી છે. પછી આ શું ચાળા સૂઝયા ?

ત્યાં તો સામા કાંઠાની કોડીલી કન્યાની હાદા માથે મીટ મંડાણી. બાઈ બોલી ઉઠી, વાહરે તારી ગરવાઈ ! તેની આંખોમાં પણ પાતળીયો જુવાન, ઉજળો વાન, નિર્મળ આંખું, મોંમાથે આઠેય પહોરની મીઠપના મંડાણ વસી ગયા.

પાછા વળતા હાદાને પૂછયું ? આહિર લાગો છો ? આટલું સાંભળતા તો હાદાના પગ ધરતીમાં જડાઇ ગયા. જવાબ વાળ્યો છું તો આયર, બાઈ બોલી અમે પણ આયર છીએ.

હાદો કહે કયાં રહેવું ? બાઈ બોલી હવે તો ઢુંકડે જ રે'વું
નામ ? હેમી.

હાદો જોઈ રહ્યો હેમીને. હેમી પણ નીચી નજર ઢાળીને ઉભી છે. હાદો સ્થિર થઇ ગયો, "ઠીક ત્યારે કંઈ કામકાજ પડે તો કહેજો," એટલું બોલતો નજરને સંકેલી હાલ્યો ત્યાં કાનમાં શબ્દો અથડાયા, "હવે તો ભવનું કામ પડશે." બાઇના વેણે તો હાદો હલબલી ઉઠયો.

બાઇ ! બે છોકરાનો બાપ છું. હેમી બોલી જે હો તે મારે મન તો દેવતા છો. હાદો મુંગો મંતર થઇને વાડીમાં વળી નીકળ્યો. ખડ ખડ હસતી હેમી હાલી નેસડામાં.

બપોરે હાદાના ઘરવાળા ભાત લઇને આવ્યા. હાદો કહે ભૂખ નથી. ઘરવાળીએ પૂછયું કેમ શરીરે કંઇ નરવાઇ નથી ? હાદો વીલે મોંએ જવાબ આપે છે સાજો નરવો છું. આયરાણી ત્યાં જ વાત સંકેલીને ઉભી થઈ.

રાત્રે વાડીમાં હાદો પડખાં ઘસી રહ્યો છે. હેમી બેધડક ત્યાં આવીને ઉભી, આયર હવે લાંબુ નહીં સે'વાય હો !

હાદો મુંઝાણો. દેવદુત જેવા દીકરા છે, કોઠીએ જારની કોઈ કમી નથી, ઘરવાળી પણ પંડને પાથરનારી છે. હવે શું કરવું ? હેમીને કહ્યું, હૈયું હાથ રાખ બાઇ !

આયર ! આ તો પરભવની પ્રીત પ્રગટી છે.

ઠીક ! ઘરવાળીનો મોરાગ જાણી લઉં.

બપોરે આયરાણી બોલ્યા આયર ! મારા ગળાના સમ છે તમે ન બોલો તો. આજ હવે પેટ છુટી વાત કરો. આયરે પૂછયું ખમાશે તમથી આયર ? પાંચ વરહ પડછાયો થઇને રહી તો યે ન પારખી.

આ તો પરભવની પ્રીત પાંગરી છે.

આયરાણીએ ધણીને ખવરાવ્યું પછી હાલી ઠેબીને કાંઠે. કરમણ આયરના નેસડે જઈને માંગુ નાખ્યું. કરમણ આયર મુંઝાણો એલી બાઈ ! તારા ધણી સારું માંગું કરવા આવી છો બાપ !

આ તો પરભવની પ્રીત્યું સાચવવા આવી છું. આયર !

એલી પણ તે મલકમાં કયાંય ભાળ્યું હે ? બાપ ! મારા સુખની ચોપાટ માંડું તો સવારથી કેવાઉં. કરમલ કહે બાઈ બોલવું સે'લુસે આયરાણી ઉભા થઈ ગયા, વેણુ ફરું તો આયરના પેટની નહીં. એઉ જીવને મરતલોકમાં ઠાલો ધક્કો થાશે. પછી સગપણ પાકું કરીને પાછી વળી.

પરભવની પ્રીત પાંગરતી જાણી ખુદની પત્નીએ પણ મારગ કરી દીધો અને સગપણ કરાવી આપ્યું. પણ મારી શોકય થશે તેવો વિચાર ન કર્યો. તો ભવોભવની પ્રીત બાંધવા યોગ્ય શિવરમણીને માટે સાચા હૃદયનો તલસાટ જાગે તો સિદ્ધ ભગવંતોની કૃપા થકી આપણું સગપણ કેમ ન થાય ?

અવશ્ય થાય પણ હૃદયમાં તેવી પ્રીત પાંગરે તો ! ! !

માટે જ નામ સ્તવનાના ફલ સ્વરૂપ છેલ્લી પ્રાર્થના લખી સિદ્ધા સિદ્ધિં મમ દિશન્તુ હે સિદ્ધો મને સિદ્ધિ–મોક્ષ આપો. અહીં સિદ્ધનો અર્થ જિનવર જ લેવો. सिद्धा इति जिनानाम् मुक्ति स्थानाम् एव नाम कीर्तनम् એ પાઠ મુજબ મોક્ષમાં રહેલા જિનવરોને જ આ પ્રાર્થના સમજવી.

લોગસ્સ સૂત્ર જેનું બીજું નામ જ ચતુર્વિંશતિ સ્તવ છે, તે ખૂબ જ ભાવમય અને અર્થસભર સૂત્ર છે. એક એક પદ વિચારતા નામ સ્તવના સ્ફૂટ થશે.

ચોવીશે જિનવરની નામ સ્તવના કયાં કયાં કરો છો તે પણ જરા યાદ કરી લો. લોગસ્સ સિવાય જગચિંતામણીમાં બોલો છો. चउवि-संपि जिणवर....सिद्धाणं बुद्धाणं માં પણ પાઠ લખ્યો—चत्तारि अट्ठ दस दोय, વંદિતામાં પણ આવે છે. वंदामि जिण चउवीसं.

આ બધા જ નામ સ્તવનાના દૃષ્ટાંતો છે. **ભજ સદા ભગવંત.**- એ વાતનું સ્મરણ કરી શ્રાવકના ચઉવિસત્થઓ આ કર્તવ્યની સુંદર પરિપાલના કરી સિદ્ધિ પદ પામનારા બનો.

કેમ કે આવા ચતુર્વિંશતિ સ્તવના ફળને પ્રગટ કરતા ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવે કે આ સ્તવથી જીવ સમ્યક્ત્વ શુદ્ધિને પામે છે.

અણુઓગદ્વારમાં પણ લખ્યું કે તીર્થંકરો પ્રધાન રીતે કર્મક્ષયના કારણ ભૂત છે.

નામ સ્તવનાથી બોધિ વિશુદ્ધિ થાય છે.

નામ સ્તવના ભવાંતરમાં પણ બોધિનો લાભ અપાવનાર છે.

માટે પ્રતિદિન ચતુર્વિંશતિ સ્તવ આવશ્યકમાં ઉદ્યમવંત રહી દર્શન વિશુદ્ધિ થકી પરંપરાએ મોક્ષફળ મેળવનારા બનો.

त्वन्नाममंत्रमनिशं मनुजाः स्मरंत
सद्यः स्वयं विगतबन्धभया भवंति

✻ ✻ ✻

# (૧૯) ચઉવીસત્થએ - સકલાર્હત્

— સ્મરણ પરમાત્માનું

आस्तामचिन्त्य महिमा जिन संस्तवस्ते
नामापि पातो भवतो भवतो जगन्ति
तीव्रातपोपहत पान्थ जनान्निदाघे
प्रीणाति पद्म सरसः सरसोऽनिलोपि

હે જિનેશ્વર અચિન્ત્ય મહિમાવાળી તારી સ્તુતિ તો દૂર રહી પણ આપનું નામ પણ સંસારથી (સંસાર ભ્રમણથી) ત્રણ જગતનું રક્ષણ કરે છે. જેમ ઉનાળામાં તીવ્ર તાપથી વ્યાકુળ થયેલાં મુસાફરોને પદ્મ સરોવરનો સરસ પવન પણ આનંદ આપે છે, તેમ (પ્રભુનું નામ સ્મરણ માત્ર પણ ભવભ્રમણથી બચાવનાર થાય છે).

મન્નહ જિણાણં સજ્ઝાયમાં શ્રાવકના ૩૬ કર્તવ્યોને વર્ણવતાં કહ્યું કે छव्व ह आवस्सयम्मी उज्जुत्तो होइ पइदिवसं. પ્રતિદિન છ આવશ્યકમાં ઉદ્યમવંત રહો. તે છ આવશ્યક કયા કયા? સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ........વગેરે.

ચતુર્વિંશતિ સ્તવ શ્રાવકનું પાંચમું કર્તવ્ય બતાવ્યું. તેનો અર્થ છે ચોવીશે જિનવરોની સ્તવના અથવા તો નામ સ્મરણ. સિદ્ધસેન દિવાકર સૂરિજી જેવાએ कल्याण मन्दिर સ્તોત્રની રચના કરતાં આ વાત જણાવી કે હે પ્રભુ તારું નામ સ્મરણ પણ જગતના જીવોનું (भवतः) સંસારથી રક્ષણ કરે છે. માટે ચોવીશે જિનવરના નામોનું સ્મરણ કરવું.

જે રીતે લોગસ્સ સૂત્રમાં ચોવીશે જિનવરના નામ સ્મરણને આશ્રીને તેનું चतुर्विशति સ્તવ નામ પડેલું છે, એ જ રીતે પ્રત્યેક પ્રભુની નામ સ્તવના સુંદર રીતે થઈ હોય તેવું બીજું સ્તોત્ર છે— सकलार्हत् તેનું મૂળ નામ છે चतुर्विशति जिन नमस्कार. કેમ કે તેમાં પણ ૨૪ જિનવરોની નામોચ્ચારણ પૂર્વક અને વિશેષ ગુણ વર્ણન સહ સ્તવના કરેલી છે. પ્રભુના નામ સ્મરણ થકી **પરમાત્મ કીર્તન** કરવા માટે આ અદ્ભુત સ્તોત્ર છે.

**પ્રશ્ન** :– નામ તો માત્ર શબ્દ પુદ્દગલનો સમુહ છે તેનું સ્મરણ આત્માને કઈ રીતે ઉપયોગી થાય ?

**સમાધાન** :– નામ છે તે નામીના ગુણોને યાદ કરાવનાર છે. તેમના ગુણો પ્રત્યે બહુમાન પ્રગટાવનાર છે. માટે તેનું સ્મરણ ઉપયોગી છે.

વળી કોઈકને પ્રેમથી બોલાવો. અને કોઇકને ગાળ આપી જુઓ. એટલે શબ્દ પુદ્દગલની અસર કેટલી છે તે આપો આપ દેખાશે. કદાચ આ વિધાનમાં શંકા લાગે તો દઇ જો જો કોઈકને ગાળ. માટે નામ સ્મરણ એ પણ શબ્દ પુદ્દગલ ન સમજતાં અરિહંતની નામ સ્થાપના સમજીને સ્મરણ કરશો તો અતિ ઉપયોગી થશે.

રાયપસેણીય સૂત્ર–૧૦ માં કહ્યું છે तं महाफलं खलु देवाणुप्पियाणं तहारूवाणं अरहंताणं नाम गोयस्स वि सवणयाए હે દેવાનુપ્રિય તેવા પ્રકારના અહંત્ ભગવંતોના નામ ગોત્રનું શ્રવણ પણ મહાફલદાયી છે.

ભક્ત હરિદાસ પોતે જન્મે તો મુસલમાન હતા. પણ તેને કૃષ્ણ ભક્તિનો નાદ લાગ્યો. ધીમે ધીમે હિંદુ બની ગયા. કૃષ્ણ ભક્તિના ભજન કિર્તનો ભાવપૂર્વક ગાઇને જીવન ધન્ય બનાવે. ભગવાનના નામ સ્મરણ વિના ભક્ત હરિદાસને કશું ચેન પડે નહીં.

એ પુલિયા ગામમાં એક કટ્ટર મુસ્લિમ રહે. તેણે ગામના મુસ્લિમ રાજાને ફરિયાદ કરી કે હરિદાસ કાફર છે તેને સજા કરો.

રાજાએ સૈનિકોને કહી હરિદાસને પકડી મંગાવ્યા. રાજસભામાં હાજર કર્યા. હરિદાસના ઉઘાડા બરડા પર ચાબુક વીંઝાવા લાગ્યા. એક-બે-ત્રણ ચાબુકો ફટકારાતા ગયા ને શરીરમાંથી લોહીની ટસરો ફૂટી. એક બાજુ લોહીની ધાર શરૂ થઈ, જ્યારે બીજી તરફ હરિદાસના મુખમાંથી હરે કૃષ્ણ હરે કૃષ્ણનો નાદ વહેતો થયો. સૈનિકો કહે તું હરિનામ લઇશ ત્યાં સુધી તો ચાબુકો વીંઝાયા જ કરવાના. જો તારે છુટવું હોય તો હરિનામ લેવાનું બંધ કર.

ભક્ત હરિદાસ કહે મારા શ્વાસોશ્વાસમાં હરિનું નામ વણાઈ ગયું છે. હું તમારા ચાબુકોનો માર તો સહન કરી શકીશ પણ હરિનામ લેવાનું મારાથી બંધ થઇ શકશે નહીં.

સૈનિકો તો બમણાં જોરથી ચાબુક વીંઝવા માંડયા. બરડો લોહી-લોહાણ થઈ ગયો. છતાં ભક્ત હરિદાસના મુખમાંથી હરિનામનો

પ્રવાહ તો ચાલુ જ રહ્યો. છેવટે બેભાન બનીને ઢળી પડયા. રાજાને લાગ્યું કે હવે તો આ મરી ગયો છે. સૈનિકોને કહીને તેને નદીમાં ફેંકાવી દીધા.

નદીના શીતળ જળથી તેના ઘા ધોવાતા ગયા. બરડામાં પણ થોડી શાંતિ થવા લાગી ને ભક્ત હરિદાસ ભાનમાં આવ્યા. ગામમાં વાત ફેલાઇ ગઈ ભક્ત તો જીવતા થયા.

રાજાને પશ્ચાતાપ થયો. ભક્ત હરિદાસને બોલાવી માફી માંગી. હરિદાસ કહે ભાઈ તમે તો મારા ઉપર ખૂબ ઉપકાર કર્યો. આ ચાબુકોનો માર તો મારા કોઇ પૂર્વકર્મનું ફળ હશે, પણુ પ્રભુના નામે જે આ કસોટી થઈ તે બહુ સારું થયું. કેમકે આ બહાને સૌને હરિનામની શક્તિનો પ્રભાવ તો જાણુવા મળ્યો.

ચતુર્વિંશતિ સ્તવમાં પ્રભુના નામ સ્મરણુ દ્વારા તમારે જે પ્રાપ્ત કરવાનું છે તે પ્રથમ તો આટલી શ્રદ્ધા ઉત્પન્ન થવી તે છે. નામ સ્મરણુમાં તો પુરતી તાકાત છે જ પણુ તમારી શ્રદ્ધા તો જોઇએ ને ! ! !

ભક્તામર સ્તોત્રમાં માનતુંગ સૂરિજી મહારાજે નામ સ્મરણુનો મહિમા ગાતા સુન્દર શબ્દોની રચના કરી.

आस्तां तव स्तवनमस्त समस्त दोषं
त्वत्संकथाऽपि जगतां दुरितानि हन्ति

તમારી સમસ્ત દોષ રહિત (નિર્મલ) સ્તવના તો દૂર રહી પણુ તમારી કથા–નામ પણુ જગતનાં (લોકોના) દુરિત–પાપને હણે છે. એટલું જ નહીં માત્ર નામના એક જ પદને સંપૂર્ણ રીતે જાણુવામાં આવે તો પણુ આત્મા સ્વયં તિર્થંકર બને છે.

નામ સ્મરણુથી સમ્યગ્ દૃષ્ટિ આત્માની અસ્વસ્થતા દૂર થાય છે. કદાચ તીવ્ર નિકાચીત કર્મના ઉદયે દૂર ન થાય તો પણુ દુઃખમાં ધીરજ રાખવાની વૃત્તિ તો જરૂર પ્રગટે છે.

નામ સ્મરણુ આટલું ગુણુ સંપન્ન અને કલ્યાણુકારી છે, માટે જ તેને ભક્તિનું પ્રધાન અંગ ગણેલ છે. તેમજ ભાગવતી ભક્તિ પરમ આનંદ અને સંપદાઓનું બીજ કહ્યું છે.

**પ્રશ્ન** : એક તીર્થંકરના નામ સ્મરણુથી જેટલો. લાભ છે, તેટલો જ ચોવીશે તીર્થંકરોના નામ સ્મરણુથી છે. તો પછી પૃથક્ પૃથક્ નામ સ્મરણુની આવશ્યકતા શી ?

**સમાધાન** : નિશ્ચયથી આ વાત સત્ય છે અને નમો અરિહંતાણં બોલતા બધાં જ તીર્થંકરોને નમસ્કાર પણ થઇ જાય છે.

છતાં નામ નિક્ષેપ ધારણા અનુસાર પ્રત્યેક પરમાત્માના નામોચ્ચારણ પૂર્વક સ્મરણ કરવાથી જે ઉલ્લાસ કે ભાવના પ્રગટ થાય છે, તે દ્વારા ગાઢ કર્મોની નિર્જરા થાય છે. પણ નામ ગ્રહણ સાથે વાચ્ય વ્યક્તિનું અથવા તેના ગુણોનું સ્વરૂપ માનસપટ પર પ્રગટ થવું જોઇએ, અને નામીની ઉપસ્થિતિ અનુભવાવી જોઇએ.

પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ ટિકામાં પણ આ વાતને સ્પષ્ટ કરતા લખ્યું છે કે નામ સ્મરણનો આ પ્રભાવ ત્યારે જ અનુભવાય કે જ્યારે અર્થના ઉપયોગ અને ગુણાનુરાગ પૂર્વક નામ સ્મરણ થાય. ઉપયોગ કે ભાવ વગર કરાએલ પરમાત્માનું નામ સ્મરણ સફળ તો નથી જતું પણ અભીષ્ટ ફળ પણ નથી આપતું.

એક વખત બુદ્ધ અને તેના શિષ્યો એક નગરમાં આવ્યા. તેમની જાણ થતાં બધાં નગરજનો તેનો ઉપદેશ સાંભળવા આવ્યા. ઉપદેશ પુરો થયા બાદ બધાં નગરમાં પાછા ફર્યા પણ એક નગરજન હજી ત્યાં ને ત્યાંજ બેસી રહ્યો હતો.

બુદ્ધે પૂછ્યું, ભાઇ ! તું કેમ હજી બેઠો છે ? પેલો નગરજન કહે એક પ્રશ્ન છે મારે. જીવન "મુક્તિની સંપ્રાપ્તિ માટે સાધનાનો સારો પ્રકાર કયો ?"

બુદ્ધ કહે તે માટે જીવનમાં નિર્દોષતા આણો, ઔદાર્ય ભાવના કેળવો, સૌ જીવો પ્રત્યે સમભાવ ધારણ કરો, સત્યના ઉપાસક બનો.

સાધક હસવા લાગ્યો. પ્રભો ! આપે આમાં મને નવીન શું કહ્યું ? એક નાનો બાળક પણ આ વાત સારી રીતે જાણે છે.

બુદ્ધ કહે તારી વાત તો સત્ય છે. પણ ઠરેલ અને અનુભવી માણસો પણ તેનું આચરણ કરતાં નથી. જાણવું કે માનવું એ પર્યાપ્ત નથી પણ તે મુજબ આચરણ કરવું જોઇએ.

એટલે જ પ્રભુની સ્તુતિમાં બોલાય છે.

**સુણ્યા હશે પૂજ્યા હશે નીરખ્યા હશે પણ કો' ક્ષણે**
**હે જગત બંધુ ચિત્તમાં ધાર્યા નહીં ભક્તિ પણે**
**જન્મ્યો પ્રભુ તે કારણે દુઃખ પાત્ર આ સંસારમાં**
**આ ભક્તિ પણ ફળતી નથી મુજ ભાવ શુન્યાચારમાં**

ભક્તિપૂર્વક ચિત્તમાં પરમાત્માને ધારણ કરે તો અભીષ્ટ ફળની પ્રાપ્તિ થાય. એટલે પ્રત્યેક તીર્થંકરના નામને સામાન્ય તથા વિશેષાર્થ પૂર્વક જાણવા જોઈએ. તે અર્થો ને અવધારીને તે રીતે પરમાત્માનું સ્મરણ કરતાં અપૂર્વ ઉલ્લાસ પ્રગટે.

ધર્મસંગ્રહમાં ચોવીશે તીર્થંકરના નામને સામાન્યથી અને વિશેષથી જણાવતા લખ્યું કે —

■ ऋषभ એટલે ऋषति-પરમ પદને પ્રાપ્ત કરે તે. वृषभ-वर्षति इत-દુઃખરૂપી અગ્નિથી બળેલા જગતને દેશના રૂપ વાણીથી શાંત કરે તે. સામાન્ય અર્થમાં મરુદેવા માતાએ સ્વપ્નમાં વૃષભ જોયો હતો માટે ઋષભદેવ નામ આપ્યું.

■ अजित-સામાન્ય અર્થ-પ્રભુ જ્યારે માતાના ગર્ભમાં આવ્યા ત્યારે ગર્ભના પ્રભાવથી માતા પાસાની રમતમાં જીતશત્રુ રાજા વડે જીતાયા નહીં માટે અજીતનાથ નામ રાખ્યું. પણ વિશેષાર્થ લખ્યો કે પ્રભુ પરિષહો અને ઉપસર્ગો વડે ન જીતાયા માટે अजित.

■ सम्भव :- જેમની સ્તુતિ કરવાથી शं-સુખ भवति-થાય છે. (સુખ થાય છે. शषा सः ८/१/२६० થી श નો स થઇ संभव બન્યું છે). વળી પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે ધાન્યાદિનો સંભવ થયો માટે સંભવ નાથ નામ પડયું.

■ अभिनन्दन- માતાના ગર્ભમાં આવ્યા ત્યારે પ્રભુને ઇન્દ્રે વારંવાર અભિનંદેલા-સ્તુતિ કરેલી માટે તેઓને અભિનંદન નામ આપ્યું.

■ सुमति- ભગવંત માતાના ગર્ભમાં આવ્યા ત્યારે માતાને વિવાદમાં સુંદર નિશ્ચય કરાવનારી બુદ્ધિ ઉત્પન્ન થઇ માટે સુમતિ નામ રાખ્યું.

એક પુત્રને હાથમાં લઈને બે સ્ત્રી લડતી લડતી રાજાના દરબારમાં આવી. બન્ને સ્ત્રીનો દાવો એવો હતો કે આ મારો જ પુત્ર છે. મેઘ-રાજા નિર્ણય કરી શકતા નથી કે આ પુત્ર ખરેખર કોનો હશે.

ત્યારે ભગવંતની માતાને ગર્ભના પ્રભાવે સુ-મતિ ઉત્પન્ન થઈ. તેણે રાજાને સલાહ આપી કે તમે બાળકના બે સરખા ભાગ કરી બન્ને સ્રીઓને વહેંચી દો એટલે વિવાદ પુરો થઇ જશે. એક સ્રીએ

આ નિર્ણયને સહર્ષ સ્વીકારી લીધો પણ બીજી સ્ત્રી કલ્પાંત કરી ઉઠી નહીં નહીં મારા બાળકને મારી ન નાખશો.

આપો આપ બાળકની સાચી માતા તે જ છે એ નિર્ણય મલી ગયો.

આ રીતે ભગવંતનું નામ સુમતિ રાખ્યું.

એ–જ–રી–તે એક એક પ્રભુના નામનો સામાન્ય તથા વિશેષાર્થ કલિકાલ સર્વજ્ઞ ભગવંત હેમચંદ્રાચાર્યે પણ અભિધાન ચિન્તામણી ગ્રન્થમાં દેવાધિદેવ કાંડમાં નોંધેલ છે. જેમકે વિમલ વિ–વિગતા: ગયો છે મલ જેઓને તેવા–નિર્મળ જ્ઞાનાદિ ગુણોથી યુક્ત હોવાથી તેનું નામ રાખ્યું વિમલનાથ.

ગર્ભના પ્રભાવે માતાની મતિ તથા શરીર બંને વિમલ–મલરહિત બનેલા માટે વિમલ.–

કોઇ એક પ્રાચીન મંદિરમાં બહારના ભાગમાં પતિ–પત્ની સુતા હતા. ત્યાંથી રાત્રિના સમયે એક વ્યંતરી પસાર થઈ. તેની નજર પેલા પુરુષ ઉપર પડતાં પુરુષના શરીર સૌષ્ઠવ અને રૂપમાં મોહ ઉત્પન્ન થયો. તરત જ તેણે બાજુમાં સુતેલી સ્ત્રી જેવું પોતાનું રૂપ વિકુર્વ્યું અને પેલા પુરુષની બાજુમાં સૂઈ ગઈ.

સવાર પડયું ત્યારે સ્ત્રી અને વ્યંતરી બન્નેમાં લડાઇ જામી ગઇ. બન્ને દાવો કરવા લાગી કે આ મારો જ પતિ છે. પેલો પુરુષ તો બંનેના સમાન રૂપ–આકૃતિ જોઇને મુંઝાઇ ગયો કે આમાં મારી ખરે-ખરી પત્ની કોણ હશે ?

રાજસભામાં પહોંચ્યા. કૃતવર્મા રાજા કંપિલપુરની રાજસભામાં ન્યાય આપવા પધાર્યા. પણ વ્યંતરી અને સ્ત્રીમાં એટલું સામ્ય કે ન પૂછો વાત. બેમાંથી સાચી સ્ત્રી કોણ તે નક્કી કરવું અશકય બની ગયું.

તે સમયે વિમલનાથ પ્રભુના માતાજી શ્યામા માતાને આ વાત જાણમાં આવી. માતાએ ગર્ભના પ્રભાવથી ન્યાય આપ્યો કે સાચી સ્ત્રી હશે તે દૂર રહીને પોતાના પતિને સ્પર્શી શકશે. વ્યંતરી પાસે તો રૂપ વિકુર્વવાની શક્તિ હતી તેણે હાથ લાંબો કરી તરત જ પેલા પુરુષનો હાથ પકડી લીધો.

પ્રભુની માતા બોલ્યા કે આ કોઇ બહુરૂપીણી સ્ત્રી છે. ખરેખર સ્ત્રી પેલી છે કેમકે માનવ સ્ત્રીનો હાથ આટલો લાંબો કદી ન થઈ શકે.

■ શાન્તિ :– પ્રભુજી ગર્ભમાં આવ્યા ત્યારે દેશમાં ફેલાયેલો મરકી નો રોગ શાંત થઈ ગયો માટે પ્રભુનું નામ શાન્તિ નાથ થયું.

■ નમિ :– સામાન્યથી પરિસર્ગ ઉપસર્ગને નમાવવા શક્તિમાન હોવાથી તેનું નામ નમિ થયું. વિશેષથી કહેતા જ્યારે પ્રભુ ગર્ભમાં આવ્યા, ત્યારે નગર પર ચડાઈ કરી આવેલા શત્રુઓ નમિ પડેલા માટે તેમનું નામ નમિનાથ રાખ્યું. (नम् ધાતુ + ઉણાદિનો इ પ્રત્યય લાગતા નમિ થયું.)

આ રીતે ચોવીશે પરમાત્માના નામોની અર્થપૂર્વક વિચારણા કરતાં પ્રત્યેકના નામ–સ્મરણુ સાથે આપણી સમક્ષ પ્રભુની એક આકૃતિ સ્પષ્ટ થશે. — આવી જ રીતે જ્યારે सकलार्हत् स्तोत्र બોલો ત્યારે પ્રત્યેક જિનવરને નમસ્કાર કરતા સ્તુતિ બોલતી વખતે તેઓના ગુણોના સંકિર્તન રૂપ વિશેષણો દ્વારા સ્થાપના નિક્ષેપ (જિનબિંબ) પ્રત્યક્ષ થાય તે રીતે બોલવું જોઇએ.

જેમ કે :—

आदिमं पृथिवी नाथ मादिमं निष्परिग्रहम्
आदिमं तीर्थनाथं च ऋषभ स्वामिनं स्तुमः

આદિનાથ પ્રભુની સ્તવના સાથે જ વિશેષણુ મુકયું કે કેવા આદિનાથ પ્રભુ ?

પહેલા પૃથ્વીપતિ, પહેલા નિષ્પરિગ્રહિ – શ્રમણુ, તીર્થના આદિ કર્તા એવા આદિનાથનું અમે (સ્મરણુ કરીએ છીએ.) સ્તવન કરીએ છીએ. એકદમ આ સ્તુતિથી માનસપટ પર શત્રુંજયાધિપતિની છબી સ્પષ્ટ થઈ જશે. તો તે નામોચ્ચારણુ પૂર્વકની સ્તવના માટેની कित्तइस्सं પ્રતીજ્ઞા સાર્થક બની જશે.

भव रोगार्त्त जन्तुनाम-गदङ्कार दर्शनः
निः श्रेयस श्री रमणः श्रेयांस श्रेयसेऽस्तुवः

શ્રેયાંસ પ્રભુનું સ્મરણુ કરવા માટે તેના વિશિષ્ટ ગુણોને વર્ણવતી પ્રથમ પંક્તિનો જ વિચાર કરો. भव रोग–आर्त–जन्तुनाम् ભવ એ જ રોગ છે તેથી ભવરોગ. અને તેવા રોગથી પીડાયેલા પ્રાણીઓને જેમનું દર્શન માત્ર પણ अगदङ्कार એટલે કે વૈદ્યના દર્શન જેવું છે, તેવા શ્રેયાંસનાથ પ્રભુ તમારા કલ્યાણને માટે થાઓ. — જેમ અત્યંત રોગથી પીડાએલા કે પીડાતા પ્રાણીને માંડ કરીને ડોકટરનો યોગ મળે તો માત્ર

ડોકટરને જોતાં જ તેને હાશકારો થાય છે. આનંદીત થયેલો તે વિચારે છે કે હાશ ! ડોકટર આવી ગયા હવે વાંધો નથી. તેમ ભવરોગથી પીડાતા પ્રાણીને પણ શ્રેયાંસ પ્રભુનું દર્શન વૈદ્ય-ડોકટરના દર્શન જેટલું આનંદકારી લાગે છે.

અંધારામાં ગાડું ઉભું રાખી બારોટ બુમો પાડે છે. એલા અહીં કોઈ દરબાર સાંગાજીની ડેલી છે અમે પરદેશી છીએ. કોઈ ખોરડું તો બતાવો. ત્યાં નાનકડાં ઝુંપડાનું બારણું ઉઘડયું ભરવાડ જેવો લાગતો મેલો, ઘેલો, ગંધાતો જુવાન બહાર આવ્યો. કોનું ઘર પૂછો છો બાપ ? અહીં કોઈ સાગાજી દરબારની ડેલી નથી. હું તો સાંગડો ગોડ નામે રાજપુત છું. આ મારો કુબો છે. તમારે જે કામ હોય ઇ બોલો

ભાઈ મારે તો ડેલો હોય કે કુબો, માત્ર એક રાતનો ઉતારો કરવો છે. હું ચારણ છું. હિંગળાજ જવા નીકળો છું. આવો તે, કહેતા સાંગડાએ ગઢવીને ઝુંપડામાં લીધા, બુઢ્ઢી મા પાડોશમાંથી તેલ, ઘી, લોટ, ચોખા ઉછીના લાવીને વાળુ રાંધવા બેઠી. ત્યાં સાંગાને ખબર પડી કે આ તો ઇસરદાન ગઢવી.

કવિરાજ તમારી તો કેં કેં હૈવી વાતું સંભળાય છે. હશે બાપા ! હું તો હરિના ચરણની રજ ગણાઉ. બાકી ગુરુ તો પીતામ્બર જેણે મને રાજભક્તિમાંથી હરિભક્તિમાં વાળ્યો. તેણે જ મને શીખવ્યું કે ચારણ આટલી શક્તિ પ્રભુમાં લગાડો. ચોરાશીના ફેરા ટળી જશે ને પરમ કવિતા રચાઈ જશે. આ રાજા તમને આપી આપીને શું આપવાનો કે દળદર ફીટાડવાનો હતો.

બસ તે દિ' થી હું હરિભજન કરુ છું, બાપ.

સાંગાએ ખભે નાખવાની એક મેલી કામળી પાથરી. ઇસરદાનજી તેના પર બેસાડયા. કવિએ ગરીબની આછી-પાતળી રાબ-છાશ કોઇ રાજની થાળી કરતાં વધુ મીઠાશથી આરોગી. જમીને બોલ્યા ભાઈ ! મારે એક નીમ છે હું વર્ષમાં એક જ વખત હાથ લાંબો કરી દાન લઉ છું. આજે મારે તારી પાસે દાન લેવું છે.

સાંગો કહે ભલે દેવ ! માંગો તમે, મારી પાસે હશે તે બધું આપીશ. ગઢવી બોલ્યા ફક્ત તારી આ કામળી લાવ. હું તેના પર બેસીને ઇશ્વરની પૂજા કરીશ.

ભલે બાપુ. પણ વચન આપો. મારી વિનંતી છે કે હિંગળાજથી પાછા ફરી પધારો. હું આપને માટે એક કામળી કરી રાખીશ. બારોટ વચન આપીને ગયા.

હરિભજન ગાતો સાંગો ઉન કાંતી રહ્યો છે. તકલી ફેરવતા એક જ રટણુ કે મારી કામળી પર બેસીને બારોટજી પૂજા કરશે તો ભેળો હું એ તરી જઇશ.

ચાર મહિને કામળી તૈયાર થઈ. સાંગો રોજ બારોટજીની વાટ જુએ. ચોમાસું આવ્યું પણ કવિ ન આવ્યા. આકાશમાં મેઘાડંબર મંડાયો, મુશળધાર મેહ વરસ્યો. નદી બે કાંઠે પ્રલયકારી કોગળા કરે છે. સાંગો વાંછડા લઇ સાંજ સુધી સામે કાંઠે થંભી રહ્યો. પછી થયું કે મારી મા ઝુરશે ને વાંછડા આઈ થીજી જાહે. ઉતર્યો પાણીમાં, બીજા બધાં વાંછડા તો તરી ગયા પણ સાંગાએ જેનું પૂછડું પકડેલું તે મધ વહેણુમાં લથડયો. સાંગો તણાયો. કાંઠે પોકારો થવા લાગ્યા. પાણીમાં ડુબકા ખાતાં સાંગો એટલું જ બોલ્યો ભાઈ મારી માને કે' જો કવિરાજ આવે ત્યારે કામળી દેવાનું નો ભૂલે. વચ્ચે વચ્ચે સાંગાનું મોં પાણીમાં ગરકાવ થાય ને દેખાય ત્યારે એકજ અવાજ આવ્યા કરે જો જો કામળી ન ભૂલાય. ને બસ નદીના મોજાં તેને દરિયે તાણી ગયા.

થોડા દીવસે કવિ આવ્યા. જમવા બેઠા પણ માની આંખમાં આંસુ જોઇ સમજી ગયા. બોલ્યા મા સાંગો ક્યાં ? નદી તાણી ગઈ બાપુ. મા ઇ નો બને. રજપુતનો દીકરો કંઇ વચને મરે.

બાપુ, આખું ગામ સાક્ષી છે. જાતા જાતા પણ તમને કામળી દેવાનું સંભારતો મર્યો. કવિ જીદે ભરાણા. સાંગાના હાથે જ હું કામળી લઉ.

સાદ કર્યો સાંગા, બાપ સાંગા કામળી દેવા હાલ્ય મારા બાપ. કવિ સાદ ઉપર સાદ કાઢે છે. કવિ ને ગાંડો ધારી ડોશી ઘડીક હસે છે તો ઘડીક રડે છે. ત્યાં નદીમાં પુર આવ્યા. પાણીના લોઢ ઉછળવા લાગ્યા. કવિ કહે સાંગા જલ્દી કર બાપ ! હરિપૂજાનું મોડું થાય છે.

આવું છું દેવ, કરતો વાંછડાનું પૂછડું ઝાલી સાંગો દેખાણો. કવિને કામળી સમર્પીને મોઝામાં ખોવાઇ ગયો.

જોઇસરદાન જેવા એક ભક્ત કવિનું દર્શન સાંગાને ભટકતો જાણી છુટ-

કારો કરાવી શકે તો જે પ્રભુ ભવોભવના સ્વામી છે, ભક્તિનું પરમોચ્ચ કેન્દ્ર છે, તેવા પ્રભુનું દર્શન ભવરોગની પીડા હરે તેમાં નવાઈ શી ?

सुधासोदर वाग्ज्योत्सना निर्मलि कृत दिङ्मुखः
मृगलक्ष्मा तमः शान्त्यै शान्तिनाथ जिनोऽस्तुवः

શાંતિનાથ પ્રભુનું સ્મરણ કરતાં હેમચંદ્રાચાર્યજી લખે કે જેઓની અમૃત તુલ્ય વાણી રૂપ ચંદ્રિકા વડે દિશાઓના મુખને ઉજ્જવલ કરનાર, અને મૃગ-હરણ છે લંછન જેનું, તેવા શાંતિનાથ તમને અજ્ઞાન-રૂપી અંધકારના નિવારણ માટે હો.

શાંતિનાથ પ્રભુ કેવા ? હરણ લંછન યુક્ત નામ સ્મરણ સાથે જ હ્રદય પુલકીત બને, ચિત્ત શાંત બને તો समाहि वर मुत्तमं दिंतु પદ સાર્થક બને.

श्री कुन्थुनाथो भगवान् સ્તુતિ બોલતાં જ અતિશય રૂપ, સમૃદ્ધિ વાળા પ્રભુ, સુર–અસુર તથા મનુષ્યોના એક માત્ર નાથ, મોક્ષ લક્ષ્મીના દાતા આપણી આંખ સામે તરવરી ઉઠે.

यदुवंश समुद्रेन्दु શબ્દ બોલતાં તો અરિષ્ટ નેમિ પ્રભુનું નામ હોઠ પર રમવા માંડે અને ગિરનાર તીર્થ પર સાક્ષાત્ પ્રભુ જાણે કર્મરૂપી વનને બાળીને બીરાજમાન થયા છે તેવો ભાવ પ્રગટી જાય.

कमठे धरणेन्द्रेच સ્તુતિ હજી શરૂ થાય ત્યાં સમભાવમાં લીન પાર્શ્વનાથ પ્રભુ-ધ્યાનસ્થ અને કાયોત્સર્ગ મુદ્રામાં રહેલા પ્રભુનું દર્શન થાય. રાગ દ્વેષની પરિણતી શાંત થવા માંડે તો श्रियेऽस्तु वः પદ તમારે સાર્થક બની જાય.

આ રીતે चतुर्विंशति स्तव આવશ્યકમાં ઉદ્યમવંત રહો. તેનું ફળ જણાવતાં વીર પ્રભુએ કહ્યું હે ગૌતમ ! આ રીતે સ્તુતિરૂપ ભાવ મંગલથી જીવ જ્ઞાન-દર્શન–ચારિત્ર બોધિનો લાભ પ્રાપ્ત કરી કલ્પવિમાને ઉત્પન્ન થવાપૂર્વક મોક્ષે જાય છે. તેમ પરમાત્મ નામ સ્મરણ તમને પણ મોક્ષ પથ પ્રદાયક બનો —

# (૨૦) વંદનનો અર્થ

—વંદનથી મુક્તિ

श्री वीर जगदाधारं वन्दति प्रत्यहं नर :
तेऽर्थवादं वितन्वन्ति विश्वेदशार्णभद्र वत्

જગતના આધાર રૂપ શ્રી વીરપ્રભુને જે પુરુષો હંમેશા વંદે છે. તેઓ દશાર્ણભદ્રની જેમ જગતમાં પોતાનો યશ વિસ્તારે છે.

શ્રાવકના છત્રીશ કર્તવ્યો મન્નહ જિણાણં સજ્ઝાયમાં લખ્યા તેમાં છ કર્તવ્યોને સાંકળતું એક પદ મુક્યું 'छव्वीह आवस्सयम्मी–' उज्जुत्तो होइ पइदिवसं પ્રતિદિન-હંમેશાં છ આવશ્યકમાં ઉદ્યમવંત રહેવું આ છ આવશ્યકમાંનું ત્રીજું આવશ્યક તે વંદન.

**વંદનથી મુક્તિની યાત્રા** માં રાજા દશાર્ણભદ્રને યાદ કર્યા વિના ચાલે નહીં. કેમ કે એક જ વખત ઠાઠથી કરેલું વંદન દશાર્ણભદ્રને તે જ ભવે મોક્ષ અપાવનાર બન્યું.

પણ વંદન એટલે શું? નમવું, અભિવાદન કરવું કે પ્રણિપાત-ક્રિયાને વંદન કહે છે.

ગુરુવંદન ભાષ્યમાં વંદનના ત્રણ ભેદો નોંધી અને વંદનક્રિયાને સ્પષ્ટ કરતી ગાથામાં લખ્યું—

गुरु वंदणमह तिविहं तं फिट्टा छोभ बारसावत्तं
सिर नमणाइसु पढमं पुण्ण खमासमण दुगि बीअं

વંદન ત્રણ પ્રકારે છે.

(૧) ફિટ્ટાવંદન :- બે હાથ જોડી મસ્તક નમાવવા રૂપ જેમાં मत्थएण वंदामि બોલાય છે.

(૨) છોભ વંદન :- બે હાથ, બે ઢીંચણ અને મસ્તક પાંચે અંગો નમાવી વંદન કરવું તે. તેને થોભ વંદન પણ કહેવાય છે.

(૩) દ્વાદશાવર્ત્ત :- વિધિપૂર્વકનું ઉત્કૃષ્ટ કે બૃહદ્વંદન.

જઘન્યથી પણ ફિટ્ટાવંદન કરવું જોઈએ. માર્ગે ચાલતા ગુરુ મહારાજના દર્શન થતા જ બે હાથ જોડાઇ જાય, મસ્તક નમી જાય, અને મુખમાંથી मत्थएण वंदामि શબ્દો નીકળે તો જ તે શ્રાવકપણાના સંસ્કાર ગણાય. તમે પણ માર્ગમાં ગુરુ મહારાજ મલે ત્યારે વંદન,

નમન, અભિવાદન કંઈ કરો છો કે પછી રોડના દર્શન કરતાં નીચી નજરે ભાગવા માંડો છો ?

બ્રીટનની મહારાણી વિકટોરીયાનું વેવીશાળ પ્રિન્સ આલ્બર્ટ સાથે થયું. વિકટોરીયા તો લગ્ન પહેલાં જ મહારાણી બની ગયેલી. આવા મોટા સામ્રાજ્યની રાણીના લગ્નમાં ધામધુમ હોય તે સ્વાભાવિક છે. પ્રિન્સ આલ્બર્ટ જર્મનીથી લંડન આવ્યો. લગ્ન વિધિ શરૂ કરવાની હતી. ત્યાંના રિવાજ મુજબ પ્રત્યેક કન્યાએ લગ્ન પૂર્વે એક પ્રતીજ્ઞા કરવાની હોય છે, કે પોતે પતિની બધી આજ્ઞાનું પાલન પૂર્ણ પણે કરશે.

ધર્મગુરુ થોડા મુંઝાયા. આવા વિશાળ સામ્રાજ્યની મહારાણી જર્મનીના પ્રિન્સને પરણી રહી છે ત્યારે તેને આવા પ્રકારે તમામ આજ્ઞા પાલનની પ્રતીજ્ઞા કઈ રીતે અપાય ? એટલે ખૂબજ ધીમેથી એણે મહારાણી વિકટોરીયાના કાનમાં કહ્યું કે આપણે આ પ્રતીજ્ઞા વિધિ માંથી કાઢી નાખીએ તો કેમ ?

મહારાણીએ પૂછ્યું શા માટે કાઢી નાખવી ? હું કોઇ સંજોગોમાં આવી અનુમતી આપી શકું નહીં. અત્યારે હું બ્રિટનની મહારાણી નથી પણ એક કન્યા છું માત્ર વિકટોરીયા. તમે અત્યારે માત્ર વેવિશાળની વિધિ જ સાચવો અને મને જેવી હોય તેવી પ્રતીજ્ઞા કરાવો.

ધાર્મિક વિધિ પ્રત્યેનું બહુમાન કે નમ્રતા કેટલા ? આપણે ત્યાં કેવી પરિસ્થિતિ છે કે પ્રમુખ મનમાં એમ સમજતો હોય કે ગુરૂ મહારાજે પેલા મને વન્દન કરવું જોઈએ અર્થાત્ મને ગુરુ મહારાજ બોલાવે તો હું હાથ જોડું. કેમ કે હું તો આવડી મોટી સંસ્થાનો પ્રમુખ. રાષ્ટ્રપતિ કે મુખ્ય પ્રધાનને પણ શીખ ધર્મગુરૂ સજા ફરમાવે ત્યારે પોતે રાજ્યના પ્રધાન કે દેશના સર્વોચ્ચ પદને ભૂલીને ધર્મગુરૂની સજા સ્વીકારી બુટ પોલીશ કરી શકે. અને તમે ખોબા જેવડી સંસ્થામાં પ્રમુખ થઇ ગયા એટલે ભૂલી જાઓ છો કે તમે અત્યારે શ્રાવક છો. માટે ગુરુ મહારાજને જોઇને मत्थएण वंदामि બોલતાં જ મસ્તક નમી જવું જોઈએ.

પ્રણિપાત કે ખમાસમણ સૂત્રનો પાઠ યાદ કરો બરાબર. કયા શબ્દો બોલો છો તમે ત્યાં ?

इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए
निसीहिआए मत्थएण वंदामि

એક એક શબ્દને બરાબર સમજી લેજો, માત્ર સૂત્ર પાઠ ન બોલતા. તો વંદનક્રિયા પણ માલુમ પડશે. સૌ પ્રથમ શબ્દ મુકયો इच्छामि.

इच्छामि એટલે શું ? હું ઇચ્છું છું. કોઇના દબાણથી નહીં, શરમ કે સંકોચથી નહીં પણ માત્ર મારી પોતાની અભિલાષાથી ઇચ્છું છું. એટલે કે વંદન સ્વઇચ્છા પૂર્વક કરું છું.

માટે જ બીજો શબ્દ મુકયો— वंदिउं-વંદન કરવાને-વંદન કરવાને ઇચ્છું છું પણ કેવી રીતે ?

जावणिज्जाए – મન વચન કાયાની સર્વશક્તિ ક્રિયામાં જોડીને અને—

निसीहिआए-નૈષેધિકી વડે મન વચન કાયાને અન્ય પ્રવૃત્તિમાંથી રોકી લઈને.

इच्छामि खमासमणो वंदिउं जावणिज्जाए निसीहिआए એટલો પાઠ બોલો એટલે ગુરુ આજ્ઞા આપે –छंदेणं ( તમારી ઈચ્છા મુજબ કરો ) ત્યારે શ્રાવક બોલે मत्थएण वंदामि–મસ્તક વડે (માથું નમાવવા પૂર્વક) હું વંદન કરું છું.

પણ આ વંદન કોને કરવાનું ? ગુરૂને. खमासमणो શબ્દ મુકયો તેને માટે. ક્ષમા–માર્દવ–આર્જવ–શૌચ–સત્ય–સંયમ–તપ–ત્યાગ– આકિંચન્ય અને બ્રહ્મચર્ય તે ક્ષમાદિ દશ પ્રકારનો ધર્મ—

શ્રમણ એટલે સાધુ.

સંક્ષેપમાં આખો પાઠ કહીએ તો હે ક્ષમાભંડાર મુનિરાજ! હિંસાદિ પાપો તરફ જતી મન, વચન, કાયાની સર્વ પ્રવૃત્તિને રોકીને (આપના વંદન માટે જ તે) સર્વ શક્તિનો ઉપયોગ કરીને હું વંદન કરવા ઇચ્છું છું.

મસ્તક (નમાવવા) વડે કરીને હું વંદન કરું છું.

અહીં जावणिज्जाए અને निसीहिआए બન્ને શબ્દોમાં ઘણું જ રહસ્ય ભર્યું છે. સાવ સામાન્ય લાગતો પાઠ, પણ આ બે શબ્દોનું રહસ્ય ઓળખશો તો ઘણો મહત્વપૂર્ણ બની જશે. जावणिज्जाए નો સંસ્કૃત પાઠ यापनियया. ઇન્દ્રિયોના વિકાર અને ચાર પ્રકારના કષાયો યાપનીય છે.

તેથી આખો અર્થ કરતા લખે કે ઇન્દ્રિયોના વિકાર અને કષાયોના ઉપશમન વડે કરીને (હું વંદન કરું છું )

ભગવતી સૂત્રના ૧૮ માં શતકના દશમા ઉદ્દેશામાં પ્રભુ મહાવીર અને સોમીલ બ્રાહ્મણનો વાર્તાલાપ जावणिज्जाए શબ્દની અતિ સુંદર સ્પષ્ટતા કરે છે. સોમિલ ભગવાનને પ્રશ્નો કરે છે અને વીર પરમાત્મા તેનો ઉત્તર આપે છે.

० किं ते भंते जवणिज्जं ભગવન્ યાપનીય શું છે ? सोमिल ! जवणिज्जे दुविहे पन्नत्ते. સોમિલ ! યાપનિય બે પ્રકારે છે.

तं जहा इंदिय जवणिज्जे य नोइंदिय जवणिज्जे य. તે બે પ્રકાર, ઇન્દ્રિય યાપનિય અને નોઇન્દ્રિય યાપનીય એમ બે છે.

से किं तं इंदियं जवणिज्जं । તે ઇન્દ્રિય યાપનીય શું છે ?

सोइन्दिय–चक्खिंदिय—घाणिंदिय—जिब्भिंदिय, फासिंदियाइं निरुवहयाइं वसे वट्टंति ( હે સોમિલ) શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય એ પાંચે ઇન્દ્રિય ઉપઘાત રહિત (હાનિ રહિત) અને પોતાને આધીન વર્તે તે ઇન્દ્રિય યાપનીય કહેવાય.

० से किं ते नोइंदिय जवणिज्जे ( હે ભગવન્ ) તે નોઇન્દ્રિય યાપનીય શું છે ?

नोइंदिय जवणिज्जे जं कोह, माण, माया, लोभा वोच्छिन्ना नो उद्दीरेंसि से ते नोइंदिय जवणिज्जे. ( હે સોમિલ) ક્રોધ, માન, માયા, લોભ એ ચારે કષાયો વ્યુચ્છિન્ન થયેલા (નાશ પામેલા હોય ) ઉદયમાં વર્તતા નથી તેને નોઇન્દ્રિય યાપનીય કહે છે.

આવશ્યક સૂત્રમાં શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મહારાજા પણ એ જ કહે છે કે "ઇન્દ્રિય એટલે કે મનની વિષયો તથા વિકારોથી ઉપઘાત રહિત અવસ્થા એ યાપનીય છે."

અમરેલીના પરગણા એવા લાઠી ગામમાં આજે ઉમંગ સમાતો નથી. પાદરમાં ડાયરો બેઠો છે, કસુંબા ઘુંટાય છે. ઢુંગાના ત્રાસા ફરે છે. ઢોલ ઢબુકે છે. આખો ડાયરો મોજમાં છે. કુંવર દાજીભાના લગ્ન છે. પાદરે બેઠા બેઠો ડાયરો વેલડાંની વાટ જુએ છે.

દાજીભાના આઠેય અંગે યૌવન ડોકાં તાણી રહ્યું છે. મોં માથે રાજવંશી તેજ પથરાયું છે. પીઠી ચોળેલી છે. દશેય આંગળીએ વેઢ પહેર્યા છે, બાજુમાં મખમલ મઢેલા મ્યાનવાળી તલવાર પડી

છે. જુવાનની મીટ મારગ માથે છે. ખાંડા સાથે ત્રણ ફેરા ફરી કુંવરી વાળી બા ચોથે ફેરે જીવતર ઉજાળવા વેલડે બેસીને બાપને ઘેરથી નીકળ્યા છે.

બરાબર સમય સાધીને લાઠીના દરમાં લાખમણકાનો લાખો ચાવડો પચીસ ભેરુબંધ સાથે જાતવાન ઘોડીએ નીકળ્યો છે. લાખાને આજે વેરની આગ બુઝાવવી છે. સીમાડેથી લાઠીનું ધણ વાળી લાખો નીકળ્યો. પાદરમાં ગોવાળીયાએ ખબરું દીધી કે તુરત અગન ગલોલા જેવો દાજીભા ઉભો થયો.

હજી ડાયરો હું હું કરે છે ત્યાં દાજીભાએ ઘોડાની રાંગ વાળી. પડયો દુશ્મનની પાછળ ને વાંહે પચાસ ઘોડાઓ દોડયા. સીમાડે પુગ્યો ત્યાં લાખા ચાવડાની નજર પડી. અરે! આ તો મીંઢોળ બંધા કુંવર હાલ્યા આવે છે. બુમ પાડી લાખાએ કુંવર એક કોર ખસો. મીંઢળ બંધા માથે ઘા ન થાય. "લે આ મીંઢળ" કહી કુંવરે મીંઢળનો દોરો તોડીને ઘા કર્યો.

એકલો દાજીભા ને સામે પચીસનું કટક છે. સામસામા ઝાટકા દેવાણા દાજીભાએ પાંચના માથા વધેરી નાખ્યા. ત્યાં તો કટકમાંથી બરછી ઉડી. જોરાવર ભૂજાવાળા દાજીભાને વેતરીને સોંપટ નીકળી ગઇ. મોતની અદબ જાળવી લાખો ત્યાંથી ભાગી ગયો.

વાલીબાનું વેલડું પુગ્યું. ભરયૌવનના ઉંબરે બેઠેલી, સાગના સોટા જેવી પાતળી કાયા, ઘાટીલા દેહ, સોને મઢેલી, આંખુમાં જોબનનો રંગ છલકી રહ્યો છે. ત્યાં સમાચાર મલ્યા કે ગાયોનું ધણ વાળતા કુંવર કામ આવ્યા. રજપુતાણીના નવાણું લાખ રુંવાડે અગન જયોત્યું પ્રગટી. હુકમ દીધો વેલડું પરબારું દરબારગઢમાં લ્યો.

પણ બા હજી ચોથો ફેરો બાકી છે.

રજપુતાણી એકજ ધણીનું ઓઢણું ઓઢે છે. ચામડાં ચુંથનારા ચમાર નથી આપણે. રજપુત છીએ. ત્યાંજ અલંકારો ઉતારી નાખ્યા. મલીર ધારણ કર્યા. ધણીના મરદાનગી પર જીવતર ઓળઘોળ કરી દીધું. માળા ફેરવતા જીવતર પુરું કર્યું. આંખમાં યૌવનનો રંગ ડોકાવા ન દીધો.

આ બનાવ સંવત ૧૮૪૦ની મહાસુદી દશમે મંગળવારે બન્યો.

પોતાની ઇન્દ્રિયો પર કેટલો કાબુ હશે કે એક મિનિટમાં આંખોના રંગ પલટી નાખ્યો ને વિષયના વિષને કાઢી દીધું.

આવી રીતે મનની વિકારો રહિત અવસ્થા અને ઇન્દ્રિયોની ઉપઘાત રહિત સ્થિતિએ કરીને વંદન કરવું.

जावणिज्जाए પછીના શબ્દ છે निसिहिआए શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મહારાજા આવશ્યક સૂત્રની ટીકામાં निसिहिआए પદનો અર્થ જણાવે છે नैषेधिक्या प्राणातिपात निवृत्तया तन्वा એટલે પ્રાણાતિપાત આદિથી નિવૃત્ત થયેલ તનુ–શરીર વડે (હું વંદન કરું છું.)

વંદન કઇ રીતે કરવાનું તમારે ?

શરીરમાં ઇન્દ્રિયોનો વિકાર ન હોય, મનમાં કષાયોનો ઉપઘાત ન હોય તથા પ્રાણાતિપાત વગેરે પ્રવૃત્તિનો આરંભ નથી જેમાં તેવા નિર્વિકારી અને નિષ્પાપ શરીર વડે સઘળી શક્તિ એ કરીને વંદન કરવું જોઇએ.

આવું વંદન કોણે કર્યું ? દશાર્ણભદ્રે. માત્ર એકજ વંદન ને તે ભવે મોક્ષ પ્રાપ્ત કર્યો.

દશાર્ણ નામક દેશમાં દશાર્ણ નગર હતું અને તે નગરમાં દશાર્ણભદ્ર નામનો રાજા રાજ્ય કરતો. સંધ્યા કાલે સેવકે આવીને કહ્યું કે કાલે શ્રી વીરપ્રભુ આપણા ઉદ્યાનમાં પધારશે. રાજા તે સાંભળતા જ રોમાંચિત થઇ ગયો. બોલ્યો કે વીરપ્રભુને કોઇએ વાંદ્યા ન હોય તેવું વંદન હું કરવા જઇશ.

નગર આખામાં ઢંઢેરો ફેલાવ્યો. જેને જે સાજ શણગાર જોઇએ તે રાજમાંથી લઈ જાઓ પણ પ્રભુને વાંદવાની એવી સજાઇ કરો કે જેવી સજાઈ આજ સુધી કોઇએ ન કરી હોય.

પ્રાતઃકાલે દશાર્ણભદ્ર રાજા નીકળ્યો ત્યારે સાથે સોના રૂપા અને હાથીદાંતની ૫૦૦ પાલખીઓમાં સ્ત્રીઓને બેસાડી, મોટી ઋદ્ધિએ કરીને વીરપ્રભુને વંદનાર્થે ચાલ્યો. તેમાં ૧૮ હજાર હાથી, ૨૪ લાખ ઘોડા, ૨૧ હજાર રથ, ૯૧ કરોડ પાયદળ, ૧–હજાર સુખપાલ, ૧૬ હજાર ધ્વજા એવા મોટા આડંબર પૂર્વક હસ્તી પર આવીને પાંચ પ્રકારે અભીગમ સાચવવા પૂર્વક શ્રી વીર પ્રભુને વંદન કર્યું.

પ્રભુને વંદન કરી હજી બેસે છે. મનમાં મનમાં મલકાઇ રહ્યો છે ત્યારે ઇન્દ્ર મહારાજા અવધિજ્ઞાનથી જોઇને વિચારે—

**જીનવર ભગતિ કરી બહુરાજા, પણ અભિમાને ચડીયો**
**જીનવર ભગતિ કરી કુણ પૂજે, ત્રણ જગ આવે જડીયો**

રાજાએ વંદન તો ઘણાં ભક્તિ ભાવ પૂર્વક કર્યું પણ મનમાં અભિમાન છે તે ખોટું છે. આવશ્યક નિર્યુક્તિની ૧૨૦૦મી ગાથામાં વંદનના આઠ કારણો જણાવ્યા છે.—

पडिक्कमणे सज्झाए काउस्सग्गावराह पाहुणए
आलोअण संवरणे उत्तमठ्ठे अ वंदणयं

આ આઠ કારણો મુખ્યતયા સાધુને આશ્રીને છે છતાં શ્રાવકે જાણવા યોગ્ય છે.

**(૧) પ્રતિક્રમણ માટે:—** પ્રતિક્રમણમાં સવારે તથા સાંજે ચાર ચાર વખત બે-બે વાંદણા દેવાય છે તે પ્રતિક્રમણ અર્થે વંદન.

**(૨) સ્વાધ્યાય માટે:—** (જોગની ક્રિયામાં) એક સજ્ઝાય પરઠવતા, બીજું પવેયણુ કરતાં, ત્રીજું કાળ પ્રતિક્રમણ કરતાં (કાલ પલેવતાં) એ ત્રણેનું મલીને એક વંદન ગણાય છે તે સ્વાધ્યાય અર્થે વંદન.

**(૩) કાઉસ્સગ્ગ માટે:—** યોગોદ્વહનની ક્રિયામાં સામાન્યથી આયંબિલ અને નિવી હોય છે. પણ પાલી પલટતા આયંબિલને બદલે નિવીનું પચ્ચક્ખાણ કરે તે પહેલાનું વંદન.

**(૪) અપરાધ ખામણા માટે:—** ગુરુ પ્રત્યેના અપરાધને ખમાવવા માટે વન્દન કરી ક્ષમાપના કરે તે.

**(૫) પ્રાઘુર્ણક:—** કોઈ અન્ય ક્ષેત્રમાંથી આવેલા સાધુ મોટા હોય અને તે સમાન સમાચારીવાળા હોય તો પ્રથમ ગુરુને પૂછીને વંદન કરે અને જો ભિન્ન સમાચારી વાળા હોય તો પ્રથમ ગુરુને વંદન કરીને પૂછે કે "હું વંદન કરું" જો ગુરુ મહારાજ આદેશ આપે તો પ્રાઘુર્ણકને વંદન કરે.

**(૬) આલોચના વંદન:—** અતિચાર, અનાચારના આલોચનાદિ પ્રાયશ્ચિત અંગીકાર કરવા માટે.

**(૭) પચ્ચક્ખાણ વંદન:—** દિવસ ચરિમં આદિ પચ્ચક્ખાણ અથવા નવકારશીને બદલે પોરસી વગેરે વધુ પચ્ચક્ખાણ કરવા માટે કરાતું વંદન.

**(૮) ઉત્તમાર્થ વંદન:—** અનશન કે સંલેખના અંગીકાર કરવા માટે કરાતું વંદન.

આ રીતે પેલો દશાર્ણભદ્ર રાજા પ્રભુને વંદન કરીને બેઠો છે. ઈન્દ્ર

વિચારે કે રાજાએ વંદન તો ખૂબ સારું કર્યું પણ આ અભિમાન ખોટું છે. જો તે અભિમાન નીકળી જાય તો તેનું વંદન સફળ બને.

ઇમ ચિંતે ઇંદો ઐરાવણ સુર તેડયો
તે હરખ્યો અંજલી જોડી ઉભો નેડો
જીનવંદન જાસ્યું માન ઉતારણ કાજ
ઐરાવણ સરીખા સહસ ચોસઠ ગજરાજ

ઇન્દ્રે ઐરાવણ દેવતાને બોલાવ્યોને કહ્યું કે આપણે પૃથ્વી પર રાજાનું માન ઉતારવા જવાનું છે. તેથી ઐરાવણ હાથી સરીખા ૬૪૦૦૦ હાથી વીકુર્વ્યા. હાથી પણ કેવા ?

ગજરાજ ઇક ઇકને મસ્તક સોહે પાંચસે બાર
મસ્તક મસ્તક આઠ દંતુશળ સોહે અતિહિ સફાર
દંત દંત પ્રતિ આઠ આઠ વાવી, વાવે વાવે આઠ કમળ
કમળે કમળે લાખ પાંખડી, લાખ નાટક તિહાં વિમળ

દરેકે દરેક હાથીને ૫૧૨ મસ્તક, દરેક મસ્તકમાં પણ આઠ આઠ દંતુશળ, પ્રત્યેક દંતુશળે આઠ–આઠ વાવડી અને એકએક વાવમાં આઠ-આઠ કમલ, પ્રત્યેક કમલમાં લાખ પાંખડી અને પાંખડી પાંખડીમાં એક એક નાટક તે પણ સામાન્ય નાટક નહીં પણ બત્રીશબદ્ધ નાટક.

સામાન્ય ગુણાકાર કરી તો જુઓ. ૫૧૨ માથા × ૮ દંતુશળ=૪૦૯૬ × ૮ વાવડી=૩૨૭૬૮ × ૮ કમળ = ૨,૬૨,૧૪૪ × ૧,૦૦,૦૦૦ પાંખડી=૨૬, ૨૧,૪૪,૦૦,૦૦૦ એટલે એકજ હાથી ઉપર ૨૬ અબજ ૨૧ કરોડ ૪૪ લાખ નાટક થતા હતા અને આવા ૬૪૦૦૦ હાથી લઈને ઇન્દ્રએ તૈયારી આરંભી.

ડોડા વિચે એક એક કમલ પ્રતિ પ્રસાદ
અગ્ર મહિષી આઠ આઠ સાથે ઇન્દ્ર ઉલ્હાસ
પ્રતિ કમલે બેઠો ઇંદો આવે જામ
બત્રીશ બદ્ધ નાટક ઝમક શમક હુઓ તામ,

પ્રત્યેક કમલની મધ્યકર્ણિકામાં એકેક ઇન્દ્ર પ્રાસાદ હતો, તેમાં વચ્ચે ઇન્દ્ર તેની આઠ આઠ પટ્ટરાણીઓ સાથે બેઠા હોય તેવી ભવ્ય સમૃદ્ધિ વિકુર્વી વંદન કરવા આવ્યો.

રાજાએ નજર ઉંચી કરી જોયું તો દંગ રહી ગયો. અહો ! આની સમૃદ્ધિ પાસે મારી ઋદ્ધિ તો તૃણ સમાન છે. હવે જો હું અંતરની

સમૃદ્ધિ પ્રગટ કરી દઉં તો જ મારું અભિમાન ટકે અને તો જ મેં પ્રભુને વંદન કર્યું તે પ્રમાણ.

**ઇસ્યુ વિમાનીને અભિમાની રાયે ચારિત્ર લીધું**
**ઇન્દ્ર કહે હવે એ નહીં થાએ તે બોલ્યું તે કીધું**
**મેં જે હોડ કરી તુમ સાથે તે ખમજો ઋષીરાય**
**મુજમાં શકિત છે ઘણી બીજી પણ મુજથી એ નવી થાય**

દશાર્ણભદ્ર રાજાએ ત્યાં જ વીર પ્રભુ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું ત્યારે ઇન્દ્રને થયું કે ખરેખર મેં તમારું અભિમાન ઉતારવા આ બધું વિકુર્વ્યું પણ આ વિરતિ ગ્રહણ કરવાનું મારાથી થઈ શકે તેમ નથી. હું બીજું બધું કરી શકું પણ દીક્ષા ગ્રહણ ન કરી શકું.

પ્રભુને વંદન તો બંનેએ કર્યું. બંનેએ પોતાની ઋદ્ધિ વીકુર્વી પણ દશાર્ણભદ્ર રાજાને **વંદનથી મુકિત**નો માર્ગ ખુલી ગયો ત્યારે ઇન્દ્ર મહારાજા ઋષિરાયને વાંદીને બોલી ઉઠયા.

**ઇન્દ્ર વાંદીને બોલે ધન માનવ અવતાર**
**અભિમાન કરીને નૃપ પામ્યો ભવપાર**

માત્ર વંદનાર્થે આવેલો રાજા દશાર્ણભદ્ર મોક્ષ પામ્યો. માટે પૂર્વના શ્લોકમાં કહ્યું કે જેઓ વંદન કરે છે તેઓ દશાર્ણભદ્રની જેમ પોતાનો યશ વિસ્તારે છે,

શ્રીમાન હરિભદ્રસૂરિજી પણ વંદનાને ધર્મનું મૂળ કહે છે. धर्मं प्रति मूलभूता वन्दना

વંદનથી આઠે કર્મો પાતળા પડે છે.

■ હે ભગવન્ ! વંદનથી જીવને શું પ્રાપ્ત થાય ?

ગૌતમ ! વંદનથી જીવ ગાઢ બંધનવાળા આઠે કર્મ પ્રકૃતિઓને શિથિલ બંધ વાળી કરે છે. ચિરકાળની સ્થિતિવાળા કર્મોને અલ્પકાલની સ્થિતિવાળા કરે છે અને તીવ્ર અનુભાવ વાળાને મંદ અનુભાવ વાળા કરે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીશમાં અધ્યયનમાં પણ કહ્યું કે હે ગૌતમ ! વંદન કરવાથી જીવ નીચ ગોત્ર કર્મને ખપાવનાર થાય છે અને ઉચ્ચ ગોત્ર કર્મને બાંધનાર થાય છે. તેમજ વંદનથી જીવ સૌભાગ્ય અને લોકપ્રિયતા પામે છે.

ગુરુ વંદન ભાષ્યમાં પણ વંદનના મહત્ત્વને વર્ણવતા એક ગાથા રચેલી છે. તેમાં જણાવ્યા અનુસાર વંદનથી જીવને વિનય ગુણ પ્રગટે

છે. વિનયથી અહંકાર નાશ થાય છે. (વળી વંદન કરવાથી) ગુરુજનની પૂજા, તીર્થંકર પરમાત્માની આજ્ઞાનું આરાધન શ્રુતધર્મ આરાધન અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

દશાર્ણભદ્રનું કથાનક પણ આ વાતની સાક્ષી પુરે છે. રાજા પૂર્ણ અભિમાન સાથે જ વંદન કરવા ગયેલો. પણ વંદનનું પ્રત્યક્ષ ફળ જુઓ. રાજાના અહંકારનો નાશ થઈ ગયો અને શ્રુત ધર્મના આરાધન પૂર્વક કર્મની જંજીરો તોડી તે જ ભવે મુક્તિને પામ્યો.

**એ સમો અવર ન કોઇ બુઝયો ઝુઝયો કર્મ સંઘાતે**
**કેવલ પામી મુગતે પહોંચ્યો મંગલિક હુઓ ઇણ વાતે**

વંદનથી મુક્તિની યાત્રા ખૂબ જ સુંદર રીતે થઈ શકે તે માટે જ્ઞાની પુરૂષોએ વંદનનું મહત્વ ખૂબ જ સમજાવેલ છે. પણ સાથે સાથે વંદન કયારે ન થાય તે પણ જણાવી દીધું.

ગુરુ મહારાજા વ્યગ્ર ચિત્ત વાળા હોય, તમારી સન્મુખ ન હોય, તેઓ નિદ્રા વગેરે પ્રમાદમાં હોય, આહાર કે નિહાર કાર્યમાં રોકાયેલા હોય અથવા તો આહાર-નિહાર કરવાની ઈચ્છાવાળા હોય તો આવા-આવા સંજોગોમાં ગુરુ મહારાજને વંદન કરાય નહીં.

આ સંજોગોમાં વંદન આરાધનાને બદલે દોષના ભાગી બનાવે છે. અને એ રીતે વંદન કરવાથી અનુક્રમે ધર્મનો અંતરાય, વંદનનું દુર્લક્ષ, આહારનો અંતરાય કે નિહાર એટલે કે લઘુનીતિ-વડીનીતિનું અનિર્ગમન (અટકાવ) થાય છે.

વિરાધના કે દોષને ટાળીને અને વિવેકપૂર્વક સમયોચિત વંદન દ્વારા શ્રાવકે ત્રીજા આવશ્યકનું પાલન કરવું જોઈએ. શ્રાવકના છત્રીશ કર્તવ્યોમાં છટ્ઠું કર્તવ્ય વંદન જણાવ્યું છે. પ્રતિદિન શ્રાવકે આ અવશ્ય કરણીયમાં ઉદ્યમવંત રહેવું જોઈએ. કેમ કે વંદન એ પરંપરાએ મોક્ષનું દાયક છે.

આ પરિશિલનનું શિર્ષક પણ એટલા માટે જ **વંદનથી મુક્તિ** રાખ્યું. તમે સૌ પણ વંદન થકી નમ્રતા પ્રાપ્ત કરી સિદ્ધિ ગતિ બિરાજમાન થાઓ એ જ અભ્યર્થના.

# (૨૧) વંદન કઈ રીતે?

— ખમાવો ગુરુ રાયને

स्वस्थानोऽपि सद्भावात्, सांबः श्री कृष्णनन्दनः
श्री नेमि वन्दनात् प्राप, फलं मुक्ति फल प्रदम्

શ્રી કૃષ્ણ મહારાજાના પુત્ર સાંબકુમારે પોતાના સ્થાનમાં જ રહીને પણ સદ્‌ભાવ પૂર્વક શ્રી નેમિનાથ પ્રભુને કરેલ વંદનથી મુક્તિ ફળને દેનાર એવા ફળની પ્રાપ્તિ થઈ.

શ્રાવકને છ આવશ્યકમાં પ્રતિદિન ઉદ્યમવંત રહેવાનું કહ્યું. તેમાં છ માં ત્રીજુ આવશ્યક છે "વંદન". મોક્ષને દેનારા એવા આ વંદન આવશ્યકના ત્રણ પ્રકારો શાસ્ત્રકાર જણાવે છે.

(૧) **ફિટ્ટાવંદન** :- બે હાથ જોડી મસ્તક નમાવવા પૂર્વક मत्थएण वंदामि કહેવું. તેને જઘન્ય વંદન પણ કહેવાય છે.

(૨) **થોભ વંદન** :- આને મધ્યમ વંદન કહે છે. તેમાં વર્તમાન પ્રણાલિ અનુસાર પંચાંગી પ્રણામ પૂર્વક બે ખમાસમણ દઈ, ઈચ્છકાર સૂત્ર પૂર્વક સુખ શાતા પૂછી, અબ્ભુટ્ઠીઓ સૂત્ર વડે ખમાવવું.

(૩) **દ્વાદશાવર્ત વંદન** :- જેને બૃહદ્ વંદન કહે છે.

વંદન એટલે વિનય–બહુમાન પૂર્વક નમન કરવું કે અભિવાદન કરવું તે—

તમે પણ વંદન કરો ત્યારે ખમાસમણ દઈ રોજ ઈચ્છકાર બોલો છો ને? તે સૂત્રમાં "સુખસંજમ જાત્રા નિર્વહો છો જી" પાઠ પણ બોલો છો ને? આ સૂત્ર પાઠ પોપટની જેમ ગોખેલો બોલવાનો કે પછી ભાવપૂર્વક બોલવાનો?

સુખ સંયમ યાત્રાની પૃચ્છા કરતો શ્રાવક ગુરુ મહારાજના મુખને જોઈને તેમની ગ્લાની કે વ્યાધિનું માપ કાઢી લે. કારણ કે શ્રાવક હંમેશાં લાભનો અર્થી હોય. ગુરુ મહારાજ તો ધર્મલાભ કહે જ છે. છતાં શ્રાવક તો એક જ વાત વિચારે કે ગુરુ મહારાજની સંયમયાત્રા સુખ પૂર્વક કઈ રીતે વીતે? તે માટે આવશ્યકતા હોય તો ઉપયોગ રાખે.

અરે અન્ન, વસ્ત્ર, પાત્ર વગેરે વહોરાવવામાં પણ શ્રાવકનો ભાવ

તો એ જ હોય કે ગુરુદેવની નિર્મલ અને નિર્દોષ ભક્તિ કરતાં હું પણ ક્યારે સાધુ વેશને પામુ ? ક્યારે ઘર છોડીને અણગાર બનું હું ?

**કુંકુમના છાંટણા અને કંકુના સાથીયા**
**સફેદ ઓઘો મલે ક્યારે, માંગુ છું હું એટલું**
**કાષ્ઠના પાતરાને કરમાં ગ્રહણ કરી**
**ઘેર ઘેર ગોચરી ફરું ક્યારે, માંગુ છું એટલું**

મધરાત હતી, બારે મેઘ ખાંગા બની તુટી પડયા હતા. જગતને જાણે બોળી દેશે તેવા પાણી ઘેરી વળ્યા. આવા જળબંબાકારમાં સમજદાર ઘોડો ડુંગરાળ જમીન પર ડાબલા ઠેરવતો ઠેરવતો જાય છે. પોતાને ગળે બાઝેલો અસવાર જરાય ન જોખમાય તે રીતે ડાબા માંડે છે. વીજળીના ઝબકારમાં વર્તાતા એક નેસડા પાસેની એક ઝુંપડાની ઓસરીએ ઘોડો આવીને ઉભો. ગળાની હાવડ દીધી. અંદરથી કામળી ઓઢેલી સ્ત્રી બહાર નીકળી.

કોણ ? ઘોડાએ ફરી ધીમી હાવડ દીધી. પણ અસવારનો અવાજ આવતો નથી. નેસડાની નિર્ભય નારીએ બહાર આવીને જોયું તો અસવાર ટાઢો હીમ થઈને ઢળી પડયો છે. ઘોડાની ડોકે અસવારની મડાગાંઠ છે. વીજળીના ઝબકારમાં અસવાર બરાબર દેખાયો. બાઈએ જગદંબાનું નામ લઈને ખેંચી લીધો ઝુંપડામાં.

અસવારને ખાટલે સુવાડી ઘોડાને બાંધ્યો ઓસરીએ. અસવારને હૈયે હાથ મુકયો. જીવે તો છે. દેવતા કર્યો. ગોટા ધગાવી પહોર સુધી શેકયો પણ શરીરમાં સળવળાટ ન થયો. ઊંડા ઊંડા ધબકાર ચાલુ છે. બાઈ મુંઝાણી. પહાડી ન્યાયનું ઓસાણુ ચડયું. થયું કે આ મળ મૂતરની ભરેલી કુડી કાયા શું કામની ? આ તો મડું છે.

ઈશ્વર સાક્ષીએ જુવાન ચારણીએ પોતાનું શરીર ઠરેલ ખોળીયા પડખે લંબાવ્યું. કામળીની સોળ તાણી હુંફાળી ગોદમાં પુરુષના શરીરને ગરમાવો આપે છે. ધીરે ધીરે ધબકારા વધ્યા, અંગ ઉના થયાં કે તરત સ્ત્રીએ લુગડાં સંભાળ્યા. પુરૂષને મોઢે ટોયલીથી ભરી ભરીને દુધ પાયું. પ્રભાતે પુરુષ બેઠો થયો.

હું કયાં છું ? તમે કોણ છો બેન ?

બાપ બીશમાં, તું તારી ધરમની બોનને ઘેર છો. પણ તું કોણ છે ભા ? પેલા પુરુષે ઉત્તર વાળ્યો હું એભલવાળો.

તું દેવ રાજા એભલ ? હા બેન, પણ હું દેવ નથી આઇ. સાત વર્ષે આજ માંડ મે વાળી શક્યો છું, તળાજામાં સાત દુકાળ થયા આભમાં ઘટાટોપ વાદળ પણ એકે ફોરું ન પડે. તેમાં કાળિયાર લીલાડું ચરે. તે જ્યાં હાલે ત્યાં લીલા તરણીની કેડી ઉગતી આવે ને તેના શીંગડામાંથી પાણીની અખંડ ધાર થાય. કૌતુક ભાળી તપાસ કરી. જંગલમાં કાળીયારનો કેડો લીધો શિંગડું ખોલાવ્યું ત્યાં મેઘ તુટી પડયો. હું રસ્તો ભૂલ્યો-થીજી ગયો પછી શું થયું તે ખબર નથી.

તારું નામ ? સાંઇ નેહડી પેલી સ્ત્રીએ જવાબ આપ્યો. ચારણ કામવશાત્ માળવે ગયો છે. સાત વર્ષ વીજોગના વીત્યા છે હવે તો ભેંસુ હાંકી આવતો હશે. તારી વાત સાંભળી ભારે હરખ થાશે વીરા. ત્યારે એભલવાળો એટલું જ બોલ્યો બેન ! આજ તો શું આપું ? પણ કોકદી વીરપહલી લેવા તળાજે આવજે.

પરદેશથી પાછા ફરેલા ચારણને ઉમળકાભેર એભલવાળાની વાત સંભળાવી. ચારણને પારકા માણુસ પર ઢલવાતા ઉભરા ઠીક ન લાગ્યા. એમાં વળી પડોશીએ કુંક ભરીને ચારણને વિષ રેડાયું ને ચારણી પર ટાણે-કટાણે ખીજાવા લાગ્યો.

ચારણી બોલતી નથી. પણ એક વખત તેના હાથમાંથી વાછડું છુટયું ને ચારણ ગાય દોતા'તા ત્યાં પહોંચી ગયું. ચારણનો મિજાજ ફાટયો. કોને સંભારી રહી છે કે દોરડું ઝલાતું નથી.

ચારણની વાણીમાં કારમો ફટાકો બોલ્યો. હાથમાં અંજલી લઇને સૂરજ સામે જોતાં બોલી, જો હું પવિતર હોઉં તો ખાતરી દેજો ડાડા. ચારણ પર અંજલી છાંટીને સમ-સમ-સમ અંગારા ઉઠયા. ચારણના શરીરે ભંભોલા પડયા, પરૂ ટપકવા માંડયા. થોડા દી'માં શરીર આખું સડી ગયું. આખરે એક કંડીયામાં રૂના પોલ કરી ચારણને સંતાડી સાઇ નેહડી ચાલી નીકળી.

એભલવાળાએ બેનને ઓળખી. આદર સત્કારમાં કમીના ન રાખી પણ ઓરડામાં થતી ઝીણી ઝીણી વાતો સાંભળી શંકા પડતા બેનને એકાંતમાં બોલાવી પૂછયું. બેને સડી ગયેલું ચારણનું શરીર દેખાડયું.

એભલવાળો કહે કોઇ ઉપાય છે આનો ? ઉપાય એક જ છે ભા. કોઈ બત્રીશ લક્ષણાંનો ભોગ આપી તેના લોહીથી ચારણ નહાય તો

બેઠો થાય. બત્રીશ લક્ષણો તો એક તું અને બીજો તારો દીકરો છે મારા વીરા.

એભલવાળો રાજી થઇ ગયો. બેન મારા એવા ભાગ ક્યાંથી કે મારું લોહી આપીને તારો ચુડલો અખંડ રાખું. કુંવરને ખબર પડી. પુણ્ય માગ્યું ને બાપે સગે હાથે તલવાર ચલાવી. પુત્રનું માથું વધેર્યું. લોહીથી ચારણને સ્નાન કરાવ્યું. અને એભલવાળાએ પ્રાણ સાટે પ્રાણ આપી કરજ ચુકવ્યું.

ગુરુ મહારાજ પણ મોક્ષ માર્ગ દેખાડે. પોતે તરે અને તમને પણ તારવાવાળા થાય. અરે કેટલા પરિષહો–ઉપસર્ગો સહન કરીને પણ સિદ્ધિ–મોક્ષ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે. અને એક પણ જીવ આ રીતે મોક્ષમાં જાય ત્યારે આપણને નિગોદમાંથી છોડાવતો જાય અને અનંતા દુઃખમાંથી છુટકારો કરાવે.

વિચારવું જોઇએ કે બહુ ભોગવ્યું આ જીવે. હવે હું પણ ક્યારે એ ગુરુભગવંતોનું–સિદ્ધ થયેલા આત્માનું ઋણ ફેડું. જેમ એભલ-વાળાએ લોહી છાંટીને ચારણીનું ઋણ ફેડ્યું. તેમ હું પણ ક્યારે અણ-ગાર બની ઉપસર્ગો–પરિષહોને સહી સિદ્ધ પદ માટે પ્રયત્ન કરું કે જેથી હું જે રીતે નિગોદના અનંતા દુઃખમાંથી મુક્ત થયો તે રીતે બીજો એક જીવ પણ છુટે. એક જ મનોરથ હોય કે **સફેદ ઓઘો મલે ક્યારે, માંગુ છું હું એટલું.**

તમારી વાત ન્યારી છે. તમે કહેશો કે હું ઘર છોડીને બેઘર બનું તે કબુલ, અરે છોકરો કોઇને ઉપાડીને ચાલ્યો જાય તો વાંધો નહીં પણ ગુરુ મહારાજ પાસે તો માત્ર બે હાથ જોડવાના.

એક શ્રાવક રોજ વંદનાર્થે આવે તેને એક છોકરો અને છ છોકરી. શ્રાવકને કહ્યું અમારે કોઇ સ્વાર્થ નથી. છોકરો તમારી પાસે રાખી મુકો પણ આ છોકરીને તો દીક્ષા આપો. આમેય તમારે વળાવવાની તો છે જ. તો શું જવાબ મલ્યો ? સાહેબ એના ભાવ હોય તો અમે ક્યાં ના કહીએ છીએ ? હું પૂછું કે નિશાળે દાખલ કરો ત્યારે પૂછો છો ને કે તારો ભાવ શું છે ? અરે પાંચ વર્ષેય ગુજરાતી બોલવાના ફાંફાં હોય તો પણ શું કહેશો આપણી બેબીને તો ઇંગ્લીશ સ્કૂલમાં જ ભણાવવાની. પણ પૂછો છો ને બેબીને કે તારો ભાવ શું છે ?

શ્રાવક તો સદા ચારિત્રના પરીણામ વાળો જ હોય. ગુરુ મહા-

રાજની સુખ શાતા પૃચ્છા પણ વેશના બહુમાન પૂર્વક જ કરે.

**ઇચ્છકાર**–હે ભગવન્ આપની ઇચ્છા હોય તો પૂછું. સુહરાઈ સુહ દેવસી આપની રાત્રી કે દિવસ સુખ પૂર્વક પસાર થયો ? સુખતપ તપ સુખે કરીને થયો ? शरोर નિઃાबाध શરીર તો પીડા રહીત છે ને ? પછી પુછે सुख संजम यात्रा निर्वहोछोजी આપ સંયમ યાત્રાનો નિર્વાહ તો સુખપૂર્વક કરી શકો છો ને ? પછી ભાત–પાણીનો લાભ દેજોજી એમ કહે.

ભાતનો મૂળ પ્રાકૃત શબ્દ भत्तं છે. भत्तं એટલે રાંધેલુ અનાજ.

કેટલી સરસ રચના કરી છે સૂત્રની. સુંદર સંબોધન- જો આપની ઇચ્છા હોય તો પૂછું. પૂછવાનું પણ શું ? વ્યતીત થયેલા રાત્રી-દિવસ સુખપૂર્વક પસાર થયો ? જો સુખપૂર્વક પસાર ન થયો હોય તો શ્રાવકે સમજીને ભૌતિકાદિ સુવીધા કરવી જોઈએ.

બીજો પ્રશ્ન–**સુખતપ**–સંજોગો અનુકૂળ હોય તો તપ સુખ-પૂર્વક થયોને—

ત્રીજો પ્રશ્નઃ- **શરીર બાધા રહિત છે.** "જો બાધા રહિત ન હોય તો"–શ્રાદ્ધ વિધિ પ્રકરણ–દિનકૃત્ય પ્રકાશમાં જણાવે કે જો ગુરુ મહારાજને કંઇ વ્યાધિ હોયતો ઔષધાદિનું પ્રયોજન નથીને ? આહાર વિષયક પથ્યાદિની જરૂર તો નથીને ? તે પૂછે–વિચારે અને વ્યવસ્થા કરે.

સૌથી મહત્ત્વનો પ્રશ્નઃ— **સુખ સંયમ યાત્રા નિર્વહોછોજી** રોજ આ પ્રશ્ન દ્વારા બે વસ્તુ સૂચવે છે

(૧) હું આપની સંયમ યાત્રા સુખે કરીને વહી શકાય તે માટે શું લાભ લઈ શકું તેમ છું.

(૨) ગુરુ મહારાજને પણ ધ્યેયમાં નિશ્ચલતા રહે કે મારે સંયમ યાત્રા જ કરવાની છે. આ બંને અર્થનું ગ્રહણ ચોમાસામાં કુટી નીક-ળેલા અળસીયા જેવા અને વાતમાં વાતમાં ઓઘો ખેંચવાની બુમો પાડનારે ખાસ કરવા જેવું છે.

છેલ્લે કહે **ભાતપાણીનો લાભ દેજોજી**. શ્રીમાન રત્નશેખર સૂરિજી શ્રાદ્ધ દિનકૃત્યમાં જણાવેકે ગુરુ મહારાજ પધારે કે ન પધારે પણ શ્રાવકે જિરણુ શેઠની માફક રોજ ભાવના ભાવતા કહેવું જોઇએ આપશ્રીને

અશન–પાનાદિ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોછનક (રજોહરણ) આદિ કંઈક સ્વીકારવા વડે મને અનુગ્રહીત કરો.

હવે મનમાં જ નક્કી કરી લેજો કે રોજ વંદન કરતી વેળા આવી ભાવના આવે છે? આવું વંદન કરો તો સાધુ મહારાજને પણ ચારીત્રના પરિણામોમાં કેવી સ્થિરતા આપે! તમને પણ થાય કે પાપનો ઉદય છે કે હું દીક્ષા લઈ શકતો નથી. ધન્ય છે આ અણગારને જેણે બધું છોડયું છે. તો તેમને પરિણામોમાં વધુ નિર્મલતા આવે તેવું કરું. જેથી તેમની યાત્રા સુખરૂપ બને મને પણ વેશ પ્રાપ્ત ઉદયમાં આવે.

સાપેક્ષવાદના જનક અને વિશ્વવિખ્યાત નોબેલ પુરસ્કાર વિજેતા મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનના એક પરમ મીત્ર જેમનું નામ હતું ગોદોવસ્કી. તે મોટા સંગીતજ્ઞ અને ન્યુયોર્કના વસાહતી હતા. એક વખત આઈન્સ્ટાઈન તેને મળવા ન્યુયોર્ક ગયા. વિદાય વેળા ગોદોવસ્કીએ કહ્યું કે મારો એક નાઈ તમને મળવા ઉત્સુક છે. આપ જેવા મહાન વૈજ્ઞાનિકના દર્શનથી કૃતાર્થ થવા માંગે છે. આઈન્સ્ટાઈન કહે અત્યારે તો સમય નથી. મને તેનું સરનામું આપો તો બીજી કોઈવાર જરૂર મળીશ.

ગોદોવસ્કીએ આપેલ સરનામું સંભાળપૂર્વક ખીસામાં મુકી વિદાય થયા. ઘણાં વર્ષો બાદ ગોદોવસ્કીના નીધન સમયે આઈન્સ્ટાઈન ન્યુયોર્ક ગયા. ત્યારે પેલા નાઈની દુકાને ગયા. ત્યારે તે દુકાનદારનો કંઠ રુંધાવા લાગ્યો. આવો મહાન વૈજ્ઞાનિક અને તેણે આટલો સમય યાદ રાખ્યું. કેવી નિરાભિમાન દશા અને નમ્રતા હશે તે વૈજ્ઞાનિકની?

વંદનમાં પ્રાણભૂત તત્ત્વ છે નમ્રતા. વંદન એટલે જ નમવું, નમ્રતા વિના વંદન નિરર્થક બને. થોભવંદનમાં તમે પણ **અબ્ભુટ્ઠિઓ સૂત્ર** બોલો છો ને? અબ્ભુટ્ઠિઓ એટલે अभ्युत्थित: ઉભો થયો છું. શેને માટે? खामेउं એટલે क्षमयितुम् ક્ષમા માગવાને માટે. **ગુરુરાજને ખમાવવા માટે,** પણ ક્ષમાનો ભાવ કયારે આવે? નમ્રતા અને સરલતા હોય તો. નહીંતો ખમાવવાનું કાર્ય પણ કુંભારના મિચ્છામિ દુક્કડમ્ જેવું થાય માટે અહીં નમ્રતાને મહત્ત્વ આપ્યું.

**ખમાવો ગુરુરાયને** કહી તો દીધું પણ ક્ષમા શેની માંગવાની તે ખ્યાલ છે? કે પછી પઢારે પોપટ રાજા રામના—

अब्भिंतर– રાત્રિ કે દિવસ દરમ્યાનના (અતિચારને)

जंकिंचि– આ શબ્દ બે વખત વાપર્યો છે સૂત્રમાં
(૧) जंकिंचि– જે કાંઇ અપ્રીતિ કારક, વિશેષ અપ્રીતિકર
परपत्तिअं શબ્દના બે અર્થ કર્યા છે યોગશાસ્ત્રની સ્વોપજ્ઞ વૃત્તિમાં
(૧) प्रकृष्टम् (૨) परहेतुकं પ્રકૃષ્ટ કે બીજા નિમિત્તે થયેલી અપ્રીતિ
નિમિત્તો કયા કયા? ભોજન સંબંધે, વિનય—વૈયાવચ્ચમાં-ઔષધ કે ઉપયોગી વસ્તુના દાન સંબંધે, आलावे-બોલાવવામાં, संलावे- વાત ચિતમાં, ગુરૂ કરતા ઊંચા આસને બેસવાથી, સમાન આસને બેસવાથી, વચ્ચે બોલવાથી, વાત ચાલતી હોય ત્યારે વિશેષ બોલવું કે ટીકા કરવાથી એ બધી બાબતોમાં—

(૨) जंकिंचि – મારું જે કાંઈ વિનય રહિત યાને ભક્તિ રહિત, સુક્ષ્મ કે બાદર–નાનું મોટું (અનુચિત વર્તન થયું હોય) કે જે તમે જાણતા હો અને હું જાણતો ન હોઉં. તે સંબંધિ મારું દુષ્કૃત મિથ્યા થાઓ.

**ગુરૂ મહારાજને ખમાવવામાં** તમારે આટલી બાબતો ધ્યાનમાં રાખવાની છે. થોભવંદન કરતા ત્રણ વસ્તુનો સમાવેશ થાય. (૧) વંદના– इच्छामि खमासमणो પાઠથી (૨) સુખશાતા પૃચ્છા– इच्छकार સૂત્ર વડે (૩) અપરાધની ક્ષમાપના – अब्भुट्ठिओथी.

આ રીતે વંદન કરવાથી જ્ઞાનાચારની વિશુદ્ધિ થાય છે. વિનય ગુણ પ્રગટે છે, તાત્કાલિક ફળ તો શ્રુતધર્મની પ્રાપ્તિ છે જ પણ પરંપરાએ નિર્વાણ મોક્ષ ફળ મળે છે.

પ્રારંભિક શ્લોકમાં જણાવ્યું કે કૃષ્ણના પુત્ર શાંબે પોતાના સ્થાને રહીને પણ કરેલું ભાવવંદન મુક્તિફળના ફળને દેનારું થયું.

દ્વારિકા નગરીમાં કૃષ્ણ વાસુદેવના અનેક પુત્રો હતા. તેમાં શાંબ અને પાલક નામના બે પુત્રો પણ હતા. એક વખત નેમિનાથ પ્રભુ દ્વારિકામાં આવી સમોસર્યા ત્યારે વાસુદેવે કહ્યું કે કાલે જે પ્રભુને પહેલી વંદના કરશે તેને હું મારો અશ્વ આપીશ.

પ્રભાતે શામ્બકુમારે ઉઠીને स्वस्थानात् પોતાની શય્યા પરથી ઉઠીને ત્યાં રહ્યા રહ્યા જ વંદન કર્યું. અને પાલકે અશ્વરત્ન પર બેસી પ્રભુ પાસે જઈ વંદન કર્યું.

પાલકના મનમાં તો કેવળ લોભવૃત્તિ જ હતી. તેથી માત્ર કાયાએ કરીને વંદન કર્યું કેમ કે તે અભવિ જીવ હતો. જ્યારે શાંબ ભવિ

જીવ હતો તેથી તેણે પોતાના સ્થાને રહીને પણ ભાવવંદન કર્યું.

શ્રીકૃષ્ણ મહારાજા નેમિનાથ પ્રભુ પાસે પહોંચ્યાં. પૂછયું પ્રભુને મારા બે પુત્રોમાંથી આપને પ્રથમ વંદના કોણે કરી? પ્રભુ કહે દ્રવ્યવંદન તો પાલકે કર્યું, પણ ભાવવંદન શાંબે કર્યું, તેથી કૃષ્ણ મહારાજે અશ્વરત્ન શાંબને આપ્યો.

આ તો થયું વંદનનું અનંતર ફળ. પણ જયારે શ્રી નેમિનાથ પ્રભુ બીજી વખત સમોસર્યા ત્યારે તેમની અદ્ભુત વાણીથી વૈરાગ્ય વાસીત થઈ શાંબકુમારે દીક્ષા ગ્રહણ કરી. (આ વાત પ્રદ્યુમ્ન ચરિત્ર સર્ગ ૧૬ના શ્લોક ૫૯ માં જણાવેલ છે.) દીક્ષા ગ્રહણ કર્યા બાદ અનેક વિધ તપ કરતાં કાળક્રમે કેવલ જ્ઞાન પામી મોક્ષ લક્ષ્મીને વર્યા.

ગુરુવંદન ભાષ્યમાં ગુરુવંદનના પાંચ ભેદો જણાવ્યા છે. वंदणयं चिइकम्मं किइकम्मं विणय कम्मं पुअकम्मं વંદનકર્મ, ચિતિકર્મ, કૃતિકર્મ, વિનયકર્મ, પૂજાકર્મ.

પૂજા કર્મ એટલે મન-વચન-કાયાનો પ્રશસ્ત વ્યાપાર. આવા પ્રકારના પ્રશસ્ત-વ્યાપારથી એટલે કે પૂજા કર્મ વંદનના ભેદથી શાંબકુમારને અશ્વરત્નની પ્રાપ્તિ તો થઈ જ પણ તેના મન-વચન-કાયાના પ્રશસ્ત વ્યાપારે પરંપરાએ તેને મોક્ષની પ્રાપ્તિ કરાવી આપી. શ્રાવક પણ આવું ભાવવંદન કરતાં જ **ખમાવો ગુરુરાયને** પદ સાર્થક બનાવી શકે.

વંદન કઈ રીતે થાય તો લાભદાયી બને?

વિધિ પૂર્વક અને બહુમાન પૂર્વક કરાયેલું વંદન લાભદાયી કે ફળદાયી બને છે.

**અઢાર સહસ સાધુને વિધિ શું વાંદ્યા અધિકે હરખે**
**પછી નેમિ જિનેશ્વર કેરા ઉભા મુખડાં નિરખે**
**નેમિ કહે તુમ ચાર નિવારી ત્રણય તણાં દુઃખ રહીયા**
**કૃષ્ણ કહે હું ફરી ફરી વાંદુ હર્ષ ધરી મન હઈયાં**
**હો પ્રભુજી નહીં જાઉં નરક નિગોદે**

કૃષ્ણ મહારાજાને વંદનથી ચાર નારકીનો કર્મબંધ તુટી ગયો. શાંબને મોક્ષફળ મલ્યું ત્યાં બહુમાન કોને કહેવાય તે તો સ્પષ્ટ થઈ ગયું પણ વિધિ પૂર્વક વંદન એટલે શું?

વંદન વેળા પ્રથમ ખમાસમણ આપો ત્યારે પંચાંગી નમસ્કાર

કરવાનો હોય છે તે વાત તો અતિ સુવિદિત છે. પણ પ્રણિપાત કરવામાં ૧૭ સંડાસા જાણવા ખૂબ જ જરૂરી છે.

પણ વિધિપુર્વક વંદન કરવું જોઇએ તેવી વાત કરવા માત્રથી વિધિ થઈ જાય ખરી?

વિધિમાં ૧૭ સંડાસા જણાવે છે. संदशंक એટલે સાંધા (સાણસી) શરીરના જે જે અંગો સાણસીની માફક વળે એટલે કે જ્યાં જ્યાં સાંધા હોય ત્યાં ત્યાં જીવ વિરાધના અટકાવવા ૧૭ સ્થાને પ્રમાર્જના કરવાનું જણાવે છે–

**( ૧ થી ૩ )** પાછળ જમણા પગે-વચ્ચે–ડાબા પગે.

**( ૪ થી ૬ )** આગળ જમણા પગે–વચ્ચે–ડાબા પગે.

**( ૭ થી ૯ )** અવગ્રહમાં પ્રવેશ કરવાની ભૂમિ ઉપર ત્રણ વખત

આ રીતે નવ સ્થાનોમાં ચરવળા વડે પ્રમાર્જના કરીને અવગ્રહ ભૂમિમાં પ્રવેશવું.

**(૧૦)** જમણા કપાળેથી ડાબા હાથની કોણી સુધી.

**(૧૧)** ડાબા કપાળેથી જમણા હાથની કોણી સુધી.

**( ૧૨ થી ૧૪ )** ચરવળા ઉપર મસ્તક નમાવવાને સ્થાને આ પાંચે પ્રમાર્જના મુહપત્તી વડે કરવી.

**( ૧૫ થી ૧૭ )** પ્રણિપાત કર્યા બાદ જ્યારે ઉભા થવાનું હોય ત્યારે ઉભા થવાના સ્થાનમાં ચરવળા વડે ત્રણ વખત પ્રમાર્જના કરીને ઉભો થાય.

આ રીતે સત્તર સંડાસા પ્રમાર્જવા તેને વિધિ કહેવામાં આવે છે આ વિધિ જીવ વિરાધનાથી બચવા માટે અને વિધિ પરત્વેના બહુ-માન પૂર્વક કરવી જોઇએ.

રોજ સાંજે પ્રતિક્રમણ કરો છો ને? કેટલી વખત પ્રણિપાત કરો છો જરા યાદ કરો જોઇએ.

- ઇરિયાવહી પૂર્વે (૧)–ચૈત્યવંદન પૂર્વે (૧)
- બે વખત ચાર–ચાર વાંદણા દેતા. (૪+૪)
- સજ્ઝાયનો આદેશ માંગતા પૂર્વે. (૨)
- ચાર લોગસ્સના છેલ્લા કાઉસ્સગ્ગ પૂર્વે. (૧)
- પ્રતિક્રમણ બાદ અવિધિના મિચ્છામિ દુક્કડમ્ દેવા પૂર્વેનું. (૧)

કેટલા પ્રણિપાત થયા? ચૌદ. તદુપરાંત સામાયિક લેતી વખતે

આઠ ખમાસમણુ અને પારતી વખતે. (ચઉક્કસાય પૂર્વેના ખમાસમણુ સહિત) પાંચ ખમાસમણુ.

દરેકમાં ઉચ્ચાર શુદ્ધિ પૂર્વક પાઠ બોલી- સત્તર સંડાસા પૂર્વક પ્રમાર્જના કરવી તે વિધિ.

**બહુમાન :–** વીર પ્રભુ પાસે એક ભિખારીએ દીક્ષા લીધી. ત્યારે પ્રભુને વિજ્ઞપ્તી કરી હે સ્વામી ! જ્ઞાનદીપ વિના હું ચારિત્ર માર્ગ કઈ રીતે જોઇ શકીશ ? પ્રભુએ તેને ચૌદ પૂર્વનું રહસ્ય કહ્યું કે તું સર્વત્ર મનને વશ કર તો દીવ્યદીપ પ્રગટી જશે.

તેને આહાર ન મલે, લોકો અપમાન કરે તો પણ ભગવંતનું વચન સંભારી સમભાવે સહન કરે છે. એક વખત કોઇકે મજાક કરી અહો આ પુરુષે કેટલો બધો ધનાદિકનો ત્યાગ કરી દીક્ષા લીધી છે ! અભયકુમારે વાત સાંભળી એટલે લોકોને એકઠા કર્યા.

જે કોઇ આંખના વિષયને છોડે તેને બહુ મૂલ્યવાન રત્ન આપું. પણ કોઇ ન બોલ્યું, ફરી અભયકુમાર કહે જેઓ સ્પર્શના સુખને છોડે તેને હું એક રત્ન આપું તો પણ જવાબ ન મલ્યો. અરે પાંચે ઇન્દ્રિયોના વિષયોને છોડે તેને પાંચ મૂલ્યવાન રત્નો આપું. તો પણ કોઇએ ઇચ્છા વ્યક્ત ન કરી. એટલે મુનિને કહ્યું તમે પાંચે ઇન્દ્રિયો જીતી છે તો તમે જ આ રત્નો ગ્રહણ કરો. મુનિ કહે એ અર્થ (દ્રવ્ય) અનર્થને જ દેનાર છે. મારે તો તેના યાવજ્જીવ પચ્ચક્ખાણ છે. ત્યારે અભયકુમાર બોલ્યા કે સાંભળો તમે. તેણે શું છોડયું છે તે સમજાયું ?

મુનિ તો ભગવંતના વચનો અંગીકૃત કરી કેવલ પામી મુકતે ગયા. એ રીતે તમારે જેને વંદન કરવાનું છે તે પાંચ ઇન્દ્રિયના વિષયના ત્યાગી છે. ધન પાછળની દોટ મુકીને આવ્યા છે. માટે તેની નિસ્પૃહતા અને ત્યાગ ભાવના પ્રત્યેના બહુમાન પૂર્વક વંદન કરો એ જ શુભેચ્છા.

## (૨૨) વંદનના પ્રકાર

— વંદના પાપ નિકંદના

नाणाईआ उ गुणा तस्संपन्न पडिवत्ति करणाओ
वंदणएण विहिणा कीरइ सोही उ तेसिंतु

ચઉશરણ પયન્નાના શ્લોક ચોથામાં વંદન આવશ્યક વિશે જણાવતાં કહ્યું કે જ્ઞાનાદિ (જ્ઞાન-દર્શન-ચારિત્ર) જે ગુણો છે. તેનાથી સંપન્ન (ગુરુની) પ્રતિપત્તિ કરવાથી (અને) વિધિપૂર્વક વંદન (કરવા) વડે તે તે ગુણોની શુદ્ધિ કરાય છે.

મન્નહ જિણાણં સજ્ઝાયમાં કહ્યું કે – छव्वीह आवस्सयम्मी उज्जुत्तो होइ पइदिवसं શ્રાવકે છ આવશ્યકમાં પ્રતિદિન ઉદ્યમવંત રહેવું જોઇએ. આ છ આવશ્યકમાંનું ત્રીજું આવશ્યક તે વંદન. કે જે વંદન વડે જ્ઞાનાદિ ગુણોની શુદ્ધિ થાય છે. પણ વંદન એટલે શું ?

વંદનને સ્પષ્ટ કરવા માટે શ્રીમાન્ દેવેન્દ્ર સૂરિજી મહારાજા ગુરુ-વંદન ભાષ્યની દશમી ગાથામાં પાંચ નામો જણાવે છે. પ્રવચન સારોદ્ધાર ગ્રન્થમાં ૧૧૭મી ગાથામાં પણ એ પાંચ ભેદનો ઉલ્લેખ કરતા લખ્યું કે—

वंदण चिह किइ कम्मं पूआकम्मं च विणयकम्मं च
वंदणगस्स ए ए नामाइं हवंति पंचेव

વંદન કર્મ, ચિતિકર્મ, કૃતિકર્મ, પૂજાકર્મ અને વિનયકર્મ એ ગુરુ વંદનના પાંચ નામો અથવા પર્યાયો છે. આ પાંચે પર્યાયો દ્વારા વંદનના અર્થને સ્પષ્ટ કરવા માટે એક એક કથા પ્રસંગ વણી લેવાયો છે.

**(૧) વંદન કર્મ**:— પ્રશસ્ત મન, વચન, કાયા વડે સ્તવના કરાય તે વંદન કર્મ

શીતલાચાર્ય નામે એક જૈનાચાર્ય થઇ ગયા. તેને શૃંગાર મંજરી નામે એક બહેન હતી. તે બહેનને ચાર પુત્રો હતા. તે ચારે પુત્રોએ પોતાની માતાની શીક્ષાથી કોઈ સ્થવીર પાસે દીક્ષા ગ્રહણ કરી. એક વખત ગુર્વાજ્ઞા લઈ પોતાના મામા (શીતલાચાર્ય) ને વંદન કરવા નીકળ્યા. નગર પાસે પહોચ્યાં ત્યાંજ સંધ્યા થઇ ગઈ. એટલે પોતે

નગર બહાર રહીને કોઇ શ્રાવક સાથે આચાર્ય મહારાજને સમાચાર મોકલ્યા.

સવારે શીતલાચાર્ય વિચાર કરે કે હમણાં ચારે ભાણેજ વંદન કરવા આવશે. પણ આ તરફ રાત્રિને અવસરે વંદનની નિર્મળ ભાવના રૂપ શુભ ધ્યાનના યોગે ચારે સાધુને કેવળજ્ઞાન થઈ ગયું હતું.

દેવની આરાધના પણ કેવળ આત્માની નિર્મલતા માટે છે. પણ આત્માની નિર્મળતા થયા પછી દેવની આરાધના જરૂરી હોતી નથી. કેવળી બનેલા સાધુને પણ વંદન કરવા જવાનું હોય નહીં. પણ કેવલજ્ઞાન પ્રાપ્તિ જેટલી આત્માની નિર્મળતા માટે જરૂરી શું ? **વંદન** કરવું તે. **વંદના પાપ નિકંદના.**

ગૌતમ સ્વામી પંદરસો તાપસને લઇને આવી રહ્યા છે. ભગવાનની પર્ષદામાં પહોંચ્યાં ત્યારે ગૌતમ સ્વામીએ પંદરસોને કહ્યુ તમે ભગવાનને વંદન કરો. બોલો કંઇ ખોટું તો નથી કહ્યુંને ગૌતમ સ્વામીએ ? હું પૂછું છું કે તીર્થંકર પરમાત્માને વંદન કરવામાં કાંઇ ખોટુ તો નથી કરતાને ? છતાં ભગવાન પોતે શું બોલ્યા તે ખબર છે ?

ગૌતમ ! કેવલીની આશાતના ન કરો. તમે સાંભળો તો શું કહેશો ? અરે ભગવાનને વંદન કરવામાં વળી આશાતના શું ? અમે કહીશું ભગવાનની વાત કદી ખોટી હોય જ નહીં. કેમકે જેમના આત્મામાંથી સર્વથા કાળાશ નીકળી ગઈ હોય અને આત્મા નિર્મલ થઈ ગયો હોય તેઓએ વંદન કરવાનું હોયજ નહીં. સિદ્ધને સાધનાનો ઉપદેશ ન અપાય કેમકે તે સિદ્ધ જ છે પછી સાધનાનું શું કામ હોય ?

તમને થશે કે આ તો બહુ સારું વંદન ન કરવા માટે નિર્મલ થઇ જાય તો રોજ માથું નમાવવાની પંચાત મટી જાય. પણ શાસ્ત્રકારો ત્યાં ના પાડે છે. બાહુબલીએ પણ વિચારેલ કે નિર્મલતા આવ્યા પછી જ ભગવાન પાસે જવું જેથી નાના ભાઇઓને વંદન કરવું ન પડે. પરીણામ શું આવ્યું ત્યાં ? વંદન નહીં તો નિર્મલતા નહીં. જ્યાં વંદનના ભાવથી પગ ઉપડયો ત્યાં એ જ ક્ષણે કેવલજ્ઞાન.

શીતલાચાર્યજી તો જાણતા નથી કે ભાણેજ મુનિ કેવલી બન્યા છે. તેઓ જાતે જ સામે ચાલીને ગયા. પણ ભાણેજ મુનિઓ કેવલી હોવાથી આચાર્ય મહારાજનો સત્કાર કરતા નથી. શીતલાચાર્યજી તો

ગુસ્સે થઈ ગયા. ગુસ્સામાં જ બોલ્યા કે ચાલો તમે નથી વંદન કરતા તો હું વંદન કરું.

એમ કહી આચાર્ય મહારાજે વંદન કર્યું તેને દ્રવ્ય વંદન કર્મ જાણવું. કેવલી મુનિ બોલ્યા કે આ તો તમે દ્રવ્યવંદન કર્યું હવે ભાવ-વન્દન કરો. આચાર્ય મહારાજ કહે કઈ રીતે જાણ્યું? જ્ઞાનથી. કેવા જ્ઞાનથી? અપ્રતિપાતિ એટલે કે કેવળજ્ઞાનથી. આ સાંભળી આચાર્ય મહારાજે પોતાનો અપરાધ ખમાવી પુનઃ ચારે મુનિઓને વંદન કરી શુભ ભાવે કેવળજ્ઞાન પામ્યા તે ભાવવન્દન કર્મ.

આવા વંદનના ત્રણ ભેદ શાસ્ત્રકારે નોંધ્યા—જઘન્યથી ફિટ્ટાવંદન જેમાં મત્થએણ વંદામિ, મધ્યમથી થોભવંદન તે પંચાંગી પ્રણીપાત પૂર્વક ઇચ્છકાર અને અબ્ભુટ્ઠીઓ સૂત્રના પાઠ સાથે કરવાનું, ત્રીજું દ્વાદશાવર્ત્ત વંદન જેમાં બાર આવર્ત્તને આશ્રીને દ્વાદશાવર્ત્ત કહેવાય છે.

તે દ્વાદશ—આવર્ત્ત એટલે શું?

ગુરુ ચરણની સ્થાપનાને સ્પર્શ કરી નિજ લલાટે સ્પર્શ કરવાની જે ક્રિયા તેને આવર્ત કહેવાય છે. વંદન યુગલમાં આવા બાર આવર્તો થાય છે માટે તેને દ્વાદશાવર્ત કહેવાય છે.

નિસીહિ બોલ્યા પછી અવગ્રહમાં પ્રવેશ કરતો શ્રાવક પ્રથમ સંડાસા પ્રમાર્જન કરશે. પહેલા પાછળના ત્રણ સંડાસા પ્રમાર્જશે, પછી આગળના ત્રણ સંડાસા પ્રમાર્જશે, પછી ભૂમિની ત્રણ પ્રમાર્જના કરશે. ત્યાંથી અવગ્રહમાં પ્રવેશ કરી ગોદોહિક આસને બેસી ચરવળો ગુરૂ સમક્ષ મુકી હાથના બે સંડાસાનું પ્રમાર્જન કરશે. ચરવળા પર ત્રણ પ્રમાર્જના કરીને મુહપત્તી મુકે ત્યાં ગુરૂના ચરણની સ્થાપના કરે.

બન્ને હાથ ઘુંટણ વચ્ચે રાખી બંને હથેલી ઉંધી કરી—દશે આંગળી વડે ગુરુ ચરણ સ્થાપનાને સ્પર્શ કરી अ બોલે, હથેળી સવળી કરીને દશે આંગળી વડે લલાટે સ્પર્શ કરતા हो બોલે ત્યારે તે બે અક્ષરનું એક આવર્ત થાય.

તેજ રીતે का...............यं,...........का................य બોલતા ત્રણ આવર્ત્ત પુરા થાય. પછી બે હાથ સવળા રાખી તેના પર મસ્તક નમાવી ને संफासं બોલતા પહેલો નમસ્કાર કરે.

**(પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ ટીકામાં આપેલા સાક્ષી પાઠ મુજબ** अ-हो, का-यं, का-य, **માં જ છ આવર્ત્ત કહ્યા છે.**

**એટલે કે બે વંદનના બાર આવર્ત થયા. તે નોંધપાત્ર છે)**

પછી जत्ताभे માં જ બોલતા પૂર્વની માફક બન્ને હાથની દશે આંગળી વડે ગુરૂ ચરણ સ્થાપનાને સ્પર્શ કરે, હાથ સવળો કરી મસ્તક તરફ લઇ જતા વચ્ચે (હૃદય પાસે) त्ता બોલતા સહેજ અટકે, भे બોલતા લલાટે સ્પર્શ કરે તે એક આવર્ત્ત. એજ રીતે ज-व-णि અને ज्जं-चं-मे બોલતા બીજા ત્રણ આવર્ત્ત મલી છ આવર્ત્ત થયા. ત્યાર બાદ संफासं ની માફક ગુરૂચરણ સ્થાપના પર સવળા હાથ રાખી મસ્તક નમાવી નમસ્કાર કરવા પૂર્વક બીજું અવનમન કરતાં खामेमि खमासमणो देवसिअं वइकम्मं બોલી ત્રણ સંડાસા પ્રમાર્જી ઉભો થાય.

આ રીતે બન્ને વંદનના બાર આવર્ત્ત થયા માટે તેને દ્વાદશાવર્ત્ત કહ્યા. એ રીતે વંદન કરતા એવા વંદનનો બીજો ભેદ તે चिति.

चितिकर्म:- રજોહરણાદિ ઉપધિ સહિત કુશળ કર્મનું चिति સંચયન કરવું તે—

ગુણસુંદર સૂરિજી નામે આચાર્ય થઇ ગયા. તેઓએ ક્ષુલ્લક (લઘુવયના) મુનિને સંઘ સંમતિ પૂર્વક સૂરિપદે સ્થાપ્યા પછી કાલધર્મ પામ્યા. સર્વ ગચ્છ વાસી તે ક્ષુલ્લકઆચાર્યની આજ્ઞામાં વર્તે છે. તે ક્ષુલ્લકાચાર્ય પણ ગીતાર્થ પાસે શ્રુતાભ્યાસ કરી રહ્યા છે.

મોહનીય કર્મના ઉદયે તેને ચારિત્ર છોડવાની ઈચ્છા જાગી. એક મુનિને લઈને વડીનીતિના બહાને બહાર નીકળ્યા. મુનિને એક સ્થાનમાં ઉભા રાખી પોતે સીધી દિશામાં ચાલી નીકળ્યા. વનમાં જોયું તો અનેક સુંદર વૃક્ષો હતા. છતાં એક ખીજડાના વૃક્ષને પૂજતા લોકોને જોઇને આચાર્ય મહારાજ વિચારે ચડ્યા. વૃક્ષની પૂજામાં આ ચોતરફ બાંધેલી પીઠિકા જ કારણભૂત છે. હું પણ આ ખીજડા સરીખો નીર્ગુણ જ છું જયારે ગચ્છમાં તો ઉત્તમવૃક્ષ સમાન રાજકુમાર મુનિઓ છે. છતાં મને સુરિપદ આપ્યું અને આ ગચ્છના મુનિ મને પૂજે છે તેનું કારણ શું?

મારામાં શ્રમણપણું તો છે નહીં. પણ આ રજોહરણ આદિ ઉપકરણ રૂપ મારા ચિતિ ગુણ વડે જ હું વંદન પામુ છું. એમ વિચારી પાછા ફર્યા પ્રાયશ્ચિત અંગીકાર કરી શુદ્ધ થયા.

અહીં વ્રત છોડવાની ઇચ્છા વખતે રજોહરણાદિનો (ચિતિ) સંચય-તે દ્રવ્યચિતિ અને તેજ ઉપકરણો વડે પ્રાયશ્ચિતથી શુદ્ધિ કરી તે ભાવચિતિ.

ત્રીજું વંદન કર્મ તે કૃતિકર્મ

કૃતિકર્મ:- મોક્ષાર્થે નમસ્કાર આદિ વિશિષ્ટ ક્રિયા કરવી તે

આપણે વંદનના ફિટ્ટા-થોભ-દ્વાદશાવર્ત્ત વંદન ભેદે જે વિચારણા કરી તે સર્વે કૃતિ કર્મને આશ્રીને જ છે.

આવશ્યક નિર્યુક્તિ ગાથા ૧૨૦૨માં જણાવ્યું :—

दो ओणयं अहाजायं किइकम्मं बारसावयं
चउसिरं तिगुत्तं च दुपवेसं एगनिक्खमणं

ધર્મસંગ્રહ ભાગ-૧ ના પૃષ્ઠ ૪૭૨ માં જણાવે કે કૃતિકર્મ ગુરુ-વંદનમાં બે અવનમન, યથાજાત મુદ્રા, દ્વાદશ આવર્ત્ત, ચાર શિરો-નમન, ત્રણ ગુપ્તિ, બે પ્રવેશ અને એક નિર્ગમન એ રીતે કુલ પચીશ આવશ્યકો થાય.

(૧) इच्छामि खमासमणो...निसीहिआए હે ક્ષમા શ્રમણ ! હું મારી સર્વશક્તિએ કરીને અને નિષ્પાપ કાયા વડે વંદન કરવા ઇચ્છું છું. આટલું બોલી મસ્તક સહીત કેડની ઉપરના ભાગનું અડધું શરીર નમાવવું તે અવનમન.

આવું અવનમન બે વાંદણામાં બે વખત કરવામાં આવે છે.

(૨) यथाजात :- જન્મતી વખતે જે મુદ્રા હોય તેને યથાજાત મુદ્રા કહેવાય. દીક્ષા વખતે મુનિ તરીકે જન્મ થાય છે. તે જન્મને આશ્રીને આ મુદ્રા વર્ણવે છે. ચરવળો, મુહપત્તિ અને અધો ભાગ સિવાયના ખુલ્લા શરીરે બે હાથ મસ્તકે રાખી-અંજલી કરી મસ્તક નમાવવું તે.

(૩) बार आवर्त्तो :- પૂર્વે अ-हो, का-यं, का-य, વગેરે બાર આવર્તો દર્શાવ્યા તે દ્વાદશાવર્ત.

(૪) चउस्सिरं :- ચાર શિરોનમન. संफासं પદ બોલતી વખતે તથા खामेमि खमासमणो देवसिअं वइक्कम्मं પદ બોલતી વખતે બન્ને હાથ સવળા કરી ચરવળા પર રાખી તેના ઉપર મસ્તક નમાવીને સ્પર્શ કરવો તે બે વખત શિરોનમન થયું.

બે વાંદણામાં બે વખત થતાં કુલ ચાર શિરોનમન થશે.

(૫) त्रिगुप्त :- મન-વચન-કાયાને અન્ય વ્યાપારમાંથી પાછી ખેંચી લઇને વંદન કરતી વખતે સારી રીતે ગોપવવી.

મનથી એકાગ્રતા કેળવવી, વચનથી वन्दन સૂત્રનો પાઠ શુદ્ધ

ઉચ્ચારણુ પૂર્વક બોલીને અને કાયાથી અવનત, યથાજાત વગેરે મુદ્રાઓનું પાલન કરવા પૂર્વક વંદન કરવું તે ત્રણગુપ્તિ.

(૬) दुपवेशं :- ગુરુના આસનથી ચારે દિશામાં સાડા ત્રણ હાથની જગ્યા હોવી તેને અવગ્રહ કહેવાય. જ્યારે તે અવગ્રહમાં પ્રવેશ કરવો હોય ત્યારે अणुजाणह मे मिउग्गहं બોલી ગુરુની આજ્ઞા માંગવી. પછી મિત અવગ્રહમાં પ્રવેશ કરવો.

આવો પ્રવેશ બે વખત વાંદણા દેતા બંને વખત કરવાનો થાય છે. તેને दु–प्रवेशं કહ્યું.

(૭) निष्क्रमण :- વાંદણા દેતી વખતે પ્રથમ વાંદણામાં आवस्सिआए પદ બોલ્યા બાદ અવગ્રહમાંથી જે બહાર નીકળવું તેને નિષ્ક્રમણ કહે છે.

આ રીતે પચીસ આવશ્યક જાળવવા પૂર્વક વંદન કરતા મોક્ષાર્થે નમસ્કારાદિ કરવા રૂપ કૃતિકર્મ ને જણાવતાં શ્રીકૃષ્ણ મહારાજાના વંદનનો પ્રસંગ જણાવે છે.

કૃષ્ણ વાસુદેવનો પરમ ભક્ત અને જમાઇ વીરક નામે શાળવી એકદા શ્રીકૃષ્ણ સાથે શ્રી નેમિનાથ ભગવંતને વંદન કરવા ગયો. શ્રી કૃષ્ણએ સર્વ સાધુઓને દ્વાદશાવર્ત વંદન કર્યું. બીજા રાજાઓ તો થોડાંકને વંદન કરતાં થાકી ગયા પણ વીરક શાળવીએ કૃષ્ણ પ્રત્યેની દાક્ષીણ્યતાથી પણ ભાવ રહિત પણે સર્વેને વંદન કર્યું. છેલ્લે થાકેલા કૃષ્ણ બોલ્યા કે ૩૬૦ સંગ્રામમાં પણ મને આવો થાક લાગ્યો નથી. ત્યારે નેમિનાથ પ્રભુએ કહ્યું કે હે કૃષ્ણ તે વંદન કરતા ક્ષાયિક સમક્તિ પ્રાપ્ત કર્યું છે, તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું છે અને સાતમી નારકીનો કર્મબન્ધ હતો તેમાંથી ચાર નારકીના કર્મોનો ઘાત કર્યો છે.

નારકી એ પંચેન્દ્રિય જીવોમાં ચાર ભેદમાંનો એક ભેદ છે. અને નરક એ ઉત્કૃષ્ટ પાપનો વિપાક ભોગવવાનું સ્થળ છે. મનુષ્ય કે તિર્યંચગતિનો જીવ નારકીમાં જાય ત્યારે અહીં આયુષ્યના છેલ્લા સમયથી જ તે નારકી ગણાય છે. રસ્તામાં બે કે ત્રણ સમય જેટલું પણ નારકીનું જ આયુષ્ય ભોગવે છે.

પાપ કર્મનો ઉદય તો તેને અહીંથી જ શરૂ થઇ જાય છે. પણ કાર્મણ શરીર સુખ-દુ:ખના ભોગ વગરનું છે. વેદનીય કર્મનો ઉદય શરીરના અસ્તીત્વ વિના થઇ શકે નહીં. જીવ જેવો નરકની કુંભીમાં

ઉપજે કે તરત જ કુંભી કરતા પણ મોટું શરીર થઇ જાય. હવે શરીર મોટું હોય અને કુંભી સાંકડી હોય ત્યારે જીવને કેટલી વેદના થયા ?

ત્યાર પછી પરમાધામી દેવો શરીરના ટુકડા ટુકડા કરી ખેંચી કાઢે, પણ પારાના કણીયા જેવું શરીર ફરી ભેગું થઈ જાય. બીજા અનેક દુઃખો કરોડો વર્ષો સુધી ભોગવવાના તે નક્કી. આવી દશામાં રહેવું કોને પાલવે ?

કૃષ્ણ મહારાજાને જ્યારે ભગવંતે કહ્યું કે વંદન કરતા તમે ચાર નારકીને છેદી નાખી હવે માત્ર ત્રણ બાકી રહી ત્યારે કૃષ્ણ કહે છે કે હે ભગવન્ ! આપ કહો તો હું ફરી ફરી વાંદુ પણ આ નારકીમાં મારે જવું નથી.

**નેમિ કહે તુમે ચિંતા ન કરશો તુમ પદવી અમ સરીખી**
**આવતી ચોવીસીમાં હોશો તિર્થંકર**
**હરિ કહે મન હરખી હો પ્રભુજી**
**નહી જાવું નરક નિગોહે**

પ્રભુ કહે એ ત્રીજી નારકી તો હવે તમારે ભોગવવી જ પડશે પણ તમે આવતી ચોવીશીમાં તીર્થંકર થશો.

અહીં કૃષ્ણ મહારાજાએ વંદન કર્યું તે ભાવ કૃતિ કર્મ અને વીરક શાળવીએ વંદન કર્યું તે દ્રવ્ય કૃતિ કર્મ કહેવાય.

**પ્રશ્ન :-** સેન પ્રશ્ન- ઉલ્લાસ : ૩ પ્રશ્ન : ૧૧૩ પ્રશ્નકર્તા શુભ વિજય ગણી.

કૃષ્ણ મહારાજાએ ૧૮૦૦૦ સાધુને વંદન કઈ રીતે કર્યું ! તેટલો સમય કઇ રીતે પહોંચ્યો ?

**સમાધાન :-** શ્રી કૃષ્ણજીએ ૧૦૦૦ વગેરે પરિવારવાળા શ્રી થાવચ્ચાપુત્ર વગેરે અગ્રેસરોને દ્વાદશાવર્ત્ત વંદનો કર્યા. તેથી અનુયાયી પરિવારને પણ કર્યા ગણાય. ભાવથી ૧૮૦૦૦ને વાંદ્યા તેમ સમજીએ તો એટલો સમય પહોંચે.

આ રીતે વંદન કરતા છ સ્થાનો સાચવવાના હોય છે. ગુરુવંદન ભાષ્ય ગાથા ૩૩ માં જણાવે-

इच्छाय अणुन्नवणा अव्वाबाहं च जत्त जयणाय
अवराह खामणावि अ वंदण दायस्स छ ट्ठाणा

(૧) **ઇચ્છા નિવેદન સ્થાન** :- વંદનની ઈચ્છા પ્રગટ કરવી. इच्छामि........ થી निसीहिआए હે ક્ષમા શ્રમણ આપને નિર્વિકાર અને નિષ્પાપ કાયા વડે વંદન કરવા ઈચ્છુ છું ત્યારે ગુરુ કહે छंदेणं તમારી ઈચ્છા હોય તેમ કરો.

(૨) **અનુજ્ઞાપન સ્થાન** :- અનુજ્ઞા માગવી. अणुजाणह मे ........થી વાંદણાં આપે ત્યાં સુધી મને આપની સમીપ આવવાની અનુજ્ઞા આપો ત્યારે ગુરુ મહારાજ કહે अणुजाणामि એટલે निसीहि કહી અવગ્રહમાં પ્રવેશ કરે.

(૩) **અવ્યાબાધ પૃચ્છા** :- સુખશાતા પૂછવી. अप्पकिलंताणं बहु सुभेणभे दिवसो वइक्कंतो અલ્પ ગ્લાનિવાળા એવો આપનો દિવસ સુખપૂર્વક પસાર થયો છે? શાતામાં છો ને? કંઇ પીડા તો નથી ને?

(૪) **યાત્રા પૃચ્છા સ્થાન** :- સંયમ યાત્રાની સુખ શાતા પૂછવી. जत्ताभे–जत्ता એટલે યાત્રા ભે એટલે भवताम् આપની.

યોગશાસ્ત્ર સ્વોપજ્ઞ વૃત્તિ પૃ. ૨૩૯ પર यात्रा શબ્દની વ્યાખ્યા કરતા લખ્યું કે यात्रा–संयम तपा नियमादि लक्षणा– સંયમ, તપ, નિયમાદિ લક્ષણવાળી તે જ યાત્રા.

આપની આવી સંયમયાત્રા સુખપૂર્વક વર્તે છે? અહીં जत्ताभे બોલતી વખતે ज ઉદાત્ત એટલે ઉંચે સ્વરે, त्ता–અનુદાત્ત એટલે મધ્યમ સ્વરે અને ભે સ્વરિત એટલે કે નીચે સ્વરે બોલવો.

(૫) **યાપના પૃચ્છા સ્થાન** :- जवणिज्जं च भे–जवणिज्जं એટલે यापनीयम् આપના મન વચન અને કાયાનો યોગ સંયમ આરાધના માટે સમર્થ છે ને?

(૬) **અપરાધ ક્ષમાપન સ્થાન** :— खामेमि खमासमणो થી ......હે ક્ષમાશ્રમણ દિવસ દરમ્યાનના वइक्कम्मं વ્યતિક્રાન્ત થયેલા અપરાધોને ખમાવું છું.

पडिक्कमामि એટલે કે પ્રતિક્રમણ કરું છું. પણ શેનું પ્રતિક્રમણ? અતિચારના નિવેદન રૂપ આલોચના નામક પહેલું પ્રાયશ્ચિત.

(ક્ષમાશ્રમણ) ગુરુ પ્રત્યે દિવસ સંબંધિ ૩૩ આશાતનામાંની કોઈ આશાતના થઈ હોય,

जंकिंचि–જે કંઇ મિથ્યા પ્રકારે, મન–વચન–કાયાની દુષ્ટ પ્રવૃત્તિને લીધે કરેલી, ક્રોધ–માન–માયા–લોભ વડે કરેલી, સર્વ કાલ સંબંધિ–મિથ્યા ઉપચાર સંબંધિ-ધર્મના અતિક્રમણ સંબંધિ મેં જે કંઇ આશાતના કરી હોય—

[तस्स खमासमणो શી પ્રતિક્રમણ પ્રાયશ્ચિત સૂચવતા કહે છે] તેનું હે ક્ષમાશ્રમણ.

पडिक्कमामि :– આપની સાક્ષીએ પ્રતિક્રમણ કરું છું. ફરી ન કરવાના નિશ્ચયપૂર્વક અપરાધોમાંથી મારા આત્માને પાછો ખેંચુ છું.

निंदामि :– અપરાધો રૂપ દુષ્ટ કાર્ય કરનારા મારા આત્માના (પર્યાયની) શુદ્ધ અધ્યવસાયો વડે નિંદા કરું છું.

गर्हामि– દુષ્ટ કાર્ય કરનારા મારા તે આત્માની આપની સાક્ષીએ ગર્હા કરુ છું.

अप्पाणं वोसिरामिः— મારા તે દુષ્ટ આત્માને તેની અનુમોદના નહીં કરવા રૂપે તજુ છું. વોસિરાવું છું.

કેવો સુંદર ક્રમ ગોઠવાયો છે વંદનમાં પહેલા ઈચ્છા પૂછી-પછી અનુજ્ઞા લીધી–પછી સુખશાતાદિ પૂછયા-પછી–ખમાવવાનું કહ્યું

આવા વંદનના ત્રણ પ્રકારો જોયા વંદનકર્મ, ચિતિકર્મ–કૃતિકર્મ ચોથો પ્રકાર તે વિનયકર્મ

(૪) **વિનયકર્મ**:– જેના વડે કર્મ વિનાશ પામે તેવી ગુરૂ પ્રત્યેની અનુકૂળ પ્રવૃત્તિ કરવી.

એકબીજા નજીકના કોઈ ગામમાં રહેતા રાજ્યના બે સેવકોને પોતાની જમીનની સીમા અંગે પરસ્પર વિવાદ થયો તેથી ન્યાય મેળવવા માટે બંને રાજદરબારમાં જવા નીકળ્યા. ગામમાંથી નીકળતા સાધુ મહારાજ સામે મલ્યા તેથી એક રાજ્ય સેવકે વિચાર્યું હું સાધુમુનિરાજને વંદન કરું. કેમકે મુનિના દર્શનથી મારું કામ અવશ્ય સિદ્ધ થશે. તેણે સાધુમહારાજને ત્રણ પ્રદક્ષિણા દઈ વંદન કર્યું.

બીજા રાજ સેવકે વિચાર્યું કે આણે વંદન કર્યું તો હું પણ વંદન

કર્યું. દરબારમાં ભાવથી વંદન કરનારની તરફેણમાં ન્યાય થયો. પણ અનુકરણ રૂપ દ્રવ્ય વંદન કરનારને કંઇ લાભ ન મળ્યો.

અહીં પહેલા સેવકે કરેલ વંદન તે ભાવવંદન રૂપ વિનય કર્મ જાણવું. બીજાનું વંદન તે દ્રવ્ય વિનય કર્મ જાણવું.

**(૫) પૂજા કર્મ**:- શાંબ અને પાલક ને કૃષ્ણ મહારાજે કહ્યું કે જે નેમિનાથ ભગવંતને પહેલું વંદન કરે તેને અશ્વરત્ન આપીશ. ત્યારે શાંબકુમારે પોતાના સ્થાને રહી ભાવપૂર્વક વંદના કરી અને પાલકે વહેલી સવારે ઘોડા ઉપર જઇ પ્રભુને સાક્ષાત્ વંદન કર્યું. પાલકે અશ્વરત્ન માટે જ વંદન કર્યું તે દ્રવ્ય વંદન હતું જ્યારે અનંતર ફળરૂપે શાંબને અશ્વરત્ન મળ્યું અને પરંપરા એ મોક્ષફળ મળ્યું તે ભાવ પૂજા કર્મ.

આ રીતે વંદનને પાંચ ભેદે સમજાવ્યું. શ્રાવકે વંદન આવશ્યક કેમ જાળવવું કે જેથી **વંદના પાપનિકંદના રૂપ બને** તે આપને સમજાઇ ગયું હશે, છતાં દ્વાદશાવર્ત વંદનની પ્રચલીત વિધિ જણાવુ છું- (ઇરિયાવહી કરીને) ખમાસમણ દેવું, ઇચ્છા. સંદિ. ભગ રાઇય મુહપત્તી પડિલેહું ? મુહપત્તિ પડિલેહણ પછી વાંદણા દેવા, ઇચ્છા, સંદિ ભગ. રાઇયં આલોઉં, ઇચ્છં આલોએમિ પાઠ, સવ્વસ્સવિ, વાંદણા, ઇચ્છકાર, અબ્ભુટ્ઠિઓ-વાંદણા-પચ્ચક્ખાણ એ રીતે, વંદન કરી નિર્મળ ભાવે મોક્ષયાત્રા કરો તેજ શુભેચ્છા.

☼ ☼ ☼

# (૨૩) પ્રતિક્રમણ શા માટે ?

—ચાલો ઘરમાં વસીએ

स्वस्थानाद् यत् परस्थानं प्रमादस्य वशाद् गतः
तत्रैव क्रमणं भूयः प्रतिक्रमण मुच्यते ।

પ્રમાદને લીધે સ્વસ્થાનથી પરસ્થાનમાં ગયેલો આત્મા ફરી તેજ મૂળ સ્થાને જવાની ક્રિયા કરે તે પ્રતિક્રમણ કહેવાય.

જ્ઞાન દર્શન અને ચારિત્ર એ આત્માનું સ્વસ્થાન છે. અને પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન વગેરે અઢાર પાપ સ્થાનકો એ પરસ્થાન છે. પ્રમાદના વશથી (અહીં મિથ્યાત્વ, કષાય, અવિરતિ, પ્રમાદ ચારેનું ગ્રહણ કરવું વધુ યોગ્ય છે) આત્મા પરસ્થાનમાં જાય છે. આત્માને જે ઘડીએ ભાન થાય કે હું માર્ગ ભૂલ્યો છું અને મારે ઘેર જવાને બદલે પારકાના ઘેર ગયો છું ત્યારે ફરી મૂળ સ્થાને જવાની જે પ્રવૃત્તિ કરે તેને પ્રતિક્રમણ કહેવાય છે. માટેજ આ પરીશીલનનું શિર્ષક રાખ્યું **ચાલો ઘરમાં વસીએ.**

પ્રતિ–એટલે પાછું અને ક્રમણ એટલે ચાલવું. શબ્દશઃ અર્થ કરીએ તો પાછું ફરવું તે પ્રતિક્રમણ. પાછા ફરવાનું કે પાછાં પગલાં ભરવાનું કૃત્ય સદા પ્રશસ્ત ન ગણાય. જેમ રણમાં ગયેલો રજપુત યોદ્ધો લડાઇના મેદાનમાંથી પાછો ફરે તો ? રજપુતાણી પણ તેનું મોઢું ન જુએ. પરીક્ષા આપવા ગયેલો (પરિક્ષાર્થી) વિદ્યાર્થી અઘરું પેપર છોડી પાછો ફરે (ડ્રોપ લે તો) છ મહિને વારો આવે. જ્યારે પ્રતિક્રમણ એ તો પ્રશસ્ત ક્રિયા છે. ઉભયકાલ કરવાની જ છે. માટે જ કહ્યું કે સ્વસ્થાનમાં પાછા ફરવું.

પ્રમાદસ્ય વશાત્ શબ્દ શ્લોકમાં મુકયો તે બહુ મહત્ત્વપૂર્ણ છે. પ્રમાદ ન હોય તો તે अप्रमत्त કહેવાય એટલે કે જીવ સાતમે ગુણઠાણે પહોંચી જાય. આત્માનું સ્વસ્થાન તો તેની ઉપર જ હોય ને ?

મહાભારતના યુદ્ધ બાદ પાંડવો ગોત્ર મર્દનના પાપનું પ્રાયશ્ચિત કરવા તીર્થમાં જવા વિચારે છે. એ પ્રકારનો જૈનેતર પ્રસંગ છે. તીર્થમાં જતાં કૃષ્ણને પણ સાથે આવવા વિનંતી કરી. શ્રીકૃષ્ણે કહ્યું કે મારા વતી આ તુંબડીને તીર્થમાં નવડાવજો.

પાંડવો જે જે તીર્થોમાં ગયા ત્યાં ત્યાં તેણે તુંબડીને સ્નાન કરાવ્યું. છેલ્લે દ્વારિકામાં આવીને તે તુંબડી શ્રીકૃષ્ણને આપી. શ્રીકૃષ્ણએ સભાના દેખતા તે તુંબડીના ટુકડા કરાવીને ચૂર્ણ બનાવડાવ્યું. ચૂર્ણની ચપટી ચપટી ભરીને સભાજનોને વહેંચી આપી. શ્રીકૃષ્ણે કહ્યું કે આ તુંબડી ૬૮ તીરથની યાત્રા કરીને આવી છે માટે તમે સૌ પ્રસાદ લ્યો. સભાજનોને ચૂર્ણ મોમાં મુકતાં જ કડવું લાગ્યું ને મંડયા થુંકવા.

શ્રીકૃષ્ણ હસતાં હસતાં બોલ્યા કે આ તો પાંડવોને સમજાવવા મેં યુક્તિ કરેલી. જેમ તુંબડીને તીર્થયાત્રા કરવાનો ભાવ ન હતો તેથી તેમાં રહેલી કડવાશ ન ગઇ તેમ હૃદયની પવીત્રતા વિના તીર્થયાત્રા કંઈ ફળદાયી ન બને. માટે પહેલા શુદ્ધિ કરો, પવીત્ર થાઓ તો જ તમારી તપ-જપ-યાત્રા સફળ બને.

આપણે ત્યાં પણ કેટલાંક મહાનુભવો એક વાત પકડે છે કે પ્રતિક્રમણ તો માત્ર વ્રતને લાગેલા અતિચારોનું હોય છે. (તેઓ માને છે કે પ્રતિક્રમણમાં માત્ર વંદિતુ સૂત્ર જ આવે) અમે તો વ્રત લીધા નથી પછી પ્રતિક્રમણ શેનું? એટલે શાસ્ત્રકારોએ એક ગાથા બતાવી.

पडिसिद्धाणं करणे किच्चाणम करणे अ पडिक्कमणं
असद्दहणे अ तहा वित्तरीअ परुवणाए अ

વંદિતુ સૂત્ર ગાથા ૪૮ માં ચાર બાબતો સમાવી. તેથી પ્રતિક્રમણ એટલે માત્ર અતિચાર આલોચના જ નથી તે ખ્યાલ આવશે.

(૧) જ્ઞાની ભગવંતે જે વસ્તુઓનો કે ક્રિયાનો નિષેધ કરેલો હોય તે ક્રિયાઓ કરી હોય.

(૨) જે ક્રિયા કરવાની આજ્ઞા ફરમાવી છે તે ન કરી હોય કે ન થઇ હોય.

(૩) શ્રી જિનેશ્વર દેવના વચનોમાં અશ્રદ્ધા કરી હોય.

(૪) શ્રી જિનેશ્વર દેવના કથનથી વિરુદ્ધ પ્રરૂપણા કરી હોય કે થઈ ગઇ હોય.

० पडिसिद्धाणं करणे–પ્રથમ હેતુમાં અઢાર પાપ સ્થાનકો સમાવિષ્ટ છે. જો તેનું સેવન કર્યું હોય તો પ્રતિક્રમણ જરૂરી. આ કારણે જ વંદિતા પૂર્વે સાત લાખ તથા ૧૮ પાપસ્થાનકનું મિચ્છામિ દુક્કડમ્ આપો છો.

० किच्चाणमकरणे :— થી છ આવશ્યક તથા આદિ શબ્દથી નવકાર

સ્મરણ, જિનપૂજા વગેરે લેવા. તે ન કર્યું હોય તો પ્રતિક્રમણ જરૂરી.

૦ **પ્રશ્ન :–** એક પ્રતિક્રમણમાં છ આવશ્યક કઈ રીતે સચવાય ?

**સમાધાન :–** (૧) પ્રતિક્રમણ-સ્થાપના પછી करेमि भन्ते થી આઠ ગાથાના કાઉસ્સગ્ગ સુધી સામાયિક આવશ્યક.

(૨) લોગસ્સ કહેવાય તે ચઉવિસત્થઓ આવશ્યક થયું.

(૩) પછી મુહપત્તિ પડિલેહણ અને બે વાંદણા દેવા પૂર્વક વંદન આવશ્યક થાય.

(૪) પ્રતિક્રમણ માટે દેવસિઅ આલોચના–સાત લાખ–૧૮ પાપ-સ્થાનક અને સવ્વસ્સવિ પછી વંદિત્તુસૂત્રથી આયરિય ઉવજ્ઝાય સુધીનું પ્રતિક્રમણ આવશ્યક.

(૫) પછી કરેમિ ભન્તેથી એક નવકાર સુધી કાયોત્સર્ગ આવશ્યક.

(૬) છેવટે મુંહપત્તિ પડિલેહણ–વાંદણા પૂર્વક પચ્ચક્ખાણ આવ-શ્યક થશે.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજા પણ સાડી ત્રણસોના સ્તવ-નની અઢારમી ઢાળની બીજી ગાથામાં પ્રતિક્રમણની જરૂરીયાત દર્શાવે છે

**મૂલપદે પડિક્કમણું ભાખ્યું પાપતણું અણુકરવું રે**
**શક્તિ ભાવ તણે અભ્યાસે તે જશ અર્થે વરવું રે**

**પ્રશ્ન:—** પ્રતિક્રમણ કરવું જોઇએ તે વાત કબુલ પણ પાંચ પાંચ પ્રતિક્રમણની જરૂર શું ?

**સમાધાન:—** પ્રતિક્રમણ એ દોષ શુદ્ધિ અને ગુણ પુષ્ટિની ક્રિયા છે. દોષ એટલે કચરો. આત્મારૂપી ઘરમાં કર્મરૂપી કચરો એકઠો થાય તેને નિરંતર સાફ કરવો જોઈએ.

દાસબંધુનું બિરૂદ મેળવનાર ચિત્તરંજનદાસ એક વખતના મહાન દેશનેતા હતા. એમની સચ્ચાઇ અને નીતિ નિષ્ઠાનો જોટો ન જડે તેવા હતા. એમના પિતાજી શ્રીમંત હતા પણ તેમની ઉદાર વૃત્તિથી તેઓ અતિ સામાન્ય સ્થિતિના બની ગયા.

એક વખત એક મિત્રને બચાવવા જતા અદાલતે ચાલીશ હજાર રૂપીયા જામીન માગ્યા. ચિત્તરંજનદાસના પિતા જામીન થયા અને મિત્રને આફત મુક્ત કર્યા. પણ પરિસ્થિતિ એવી સર્જાઇ કે ચાલીશ હજાર રૂપીયા દાસબંધુના પિતાજી એ ભરવા પડયા અને તેઓ નાદાર થઈ ગયા.

મોટા થઇને ચિત્તરંજનદાસ ખૂબ કમાયા. એમણે પિતાના જૂના દેવાદારોને બોલાવીને પૈસે પૈસો ચૂકવી દીધો. મિત્રો કહે તમે મુર્ખાઇ કરી રહ્યા છો. પણ ચિત્તરંજનદાસ નિરૂત્તર રહ્યા. ત્યારે બધાંને આશ્ચર્ય થયું.

દાસબંધુ કહે મિત્રો આ અદાલતમાંથી તો છટકી જવાશે પણ ઈશ્વરની અદાલત નહીં છોડે. આ દેવું આજે નહીંતો પાંચ પંદર દિવસે કોઈપણ જન્મમાં ચૂકવવુંજ પડશે.

પ્રતિક્રમણમાં પણ આ દૃષ્ટાન્તને જ તમારે ઘટાવવાનું છે. કષાયની ચોકડી તોડવા માટે નિરંતર પ્રતિક્રમણ કહ્યું. રોજ ન થાય તો પાક્ષિક કરો, પંદર દિવસે પણ ન થાય તો ચાતુર્માસિક કરો તે પણ ન થાય તો સાંવત્સરિક પણ છેલ્લે કરી લેવું.

એક દિવસથી વધારે કષાય ટકે તો સંજ્વલન કષાય થાય, પંદર દિવસથી વધે તો પ્રત્યાખ્યાની થાય, ચારમાસીથી વધે તો અપ્રત્યાખ્યાની થાય અને સંવત્સર કરતાં વધે તો અનંતાનુબંધી કષાયનો ઉદય થતાં જીવ મિથ્યાત્વમાં જાય માટે પ્રતિક્રમણના પાંચ ભેદ કહ્યા છે.

પ્રથમ દૈવસિક પ્રતિક્રમણ કહ્યું તેનો હેતુ आवश्यक નિર્યુક્તિમાં જણાવતાં લખ્યું કે—

"इह यस्माद्दिवसादि तीर्थं दिवस प्रधानं च तस्माद्दैवसिकमादावित्ति—અહીં તીર્થ દિવસ પ્રધાન (મુખ્ય) છે. માટે પ્રથમ પ્રતિક્રમણ દૈવસિક જ છે. ગણધર ભગવંતો તે જ દિવસથી નિત્ય પ્રતિક્રમણ કરે છે.

પ્રતિક્રમણ એટલે માત્ર વંદિતુ સૂત્ર જ નથી પણ સમગ્રવિધિનો ખ્યાલ હોવો જરૂરી છે. જેમકે પ્રતિક્રમણમાં મુખ્ય અંગભૂત સૂત્રોમાં સર્વપ્રથમ ઇરિયાવહી સૂત્ર—જે લઘુપ્રતિક્રમણ રૂપજ ગણાય છે. તેમાં તમે કયા શબ્દો બોલો છો તે યાદ કરો. **ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્ ઇરિયાવહિયં પડિક્કમામિ ?**

દરેક ક્રિયાના આરંભે આ લઘુ પ્રતિક્રમણ મુકયું. ચૈત્યવંદન, સામાયિક કે સ્વાધ્યાય આદિમાં ઇર્યા-પથ પ્રતિક્રમવાનો કહ્યો. તેનો સાર શું ? આપણી સૌથી સામાન્ય ક્રિયા તે ગમનાગમન. આ ગમનાગમન પણ બીજા જીવને પીડાકારી કે દુઃખદાયી બનવું ન જોઇએ.

**દૈવસિક આલોચના સૂત્રઃ**– ની રચના જુઓ પ્રતિક્રમણની ભાવ આરાધના પૂર્વે નિર્મળતા કે નિખાલસતા જરૂરી છે. તેથી ગુરુ-ગમ પૂર્વક મન-વચન–કાયાની સ્ખલના પ્રકાશીત કરવામાં આવે છે. તેને પ્રકાશીત કરી તત્સંબંધિ ખંડણા અને વિરાધનાનું મિચ્છામિદુક્ક-ડમ્ અપાય છે. અને તે હેતુથીજ તેનો ક્રમ પ્રતિક્રમણમાં વંદિતુ સૂત્ર પૂર્વે રખાયો છે.

**સાત લાખ અને અઢાર પાપસ્થાનકનો હેતુ પણ શો ?** મિચ્છામિ દુક્કડમ્નો જ છેને ? બધાં સમૂહમાં બોલો છોને ? "જે કંઈ પાપસેવ્યું હોય—સેવરાવ્યુ હોય–સેવતા પ્રત્યે અનુમોદ્યુ હોય"—તેનું મિચ્છામિ દુક્કડમ્—જોકે પૂછવાનું મન થઈ જાય છે કે સવારમાં શાક સમારતા કદી આંગળીઓ ધ્રુજી છે ખરી ?

આ બધાં સૂત્રોમાં છેલ્લો શબ્દ કયો આવ્યો ?

**મિચ્છામિદુક્કડમ્**

મિચ્છામિદુક્કડમ્ શબ્દ પ્રતિક્રમણનો પ્રાણ છે. કોઇપણ ભૂલ, પાપ, સ્ખલના, દુષ્કૃત, અતિચાર થયા હોય તરતજ **મિચ્છામિ દુક્કડમ્.** મારું દુષ્કૃત મિથ્યા થાઓ. ભદ્રબાહુ સ્વામીજી આવશ્યક નિર્યુક્તિમાં વ્યાખ્યા કરતા જણાવે કે—

मित्ति मिउ मद्दवत्ते–मि એ માર્દવતા દર્શાવે છે. માર્દવતા પદ નમ્રતા કે વિનયવાન થવાનું સૂચવે છે. માંર્દવતા કે નમ્રતા વિના ક્ષમાપના થઇ શકે જ નહીં. વળી વંદિતુ સૂત્રમાં જે પ્રતિક્રમણાર્થે શબ્દો બોલો છો તેમાં પણ निंदे निंदामि, गरिहामि, आलोइअ વગેરે બોલો છોને ? આ નિંદા ગર્હા વગેરે કયારે થઇ શકે ? જો તમારામાં માર્દવતા ગુણ પ્રગટ્યો હોય તો.

મિચ્છામિદુક્કડમ્ દ્વારા હલકો બનેલો આત્મા પ્રતિક્રમણ સૂત્રનો આરંભ કરે તેમાં ત્રણ મહત્ત્વના પગથીયા મુકયા.

पडिक्कमामि–निन्दामि–गरिहामि

(૧) पडिक्कमामि:– प्रतिक्रम् ક્રિયાપદનો વંદિતુ સૂત્રમાં અઢાર વખત પ્રયોગ કર્યો. તેનો અર્થ છે પાપો, દોષો કે અતિચારોમાંથી પાછા ફરવું.

(૨) निंदामि:- निन्द ધાતુનો પ્રયોગ પંદર વખત થયો છે. થયેલા પાપ, દોષ કે અતિચારની આત્મસાક્ષીએ (મનોમન) નિંદા કરવી.

પ્રતિક્રમણ શબ્દને આઠ પર્યાયો વડે જણાવાય છે તેમાંનો એક પર્યાય છે નિન્દા–

નિંદા :- એક રાજાએ સભામંડપ ચિતરવા ચિતારાઓને સરખો ભાગ વહેંચી આપ્યો. તેમાં એક ચિતારાને તેની પુત્રી રોજ ભાત દેવા આવે. તે ચિતારો એક વખત દેહચિંતા માટે ગયેલો. ત્યારે તેની પુત્રી ત્યાં આવી પાસેના રંગો લઈ મોરપીંછ ચીતર્યું. રાજા અચાનક ત્યાં આવ્યો ને મોરપીંછ સાચુંજ હોય તેમ લાગતા હાથ લંબાવી તે લેવા ગયો. એટલે ચિતારાપુત્રી હસી પડી.

રાજાએ પૂછ્યું કે તું હસી કેમ ? ચિતારાપુત્રી બોલી કે અહીં આ સ્થાને મોરપીંછ આવે કયાંથી એટલું પણ વિચાર્યા વગર તમે જે હાથ લંબાવ્યો તે માટે. રાજાને થયું કે આ છોકરી ખૂબ હોંશીયાર જણાય છે માટે તેની સાથે પાણિગ્રહણ કર્યું.

નવી રાણી વિચારે છે કે જો રાજા એક દિવસ આવીને જતો રહેશે તો ફરીને ઘણે મહિને ભાગ્ય હશે તો મિલન થશે. માટે રાજા દરરોજ મારી સાથે રાત્રિ વીતાવે તેવું કંઈક કરું.

દાસીને સમજાવી દીધી કે રાજા નિદ્રાધીન ન થાય તે માટે તારે મને વાર્તા કરવા કહેવું. દાસીએ પ્રથમ રાત્રીથી જ તે વાતનો અમલ શરૂ કર્યો.

ચિત્રકાર પુત્રી એ વાર્તા શરૂ કરી

એક ઘરમાં પુત્રી યૌવન અવસ્થા પામી ત્યારે તેના માતાપિતા અને ભાઇ ત્રણે એક એક મુરતીયા લાવ્યા. હવે ત્રણ વરમાં કન્યા આપવી કોને ? એવું વિચારતા હતા ત્યાં કન્યાને સાપ કરડ્યો. ઝેર ન ઉતરતા કન્યા મરણ પામી.

એક મુરતીયો સાથે બળી મુઓ. એક તપસ્યા કરતો ત્યાં જ રહ્યો. ત્રીજા એ દેવનું આરાધન કરી સંજીવની વડે કન્યા ને જીવતી કરી. તો કન્યા આપવી કોને ?

દાસી કહે આપજ કહો. કન્યા કહે આજે તો મને નીદ્રા આવે છે. કાલે વાત.

બીજો દિવસ થયો. રાજા રાત્રીએ ફરી આવ્યો વાર્તા શરૂ થઇ. રાજા કહે કાલની વાતનો ખુલાસો કરો. રાણી બોલી સાથે બળી મુએલો જીવતો થયો તે સાથે જન્મ્યો ગણાય માટે ભાઈ કહેવાય. જીવાડનાર પિતા તુલ્ય છે. માટે તપસ્યા કરતો સ્નેહપૂર્વક બેઠો રહ્યો તેને કન્યા આપવી.

વળી બીજી વાર્તા શરૂ કરી. તેને અંતે કોયડો મુકયો કે એક હાથના પ્રાસાદમાં ચાર હાથના દેવ બેઠેલા હતા. દાસી બોલી રાણીમા એ કઇ રીતે બની શકે ? રાણી બોલી આજ તો ઉંઘ આવે છે માટે કાલ વાત.

ત્રીજો દિવસ થયો. કૌતુક જાણવા રાજા ફરી રાત્રે આવી ગયો. રાણીને પૂછે છે કાલની વાર્તાનો અંત શો ? રાણી કહે રાજાજી આ તો સાદી વાત છે. એક હાથનો પ્રાસાદ એટલે તેટલા પ્રમાણનો. અને ચાર હાથના દેવ એટલે ચતુર્ભૂજ સમજવા. બોલો રહે કે ન રહે.

આ રીતે છ મહિના વાર્તા ને વાર્તા ના રસમાં પસાર થઇ ગયા. રોજ તેનો રાજા સાથે સુખદ મેળાપ થતો રહ્યો. બીજી રાણીઓ નવી રાણીના છિદ્રો શોધે છે. જ્યારે નવી રાણી રોજ પિતાના ઘેર પહેરતી હતી તે જ વસ્ત્રો પહેરી રાજાના વસ્ત્ર-આભુષણો ઉતારી સામે મુકે અને આત્મ નિંદા કરતી બોલે કે હે જીવ તારો તો આજ વેશ છે. તું તો માત્ર ચિતારાની પુત્રી છે. રાજકુળમાં તો ઘણી મનોહર સ્રીઓ છે. છતાં રાજા તારે ત્યાં આવે છે તે પુન્યોદય સમજ. બાકી ફોગટ ગર્વ કરીશ નહીં. ચિત્રકાર પુત્રીની આ નિંદા તો દ્રવ્ય નિંદા થઇ પણ ભાવ નિંદા શું ?

પુન્યયોગે ચારિત્ર પામી પૂજનિક થા તો ગર્વ ન કરીશ કે હું બહુશ્રુત છું – ચારિત્રવાન્ છું વગેરે.

નવી રાણીની દ્રવ્ય નિંદા પ્રવૃત્તિ બીજી રાણી જાણી ગયા. તેણે રાજાને કહ્યું કે તમારી નવી રાણી તો કંઇક કામણ કરે છે. રાજાએ એકાંતે રહી તે સર્વ જોયા કર્યુ–સાંભળ્યા કર્યું. ઘણો ખુશ થયો કે મારી રાણી આવી રાજરાણી છતાં તેનું મન કેટલું સંતોષી અને નિર્મલ છે. ખરેખર તે પટ્ટરાણી પદને લાયક છે. અને તેને પટ્ટરાણી બનાવી.

निंदामि જેવા બીજો મહત્વનો શબ્દ છે. आलोयणा–આલોચના. आलोउं–आ+लुच નો અર્થ છે વિચારવું કે પ્રકાશિત કરવું.

સામાન્ય અર્થમાં આલોચના એટલે ગુરુ સમક્ષ સ્વદોષોનું પ્રકાશન અને પ્રાયશ્ચિત ગ્રહણ કરવું તે છે. મન-વચન-કાયાની પ્રવૃત્તિઓ અતિ સૂક્ષ્મ હોવાથી તેમજ આત્મા સતત સાવધાન ન રહેતો હોવાથી પ્રતિક્રમણ સમયે બધી આલોચના-પાપદોષ યાદ ન આવે. કોઇ અતિચાર કે દોષ અનાલોચ્ય રહે તો તેવા સૂક્ષ્મ અતિચારોનું પ્રતિક્રમણ આવશ્યક છે.

વંદિત્તા સૂત્રમાં આ પદ ચાર વખત પ્રયોજાયેલ છે અને તે સમગ્ર પ્રતિક્રમણના હાર્દનું દર્શન કરાવે છે.

एवं अट्ठविहं कम्मं राग दोस समज्जिअं
आलोअंतो अ निंदंतो खिप्पं हणइ सुसावओ

આ રીતે રાગ દ્વેષથી ઉપાર્જેલ આઠ પ્રકારના કર્મની આલોચના અને નિંદા કરતો સુશ્રાવક જલ્દીથી કર્મ ખપાવે છે.

આલોચનાનો સ્પષ્ટાર્થ તો છે જ કે ગુરુ સમક્ષ પોતાના પાપને પ્રગટ કરતો —

आ अभिविधिना सकल दोषाणां, लोचना गुरु पुरतः प्रकाशन आलोचना ભગવતી સૂત્રના ૧૭ માં શતકના ત્રીજા ઉદ્દેશામાં જણાવ્યું કે —

(आ) મર્યાદા પૂર્વક સઘળા દોષોની —

(लोचना :–) ગુરુ આગળ પ્રકાશના. તેનું નામ આલોચના.

બીજા અર્થમાં કહીએ તો અપરાધની મર્યાદા પૂર્વક આચાર્ય વગેરે સમક્ષ નિરીક્ષણ કરવું તે. आलोचना માટે શાસ્ત્રકાર મહર્ષિએ विकटना-शुद्धि, सद्भावदापना, निंदा, गर्हा, विकुट्टन, शल्योद्धार એટલા પર્યાયો દર્શાવ્યા છે.

તમે પણ પ્રતિક્રમણ કરવાનો આદેશ ગુરુ મહારાજ પાસે માંગો છો ને ? પણ શેનું પ્રતિક્રમણ કરો છો ?

सव्वस्स वि देवसिअ........દિવસ દરમ્યાનના દુષ્ટ (ખરાબ) ચિંતવનનું યાને માનસિક અતિચારોનું, દુષ્ટ ભાષણ એટલે કે સાવદ્ય વાણી વ્યાપારનું, વાચિક અતિચારોનું અને દુષ્ટ ચેષ્ટા યાને ખરાબ કાર્યો કે કાયિક અતિચારોનું. હે ભગવન્ ! આપની ઇચ્છાએ કરીને. (મને પાછા હઠવા-આલોચન કરવા અનુજ્ઞા આપો) ત્યારે ગુરુ મહારાજ કહે

पडिक्कमेह તું પ્રતિક્રમણ કર.

આ સૂત્રને પ્રતિક્રમણનું બીજ સૂત્ર કહ્યું છે. ધર્મસંગ્રહમાં પણ લખ્યું કે इदं च सकल प्रतिक्रमण बीजभूतं ज्ञेयम्.

પ્રતિક્રમણની સ્થાપના પૂર્વે પણ એટલા માટે જ **ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિઅ પડિક્કમણું** ઠાઉં ? કહ્યું.

પ્રતિક્રમણની જે શરૂઆત કરી તેનો લાભ દર્શાવવા માટે आलोयणा પદ દ્વારા વંદિતા સૂત્રમાં એક ગાથા દર્શાવી—

कयपावोवि मणुस्सो आलोइअ निंदिअ गुरुसगासे
होइ अइरेग लहुओ ओहरिअ भरुव्व भारवहो

ગુરુ મહારાજના આદેશ મુજબ પ્રતિક્રમણ કરી આલોચના–નિંદા દ્વારા મનુષ્ય હલકો (બોજ વિહિન) થાય છે. તે દર્શાવવા એક સુંદર ઉપમા આપી. ભાર ઉતારેલા મજુરની.

જેમ માથા ઉપર બોજો લઈને જતો મજુર ભાર ઉતારતા હળવો ફૂલ બની જાય છે. તેમ ગુરુ સમક્ષ આલોચનાદિ કરવાથી–પાપનો એકરાર કરવાથી.–પ્રાયશ્ચિત દ્વારા મનુષ્યના મનમાંથી શલ્ય નીકળી જાય છે અને તે જીવ ભારવિહિન એટલે કે હળવો બને છે. પછી પાપના પ્રસંગે કે પાપ સ્મરણ થતાં ગુરુદત્ત પ્રાર્યશ્ચિત યાદ આવશે, ઉપદેશ યાદ આવશે, અને પુર્વ ગાથામાં જણાવેલ खिप्पं हणइ सुसावओ– પદો અનુસાર શ્રાવક રાગદ્વેષથી ઉત્પન્ન થયેલા આઠ કર્મોને હણવાવાળો થશે.–એટલે કે આત્મામાં લઘુતા આવે–સ્વપર દોષ નિવૃત્ત થાય સરલતા આવે–શુદ્ધિ થાય અને કર્મ ક્ષય થાય.

गर्हा – ત્રીજું પગથીયું છે ગર્હા. गरिहामि. થયેલા પાપ દોષો કે અતિચારોની ગુરુ સાક્ષીએ નિંદા કરવી અને તે માટે તું પ્રાયશ્ચિત ગ્રહણ કર. गर्हा શબ્દ પ્રતિક્રમણનો પર્યાય છે. તે અંગે એક શાસ્ત્રીય પ્રસંગ આવે છે.

એક ગામમાં એક બ્રાહ્મણ અધ્યાપક રહેતા. તેની વય મોટી હતી. પણ તેની પત્ની તરૂણ–અવસ્થા વાળી હતી. એક વખત અધ્યાપકે તેને કહ્યું કે કાગડાને બલી આપ. તો તેણી બોલી કે હું કાગડાથી બીવું છું. વળી કયારેક અધ્યાપકે કોઈ પુરુષને બોલાવવા કહ્યું તો તે સ્ત્રી બોલી કે હું પુરુષો સાથે વાત કરતી નથી.

એક વિચક્ષણ છાત્રને થયું કે આ કંઇ બીવે તેવી લાગતી નથી અને તેના લક્ષણ પણ સારા નથી માટે કુલટા લાગે છે.

अत्याचारमनाचार मत्या-र्जवमनार्जवम्
अति शौचमशौचं च षड्विधं कुट लक्षणम्

જ્યાં અતિઆચાર બતાવાતો હોય ત્યાં અનાચાર હોય છે અતિ સરલતા બતાવવામાં આવે ત્યાં કપટ હોય છે. જ્યાં અતિ પવિત્રતા દર્શાવાય છે ત્યાં અપવિત્રતા હોય છે એટલે કે અતિઆચાર–અનાચાર, અતિસરલતા–અસરલતા, અતિપવિત્રતા–અપવિત્રતા છ એ કુટ લક્ષણો છે.

એક વખત તે છાત્રે જોયું કે રાત્રે તે સ્ત્રી નદી ઉતરી-તપાસ કરતાં ખબર પડી કે રોજ રાત્રે નદી તરીને સામે કિનારે જઇ ગોવાળીયાને મળીને દુરાચારમાં મસ્ત બને છે.

એક વખત ખોટે કિનારે ઉતરેલા ચોરને મગરે પકડયો ત્યારે તેણી બોલી કે મગરની આંખો દાબી દે તો તને છોડી મુકશે. ત્યારે છાત્રને થયું કે આ સ્ત્રી સાહસિક અને ક્રુર પણ લાગે છે. તે છાત્ર બોલ્યો.

दिवा बिभेति काकेभ्यो रात्रौ तरति नर्मदाम्
कुतीर्थान्यपि जानासि जलजंत्वक्षिरोधनम्

તે સ્ત્રી પણ નફ્ફટ થઇ બોલી કે શું કરું તારા જેવો યુવાન મારી ઇચ્છા નથી કરતો માટે ત્યાં જાઉં છું. પછી બંને પાપમાં લપટાયા એટલે તરુણ સ્ત્રીએ પોતાના પતિને મારી નાખી પેટીમાં પુરી દીધો.

કોઈ વ્યંતરીએ તેના પાપથી કોપાઇને પેટીને માથા પર ચોંટાડી દીધી. પેલી સ્ત્રી બધે જ રોતા રોતા કહેતી ફરે છે કે પતિને મારનારી એવી મને ભિક્ષા આપો. એમ ભટકતા કોઇ સાધ્વીજી મલ્યા. તેને નમવા જતાં પેટી છુટી ગઈ. તેણે ચારિત્ર ગ્રહણ કર્યું. અહીં પર-સાક્ષીએ કરેલ નિંદા ને ગર્હા કહેવાય છે.

એટલે જ પ્રતિક્રમણ સૂત્રની છેલ્લી ગાથા મુકી एवमहं आलोइअ निंदिअ गरहिअ.......... એ પ્રમાણે હું આલોચના કરીને, નિંદા કરીને, ગર્હા કરીને, અણુગમો વ્યક્ત કરીને સમ્યક્ રીતે મન-વચન-કાયા વડે પ્રતિક્રમણ કરતો સ્વભાવ દશા પ્રાપ્ત કરીને ૨૪ જિનને વંદુ છું — **સ્વભાવ દશાની પ્રાપ્તિ એટલે જ "ચાલો ઘરમાં વસીએ"**

## ( ૨૪ ) પ્રતિક્રમણ—ઈરિયાવહી

—રે ભાઈ ! તું ચાલતા શીખ

प्रति प्रति वर्तनंवा शुभेषु योगेषु मोक्षफलेषु
निःशल्यस्य यतेर्यंत् तद्वा ज्ञेयं प्रतिक्रमणम्

(પાપ કર્મોની નિંદા, ગર્હા, આલોચના કરીને) નિઃશલ્ય થયેલા એવા યતિનું મોક્ષફળ આપનાર શુભ યોગોને વિશે પુનઃ પુનઃ પ્રવૃત્ત થવું તે જ પ્રતિક્રમણ જાણવું.

મોક્ષને માટે યત્ન કરે તે યતિ. આવા યતિ પાપકર્મોની નિંદા, ગર્હા, અને આલોચના કરીને નિઃશલ્ય થાય. આચારાંગ સૂત્રમાં જણાવે છે કે હિંસાદિ મહાદોષોના આચરણ વડે પૂર્વે ઉત્પન્ન થયેલાં તથા નિંદા–ગર્હા અને આલોચના રૂપ પ્રતિક્રમણ કર્યા વિના રહી ગએલા પાપકર્મોના ફળો ભોગવ્યા પછી જ મુક્તિ મળે છે. પણ ભોગવ્યા વિના મુક્તિ મળતી નથી. માટે પુનઃ પુનઃ પ્રવૃત્ત થઈ પ્રતિક્રમણ કરવાનું જણાવ્યું.

લોકમાં કહેવાય છે કે મનુષ્ય માત્ર ભૂલને પાત્ર. આ જ વાતમાં શાસ્ત્રકાર શું કહે છે ? છદ્મસ્થ માત્ર ભૂલને પાત્ર. કર્મના આવરણ નીચે રહેલા આત્માની ભૂલ થાય તેમાં કોઈ આશ્ચર્ય નથી. ચાર જ્ઞાનના ધારક, અનંત લબ્ધિ નિધાન ગૌતમ સ્વામીને પણ આનંદ શ્રાવકના પ્રશ્ને સ્ખલના થઇ. પણ આ ભૂલરૂપી વિષને મારવાનો વિધિ શો હોઇ શકે તે વિચારો તો માત્ર એક ઉત્તર તમને મલશે.

એકજ ઉત્તર–**પ્રતિક્રમણ.**

અમદાવાદને વસાવનાર અહમદશાહના જમાઇએ એક નિર્દોષ માનવીનું ધોળે દિવસે ખૂન કર્યું. તેના મનમાં ગર્વ હતો કે હું તો બાદશાહનો જમાઈ છું. ગમે તેમ વર્તું તો પણ મને પૂછનાર કોણ ?

કાઝી સમક્ષ ફરિયાદ આવી. બાદશાહનો જમાઈ ગુનેગાર ઠર્યો. કાઝીએ બાદશાહના જમાઇને મોતની સજા ફટકારી. ફેંસલા માટે કાગળીયા પર સહી કરવા બાદશાહને મોકલાયા. બાદશાહે કાગળીયા વાંચ્યા સહી કરી. કેમકે તેને મન સગપણ કરતાં ન્યાય વધુ મહત્વનો હતો.

સહી કરતા નીચે નોંધ પણ મુકી કે મારી પુત્રી વિધવા બનશે તે વાતનું મને દુઃખ જરૂર થશે, પરંતુ જેના સુખ વિશે હું ચિંતિત છું તેવી પ્રજા સાથે અન્યાય કરવાની ભૂલ કરુ તો કયામતને દિવસે ખુદાને શો જવાબ આપી શકીશ ?

આપણે પણ આ વાત જ લખી કે અનાલોચ્ય કર્મ ભોગવ્યે જ છુટકો થાય. એટલે જ નાનામાં નાની ભૂલ માટે પણ ઈરિયાવહી પ્રતિક્રમણ મુકયું.

સો ડગલાં વસ્તી બહાર ચાલ્યા કે ઇરિયાવહી, કાજો લેવો કે પરઠવવો છે તો ઇરિયાવહી, ચૈત્યવંદન કરવાનું હોય તો પણ પૂર્વે ઇરિયાવહી. જાણેકે સાધકના જીવનમાં વણાઈ ગઇ હોય તે રીતે ઇરિયાવહીનો ઉપયોગ મુકયો.

એક નવા નવા પૌષધ કરતા શ્રાવકને થયું કે આ વારંવાર ઇરિયાવહી કરવાનું કેમ મુકયું હશે ? ત્યારે તેને સમજાવ્યું કે ભાગ્યશાળી ! પૌષધ એ સાધુ જીવનની પ્રેકટીસ છે.

સહેજ કાચું પાણી અડી ગયું તો અપૂકાયની વિરાધનાનો ભય લાગે–વનસ્પતિ કચડાઈ જાય તો જીવ વિરાધનાથી મનમાં કમકમાટી ઉઠવી જોઇએ. આવા પ્રકારે મનમાં કંપન કે ધ્રુજારી થાય તેવો ભાવ ઉત્પન્ન કરવા અને થયેલી ભૂલોના પ્રતિક્રમણ માટે ઈરિયાવહી મુકી છે.

પ્રતિક્રમણ એ આત્મ નિરીક્ષણ, જીવનનું પર્યાલોચન કે ભાવશુદ્ધિકરણ માટેની ક્રિયા છે અને ઇરિયાવહી એક લઘુ પ્રતિક્રમણ જ છે.

આવશ્યક બાલાવબોધમાં એક દૃષ્ટાન્ત આપ્યું કે કોઈ માળીને સુંદર માલા તૈયાર કરવી હોય તો પ્રથમ બગીચાનું અવલોકન કરશે. પછી કેટલાંક ફૂલોને ચુંટશે. ત્યાર પછી કળી અને પૂર્ણ ખીલેલા સુંદર ફૂલોનો ભાગ પાડી તેમાંથી સુંદર ફૂલોને પસંદ કરશે અને તેની માલા બનાવશે.

તેજ રીતે પ્રતિક્રમણમાં પ્રથમ ગતજીવનનું અવલોકન કે નિરીક્ષણ કરી, સત્–અસત્ કાર્યો જુદા પાડી તેનું પર્યાલોચન કરવું અને અસત્ અંશો માટે પશ્ચાતાપ કરવો.

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઇરિયાવહિયં પડિક્કમામિ ? હે ભગવન્ આપ સ્વ-ઇચ્છાએ અનુજ્ઞા આપો તો હું ઇર્યાપથ સંબંધિ

પ્રતિક્રમણુ કરું. ત્યારબાદ ગુરુનો આદેશ પામી પ્રતિક્રમણ કરે. -પણ પ્રતિક્રમણ શેનું કરવાનું ?–

(૧) ગમનાગમન કરતાં–ત્રસ જીવ, બિયાં, લિલોતરી, ઝાકળ, પાણી, કીડીનાં દર, સેવાળ, કાચું પાણી, માટી, કરોળીયાના જાળા વગેરે ચંપાયા હોય.

(૨) જતાં–આવતા એકેન્દ્રિયાદિ પાંચેની કંઇપણુ વિરાધના થઈ હોય. ઠોકર લાગે, ધૂળ વડે ઢંકાઈ જાય, ભોંય સાથે ઘસાય, દુઃખ ઉપજાવાય, ખેદ પમાડાય, બીવડાવાય વગેરે સંબંધિ જે કંઇ પ્રકારની વિરાધના થઈ હોય.

—તે સર્વેનું મિચ્છામિ દુક્કડમ–

જૈન શ્રેયસ્કર મંડળ દ્વારા પ્રકાશીત પંચ પ્રતિક્રમણુની પાંચમી આવૃત્તિના પૃષ્ઠ-૩૦ પર જણાવેલ છે કે ઈર્યાપથિકી ક્રિયા શરીરની જવા આવવાની ચેષ્ટાથી લાગે છે. તેથી કર્મ બંધાય છે. આ ક્રિયા પહેલાથી તેરમાં ગુણઠાણા સુધી હોય છે. તેથી કેવલી ભગવંતોને પણ લાગે છે. તેમને પણુ વેદનીયકર્મ બંધાય છે.

માટેજ આજનું શિર્ષક રાખ્યું, **રે ભાઇ ! તું ચાલતા શીખ**

આ ઇરિયાવહી સૂત્રના ચાર મુખ્ય ભાગ છે (૧) ઇરિયાવહિયા (૨) વિરાહણા (૩) પ્રતિક્રમણ (૪) ઇચ્છામિ–સ્વેચ્છાપૂર્વક.

(૧) **ઇરિયાવહિયાઃ**– "જવા આવવાની ક્રિયામાં થયેલી" આ વાત દર્શાવવા સૂત્રમાં ગમણાગમણે શબ્દોથી ઈરિયાવહીનો અર્થ સ્પષ્ટ કર્યો.

જવા-આવવાથી હિંસાનો સંભવ કઈ રીતે ? તે સમજાવવા पाणक्कमणे થી संकमणे સુધીના પદો દ્વારા જે જીવોની હિંસાનો સંભવ છે તેનો સંચય દર્શાવ્યો.

(૨) **વિરાધના:**– શબ્દથી अभिहया वत्तिया વગેરે દશ શબ્દો આપ્યા કે જે હિંસા થવાનું સ્વરૂપ પ્રગટ કરે છે. પણ વિરાધના એટલે શું ?

## — પ્રાણીને દુઃખ ઉપજાવવું તે વિરાધના —

विराध्यन्ते दुःखं स्थाप्यन्ते प्राणिनो ऽ नयेति विराधना–જેના વડે પ્રાણી દુઃખમાં મુકાય તે વિરાધના.

મુન્દ્રામાંથી મુસાફરો ભરી સાગરના સેંજળ-પાણી ખાંપીને નવા-

નગરના બેડી બંદરે પાછા વળવા દરિયા કાંઠે વહાણ લાંગરીને બેડી ગામનો વાઘેર જુસબ પટેલ ઉભો છે. તે દી' જુસબ પટેલનું વહાણવટું વખણાય. કચ્છના મુન્દ્રા અને બેડી વચ્ચે તોતીંગ વહાણો ઝાપટું દે. જુસબ તો ઓલીયો આદમી—જબાનનો પાકો ને સમંદરમાં મીઠાં મહેરામણ જેવો.

વહાણ બેડી પહોંચવા આવ્યું. ખલાસીઓએ ભાડું ઉઘરાવવું શરૂ કર્યું. તે દી' પાંચ કોડી ભાડું.... ખલાસીઓએ જોયું કે મધ્યભાગમાં એક ફકીર બેઠો છે પડખે બે બાળકો છે. ખલાસીએ વેણ કાઢયા "લાવો ત્રણેનું ભાડું" ફકીરે ખલાસી માથે મીટ માંડી ને બોલ્યા ભાઇ ! હું તો ફકીર છું.

ફકીર હો કે ફિરસ્તો મને તો ભાડું ખપે. ભાઈ ! હું તો દુઆ દઉં બાકી ભાડું કયાંથી આપું ? ઓલિયા હો કે ટેલીયાં ભાડું લાવ એટલું બોલતા તો તેણે જમૈયો કાઢયો.

મુસાફરો તો આ જોઇ હેબત ખાઈ ગયા. ભાઇ તારે ભાડું જોઇતું હોય તો મારી પાસે નથી. પણ ખલકને ખજાનાની ખોટ નથી. મારા બે દીકરા પાતાળ ફાડીને ભાડું લાવશે. કહી બંને છોકરાને ફકીરે દરિયામાં ફેંકયા.

વહાણમાં હાહાકાર થઈ ગયો. જુસબ પટેલને કાને દેકારો પડયો. ભર્યા વહાણમાં ડણક દીધી શું છે ? વાતનો તાળો મેળવ્યો. ફકીરના પગે પડી દુઆ માંગી. છોકરાને ઉગારવા વહાણને ટાપુ ફરતું ઘુમરે ફેરવ્યું. ત્યાં તો બંને છોકરા ટાપુના તળીયેથી એક એક મુઠ્ઠી વાળીને પાણીની ઉપર આવ્યા. બંને છોકરાએ હાથની મુઠ્ઠી ઉઘાડી. એક એક સફેદ સાચું મોતી ઝગારા મારી રહ્યું હતું સૌ તાજુબ થઇ ગયા.

નવાનગરના ધણીને વાત પૂગી. જામ સાહેબે ફકીરનું શાહી સન્માન કર્યું. અંતરથી આદર દીધાં. ફકીર કહે, બાપુ ! તમે તો નવા-નગરના ધણી અને હું ખુદાનો બંદો. તમને શું આપું ? પણ મારી દુવા છે કે પરવર દિગાર નવાનગરના દરિયાકાંઠે સાચા મોતી પકવશે.

આ પછી નવાનગરનો ખજાનો સાચા મોતીથી ભરાયો અને હજરત પીર દાદા સાહેબની દરગાહ આજે પણ (નવાનગર) વર્તમાનમાં જામનગરમાં નાગનાથના નાકા પાસે કુંભારવાડામાં મોજુદ છે.

આ રીતે ફકીરને દુઃખમાં પાડયો તે એક પ્રકારે વિરાધના થઈ. તે

રીતે ઇરિયાવહી સૂત્રમાં પણ વિરાધનાને સમજાવતા જુદા જુદા પદો મુકયા. अभिहया - લાતે મરાયા હોય, वत्तिया – ધુળ વડે ઢંકાયા હોય, लेसिया - ભોંય સાથે ઘસાયા હોય, संघाइया - અરસ પરસ શરીરો વડે અફળાવાયા હોય, संघट्टिया થોડો સ્પર્શ કરાયો હોય, **પરિયાવિયા**–પરિતાપ કે દુઃખ ઉપજાવાયું હોય, किलामिया–ખેદ પમાડ્યા હોય उदविया – બિવડાવ્યા કે અતિશય ત્રાસ પમાડાયો હોય, ठाणाओ ठाणं संकामिया – એક સ્થાનેથી બીજે સ્થાને ફેરવાયા હોય, जीवियाओ ववरोविया–જીવીતથી છૂટા કરાયા હોય એટલે કે મારી નખાયા હોય.

પણ કોને ? એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય કે પંચેન્દ્રિયને........ તે સર્વે વિરાધનાનું મિચ્છામિ દુકકડમ્

**(૩) ઇચ્છામિ (૪) પડિક્કમિઉં**-બંને શબ્દોના સાર રૂપે છેલ્લે મુકાયું મિચ્છામિ દુકકડમ્

પણ આ વિરાધના થાય કયારે ? **ઇરિયા વહિનો પ્રથમ હિસ્સો વિચારો** — गमणागमणे માં જવા-આવવાની ક્રિયામાં —मिच्छामि दुक्कडम् તો દર્દ પછીની દવા છે. પણ દર્દ જ ઉત્પન્ન ન થાય તે માટે શું કરવું ? એક જ જવાબ **રે ભાઇ ! તું ચાલતા શીખ.**

મહારાષ્ટ્રમાં પુના શહેરમાં એક ડોકટર રહે. તેનું નામ અણ્ણા સાહેબ પટવર્ધન. તે શહેરમાં અત્યંત લોકપ્રિય. ખૂબ જ સીધું સાદું જીવન વીતાવે. ખાવાપીવામાં પણ નિયમીત. અને શહેરના આદરણીય તથા સન્માનનીય પુરુષ હતા. માત્ર એક પાન ખાવાની ટેવ ઘણી. ઘેર બેઠા હોય ત્યારે રસ્તા પર પડતા ઝરુખામાં બેસી પાન ખાધાં કરે.

એક દિવસ પાન ચાવતાં રસ્તા પર પીચકારી મારી. તે સમયે ત્યાંથી પસાર થનારના કપડાં પર પડતાં કપડામાં લાલ ડાઘ લાગી ગયાં. તે માણસે ઉપર જોયું તો અણ્ણા સાહેબ. આવા સન્માનનીય પુરુષને શું કહેવું તેમ માની રાહદારી તો ચાલતો ગયો.

ડોકટર સાહેબને થયું કે રાહદારીનો ખૂબ આભાર કે તે કશું બોલ્યો નહીં. પણ મારા આ વર્તનથી કેવી વિડંબના થઈ. ત્યાં જ જીવનભર પાન ન ખાવાની પ્રતીજ્ઞા કરી.

આજ રીતે જીવોની કીલામણા થાય ત્યારે જીવો તો કશું બોલતા નથી પણ જે વિરાધના થઇ તેનું પ્રતિક્રમણ શું ? પાપથી પાછા હઠવું

તે. જેમ અણ્ણાસાહેબ પટવર્ધને શું પ્રતિક્રમણ કર્યું ? પાન જ છોડી દીધાં.

તેમ ઇરિયાવહીમાં ઇચ્છાપૂર્વકનું પ્રતિક્રમણ તે મિચ્છામિ દુક્કડમ્ કરવું તે. માત્ર મિચ્છામિ દુક્કડમ્ જ નહીં પણ ફરીથી તેમ ન થાય તેવો પ્રયત્ન કરવો.

આવશ્યક નિર્યુક્તિમાં મિચ્છામિ દુક્કડમ્નો અર્થ જણાવતા ચૌદ પૂર્વધર ભદ્રબાહુસ્વામીજી જણાવે છે કે

मित्ति मिउमद्दवत्ते छेत्ति उदोसाण छायणे होति

- मि – માર્દવતાનો અર્થ જણાવે છે.
- छ – અસંયમાદિ દોષોના છાદનનો નિર્દેશક છે.
- मि – ચારિત્રની મર્યાદામાં છું તેવો ભાવ સૂચવે છે.
- दु – દુષ્કૃત આત્માને હું નિંદુ છું એવો અર્થ છે.
- क (क्क) – મેં પાપ કર્યું છે એવા દોષને પ્રગટ કરે છે.
- ड – તે પાપને ઉપશમ વડે બાળી નાખું છું.

" मिच्छामिदुक्कडम् " સમગ્ર પદનો અર્થ એવો કરી શકાય— હું વિનમ્ર-મૃદુ થઇને, અસંયમાદિ દોષોનું છાદન કરતો, ચારિત્રની મર્યાદામાં રહેલો, દુષ્કૃત કર્તા એવા મારા આત્માને નિંદું છું— તે પાપ મેં કર્યું છે એવો એકરાર કરું છું અને દુષ્કૃતને ઉપશમ વડે બાળી નાખું છું ( કષાયના ઉપશમ વડે તેનું ઉન્મૂલન કરુ છું.)

મનમાં આવા પ્રકારનો ભાવ લાવીને પ્રતિક્રમણ કરવાનું છે, મિચ્છામિદુક્કડમ્ એ પ્રતિક્રમણના બીજરૂપ મંત્ર છે. પુનઃ પુનઃ મનનીય છે. કોઇપણ જીવનો અપરાધ ખમાવાનો ભાવ છે.

શાસ્ત્રકાર મહર્ષિ ઇરિયાવહી પ્રતિક્રમણના ૧૮ લાખ, ૨૪ હજાર, ૧૨૦ ભાંગા જણાવે છે. કેવી રીતે તે સમજી રાખો.

- જીવના ભેદ કેટલા ? ૫૬૩
- વિરાધનાના પ્રકાર કેટલા ? અભિહયાદિ ૧૦
- રાગથી દ્વેષથી થાય તે–૨
- કાળ કેટલા ? ભૂત - વર્તમાન–ભાવિ. ૩.
- યોગ કેટલા ? મન - વચન - કાયાનો યોગ–૩
- કરવું–કરાવવું–અનુમોદવું રૂપ ૩
- સાક્ષી કેટલી ? છ—અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરૂ, આત્મા.

જીવ ૫૬૩ × ૧૦ વિરાધના = ૫૬૩૦ × ૨ રાગાદિ = ૧૧૨૬૦ × ૩ યોગ = ૩૩૭૮૦ × ૩ કાળ = ૧૦૧૩૪૦ × ૩ કરણુ = ૩૦૪૦૨૦ અને ૩,૦૪,૦૨૦ × ૬ સાક્ષી = ૧૮,૨૪,૧૨૦

*( નોંધ : પ્રબોધ ટીકાને આધારે આ ભેદ નોંધ્યા છે.)

આવા પ્રકારે યોગથી, કરણુથી, કાળથી વગેરે ભેદાએ મિચ્છામિ-દુક્કડમ્ આપનાર અઇમુત્તા મુનિ કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

[ઉપદેશ પ્રાસાદ વ્યાખ્યાન : ૮૪ માં શ્રીમદ્ વિજય લક્ષ્મીસૂરિજી મહારાજાએ અઇમુત્તા મુનિની કથાનું આલેખન કર્યું છે.]

પોલાસપુર નગરમાં વિજય રાજા અને શ્રીદેવી રાણીને અતિમુક્ત નામે પુત્ર હતો. તે છ વર્ષનો થયો તે વખતે ગૌતમ સ્વામી છટ્ઠને પારણે ગોચરી માટે જતા હતા. તેને જોઇને કુમારે પૂછ્યું કે આપ કોણ છો ? કેમ ફરો છો ?

ગૌતમ સ્વામી બોલ્યા અમે સાધુ છીએ અને ગોચરી માટે ફરીએ છીએ. અતિમુક્ત કુમાર કહે ચાલો હું તમને ભિક્ષા અપાવું. આ પ્રમાણે કહી પોતાને ઘેર ભિક્ષા વહોરાવવા લઇ ગયો. ફરી તે કુમારે પૂછ્યું, ભગવન્ ! આપ કયાં રહો છો ? ગૌતમ સ્વામી બોલ્યા, વીર પરમાત્મા મારા ગુરૂ છે, અમે તેની સાથે રહીએ છીએ. બાળક પણ તેની સાથે ચાલ્યો. ભગવંતની વાણી સાંભળી ઘેર આવીને કહ્યું કે હે માતા પિતા હું સંસારથી નિર્વેદ પામ્યો છું અને મારે દીક્ષા લેવી છે.

વત્સ તને શું ખબર પડે "દીક્ષા કોને કહેવાય" ? ત્યારે અતિ-મુક્ત કુમારે જવાબ વાળ્યો. હે તાત ! હું જાણું છું તે નથી જાણુતો અને નથી જાણુતો તે જાણું છું.

માતા પિતા કહે, કેવી રીતે ? કુમારે શીઘ્ર પ્રત્યુત્તર વાળ્યો કે જન્મ્યો તેનું મરણુ અવશ્ય છે તે હું જાણું છું પણુ મરણુ કેવી રીતે થશે તે નથી જાણુતો. વળી હું તે નથી જાણુતો કે જીવ કેવા કર્મોથી નારકીમાં જાય. પણુ હું એટલું જરૂર જાણું છું કે જીવ પોતાના કરેલા કર્મ વડે જ ગતિને પામનારો થાય છે.

આ પ્રમાણે માતા-પિતા સાથે સંવાદો કરી માતા-પિતાને સમ-જાવ્યું કે તે શા માટે દીક્ષા લેવા-ચારિત્ર ગ્રહણ કરવા તૈયાર થયો છે. માતા પિતાની સંમતિ પૂર્વક છ વર્ષની ઉંમરના અતિમુક્ત કુમાર બન્યા- अइमुत्ता मुनि અતિમુક્ત મુનિ.

એક વખત સ્થવિર મુનિવર સાથે સ્થંડીલ જતા અતિમુક્ત મુનિએ જોયું કે માર્ગમાં પ્રથમ થયેલી મેઘવૃષ્ટિને લીધે ખાડાઓમાં પાણી ભરાયા છે. નાના બાળકો ખાખરાના પાનના નાવડા બનાવી તરાવી રહ્યા છે.

અતિમુક્ત મુનિએ પણ પોતાનું પાત્ર પાણીમાં તરવા મુકયું. "આ મારું નાવ તરે છે" તેમ બોલતા હર્ષથી નાચી ઉઠયા. ત્યારે સ્થવીર મુનિએ તેમ કરતાં અટકાવીને પ્રભુ પાસે લાવ્યા. સ્થવીર મુનિએ પ્રભુને ફરીયાદ કરી કે આ છ વર્ષનો બાળક જીવરક્ષામાં શું જાણે? પ્રભુ કહે તમે તેને સમજાવીને ભણાવો, તે તમારી પહેલાં કેવળી થશે.

અતિમુક્ત મુનિ તો ભણતાં ભણતાં ૧૧ અંગના જ્ઞાતા થઈ ગયા. એક વખત પૂર્વ કરેલી ક્રિયાનું સ્મરણ થયું.

**લાજ ઘણી મનમાંહી ઉપની સમોવસરણમેં આવ્યો**
**ઇરિયાવહી પડિક્કમતા અઇમુત્તો ધ્યાન શુકલ મન ભાવ્યો**
**કેવલજ્ઞાન તિહાં ઉપન્યો, ધન ધન મુનિ અઇમુત્તો**
**શુદ્ધ મને ચારિત્ર પાલીને, તે મુનિ મુગતે પહોચ્યો.**

અઈમુત્તા મુનિ આત્મનિંદા કરતા સમવસરણમાં આવ્યા. ઇરિયાવહી પ્રતિક્રમતા પોતે કરેલ સચિત્ત પાણીની અને માટીની વિરાધનાના સ્મરણમાં જ શુકલ ધ્યાનની ધારાએ ચઢી ઘાતીકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા.-- માત્ર ઇરિયાવહીના બળે કેવળજ્ઞાન —

**તેથી જ કહ્યું કે, રે ભાઇ! તું ચાલતા શીખ.**

શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યુ છે કે —

अपडिक्कंताए ईरियावहिआए न कप्पइ चेव
काउं किंचि वि चिइवंदण सज्झायज्झाणाइअ

શ્રી દશ વૈકાલિક સૂત્રની વૃત્તિમાં શ્રીમદ્ હરિભદ્ર સૂરિજી પણ આ જ વાત જણાવતાં લખે કે–

ईर्यापथ प्रतिक्रमणमकृत्वा नान्यत् किमपि कुर्यात् तदशुद्ध ताऽऽपत्त

*ઇર્યાપથ પ્રતિક્રમણ વિના સામાયિક, પ્રતિક્રમણ, સજઝાય, ચૈત્યવંદન અન્ય કંઇ કરવું ન કલ્પે કારણ કે તે અશુદ્ધ થવાનો સંભવ છે,

*ઈરિયાવહી એટલે આ એક સૂત્ર નહીં પણ તસ્સ ઉત્તરી–અન્નત્થ અને લોગસ્સ સહિતની વિધિ આખી છે. પરંતુ તસ્સ ઉત્તરી અને અન્નત્થની સમજ કાયોત્સર્ગ વિભાગમાં આપેલી છે. અને લોગસ્સ સુત્ર ચઉવિસત્થઓમાં વ્યાખ્યાયિત થયેલ છે. માટે અહીં માત્ર ઈરિયાવહીની વિસ્તૃત ચર્ચા કરેલી છે.

ઇરિયાવહી સૂત્રની મહત્તા આગમ-શાસ્ત્રમાં કેટલી આંકી હશે કે नान्यत् किम् अपि कुर्यात् શબ્દ લખી દીધો. ઇરિયાવહી વિના બીજું કંઈ પણ ન કરવું. તમે પણ **"રે ભાઇ ! તું ચાલતાં શીખ"** શીર્ષકની મહત્તાને સમજીને ઇરિયાવહી સૂત્રની ઊંડાઈ હૃદયમાં અવધારો, છતાં વિરાધના થાય તો પ્રતિક્રમણ કરો.

પ્રતિક્રમણના પર્યાયોમાં પ્રતિક્રમણ ઉપરાંત પ્રતિચરણા વગેરે સાત અન્ય નામો છે. તેને દૃષ્ટાન્ત સહ સમજાવતાં પ્રતિક્રમણનો દ્રવ્યાર્થ-ભાવાર્થ રજુ કરે છે.

■ કોઇ એક નગરમાં રાજાએ રાજ મહેલ માટે સૂત્ર છંટાવ્યું અને રક્ષકો રાખ્યા. રાજ્યમાં આજ્ઞા કરી કે જો કોઇપણ આ સૂત્રની અંદર પ્રવેશે તો તેને મારી નાખવો. પણ જો તે જ પગલે પાછો વળીને તે ચાલ્યો જાય તો તેને જીવતો છોડી દેવો.

એક વખત રક્ષકોની વ્યગ્રતામાં બે ગામડીયાએ પ્રવેશ કર્યો. તેમને જોતાં રક્ષકોએ તલવાર ઉગામી. અરે દુષ્ટો તમે કેમ આ હદમાં પ્રવેશ્યા ? તેમાંનો એક બોલ્યો આવ્યા તો શું ગુનો કરી દીધો ? તે સાથે તલવારનો ઝાટકો પડયો ને પેલો ગામડીયો ત્યાં જ ઢેર થઇ ગયો.

બીજો ગામડીયો પુરુષ બોલ્યો કે અજાણતાં પ્રવેશ કર્યો છે. કે'તા હોતો પાછો ફરી જાઉં. એ રીતે બીજો ગામડીયો પુરુષ ત્યાંથી પાછો ફર્યો ને જીવતો રહ્યો. આ થયું દ્રવ્ય પ્રતિ–ક્રમણ.

પણ ભાવ પ્રતિક્રમણ કોને કહેશો ? પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવાની ક્રિયા. પાપની રેખાને ઓળંગી ગયા તો નારકીની લટકતી તલવાર છે જ. પણ જો પ્રવેશ કર્યા પછી પણ બીજા ગામડીયાની જેમ પાછા ફરી જાઓ તો તેને કહેવાય – ભાવ પ્રતિક્રમણ.

■ એજ રીતે પ્રતિક્રમણનો બીજો પર્યાય છે પ્રતિચરણા. "તે તે ભાવને વિશે વારંવાર તે તે પ્રકારના આસેવન વડે ગમન કરવું". આ વાકય દૃષ્ટાન્તથી વધુ સ્પષ્ટ બનશે.

કોઈ એક નગર માં એક વણિકે રત્નથી ભરેલો પ્રાસાદ બનાવ્યો. પોતાની પત્ની ને તે સાચવવાનું જણાવી પોતે દિગ્યાત્રા નિમિત્તે ગયો. માત્ર પોતાની શરીર સુશ્રુષા માં જ તત્પર એવી તે સ્ત્રીએ રત્ન પ્રાસાદની કશી ચિંતા ન કરી. પરીણામે મહેલ ની એક બાજુનો થોડો ભાગ

પડી ગયો. ત્યારે તે સ્રીને થયું આટલો ટુકડો પડી જવાથી શું બગડી જવાનું ?

વળી બીજી વખત મહેલની ભીંતે પીપળાનો છોડ ઉગેલો દેખાયો ત્યારે પણ તે સ્રીના મનમાં એમજ થયું કે આટલા છોડ થી શું બગડી જવાનું છે ?

ધીરેધીરે છોડ મોટો થયો ને મહેલ તુટી પડયો. તે વણિકે આવીને તુટી પડેલો મહેલ જોતાં બેદરકાર અને આજ્ઞાહિન પત્નીને કાઢી મુકી.

બીજી સ્રીને પરણ્યો. ફરી યાત્રાએ જતાં-જતાં સુંદર મહેલ બનાવી નવી પત્નીને તેની સંભાળ લેવા માટે જણાવ્યું. તે સ્રી ત્રીસંધ્ય નિરીક્ષણ પૂર્વક પ્રાસાદની સાચવણી કરે છે. વણિક જ્યારે યાત્રા કરીને પાછો ફર્યો ત્યારે તેણે પૂર્વવત્ જ સુંદર મહેલ જોયો. અત્યંત ખુશ થઈ ગયો.

આ રીતે પુનઃ પુનઃ નિરીક્ષણ કરી મહેલનો વિનાશ થવા ન દીધો તે દ્રવ્ય પ્રતિચરણા અને આત્મારૂપી પ્રાસાદને નિરંતર નિરીક્ષણ કરી પાપકર્મના લેપરૂપી વિનાશથી અટકાવવો તે ભાવ પ્રતિચરણા કહેવાય. યત્કિંચિંત્ નુકસાન થાય તો સમરાવવા રૂપ પ્રતિક્રમણ–આલોચન–નિંદા અને ગર્હા કરવા.

પ્રતિક્રમણ—अईअं पडिक्कमामि, पडुपन्नं संवरेमि, अणागयं पच्चक्खामि રૂપ કહ્યું તે ત્રણેકાળનું થયું. ભૂતકાળના પાપોનું પ્રતિક્રમણ, વર્તમાન કાલીન પાપનો સંવર ( રોકવું ), ભવિષ્યકાલીન પાપોનું પચ્ચક્ખાણ એટલે કે ત્યાગ.

શ્રાવકો ! ઉભયકાલ પ્રતિક્રમણ આવશ્યકમાં ઉદ્યમવંત બની મોક્ષ માર્ગની આરાધના કરો એ જ અભ્યર્થના—

# ( ૨૫ ) પ્રતિક્રમણ–અતિચાર આલોચન

## —પાપ સ્થાનક પરિહરો

क्षायोपशमिकाद् भावा दौदयिक वशंगतः
तत्रापि च स एवार्थः प्रतिकूल गमाः स्मृताः

ક્ષાયોપશમિક ભાવમાંથી ઔદાયિક ભાવને વશ થયેલા આત્માનું પુનઃ પ્રતિકૂળ વળવું ( ક્ષાયોપશમિક ભાવમાં આવવું ) તેને प्रतिक्रमण કહેવાય છે.

અહીં प्रति એટલે “ પ્રતિકૂળ ” અને क्रमणं એટલે “ ગમન કરવું તે ” એમ વ્યાખ્યા કરી.

જો કોઇ દોષ કે સ્ખલના થઈ હોય તો ત્યાંથી प्रति એટલે મૂળ સ્થિતિમાં પાછા ફરવું. પણ અંગ્રેજીમાં કહેવત છે, “ **પ્રીવેન્શન ઇઝ બેટર ધેન ધ ક્યોર.** ” માણુસ માંદો પડે પછી દવા કરાવે કે ઉપચાર કરાવે તેના કરતા બીમાર જ ન પડે તેવા સંરક્ષણાત્મક પગલાં લેવા જોઈએ. એટલે કે પાપકર્મ જ ન કરે તે પ્રથમ ધ્યેય હોવું જોઇએ.

શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે पापकम्मं नेव कुज्जा न कारवेज्जा પાપ કર્મ કરવું નહીં. કરાવવું નહીં. બૌદ્ધશાસ્ત્રોમાં ધમ્મપદ ૧૪/૫ માં પણ લખ્યું सव्व पावस्स अकरणं કોઈ પણ પ્રકારનું પાપકર્મ કરવું નહીં. પુણ્ય કાર્યોનું સંપાદન કરવું અને ચિત્તને પરિશુદ્ધ રાખવું– एतं बुध्यान शासनं — એ પ્રમાણે બુદ્ધોનો આદેશ છે. વૈદિક ધર્મ પણ આવી જ વાત જણાવે છે प्रशस्तानि सदा कुर्यात् अप्रशस्तानि वर्जयेत् પ્રશસ્ત ( કાર્યો ) હંમેશાં કરવા અને અપ્રશસ્ત ( કાર્યો ) સદા છોડવા.

આ રીતે જુદા જુદા ધર્મો પાપકર્મને છાંડવા આદેશ આપે છે, છતાં છદ્મસ્થ મનુષ્યો ( જીવો ) વડે કેટલીક ભૂલો થયા જ કરવાની. તે સંજોગોમાં તેની સુધારણા કેમ કરવી તે પ્રશ્ન વિચારણીય બને. અને તેનો ઉત્તર એક જ “ **પ્રતિક્રમણ** ”.

બુદ્ધો તેને માટે પાપ દેશના એટલે કે પાપની કબુલાત કરવાનું

જણાવે છે, વૈદિકોએ તેને માટે અઘ-મર્ષણ રજુ કર્યું, જરથુષ્ટ્રે એ પતેતશેમાની રજૂ કર્યું, ઇસ્લામે તોબાહ કબુલ કરે છે. ખ્રીસ્તીઓ કન્ફેશનની વાત મુકે છે અને આપણે શાસ્ત્રકાર મહર્ષિ પ્રતિક્રમણની ક્રિયાની ભેટ આપે છે. ફર્ક માત્ર એટલો છે કે પ્રતિક્રમણના ઉંડાણ, વ્યવહારુતા કે વ્યવસ્થામાં જગતનો એકે ધર્મ તેની તુલના કરી શકે તેમ નથી.

એક યોગી પાસે જિજ્ઞાસુએએ આવીને કહ્યુ મારે સારું જીવન જીવવું છે અને સારું કાર્ય કરવું છે તો તેનો રાહ બતાવો. યોગી કહે, નજીકની ધર્મશાળાના ચોકીદાર પાસે જાઓ અને તેની સાથે રહેો, તો તમને જીવનનો માર્ગ જડી આવશે.

પેલો જિજ્ઞાસુ ગયો ધર્મશાળે, ચોકીદારની દિન ચર્યા ખૂબજ ધ્યાનથી જોઇ. ચોકીદાર તો હતો એક સામાન્ય માનવી. પેલા જિજ્ઞાસુને તો કંઇ રહસ્ય જાણુવા ન મલ્યું. માત્ર સૂતી વખતે અને સવારે ઉઠતા તે શું કરતો તેની ખબર પડતી ન હતી.

જિજ્ઞાસુએ ચોકીદારને પૂછયું કે તમે સૂતા અને ઉઠતાં શું કરો છો ? ચોકીદાર બોલ્યો સાહેબ, ખાસ તો કશું નથી કરતો. માત્ર રાત્રે સૂતાં પહેલાં બધાં વાસણો માંજી નાખુ છું અને સવારે તેના પર જે કાંઇ ધૂળ લાગી હોય તે સાફ કરી દઉ છું. એ રીતે વાસણ ચોખ્ખા રહે તેનો બરાબર ખ્યાલ રાખુ છું.

જિજ્ઞાસુ નિરાશ થઇને યોગી પાસે પાછો ફર્યો. યોગીરાજ મને તો આમાં કશું જાણુવા મલ્યુ નહીં. યોગી તો હસી પડયા તે વાતથી.

ભાઈ! તમે તેના જીવનનો મર્મ જાણ્યો તો ખરા પણ કંઇ પામ્યા નહીં. સુતા પહેલાં વાસણ માંજવા એટલે મનને ધોઇને નિર્મલ બનાવી દેવું અને સવારે ઉઠીને પાછો મન ઉપર ચડેલો કચરો સ્વચ્છ કરવો એટલે વાસણની માફક ચિત્ત પણ સદા સ્વચ્છ અને ચોખ્ખું રહે.

આ જ છે પ્રતિક્રમણ ની પવીત્રતા. દૈવસિક અને રાઇય પ્રતિક્રમણ કરવા વડે રાત્રે માંજો અને સવારે ધુઓ એટલે આત્મા ઉપર ધૂળ કે કર્મ કચરો રહે નહીં.

પ્રતિક્રમણ સંબંધિ સૂત્રોની વિચારણા કરતી વેળાએ વંદિતા સૂત્ર પૂર્વે આવતા અતિચાર-આલોચના તથા પાપસ્થાનક આલોચના અંગે

વિચારણા કરવી આવશ્યક છે. કેમકે છ આવશ્યક રૂપ પ્રતિક્રમણમાં-પ્રતિક્રમણ નામક ચોથા આવશ્યકનો આરંભ જ અતિચાર આલોચના સૂત્રથી થાય છે.

અતિચાર આલોચના માટે બે રીતે નિવેદન કરાય છે.

(૧) આલોએમિ જો મે દેવસિઓ અઇયારો..............................

(૨) [ઇચ્છામિ] પડિક્કમિઉં જો મે દેવસિઓ અઇઆરો...........

એક વખત આલોચના કરવા માટે ની તમારી ઇચ્છા વ્યક્ત કરી. અને બીજી વખત પ્રતિક્રમણ માટેની ઈચ્છા વ્યક્ત કરી. પણ આ આલોચના કે પ્રતિક્રમણ કઇ બાબતે કરવાના કહ્યાં?

દિવસ (રાત્રી) સંબંધિ જે કંઇ અતિચાર-એટલે કે ઉલ્લંઘન થયું હોય તેના...

अतिचार - આવશ્યક ટીકામાં કહ્યું કે अतिचरणम् अतिचार બાંધેલી મર્યાદા કે હદનું ઉલ્લંઘન તે અતિચાર.

જે રીતે ઘરને સુઘડ રાખવા માટે સફાઇની, બગીચો સુંદર બનાવવા સંમાર્જનની, ખેતરને ફળદ્રુપ રાખવા નિંદવાની જરૂર છે. તે રીતે ચારિત્રને નિર્મળ રાખવા આત્મ શોધન જરૂરી છે, આ આત્મ શોધન કયારે શકય બને? અતિચાર આલોચન કે અતિચારોનું પ્રતિક્રમણ કરવાથી.

બાંધેલી મર્યાદા કે હદનું ઉલ્લંઘન કયા કયા સ્વરૂપે થઇ શકે તે દર્શાવતા પદો પણ ત્યાં જણાવી દીધાં, જેથી તમે મનમાં સુંદર ચિંતવન કરી શકો કે કયા અતિચારનું આલોચન કે પ્રતિક્રમણ તમારે કરવાનું છે.

काईओ - वाईओ .... કાયા વડે, વાણી વડે, મન વડે થએલ અતિચાર નું - ઉત્સૂત્રનું, ઉન્માર્ગનું, અકલ્પ્ય અને ન કરવા યોગ્ય આચરણા કરી હોય તેનું - દુર્ધ્યાન કે દુશ્ચિન્તન કર્યું હોય તેનું - અનાચાર કે અનિચ્છનીય આચરણા નું - આલોચન કે પ્રતિક્રમણ કરવું.

અહીં ચાર શબ્દો ખૂબ મહત્ત્વના મુકયા. उस्सुत्तो - उमग्गो - अकप्पो - अकरणिज्जो

उस्सुत्तो - બોલતાં જ ચિંતવવું જોઇએ કે શ્રી જિનેશ્વર પરમાત્મા એ અર્થ દ્વારા અને ગણધર મહારાજા એ સૂત્ર દ્વારા કરેલ પ્રરૂપણા

સંબંધે મારી કંઇ સ્ખલના તો થઇ નથીને ? કોઇ પ્રકારે વિરૂદ્ધ વર્તન તો નથી થયું ને ?

उमग्गो - પ્રારંભના દર્શાવેલ શ્લોક મુજબ ક્ષાયોપશમિકમાંથી ઔદાયિક એટલે કે ઉદયમાં આવેલા ભાવો મુજબ વર્તન કેટલું થયું ? જેમકે ક્રોધનો ઉદય આવતા ક્રોધના ભાવમાં હું વર્ત્યો તો નથી ને ? જો ક્રોધાવેશ માં કંઇ અતિચાર લાગ્યો હોય તો તેની આલોચના કરી ને મૂળ માર્ગમાં (ક્ષાયોપશમિક ભાવમાં) આવવું.

अकप्पो :- શાસ્ત્ર દ્વારા નિયત થયેલા નિયમોમાં કોઇ ભૂલ થઇ નથીને ?

अकरणिज्जो :- શ્રાવકે કરવા યોગ્ય કર્તવ્યમાં થયેલી ભૂલો :-

આ સર્વેનું હું આલોચન કરું છું અથવા પ્રતિક્રમણ કરું છું. આ ઉપરાંત જ્ઞાન-દર્શન ચારિત્ર સંબંધે, શ્રુત આરાધન કે સામાયિક આરાધનમાં ગુપ્તિ-સમિતિ-અને બારવ્રત સંબંધિ- જે કંઇ ખંડિત થયું હોય કે જે વિરાધના થઇ હોય તેનું મિચ્છામિ દુક્કડમ્.

**પ્રશ્ન**:- સૂત્રમાં नाणे दंसणे चरित्ते શબ્દ મુકી તેની શુદ્ધિ કરવા જણાવ્યું પણ વીર્યાચાર કે તપાચારની શુદ્ધિ જણાવી નહીં તો પ્રતિક્રમણમાં પંચાચારની વિશુદ્ધિ કઇ રીતે થાય ? વળી પ્રતિક્રમણમાં કાઉસ્સગ્ગ પણ ત્રણ જ કરાય છે, ચારિત્રાચારનો બે લોગસ્સનો, દર્શનાચાર વિશુદ્ધિ ૧ લોગસ્સ, જ્ઞાનાચાર વિશુદ્ધિ એક લોગસ્સ.

**સમાધાન**:- તપાચાર—વીર્યાચારની શુદ્ધિ જ્ઞાન દર્શન ચારિત્રથી ભિન્ન નથી. વળી સાંજે પ્રતિક્રમણમાં શ્રાવક ચોવીહાર પચ્ચક્ખાણ વગેરે કરે, સવારે પ્રતિક્રમણ કરતા તપ ચિંતવણી કાઉસ્સગ્ગ કરી શક્તિ અને પરીણામ મુજબ પચ્ચક્ખાણ કરે તે તપાચાર વિશુદ્ધિ છે. વિધિપૂર્વક પોતાની શક્તિ વડે વીર્ય ગોપવ્યા વિના પ્રતિક્રમણ કરે તે વીર્યાચારની શુદ્ધિ જ છે. આ રીતે પ્રતિક્રમણમાં પંચાચાર વિશુદ્ધિ થાય જ છે.

પ્રતિક્રમણમાં આચાર વિશુદ્ધિ સાથે બીજી મહત્ત્વની વાત છે યોગ.

મન વચન કાયા વડે શુભ યોગમાં પ્રવર્તવું અને અશુભ યોગને પરિહરવો. એટલે પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને ધર્મો દેખાડયા તેને **પરિહરણા** કહે છે.

એક ગૃહસ્થને બે બહેનો હતી. બંનેને જુદે જુદે ગામ પરણાવી. ગૃહસ્થને ત્યાં પુત્રીનો જન્મ થયો અને બંને બહેનોને ત્યાં પુત્ર જન્મ થયો. બન્ને બહેનોએ પોતાના પુત્ર સાથે ભાઇને પુત્રી પરણાવવા માટે માંગણી કરી. ત્યારે પેલા ગૃહસ્થે કહ્યું કે તમે તમારા પુત્રોને મોકલો. જે પુત્ર પરીક્ષામાંથી પસાર થશે તેને હું મારી પુત્રી પરણાવીશ.

બન્ને બહેનોએ પોતાના પુત્રને મોસાળ મોકલ્યા. ગૃહસ્થ ભાઇએ કાવડ આપી બન્ને ભાણેજને કહ્યું કે કાવડની બન્ને બાજુ એક એક ઘડો રાખી પાસેના ગોકુળમાંથી દુધ ભરી લાવો. બન્ને ઉપડયા દુધ લેવા. ગોકુળથી ગામમાં આવવાના બે રસ્તા હતા એક ટુંકો પણ વિષમ હતો જ્યારે બીજો માર્ગ લાંબો પણ સુગમ હતો. પહેલી બેનનો પુત્ર જલ્દી પહોંચવાના લોભે ટુંકે રસ્તે ચાલતા માર્ગમાં દુધના ઘડા અથડાઇને ફૂટી ગયા. બીજી બહેનનો પુત્ર સુગમ રસ્તે આવતા સહી સલામત પહોંચ્યો.

મામાએ પ્રસન્ન થઇને બીજી બહેનના પુત્રને કન્યા આપી.

અહીં વિષમમાર્ગ તે અશુભયોગનું પ્રતિક છે અને સરળમાર્ગ શુભયોગનું પ્રતિક છે. ગૃહસ્થ પુત્રી તે શીવરમણી સમજવી. શીવરમણીને વરવા વિષમ માર્ગ રૂપ અશુભયોગનો પરિહાર કરીને સરળ માર્ગ રૂપ શુભયોગોમાં પ્રવર્તન કરવું તે પરિહરણા.

**પરિહરણા** એ પ્રતિક્રમણનો જ એક પર્યાય છે. પ્રતિક્રમણમાં અશુભયોગના નિવર્તનને દર્શાવવા પાપસ્થાનકોની યાદી બનાવીને મુકી.

**"પાપસ્થાનક પરિહરો રે"** ઔદાયિક ભાવ ને છોડો ને ક્ષાયોપશમિક ભાવમાંથી પણ ક્ષાયિક ભાવ તરફ ગતિ કરો તે જ પ્રતિક્રમણ પણ પાપ સ્થાનક કેટલા ?—અઢાર.-રોજ બોલો છો ને જે કંઇ પાપ સેવ્યું હોય-સેવરાવ્યું હોય-સેવતા પ્રત્યે અનુમોદ્યુ હોય તે સવિ હું મન-વચન-કાયાએ કરી મિચ્છામિદુક્કડમ્ પણ ખરેખર પાપનો બોજો લાગ્યો છે ખરો ? પાપ કરતા કદી હૈયુ ધ્રુજારી અનુભવે છે ખરું ?

એક જમાનામાં પર્યુષણ મહાપર્વ જેવા પવિત્ર દિવસોમાં આરંભ સમારંભના મુખ્ય કેન્દ્ર જેવી ઘાણી બંધ કરાવવાની વાતોની સ્તુતિ કરાતી. **"ઘાંચીની ઘાણી છોડાવે"** અને આજે કોઈ શ્રીમંત વંદનાર્થે આવે તો બાજુમાં ચાર જણા ભાઇની બિરૂદાવલી બોલે—ઓળખો

છો સાહેબ! આ ભાઈને, જુદા જુદા દશ કારખાના ચાલે છે. "બહુ" ભાગશાળી છે.

ભાઈ ભાગશાળી! કારણકે **"પાપ સ્થાનક પરિહરો રે"** એ વાત ઉડી ગઈ. પાપ હોય છે તે ખબર જ નથી. ભાઈ ખરેખર ભાગ-શાળી ખરા કે નરકની ટીકીટનું એડવાન્સ બુકીંગ કરાવીને બેઠા છે.

જેનું સેવન કરવાથી અથવા જે ભાવોમાં રહેવાથી પાપો બંધાય તે પાપસ્થાનક. જગતના તમામ સંત પુરુષો કે આસ્તિકો જે જે છોડ-વાની શીખામણ આપે છે તે તમામ ધર્મ અને નીતિના સારરૂપ એવા આ પાપ સ્થાનકોનું વર્જન કરવાનું છે.

**પહેલે પ્રાણાતિપાત**- હિંસા એ પાપનું સ્થાન છે તેને છોડો અને અહિંસક બનો. હિંસાની વિશદ વ્યાખ્યા કરવા પૂર્વે "સાત-લાખ" સૂત્ર મુકયું. તેમાં ચોરાશી લાખ યોનીના જીવોની કરણ-કરા-વણ કે અનુમોદન રૂપ હિંસાનું મિચ્છામિદુક્કડમ્ આપવા જણાવ્યું. હાલતા-ચાલતા જીવોની વિરાધનાથી બચવા તો બધાં જણાવે છે પણ આપણે બાવન-બાત્રન લાખ તો સ્થાવર જીવોની હત્યાનું મિચ્છામિ-દુક્કડમ્ રાખ્યું કારણ એકજ-"જીવ માત્રની અનુકંપા."

બીજે **મૃષાવાદ**-જુઠ પણ પાપનું સ્થાન છે. જૂઠ છોડો સત્યવાદી બનો.

ત્રીજે **અદત્તાદાન**-ચોરી છોડો. ચોરીની વ્યાખ્યા પણ કેવી સુંદર કરી. અણદીધેલી વસ્તુ લેવી તે (अदत्त-आदान) ચોરી છોડી પ્રમા-ણિક બનો.

ચોથે **મૈથુન**-કામભોગ છોડી બ્રહ્મચારી બનો.

બ્રહ્મચારી બનો કેમ કહ્યું?

**પાપ સ્થાનક ચોથું વરજીએ રે દુરગતિ મૂળઅબંભ**
**જગ સવિ મુંઝયો છે એહમાં છંડે તેહ અચંભ**
**પાપ સ્થાનક ચોથું વરજીએરે**

દેવતાના એક ભવમાં અનેક દેવી(સ્ત્રી) સાથે સંભોગ પ્રાપ્ત થાય છે. તે વિશે કહ્યું છે કે ઇન્દ્રના એક અવતારમાં બે કોડાકોડી ૮૫ લાખ ક્રોડ, ૭૧ હજાર ક્રોડ, ૪૦૦ ક્રોડ, ૨૧ ક્રોડ, ૫૭ લાખ ચારહજાર બસો પચાસ દેવી થાય છે. [આશરે આંકડો માંડો તો પણ ૨૮૫ લાખ ૭૧૪૨૧ ક્રોડ થઈ] તે તો પોતાની, બીજી તો જુદી.

હવે ઇન્દ્રને વિષય સુખ કેટલું ? વળી તેને ખાવા કમાવાની પણ ચિંતા નથી. છતાં દેવતા પાછા મનુષ્ય પણે જન્મે કે ભોગોના વિચાર શરુ–માટે કહ્યું બ્રહ્મચારી બનો અને ચોથા **પાપ સ્થાનકને પરિહરો**. પછી ગર્ભપાત કાયદેસર કરાવવાની કે કુટુમ્બ નિયોજનના પ્રચારની વાતજ ઉડી જશે.—

પાંચમે **પરિગ્રહ** તૃષ્ણાના દાસ મટીને નિષ્પરિગ્રહી બનો–બસ મોંઘવારીની અસર નાબુદ.

(૬) ક્રોધને પાપ માન્યા વિના ક્ષમા નહીં પ્રગટે.

(૭) માનને પાપ માન્યા વિના નમ્રતા નહીં આવે.

(૮) માયાને પાપ માન્યા વિના સરળ નહીં બનાય.

(૯) લોભને પાપ માન્યા વિના સંતોષ ક્યાંથી થશે ?

ચારે કષાય છોડો પછી જીવન જીવવાની કળા શીખવા ક્યાંય જવું નહીં પડે.

ક્રોધ-માન-માયા-લોભ એ ચાર માનસિક દોષોને કષાય તરીકે ઓળખવામાં આવે છે. આ કષાયોનો ઉદય થવાથી આત્માનું મૂળ સ્વરૂપ મલીન થાય છે. એટલે કે તે વિભાવ દશાને પામે છે.

ક્રોધથી સંમોહ થાય છે– સંમોહથી મતિ વિભ્રમ થાય– મતિ વિભ્રમથી બુદ્ધિનો નાશ થાય, બુદ્ધિનો નાશ એ આધ્યાત્મિક મૃત્યુ છે.

માનથી વિનયનો નાશ થશે. વિનયનો નાશ થતા શિક્ષા પ્રાપ્ત ન થાય. શિક્ષાના અભાવે જ્ઞાન કે ચારિત્રમાં કોઈ જાતની પ્રગતિ સંભવતી નથી.

માયાથી સરલતા ચાલી જશે. સરલતા ચાલી જતા ધર્મ ટકતો નથી. ધર્મના અભાવે માનવ જીવન પશુ સમાન બની જશે.

લોભથી તૃષ્ણા વધે છે. તૃષ્ણા કાર્ય અકાર્યનું ભાન ભૂલાવે છે. કાર્ય–અકાર્યનું ભાન ભૂલાતાં પાપનો પ્રવાહ જોસથી ધસી આવે છે. એટલે કે લોભ સર્વ સદ્‌ગુણોનો વિનાશ કરે છે. માટે કષાયના ચારે **" પાપ સ્થાનક પરિહરો રે "**

દશમે राग–रज्यते जीव अनेन–જેના વડે આત્મા રંગાય છે. રાગના ત્રણ ભેદ (૧) દૃષ્ટિ રાગ (૨) કામ રાગ (૩) સ્નેહરાગ.

અગીયારમે દ્વેષ – રાગ અને દ્વેષમાંથી છુટકારો મળે ત્યારે જ સમતાનું સાચું સુખ માણી શકો.

કલહ કંકાસ, બીજા પર આળ ચડાવવું, કોઈની ચાડી ખાવી કે ઉતારી પાડવાં વગેરે તો પ્રત્યક્ષ પાપ છે જ તેનો પરિહાર વિના શિષ્ટ આચાર કઇ રીતે પ્રગટશે ?

રતિ-અરતિ એટલે કે હર્ષ અને ઉદ્વેગમાં તણાવાને પાપ ગણો તો મેન્ટલ હોસ્પીટલ આપોઆપ બંધ થશે. અને હાર્ટએટેક આવશે નહીં.

**સોળમે પરપરિવાદ**

રાણપુર ગામની આજુબાજુ સુકભાદર અને ગોમા નદી. ત્યાં રણજી ગોહિલે બંધાવેલો કિલ્લો. કિલ્લો તો શું ? ક્રિડા મહેલ જ સમજી લો. રણજી ગોહિલ પુરો વિલાસી રાજા. ચોરાશી તો રાણી હતી. દિવસ રાત તે રાણીવાસમાં જ પડયો રહે.

બ્રાહ્મણોનો ભૂલાવ્યો તેને એવો નિયમ કે કદી મુસલમાનનું મોં જોવું નહીં. એક દી' જુનાગઢના દાતારની યાત્રા કરી મેમણ ડોશી અને તેનો દીકરો અમદાવાદ જઇ રહ્યા છે. મા દીકરો રસ્તામાં રાણપુર રોકાણા. સવાર પડયું. રાજા પૂજા કરે છે. ત્યારે નદીના પહોળા પટમાં ડોશીના બેટાની બાંગ સંભળાઈ. બ્રાહ્મણે રાજાના કાનમાં ઝેર રેડયું. આ દુષ્ટ યવનના અવાજથી પૂજા ભ્રષ્ટ બની.

**પરપરિવાદથી** પીડાયેલા રાજાએ બાળકનો શિરચ્છેદ કર્યો. છોકરા વિનાની મા એ અમદાવાદ જઈ ચોધાર આંસુએ ફરિયાદ કરી. મહમદશાહે પોતાની ફોજને રાણપુરનો નાશ કરવા રવાના કરી. ચારણે રાજાને પોકાર કરી રાણીવાસની બહાર કાઢયો.

રાજાએ રાણીઓને ભલામણ કરી કે જ્યાં સુધી મારા વાવટાને રણભૂમિ પર ઉડતો જુઓ ત્યાં સુધી મને જીવતો સમજવો. વાવટો ન દેખાય તો મારો દેહ પડી ગયો જાણજો. રાણી કહે જો જો હો. વાવટો પડયા પછી ચોરાશીમાંથી એકે જીવતી નહીં રહે.

રાણો સૈન્ય લઈ રણમેદાને પડયો. રાણપુરથી ત્રણ–ચાર ગાઉ દૂર લડાઇ મંડાણી. ગઢના ચોરાશી ગોખે બેઠી બેઠી રજપુતાણી નજર માંડી ધણીને જુએ છે. ધજા ગગનમાં ઉડતી દેખાય છે. રાણો વિજયી બની પાછો આવે છે. ઝંડો ફરકતો દેખાય છે. રસ્તામાં વાવ આવી. ઝંડો ઉપાડનાર ઝંડો મુકી પાણી પીવા બેઠો. રાણાનું ધ્યાન ન રહ્યું. એ ભૂલી ગયો કે ચોરાશી જીવ ટાંપીને બેઠા છે.

ચોરાશી છત્રીયાણીએ જાણ્યું કે ઝંડો પડયો ને સંધીયુએ ધળો-

ધળ ગઢના કુવામાં પડી પ્રાણ છોડયા. વિજયી રાણો દોડતે ઘોડે રાજમહેલે પુગ્યો. જ્યાં જોયું તો રાણીઓના શબથી કુવા પુરાઈ ગયા હતા. પળમાં જાણે તેનો સંસાર વેરાન બન્યો. હવે જીવીને શું કરવું વિચારી પાછો ફર્યો ને અમદાવાદ જતી ફોજ સાથે યુદ્ધ કરી મરાયો ને મુસલમાન ફોજે રાણપુરનો કિલ્લો હાથ કર્યો.

એક પરપરિવાદના પાપે ચોરાશી રાણી-રાજા અને કંઇ કેટલાં સૈનિકો મોતને ઘાટ ઉતર્યા ને રાણપુર ખોયું તે વધારામાં. માટે પર-પરિવાદ સહિત સર્વે "**પાપ સ્થાનક પરિહરો રે.**"

પરપરિવાદનો અર્થ જ બીજાનું ઘસાતું બોલવું તે છે. સ્થાનાંગ ટીકા સ્થાન ૧ સૂત્ર ૪૮ परेषां परिवाद: કહ્યું.

**માયા મૃષાવાદ** માયા પૂર્વકનું જુઠ. માયા આઠમે લીધી. મૃષાવાદ બીજો લીધો. છતાં સત્તરમાં સ્થાનકે વિશેષ મહત્ત્વ આપવા બંનેને સાથે લીધાં. જે મૃષાવાદ માયાની પ્રબળતા પૂર્વકના છે તે, છેલ્લે સૌથી મોટું પાપ સ્થાનક મિથ્યાત્વ શલ્ય — દેવ-ગુરુ-ધર્મ વિશેની ખોટી માન્યતામાં ભટકવું. આ અઢારે **પાપ સ્થાનક પરિહરો** પછી તેના પ્રતિક્રમણની જરૂરીયાત જ કયાં રહેશે ?

**પ્રશ્ન :–** પ્રતિક્રમણ વિશે તમે આટલી બધી વાતો કરી પણ તેની ક્રિયા લાંબી અને કંટાળાજનક નથી.

**સમાધાન :–** આવો પ્રશ્ન કરનાર કાં તો ધર્મ માટે ક્રિયાની આવશ્યકતા બિલકુલ માનતો નથી, અથવા માત્ર વાતો કરવા વડે જ ધર્મ સિદ્ધ થઇ શકે તેવી ખોટી શ્રદ્ધા ધરાવતો હોય છે, પણ તે જાણતો નથી કે ક્રિયા એ ધર્મનો પ્રાણ છે.

"ક્રિયા વડે મન-વચન-કાયા સ્થિર થઇ શકે" એવી શ્રદ્ધા વાળાને કદી પ્રતિક્રમણ ક્રિયા લાંબી અને કંટાળા જનક નહીં લાગે. તદુપરાંત ઉભય સંધ્યાનો સમય જ્ઞાનાભ્યાસ (સ્વાધ્યાય) માટે વર્જ્ય ગણ્યો છે. તેથી તે સમયે પ્રમાદને અટકાવીને જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ માટેની અપૂર્વ તક પ્રતિક્રમણ દ્વારા પ્રાપ્ત થાય છે.

ધોમધખતો તાપ હતો. ત્રણ મજુરો પત્થર તોડી રહ્યા હતા. નજીકમાં દેવાલય તૈયાર થતું હતું. રસ્તા પરના રાહદારીએ પહેલા મજુરને પૂછ્યું,

કેમ ભાઇ શું કરો છો ?

જુઓને પત્થર તોડું છું. પારાવાર કંટાળ્યો છું પણ શું કરું ?

બીજા મજૂરને પૂછ્યું-તો તે બોલ્યો ભાઈ પેટની પીડા છે. પેટ ખાતર વેઠ તો કરવી પડે એટલે આ કામ કરું છું.

ત્રીજા મજુર પાસે જઇને જોયું તો મસ્તીથી ગીતો ગાતો હતો. પરસેવે રેબઝેબ થઇ ગયેલો છતાં બોલ્યો, કેમ સાહેબ! જોયું આપણું કામ? મંદિર બનાવું છું મંદિર.

એકને મન વેઠ છે. બીજાને મન જીવન માટે કમાવાનું સાધન છે. ત્રીજાને મન સર્જનનો આનંદ છે. તમારે મન પ્રતિક્રમણ શું છે તે તમે જાણો.

પ્રતિક્રમણના આવશ્યક અંગ તરીકે સવ્વસ્સવિ નો ઉલ્લેખ જરૂરી છે. તમે પ્રતિક્રમણ સ્થાપના કરતાં શું બોલો છો? **ઇચ્છા. સંદિ. ભગ. દેવસિઅ. પડિ. ઠાઉં— સવ્વસ્સ વિ દેવસિઅ....**

હે ભગવન્! આપ ઇચ્છાએ કરી આજ્ઞા આપો—હું દિવસ સંબંધિ પ્રતિક્રમણની સ્થાપના કરું. ગુરુ આજ્ઞા આપે સ્થાપો.

દિવસ દરમ્યાનનું સઘળું-દુષ્ટ (ખરાબ) ચિંતવન, ખરાબ ભાષણ કે અયોગ્ય આચરણનું મિચ્છામિ દુક્કડમ્.

માટે જ આ સૂત્રને પ્રતિક્રમણનું બીજ સૂત્ર કહ્યું.

પ્રતિક્રમણ એ ભાવ શુદ્ધિનું-અંતઃકરણની નિર્મળતાનું પરમ પ્રકૃષ્ટ કારણ છે. કારણ કે (અતિચાર કે પાપ સ્થાનકાદિનો) એકૈક દોષ એવો છે જેમાંથી પાછું ફરવામાં ન આવે તો અનંત ગુણ પર્યન્ત દારુણ વિપાક આપનાર બને છે. તેમ યોગબિંદુ ગાથા ૪૦૦માં શ્રી હરિભદ્રસૂરિજી જણાવે છે.

એક શહેરમાં બીજા રાજાનું સૈન્ય ચડી આવતાં ત્યાંના રાજાએ ખાવાપીવાની વસ્તુમાં ઝેર ભેળવ્યું. ચડાઇ કરનાર રાજાને ખબર પડી. દરેક સૈનિકોને કહ્યું કે ગામની કોઇ વસ્તુ ખાવી નહીં. છતાં કેટલાંક સૈનિક ન માન્યા પરિણામે મરણ પામ્યા. તાત્પર્ય કે વિષયરૂપી વિષને ત્યાગો અન્યથા દુર્ગતિને પામો. અહીં રાજા ગુરુનું પ્રતિક છે. ગુરુની વારણા છતાં નહીં માને તે દુર્ગતિ પામશે.

વારણા એ પ્રતિક્રમણનો પર્યાય છે માટે પ્રતિક્રમણમાં ચિત્ત રાખી તન્મય બની-ઉભયકાલ આવશ્યક કરો.

# ( ૨૬ ) પ્રતિક્રમણ પ્રક્રિયા–વિધિ

## —પાપ નાશની અણમોલ પ્રક્રિયા

खलिअस्स य तेसिं पुणो विहिणा जं निंदणइ पडिक्कमणं
तेण पडिक्कमणेणं ते सिं पि अ कोरए सोहि

ચઉશરણ પયન્નામાં જણાવે છે કે (મૂલગુણ, ઉત્તરગુણ એટલે કે વ્રતમાં) સ્ખલિત થયેલા આત્માની તે (સ્ખલનાઓ)ની વિધિપૂર્વક જે નિંદા વગેરે (નિંદા–ગર્હા અને આલોચના) કરવી તે પ્રતિક્રમણ કહેવાય છે. તે પ્રતિક્રમણ વડે તેની (મૂલગુણ, ઉત્તર ગુણોની) શુદ્ધિ કરાય છે.

શુદ્ધિ (सोहि) શબ્દ પ્રતિક્રમણનો પર્યાય પણ ગણાય છે.મૂલ ગુણ ઉત્તર ગુણોની શુદ્ધિ તે ભાવશુદ્ધિ છે. અને વસ્ત્રાદિકની શુદ્ધિ તે દ્રવ્ય-શુદ્ધિ ગણાય છે. જેમ શ્રેણિક રાજાને ત્યાંથી એક વખત ધોબીને વસ્ત્ર ધોવા આવ્યા હતા. ધોબણ તે વસ્ત્ર પહેરી કૌમુદી મહોત્સવમાં આવેલી. અભયકુમારની નજર વસ્ત્રો પર પડી. તેને શંકા ગઇ કે આ વસ્ત્ર રાણી-વાસના લાગે છે. તેથી તેણે વસ્ત્ર પર તાંબુલ વડે ચિહ્ન કરી દીધું.

કપડાં ધોવાઇને રાણીવાસમાં આવ્યા ત્યારે ચોખ્ખે ચોખ્ખા. અભયકુમારે ધોબીને બોલાવીને પૂછ્યું તો ધોબીએ ઉત્તર આપ્યો કે ક્ષાર વડે વસ્ત્ર ધોઈ નાખેલ એટલે ચોખ્ખુ થઇ ગયું. અહીં વસ્ત્રની ક્ષાર વડે થયેલી શુદ્ધિ सोहि જ કહેવાય. પણ તે દ્રવ્યશુદ્ધિ જાણવી.

જયારે ભાવ શુદ્ધિમાં તો થયેલી સ્ખલનાનું આલોચન–પ્રતિક્રમણ કરીને આત્મા ઉપર લાગેલા ડાઘ દૂર કરવાના છે.

સુરદેવ શ્રાવક, શ્રી વીર પરમાત્માના પરમ ઉપાસક, અને વારા-ણસી નગરીના નિવાસી. વ્રતધારી એવા સુરદેવ શ્રાવક પોતાની પૌષધ શાળામાં પૌષધ લઇને રહેલા છે, ત્યાં કોઈ દેવતા ઉપસર્ગ કરવા માટે આવ્યો.

સુરદેવને ચલાયમાન કરવા તે દેવતાએ કહ્યું, કે જો તું જૈનધર્મ-નો ત્યાગ નહીં કરે તો તારા શરીરમાં એક સાથે મહારોગો ઉત્પન્ન કરી દઇશ. ત્યારે સુરદેવ શ્રાવક પોતાના ધ્યાનમાં મગ્ન જ રહ્યા. પણ દેવ-

તાએ આવા અનેક ભયકારી વચનો સંભળાવીને તેને પ્રતીજ્ઞામાંથી ચલીત કરી દઈ ત્યાંથી ચાલ્યો ગયો.

સુરદેવ શ્રાવક શ્રી વીર પરમાત્મા સમક્ષ જઇ પોતાની સ્ખલનાની ગર્હા કરી, પ્રભુ પાસે આલોચના ગ્રહણ કરી, પ્રતિક્રમણ કરી, નિર્મલ થઈ સૌધર્મ દેવલોકમાં ગયો. ત્યાં ચાર પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદને પામશે.

શ્રાવકને પણ આ सोहि રૂપ પ્રતિક્રમણ માટે વંદિતુ સૂત્રમાં વારંવાર निंदामि—गरिहामि-વગેરે શબ્દોનો ઉપયોગ મુકયો. છેલ્લી ગાથામાં પણ તેનો સાર જણાવતા હોય તેમ લખ્યું છેઃ—

एवमहं आलोइअ निंदिअ गरहिअ दुगछिअं सम्मं....આ પ્રમાણે મેં આલોચના કરી છે, નિંદા કરી છે. ગર્હા કરી છે, અને સમ્યક્ પ્રકારે દુગંછા કરી છે........આ બધા શબ્દો શેના પ્રતિક છે? ભાવશુદ્ધિના અથવા सोहि પ્રતિક્રમણના.

ગૌતમસ્વામીએ ભગવાન્‌ને પૂછયું, હે ભગવન્ ! पडिक्कमणेणं जीवे किं जणयइ ? પ્રતિક્રમણથી જીવને શું પ્રાપ્ત થાય? ભગવન્ ઉત્તર આપે છે "पडिक्कमणेणं वयछिद्दाइं पिहेइ પ્રતિક્રમણથી વ્રતમાં પડેલા છિદ્રો પુરાય છે. વ્રતના છિદ્રો પુરાવાથી આશ્રવનો નિરોધ થાય છે. આશ્રવ નિરોધ થવાથી ચારિત્ર નિર્દોષ બને છે. નિર્દોષ ચારિત્રવાળો જીવ અષ્ટપ્રવચન માતાના પાલનમાં ઉપયોગ યુક્ત બની સંયમના યોગ અને સુપ્રણિધાન પૂર્વક વિચરે છે."

માટે શ્રાવકે પ્રતિક્રમણમાં ઉભયકાલ ઉદ્યમવંત રહેવું.

ફ્રાંસની ક્રાન્તિ વિશે કાર્લાઈલનું પુસ્તક વિશ્વના બધાં ઈતિહાસ પુસ્તકોમાં અગ્રસ્થાને છે. ઘણાં વર્ષે કાર્લાઇલે આ પુસ્તક પુરુ કર્યું. તેના મિત્ર મિલને આ વાત ખબર પડી એટલે કાર્લાઇલને કહ્યું, "દોસ્ત" થોડાં દિવસ માટે મને આ પુસ્તકની હસ્તપ્રત જોવા ન આપે ? હું પાછી આપી દઇશ. કાર્લાઇલે મિત્રને હસ્તપ્રત વાંચવા આપી. થોડા દિવસે મિલ કાર્લાઇલ પાસે આવ્યો પણ બોલી શકતો ન હતો.

કાર્લાઇલે નમ્રતાથી કહ્યું, દોસ્ત ! શું વાત છે ? મિલ માંડમાંડ બોલ્યો કે બહુ દુઃખની વાત છે. ઘેર હસ્તપ્રત લઇ ગયો પછી મેં મારા ટેબલ પર મુકેલી. મારા નોકરે તેને પસ્તી માની સળગાવી દીધી. હવે ?

કાર્લાઈલ કહે હશે. હું ફરીથી લખીશ તો તેમાં રહેલી ભૂલો

સુધારવા માટે મને સદ્ભાગ્ય સાંપડશે. તેણે ફરીથી ગ્રન્થ લખ્યો. જે પુસ્તક જગવિખ્યાત બન્યું.

**પ્રતિક્રમણથી વ્રતના છિદ્રો પુરાય**-તમે પણ પ્રતિક્રમણ કરો ત્યારે વારંવાર આલોચના ગર્હાદિ કરો છો ને? શા માટે કરો છો? થયેલી ભૂલો સુધારવા માટે. કેમકે ભગવંતે જણાવેલ છે કે પ્રતિક્રમણ કરવાથી વ્રતમાં પડેલા છિદ્રો પુરાઈ જાય છે. તે છિદ્રો વારંવાર આલોચના-નિંદા-ગર્હા કરવાથી જ પુરાવાના. જેમ નૌકામાં પડેલા છિદ્રો પુરાવાથી નૌકા ડુબતી નથી તેમ વ્રતમાં પડેલા છિદ્રો એટલે કે અતિચારો આલોચનાદિથી પુરાતા-શુદ્ધ થતાં વ્રતરૂપી નૌકા ડૂબતી નથી.

**વ્રતના છિદ્રો પુરાતા આશ્રવ નિરોધ થાય છે.** ( આશ્રવ એટલે કર્મબંધના હેતુઓ ) તેના નિરોધ વિના સંવર શકય નથી. સંવર વિના મુકિત મળતી નથી. આશ્રવ નિરોધ પણ પ્રતિક્રમણ દ્વારા શકય બને છે.

ભગવંતે આગળ જણાવ્યું કે **આશ્રવ નિરોધથી ચારીત્ર નિર્દોષ બને** ચારિત્ર એટલે વિતરાગતા પ્રાપ્તિ માટે અહિંસા - સંયમ - તપરૂપ રાજમાર્ગ. તેમાં પ્રમાદાદિ કારણે રહી ગયેલા દોષોની સુધારણા પ્રતિક્રમણ વડે થાય છે.

આ રીતે ચારિત્રની ઉત્તરોત્તર શુદ્ધિ વડે આત્માને સુપ્રણિધાનમાં સ્થાપનારું તત્વ હોય તો તે પ્રતિક્રમણ છે. જેમ પારસમણીના સ્પર્શ વડે લોઢાનું સ્વરૂપ ન બદલાય તે સંભવ નથી તેમ પ્રતિક્રમણના પ્રયોગ વડે અધમાધમ આત્માનું ઉર્ધ્વીકરણ ન થાય તે શકય નથી.

દઢપ્રહારીએ પોતાનું સમગ્ર જીવન ચોરી - લુંટ - ધાડ માં જ વીતાવેલું છે. એક વખત કોઇ ગામમાં ચોરી કરવા ગયેલો છે ત્યાં કોઇ બ્રાહ્મણ ના ઘરમાં પેઠો, ચોરોને કાંઇ ન મળતા ગરીબ બ્રાહ્મણ ના ઘરમાંથી ખીરનું વાસણ લઇ લીધું. છોકરાઓને માંડ ખીર મલી હતી, તે જવાથી રડવા લાગ્યા. પેલા બ્રાહ્મણે ક્રોધાવેશમાં આવી ઘરનાં બારણાનો આગળીયો લઇ મારતા કેટલાંક ચોર મરણ પામ્યા.

દઢ પ્રહારી એ આ જોતાં જ બ્રાહ્મણનું મસ્તક છેદી નાખ્યું. ઘરમાં પેસતા ગાય આડી ફરેલી તો ગાયને ઝાટકે દઇ દીધી. ત્યાં પેલા બ્રાહ્મણની સ્ત્રી ગાળો દેવા લાગી તો દઢપ્રહારીએ ખડ્ગ થી તેનું પેટ

ચીરી નાખ્યું. પણ તે સાથે ગર્ભમાં રહેલ બાળક બે ટુકડા થઈને તરફડતું બહાર પડયું.

આ રીતે એક સાથે બ્રાહ્મણ, ગાય, સ્ત્રી અને બાળ (ગર્ભ) હત્યાથી તેનું મન ચગડોળે ચડયું. પોતાના આત્માને ધિક્કારતો એવો તે ગામ બહાર આવ્યો. ઉદ્યાનમાં મુનિરાજ ને જોયા એટલે શિક્ષા માટે માંગણી કરી.

અમારી શિક્ષા શું હોય ? એકજ દીક્ષા લઈલો. મુનિ મહારાજે પણ સમજાવ્યું કે **પાપ નાશની અણુમોલ પ્રક્રિયા** તો માત્ર પ્રતિક્રમણ છે. તારા પાપના પ્રાયશ્ચિત માટે તું પ્રથમ ચારિત્ર ગ્રહણ કર.

દૃઢપ્રહારી જેનું નામ ! એકજ પ્રહાર કરતોને સામો માણસ ખતમ થઈ જતો તેમ પાપને ખતમ કરવામાં પણ તે દૃઢપ્રહારી જ નિકળ્યો. દીક્ષા લીધી ઘોર અભિગ્રહ ધારણ કર્યો કે આ ગામમાં રહીને આક્રોશ પરિષહ સહન કરવા, મારા પાપનું સ્મરણ કરાવે ત્યાં સુધી આહાર ન લેવો.

લોકો તો પૂર્વના દ્વેષથી લાકડી અને પત્થરો વડે પ્રહાર કરવા લાગ્યા. પણ મુનિરાજે પૃથ્વીની પેઠે ક્ષમાવાન્ બની સર્વ કંઈ સહન કર્યું. પરિણામે પોતાના પાપોનું પ્રતિક્રમણ કરતાં ક્ષપક શ્રેણીએ ચઢી કેવલજ્ઞાન પામી મોક્ષે પહોચ્યાં. આલોચના નિંદા ગર્હાદિ પ્રતિક્રમણથી **પાપ નાશની અણુમોલ પ્રક્રિયા** સાધી ગયા.

પાપકર્મના મૂળ ચાર ભેદ છે (૧) સ્પૃષ્ટ (૨) બદ્ધ (૩) નિધત્ત (૪) નિકાચીત.

**(૧) સ્પૃષ્ટકર્મઃ–** સોયનો ઢગલો પડયો હોય તેને હાથ કે અન્ય કોઈ પદાર્થ અથડાય નહીં ત્યાં સુધી જ પરસ્પર સ્પર્શ કરીને રહે છે. જેવો હાથ કે કંઇ લાગે એટલે તરત સોય છુટી છુટી થઈ જાય છે. તેમ જે કર્મ ઉપયોગવાળા પ્રાણીને સહસાત્કારે બંધાયું હોય તે નિંદા અને ગર્હારૂપ પ્રતિક્રમણ કરવાથી નાશ પામે છે. તેને સ્પૃષ્ટ કર્મ જાણવું.

પ્રસન્ન ચંદ્ર રાજર્ષિ દીક્ષા ગ્રહણ કરીને રાજગૃહી બહાર કાયોત્સર્ગમાં રહેલા છે.

**શ્મશાને કાઉસ્સગ્ગ રહ્યા રે પગ ઉપર પગ ચઢાય**
**બાહુ બે ઊંચા કરીરે સૂરજ સામી દૃષ્ટિ લગાય**
**પ્રસન્ન ચંદ્ર પ્રણુમું તુમારા પાય.**

ભગવંતને વંદન કરવા શ્રેણિક મહારાજા જઈ રહ્યા હતા. તેણે મુનિને કાયોત્સર્ગમાં રહેલા જોઇ અતિ પ્રસન્નતા અનુભવી. પણ દુર્મુખ સૈનિક તેને જોઇને બોલ્યો કે અરે આ રાજા જુઓ-તેના પુત્રને મારીને મંત્રી રાજ લેવા ઇચ્છે છે. આવાની પ્રશંસા શું કરવી.

પ્રસન્નચંદ્ર રાજર્ષિને ધ્યાન ભંગ થતા, તે દુર્ધ્યાને ચડયાને મનોમન યુદ્ધ માંડી દીધું. તે સમયે શ્રેણિક રાજા ભગવંતને પૂછે છે. આ ઋષિ અત્યારે કાલધર્મ પામે તો તેની શી ગતિ થાય? ભગવંત કહે અત્યારે મરે તો સાતમી નરકે જાય. પણ રાજર્ષિને થોડીવારે મસ્તકે હાથ જતાં મુંડિત મસ્તક જોઇને વિચાર ધારા પલટાણી. પશ્ચાતાપ શરૂ થયો. પોતાના આત્માની નિંદા કરતા શુભ ધ્યાને આરૂઢ થઈ ગયા. મનમાં થયું કે હવે કોનો પુત્ર? કોનું રાજ્ય? ત્યાં ને ત્યાં કેવળ જ્ઞાન પામ્યા.

**વાગી દેવની દુંદુભીરે ઋષિ પામ્યા કેવળજ્ઞાન (૨)**
**પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય.**

કારણ કે સ્પૃષ્ટ કર્મ હતું તે ત્યાંજ વિખરાઈ ગયું.

**(૨) બર્દ્ધ કર્મ:—** સોયનો સમૂહ જો દોરા વડે બાંધેલ હોય તો બંધ છોડીએ ત્યારે સોયો છૂટી પડે તેમ પ્રમાદયોગે થયેલ પ્રાણાતિપાત વગેરે દોષે કરી બંધાયેલ કર્મ તે બદ્ધ કર્મ. જે આલોચના તથા પ્રતિક્રમણ કરી ખપાવી શકાય છે. જેમ અઇમુત્તા મુનિને પાણીમાં પાત્ર તરાવતા સચિત્ત પાણી તથા માટીની વિરાધનાથી કર્મ બંધાયું જેની આલોચના કરતાં કેવળજ્ઞાન પામ્યા.

**(૩) નિધત્ત કર્મ:-** સોયો દોરા વડે બાંધી હોય, પછી તેના ઉપર કાટ ચડી જાય, પછી તે સોય તથા બંધ પરસ્પર મળી જાય ત્યારે તે સોયોને તેલનું મિશ્રણ કરી, તાપ દઈ, અન્ય લોઢા સાથે ઘસીને એમ બહુ પ્રયત્ન કરતા સોયો છુટી પડે.

તેમ જે કર્મ સમગ્ર ઇન્દ્રિયની ઐકયતાથી જાણી જોઇને ઉપાર્જિત કર્યું હોય. પછી ઘણા કાળ પર્યન્ત તેની આલોચના ન કરવાથી જીવના પ્રદેશો સાથે ગાઢ રીતે બંધાઈ ગયું હોય તે કર્મ તીવ્ર ગર્હા અને ગુરૂદત્ત પ્રાયશ્ચિત થકી જ ક્ષય પામે છે.

**(૪) નિકાચિત કર્મ:-** સોયનો સમુહ એકઠો કરો, પછી તેને અગ્નિમાં મુકી તપાવીને લોહનો એક પિંડ બનાવી દો, પછી સોય છૂટી

ન પડે પણ ફરીથી લોઢું ઘડી નવી સોય બનાવવી પડે.

તે રીતે જીવે જે કર્મ કર્યું. કર્યા પછી આ મેં ઠીક કર્યું, ફરીને એમ જ કરીશ વગેરે અનુમોદના કરે અને એ રીતે જીવના પ્રદેશો સાથે તે ગાઢ એકત્વ પામે તો તે કર્મ વેદવું (ભોગવવું)જ પડે. જેમ શ્રેણિક મહારાજાએ હરણીને ગર્ભસહિત વિંધી નાખી. પછી અનુમોદના કરી. જે પાપ બાંધ્યુ તેથી નરકનું આયુષ્ય ભોગવવાનો વખત આવ્યો.

આમ આ ચાર પ્રકારના કર્મમાંથી પ્રથમ બે તો પ્રતિક્રમણ વડે જ ક્ષય પામી શકે છે. તમે પણ પ્રતિક્રમણ (વંદિતુ) સૂત્રમાં શું બોલો છો ?

**ઇચ્છામિ પડિક્કમિઉં સાવગ ધમ્માઇ આરસ્સ**-હું શ્રાવક ધર્મના અતિચારોનું પ્રતિક્રમણ કરવા ઇચ્છું. ત્યાં પ્રતિ ક્રમણ કરવાનો હેતુ પ્રગટ થઈ ગયોને ? શેનું પ્રતિક્રમણ ? શ્રાવક ધર્મના અતિચારોનું. કયા અતિચાર ?—नाणे तह दंसणे चरित्ते अ—જ્ઞાન દર્શન-ચારિત્ર સંબંધિ જે અતિચાર તેની આત્મ સાક્ષીએ નિંદા કરુ છું અને ગુરુ સાક્ષીએ ગર્હા કરુ છું-પ્રકાશુ છું.

આ પ્રકારના પાપ માટે બે કરણ કહ્યા. कारावणे अ करणे—જાતે કર્યું હોય કે બીજાને પ્રેરણા આપી કરાવ્યું હોય, તે બંનેનું પ્રતિક્રમણ અહીં જે कारावणे अ करणे શબ્દ મુકયો તેનું રહસ્ય પણ સમજવા જેવું છે. વંદિતા પૂર્વે તમે करेमि भन्ते સૂત્ર બોલો છો તે પ્રતીજ્ઞા સૂત્રમાં પણ दुविहं तिविहेणं કહ્યું છે. બે કરણ અને ત્રણ યોગ વડે. તે બે કરણ એટલે-करण करावण માટે અહીં कारावणे अ करणे નું પ્રતિક્રમણ કહ્યું.

## કેવા કર્મની આલોચના પ્રતિક્રમણ કરો છો ?

जं बद्धमिंदिएहिं ...............પાંચ અપ્રશસ્ત ઈન્દ્રિયો વડે, ચાર પ્રશસ્ત કષાયો વડે જે અશુભ કર્મ બાંધ્યુ હોય તેનું, તથા रागेण व दासेण व રાગ અને દ્વેષ વડે બાંધ્યુ હોય. तं निंदे તે (કર્મ) ની હું નિંદા કરું છું—ગર્હા કરુ છું. जं बद्ध ગાથાનો સંબંધ પાંચમી ગાથા સાથે જોડેલો છે. કર્મ બંધાય છે કઇ રીતે તે પણ લખી દીધું જેથી તમારે યાદ કરવા ન જવું પડે.

आगमणे निगमणे........આવતા-જતાં, ઉભા રહેતા, વારંવાર ચાલતા, અનુપયોગથી, આગ્રહથી કે નિયોગથી એટલે કે ફરજને લીધે-જે કંઇ

કર્મ ઈન્દ્રિય કે કષાય વડે બાંધ્યુ હોય તેનું હું પ્રતિક્રમણ કરુ છું.

આ રીતે સમગ્ર પ્રતિક્રમણના અર્થો સમજવા જરૂરી છે. નહીંતો શેનું પ્રતિક્રમણ થયું તે ખ્યાલ કેવી રીતે આવશે ?

એક સ્થળે સવારે એક ભાઇ પ્રતિક્રમણ કરાવે અને સાંજે બીજા ભાઇ કરાવે. તેમાં સવારે રાઈસી પ્રતિક્રમણ કરાવનારનું નામ રાઈશીભાઇ હતું. અને સાંજે દેવસી પ્રતિક્રમણ કરાવનારનું નામ પણ યોગાનુયોગે દેવશીભાઇ હતું. તેમાં એક વખત કોઇ ખેતશી ભાઈને પ્રતિક્રમણ ભણાવવાનો પ્રસંગ બન્યો એટલે પ્રતિક્રમણની સ્થાપના કરતાં તે બોલ્યો કે ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ખેતસી પ્રતિક્રમણ ઠાઉં ?

આ ભૂલ કેમ કરી ? અર્થની અજ્ઞાનતાથી. તે સમજ્યો કે જે ભાઇ પડિક્કમણું ભણાવે તેના નામની જ સ્થાપના હોયને ?

પ્રતિક્રમણ જેવી પવિત્ર ક્રિયા કરવા બેઠા છો તો **પાપ નાશની અણમોલ પ્રક્રિયા** નું જ્ઞાન તો થવું જોઈએ ને ? જેમ પ્રારંભિક શ્લોકમાં કહ્યું કે મૂલગુણ ઉત્તરગુણમાં થયેલી સ્ખલનાઓનું પ્રતિક્રમણ કરવું પણ મૂલગુણ ઉત્તરગુણ એટલે શું ? पंचण्हमणुवयाणं....... પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત એવાં ૧૨ વ્રતો. તે સંબંધિ અતિચારો (સ્ખલના)નું પ્રતિક્રમણ કરું છું.

આ પ્રતિક્રમણ માટે બારે વ્રતોના અતિચારોની ગાથા જણાવી. પછી ચોત્રીશમી ગાથામાં કઇ રીતે અતિચાર લાગ્યા ( સ્ખલનાઓ થઇ) તે સ્પષ્ટ કરતા સુંદર ગાથા મુકી દીધી.

काएण काइअस्स पडिक्कमे वाइअस्स वायाए
मणसा माणसिअस्स सव्वस्स वयाइआरस्स

કાયાના અશુભ વ્યાપારોથી –(વધબંધનાદિ), વચનના અશુભ વ્યાપારોથી ( સહસાખ્યાન વગેરે), મનના અશુભ વ્યાપારોથી (શંકા-કાંક્ષાદિ).

આ રીતે લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરીને શ્રાવકે શુભ યોગમાં પ્રવર્તવું જોઈએ. જેમ કે અશુભ કાયયોગના સ્થાને તપ અને કાયોત્સર્ગ કરો જે રીતે દઢ પ્રહારીએ કર્યો, અશુભ વચન યોગને સ્થાને મિચ્છામિ દુક્કડમ્ રૂપ વચન વ્યવહાર કરો જે રીતે ગૌતમ સ્વામીએ આનંદ શ્રાવક સાથે કર્યો. અશુભ મનો યોગને સ્થાને પશ્ચાતાપ–નિંદા કરો જે રીતે પ્રસન્ન ચંદ્ર રાજર્ષિએ કર્યો.

આ રીતે અશુભ યોગમાંથી નિવર્તી શુભયોગમાં આત્માને સ્થાપન કરો તો જ कयपावोवि मणुस्सो ગાથા સાર્થક બને. જેમ મજુર માથા ઉપર રહેલો બોજ ઉતારીને હલકો બને તેમ કરેલા પાપવાળો મનુષ્ય પણ ગુરુ સમક્ષ આલોચના-નિંદા કરીને હળવો એટલે કે પાપકર્મથી નિવૃત્ત-થાય છે.

જો કે નિવૃત્ત શબ્દ પણ પ્રતિક્રમણનો એક પર્યાય જ છે.

એક નગરમાં કોઈ વણકર શાળાપતિ રહેતો હતો. તેની શાળામાં ધૂર્તો આવીને વસતા હતા. એક ધૂર્તના મીઠાં સ્વર પર વણકરની પુત્રીને મોહ ઉત્પન્ન થયો, તેણે તેની સાથે ભાગી જવાનું નક્કી કર્યું. વણકર પુત્રી કહે મારી એક સખી રાજપુત્રી છે. અમે બંનેએ નક્કી કર્યું છે કે એક જ વરને પરણવું. ધૂર્ત કહે તેને પણ લઈ આવજે.

પ્રાતઃકાલે ત્રણે રવાના થયા. તેવામાં નજીકમાં કોઈ બોલ્યું હે આમ્ર! અધિક માસમાં આ કરણના ફૂલો ભલે ફૂલે પણ તારે ફૂલવું એ યોગ્ય નથી. આ વાક્ય સાંભળી રાજકુમારીને થયું કે જો વૃક્ષોમાં પણ ઉત્તમ-અધમનું અંતર હોય તો મારામાં અને વણકર-પુત્રીમાં કેમ નહીં ?

આવું વિચારી "હું રત્નનો ડાબલો લઈને આવું" તેમ બોલતા ત્યાંથી પાછી વળી ગઈ. તે જ દિવસે શરણે આવેલા રાજપુત્ર સાથે તેના લગ્ન થયાં. પછી તે પટ્ટરાણી બની.

ભાવાર્થ એ કે જેઓ સાવદ્ય કર્મમાંથી નિવૃત્ત થાય છે, તેઓ રાજકુમારી ની જેમ સુખી થાય છે. માટે સાવદ્ય યોગ કે પાપમય પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થવું. આ નિવૃત્ત થવું તે પ્રતિક્રમણ. खिप्पं उवसामेइ वाहिव्व सुसिक्खिओ विज्जो.

જે રીતે સુશિક્ષિત વૈદ્ય વ્યાધિને શમાવી દે છે તે રીતે પ્રતિક્રમણ કરનાર શ્રાવક પણ કર્મબંધ રૂપી વ્યાધિ ને પ્રતિક્રમણ – પશ્ચાતાપ અને અને પ્રાયશ્ચિત રૂપ ઉત્તરગુણ વડે શીઘ્ર સમાવી દે.

**પ્રશ્ન :-** કર્મબંધ એ આગંતુક વ્યાધિ જેવો સામાન્ય નથી પણ દેહ વ્યાપિ વિષ જેવો ભયંકર છે ત્યાં પ્રતિક્રમણ વગેરે સામાન્ય ઉપચાર શા કામના ?

**સમાધાન :-** કુશળ વૈદ્યો માત્ર સામાન્ય રોગને મટાડનાર નથી

હોતા પણ મંત્ર - મૂલના ઉપયોગમાં પણ નિષ્ણાત હોય છે. જડીબુટ્ટી વડે વિષગ્રસ્ત ને પણ નિર્વિષ બનાવી શકે છે.

તેમ શ્રાવક નિંદા, ગર્હા આલોચના નો યથાર્થ મર્મ જાણતો હોય. તેની વિધિ જ એવી કુશળતાથી કરે કે રાગ દ્વેષના બળે એકઠું થયેલું આઠે કર્મોનું વિષ પણ નિઃસત્વ થઈ જાય છે. પ્રતિક્રમણ એ માત્ર ક્રિયા નથી પણ અચિંત્ય પ્રભાવક એવું અદ્ભુત **આયોજન છે અને પાપ નાશની અણુમોલ પ્રક્રિયા છે.**

તમે વિધિની અદ્ભુતસંકલના વિચારી જુઓ તો આ વાત તમને સમજાઈ જશે.

પ્રથમ ઇરિયાવહિ થકી લઘુ પ્રતિક્રમણ કરે, પછી માંગલિક ને માટે દેવવંદન કરવાનું, પછી ભગવાનહં આદિ ચાર વાંદણા દઈ ગુરુ ને પણ વંદન કરવાનું ત્યાર બાદ વિનય પૂર્વક નમ્ર બનેલો શ્રાવક પ્રતિક્રમણની સ્થાપના કરે.

(દૈવસિક) પ્રતિક્રમણ સ્થાપના માટે આદેશ માંગી જમણો હાથ ચરવળા પર સ્થાપી મન-વચન-કાયાની સ્થિરતા માટે સવ્વસ્સ વિ સૂત્ર બોલે. અહીં પાપ ભારથી હું નીચો નમુ છું એવા ભાવ સાથે પ્રતિક્રમણ-નો આરંભ થાય. - છ આવશ્યક બાદ સ્તવનાદિ કરે.

**(૧) સામાયિક આવશ્યક**નો આરંભ કરવા માટે કરેમિ ભંતે સૂત્ર બોલે.

જ્ઞાનાદિ પાંચ અતિચારોમાં ચારિત્ર મહત્વનું છે. તેથી તેમજ ચારિત્ર એ મુક્તિનું અનંતર કારણ છે. અને જ્ઞાનાદિ પરંપર કારણ છે. બારમા ગુણઠાણા પછી સંપૂર્ણ જ્ઞાન પ્રગટે પણ મુક્તિ ન થાય. માટે કરેમિ ભંતે બોલવા પૂર્વક દ્રવ્યથી ઉભો થઈને અને ભાવથી પરિણામ વિશુદ્ધિ દ્વારા ગુરુ આગળ અતિચારોનું આલોચન કરી તસ્સ ઉત્તરી-અન્નત્થ સૂત્ર પૂર્વક પંચાચાર વિશુદ્ધિ માટે "નાણંમિ દંસણંમિ." આઠ ગાથાને આધારે સવારથી સાંજ સુધીના અતિચારોનું ચિંતવન કરે.

**(૨) ચઉવિસત્થઓ** :– દેવાધિદેવના વિનય પૂર્વક પ્રતિક્રમણ કરવા માટે ચોવીશ તિર્થંકરોની સ્તુતિ રૂપ લોગસ્સ સૂત્ર બોલવાનું.

—પછી—

(૩) **વંદન** :– ગુરુ પરત્વેના વિનય રૂપે સંડાસા પ્રમાર્જન પૂર્વક ઉભડક પગે બેસી, મુહપત્તિની પડિલેહણા કરે. જેમાં હેયનું પરિમાર્જન અને ઉપાદેયની ઉપસ્થાપના કરે. પછી દ્વાદશાવર્ત વંદન માટે વાંદણાનો પાઠ કરે.

(૪) **પ્રતિક્રમણ** :– પ્રથમ સમ્યક્ રીતે શરીર નમાવી, પૂર્વે મનમાં ધારી રાખેલા અતિચારોનું અવગ્રહમાં રહીને જ ગુર્વાજ્ઞાથી આલોચન કરે, સાત લાખ થકી જીવ વિરાધનાનું અને અઢાર પાપ સ્થાનકોનું મિચ્છામિ દુક્કડમ્ આપી, સવ્વસ્સવિ સૂત્ર બોલી મન–વચન–કાયાના અતિચારોનું પ્રાયશ્ચિત માંગે. ત્યારે ગુરુ કહે **पडिक्कमेह**. ત્યારે પ્રતિક્રમણ કરવા વંદિતુ બોલે.—

વંદિતુ બોલવા વીરાસને બેસી, માંગલિક માટે નવકાર ગણી, કરેમિ ભંતે થકી સમતામાં સ્થિર થઇ, સામાન્ય આલોચના માટે ઇચ્છામિ પડિક્કમિઉં સૂત્ર બોલી વંદિતુ બોલે. તેમાં તસ્સ ધમ્મસ્સ પદ બોલતા અતિચારના ભારથી હળવો થયો હોય તેમ ઉભો થઇ, અબ્ભુટ્ઠિઓ પાઠ પૂર્વક ગુરુમહારાજને અપરાધ ખમાવવા દ્વાદશાવર્ત વંદન કરી અવગ્રહમાંથી બહાર નીકળી આયરિય ઉવજ્ઝાય બોલી સર્વેને ખમાવી શાંત થાય.

(૫) **કાઉસ્સગ્ગ** :– ચારિત્રાચાર માટે બે લોગસ્સ, દર્શનાચાર માટે એક લોગસ્સ સવ્વલોએ અરિહંત....પૂર્વક, અને પુકખરવરદી સૂત્ર બોલી જ્ઞાનાચાર માટે એક લોગસ્સ કાઉસ્સગ્ગ કરી, ત્રણેની વિશુદ્ધિ કરે. પછી શ્રુતદેવતા–ક્ષેત્ર દેવતા આરાધન માટે એક એક નવકારનો કાઉસ્સગ્ગ કરે.

(૬) **પચ્ચક્ખાણ** :— નવકાર ગણી મુહપત્તિ પડીલેહી વાંદણા દઇ અવગ્રહમાંજ સામાયિક ચઉવિસત્થ....બોલી છ આવશ્યક પૂરા કરી પચ્ચક્ખાણ કરે અથવા સંભારે.....................

આ રીતે તમે પણ પ્રતિક્રમણ દ્વારા છ આવશ્યકમાં ઉદ્યમવંત રહો. એ જ અભ્યર્થના

# (૨૭) કાયોત્સર્ગ – પરિચય

## —આત્મહત્યા વિના શરીરત્યાગ

काउस्सग्गे जह सुट्ठिअस्स भज्जंति अंग भंगाइं
इय भिंदंति सुविहिअ अट्ठविहं कम्मसंघायं

કાયોત્સર્ગમાં વિધિપૂર્વક ઉભા રહેલાના અંગોપાંગ જેમ ભાંગે (તેમ તેમ) વિધિપૂર્વક કાઉસ્સગ્ગ કરનારા સુવિહિત આત્માઓ આઠ પ્રકારના કર્મ સમૂહને છેદે છે.

શ્રાવકને માટે મન્નહ જિણાણું સજ્ઝાયમાં છત્રીશ જુદા જુદા કર્તવ્યો જણાવ્યા, તેમાં આઠમું કર્તવ્ય જણાવ્યું કાયોત્સર્ગ (કાઉસ્સગ્ગ) જેના વડે જીવ આઠ પ્રકારના કર્મોને છેદે છે.

મહાવીર ચરીત્રમાં આવે છે કે ભગવાન જ્ઞાતખંડ વનમાંથી નીકળી, બે ઘડી દિવસ બાકી રહેતા કુમારગ્રામ નામના સંનિવેશમાં આવ્યા અને ત્યાં કાયોત્સર્ગે રહ્યા. બીજે લખ્યું કે મોરાક સંનિવેશમાં આવ્યા અને કુલપતિના આશ્રમમાં પ્રલંબમાન ભૂજાએ કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. ત્યાંથી પ્રભુ કુમાર સંનિવેશમાં ચંપક રમણીય ઉદ્યાનમાં લાંબી ભૂજાએ કાયોત્સર્ગે રહ્યા.

પણ કાયોત્સર્ગ એટલે શું ? काया+उत्सर्ग કાયા એટલે શરીર. उत्सर्ग એટલે ત્યાગ કરવો. મતલબ કે શરીરનો ત્યાગ કરવો તે કાયો-ત્સર્ગ. પણ ત્યાગ કઈ રીતે કરવાનો ?

**આત્મહત્યા વિના શરીરત્યાગ.** શરીરની સ્થિરતા. વાણીનું મૌન-મનથી શુભ ધ્યાનપૂર્વક રહેવું તે શરીર ત્યાગ. પણ આપઘાત કરવો તે અર્થ અહીં અભિપ્રેત નથી.

**શાન્ત્યાચાર્ય કહે છે કે** "શરીરની ક્રિયાઓ અને શરીરના મમત્વનો ત્યાગ કરવો તે કાયોત્સર્ગ."

ચૈતન્ય મહાપ્રભુ એક વખત જગન્નાથપુરીથી દક્ષિણ ભારત જઇ રહ્યા હતા. માર્ગમાં એક બ્રાહ્મણને ગીતા પાઠ કરતો જોયો. બ્રાહ્મણના મુખ પર આનંદની રેખા ઉપસી રહી હતી. તે તલ્લીન હતો. ચૈતન્ય મહાપ્રભુ બ્રાહ્મણની પાછળ સંતાઈને શ્લોક સાંભળવા લાગ્યા.

ગીતાપાઠ પુરો થતા પાછળ નજર ફેરવી. ચૈતન્ય મહાપ્રભુને પોતાની નજીક જોઇ તેના હર્ષની સીમા ન રહી. ચૈતન્ય મહાપ્રભુને ચરણે પોતાનું શિર નમાવ્યું.

ચૈતન્ય સ્વામી બોલ્યા કે તમારો ગીતા પાઠ સાંભળ્યો. ઉચ્ચારણો ઘણાં અશુદ્ધ છે, છતાં તમે આવી આનંદ સમાધિ કેવી રીતે મેળવી શકો છો ? બ્રાહ્મણ હાથ જોડીને બોલ્યો, સ્વામીજી ! મને કયાં સંસ્કૃત આવડે છે કે શુદ્ધ ઉચ્ચારણો કરી શકું. હું તો શ્લોક બોલ્યા કરું છું તેનો અર્થ પણ આપ જેવા વિદ્વાનો જ સમજી શકે. પણ એક વાત છે, ગીતા પાઠ કરતી વખતે હું કુરુ ક્ષેત્રના મેદાનમાં પાંડવ અને કૌરવની સેના વચ્ચે એક સુંદર રથ જોઉ છું. રથમાં અર્જુન છે અને સારથી તરીકે શ્રી કૃષ્ણ ઉભા છે. વારંવાર તેઓ મુખ ફેરવીને અર્જુન ને ઉપદેશ આપે છે. આ બધું મને દેખાય છે. અને તે જોતાં જોતાં મારો આત્મા પુલકીત થઇ ઉઠે છે.

ચૈતન્ય મહાપ્રભુથી બોલી જવાયું. વાહ વાહ આ જ સાચો ગીતા પાઠ છે ભાઇ.

કાઉસ્સગ્ગ કરતી વેળા તમે પણ કદાચ તસ્સ ઉત્તરી કે અન્નત્થના અર્થથી અજ્ઞાન હો, તો પણ માત્ર ठाणेणं - मोणेणं झाणेणं પૂર્વક નું अप्पाणं वोसिरामि હોયતો કાઉસ્સગ્ગ નું ધ્યેય સફળ થવાનું જ છે. मा रुष मा तुष શબ્દોને બદલે माषतुष બોલનાર મહાત્માને પણ કેવળ જ્ઞાન વરેલું જ હતું.

કાઉસ્સગ્ગ તો વલોણું છે. મન્થન વલોણું વલોવ્યે જ જાઓ. વલોવ્યે જ જાઓ. એક સમય જરૂર એવો આવશે, જ્યારે છાશ ને બદલે માખણ અલગ પડી જશે.

તે રીતે अप्पाणं वोसिरामि બોલીને આરંભેલ કાઉસ્સગ્ગ માં કદાચ તત્કાલ બહિરાત્માનું વિસર્જન ન થાય, તો પણ તેનો સતત અભ્યાસ એક વખત અનાત્મભાવ અને આત્મ ભાવને પૃથક્ કરી આ શરીર તે હું નહીં અને હું તે શરીર નહીં એવું સાબીત કરવાનો જ.

કાયોત્સર્ગ આત્માને ઉજ્વલ બનાવનારી એક ક્રિયા છે. મહાન જ દોષરૂપ ભાવ વ્રણની ચિકિત્સા છે. જેમ કરવત જતા - આવતા લાકડાને છેદી નાખે છે. તેમ કાયોત્સર્ગ દ્વારા કર્મો કપાઇ જાય છે. પણ તે માટે

જરૂર છે અભ્યાસની. હેતુ સિદ્ધ કરવાનો છે અનાત્મ ભાવમાંથી આત્મ ભાવમાં સંક્રમણ કરવાનો.

કાયોત્સર્ગ માટે ચૈત્યવંદન ભાષ્યમાં બાર સાધનો / કારણો દર્શાવે છે.

चउतस्स उत्तरी करण पमुह सद्धाऽऽइया यपणहेउ
वेयावच्च – गरत्ताऽऽइ तिन्निइअ हेउ बारसगं

તસ્સ ઉત્તરી વગેરે ચાર, શ્રદ્ધા વગેરે પાંચ અને વેયાવચ્ચ કરવાપણું એ ત્રણ એમ બાર હેતુ કે કારણ છે.

કાયોત્સર્ગ પ્રાયશ્ચિત એ પ્રતિક્રમણ પ્રાયશ્ચિતની ઉત્તરક્રિયા છે. તેથી જ શબ્દ શું વાપર્યો ? तस्स उत्तरी करणेणं ઉત્તર ક્રિયાનો હેતુ શો ? પ્રાયશ્ચિત કરવું તે. પણ પ્રાયશ્ચિત શા માટે કરો છો ? विसोहि करणेणं– વિશુદ્ધિ માટે. વિશુદ્ધિ ક્યારે થાય ? વિશલ્લિ–શલ્ય રહિત થાય ત્યારે.

તસ્સ ઉત્તરી સૂત્રમાં ચાર ભાગ છે.

(૧) तस्स– "તેનું" એ અનુસંધાન પદ છે. ઇરિયાવહી સૂત્ર વડે કરેલા પ્રતિક્રમણનું અનુસંધાન દર્શાવે છે. જેનું પ્રતિક્રમણ કર્યું તેના અનુસંધાને

(૨) સૂત્રનો બીજો ભાગ ચાર પદોનો છે તેમાં મુખ્ય શબ્દ છે करण.–करण એટલે ક્રિયાને સાધ્ય કરવાનું સાધન. તેના ચાર સાધન તે उत्तरी करणेणं વગેરે. જેને ચૈત્યવંદન ભાષ્યમાં ચાર હેતુ કહ્યા.

(૩) સૂત્રના ત્રીજા ભાગમાં પ્રયોજન દર્શાવ્યું पावाणं कम्माणं निग्घायणट्ठाए પાપ કર્મનો નાશ કરવા.

(૪) પ્રવૃત્તિ–ठामि काउस्सग्गं કાયોત્સર્ગ કરુ છું.

એટલે પાપ કર્મના નાશ માટે કરાતા કાઉસ્સગ્ગના ચાર કરણ દર્શાવ્યા. તે चउतस्स उत्तरी करण. ભાષ્યકારે આગળ શું કહ્યું ? सद्धाइया य पण પાંચ શ્રદ્ધા વગેરે.

तस्स उत्तरी ચાર હેતુ અને વંદનાદિક ફળની પ્રાપ્તિ માટે કરેલા કાયોત્સર્ગની સિદ્ધિ દર્શાવવા પાંચ સાધનો મુકયા તે सद्धाए मेहाए धिइए धारणाए अणुप्पेहाए.

મધરાતનો સમય છે, ચંપાનગરી આખી સૂઇ ગઈ છે, જાગે છે માત્ર એક કરોડાધિપતિ શ્રમણોપાસક કામદેવ. પૌષધશાળામાં રહીને

કાયોત્સર્ગ પ્રતીમાની સાધના કરે છે. પ્રભુ પાસે શ્રદ્ધા અને મેધાપૂર્વક બારવ્રત અંગીકાર કર્યા છે.

બરાબર એ જ સમયે ગુસ્સામાં ધમધમતો, જેને જોતાંજ થથરી ઉઠાય તેવો પીશાચ પૌષધ શાળામાં પ્રવેશે છે. તલવાર વિંઝતો પિશાચ ત્રાડ પાડે છે. ઓ દુષ્ટ ! તું તારું ધ્યાન છોડી દે નહીંતો હમણાં ને હમણાં તારા ટુકડા થઇ જશે.

ત્યારે धिइए धारणाए–ધીરજ અને ધારણા વડે કામદેવ શ્રાવક અડોલ–અટલ રહ્યો. તલવાર વીંઝાણી. શરીરના ટુકડાઓ ઉડીને પડ્યા ભોંય ઉપર. પણ पावाणं कम्माणं निग्घायणं–પાપ કર્મનું નિર્ઘાતન કરવાના એક માત્ર હેતુવાળો કામદેવ શ્રાવક આત્મામાં એકાકાર બની ગયો. પછી તે પિશાચે હાથીનું રૂપ ધારણ કરી, કામદેવને હવામાં ઉછાળી નીચે પછાડયો. સાપનું રૂપ ધારણ કરી ધમકી આપી ધ્યાન છોડ ! નહીં તો મારી ઝેરી દાઢોથી કરડી ખાઇશ તને.

પણ કામદેવ વિચારે છે કોનું શરીર ? હું તો એક અજર અમર આત્મા છું. એક જ માત્ર अणुप्पेहाए કાયોત્સર્ગ. કાયાની ત્યજી દીધી છે માયા. **આત્મહત્યા વિના શરીરનો ત્યાગ કર્યો છે જેણે,** તેવો કામદેવ શ્રાવક ધ્યાનમગ્ન છે. છેલ્લે નિષ્ફળ ગયેલો દેવ કામદેવની ધીરતાની પ્રશંસા કરી ચાલ્યો ગયો અને ભગવંતે પણ તેની પ્રશંસા કરી. આગમ–શાસ્ત્ર ના પાને લખાયો.

માટેજ કહ્યુંકે શ્રદ્ધાદિ પાંચ સાધનો વડે કાયોત્સર્ગ કરો. અરિહંત ચેઈયાણં સૂત્રનો બીજો હિસ્સો તે કાયોત્સર્ગ સિદ્ધિના શ્રદ્ધાદિ પાંચ ઉપાયો.

o श्रद्धा– વધતી જતી સમ્યગ્ દર્શનની શુદ્ધિ વડે.

o मेघा– વધતી જતી મેધા–બુદ્ધિ વડે–જડતાથી નહીં.

o धीइए– આકુળ વ્યાકુળ થઇને નહીં પણ ધીરજપૂર્વક.

o धारणाए– શૂન્ય મનથી નહીં પણ અરિહંતાદિકના ગુણોના સ્મરણ પૂર્વક અને છેલ્લે

o अनुप्रेक्षा-- પરમાર્થના અનુચિંતન પૂર્વક—

— કાયોત્સર્ગ કરવાનું કહ્યું.—

છેલ્લે આ કાઉસ્સગ્ગના ત્રણ હેતુ જણાવતા ભાષ્યકાર મહર્ષિ વૈયાવચ્ચગરાણં સૂત્રનો પાઠ મુકે છે. આ કાઉસ્સગ્ગ વૈયાવચ્ચ એટલે

સેવા કરનારા, શાંતિ કરનારા અને સમ્યગ્ દૃષ્ટિઓને સમાધિ ઉપજાવનારાઓના નિમિત્તે એવા ત્રણ કારણથી કરું છું.

આ રીતે કાઉસ્સગ્ગની પરિભાષાને ત્રણ ભાગમાં વહેંચી શકાય. પ્રથમ ચાર કારણો તે કાયોત્સર્ગનો હેતુ દર્શાવે છે, બીજા પાંચ કારણો તે કાયોત્સર્ગનું સાધન દર્શાવે છે, ત્રીજા ત્રણ કારણો નિમિત્ત દર્શાવે છે.

કાઉસ્સગ્ગ ના પ્રકારો દર્શાવતા આવશ્યક નિર્યુક્તિના ૧૪૫૨ માં શ્લોકમાં જણાવ્યું કે

सो उसग्गो दुविहो चिट्ठाए अभिभवे च नायव्वो

તે કાયોત્સર્ગ (ઉત્સર્ગ) બે પ્રકારે છે (૧) ચેષ્ટારૂપ. (૨) અભિભવ રૂપ.

(૧) ગમનાગમન કે દિવસ-રાત્રિ આદિ પાંચ પ્રતિક્રમણમાં થતો કે જેના શ્વાસો શ્વાસનું પ્રમાણ નિયત હોય તે ચેષ્ટારૂપ કાયોત્સર્ગ.

(૨) વિશેષ શુદ્ધિ કે ઉપસર્ગો સહન કરવા માટે ખંડેરમાં, શ્મશાન ભૂમિમાં કે અરણ્યાદિમાં થાય તે અભિભવ રૂપ--જે કાઉસ્સગ્ગનું કાલમાન જઘન્યથી અંતર્મુહુર્ત અને ઉત્કૃષ્ટથી બારમાસ સુધી હોય છે. જે કાઉસ્સગ્ગ બાહુબલીએ કરેલો.

હિંસાના પ્રચંડ વાવાઝોડા વચ્ચે એકાએક વિવેક દીપ પ્રજ્વલીત થઈ ગયો. મોટાભાઈ ભરતને જાનથી મારી નાખવા ઉગામેલી મુટ્ઠી વડે રણભૂમિમાંજ કેશલોચ કર્યો. શરૂ થયો કાયોત્સર્ગ. મનમાં પ્રતીજ્ઞા કરી કે કેવળજ્ઞાન થયા પછી જ પ્રભુ પાસે જવું, જેથી નાના ભાઈઓને વંદન ન કરવુ પડે.

અત્યંત સ્થિરતા પૂર્વક કાયોત્સર્ગ કરી રહ્યા છે. ગ્રીષ્મઋતુનો બળબળતો બપોર તેને અકળાવતો નથી. ધૂળોના થર શરીરે જામવા માંડયા, પછી શરૂ થાય છે ચોમાસાની વર્ષા. પગથી માથા સુધી ધૂળો ચોંટી ગઈ. કાદવના થર બાઝી ગયા. મેઘ ગર્જના અને વીજળીના કડાકા ચાલુ થયા પણ બાહુબલી તો કાયોત્સર્ગમાં અડોલ જ છે.

પગની નીચેથી ઉગેલી વેલ આખા શરીરને વીંટળાઈને માથા સુધી પહોંચી ગઇ છે. પગની નીચે તથા આજુબાજુ શૂળો ઉગી નીકળી છે. પંખીઓએ શરીર પર માળા બાંધ્યા છે. સાપે ત્યાં રાફડા બનાવ્યા છે. વેલમાં રહેલી જીવાતો શરીરે ચટકા ભરી રહી છે. પંખીઓ

ચાંચો મારે છે, સાપ પોતાના દાંત બેસાડે છે. પછી શરૂ થાય છે હાડ થીજાવી દે તેવી ઠંડી.

છતાં હજી બાહુબલી અડોલ છે. કાયાની મમતાને ત્યજી દીધેલ અને આપણા શબ્દોમાં કહીએ તો **આત્મહત્યા વિના શરીર ત્યાગીને** બાહુબલીજી ઠાણેણં-મોણેણં-ઝાણેણં કરીને આત્મભાવમાં સ્થિર થઇ ગયા છે. આખુ વર્ષ આ રીતે વીતી ગયું. પ્રચૂર કર્મોને ખપાવી દીધા પણ ચંદ્રમામાં જેમ ગ્રહણ લાગે તેમ અભિમાનનો રાહુ આડો આવીને ઉભો છે.

ઋષભદેવ પ્રભુ બ્રાહ્મી અને સુંદરીને મોકલે છે બંને બહેનો ત્યાં જઇને બોલી કે **વીરા મોરા ગજ થકી ઉતરો**. અચાનક ફટકો લાગ્યો બાહુબલીજીને. અરે અહીં હાથી કયાં છે ? ચિત્ત તંત્ર પર શબ્દો પછડાયા ને ત્યાંજ ભાઇને વંદન ન કરવારૂપ અભિમાન ઓગળી ગયું. હજી તો માત્ર એક ડગલું દીધું ત્યાં તો ઘાતી કર્મો કડડભુસ કરતાં ભુકકો થઈ ગયા અને બાહુબલીજી ને થઈ ગયું કેવળજ્ઞાન.

પણ કયારે ? ઠાणेणं मोणेणं झाणेणं (જેમ પ્રતિક્રમણમાં ધ્રુવ પંક્તિ છે – પડિક્કમામિ - નિંદામિ - ગરિહામિ તેમ) કાઉસ્સગ્ગ માં ધ્રુવ પંક્તિ છે ઠાણેણં – મોણેણં-ઝાણેણં.

બંને માં છેલ્લો શબ્દ " કોમન " अप्पाणं वोसिरामि. મહત્ત્વ કોનું ? **અપ્પાણં વોસિરામિ નું** –

કાયોત્સર્ગનું સ્વરૂપ છે. ठाणेणं - मोणेणं - झाणेणं. સ્થાન વડે સ્થિર થઇને, મૌન વડે સ્થિર થઇને, ધ્યાન વડે સ્થિર થઇને – अप्पाणं वोसिरामि રૂપ પ્રતીજ્ઞા કરે છે. ठाणेणं દ્વારા શરીરની પ્રવૃત્તિનો ત્યાગ કરી અચલ અડોલ રહેવું, मोणेण દ્વારા આંતર બાહ્ય પ્રવૃત્તિનો ત્યાગ કરી મૌન રહેવું, झाणेणं થકી મનની વૃત્તિ કે વિચારો દૂર કરી આત્મભાવ માં એકાગ્ર થવું.

ठाणेणं - એટલે કે આસન વડે સ્થિર થઇને કાયાનું જરાપણ હલનચલન કરવું નહીં. કાયાની પ્રવૃત્તિ જયાં સુધી ચાલુ છે ત્યાં સુધી મનમાં વિક્ષેપ થવાનો. મનમાં વિક્ષેપ થતાં ધ્યાન જામે નહીં માટે પ્રથમ કાયાની સ્થિરતા કરવી.

સામાન્ય તયા કાયાની સ્થિરતા માટે જિનમુદ્રાનો ઉલ્લેખ કરાય છે. ભાષ્યની સોળમી ગાથામાં લખ્યું છે કે

चत्तारि अंगुलाइं पुरओ ऊणाइं जत्थ पच्छिमओ
पायाणं उस्सग्गो एसा पुण होइ जिण मुद्दा

જેમાં પગનું (બે પગ વચ્ચેનું) અંતર આગળ ચાર આંગળ અને પાછળ (બે ઘુંટીની વચ્ચે) કંઈક ન્યુન હોય તે જિનમુદ્રા સમજવી. (અને કાઉસ્સગ્ગ કરતી વેળા જિનમુદ્રા સાચવવી.)

રથનેમિ, અરિષ્ટનેમિના સગાભાઈ છે એક તિર્થંકર પરમાત્મા અને બીજા શ્રમણ છે. રથનેમિ ગુફામાં પદ્માસન લગાડી બેઠા છે. કાયોત્સર્ગમાં આત્મ ચિંતવન ચાલેછે. ठाणेणं मोणेणं झाणेणं કરીને બેઠા છે. ભગવંતની વાણી શ્રવણ કરીને રાજીમતી વસતી તરફ જઈ રહ્યા છે. ત્યાં અચાનક વરસાદનું એક ઝાપટું તુટી પડે છે.

આખા ભીંજાઈ ગયેલા રાજીમતીની દૃષ્ટિ પણ ગુફા તરફ પડી. સંભાળ પૂર્વક ગુફામાં જઈ ભીંજાયેલા વસ્ત્રો નીચોવે છે.

**પાઉસ ભીની પદ્મિની ગઈ તે ગુફામાંહી તેમરે**
**ચતુરા ચીર નીચોવતી દીઠી રુષિ રહનેમ રે**
**ચિત્ત ચલે ચારિત્રીયો વયણ વદે તવ એમરે**
**સુખ ભોગવીએ સુંદરી આપણ પુરણ પ્રેમરે.**

રથનેમિના શરીરે તે અવાજ અને દૃશ્યો ઝીલી લીધા, ઝીલીને મન તરફ ધકેલ્યાં, નિરાવરણ રાજીમતીને જોઈ ને રથનેમિનું ધ્યાન તુટી ગયું. કાયોત્સર્ગની સ્થાન મુદ્રા છુટી ગઈ. વસ્ત્રહીન રાજીમતીને જોવાથી ચલાયમાન ચિત્તવાળા રથનેમિએ ભોગની પ્રાર્થના કરી. ત્યારે રાજીમતી તેમને સમજાવે છે :-

**તવ રાયજાદી એમ ભણે ભુંડા ઇમ શું ભાખે રે**
**વયણ વિરુદ્ધ એ બોલતાં કંઇ કુલ લાજ ન રાખે રે**
**હું પુત્રી ઉગ્રસેનની તું જાદવ કુલ જાયો રે**
**એ નિર્મલકુલ આપણા તો કેમ અકારજ થાય રે**

રે ભુંડા! ભગવાનના વચન વિરૂદ્ધ આવા વિષયભોગના સુખની વાત કરતાં તને કંઈ લાજ શરમ નથી આવતી. અરે! આપણા કુળનો તો વિચાર કરો. હું ઉગ્રસેનની પુત્રી તું યાદવ કુલનો વંશજ. આપણાં આવા નિર્મલ કુલ અને આપણે મલીનતા ધારણ કરાય ?

તમે પણ વિચારો કે તે સમયે કુળની આબરૂના ખ્યાલો કેવા

મજબૂત હશે ? આજે વાણીયાની છોકરી ભણશાલી–સુતાર કે મુસલમાનને ત્યાં જાય તો યે કોઈને કશો વાંધો આવતો નથી.

जइ तं काहिसी भावं जाजा दिच्छसि नारीओ
वाया विधुव्व हड्डो अट्ठि अप्पा भविस्ससि

(ઓ રથનેમિ!) તમે જે જે સ્ત્રીઓને જોશો અને તેને માટે આ સ્ત્રી સુંદર છે માટે હું ભોગવું એવા ભાવ કરશો તો પવનથી હચમચી ગયેલા મૂળ વગરના વૃક્ષની માફક સંયમમાં અસ્થિર બની જશો.

જેમ પવનની આંધી થતા મૂળ રહિત વૃક્ષ અસ્થિર બને તેમ ભોગની ઇચ્છારૂપી પવનના ઝપાટે ચડેલ સંયમરૂપી વૃક્ષ પણ અસ્થિર બની જશે. અને તમે સંસાર અટવીમાં ભમશો.

જે ભોગ તમે પરીહર્યા છે– જેનો તમે ત્યાગ કર્યો છે તે જ ભોગની પાછી વાંછા કરો તે શું યોગ્ય છે ? જેમ કુતરો વમન કરે ને પછી પોતે વમેલું પોતે જ ચાટી જાય તેવા કુકર્મી તમે ગણાશો.

**સરપ અગંધક કુલ તણાં કરે અગ્નિ પ્રવેશ રે**
**પણ વમિયું વિષ નવિ લિયે જુઓ જાતિ વિશેષ રે**

અગંધક કુળના સાપ હોય ને તે કદાચ કોઇકને કરડી પણ જાય, તો પણ ગારુડીના ગમે તેટલા પ્રયત્નો છતાં તે સર્પ કદી પોતે વમેલા વિષને પાછું ખેંચે (ચુસે) નહીં. અરે અગ્નિમાં પ્રવેશ કરાવીને મારી નાખો તો મરવાનું કબુલ પણ તે સાપ કદી વમેલું વિષ પીએ નહીં.

જો તિર્યંચો પણ આવા જાતિવાન હોય તો આપણા જેવા ઉત્તમ કુળના માટે શું આ શોભે ખરું ? પ્રાણનો વિયોગ થઇ જાય તો પણ ફરી આ ભોગ માટે વાંછા ન કરાય. કારણ કે પગલે પગલે જો આવા સંકલ્પોથી આત્મા પીડાતો હોય તો તે ચારિત્રની પરિપાલના કઇ રીતે કરી શકશે ?

શ્રી દશવૈકાલિક સૂત્રમાં પણ લખ્યું છે કે—

जे अ कंते पिए भोए लद्धेवि पिट्ठि कुव्वई
साहिणे चयई भोए से हु चाइ त्ति वुच्चई

જેને સુંદર અને પ્રિય એવા શબ્દાદિ ભોગો મળ્યે છતે તે તરફ પીઠ ફેરવે છે–એટલે કે અનેક શુભ ભાવનાના બળે તેનો ત્યાગ કરે છે. યાને ભોગવતા નથી. તે જ ત્યાગી કહેવાય છે.

રાજીમતીના આવા કારના પ્રસુંદર ઉપદેશ વચનો સાંભળી રથ-

નેમિ ફરી સંયમમાર્ગમાં સ્થિર થયા. નેમિનાથ પ્રભુ પાસે જઈને રથનેમિએ પ્રાયશ્ચિત કર્યું. તેણે ફરી કાયોત્સર્ગમાં ठाणणं मोणणं झाणणं પૂર્વક अप्पाणं वोसिरामि કર્યું અને તે જ ભવે મોક્ષમાં સીધાવ્યાં.

मोणेणं — મૌન વડે સ્થિર થઈને– એટલે કે કાયોત્સર્ગ દરમ્યાન વાણી પ્રયોગ બંધ કરવો. કેમ કે વાણીને મન સાથે ગાઢ સંબંધ છે. અને મનને સ્થિર કરવા મૌન જરૂરી છે. પણ યાદ રાખો કે મૌન એટલે "મોઢાને ખંભાતી તાળું મારી રાખવું માત્ર" એવો અર્થ ન કરતાં. મૌનમાં કરવાનું છે વિચારોનું વિસર્જન. કારણ કે ન બોલવા રૂપ મૌન તો બાવન લાખ યોની કાયના જીવોને પણ હોય છે. છતાં તેને મોણેણું ન કહેવાય.

झाणेणं :— કાયોત્સર્ગ દરમિયાન મનોગુપ્તિ જાળવો. એટલે કે મનને જ્યાં ત્યાં ભટકવા દેવું નહીં. મનને મર્કટની ઉપમા આપી છે.

**મનડું કીમ હી ન બાજે હો કુંથુજિન મનડું કિમેહી ન બાજે**

જિનભદ્રગણી ક્ષમાશ્રમણે તો ધ્યાનની વ્યાખ્યા જ એ રીતે કરી છે કે "જે સ્થિર મન છે તે જ ધ્યાન છે."

પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ ટીકા ( ભાગ–૧ ) માં ધ્યાનના મહત્ત્વને વર્ણવતા સરસ વાત જણાવી છે.

પ્રતિક્રમણમાં કાયોત્સર્ગ વિધિ ચાલતી હોય, નિયત પ્રમાણ મુજબ આપણો કાઉસ્સગ્ગ થઈ ગયો પણ બીજાને કાઉસ્સગ્ગ પાળવાની વાર છે, તો તે વચ્ચેના સમયમાં કરવું શું ? ત્યાં જણાવે કે "ધર્મધ્યાન"– શુભ ધ્યાનમાં રહેવું. પણ તે સમયે આડા અવળા વિચારો કે વાતો ન થાય.

આમ સ્થાન વડે કાયગુપ્તિ, મૌન વડે વચન ગુપ્તિ અને ધ્યાન વડે મનોગુપ્તિની સાધના કરવાની છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ, રાજગૃહીથી દૂર જંગલમાં એક પગ ઉપર ઉભા ને બીજો પગ પેલા પગ ઉપર ચઢાવી, બંને હાથ વંદન મુદ્રામાં અદ્ધર ઉંચા રાખી ઉઘાડા આકાશ નીચે ઉભા છે. સૂર્ય સામે નજર રાખી કાયોત્સર્ગ કરી રહ્યા છે.

સમ્રાટ શ્રેણિક પોતાના રાજ પરિવાર સાથે પરમકૃપાળુ પરમાત્મા શ્રી વીર પ્રભુના વંદનાર્થે જઇ રહ્યા છે. ધ્યાનસ્થ મુનિને જોઈને હાથી

ઉપરથી નીચે ઉતરે છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિને વંદન કરે છે. ત્યાંથી ભગવાન પાસે પહોંચે છે.

મનમાં એક જ પ્રશ્ન ઘુંટાયા કરે છે. આવા મહાન્ તપસ્વી-ધ્યાનસ્થ મુનિરાજની ગતિ શું થશે ? ભગવંતને વિનય પૂર્વક વંદના કરીને પૂછે પ્રસન્નચંદ્ર રાજર્ષિ અત્યારે મૃત્યુ પામે તો ? ભગવાન્ કહે તે સીધા સાતમી નરકે જાય.

શ્રેણિક મહારાજા એક ધબકારો ચૂકી ગયા, શું ? સાતમી નરકે. ભગવંત કહે તેઓ અત્યારે માયામાં અટવાયા છે. દુર્મુખ મંત્રીના બોલ તેના કાનમાં ફરે છે. "આ તો ભાગેડુ નિર્દય રાજા છે તેના બાળક રાજાને તેનો મંત્રી હડપ કરવા બેઠો છે." આ શબ્દોથી પ્રસન્નચંદ્રના મનમાં તુમુલ યુદ્ધ જાગ્યું છે. મનોગુપ્તિ તુટી ગઇ છે.

પણ ફરી ધીરે ધીરે રાજર્ષિ શુભ અધ્યવસાયોમાં સ્થિર થયા અને તત્કાલ કેવળજ્ઞાન પામ્યા.

ત્રણેય પૂર્વાર્ધમાં અટકી ગયા હતા. કેમકે ઠાણેણં હતું-મોણેણં હતું-ઝાણેણં હતું પણ...**અપ્પાણં વોસિરામિ** એકે ને ન હતું. બહિરાત્માનું વિસર્જન કોઈને નહીં.

રથનેમિની નજર રાજુલ પર પડીને ઠાણેણં ગયું. બાહુબલીની માનદશાએ મનમાં શલ્ય પેસાડયું, વંદન ન કરવાની પ્રતીજ્ઞાના ભાવે તેનું મોણેણં ગયું. અશુભ અધ્યવસાયમાં ચડેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિને ઝાણેણં ગયું. પણ જ્યારે છેલ્લે ત્રણેએ સ્થિર થઇને અપ્પાણં વોસિરામિ-**આત્મહત્યા વિના શરીર ત્યાગ** કર્યો કે પામી ગયાં કેવળજ્ઞાન.

કાયોત્સર્ગની સિદ્ધિમાં મહત્ત્વપૂર્ણ હોય તો છે અપ્પાણં વોસિરામિ. સામાયિક આવશ્યકમાં करेमि भंते - છેલ્લો શબ્દ अप्पाणं वोसिरामि. વંદન આવશ્યકમાં છેલ્લે अप्पाणं वोसिरामि કાયોત્સર્ગમાં પણ अप्पाणं वोसिरामि. સમતાભાવ, ગુરુ વિનય કે કાયાનો ઉત્સર્ગ. મહત્ત્વ કોનું अप्पाणं वोसिरामिનું, માટે જ કહ્યું આત્મહત્યા વિના શરીર ત્યાગો.

# ( ૨૮ ) કાયોત્સર્ગ-તસ્સઉત્તરી

## —પાપના બીજને બાળી નાખો

चरणाईयाराणं जहकम्मं वण तिगिच्छ रुवेणं
पडिक्कमणा सुद्धाणं सोही तह काउस्सग्गेणं

શ્રીચઉશરણ પયન્નામાં જણાવે કે પ્રતિક્રમણ વડે શુદ્ધ નહીં થયેલા ચારિત્રના અતિચારોની વ્રણ ચિકિત્સારૂપ કાયોત્સર્ગ વડે યથાક્રમે શુદ્ધિ થાય છે.

આત્મશુદ્ધિ માટેના સર્વ ઉપાયોમાં કાયોત્સર્ગનું સ્થાન શ્રેષ્ઠ છે. કારણ કે તે દુષિત આત્માનું શોધન કરે છે. પ્રશસ્ત અધ્યવસાયોની વૃદ્ધિ કરે છે. અને સંપુર્ણ શુદ્ધિ પૂર્વક કરાતા કાયોત્સર્ગથી સર્વ દુઃખો-માંથી સદાને માટે મુક્તિ મળે છે.

છ આવશ્યકમાં પણ પાંચમું આવશ્યક દર્શાવ્યુ કાયોત્સર્ગ. પણ કાયોત્સર્ગ એટલે શું ?

कायस्य उत्सर्ग કાયાનો ત્યાગ એટલે કાયોત્સર્ગ. પણ આવો સામાન્ય અર્થ તો મૃત્યુ ને સૂચક છે. કે જે સંગત અર્થ નથી. અહીં કાયા શબ્દથી માત્ર સ્થુલ કે ઔદારિક શરીર સમજવાનું નથી. પણ તેના વડે થતો અમુક વ્યાપાર કે શરીર પરત્વેનું મમત્વ એવો અર્થ લેવો તે જ ઉચિત છે.

તેમજ उत्सर्ग ને અર્થ માત્ર પરિત્યાગ ન લેતાં "ચેષ્ટા પરત્વેનો પરિત્યાગ" એમ લેવો. સાંપ્રદાયિક અર્થ મુજબ તો સ્થાન-મૌન અને ધ્યાન પૂર્વક મલિન અધ્યવસાયોનું વિસર્જન કરવું એજ કાયોત્સર્ગ કહેવાય છે.

શિયાળાની કડકડતી ઠંડી હતી મધ્યરાત્રિ પછીનો સમય અને હાડ ગાળી નાખે તેવો પવન ફૂંકાઇ રહ્યો હતો. તેવા સમયે સંત હઝ-રતની કુટીર તરફ એક ફકીર જઈ રહ્યો હતો. ફકીરને થયું ઠંડીથી બચવા માટે સંત હઝરતની ઝુંપડી જ સારી છે. જયાં કુટીરના બારણા પાસે જઇને ડોકીયું કર્યું તો અંદર સંત હઝરત ઉઘાડે શરીરે બેઠેલ હતા. ફકીરને ખૂબજ આશ્ચર્ય થયું એટલે સંત હઝરતને પૂછયું કે આટલી ઠંડીમાં તમે કપડાં પહેરતા નથી ?

સંત હઝરત કહે ભાઇ ! તેનું એક કારણ છે, દુઃખી જનોને જોઇને મારું હૃદય દ્રવી ઉઠે છે, મને થાય છે કે હું દુઃખી માણસને વસ્ત્રો આપું-અનાજ આપું પણ હું રહ્યો નિર્ધન. એટલે લોકોને કશું આપી શકતો નથી. તેથી લોકોને થતી પીડાનો અનુભવ કરી રહ્યો છું વસ્ત્રોના અભાવે લોકોને ઉઘાડે શરીરે શી વીતતી હશે તેનો ખ્યાલ મળે તે માટે ઠંડીમાં હું પણ ઉઘાડે શરીરે બેસુ છું.

कायोत्सर्ग નો અર્થ પણ શું કર્યો ? કાયા પ્રત્યેના મમત્વનો ત્યાગ કરવો. અહીં સંત હઝરત દ્વારા ઉઘાડે શરીરે બેસવું તે તો માત્ર એક ભાગ થયો. પણ સમગ્ર કાયોત્સર્ગનો મૂળભૂત હેતુ શો કહ્યો ? पडिक्कमण असुद्धाणं પ્રતિક્રમણમાં શુદ્ધ નહીં થયેલા અતિચારોની શુદ્ધિ.

એટલે જ સૂત્રની શરૂઆતમાં શબ્દ મુકયો तस्स "તેનુ" ઇરિયાવહી સૂત્ર થકી પ્રતિક્રમણ કર્યા બાદ અથવા ઇચ્છામિ ઠામિ કાઉસ્સગ્ગં સૂત્ર બોલી અતિચારોની આલોચના કર્યા બાદ—तस्स (તેની) વિશેષ શુદ્ધિ કરવા માટે, શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત કરવા માટે, શલ્યોના નિવારણ કરવા માટે કાયોત્સર્ગ કરવાનું વિધાન મુકયું.

तस्स ઉત્તરી સૂત્રનો બીજો ભાગ ચાર करण માં સમાવાય છે. उत्तरी–पायच्छित्त–विसोहि—विशल्ली

उत्तरी करण એટલે અતિચારાદિની પુનઃ સંસ્કાર કરવા પૂર્વક વિશેષ શુદ્ધિ કરવી. આવશ્યક નિર્યુક્તિની ૧૫૦૭ મી ગાથામાં उत्तरो करण ના અર્થને સ્પષ્ટ કરતા જણાવે છે કે જેમ ગાડું-પૈડું-ઘર વગેરે તુટી જતાં તેનુ પુનઃ સંસ્કરણ-સમારકામ કરવામાં આવે છે, તેમ મૂલગુણ-ઉત્તરગુણ એટલેકે વ્રત સંબંધિ થયેલ ખંડણા-વિરાધનાનું ઉત્તરકરણ કરાય છે.

पायच्छित्त करण प्रायः ઘણું કરીને-અને-चित्त એટલે મન. ઘણું કરીને મનને મલિન ભાવમાંથી શોધનારી ક્રિયા તે पायच्छित्त. આવશ્યક નિર્યુક્તિમાં पायच्छित्त ની વ્યાખ્યા જણાવી

पावं छिंदइ जम्हा पायच्छित्तं तु भन्नइ जम्हा
पाएणवा वि चित्तं विसोहइ तेण पच्छित्तं

જેથી પાપનો છેદ કરે છે તેથી તે પ્રાયશ્ચિત કહેવાય છે. અથવા પ્રાયઃ ચિત્તનું વિશોધન કરે છે માટે (पच्छित्त) પ્રાયશ્ચિત કહેવાય છે. આ રીતે પ્રાયશ્ચિત દ્વારા ઉત્તરીકરણ થાય છે. જિનેશ્વર પરમાત્માએ જુદાજુદા

દશપ્રકારના પ્રાયશ્ચિતો કહ્યા છે તેમાં કાયોત્સર્ગ પ્રાયશ્ચિત અત્રે લેવાનું છે.

પણ પ્રાયશ્ચિત (પાપ–છેદ) કઇ રીતે કરવાનું ?

કેટલાંક કહે છે કે તમારાથી કોઈક પાપ થઇ ગયું હોય તો તેના નિવારણુ માટે કાંઇક શુભ કર્મ–કાર્ય કરો જેથી પુણ્ય વધી જાય અને તે રીતે પાપ–પુન્યના પલ્લા સરખાં થઇ જાય. તે માટે તેઓ કહેછે કે અન્નદાન–વસ્તુદાન-વિદ્યાદાન–ઔષધદાન તથા બીજી પરોપકારી પ્રવૃત્તિ કરો.

બીજાં કેટલાંકનું માનવું છે કે પાપની શુદ્ધિ પ્રાયશ્ચિત વડે થાય છે. પણુ પ્રાયશ્ચિત માટે યજ્ઞ યાગાદિ, બ્રહ્મભોજન, ચંડીપાઠ, દેવપૂજા વગેરે પ્રકારે અનુષ્ઠાન કરો.

કેટલાંક પાપશુદ્ધિ માટે દેહદમનનો રસ્તો ચીંધે છે. વિવિધ પ્રકારે દેહદમન કરો જેમકે સૂર્યની આતાપના લેવી, પંચાગ્નિ તપ તપવો, વૃક્ષની ડાળે ઉંધે મસ્તકે લટકવું, નગ્નત્વ સ્વીકારવું, ડાભના અગ્રભાગ ઉપર સમાય તેટલુંજ અન્ન ગ્રહણુ કરવું વગેરે.

કેટલાંકના મતે ક્યારે પાપોની શુદ્ધિ થતી જ નથી. તે માટે તો કરવત મેલાવવી જોઈએ અથવા અગ્નિ પ્રવેશ કરીને દિવ્ય બનવું જોઇએ કે પહાડની ટુંકેથી પડીને ભૈરવ જપ કરવા જોઇએ.

પણ આમાંના એકે ખ્યાલ–માન્યતા કે ઉપાય પાપનો સર્વથા નાશ કરવામાં કે પ્રાયશ્ચિત કરવા માટે નોંધપાત્ર ઉપયોગીતા ધરાવતો નથી.

એક સાંજે જોગીદાસ ખુમાણુ બેરખાના પારા ફેરવે છે. સૂરજનો જાપ કરતા કરતા મનમાં થાય છે કે અરેરે! મારું રૂપ આટલું કુડું કે કોઈ કુંવારી કન્યા ઘરબાર છોડી મારી પાછળ ભટકતી થઇ જાય અને લાજ શરમ નેવે મૂકીને મારો ઘોડો પકડી ઉભી રહી જાય. હવેથી તારી શાખે નીમ લઉ છું કે કોઈ પરનારીની માથે અમથી યે મીટ નહી માંડુ.

એક વખત ઓચીંતો જ જોગીદાસ ખુમાણુનો નિયમ તુટી ગયો. તે દી' ગામને પાદર નદી કાંઠે સાંજટાણે પનિહારીઓ આછા વીરડા કરી પાણી ભરતી તી. રૂપાળા ત્રાંબાળા હાંડા ઉટકાઇને ચકચકાટ કરતા'તા.

નમણા મોઢા વાળી બેન-દીકરીયું ને માથે જયોતો પ્રગટાવતો સૂરજ ઢળી રહ્યો' તો. આ રૂડો દેખાવ જોતાં જોગીદાસને નીમનું ઓસાણ ચુકાઈ ગયું. પોતાના ઘરની આઇ-દીકરીઓ યાદ આવી ગયા.

બચારા ઈ એ આમ નદી કાંઠે બેસી કલ્લોલ કરતા હોય... ....ને જોગીદાસની નજર એમને એમ રહી ગઇ.

રાતે યાદ આવ્યું કે નીમ ભંગાઇ ગયો છે. આંખમાં મરચાના ભૂકાનું ભારણ કર્યું. માથે પાટા બાંધ્યા ને પોઢી ગયા. પ્રભાતે ઉઠયા ત્યારે આંખો ફૂલીને દડા થઇ ગયેલી. ભાઇઓ પૂછે છે અરે જોગીદાસ આ શો કોપ છે ?

જોગીદાસ બોલ્યા કાંઈ નહીં ભા. આ તો જરા આખ્યુંનું વિષ ઉતારી નાખ્યું.

આનું નામ પ્રાયશ્ચિત. प्रायः चित्त-ચિત્તનું વિશોધન. પ્રાયશ્ચિત તે જ કહેવાય જે આત્માની શુદ્ધિ કરનારું હોય.-જેના દ્વારા થતી પ્રવૃત્તિ કાયા-વાણી-મનની દુષ્ટતાને ઘટાડનારી હોય. જે ક્રિયા કે અનુષ્ઠાન ચિત્ત અથવા આત્માને શોધે નહીં અર્થાત્ પવિત્ર બનાવે નહીં તે પ્રાયશ્ચિત નો અર્થ શો ?

ગાયો ઘાસ ખાય કે બ્રાહ્મણો મીઠું ભોજન જમે તેટલા માત્રથી આત્માની શુદ્ધિ થતી નથી. પ્રાયશ્ચિતમાં તો આલોચના-પ્રતિક્રમણ-કાયોત્સર્ગ આદિને મુખ્ય સ્થાન અપાયું છે.

प्रायशो वा चित्तं जीवं शोधयति कर्म मलिनं तत् प्रायश्चित्तम् ઘણું કરીને કર્મ વડે મલિન થયેલા ચિત્ત એટલે જીવને શોધે (પવીત્ર કરે) તે પ્રાયશ્ચિત કહેવાય.

પ્રાયશ્ચિતને સંસ્કૃતમાં पापश्चित કહે છે. पापः छिद् પાપને છેદન કરનારી ક્રિયા. તે માટે અહીં કાયોત્સર્ગની વાત મુકી કેમ કે દશ પ્રકારના પ્રાયશ્ચિતમાં કાયોત્સર્ગ પણ એક પ્રાયશ્ચિત જ છે. **પાપના બીજને બાળી નાખવા** માટે કાયોત્સર્ગ સાધન બતાવ્યું, તેનું પ્રમાણ દર્શાવતા લખ્યું इरि उस्सग्गमाणं पणवीसुस्सासे-ઇરિયાવહી નિમિત્તે કરવાનાં કાઉસ્સગ્ગનું પ્રમાણ (૨૫) પચીસ ઉશ્વાસ કહ્યું. પણ ઉશ્વાસ એટલે શું ?

पायसामा उसासा એક પદનો એક શ્વાસોચ્છ્વાસ ગણવો. કેટલાંક

પૂછે પણ છે કાઉસ્સગ્ગમાં લોગસ્સ અધુરો કેમ ગણવાનો ? ચંદેસુ નિમ્મલયરા કે સાગર વર ગંભીરાએ અટકવાનું કેમ ?

તેનો જવાબ જ આ શ્વાસોચ્છ્‌વાસનું પ્રમાણ છે. એક પદે એક શ્વાસોચ્છ્‌વાસ ગણ્યો. એટલે લોગસ્સની છ ગાથા સુધી પ્રત્યેકના ચાર-ચાર પદ લેખે ૨૪ શ્વાસોચ્છ્‌વાસ થયા અને ચંદેસુ નિમ્મલયરા એ ૨૫ મો શ્વાસોચ્છ્‌વાસ થયો. જ્યાં ૨૭ શ્વાસોચ્છ્‌વાસ પ્રમાણ હોય ત્યાં સાગરવર ગંભીરા સુધીના બે પદ વધારે બોલવા.

કાઉસ્સગ્ગમાં શ્વાસો તાલબદ્ધ ચાલવા જોઇએ. શ્વાસમાં સામ્ય આવતા આરોગ્યનું સામ્ય પ્રગટ થશે અને ચિત્તવૃત્તિમાં પણ સામ્ય આવશે. વળી લાભની દૃષ્ટિએ પણ કહ્યું છે કે એક શ્વાસોચ્છ્‌વાસમાં (કાયોત્સર્ગમાં) ૨ લાખ ૪૫ હજાર ૪૦૮ ૪/૯ પલ્યોપમ એટલું દેવ-ગતિનું આયુષ્ય બંધાય છે. આખા એક નવકારના આઠ શ્વાસોચ્છ્‌-વાસમાં ૧૯ લાખ ૬૩ હજાર ૨૬૭ પલ્યોપમનું અને લોગસ્સના ૨૫ શ્વાસોચ્છ્‌વાસમાં ૬૧ લાખ ૩૫ હજાર ૨૧૦ પલ્યોપમ એટલું દેવ-ગતિનું આયુષ્ય બંધાય છે.

**પ્રશ્ન** :– વાર્ષિક પ્રતિક્રમણમાં ૧૦૦૮ શ્વાસોચ્છ્‌વાસ પ્રમાણ કાયો-ત્સર્ગ કહ્યો તે કઇ રીતે સમજવો ?

**સમાધાન** :— ચાલીસ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરો છો. પ્રત્યેક ચંદેસુ નિમ્મલયરા સુધી ગણો તો ૨૫ શ્વાસોચ્છ્‌વાસ થશે. એટલે ૨૫ ને ૪૦ વડે ગુણતાં ૧૦૦૦ થયા. અધિક એક નવકાર ગણવાનો હોય છે તે આઠ શ્વાસોચ્છ્‌વાસ પ્રમાણ હોવાથી થયા ૧૦૦૮.

કાયોત્સર્ગનું બીજું પ્રમાણ છે **અભિભવ રૂપ.** જેમાં અમુક અભિગ્રહ સુધી કાયોત્સર્ગ કરાય છે. ચંદ્રાવતંસ રાજા પરમ ધર્મ-નિષ્ઠ રાજવી છે. ચતુર્દશીને દિવસે પોતાના મહેલમાં કાયોત્સર્ગે રહ્યા છે. મનમાં અભિગ્રહ કર્યો કે જ્યાં સુધી આ દીવો બળે ત્યાં સુધી મારે (તેટલું પ્રમાણ) કાયોત્સર્ગ ન પારવો.

રાજાની ભક્તિવંત દાસીએ સ્વામીને ઉભેલા જોઇ વિચાર્યું કે અંધારુ થવા દેવું નહીં. તેથી તેણી વારંવાર આવીને દીવામાં તેલ પુરી જાય છે. જેથી કેમે કરીને દીવો ન બુઝાય. રાત્રીએ ચારે પ્રહર સુધી આ રીતે દીવો ચાલુ રહ્યો ને રાજાએ પણ કાયોત્સર્ગમાં રહીને ધર્મધ્યાન કર્યું.

સૂત્ર અને અર્થ સંબંધિ વિચારણા કરતા, કર્મના બંધ અને મોક્ષના કારણોની વિચારણા કરતા, ગતિ-આગતિના કારણોને વિચારતા, અને એ રીતે ધર્મધ્યાન કરતા રાજા ચંદ્રાવતંસે जाव नियमं पज्जुवासामि એ પાઠ મુજબ કાયોત્સર્ગ પાર્યો નહીં. સૂર્યોદય સમયે જ્યારે દીવો બુઝાયો ત્યારે રાજાના બંને પગે લોહી ભરાઇ ગયું હોવાથી પર્વતના શિખરની જેમ તુટીને જમીન પર પડયાં. ત્યાં ને ત્યાં જ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. **પાપના બીજને કાયોત્સર્ગ વડે સમૂળગું બાળી નાખ્યું.**

આ કાયોત્સર્ગ પ્રાયશ્ચિત પણ કઇ રીતે કરવાનું ? તો જણાવે કે निसीही करणेणं –

**વિશુદ્ધિ દ્વારા**– ચિત્તના વિશેષ શોધન દ્વારા. તે માટે ચૈત્યવંદન ભાષ્યમાં લખેલ છે–

दव्व विसोहि वत्था–इयाण खाराइ दव्व संजोगा
भाव विसोहि जीवस्स निंद गरहाइ कारणाओ

ક્ષાર વગેરે દ્રવ્યના સંયોગથી વસ્ત્ર વગેરેની જે વિશુદ્ધિ થાય છે, તે દ્રવ્ય વિશુદ્ધિ કહેવાય છે. અને જીવની નિંદા–ગર્હાદિ વડે જે વિશુદ્ધિ થાય છે તે ભાવ વિશુદ્ધિ કહેવાય છે.

અતિચારોની નિંદા-ગર્હા કરતો આત્મા ચિંતવે કે આત્માને અતિચાર કેમ લાગે છે ? ઉપયોગ શુન્યતા અને ચિત્તની ચંચળતાથી.

વૃત્તિ ચંચળ કેમ બને ? આત્મ સ્વરૂપનું મનન અને નિદિધ્યાસનના અભાવે બહિર્મુખતા વધે, તે વધતા પૌદ્ગલિક પદાર્થોની પ્રાપ્તિ વધી માટે વૃત્તિની ચંચળતા વધી.

તેની વિશુદ્ધિ માટે હે જીવ ! તું ફરી ફરી કાયોત્સર્ગ થકી આત્મ સ્વરૂપ ચિંતવ. જિનેશ્વર પરમાત્માએ પણ કાયોત્સર્ગને सव्वदुक्ख विमोक्खण કહ્યો છે માટે પુનઃ પુનઃ પ્રવૃત્તિ દ્વારા ચિત્ત વિશોધન કરવું.

उत्तरी करण, पायच्छित्त करण અને विसोहि करण બાદ ચોથું અને છેલ્લું કરણ કહ્યું विसल्लो.

निःशल्यो व्रती પાઠ મુજબ શલ્યથી યુક્ત જીવ વ્રતધારી થઇ શકતો નથી. માટે સૂક્ષ્મ ચિંતન વડે શલ્યને શોધી, માયાશલ્ય–નિયાણ શલ્ય–મિથ્યાત્વ શલ્યને દૂર કરવા વડે કાયોત્સર્ગ કરવો જોઇએ.

શલ્ય એટલે જે ખટકે, મુંઝાવે કે પીડા કરે તે. જેમ કે કાંટો, ભાલો, તીર, ઝેર, વ્રણ વગેરે. ચૈત્યવંદન ભાષ્યમાં વિસલ્લીકરણનો અર્થ જણાવતા કહ્યું કે આવા કંટકાદિ શલ્યથી રહિત થવું તે- દ્રવ્ય વિશલ્ય કહેવાય. તે આ ભવ પુરતા તાત્કાલિક સુખને આપે. અને અતિચાર શલ્યથી રહિતતા તે ભાવ વિશલ્ય કહેવાય. ભાવ વડે શલ્ય રહિત થયેલ આત્મા આ ભવ પરભવ બંનેમાં સુખી થાય છે.

જેમ શરીરમાં પડેલું વ્રણ (ઘા) તેમાંથી પરુ આવતું હોય ત્યારે માત્ર રૂ કે વસ્ત્ર વડે સાફ ન થઇ શકે. તેને માટે ખાસ ચિકિત્સા કરવી પડે, એ જ રીતે અતિચાર નિવારણ માટે હંમેશાં માત્ર પ્રાયશ્ચિત ન ચાલે પણ અતિચારના પ્રભવસ્થાનો જેવા શલ્યો નિવારવા પડે.

(૧) માયાશલ્ય - જો વ્રત નિયમમાં કોઇ દંભ કે માયાચારને સ્થાન હોય તો માયા શલ્ય સમજવું.

(૨) નિયાણુ શલ્ય - જો વ્રત નિયમના પાલન દ્વારા માત્ર મોક્ષની ઇચ્છા ન હોય તો ( એટલે કે સાંસારિક કે પૌદ્ગલિક ઇચ્છા હોય તો ) તેને નિયાણુ શલ્ય સમજવું.

(૩) મિથ્યાત્વ શલ્ય - જો વ્રત નિયમની સર્વ શ્રેષ્ઠતા વિશે નિ:શક ( શ્રદ્ધાવાન ) ન હોય તો તે મિથ્યાત્વ શલ્ય સમજવું.

આ ત્રણે શલ્યો મોક્ષમાર્ગમાં અંતરાયભૂત છે, અને ભવારણ્યમાં ભટકાવ્યા કરે છે. માટે દ્રવ્યથી અને ભાવથી તે શલ્યોનું નિવારણ કરવું.

કર્ણનો જૈનેતર પ્રસંગ વાંચેલો. કર્ણ એક વખત વિદ્યા શીખવા પરશુરામ પાસે ગયેલો, પણ પરશુરામ કદી ક્ષત્રીયને ભણાવે નહીં. તેથી કર્ણ બ્રાહ્મણરૂપ ધરી જાય છે. પરશુરામની ખૂબજ વિનય ભક્તિ કરતાં બહુમાન પૂર્વક વિદ્યા ગ્રહણ કરતો હતો. શ્રી કૃષ્ણને ખબર પડી. ત્યારે તેણે વિચાર્યું કે જો આ કર્ણ વિદ્યાસિદ્ધ પુરુષ થશે તો ભવિષ્યમાં મોટી મુશ્કેલી સર્જશે. માટે તેનો કોઇક રસ્તો કાઢવો પડશે.

શ્રી કૃષ્ણ ભ્રમરનું રૂપ લઇ ગયાં. ત્યાં હજી પરશુરામ સુતા છે. કર્ણ તેને વીંઝણો વીંઝી રહ્યો છે. પરશુરામની ઉંઘમાં સહેજ પણ ખલેલ ન પડે તે માટે પુર્ણ ભક્તિ અને સાવધાનીથી બેઠો છે. તે સમયે ભ્રમર રૂપધારી શ્રીકૃષ્ણ કર્ણને કરડવા જાય છે. કર્ણ એક હાથે ભ્રમરને ઉડાડવા ઘણી મહેનત કરે છે પણ ભ્રમર કેમેય ઉડતો નથી કર્ણને કર-

ડતા કરડતા શરીર પરની ચામડી કોરી ખાય છે. ધીરે ધીરે લોહીની ધાર વહેવા લાગે છે છતાં કર્ણ તે કષ્ટને સહન કરે છે.

રખેને કયાંક પરશુરામ જાગી જાય નહીં તે માટે ભક્તિની કચાશ વગર કાયાના ઉત્સર્ગ પૂર્વક તે પીડા સહન કરે છે. લોહીની ધાર આગળ વધે છે. ગરમ લોહીનો સ્પર્શ થતાં પરશુરામ જાગી જાય છે અને કર્ણને પૂછે છે કે આ શું ?

કર્ણે જણાવ્યું કે આપની નીદ્રામાં ખલેલ ન પહોંચે તે માટે મેં આ પીડા સહન કરી પણ લોહી વહી ગયું તે ખ્યાલ ન રહ્યો. તરતજ પરશુરામ ત્રાડ પાડી ગયા, સાચું બોલ ! તું છે કોણ ? ત્યારે કર્ણે પણ બીતા બીતા સાચો જવાબ આપ્યો–હું ક્ષત્રીય છું. પરશુરામ બોલ્યા, ચાલ્યો જા. આ વિદ્યા તને હવે ખરે સમયે કામ નહીં આવે.

અહીં કર્ણે કાયાનો ઉત્સર્ગ જરૂર કર્યો પણ તે ઉત્સર્ગ શલ્ય સહિત કરેલો. ક્ષત્રીય હોવા છતાં બ્રાહ્મણપણું જણાવ્યું તે માયા શલ્ય થયું. પણ **પાપના બીજને બાળી નાખવા** માટેનો કાયો–ત્સર્ગ શલ્યરહિત હોવો જોઈએ. विशल्ली करण બાદ જ पावाणं कम्माणं निग्घायणं થઈ શકે.

पावाणं कम्माणं निग्घायणट्टाए

पावाणं कम्माणं–પાપ કર્મોના........રાગ દ્વેષ રૂપી ચીકાશને લીધે પુદ્ગલોની જે વર્ગણા આત્માને લાગે છે. તેને કર્મ કહેવાય છે, આ પૈકી શુભ કર્મોની વર્ગણાને પુન્ય કહે છે. અને અશુભકર્મો ની વર્ગણાને પાપ કહેવાય છે.......તેવા પાપ કર્મોનાં निग्घायणटठाए નિર્ઘાતન કરવા માટે. [જો કે પુણ્ય કર્મ પણ સોનાની બેડીની માફક આત્મા માટે અહિતકર જ છે તેનો પણ ઘાત કરવાનો જ હોય છે].

ઘાત કરવાની ક્રિયાને ઘાતન કહે છે અને આત્યંતિક નાશ કરવો તે નિર્ઘાતન કહેવાય છે. **પાપનું બીજ સમૂળગું બળી** જાય. ફરી પાપ ઉત્પન્ન થવા માટે કારણ ન રહે તેનું નામ નિર્ઘાતન.

જેનું પ્રતિક્રમણ કર્યું તેના ઉત્તરીકરણ–પ્રાયશ્ચિત–વિસોહિ-વિસલ્ય અને પાપના સમૂહના નાશ માટે શું કરવાનું ? ठामि काउस्सग्गं હું કાયોત્સર્ગમાં સ્થિર થાઉં છું એટલે કે કાયોત્સર્ગ કરું છું.

કાયોત્સર્ગનું મહત્ત્વ સ્પષ્ટપણે પાપ કર્મોનું નિર્ઘાતન છે. છતાં તેના મહત્ત્વને વર્ણવવા માટે શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ના ૨૯ માં અધ્યયનમાં ભગવંતને પ્રશ્ન કરતાં ભગવંત ઉત્તર આપે છે. काउस्सगेण भंते ! जीवे किं जणयइ ! હે ભગવન્! કાયોત્સર્ગથી જીવને શું પ્રાપ્ત થાય છે? ત્યારે ભગવંતે ઉત્તર આપ્યો, હે આયુષ્યમાન્! કાયોત્સર્ગથી ભૂતકાળ અને વર્તમાનકાળના પ્રાયશ્ચિત યોગ્ય અતિચારોની શુદ્ધિ થાય છે. એ રીતે તે પ્રાયશ્ચિત યોગ્ય અતિચારોની શુદ્ધિ થતાં તે જીવ ભાર ઉતારી નાખેલા મજૂર જેવો હળવો બનીને પ્રશસ્ત અધ્યવસાયોમાં વર્તતો સુખપૂર્વક વિચરે છે.

પરમાત્મા શ્રી મહાવીર સ્વામીએ પણ કેવલજ્ઞાન પ્રાપ્તિ પૂર્વે કાયોત્સર્ગ ચર્યાના અનેકાનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. महावीर चरीयं માં એક સ્થાને લખ્યું છે કે "ત્યાં કેટલાંક દિવસ વિતાવીને ભગવાન હલદ્રુત (હરદ્રુ) ગામમાં ગયા, તેની બહાર શાખા-પ્રશાખા અને પાંદડાથી ઘેરાયેલું એવું ઘટાદાર હરિદ્ર નામનું વૃક્ષ હતું, તેની નીચે ભગવાન કાયોત્સર્ગે રહ્યા. એટલે કે ભગવાને માત્ર ઉપદેશ નથી આપ્યો પણ પ્રથમ પોતે આચરણમાં મુકીને - કર્મો ખપાવીને પછી પ્રરૂપણા કરી છે.

**ઘાતીકર્મ ક્ષયે ઉપન્યુ કેવલજ્ઞાન અનંતરે**
**પર ઉપગાર કરે ઘણાં સેવે સુરનર સંતરે**
**નમો નમો વીર જીનેસરું**

શ્રાવકને માટે પણ મન્નહ જિણાણંની સજઝાયમાં કહ્યું छव्वीह आवस्सयम्मी उज्जुत्तो होइ पइ दिवस. આ છ આવશ્યકમાંનું પાંચમું આવશ્યક તે કાયોત્સર્ગ.

કાયોત્સર્ગ કરતો શ્રાવક પણ એવી જ ભાવના ભાવે કે ક્યારે મળશે એવું ધ્યાન કે જે ઘાતીકર્મો નો ચૂરો કરાવી કેવળ જ્ઞાન અપાવે.

ચંપાપુરી નગરી માં જિનદાસ નામે શ્રેષ્ઠી રહેતો, નામ તેવાજ ગુણ. જિનેશ્વર નો દાસ બની તેઓએ ચીંધેલા રાહે ધર્મધ્યાનમાં આગળ વધી રહ્યો છે. એક વખત કાયોત્સર્ગ કરવા માટે ગામ બહાર જઈને એક ખંડેર માં ઉભા છે. ત્યાં ठाणेणं-मोणेणं-झाणेणं કરી આત્માને વોસિરાવી દઈ કાયોત્સર્ગમાં સ્થિર થઈ ગયા છે.

આ સમયે જિનદાસ શ્રેષ્ઠીની પોતાની જ પત્ની કર્મયોગે કુછંદે ચડી, પોતાના પ્રિય પાત્ર એવા જાર પુરુષ સાથે વ્યભિચાર કરવા તે પણ ઘરની બહાર નીકળી ગઈ છે. જ્યાં સદાચારની સીમા પર શ્રાવક કાયોત્સર્ગ-માં લીન બન્યા છે, ત્યાંજ દુરાચારની સીમા પર બેઠેલી તેની પત્ની નીરવ અંધકાર માં નિર્લજ્જ કામચેષ્ટા કરવા માટે પલંગ લઈને જ આવી છે.

કાયોત્સર્ગમાં લીન શ્રાવક ના એક પગ ઉપર પલંગનો પાયો મુકાઈ ગયો. ખુદની પત્ની ને રાત્રી નો અને પ્રેમનો મદ-બંને અંધકાર માં કશું દેખાયું નહીં. તેણીની વ્યભિચાર લીલા ચાલુ થઈ. ઉપાસકના પગ ઉપર સતત ભારના દબાણથી શારીરિક વેદના તો અસહ્ય હતીજ ઉપરાંત નજર સામે પોતાની પત્નીના દુશ્ચરિત્રની મનોવેદના કેટલી ભયંકર હશે ?

છતાં **પાપના બીજને બાળી નાખવા** ઠાણેણં મોણેણં ઝાણેણં પૂર્વક અપ્પાણં વોસિરામિ કરી કાયોત્સર્ગમાં ઉભેલા શ્રમણો પાસક જિન દાસ કશોજ વિક્ષોભ પામ્યા વિના ધર્મધ્યાનમાં લીન બનેલા છે. વહેલી સવાર સુધી આવી વિડંબના સહન કરતાં અંતે મૃત્યુ પામી સ્વર્ગે સંચર્યા પણ કાયોત્સર્ગ ને છોડયો નહીં.

કાયોત્સર્ગ કરવાથી દેહની જડતા દૂર થાય છે, બુદ્ધિ શુદ્ધ બને છે, સુખ દુઃખ સહેવાની શક્તિનો વિકાસ થાય છે, સૂક્ષ્મ ચિંતન થાય છે અને છેલ્લે શુભ ધ્યાન માં આગળ વધતાં મોક્ષ પ્રાપ્તિ થાય છે.

માટે શ્રાવકોએ पावाणं-कम्माणं निग्घायणट्ठाए ના ધ્યેયને નજર સમક્ષ રાખી કાયોત્સર્ગ આવશ્યક માં ઉદ્યમવંત રહેવું.

# (૨૯) કાયોત્સર્ગ-અ નત્થ

## — સદા મગનમાં રહેવું

वासी चंदण कप्पो जो मरणं जीविए य सममण्णो
देहेय अपडिबद्धो काउस्सग्गो हवइ तस्स

શરીરને કોઇ વાંસડાથી છેદે કે તેના પર ચંદનનું વિલેપન કરે. અથવા જીવન ટકે કે તેનો જલ્દી અંત આવે છતાં જે દેહ ભાવનાથી ખરડાય નહીં અને મનને બરાબર સમભાવમાં રાખે તેને કાયોત્સર્ગ થાય છે.

આ શ્લોક કાયોત્સર્ગના હાર્દ ને સ્પષ્ટ કરે છે. જયારે આત્મા સમભાવની સ્થિતિથી વાસીત થયો હોય અને અનુકૂળ–પ્રતિકૂળ ઉપ-સર્ગોમાં પણ દેહભાવના છોડી દઈ ને સ્થિરતા ધારણ કરી શકે તેને કાઉસ્સગ્ગ કહેવાય છે.

કાયોત્સર્ગ કરતો જીવાત્મા મનમાં સતત ચિંતવન કરતો હોય કે કયારે એવો દિવસ આવશે જયારે હું પણ બાહુબલીજી વગેરે મહા-મુનિઓની માફક અચલ અડોલ બનીને કાયોત્સર્ગમાં સ્થિર થઈ શ. એકાંત અને નિર્જન ભૂમિમાં ઉભેલા મારા શરીર સાથે ઘસાઇને પશુઓ નિશ્ચલ રીતે બેસશે, પક્ષીઓ ત્યાં વિશ્રામ લેશે. ધર્મધ્યાનમાં સ્થિર થયેલો એવો હું કયારે શુકલ ધ્યાનની ધારા પ્રાપ્ત કરીશ.

વિલાયત ખાં ભારતના એક મહાન સીતાર વાદક થઇ ગયા. તેમના બચપણમાં બનેલો એક પ્રસંગ છે.

વિલાયતખાંના પિતા એક વિખ્યાત સંગીતકાર હતા. પણ તેમની માત્ર આઠ–નવ વર્ષની ઉંમરમાંજ પિતાજીનું મૃત્યુ થઇ ગયેલું. તેની માતાએ વિલાયતખાંને પિતાની જરાપણ ખોટ સાલવા ન દીધી. પુત્રના ઉછેરમાં પોતાની શક્તિને કામે લગાડી.

સારી સંગીતજ્ઞા એવી માતા કલકત્તાના શીયાળાની ઠંડી રાતોમાં પણ પોતાના પુત્રને બેસાડી સિતારના રિયાઝમાં તલ્લીન બની જતી. પુત્રને પણ સિતારવાદનનું નિયમિત શિક્ષણ આપે.

એક વખત કમરો બંધ કરી માતાજી સિતાર તાલીમ આપી રહ્યા છે. પુત્રે ફરીયાદ કરી મા મને ઠંડી લાગે છે, જો કેવી કાતીલ ઠંડી છે.

મારું આખું શરીર ઠુંગરાઇ જાય છે. માતાએ પુત્રની ફરીયાદ સાંભળીને શરીર પર વીંટાળેલી શાલ પણ ઉતારી નાખી. પછી વિલાયતખાં-ને કહ્યું બેટા તું પણ મારી જેમ તારી જાતને સિતારમાં ડૂબાડી દે. સિતાર વાદન સિવાય કશું જ નથી એવું વિચાર. આટલી તલ્લીનતા સિતારમાં આવશે પછી તને ઠંડી નહીં લાગે.

માના શબ્દોનો જાણે જાદુ થઇ ગયો ને, વિલાયતખાંએ પુરી તલ્લીનતાથી સંગીત સાધના શરૂ કરી. પરિણામ એ આવ્યું કે તેઓ બની ગયા એક અચ્છા સીતાર વાદક, જગ પ્રસિદ્ધ થયા.

આ દૃષ્ટાન્તમાં તમે સંગીતને સ્થાને કાયોત્સર્ગ શબ્દ મુકી વિચારો જોઇએ. જેમ સીતારમાં લીન બની વિલાયતખાં પોતાનું ધ્યેય સિદ્ધ કરી ગયા તેમ તમે પણ એક વખત કાયોત્સર્ગમાં લીન બની જાઓ. માત્ર કર્મ નિર્જરાનું લક્ષ્ય.

પછી જુઓ કે કોઈ વાંસથી છેદે અથવા ચંદનનો લેપ કરે, અરે ! જીવન ટકી રહે કે તેનો અંત આવી જાય, પણ સમભાવમાં વર્તતો સાધક કાયોત્સર્ગમાંથી કદી ચલાયમાન નહીં થાય.

અન્નત્થ સૂત્રપાઠ વગર કાયોત્સર્ગ થતો નથી. તેથી અન્નત્થ સૂત્રનું અપર નામ પણ कायोत्सर्ग सूत्र રાખ્યું છે તે સૂત્ર ચાર ભાગમાં कायोत्सर्गની સ્પષ્ટતા કરે છે.

કાયોત્સર્ગ પ્રતીજ્ઞા, કાયોત્સર્ગનું સ્વરૂપ, કાયોત્સર્ગ સમય અને કાયોત્સર્ગ આગાર.

(૧) कायोत्सर्ग प्रतिज्ञा શું છે ? कायं........अप्पाणं वोसिरामि હું મારી કાયાનો ત્યાગ કરું છું કે વોસિરાવું છું.—પણ કઈ રીતે—

(૨) कायोत्सर्ग स्वरुप :— ठाणेणं मोणणं झाणेणं સ્થાન—મૌન—ધ્યાન વડે સ્થીર થઇને.

(૩) कायोत्सर्ग समय :- એક જ સ્થાને રહીને, વાણીના આંદોલનોને રોકી દઇ એટલે કે મૌન કરી અને શુભ ધ્યાનમાં લીન બની, કાયાને યાને કાયા પરત્વેના મમત્વનો ત્યાગ તો કર્યો પણ તે કરવાનું કયાં સુધી ? સમયાવધિ જણાવવા માટેનું પદ મુકયું છે. जाव अरिहंताण भगवंताणं नमुक्कारेणं न पारेमि ताव. જયાં સુધી નમો અરિહંતાણું બોલી ( અરિહંત ભગવંતને નમસ્કાર કરીને ) ન પારું ત્યાં સુધી, મારે આ કાયોત્સર્ગમાં રહેવું.

(૪) कायोत्सर्ग आगार :–તસ્સ ઉત્તરી કે વંદણુવત્તીયા વગેરે બાદ અન્નત્થ સૂત્ર આવે છે. તે સૂત્રોમાં અંતીમ પદ બોલો છો ठामि અથવા करेमि काउस्सग्गं એટલે કે કાઉસ્સગ્ગમાં સ્થિર થાઉ છું. અથવા કાઉસ્સગ્ગં કરું છું. અહીં કાયોત્સર્ગનો અર્થ તો કર્યો કાયાની પ્રવૃત્તિનો ત્યાગ. તો શું સઘળી પ્રવૃત્તિ છોડી દેવાની ?

ના. અન્નત્થ સૂત્ર નો ચોથો હિસ્સો તેના અપવાદો જણાવે છે. अन्नत्थ - એટલે - "આટલી પ્રવૃત્તિ સિવાય" એમ કહી उससिएणं વગેરે બાર આગારો (અપવાદો) જણાવ્યા છે.

(૧) ઉચ્છ્વાસ (૨) નિશ્વાસ (૩) ઉધરસ (૪) છીંક (૫) બગાસુ (૬) ઓડકાર (૭) વાછૂટ (૮) ભ્રમરી (૯) પીત્તની મૂર્છા (૧૦) સૂક્ષ્મ અંગ સંચાલન-ગાત્ર સ્ફૂરણુ (૧૧) કફનું સૂક્ષ્મ સંચાલન (૧૨) સૂક્ષ્મ દૃષ્ટિ સંચાર ઇત્યાદિ....આગારો વડે .... તેનાથી મારો કાઉસ્સગ્ગ ભંગ ન થાઓ.

इत्यादि શબ્દથી શું લેવું ? આવશ્યક નિર્યુક્તિ ગાથા ૧૫૧૬ માં લખ્યું –

अगणिओ छिंदीज्जव, वोहिय क्खोभाइ दीह डक्कोवा
आगारेहिं अभग्गो उसग्गो एवमाईहिं

અગ્નિ ફેલાતો આવીને સ્પર્શે, કોઇ શરીરને છેદે, ચોર કે રાજા આવીને શરીરને અંતરાય કરે, સર્પદંશ થાય કે તેવો ભય ઉત્પન્ન થાય તો આવા સંજોગોમાં કાયોત્સર્ગ ભંગ ન થાય.

સુવ્રત શેઠ. મૌન એકાદશી પર્વની આરાધના કરવા માટે સહ-કુટુંબ પૌષધ લઇને રહેલો છે. તે રાત્રિએ નગરમાં ચોમેર ભયંકર આગ લાગી. અગ્નીની જ્વાળાઓ એક પછી એક ઘરને સળગાવતી આગળ વધી રહી છે.

અગ્નિ પણ પોતાના વીકરાળ પંજાને ફેલાવતો સુવ્રત શેઠના ઘર સુધી તો પહોંચી ગયો. છતાં ( સુવ્રત ) સારા વ્રતને ધારણુ કરતો અથવા વ્રતને સારી રીતે ધારણુ કર્યા છે. જેણે તેવો ગુણ સંપન્ન નામ વાળો સુવ્રત શેઠ અને તેમનું કુટુમ્બ ધર્મ ધ્યાનમાં સ્થિર છે.

લોકો સમજાવે છે, શેઠ નિયમમાં પણુ કોઇક અપવાદ હોય– વ્રતમાં પણુ આગાર–છૂટ હોય.— અગ્નિ ફેલાતો સ્પર્શે ત્યારે સ્થાન છોડતા વ્રતમાં આંગો ન આવે. પણુ શેઠને થયું કે મારે હવે આગારનું

સેવન પણ શા માટે કરવું ? અગ્નિ કંઈ મારા ધર્મધ્યાન રૂપ ધનને બાળી શકવાનો નથી. અને મકાન-દુકાન બળશે તો તે આમેય ક્યાં સાથે લઈ જવાના છે.

મહદ્ આશ્ચર્ય થયું. શેઠની હવેલી આસપાસ બધું જ બળી ગયું.-ભસ્મીભૂત થઈ ગયું. પણ સમુદ્રની વચ્ચે રહેલા દ્વિપની માફક સુવ્રત શેઠના મકાનને કંઇજ ન થયું. ત્યારે લોકોએ પણ પ્રશંસા કરી કે અહો શેઠનું ધર્મપાલન કેવું દૃઢ છે. મૌન એકાદશીની સજ્ઝાયમાં પણ લખ્યું

**સુવ્રત શેઠ થયો શુદ્ધ શ્રાવક મૌન ધરી મુખ રહીયો**
**પાવકપુર સઘળો પરજાળ્યો એહનું કંઇ ન દહીયો**

આગારો એ અપવાદો છે તે વાત કબૂલ. તેનું સેવન કરતા વ્રત ભંગ ન થાય છતાં તેનો દૃઢતાથી સામનો કરવામાં આવે તો કેવી સુંદર ધર્મ પ્રભાવના થઇ તે ખ્યાલમાં રાખી કાયોત્સર્ગ કરવો.

**પ્રશ્નઃ**—नमुक्कारेणं न पारेमि પાઠ મુજબ નમો અરિહંતાણું પાઠ બોલી ગમે ત્યારે કાઉસ્સગ્ગ પારે તો શો વાંધો ? कायोत्सर्ग પ્રતીજ્ઞા તો जाव अरिहंताणं....જ છે.

**સમાધાનઃ—** नमुक्कारेणं न पारेमि પાઠ નો અર્થ પહેલાં બરાબર સમજી લો. કાયોત્સર્ગ પ્રમાણ માત્ર नमुक्कारेणं પુરતું નથી. પણ અમુક સમય સુધી કાયોત્સર્ગ કરવાની પ્રતીજ્ઞા છે. તેથી તેટલો સમય પુરો થયા વિના નમસ્કારનો પાઠ બોલીને પારે તો પણ ભંગ જ થવાનો.

કાયોત્સર્ગનો સમય જણાવતાં ઇરિયાવહી પ્રતિક્રમણ માટે ૨૫ શ્વાસોચ્છ્વાસ જણાવ્યું. અને ચેષ્ટાના યોગે થતા કાઉસ્સગ્ગનું ઉશ્વાસ પ્રમાણ આઠ ઉશ્વાસથી માંડીને ૨૫-૨૭-૩૦૦-૫૦૦ અને વાર્ષિક કાયોત્સર્ગ ૧૦૦૮ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ સુધી જણાવેલ છે.

દૈવસિક પ્રતિક્રમણમાં બે લોગસ્સ, એક લોગસ્સ અને એક લોગસ્સ એમ કુલ ૧૦૦ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કહ્યું. રાત્રિ પ્રતિક્રમણમાં એક + એક લોગસ્સ એમ ૫૦ ઉશ્વાસ કહ્યો. પાક્ષિક પ્રતિક્રમણમાં ૧૨ લોગસ્સ એટલે ૩૦૦ ઉશ્વાસ, ચાતુર્માસિકમાં ૨૦ લોગસ્સ એટલે ૫૦૦ ઉશ્વાસ એ રીતે કાયોત્સર્ગ પ્રમાણ કહ્યું. ત્યાં આટલા પ્રમાણ બાદ જ નમુક્કાર પાઠ બોલી કાયોત્સર્ગ પારવો જોઇએ. વળી આગારો તો

અપવાદ દર્શાવવા માટે છે. ગમે તેમ ઉપયોગ કરીને કાઉસ્સગ્ગ છોડી દેવાનો રાજમાર્ગ નથી.

કાયોત્સર્ગની પ્રતીજ્ઞા-સ્વરૂપ-સમય અને આગારો તો સમજી લીધા પણ અન્નત્થ સૂત્ર માં ન આવતી હોય તેવી એક બાબત છે કાઉસ્સગ્ગ કરવા માટે ઉભા કઇ રીતે રહેવું.

चउरंगुल मुहपत्ती उज्जुए डब्बहत्थ रयहरणं
वोसट्ठ चत्त देहो काउस्सग्गं करिज्जाहि

આવશ્યક નિર્યુક્તિ ગાથા ૧૫૪૫ માં લખ્યું चउरंगुल–ચાર-આંગળ (કાઉસ્સગ્ગ કરતી વખતે બંને પગ સીધાં ઉભા રાખી આગળના ભાગમાં ચાર આંગળ જેટલું અને ઘુંટી પાસે પગના પાછળના ભાગમાં ચાર આંગળથી કંઇક ઓછું અંતર રાખવું) मुहपत्ति उज्जुए... (સીધા લટકતાં રાખેલા હાથમાં) ડાબા હાથમાં મુહપત્તી અને જમણા હાથમાં રજોહરણ (ચરવળો) રાખવો. પછી દેહભાવના તથા દેહનો (મમત્વ કે ચેષ્ટાનો) સંપૂર્ણ ત્યાગ કરવા પૂર્વક कायोत्सर्ग કરવો.

कायोत्सर्ग प्रताज्ञा मां कायं....अप्पाणं वोसिरामि કહ્યું. મારી કાયાને અથવા આત્માને વોસિરાવું છું એટલે કે ત્યાગ કરુ છું. અહીં થોડી વિચારણા કરવી પડશે. કાયાનો ત્યાગ એટલે તો મૃત્યુ થાય. તો પછી પ્રતીજ્ઞા કહેવા શું માંગે છે?

અનાદિ કાળથી શરીર ને જ હું માન્યા કર્યું છે પણ "હું" એટલે આત્મા, અને કાયા તો પરસ્વરૂપ છે. તે વાત મનમાં ઠસી જવી જોઇએ. પછી अप्पाणं નો અર્થ "આત્માનો" તે સ્પષ્ટ થશે. અને આ આત્માનો દેહ સાથેનો માલિકી ભાવ કે મમત્વ છોડવું તે कायोत्सर्ग.

મતલબ કે જયાં સુધી હું કાયોત્સર્ગ નહીં પારું ત્યાં સુધી પર સ્વરૂપ કાયાને આવતા કોઈપણ ઉપસર્ગ કે પરીષહ હું સહન કરીશ. હું કાયાને મારી માનીને સામનો નહીં કરું, તેમજ કાયાને બચાવવાની કોશીશ પણ નહીં કરું. પણ આત્માને જ હું માનીને તેના હિત કે અભ્યુદય માટેની પ્રવૃત્તિ કરીશ. અંતર્મુખ રહીશ અથવા આજના શીર્ષક મુજબ **"સદા મગનમાં રહેવું"** ઉક્તિને વળગી રહીશ.

ગજસુકુમાલ દીક્ષા ન લે તે માટે માતા દેવકીએ સંસારની માયામાં લપેટવા ઘણાં પ્રયત્નો કર્યા. ઘરમાંજ રાખી મુકી સંસારના રંગરાગમાં ડુબાવવા અનેક પ્રયાસો કરી છેવટે દ્રુમરાજાની પ્રભાવતી અને સોમ-

શર્મા બ્રાહ્મણ ની સોમા નામની પુત્રી સાથે વીવાહ કર્યો. પણ ગજસુકુમાલના મનમાંથી વૈરાગ્ય ખસતો નથી.

એકદા નેમિનાથ પ્રભુ સહસાવનમાં સમોસર્યા હતા. માનવભવની દુર્લભતા સમજાવતી દેશના આપી. સંસારની અસારતા અને ક્ષણભંગુરતાનો બોધ આપ્યો. પ્રભુએ જણાવ્યુ કે આ આત્માના અસંખ્યાતા પ્રદેશો છે. અને પ્રત્યેક પ્રદેશે અનંતી કર્મ વર્ગણાઓ લાગેલી છે. આ તમાણુ કર્મવર્ગણાનો ક્ષય કર્યા સિવાય આત્મા શુદ્ધ સ્વરૂપ પામીને મોક્ષે જતો નથી.

ગજસુકુમાલ, નેમિનાથ ભગવંતને પૂછે છે. હે પ્રભુ! તે કર્મવર્ગણાનો ક્ષય કયારે થાય? પ્રભુ જણાવે કે સાત ભવની મહેનતમાં પણ થાય. ફરી ગજસુકુમાલ પૂછે, ભગવન્! તેનાથી જલ્દી કરવો હોય તો? પ્રભુ બોલ્યા ત્રણ ભવે પણ ક્ષય થાય. પણ પ્રભુ તેનાથી પણ વહેલો ક્ષય કરવો હોયતો? પ્રભુ કહે એક ભવમાં પણ કરી શકાય, પરંતુ દીક્ષા લેવી પડે.

ગજસુકુમાલે દીક્ષા ગ્રહણ કરી. પ્રભુને પહેલો જ પ્રશ્ન કર્યો, ભગવન્! મારે તો જલ્દીથી જલ્દી બધી કર્મવર્ગણા દૂર કરવી છે તો મારે શું કરવું? પ્રભુ કહે તો કાઉસ્સગ્ગ કર. પ્રભુની આજ્ઞા લઇ તુરંત શ્મશાનમાં જઇ કાઉસ્સગ્ગમાં લીન થયા **"સદા મગનમાં રહેવુ"** પંક્તિ પકડી આતમધ્યાનમાં લાગી ગયા.

તેના સોમીલ નામે શ્વશૂર ત્યાંથી પસાર થતા જુએ છે. અરે! આ તો મારો જમાઈ લાગે છે, તેણે મારી પુત્રીનું જીવન બરબાદ કરી નાખ્યું.

તે સમયે ગજસુકુમાલનું પૂર્વનું કર્મ ઉદયમાં આવેલું. ગજસુકુમાલનો જીવ અપરમા હતો અને સાવકા છોકરાને ખૂબ ભૂખ લાગેલી, ત્યારે ગરમા ગરમ રોટલો માથે મુકી દીધેલો. અપરમાનો જીવ બન્યો ગજસુકુમાલ અને સાવકા છોકરાનો જીવ તે સોમશર્મા બ્રાહ્મણ.

અહીં સોમશર્મા પૂરા રોષમાં આવીને ભીની માટી લાવ્યો. ગજસુકુમાલના તાજા મુંડાયેલા મસ્તક પર માટીની પાળ બાંધી. પાસેની ચીતામાંથી ધગધગતા અંગારા લાવીને માથા ઉપર ભરી દીધા. અંગારાથી મુનિનું માથું ફાટવા લાગ્યું. ખૂબજ વેદના થઈ પણ સમભાવે

સહન કરવા લાગ્યા. શરીરએ પર છે અને આત્મા સ્વ છે. બળે છે એ માત્ર કાયા છે તેવું વિચારી આત્મ સ્વરૂપમાં લીન રહ્યા.

**મારું કંઇ બળતું નથી. બળે બીજાનું અંગ**
**પાડોશીની આગમાં રે આપણો અળગો રંગ**

**ગજસુકુમાલ મહામુનિજી શ્મશાને કાઉસ્સગ્ગ**

अप्पाणं वोसिरामि—આતમ ધ્યાનથી રે સંતો **સદા મગનમાં રહેવું** એ ભાવ છે. બસ પછી તો બહિરાત્માનું વિસર્જન કરી દીધું, અંતરાત્મા જાગૃત થયો, કેવળજ્ઞાન પ્રગટ્યું અને અંતકૃત કેવલી થયા ગજસુકુમાલ. પણ કઇ રીતે ? અપ્પાણું વોસિરામિ રૂપ કાયોત્સર્ગ પ્રતીજ્ઞાનું પાલન કરવાથી

બીજો મહત્ત્વનો વિચારણીય મુદ્દો છે કાયોત્સર્ગ સ્વરૂપ–ठाणेणं मोणेणं झाणेणं

સ્થાન વડે સ્થિર થવું–મૌન વડે સ્થિર થવું અને ધ્યાન વડે સ્થિર થવું એટલે કે કાયગુપ્તિ, વચન ગુપ્તિ, મનો ગુપ્તિ પૂર્વક કાયોત્સર્ગ કરવો.

**ઠાણેણં** :- શરીરને સ્થિર કરો. શાંત પણે સ્થિર ઉભાં રહેતાં કે બેસતા શારીરિક ચંચળતા પર ઘણના ઘા પડે છે. મન અને વાણીને ચંચળ બનાવવા શરીરમાંથી મળતો વિજળી પુરવઠો બંધ પડે છે. વિજળી પુરવઠો ખોરવાતા મનરૂપી મશીન પણ બંધ પડે છે.

ગૌતમ સ્વામીએ ભગવંતને પૂછ્યું. શરીરની સ્થિરતાથી જીવને શો લાભ થાય ? ભગવન્ કહે "જીવ સંવરને પ્રાપ્ત કરે" અર્થાત્ શરીર સ્થિર થતાં કર્મોને આવવાના દ્વારો બંધ થાય.

આ સમયે કાયોત્સર્ગના ૧૯ દોષ ટાળવા જોઇએ

(૧) ઘોટક દોષ-ઘોડાની પેઠે પગ ઊંચો કે વાંકો રાખવો.

(૨) લતા દોષ–વાયુ વડે વેલ હલે તેમ શરીર હલાવવું.

(૩) સ્તમ્ભાદિ દોષ–થાંભલા વગેરેને ઓઠીંગણ દઈ ઉભા રહેવું તે.

(૪) માલ દોષ–મેળી કે માળને મસ્તક ટેકવવું.

(૫) ઉધ્ધિ દોષ–ગાડાની ઉધાની માફક પગના અંગુઠા તથા પાની મેળવીને ઉભા રહેવું તે.

(૬) નિગડ દોષ- બેડી વડે બાંધેલા નિગડમાં નાખેલા પગની માફક પહોળા પગ રાખવા.

(૭) શબરી દોષ- નગ્ન ભીલડીની જેમ ગુહ્ય સ્થાને હાથ રાખવા.

(૮) ખલિણ દોષ- ઘોડાના ચોકડા પેઠે રજોહરણ-ચરવળા યુક્ત હાથ રાખવા.

(૯) વધૂ દોષ- નવપરિણીત સ્ત્રી પેઠે નીચું માથું રાખવું.

(૧૦) લમ્બોત્તર દોષ- નાભીથી ઉપર અને ઢીંચણથી નીચે એવું લાંબુ વસ્ત્ર રાખવું.

(૧૧) સ્તન દોષ—સ્ત્રીની પેઠે હૃદય ઢાંકેલું રાખવું.

(૧૨) સંયતી દોષ— સાધ્વીની જેમ બંને ખભા ઢાંકવા.

(૧૩) ભ્રુઅંગુલી દોષ— ગણતરી માટે આંગળા હલાવવા.

(૧૪) વાયસ દોષ— કાગડા માફક ડોળા હલાવવા.

(૧૫) કપિત્થ દોષ— પહેરેલા વસ્ત્રો મલિન થશે તેવા ભાવ સાથે ગોપવવા.

(૧૬) શિરકમ્પ દોષ— માથું ધુણાવવું તે.

(૧૭) મૂક દોષ— મુંગાની જેમ હું હું કરવું.

(૧૮) મદિરા દોષ— દારૂડીયાની જેમ બોલબોલ કરવું.

(૧૯) પ્રેક્ષ્ય દોષ- વાંદરાની માફક આસપાસ જોયા કરે. આવા દોષોને ટાળીને કાયોત્સર્ગ કરવો.

અર્જુન માલી, રોજના છ પુરુષ અને એક સ્ત્રીનો હત્યારો. સતત છ માસમાં ૧૨૦૦ કરતા પણ વધુ માણસો માર્યા. દીક્ષા લઇ રાજગૃહી નગરી પાસેજ કાઉસ્સગ્ગમાં રહ્યો. ત્યાંના પ્રજાજનોએ ઉપસર્ગો કરવામાં કંઇ બાકી નહોતું રાખ્યું - છતાં અર્જુનમાલી નથી પગ હલાવતા કે નથી શરીર ધ્રુજાવતા, નથી નજર ફેરવતા કે નથી માથું ધુણાવતા. અચલ અડોલ બની કાયોત્સર્ગમાં રહેલા તેઓ પામ્યા કેવલજ્ઞાન.

**મોણેણં** :- કાયોત્સર્ગનું બીજું ચરણ છે મૌન. મૌન વિશે આપણી ઓળખ અધુરી છે. એક માણસ મુંગો છે. જન્મથી જ બોલતો નથી. તો શું તેને તમે મૌનનો સાધક ગણશો? ઉંઘમાં આપણે બોલતા નથી તો શું મૌનની સાધના કહેવાય?

वाग् निरोध लक्षणेन मौनम्- મૌન એટલે વાણી વ્યાપાર નો સર્વથા નિરોધ. કાયોત્સર્ગ દરમ્યાન કોઇપણ પ્રકારનો વ્યવહાર કરવાનો

નથી. કેમકે વાણીના પ્રયોગ સાથે મનને ગાઢ સંબંધ છે. મનની સ્થિરતા વિના ધ્યાન થઈ શકતું નથી. માટે કાયાની સ્થિરતા પછી મોણેણં દ્વારા વાણીની સ્થિરતા એટલે કે મૌન અત્યંત આવશ્યક છે. મૌનમાં પ્રગટ સ્વરૂપે તો વાણીનું પ્રકાશન બંધ કરવાનું જ સાથે વિચારોનું વિસર્જન પણ કરવાનું છે. ( અપ્રશસ્ત બાબતે ) મન નિર્વિચાર બને ત્યારે મૌન પરિપૂર્ણ થશે.

**ઝાણેણં** :- કાયોત્સર્ગ સ્વરૂપ નું ત્રીજું ચરણ ધ્યાન. મનના સ્થિરીકરણ માટે મનને શુભ વિચારોથી ભાવિત કરવું. અનુપ્રેક્ષા ભાવના નું ચિંતન કરવું. આત્માના અધ્યવસાયોની સ્થિરતા આવે તે જ ધ્યાન કહેવાય.

ध्यायते- चिन्त्यते वस्त्वनेन इति ध्यानम् - જેના વડે વસ્તુ નું ચિંતન થાય તે ધ્યાન કહેવાય છે. પણ તે સામાન્ય અર્થ છે. ખાસ અર્થમાં તો ચિત્તની એકાગ્રતા તે જ ધ્યાન છે. હું કાયોત્સર્ગ દરમ્યાન મારા ચિત્તને જયાં ત્યાં ભટકવા દઇશ નહીં. જે તે વિચારો કરીશ નહીં પણ તેને એકાગ્ર બનાવી ધ્યાનમાં જોડી રાખીશ.

યોગશાસ્ત્ર માં કલિકાલ ભગવન્ શ્રી હેમચંદ્રાચાર્યજી જણાવે છે કે :-

तपस्विनो मनःशुद्धि विना भूतस्य सर्वथा
ध्यानं खलु मुधा चक्षु विफलस्येव दर्पणः

જેમ આંખો વગરના ને દર્પણ નકામું છે, તેમ મનની શુદ્ધિ વગરના તપસ્વીને ધ્યાન નકામુ છે. માટે મુમુક્ષુએ મનની શુદ્ધિ અવશ્ય કરી

**આતમ ધ્યાનથી સદા મગનમાં રહેવું**

સ્થાન-મૌન-ધ્યાન ત્રણેના સંયુક્ત આયાસથીજ અપ્પાણં વોસિરામિ કરી કાઉસ્સગ્ગ સાધના કરવી. જો કે અન્નત્થ સૂત્ર માં अप्पाणं वोसिरामि પદનો સંબંધ काय સાથે જોડેલો છે अप्पाणं काय वोसिरामि. કાયાનું મમત્વ સંપુર્ણ પણે ત્યજી દેવાની ક્રિયા. આ દેહ મારો નથી તેવી ભાવના પૂર્વક વર્તવું.

ગ્રીકમાં કોઇક ગુના બદલ લશ્કરના દશ જેટલા પદાધિકારીને ફાંસીની સજા ફરમાવાઇ. સોક્રેટીસે એ સજા ગેરકાયદેસર અને અમાનુષી છે તેમ જણાવ્યું. રાજ્યના વડાઓ સોક્રેટીસ પર રોષે ભરાયા.

તેઓએ સોક્રેટીસને વિષનો પ્યાલો પી જઈને મૃત્યુને શરણે જવાની સજા ફટકારી દીધી.

સોક્રેટીસને તો આ સજા સાંભળી કંઈજ ન થયું કેમકે તેને કાયાની માયા વળગી જ ન હતી. સોક્રેટીસના એક શિષ્યે પૂછયું કે ગુરુજી આપને મૃત્યુની જરાયે બીક નથી લાગતી ? સોક્રેટીસ કહે મૃત્યુની બીક શું ? તે કોઈ અમંગળ ઘટના નથી. એક દિવસ તો આ કાયાનો ત્યાગ કરીને જવાનું જ છે. આત્મા તો અમર છે. તે આ ખોળીયું છોડી બીજા ખોળીયામાં પ્રવેશ કરશે. પછી મારે મૃત્યુની બીક શેની ?

અને ખરેખર સોક્રેટીસે વિષનો પ્યાલો પીધો ત્યારે જાણે કાયાની કોઈપણ પ્રકારની મમતા કે માયા ન હોય તેવી શાંતિથી ઝેર ગટગટાવી ગયા.

આવા જીવાત્માને માટે अप्पाणं वोसिरामि ઘણુંજ સહેલું છે. એક વખત આત્માએ કાયા ઉપરનો માલિકી ભાવ છોડી દીધો–પછી તેને કોઈપણ પરિષહ કે ઉપસર્ગ ચળાયમાન કરી શકતા નથી.

કાયોત્સર્ગ આવશ્યકમાં સદા ઉદ્યમવંત રહેવા માટે ઠાણેણં (કાય ગુપ્તિ) મોણેણં (વચન ગુપ્તિ) ઝાણેણં (મનો ગુપ્તિ) ધારણ કરી **નિજ સ્વરૂપે સદા મગનમાં રહેવું.**

ખરેખર ધન્ય છે ગજસુકુમાલ–મેતારજ મુનિવર–સુકોશલ મુનિ આદિ મહાત્માઓને જેઓ કાયાના મમત્વને છોડી, આતમ ધ્યાને લીન બની કાયોત્સર્ગ આવશ્યકની સાધનાના પથ પર ચાલતા મોક્ષ-મહેલમાં પ્રવેશી પોતાના શ્રેયને પામનારા બન્યા.

# (૩૦) કાયોત્સર્ગ-અરિહંત ચેઈયાણં

## — યાત્રા શ્રધ્ધાથી અનુપ્રેક્ષા સુધી

देह मइ जड्ड सुद्धी सुह दुक्ख तितिक्खया अणुप्पेहा
झायइ य सुहं झाणं एयग्गो काउस्सग्गंमि

આવશ્યક નિર્યુક્તિમાં જણાવ્યા મુજબ કાયોત્સર્ગમાં એકાગ્ર થવાથી દેહની જડતા નાશ પામે છે, મતિની શુદ્ધિ થાય છે, સુખ દુઃખ સહન કરવાની શક્તિ આવે છે, સૂક્ષ્મ ચિંતન કરી શકે છે અને શુભ ધ્યાન ધરી શકે છે.

માટે શ્રાવકોએ પોતાના નિત્ય કર્તવ્ય એવા કાયોત્સર્ગ આવશ્યકમાં ઉદ્યમવંત રહેવું જોઈએ.

અહીં કાયોત્સર્ગનો લાભ શું છે તે તો જણાવ્યું પણ કાયોત્સર્ગ એટલે શું ? कायस्य उत्सर्गः અહીં કાય એટલે चियतेऽ स्मिन् अस्थ्यादिकम् इति જેમાં અસ્થિ એટલે કે હાડકા વગેરેનો સંગ્રહ થાય છે તે કાયા.

આવશ્યક નિર્યુક્તિમાં કાયના शरीरम्, देहः वोन्दी, चयः, ઉપચયઃ તનુઃ પાણુઃ વગેરે પર્યાયો કહ્યા છે. અને उत्सर्गः નો અર્થ છે त्यागः ત્યાગ, વ્યુત્સર્જના, વિવેક કે વર્જન.

આવશ્યક ટીકા મુજબ વ્યાપારવાળી કાયાનો ત્યાગ તે કાયોત્સર્ગ એવો અર્થ કર્યો. સંક્ષેપમાં દેહના મમત્વનો ત્યાગ તે કાયોત્સર્ગ.

પંજાબ કેસરી મહારાજા રણજિતસિંહ એક દિવસ હાથી પર બેસી ફરવા નીકળ્યા. ત્યારે માર્ગમાં કેટલાંક છોકરાઓ વૃક્ષ પર પથ્થર મારીને ફળ પાડી રહ્યા હતા. અચાનક એક છોકરાએ ફેંકેલો પથ્થર મહારાજા રણજિતસિંહ પર પડયો અને તેમને થોડી ઇજા પણ થઈ.

સૈનિકો તે છોકરાને પકડીને લાવ્યા મહારાજા પાસે. છોકરાને શું સજા કરવી તે બાબત મંત્રીઓની સલાહ લેતાં આકરી સજા કરવા માટે સુચવ્યું. મહારાજે સૈનિકોને પૂછયું આ છોકરો શું કરી રહ્યો હતો ? સૈનિકો કહે તે ઝાડ પરના મીઠા ફળ પાડતો હતો.

મહારાજે સૈનિકોને કહ્યું, જો વૃક્ષો પથ્થરનો માર સહન કરીને પણ મીઠાં ફળ આપે અને હું તેને સજા કરું તો ઝાડ કરતાં પણ

નપાવટ ગણાઉં. માટે આ ભલાભોળા છોકરાને છોડી દો અને સારામાં સારા મીઠા ફળ તેને ખવડાવો.

તમે પણ વૃક્ષનો વિચાર કરો તો દેહ મમત્વના ત્યાગની પ્રેરણા મળશે. તેને પથ્થર મારો તો ફળ આપે તેની કોઈ નિંદા કે પ્રશંસા કરે તો પણ બધાંને છાંયડો આપશે. આજ વાતને કાયોત્સર્ગ સાથે જોડી દો એટલે ठाणेणं मोणेणं झाणेणं કરી अप्पाणं वोसिरामि થઈ જશે.

પણ કઇ રીતે કાયોત્સર્ગ કરવાનો? તે માટે अरिहंत चेइयाणं સૂત્રની ચિંતવના કરો.

अरिहंत चेइयाणं સૂત્ર ચાર હિસ્સામાં વહેંચાયું.

(૧) करेमि काउस्सग्गं – પ્રતીજ્ઞા અર્થ છે "હું કાયોત્સર્ગ કરીશ."

(૨) છ निमित्तो :– वंदणवत्तियाए વગેરે છ નિમિત્તો વાસ્તે કાયોત્સર્ગ કરવાનો.

(૩) પાંચ સાધનો :– सद्धाए मेहाए વગેરે પાંચ સાધનો વડે કાયોત્સર્ગ કરીશ.

(૪) ठामि काउस्सग्गं આ છ નિમિત્તે અને પાંચ સાધનો વડે કાયોત્સર્ગ પ્રવૃત્તિ કરવાની.

"હું કાયોત્સર્ગ કરીશ" એ પ્રતીજ્ઞા તો કરી પણ શા માટે કરીશ? **શ્રધ્ધાથી અનુપ્રેક્ષા સુધીની યાત્રા** કરવા માટે.

અયોધ્યાના રાજકુમાર સુકોશલ, માતા સહદેવીનો લાડકો પુત્ર હોવાથી તેના દાંત સોનાથી મઢાવ્યા છે. પિતા કીર્તિધરે તો ધર્મઘોષસૂરિની દેશનાથી પ્રતિબોધ પામી સંયમ અંગીકાર કર્યો. ત્યાર પછી અયોધ્યાનો રાજવી સુકોશલ પિતાની પ્રશંસાની એક તક પણ જવા દેતો નથી. રાણીમાતાને ફડક પેસી ગઇ કે દીકરો કયાંક બાપની જેમ સાધુ બની જશે.

એક વખત કીર્તિધર મુનિ અયોધ્યા પધાર્યા. સુકોશલ રાજાને ખબર ન પડે તેમ વિશ્વાસુ નોકરો મારફતે મુનિને બીજે સ્થળે મોકલાવી દીધા. પણ સુકોશલ રાજાને ખબર પડી ગઇ. તેણે માતાના આ કૃત્યથી તેની કરુણા ચિંતવી પિતા પાસે દીક્ષા લીધી. પુત્રના વિયો-

ગથી ભાંગી પડેલી માતાને મુનિ પ્રત્યે ખુન્નસ ઉભરાયું અને મરીને વાઘણ થઈ.

સુકોશલ મુનિ તે વાઘણ વાળા જંગલમાં આવીને કાયોત્સર્ગમાં રહેલા છે, કાઉસ્સગ્ગ તો તમે પણ કરો છો ને? પણ તેના નિમિત્તો કયા ? वंदण वत्तियाए–पुअण वत्तियाए सक्कार वत्तियाए–सम्माण वत्ति-याए– बोहिलाभ वत्तियाए निरुवसग्ग वत्तियाए ।

(૧) वन्दन–વંદન એટલે નમસ્કાર, પ્રણામ, અભિવાદન. તે બે પ્રકારે છે. દ્રવ્યથી મસ્તક નમાવવું, હાથ જોડવા, ઘુંટણીયે પડવું અને ભાવથી સામા વ્યક્તિની મહત્તા અને પોતાની લઘુતાનો સ્વીકાર કરવો.

તીર્થંકર પરમાત્માનો જીવ દેવલોકમાંથી ચ્યવીને માતાના ગર્ભમાં આવે ત્યારે ત્રણે ભુવનમાં આનંદની લહેર ઉઠે. દિવ્ય પ્રકાશ ઉત્પન્ન થાય. અવધિ જ્ઞાન વડે નિરખતો શક્રેન્દ્ર અત્યંત રાજી થઈ બે હાથ જોડી મસ્તકે અંજલી કરી તુષ્ટ મન વડે નમુત્થણું અરિહંતાણું ભગ-વંતાણું આદિ વિવિધ શબ્દોથી પ્રભુની ઉત્કૃષ્ટ વંદના કરે. આવા વંદનનો લાભ આ કાયોત્સર્ગથી મને થાઓ.

(૨) पुअण :– પૂજન. પૂજા–આરાધના કે ઉપાસના. તે પણ બે પ્રકારે–દ્રવ્યથી સુગંધી ચૂર્ણ, કેશર, બરાસ, પુષ્પ વગેરેથી થાય. ભાવથી વિનય ભક્તિ વડે પૂજા થાય.

જ્યારે તીર્થંકર પરમાત્માનો જન્મ થાય ત્યારે સમગ્ર વિશ્વમાં આનંદનું વાતાવરણ છવાઇ જાય છે. ઈંદ્રાદિ દેવો પોતાના કલ્પ મૂજબ તેમને મેરુ પર્વત પર લઈ જાય છે. ત્યાં રત્નમયી શીલા પર સ્નાત્ર વડે જિનેશ્વરનો અભિષેક કરાય છે. ( જુઓ बृहद् शान्ति ) भव्य जनं सह समेत्य स्नात्र पीठे स्नात्रं विधाय तत् पूजा यात्रा स्नात्रादि महो-त्सवानन्तर मिति कृत्वा........આવી પૂજા કરનારો હું ક્યારે બનું તે નિમિત્તો કાયોત્સર્ગમાં ચિંતવના કરે.

(૩) सक्कार–सत्कार :– આદર કરવો, દ્રવ્યથી સત્કાર એટલે આસન આપવું, વંદન કરવું. ભત્તપાન કે વસ્ત્રાદિ આપવા વગેરે. ભાવ સત્કાર એટલે મનમાં ઉત્કટ આદરભાવ રાખવો તે.

તીર્થંકર પરમાત્મા ઊંચા રાજવંશી કુલોમાં જન્મે છે, ઉત્કૃષ્ટ પુન્ય પ્રકૃતિને લીધે સદા સર્વદા દ્રવ્ય અને ભાવથી આદર સત્કાર પામે છે, તેઓ દેશના દઈને ઉતરે ત્યારે લોકો ચોખા વડે પ્રભુને

વધાવે છે. અહીં લોકો એટલે ચક્રવર્તીથી માંડીને સામાન્ય રાજા પર્યન્ત જે દેશના સાંભળવા આવેલા તે તેમજ શ્રાવક–નગરજન સર્વે (શાલી) ચોખા વડે વધાવે છે તેમ સમજવું.

શુદ્ધ જલ વડે રાંધેલા ચોખા, અર્ધફૂલેલા ચોખાને રત્નના થાળમાં ભરી સર્વ શૃંગાર સજી સુવાસણ સ્ત્રીના મસ્તક પર ધારણ કરાવે. દેવતા તેમાં સુગંધી દ્રવ્ય નાખે. અનેક પ્રકારના ગીત-વાદ્ય પૂર્વક તે બલિ પ્રભુ પાસે લઈ જવામાં આવે, પૂર્વ દ્વારેથી તેને સમો-વસણમાં પ્રવેશ કરાવે, બલિ પાત્ર આવે ત્યારે પ્રભુ ક્ષણવાર દેશના દેતા વિરમે, ચક્રવર્તી પ્રમુખ શ્રાવકો તે બલિ સામે ત્રણ પ્રદક્ષિણા આપે, પ્રભુના ચરણ પાસે આવી પૂર્વ દિશામાં ઉભા રહે. પ્રૌઢ મુષ્ટિ વડે સર્વ દિશામાં તે બલિ ફેંકવા વડે કરીને પ્રભુને વધાવે છે. અર્ધો ભાગ આકાશમાં દેવતા ગ્રહણ કરી લે છે, પા ભાગ બલિના કર્તા આગેવાન લે અને શેષ પા ભાગ લોકો જેમ મળી શકે તેમ લઇ લે છે. તે બલિનો માત્ર એક કણ માથે મુકે તો પણ સર્વ રોગ શમી જાય છે અને છ માસ સુધી નવો રોગ થતો નથી.

પ્રભુને થતી ( અંગરચના ) વસ્ત્રાભૂષણ વડે પણ સત્કાર કરાય છે. આવો દ્રવ્ય કે ભાવ સત્કારનો લાભ મને ક્યારે મલે તેવું કાયો-ત્સર્ગમાં ચિંતવે.

(૪) सम्माण :– સન્માન. સ્તુતિ–સ્તવના કે ગુણકિર્તન દ્રવ્યથી વાણી વડે અને ભાવથી વિનય વડે થાય.

તીર્થંકર દેવો સંસારમાં રહ્યા છતાં ભાવથી તેમાં લેપાતા નથી, ભોગો પણ કર્મ ખપાવવા માટે જ ભોગવે છે. છતાં વિરક્ત રહે છે અને લોકાંતિક દેવોની વિનંતી પૂર્વક સંસારનો ત્યાગ કરી પ્રવજ્યા ગ્રહણ કરે છે. ત્યારે તે દીક્ષા મહોત્સવની ઉજવણી દેવો આવીને ભારે સન્માન પૂર્વક કરે છે. આવા ઉત્કૃષ્ટ સન્માનનું નિમિત્ત મને ક્યારે મળે તેવું કાયોત્સર્ગ થકી ચીંતવે.

(૫) **બોહીલાભ** :– બોધિલાભ. અર્હત્ પ્રણિત ધર્મની પ્રાપ્તિ. પરલોકમાં જિનધર્મની પ્રાપ્તિ તે બોધિ લાભ. લલિત વિસ્તરામાં જણાવ્યું છે.

जिन प्रणीत धर्म्मप्राप्ति–बोधिलाभो अभिधीयते

દીક્ષા લઇને તીર્થંકર પરમાત્મા દર્શનબોધિ, જ્ઞાનબોધિ અને

ચારિત્રબોધિ વડે અનુક્રમે શુકલધ્યાનમાં આરૂઢ થઈને ચાર ઘાતી કર્મનો ક્ષય કરી કૈવલ્ય ઋદ્ધિને પ્રાપ્ત કરે છે. તેથી કાયોત્સર્ગમાં ચિંતવવુ કે જે બોધિ વડે પરમાત્માને પણ કૈવલ્યઋદ્ધિ મળી. તે બોધિ મને પણ પ્રાપ્ત થાઓ.

(૯) निरुवसग्ग :– નિરુપસર્ગ સ્થિતિ એટલે મોક્ષ. સંસારમાં સૌથી મોટો ઉપદ્રવ તે જન્મમરણ છે. જન્મમરણ રહિતતા તે જ મોક્ષ. લલીત વિસ્તરામાં પણ આ વ્યાખ્યા લખી છે :–

निरुपसर्गो मोक्षः जन्माद्युप सर्गाभावेन

તીર્થંકર પરમાત્મા તીર્થની સ્થાપના કરી તીર્થંકર નામકર્મનો ઉપભોગ કરે છે. પણ જ્યારે નિર્વાણ સમય નજીક આવે ત્યારે શૈલેશીકરણ કરી સર્વ યોગોને રૂંધી ' અયોગી કેવલી ' નામક ચૌદમું ગુણ સ્થાન પ્રાપ્ત કરે છે. અને ધનુષમાંથી બાણ છૂટે તેમ શરીરમાંથી આત્મા છૂટીને ઉર્ધ્વગતિ વડે સિદ્ધશિલાને પ્રાપ્ત કરી નિરુપસર્ગ સ્થિતિને પામે છે. તેવી નિરુપસર્ગ સ્થિતિ એટલે કે મોક્ષ મને કયારે મળે તેમ કાયોત્સર્ગ કરતા ચિંતવે.

સુકોશલ મુનિ પણ આવી निरुवसग्ग સ્થિતિ માટે કાયોત્સર્ગ કરતા આત્મચિંતન કરી રહ્યા છે. ત્યાં માનવગંધ સુંઘતી વાઘણ આવે છે. મુનિને જોતાં જ પૂર્વ ભવનો રોષ ઉછળી આવતા વાઘણ વધુ વિફરીને સુકોશલ મુનિ પર ત્રાટકે છે. પોતાના તીક્ષ્ણ દાંત અને નહોરદાર પંજા વડે મુનિને ચીરીને ચુંથી નાંખે છે. પણ સુકોશલ મુનિ તો કાયોત્સર્ગમાં માત્ર निरूवसग्ग वत्तोयाए પદને સંભારતા મોક્ષનું લક્ષ્ય રાખી શુકલ ધ્યાનમાં લીન બની ત્યાં જ કેવળજ્ઞાન પામી મોક્ષે પહોંચ્યાં.

**વાઘણ શરીર વલુરિયુંજી સાધુ સુકોશલ સાર**
**કેવળ લહી મુગતે ગયાજી ધન ધન તે અણગાર**

વાઘણની નજર મુનિના દાંત ઉપર પડીને સોનાના દાંત જોતા તેને ગત ભવની સ્મૃતિઓ ઉભરાઈ આવી. માનું હૈયું કકળી ઉઠયું. મનોમન પસ્તાવાની આગમાં સેકાવા લાગી. અરે ! આ જ મારો વહાલસોયો પુત્ર, જેનો વિયોગ ન થવા દેવા તેના પિતાથી પણ મેં દૂર કરવા પ્રયત્નો કરેલા અને તેના જ મરણમાં હું નિમિત્ત બની. વાઘણ પોતાના અશ્રુધોધથી મુનિને પ્રક્ષાલન કરવા લાગી પણ નિરુપસર્ગ–મોક્ષ માટે કાઉસ્સગ્ગ કરી રહેલા મુનિ તો મુક્તિમાં પહોંચી ગયા.

મુનિને निरुवसग्गवत्तियाए એ નિમિત્ત પાર પડી ગયું પણ કેવા સાધનો વડે પાર પડ્યું ?

सद्धाए मेहाए धिइए धारणाए अणुप्पेहाए

**શ્રદ્ધા-મેધા-ધૃતિ-ધારણા અને અનુપ્રેક્ષા વડે**

પાંચ સાધનોને અંતે એક સુંદર અનુસંધાન જોડી દીધું. ખૂબ જ સુંદર શબ્દ वड्ढमाणीए વધતી જતી શ્રદ્ધા-વધતી જતી મેધા....વગેરે.

આરંભ થયો **શ્રદ્ધાથી અનુપ્રેક્ષાની યાત્રાનો** અને મુનિરાજ નિરુપસર્ગ સ્થિતિના લક્ષ્યને પામી ગયા.

(૧) **શ્રદ્ધા** એટલે રુચિ, સ્વકીય અભિલાષા કે ચિત્તની પ્રસન્નતા. યોગશાસ્ત્રની સ્વોપજ્ઞ વૃત્તિમાં લખ્યું છે કે- श्रद्धा मिथ्यात्व मोहनीयकर्म क्षयोपशम जन्य उदक प्रसादक मणिवत् चेतसः प्रसादजननी શ્રદ્ધા એ મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારી અને ઉદકપ્રસાદ મણીની જેમ ચિત્તને સ્વચ્છ કરનારી છે.

જેમ જલકાન્ત મણી જળાશયમાં નાખતા કચરાને દૂર કરે છે, તેમ શ્રદ્ધા-સંશયાદિ દોષરૂપ કચરાને દૂર કરી ચિત્તને સ્વચ્છ કરે છે. તે શ્રદ્ધા વડે ( શ્રદ્ધા રૂપી સાધન વડે ) હું કાયોત્સર્ગ કરું છું. એટલે કે કોઈના બળાત્કારથી નહીં પણ મારી જ રુચિ કે ચિત્ત પ્રસન્નતાથી કાઉસ્સગ્ગ કરું છું.

શ્રદ્ધા તો માતા સમાન છે. ગમે તે સ્થિતિમાં આરાધકનું રક્ષણ કરે છે. દુન્યવી વ્યવહારો પણ શ્રદ્ધા ઉપર જ ચાલે છે. ટ્રેઇનમાં ડ્રાઇવરની શ્રદ્ધા, પ્લેનમાં પાયલોટની શ્રદ્ધા, ઓપરેશનમાં સર્જન પર શ્રદ્ધા, ઇન્જેકશનમાં ડોકટર પર શ્રદ્ધા, ભોજનમાં રાંધનાર કે પીરસનાર પર શ્રદ્ધા....એમ શ્રદ્ધા એ જીવનનો પાયો છે. શ્રદ્ધા નથી તો બધું ધુળ સમાન છે.

તે દી' ગરાસીયાના દીકરા માથે આભ તુટી પડેલું. સાસરેથી સંદેશો આવ્યો કે રૂપિયા હજાર રોકડા લઈ જેઠ સુદ બીજે હથેવાળે પરણવા આવજે. રૂપિયા ન લાવે કે બીજની ત્રીજ થઇ તો બીજા હારે ગગીના ફેરા ફેરવી દઇશું.

વાંચતા જ જીવાતે નિસાસો મેલ્યો. પાંચ પાંચ વરહના ધૂળમાં રમતા'તા, ત્યારથી પંદર પંદર વરહ સુધી જેનું ધ્યાન ધર્યું તે રાજબા શું આજે બીજાને જશે ? બાપની જાગીર ફના થઇ ગઇ, વારસામાં

માત્ર એક ખોરડું મલ્યું, બીજું મલ્યુ વેવશાળ. આશા હતી કે નિસ્તેજ સુતા ઓરડામાં અલબેલી ગરાસણી આવી જુના વાસણ માંજશે, રૂપાળી માંડછાંડ કરશે. મહિયરથી પટારો ભરી કરીયાવર લાવશે, મામો મનેય પેરામણી કરશે. પણ કાગળ વાંચતા તો મારું કે મરું થવા માંડયું.

ગયો વાણીયાને ત્યાં. ચરણ ઝાલીને કરગર્યો. કાકા આજ લાજ રાખો. મારું મોત બગડશે અને બાયડીએ જાશે. કાકા હજાર રૂપિયા મારી જાત વેચીને પણ ભરી દઇશ. પણ વાણીયો ન પીગળ્યો. હાથ ઝાલીને રજપુત રગ્યો. જાણે રાજબાને કોઈ હાથ ખેંચીને લઇ જતું હોય તેમ લાગ્યું, ત્યારે કાકાએ કાગળ લીધો લ્યો ભા! "કરો સહી" આમાં અમારું તો વળી જે થાય તે ખરું.

કાગળ વાંચી રજપુતનું લોહી થીજી ગયું. એમાં લખેલું કે એક હજાર રૂપીયા પુરા ન ભરું ત્યાં સુધી બાયડીને મા-બેન સમજીશ. રજપુતે સહી કરી. કાગળની નકલ લીધી. રૂપીયા હજાર ગણીને ચાલ્યો સાસર વાટે.

રાજબા બેઠી બેઠી ભરથારના સપનાં જુએ છે. ગરીબ કંથની ચીથરે હાલ મુર્તિ ચિંતવે છે. પિયરીયામાં ગોઠતું નથી. પોતાના ઘરની ભુખ હૈયે જાગી છે-

જેઠ સુદ બીજનો આભે ઉદય થયોને સાસરે આવી ભર દાયરામાં કોથળી મુકી. લ્યો મામા રૂપીયા ગણી લો. આખો દાયરો સમજી ગયો. સૌ ફિટકારો દઈ ચાલ્યા ગયા. કન્યા કંપી ઉઠી. નક્કી મારા માવતરનું વેર મારી ઉપર વાળશે.

રજપુતાણીને વેલડામાં બેસાડી હાલ્યો ઘરે. ઘર તો શું શ્મશાન જ સમજી લો. જેને લુગડે રજ નથી અડી તેણે સાવરણી લીધી. સુનકાર ઘરને વાળ્યું. રાતે વીંઝણો વીંઝતા ધણીને થાળી જમાડી નીચે મોઢે રજપુતે જમી લીધું. રજપુતાણી પથારીની પાંગતે બેઠી વાટ જુએ છે. ગરાસીયો આવ્યો તલવાર ખેંચી રજપુતાણી વચ્ચે ધરી પીઠ ફેરવીને સુઇ ગયો.

આવી એક પછી એક રાતો વીતે છે. આખો દિવસ તો એકબીજાની આંખોમાં અમી ઝરે છે. અબોલ પ્રીતિની સાત તાળીસું રમાય છે. પણ રાત પડતાં વચ્ચે તલવાર મુકાઇ જાય છે. રજપુતાણીનું હૈયું વીંધાય છે. અમીનો કટોરો જાણે હોઠે અડીને અટકી જાય છે.

પણ એક રાતે રજપુતાણીથી ન રેવાણું. ભીંત ને ટેકો દઇ ઉભી છે. જાણે મીણની આકૃતિ જોઇ લો. ઠાકોર કહે કેમ ઉભા છો? રજપુતાણીની આંખમાંથી આંસુ પડી ગ્યા. કેમ પીયર સાંભળ્યું. રજપુતાણી ગળગળી થઈ બોલી ઉઠી. "બહુ થયું ઠાકોર"–હદ થઈ ગઇ હવે. પિયરીયાનું વેર કયાં સુધી વાળશો. હું એ રજપુતાણી છું આખું જીવતર ખેંચી કાઢીશ તલવારને અંતરે. પણ ભેદ તો ખોલો કે છે શું?

હયો વાંચી હયો ભેદ? રંગ છે તારી જનેતાને ઠાકોર. વાંધો નહીં. એ દિવસ બાદ રજપુતાણીએ સૌભાગ્યકંકણ સિવાય બધો જ દાગીનો અંગેથી ઉતારી દીધો. રજપુત કહે શું કરું આનું? કરજ ચુકાવું–બસ ધીરજની અવધિ આવી ગઈ. બાયડીના પાલવડા ખેંચી વ્રત ન છોડાય રજપુતાણી!

ઠાકોર ઉતાવળું ન બોલો. આમાંથી બે ઘોડી અને બબ્બે જોડ પોશાક ને બે જોડ હથીયારની લાવો. રજપુત જોઇ રહ્યો.

બંને ઘોડેસવાર નીકળ્યા. કોઈ ઓળખી શકે તેમ નથી. બાદશાહની નજર પડી. ચાકરી નોંધાણી શિકારની સવારીમાં જખમી સાવજે બાદશાહ પર તરાપ મારી. માત્ર તસુ વાર અંતર હતું ૫૦–૫૦ રક્ષકોની તલવાર શરમાતી'તી ત્યારે રજપુતનું ભાલું વખતસર સાવજના ડાચામાં પેસી ગયું. તે દિવસથી બંનેને બાદશાહના શયનગૃહની અટારીનો પહેરો સોંપાયો.

વરહ વીત્યું હજી વાણીયાના હજારનો જોગ થયો નહીં. મેઘલી રાતે વરહ વરહના વિજોગ થયા છે. વાદળની ગડગડાટીથી વીરાંગના કેદી ડરી નો'તી. સાવજની ત્રાડથી પણ નો'તી ડરી. આજે વીજળીના કડાકે ડરી ગઈ. વરહના વિજોગે મેહુલીયે બહેકાવી દીધી. દોડીને સ્વામીને ભેટવા ગઇ. તસુ અંતર રહેતા થંભી ગઈ જાણે ૫૦ ગાઉ દૂરના વાણીયે આંચકો માર્યો.

આજે કંથના મોં પર વિયોગી વેદનાનું રૂપ–રીબાતું રૂપ જોયું. રજપુતાણી પાછા ડગ દેતી જાય છે ને રૂપ જોતી જાય છે. મોટા ધડાકા જેવો નિસાસો નીકળી ગયો ને મુખમાંથી દુહો સરી પડ્યો.

**દેશ વીજાં પિયું પરદેશા પિયું બંધવારે વેશ**
**જે દી જાશાં દેશમે (તે દી) બાંધવ પિયુ કરેશ**

સવાર થયું. બેગમના હૈયામાં વાત સમાતી નથી. બાદશાહને

કહે પરીક્ષા કરો. આમાં એક સ્ત્રી છે, બીજો પુરુષ છે. બાદશાહ કહે દીવાની ન બન. બંનેની આંખો કેવી ઝગારા મારે છે.

રાત્રે સાંભળેલ દુહો સ્ત્રી હૃદય સિવાય ન નીકળે. બોલાવ્યા બંનેને. અંદર દુધની તપેલી ચુલા પર મુકાણી. દુધ ઉભરાવા દીધું ને ત્યાંજ પરીક્ષા થઈ ગઈ.

અંતરના બંધન તુટી ગયા છે તેવી વિજોગી રજપુતાણી રહી ન શકી. બોલી ઉઠી એ.......એ દુધ ઉભરાય. તરત રજપુતે પડખામાં કોણી મારી. તારા બાપનું કયાં ઉભરાય છે. પણ ભેદ ખુલી ગયો. બેગમના ખંડમાં લઇ ગયા બંનેને. ગરાસણી ના ગાલે શરમના શેરડા પડયા. અદબવાળીને દીવાલ ઓથે કાયા સંતાડી દીધી. રજપુતે ખાનગી વાત કરી. બાદશાહથી વાહવાહ પોકારાઇ ગઈ.

બાદશાહે મોટો સરપાવ આપ્યો. ગાડુંભરી બેલડું રવાના થયું. વાણીયાનો હિસાબ ચૂકવાયો. દસ્તાવેજના ચીરા ઉડયા ને તે રાત વ્રતધારીના વીવાહની પહેલી રાત બની.

કથામાં એક માત્ર શ્રદ્ધા તત્ત્વ વિચારો. વાણીયાને રજપુતના બોલમાં કેટલી શ્રદ્ધા હશે? નહીં તો શું રાતે જોવા જવાનો હતો કે ભાઇ-બહેન જેવો વ્યવહાર છે કે નહીં. પણ વાણીયાને દઢ શ્રદ્ધા હતી. રજપુતના વચનમાં—

**પ્રશ્નઃ**– શ્રદ્ધા તત્ત્વ સમજાવ્યું તેમાં न तु बलाभियोगेन–બળાત્કારથી નહીં તેમ કેમ લખ્યું?

**સમાધાનઃ**– સુરિ પુરંદર શ્રી હરિભદ્રસૂરિજી શ્રદ્ધાદિ પાંચ સાધનોને સમજાવવા પહેલાં પાંચ ન કાર મુકે છે. કાયોત્સર્ગ કઈ રીતે કરવો?

(૧) બળાત્કારથી નહીં પણ શ્રદ્ધાથી.

(૨) જડતાથી નહીં પણ (મેધા) બુદ્ધિ પૂર્વક.

(૩) રાગાદિની આકુળતાથી નહીં પણ ધૃતિ વડે.

(૪) ચિત્તની શુન્યતાથી નહીં પણ ધારણા વડે.

(૫) પ્રવૃત્તિ માત્રથી નહીં પણ સમજણ–ચિંતન અને અનુપ્રેક્ષા પૂર્વક.

આ રીતે પાંચ નકારથી પાંચ કર્તવ્યો સ્પષ્ટ કર્યા

**મેધા**:– એટલે સમજણ. કાયોત્સર્ગ મારે માટે કરણીય છે–આચરણીય છે. કેમકે મેધા એટલે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી પ્રગટેલી બુદ્ધિ કે જે આત્માનો ગુણ વિશેષ છે તે. શ્રદ્ધા સાથે મેધા પણ

જરૂરી છે. કેમકે શ્રદ્ધા હોય પણ મેઘા ન હોય તો પાપ પ્રવૃત્તિ થઇ પણ જાય. તેથી વધતી જતી શ્રદ્ધા અને મેઘા વડે કાયોત્સર્ગ કરે. કેમકે સુક્ષ્મ અને વિશદ્ દ સમજણુથી ચિત્તને એક પ્રકારનું સમાધાન પ્રાપ્ત થાય છે કે જે પ્રવૃત્તિની સ્થિરતા માટે અતિ ઉપયોગી છે.

(૩) ધૃતિ-**ધીરજ** મનની સમાધીરૂપ ધીરજ વડે કાયોત્સર્ગ કરવો. આત્મસાધનાના કઠોર માર્ગમાં અનાદિકાળના સંસ્કાર સાધના યાત્રામાં આડે આવે છે. **શ્રદ્ધાથી આરંભેલ યાત્રા મેઘાને પાર કર્યા પછી**, માર્ગમાં અટકી જાય તો ?

તેને નિવારવા ત્રીજો તબક્કો મુકયો ધૃતિ. ધૃતિ એટલે મનનું સુપ્રણિધાન-એકાગ્રપણું. જેના વડે લાભના નિમિત્તામાં ચિત્ત હર્ષાવેશમાં આવતું નથી. હાનિને કારણે શોકમાં ડૂબતું નથી. પણ ધર્મમાં સુસ્થિર રહે છે.

મીસરના રાજકુમારને દુશ્મન રાજા પકડી ગયા. બધાં કેદીની જેમ તેને પણ કામ સોંપાયુ. રાજકુમારે કહ્યું મને ગાલીચા બનાવતા સારા આવડે છે. તે કામ સોંપશો તો તમને ઘણું ધન મલશે. એક ગાલીચો બનાવ્યો. રાજાને સારી કિંમત મલી. રાજકુમાર કહે મારા દેશમાં વેચશો તો હજી વધુ કિંમત મલશે. ગાલીચો મીસર વેચાવા ગયો. રાજા સમજી ગયોકે કારીગર મીસરનો જ છે. ગાલીચાના મોં માગ્યા દામ આપ્યા. કેટલાંક સમય પછી રાજકુમારે ગાલીચામાં મીસરથી કેદખાના સુધીનો નકશો બનાવી સંદેશો લખી દીધો રાજાને ખબર પડતાંજ હુમલો કરી રાજકુમારને છોડાવી ગયા. આવી ધૃતિ કાયોત્સર્ગમાં રાખો તો જરૂર કર્મની કેદમાંથી છુટી શકાય.

(૪) **ધારણાઃ-** અરિહંતોના ગુણ સ્મરણ પૂર્વક કાઉસ્સગ્ગ કરવો. ધારણા એટલે ધ્યેયની અવિસ્મૃતિ. કેમકે કાયોત્સર્ગનું ધ્યેય ભૂલાઇ જાય તો **શ્રદ્ધા- મેઘા કે ધૃતિની યાત્રા અધુરી રહે.**

(૫) **અનુપ્રેક્ષા-** અનુચિંતન સ્થાનાંગ ટીકામાં અનુપ્રેક્ષાનો અર્થ ચિંતનિકા કર્યો છે. अनुप्रेक्षा એટલે તત્ત્વ-અર્થનું અનુચિંતન અથવા ભાવના ભાવવી તે.

અવંતિ સુકુમારે પણ **શ્રદ્ધાથી અનુપ્રેક્ષા સુધીની કાઉસ્સગ્ગ યાત્રા આરંભી** આપ મેળે દીક્ષા લઇ કાઉસ્સગ્ગમાં ઉભા છે. પાછલા ભવની સ્ત્રી શીયાળણી થઇ છે ક્રોધથી બચકા ભરી શરીર વિલુરી દીધું- અવંતીકુમાર અનુપ્રેક્ષાથી નલીની ગુલ્મ વિમાને ગયા તમે પણ શ્રદ્ધાથી અનુપ્રેક્ષા યાત્રા આરંભી વંદણ વત્તિયાદિ ધ્યેયને કાયોત્સર્ગમાં સિદ્ધ કરો.

# (૩૧) પચ્ચક્ખાણ-મહત્વ

— વીરમે તે બચે

पच्चक्खाणमिणं सेविऊणं भावेण जिण वरूदिठ्ठं
पत्ता अणंत जीवा सासय सुक्खं लहु मोक्खं

આવશ્યક ટીકા છઠ્ઠા અધ્યયનમાં આ શ્લોક દ્વારા પચ્ચક્ખાણનું મહત્ત્વ જણાવતાં કહ્યું કે શ્રી જિનેશ્વરોએ કહેલાં આ પ્રત્યાખ્યાનનું સેવન કરીને અનંતા જીવો શાશ્વત સુખવાળા મોક્ષને શીઘ્ર પામ્યા છે.

પ્રત્યાખ્યાનથી આશ્રવનો રોધ થાય છે, આશ્રવનો રોધ થવાથી તૃષ્ણા નાશ પામે છે, તૃષ્ણા રહિત પણાથી ઉપશમ થાય છે, ઉપશમથી કર્મક્ષય થાય છે, કર્મક્ષય વડે મોક્ષ પ્રાપ્ત થાય. એ રીતે પ્રત્યાખ્યાનનું પરંપર ફળ મોક્ષ છે.

પણ પ્રત્યાખ્યાન એટલે શું ?

પ્રત્યાખ્યાનને ચાલુ ભાષામાં પચ્ચક્ખાણ કહે છે. તે શબ્દ प्रति + आ + ख्या ધાતુ પરથી બનેલો છે. प्रति એટલે પ્રતિકૂળ પણે. आ એટલે અમુક મર્યાદા પૂર્વક. ख्या એટલે કથન કરવું. "અમુક મર્યાદામાં અવિરતિથી પ્રતિકુળ પણે કથન કરવું. (પ્રતિજ્ઞા કરવી) તે. प्रत्याख्या તેને अनट् પ્રત્યય લાગતાં બન્યું प्रत्याख्यान.

બીજા અર્થમાં કહીએ તો મન–વચન–કાયા વડે કંઈપણ અનિષ્ટનો જેમાં પ્રતિષેધ કરાય છે તે પ્રત્યાખ્યાન. તેને નિયમ, અભિગ્રહ, વિરમણ, વ્રત, વિરતિ, આશ્રવ-નિરોધ, નિવૃત્તિ એવા પર્યાય નામોથી ઓળખવામાં આવે છે.

સાદી ભાષામાં પચ્ચક્ખાણ એટલે પાપથી અટકવાની પ્રવૃત્તિ કે બાધા કે **વિરમવું તે.**

બીજા વિશ્વયુદ્ધનો પ્રસંગ છે. તે સમયના બ્રિટીશ હવાઈદળનો એક વિમાન ચાલક નામે "ચેશાયર" થઈ ગયો. તેનું કાર્ય વિમાન ચાલકોને બોંબ ફેંકવાની તાલીમ આપવાનું હતું. ચેશાયર પોતે પણ શત્રુ પ્રદેશમાં બોંબ વર્ષા કરતો ત્યાં વિનાશ વેરતો. એક વખત લડાયક વિમાન લઈ ને જતાં તેણે દુશ્મન પ્રદેશ પર બહુ ખૂબીથી ભારે બોંબ વર્ષા કરી. સમગ્ર વિસ્તાર ભડકે બળી રહ્યો હતો. લગભગ શ્મશાન જેવો બની ગયેલો. કંઇ કેટલાંયે માણસો મોતને ઘાટ ઉતરી ગયા.

આ દૃશ્યથી ચેશાયરનો આત્મા ખૂબ જ કકળી ઉઠયો. તેના મુખ-

માંથી શબ્દો સરી પડયા, હે ભગવન્ મેં આ શું કર્યું ? એ જ ક્ષણે મનમાં નિશ્ચય કર્યો નિવૃત્ત થવાનો. વિમાન પાછું વાળ્યું. અભિનંદનોની ઉપેક્ષા કરતો સીધો જ મુખ્ય યુદ્ધ કચેરીએ પહોંચ્યો. તત્કાલ હોદ્દા પરથી પોતાનું રાજીનામું આપ્યું. પછી પોતાની તમામ મિલ્કતો વેંચી દીધી. મળેલ રકમમાંથી બ્રિટનના અનાથ બાળકોને માટે એક આશ્રયગૃહ ઉભું કર્યું. તેનું નામ રાખ્યું "ચેશાયર હોમ".

બસ આ રીતે હિંસાથી **વિરમવું તે જ** અહિંસાનું **પ્રત્યાખ્યાન.** સાધકના અંતરમાંથી નાદ ઉઠે કે વિરમવું છે પછી વિરમવાની પ્રવૃત્તિ થવાની જ છે. **વિરમવું તે જ વ્રત**–પચ્ચક્ખાણ તેમાં માત્ર કોરી વાતો ન હોય પણ પ્રવૃત્તિ હોય, વિકલ્પો ન હોય સંકલ્પો હોય, બાધાને બંધન ન માનતો હોય પણ મુક્તિ માનતો હોય, ત્યાં તૃષ્ણા ન હોય પરંતુ ત્યાગ હોય, ભોગ ન હોય, ત્યાં યોગ હોય. કારણ કે **વિરમે તે બચે** એ વાત દૃઢ થઇ ગઇ હોય છે.

શ્રી ભગવતી સૂત્રના સાતમા શતકના બીજા ઉદ્દેશામાં ગૌતમ સ્વામીજી ભગવંતને પ્રશ્ન કરે છે. कतिविहे णं भंते पच्चक्खाणे पन्नत्ते। હે ભગવન્ પચ્ચક્ખાણ કેટલા પ્રકારે હોય? ત્યારે શ્રી વીર પરમાત્મા ઉત્તર આપે છે गोयमा दुविहे पच्चक्खाणे पन्नत्ते. तं जहा मूलगुणपच्चक्खाणे य उत्तर गुणे पच्चक्खाणे य. હે ગૌતમ પચ્ચક્ખાણ બે પ્રકારે કહ્યા છે. તે પ્રમાણે મૂલગુણ પચ્ચક્ખાણ અને ઉત્તરગુણ પચ્ચક્ખાણ.

શ્રાવકને મૂલગુણ પચ્ચક્ખાણ દેશથી હોય તે પાંચ અણુવ્રત અને ઉત્તરગુણ પચ્ચક્ખાણમાં ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત આવ્યા.

० પહેલું અણુવ્રત તે જાણી જોઇને હણવાની બુદ્ધિએ નિરપરાધી ત્રસજીવને હણવો નહીં.

પ્રથમ વ્રત શું મુકયું ? अहिंसा. હિંસા ન કરવી તે અહિંસા પણ આ વાત શાસ્ત્રકાર મહર્ષિ કબૂલ નથી કરતાં. વ્રતનું નામ છે. अहिंसा विरमण व्रत. હિંસાથી નિવૃત્ત થવું તેનું નામ અહિંસા.

બે વાતમાં ફર્ક કયાં પડે છે ? હિંસાના પચ્ચક્ખાણ કરવા તે અહિંસા. જો હિંસા ન કરવી તેને જ ધર્મ માને તો સૂક્ષ્મ નિગોદીયો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ધર્મી કહેવાય. તે કોઇની હિંસા કરતો નથી. અનંતા પુદ્ગલ પરાવર્તન ગયા તો પણ એકે જીવની હિંસા સૂક્ષ્મ નિગોદીયાએ કરી નથી. ચૌદમા ગુણઠાણા વાળા પણ હિંસા વર્જી શકયા નથી. જ્યારે

સૂક્ષ્મ નિગોદીયાને કોઇ ચિંતા નહીં. છતાં તેને કોઇએ અહિંસક ન કહ્યા. કેમ કે પાપનું નિવર્તન-પાપના પચ્ચક્ખાણ તે જ સંવર છે.

આખું જગત બોલે છે કે "કરે તે ભોગવે" અથવા "વાવે તે લણે." પણ જૈન દર્શનની વિશેષતા એ છે કે તે જણાવે છે. જે કરે ભલે નહીં પણ કરવાથી અટકે નહીં—વિરમે નહીં તે પણ ભોગવે. "પાપ ન કરવું" તેવી પ્રતીજ્ઞા ન લે અને પ્રતીજ્ઞા પૂર્વક પાપ કરતાં અટકે નહીં તો તે પાપ ન કરવા છતાં પાપકર્મ બાંધે છે.

સૂક્ષ્મ એકેન્દ્રિય જીવને દશ પ્રાણ નથી અને છ પર્યાપ્તિ પણ નથી. છતાં હજી રઝળે છે કેમ ? સૂક્ષ્મ નિગોદીયાને નથી હિંસા કે નથી જુઠ, નથી ચોરી કે નથી સ્ત્રી સેવન છતાં અવિરતિનો કર્મબંધ છે છે ને છે જ.

માટે બચવું હોય તો એક જ સૂત્ર ગોખો **વિરમે તે બચે.** પચ્ચક્ખાણ એ જ પાયો છે, અને એ જ બચવાનો ઉપાય છે.

० બીજું મૃષાવાદ વિરમણ વ્રત – કન્યા, ગાય, ભૂમિ સંબંધિ જૂઠ, થાપણ ઓળવવી, ખોટી સાક્ષી પૂરવી વગેરે મોટા જુઠ વર્જવા.

० એજ રીતે સ્થુલ અદત્ત, સ્થુલ મૈથુન કે સ્થુલ પરિગ્રહથી વિરમવું યાને ન્યાય સંપન્ન આજીવિકા ચલાવવી, બ્રહ્મચર્ય પાલન કરવું અને સંતોષ પૂર્વક મર્યાદિત જરૂરિયાતો રાખી જીવવું.

શ્રાવકને માટે ઉત્તરગુણ પચ્ચક્ખાણમાં ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતો મુકયા. પહેલું ગુણવ્રત તે દિગ્ પરિમાણ, જેમાં ગમન-આગમનને નિયંત્રીત કરવું. બીજું ગુણવ્રત ભોગોપભોગ વિરમણ, તેમાં ભોગ અને ઉપભોગની વસ્તુનો વપરાશ ઘટાડવો,-રોજ ચૌદ નિયમો ધારી પરિમાણ નક્કી કરવું.

**પ્રશ્ન :- ચૌદ નિયમ કયા ?**

सचित्त दव्व विगइ वाहण तंबोल वत्थ कुसुमेसु
वाहन शयन विलेवण बंभ दिशि न्हाण भत्तेसु

પાપાશ્રવ બે પ્રકારે થાય છે.

(૧) અવિરમણ પ્રવૃત્તિ રૂપ- જેમ કે ભોગોપભોગ કરો.

(૨) અવિરતિ-નિવૃત્તિના નિયમના અભાવ રૂપ.

જેમ કે ૧૪ નિયમમાં બીજો નિયમ દ્રવ્ય પરિમાણ. તમે ૨૦ દ્રવ્યની ધારણા કરી પછી ૧૦ દ્રવ્ય વાપરો તો બાકીના ૧૦ની ખાદ્ય

પ્રવૃત્તિ તો કરી નથી. છતાં નિવૃત્તિ પચ્ચક્ખાણ પણ ન કર્યું હોવાથી તેનું પાપ ચાલુ જ રહે છે.

જેમ મકાનમાં રહો કે ન રહો, સ્કુટર-મોટર ચલાવો કે ન ચલાવો, નળમાંથી પાણી ભરો યા ન ભરો છતાં તમારી તે-તે વસ્તુઓ પર ટેક્ષ તો ચાલુ જ રહેવાનો. તેમ પચ્ચક્ખાણ રૂપ પાપ વ્યાપારનો ત્યાગ ન કરો ત્યાં સુધી આશ્રવ રૂપી ટેક્ષ લાગવાનો જ છે.

બીજા શબ્દોમાં કહીએ તો જેમ મકાનની બારીઓ ખુલ્લી હોય ત્યારે તમે ઇચ્છો કે ન ઇચ્છો પણ કચરો તો અંદર આવવાનો જ છે. તેમ આશ્રવ દ્વારો ખુલ્લા હોય તો આત્મગૃહમાં કર્મ કચરો આવવાનો જ છે. તેમાંથી બચવાનો એક માત્ર ઉપાય– **વિરમે તે બચે**– વિરમવું તે જ પચ્ચક્ખાણ અથવા વિરતિ. આવા વિરતિ ધરોને ઇન્દ્ર પણ ઇન્દ્રસભામાં બેસે ત્યારે પ્રણામ કરે છે. કારણ કે તેઓ વિરતિ સ્વીકારી શકતા નથી.

ત્રીજું ગુણવ્રત બિન જરૂરી પાપો પર નિયમન લાદવું તે. જેને અનર્થદંડ વિરમણ વ્રત કહે છે. દંડ બે પ્રકારે છે. (૧) અર્થદંડ (૨) અનર્થદંડ. આજીવિકા માટે આવશ્યક હોય ને કરવું પડે તે અર્થદંડ અને બિનજરૂરી પાપ તે અનર્થદંડ.

૦ ચાર શિક્ષાવ્રતોમાં સામાયિક, દેશાવગાસિક, પૌષધ અને અતિથિ સંવિભાગ મુકયા. આ ચારે વ્રતો થકી સમ્યક્ ચારિત્રની શિક્ષા પ્રાપ્ત થાય છે. માટે તેને શિક્ષાવ્રતો કહ્યા.

મૂળગુણ સંબંધિ એક નાનકડો નિયમ પણ પરલોકના ફળને આપનારો થાય છે. તે સંબંધે સુનંદ કુલપુત્રનું એક સુંદર દૃષ્ટાંત છે.

રાજપુર નગરમાં સુનંદ નામે એક કુલ પુત્ર હતો. તેણે પોતાના મિત્ર જિનદાસ શ્રાવકના ઉપદેશ થકી સાધુ પાસે પચ્ચક્ખાણ કર્યા કે માંસ ખાવું નહીં. તે દેશમાં એક વખત દુષ્કાળ પડયો ને ધીરે ધીરે લોકો માંસાહારી થવા લાગ્યા. સુનંદનું કુટુમ્બ પણ ક્ષુધાથી પીડાવા લાગ્યું. છતાં સુનંદ બીજા લોકોની જેમ માછલા મારવા જતો નથી.

એક વખત સુનંદના સાળાએ અતિ આગ્રહ કર્યો તેથી સુનંદ જાળ લઇ સરોવર પાળે ગયો. ત્રણ દિવસ સુધી ત્યાં પાણીમાં જાળ નાખી. પણ જેવો માછલો આવે કે તે છોડી દે. અન્તે તે અનશન કરી મૃત્યુ પામ્યો. પણ ગ્રહણ કરેલા વ્રતને છોડયું નહીં. નિયમ તો પ્રથમ

અણુવ્રત સંબંધે પણ ખૂબ નાનો કહી શકાય તેવો હતો. પણ સુનંદને એક વાત સમજાઈ ગયેલી કે **વિરમે તે બચે.**

પચ્ચક્ખાણના પ્રભાવે સુનંદ કુલપુત્ર મરીને રાજગૃહ નગરમાં દામન્નક નામે શ્રેષ્ઠી પુત્ર થયો. માત્ર આઠ વર્ષનો થયો ત્યાં કુટુમ્બમાં બધાં મૃત્યુ પામ્યા. એટલે તે સાગર દત્ત શેઠને ત્યાં આવી ને રહ્યો. તે અરસામાં કોઈ સાધુ ભીક્ષાર્થે નીકળેલા. સામુદ્રિક શાસ્ત્રના બળે તેઓ બોલ્યા કે આ દામન્નક, શેઠના ઘરનો માલિક થશે.

શ્રેષ્ઠીએ આ વાત સાંભળી એટલે ચાંડાલોને બોલાવી દામન્નકને મારી નાખવા સોંપ્યો. પણ ચાંડાલે માત્ર એક આંગળી છેદીને તે બાળકને છોડી મુકયો. ગોકુળના રક્ષક સ્વામીએ તેને પુત્ર પણે પોતાની પાસે રાખી લીધો. થોડા સમય બાદ સાગરદત્ત શ્રેષ્ઠીને ખબર પડી કે દામન્નક તો હજી જીવે છે. તેણે ફરીથી મારી નાખવા માટે દામન્નકને પત્ર આપીને મોકલ્યો. પત્રમાં લખી દીધું કે આવનાર યુવાનને તરત વિષ આપી દેશો.

દામન્નકને પૂર્વભવના પચ્ચક્ખાણનું પુન્ય હજી જાગતું હતું. તે નગર બહાર દેવમંદિરમાં સુતો હતો ત્યારે શેઠની પુત્રી વિષા તેના રૂપ પર મોહીત બની. તેને પાસે પડેલો કાગળ જોયો તેમાં વિષને બદલે વિષા કરી દીધું. ઘેર કુટુંબીજનોએ તો શેઠની તાત્કાલિક આજ્ઞા સમજી દામન્નક ને વિષાના ઘડીયા લગ્ન લીધા.

તે દામન્નક સમ્યક્ આરાધન કરીને દેવલોકે ગયો ત્યાંથી મહાવિદેહે મોક્ષમાં જશે.

પણ આખી કથાનું મૂળ શું ? પચ્ચક્ખાણ પૂર્વક પાપનો ત્યાગ.

**પ્રશ્ન** :— સામાયિક કરો તો સમત્વ દ્વારા મુક્તિ મળે, ચતુર્વિંશતિથી બોધિ પ્રાપ્ત કરીને મુક્તિ મળે, પ્રતિક્રમણથી આત્મશુદ્ધિ થકી પણ મુક્તિ મળે તો પછી પચ્ચક્ખાણનું પ્રયોજન શું ?

**સમાધાન** :— છ એ આવશ્યકો ક્રિયાફળની દૃષ્ટિએ સમાન છે. છતાં તેના પ્રયોજનો ભિન્ન–ભિન્ન છે. સામાયિકનું મુખ્ય પ્રયોજન સાવદ્ય યોગની વિરતિ છે. ચઉવિસત્થઓનું મુખ્ય પ્રયોજન અરિહંતોની ઉપાસના છે. પ્રતિક્રમણનું મુખ્ય પ્રયોજન આત્મશોધન છે. તેમ પ્રત્યાખ્યાનનું પ્રયોજન છે સંયમ ગુણ ધારણા.

મૂળગુણ-ઉત્તરગુણ પચ્ચક્ખાણ પૂર્વક દેશવિરતિ અને સર્વવિરતિનું ગ્રહણ જ ઉત્તમ ચારિત્ર નિર્માણ થકી આત્માને મોક્ષમાં લઈ જાય છે. માટે યાદ રાખો **"વિરમે તે બચે"** પ્રત્યાખ્યાન દ્વારા સંયમ ગુણ ધારણા થકી આત્માર્થને સાધી ઇહલોકપરલોકના સુખની પ્રાપ્તિ કરો.

**પ્રશ્ન** :— આત્માને સંયમમાં લાવવો કેવી રીતે?

– તૃષ્ણાના તાર તોડવાથી—

આજે તૃષ્ણા અમર્યાદ પણે વિસ્તરતી જાય છે. પાંચસોવાળા હજારની આશા રાખે, હજાર વાળા લાખની, સાયકલ વાળાને સ્કૂટર જોઇએ અને સ્કૂટર વાળાને મોટર, ફ્લેટવાળાને ફ્રીઝ તથા ફોન જોઇએ છે અને ફોન વાળાને ફ્રિયાટ, રાજાને મહારાજા થવું છે અને મહારાજાને ચક્રવર્તી (સમ્રાટ).

લાભ વધે તેમ લોભ વધે છે. માટે તૃષ્ણાના તાર તોડી સંતોષમાં સુખને માને તોજ પ્રત્યેક વ્રતના પચ્ચક્ખાણ સરળ બને.

**જી રે મારે લોભ તે દોષ અથોભ**
**પાપ સ્થાનક નવમું કહ્યું જી રે જી**
**લોભ એ તો સર્વ વિનાશનું મૂળ**
**એહથી કિંહુણે ન સુખ લહ્યું જીરે જી**

અઢાર પાપસ્થાનકોની સજઝાયમાં નવમાં પાપસ્થાનક લોભ વિશે પૂજ્ય યશો વિજયજી મહારાજા ફરમાવે છે કે લોભનો કોઈ અંત નથી. સર્વ વિનાશનું મૂળ કે પાપનો બાપ પણ જો કોઇ હોય તો તે લોભ છે. જગતમાં કોઇએ લોભથી સુખ મેળવ્યું નથી.

ઉદયરત્નજી એ પણ લોભની સજઝાયમાં આ વાત મુકી કે "લોભે ઘરમેલી રણમાં મરેરે" સંપત્તિ કમાવા ગયેલો પરદેશમાં મરે ત્યાં કોઈ પાણી પાનાર પણ મલતું નથી. લોભનો થોભ ન રાખનાર ચક્રવર્તી છ ખંડનો ધણી હતો. છતાં બીજા છ ખંડ સાધવા જતાં સમુદ્રમાં ડૂબી મર્યો ને સાતમી નરકે ગયો. માટે તૃષ્ણાના તાર તોડો-લોભથી નિવર્તો તો જ વિરતિ આવે.

વિદર્ભનો એક રાજા આનંદ વર્ધન થઇ ગયો. નામ તો આનંદ વર્ધન પણ જીવનમાં દુઃખનો પાર નથી. આખી જિંદગી સુખની

આશામાં કાઢી પણ ક્યાંય સુખ ન મલ્યું. ચિત્તમાં સદા તૃષ્ણાનો વાસ રહેતા અતૃપ્તિની આગ જલતી રહી. સુખના સાધનોની તૃષ્ણામાં દુઃખનો દરિયો ખડો કર્યો.

આખરે કોઈ જ્ઞાની પુરુષને વાત કરી કે મારી તૃષ્ણા સદાય મને દઝાડતી રહે છે. સુખ મલતું નથી તો શું કરવું ? જ્ઞાની પુરુષે જવાબ આપ્યો અરે રાજન્ ! પૂર્ણ સુખ મેળવવાનું કામ બહુ સરળ છે. જે કોઇ ખરેખર સુખી હોય તેવા માણસનું પહેરણ લઈ આવ. તે પહેરવાથી સુખ પ્રાપ્ત થશે.

રાજા આનંદવર્ધને ચારે બાજુ સેવકોને દોડાવ્યા. ઘણી તપાસ બાદ એક આનંદમગ્ન સુખી માણસ મળી આવ્યો. રાજાની ખુશીનો પાર ન રહ્યો. તેણે તરતજ તેનું પહેરણ મંગાવ્યું ત્યારે ખબર પડી કે તે સુખીજન પહેરણ પહેરતો જ નથી.

સાચા સુખનું રહસ્ય જ આ છે. તૃષ્ણા કે આશા છોડી દો. પણ તમારી સ્થિતિ કેવી થઈ ગઇ છે. ૨૦૦૦૦ રૂપીયા નફાની આશા રાખી હોય અને ૧૫૦૦૦ રૂપીયા નફો થાય તો તે નફાનો આનંદ માણવાને બદલે ૫૦૦૦ ની ખોટ ગઇ તે જ વાત વાગોળ્યા કરવાના. પણ "તને ૧૫૦૦૦ મલ્યા તે ભોગવને," તેવું તમને કોણ કહે ?

તમારે પેલા સુખી માણસ જેવા બનવું હોય તો માત્ર એક જ રસ્તો છે. તેના જેવા ત્યાગી બનો. તૃષ્ણાનો તાર તોડવો હોય તો ત્યાગનું આચરણ કરવું જરૂરી છે. જેમ કુશળ વાહન ચાલક હોય અને ઉત્તમ વાહન હોય તો પણ વાહન ચલાવ્યા વિના તો ઇચ્છિત સ્થળે પહોંચી શકાય નહીં, તેમ ચારિત્રરૂપ સત્ક્રિયા વિના માત્ર જ્ઞાનરૂપ વાહનનું અસ્તિત્વ મોક્ષરૂપ ઇચ્છિત સ્થળે પહોંચાડતું નથી. આ ચારિત્રરૂપ સત્ક્રિયા તેજ પ્રત્યાખ્યાન.

શ્રાવકના છત્રીશ કર્તવ્યોમાં કહ્યું કે છવ્વીહ આવસ્સયમ્મી उज्जुत्तो होइ पइदिवसं " શ્રાવકે છ આવશ્યકમાં પ્રતિદિન ઉદ્યમવંત રહેવું. છ આવશ્યક તે સામાયિકથી પ્રત્યાખ્યાન યાત્રા.

પણ આટલી પંક્તિ અધુરી છે. કેમ કે મન્નહ જિણાણંની આરંભ તથા અંતની પંક્તિનું અનુસંધાન લઈને પ્રત્યાખ્યાનનો સંદર્ભ સમજવા જેવો છે.

—પ્રત્યાખ્યાન એટલે વિરમે તે બચે—

એ વાત સાચી. પણ આરંભનું અનુસંધાન જોડો. मन्नह जिणाणं माणं–જિનેશ્વરની આજ્ઞા માનો. પણ આજ્ઞા શું ? आश्रवः सर्वथा हेय. આશ્રવ સર્વથા ત્યાજ્ય છે. પ્રત્યાખ્યાન પણ પાપના ત્યાગનું હોય. આશ્રવનું હોય. સંવરનું નહીં.

એક ગામમાં એક ભાઈને સમજાવ્યું કે પરિગ્રહનું પાપ શું ? તેમણે ધન રાશિનો પરિગ્રહ નક્કી કર્યો. એક લાખ કરતાં વધારે રોકડ રાખવી નહીં. બસ બીજે દિવસથી તે ભાઈ ઉપાશ્રયમાં જ ન આવે. બે દિવસ ગયા–ચાર દિવસ ગયા અરે પંદર દિવસ વીતી ગયા પણ શ્રાવક ભાઈ દેખાયા જ નહીં.

ઉપાશ્રયે બોલાવી તે શ્રાવકને પૂછયું કે બધી આરાધનાઓ બંધ કરી દીધી કે શું ? ત્યારે તેણે જવાબ આપ્યો, મહારાજ સાહેબ ! તમે જ બાધા દીધી છે પરિગ્રહ પરિમાણની. હવે એક લાખ રૂપિયા ભેગા ન થાય તો હું બાધા કેવી રીતે પાળીશ ?

માટે જ સમજવાનું છે પચ્ચક્ખાણ આશ્રવ ત્યાગના હોય. સંવરના નહીં. સંવર તો ઉપાદેય છે–આદરણીય છે.

પ્રત્યાખ્યાન કર્તવ્ય સાથે બીજું અનુસંધાન જોડો અંતીમ પંક્તિનું. મન્નહ જિણાણંમાં છેલ્લે મુકયું नीच्चं सुगुरुवएसेणं. ગુરુના ઉપદેશ પૂર્વક આ કર્તવ્યોનું પાલન કરવું જોઇએ. શ્રાવક પ્રજ્ઞપ્તિમાં પણ કહ્યું છે કે गुरू सक्खिओ हु धम्मो ગુરુસાક્ષીએ ધર્મ કરવો.

प्रत्याख्यानं यदाचीत्तत्र करोति गुरु साक्षिकम्
विशेषेणाऽथ गृहणाति धर्मोऽसौ गुरू साक्षिकम्

પહેલા જે પ્રત્યાખ્યાન કર્યું હોય તે અગર તેથી વિશેષ પચ્ચક્ખાણ ગુરુ સાક્ષીએ કરવું. કેમ કે ધર્મ ગુરુ સાક્ષીએ કરવાનો કહ્યો છે —તેથી પરિણામોમાં દઢતા આવે છે અને જિનાજ્ઞાનું પાલન થાય છે.

હવે વિચારીએ પ્રત્યાખ્યાનનો "નિત્ય સંબંધ"–સવારનો

પહોર છે. બ્રાહ્મ મુહુર્તમાં પ્રતિક્રમણની ક્રિયા આરંભાઇ છે. ક્રમશઃ પ્રતિક્રમણ પ્રક્રિયા આગળ વધી રહી છે. વંદિતા સૂત્ર બાદ દ્વાદશાવર્ત વંદન પછી આવે છે, તપ ચિંતવણી કાયોત્સર્ગ.

છે કાયોત્સર્ગ પણ તેનો સંબંધ જોડાયો છે પચ્ચક્ખાણ સાથે.

તપ ચિંતવન એટલે શું ? ખાવા પિવાના વિચારો ખૂબ કર્યા, પ્રવૃત્તિ પણ ઘણી કરી, યાવત્ કયાં સુધી ? ગર્ભમાં પ્રવેશતા સાથે જ જીવ પહેલું કામ કરે છે આહાર પર્યાપ્તિનું, જ્યારે તપ ચિંતવન શેનું કરવાનું છે ?

અણાહારનું — જીવનો મૂળભૂત સ્વભાવ આહારનો નથી. પણ અન્-આહાર (અણાહાર) નો છે. પણ તે વાત ભૂલાઇ ગઇ છે.

ભગવાન મહાવીરે છ માસી તપ કર્યો. હે જીવ તું કરી શકીશ ? શક્તિ નથી (અને) પરિણામ નથી. ક્રમશઃ આગળ વધે (વાસ્તવમાં પાછળ હટે) પાંચ માસ-ચાર માસ-ત્રણ માસ બે-માસ તપ ચિંતવના આગળ વધતી જાય છે શક્તિ નથી-પરિણામ નથી-નો ઉત્તર પણ આવતો જાય છે.

એ રીતે તપ ચિંતવન ધારા કદાચ માસક્ષમણે અટકી જાય તો શ્રાવક તુરંત નમો અહિંતાણંના ઉચ્ચારણ પૂર્વક કાયોત્સર્ગ પારી પ્રગટ લોગસ્સ બોલશે.—નહીં તો — હજી ચિંતવના આગળ વધશે ઘટતા ઘટતા જીવ પ્રશ્ન કરશે હે જીવ ! તું ઉપવાસ કરી શકીશ ? આયંબિલ -નિવિ-એકાસણું........ છેલ્લે નમુક્કાર સહિયં........ બસ ત્યાં અટકી જશે. શક્તિ છે અને પરિણામ પણ છે.

આટલા ચિંતવન પછી પણ શ્રાવકે તે તપનું પચ્ચક્ખાણ તો કરવાનું જ રહે છે. આ રીતે પ્રાતઃ પ્રતિક્રમણથી પચ્ચક્ખાણ યાત્રાનો આરંભ થાય અને સાયં પ્રતિક્રમણ સમયે ચોવિહાર કે પાણહારના પચ્ચક્ખાણ પૂર્વક તેની યાત્રા પૂર્ણ થાય.

આ પચ્ચકખાણ યાત્રામાં સિરિયક (શ્રીયક) ને યાદ ન કરીએ તો યાત્રા અધુરી રહેશે. શકટાલ મંત્રીના પુત્ર અને સ્થુલભદ્રના ભાઇ

શ્રીયકે રાજ્યની મંત્રી મુદ્રાનો ત્યાગ કર્યો. દીક્ષા ગ્રહણ કરી, યક્ષા-યક્ષાદિન્ના વગેરે સાત બહેનો પણ દીક્ષામાં જ છે. પર્યુષણ પર્વના પુનિત દિવસો આવ્યા. સર્વે લોકો નાની મોટી તપસ્યા કરી રહ્યા છે.

બહેન યક્ષા ભાઈ શ્રિયકમુનિ પાસે આવી બોલી પર્યુષણ પર્વમાં વિશેષ પ્રત્યાખ્યાનથી ઘણો લાભ થશે. માટે તમે પોરસી પચ્ચક્ખાણ કરો. તે સાંભળી શ્રીયક મુનિએ ઉલ્લાસ પૂર્વક પોરસી પચ્ચક્ખાણ કર્યું. પ્રત્યાખ્યાન સમય પૂર્ણ થવા આવ્યો ત્યારે બહેન યક્ષા સાધ્વી ફરી આવ્યા. ફરી ભાઈ મહારાજને સાઢ પોરસી કરાવી. એ રીતે ફરી ફરી આવે છે. શ્રીયક મુનિ પણ વધતાં જતાં ચિત્તોલ્લાસ પૂર્વક પુરીમડ્ઢ આદિ થી અંતે ઉપવાસ સુધી પહોંચ્યા.

તે જ રાત્રિએ શ્રીયક મુનિ કાલધર્મ પામ્યા. યક્ષા સાધ્વીને થયું કે ભાઈ મહારાજના મૃત્યુનું કારણ હું જ છું. પારણું ન કરતા શાસન દેવીની આરાધના કરી. દેવી સીમંધર સ્વામી પાસે ગયા. પ્રભુ કહે તેઓ તો તપના પ્રભાવથી સ્વર્ગે સંચર્યા છે. માટે તમને કોઇ જ પાપકર્મ લાગ્યું નથી.

આ છે પચ્ચક્ખાણ યાત્રા. **વિરમે તે બચે** ઉક્તિને માનસપટ પર કોતરી તમે પણ પચ્ચક્ખાણ યાત્રામાં જોડાઇ જાઓ ને છ આવ-શ્યકના પાલનમાં ઉદ્યમવંત બની પરમપદને સાધનારા બનો.

# ( ૩૨ ) પચ્ચક્ખાણ-ભેદો

## — નિયમનો મહિમા

पइसद्दो पडिसेहे, अक्खाणं खावणाऽभिहाणं वा
पडिसेहस्सक्खाणं पच्चक्खाणं निवित्ती वा

વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે પ્રતિ શબ્દ નિષેધ અર્થમાં અને આખ્યાન શબ્દ ખ્યાપના અથવા આદરથી કહેવાના અર્થમાં છે. તેથી પ્રતિષેધનું આખ્યાન તે પ્રત્યાખ્યાન કે નિવૃત્તિ છે.

સંક્ષેપમાં પ્રત્યાખ્યાન એટલે પરિત્યાગ કરવાની પ્રતીજ્ઞા કે નિયમ-જે નિવૃત્તિ, વ્રત કે વિરમણ તરીકે ઓળખાય છે. તેમાં બે બાબત લેવાની. અવિરતિનો ત્યાગ તથા વિરતિ ગુણ ની ધારણા.

પચ્ચક્ખાણમાં વ્રત કે **નિયમનો મહિમા** શો છે. તે જણાવતા કહ્યું કે પ્રત્યાખ્યાનથી કર્મ આવવાના દ્વારો બંધ થાય છે, તેથી તૃષ્ણાનો છેદ થાય છે, તૃષ્ણા છેદથી અતુલ ઉપશમ પ્રગટે છે, ઉપશમ વડે પચ્ચક્ખાણ શુદ્ધ થતાં ચારિત્ર ધર્મ નિશ્ચયપૂર્વક પ્રગટે છે,-જૂના કર્મોની નિર્જરા થાય છે, અપૂર્વકરણ પ્રગટે છે, તેથી કેવલજ્ઞાન થાય છે, કેવલજ્ઞાન થતાં મોક્ષ મળે છે

આવા પચ્ચક્ખાણના બે ભેદો જણાવે (૧) દ્રવ્ય પચ્ચક્ખાણ (૨) ભાવ પચ્ચક્ખાણ

જો કે પચ્ચક્ખાણના ભેદો સમજતાં પહેલા-પચ્ચક્ખાણના હાર્દને એટલે કે **નિયમના મહિમાને** સમજવો જરૂરી છે.

એક ભરવાડણ કથા સાંભળવા ગઈ. કથા સાંભળતા તેને બહુજ આનંદ આવ્યો એટલે તેણીએ નિયમ લીધો, હવે દુધમાં પાણી નાખવું નહીં. લોકોને ભરવાડણના નિયમની જાણ થતાં બધાં રાજીરાજી થઇ ગયા.

વાહ ! હવે તો બધાંને રગડાં જેવું દુધ મળશે પણ White Water નહીં આવે. થોડાં દિવસો ખૂબજ સારું દુધ લોકોને મલ્યું. ફરી એક દિવસ પાણી જેવું દુધ શરૂ થયું. લોકો જરા મુંઝાણા. પૂછયું ભરવાડણને કેમ માજી દુધમાં આવો ફેરફાર કેમ થઇ ગયો ?

માજી કહે ગગા ! મારે તો નીમ એટલે નીમ. હું કોઈ દા'ડો દુધમાં પાણી નાંખુ ? તો તો મારો નીમ તુટે છોરા. છોકરાઓ વહેલા ઉઠીને

માજીના આંગણામાં નજર માંડીને બેસી ગયા. ભરવાડણ બાઇ આવી દુધ દોહવા, પહેલેથી બોઘેણામાં પાણી ભરીને. પછી ગાયને દોહવાનું શરૂ કર્યું. કેમ માજી તમે તો નીમ લીધો હતો ને? પછી આ ભેળસેળ કેમ કરો છો?

ગગા મારે તો દુધમાં પાણી ન નાખવાનો નીમ છે. પાણીમાં દુધ ન નાખવાનો નીમ મેં ક્યાં લીધો છે?

આમ વ્રત–પચ્ચક્ખાણના હાર્દને સમજ્યા વગર ખાલી શબ્દોને વળગી રહીને નીયમ ન હોય, તેમાં તો ઉલટો **નિયમનો મહિમા માર્યો** જાય છે.

આવા પચ્ચક્ખાણ ના બે ભેદ દ્રવ્ય અને ભાવ. અંતરના ઉલ્લાસ રહિત જે પ્રત્યાખ્યાન કરાય તે દ્રવ્ય પ્રત્યાખ્યાન, અંતરના ઉલ્લાસ પૂર્વક જે પ્રત્યાખ્યાન થાય તે ભાવ પ્રત્યાખ્યાન.

મહત્તા ભાવ પ્રત્યાખ્યાનની વિશેષ છે. કેમકે તે સમ્યક્ ચારિત્ર-રુપ હોવાથી મુક્તિનું સાધન બને છે. તેમ છતાં દ્રવ્ય પ્રત્યાખ્યાનની પણ જરુરીયાત સ્વીકારી. કેમ સ્વીકારી ભાઈ?

કારણ કે દ્રવ્ય પ્રત્યાખ્યાન એ ભાવ પ્રત્યાખ્યાનનું સાધન છે, કારણ છે. છોકરો આજે લીટા તાણશે તો કાલે એકડાં ઘુંટતો થવાનોજ ત્યાં છોકરો તો લીટા તાણે છે એમ કરી પાટી–પેન ખેંચી લો છો ખરા? તેમ આજે દ્રવ્યથી નિયમ ગ્રહણ કરશે તો કાલ ભાવથી પણ સ્વીકારશે.

પેઢાલપુર નગરમાં શ્રીયુત નામે રાજા હતો. તેને પુષ્પચુલ અને પુષ્પચુલા નામે બે સંતાનો હતા. યૌવન વયને પામેલો પુષ્પચુલ ચોરી-જુગાર વગેરે સાતે વ્યસનોમાં રક્ત થઈ ગયો. તેની આવી વાંકી ચાલને લીધે લોકોએ તેનું વંકચુલ નામ પાડી દીધું. લોકોની ફરીયા-દને લીધે રાજાએ તેને દેશવટો આપ્યો. ત્યારે પુષ્પચુલ પરત્વેના રાગને લીધે તેની પત્ની અને બહેન બંને સાથે ચાલી નીકળ્યા. વંકચુલ ચોરની પલ્લીમાં ગયો અને પછી પલ્લીપતિ બન્યો.

એક વખત જ્ઞાનતુંગ નામક આચાર્ય પલ્લીમાં આવ્યા. વરસાદ શરૂ થઈ ગયો હતો. એટલે આચાર્ય મહારાજે વંકચૂલ પાસે વસતિની યાચના કરી. વંકચૂલે શરત કરી કે મારી હદમાં કોઇ પ્રકારનો ઉપ-દેશ ન આપો તો તમને હું વસતિ આપું. આચાર્ય મહારાજે પણ

સમય વર્તી કાંઇજ ઉપદેશ ન આપ્યો. પોતાના જ સ્વાધ્યાય અને ધ્યાનમાં ચાતુર્માસ પૂર્ણ કર્યું.

ચોમાસું પુરૂ થયા બાદ વિહારમાં વળાવવા માટે વંકચૂલ ગયેલો છે. પલ્લીની હદ પુરી થતાં આચાર્ય મહારાજે કહ્યું કે વંકચૂલ હવે તારી હદ પુરી થાય છે, માટે કંઇક નીયમ ગ્રહણ કરી પછી પાછો વળ તો સારું. વંકચૂલ જન્મે તો સંસ્કારી માણસ હતો, વિવેકી હતો, નીયમ માટે તૈયાર થયો. બે હાથ જોડી કહ્યું, "મારાથી થઈ શકે તેવો નીયમ આપો."

શ્રાવકનો આ આચાર છે તે તમે પણ પાછાં ભૂલતાં નહીં. જુઓ વીરપ્રભુના સ્તવનમાં પણ જીરણ શેઠની ભાવના વ્યક્ત કરી છે ને?

**પછી પ્રભુને વોળાવા જઇશું નમી વંદીને પાવન થઇશું**
**કરજોડીને સન્મુખ રહીશું વિરતિ અતિરંગે વરીશું રે**
**મહાવીર પ્રભુ ઘેર આવે**

આચાર્ય મહારાજ જ્ઞાની છે-સમજુ છે. તેથી વંકચૂલને યોગ્ય એવા ચાર પચ્ચક્ખાણો બતાવે છે.

આપણી મૂળ વાત છે પચ્ચક્ખાણ. તે પચ્ચક્ખાણના દશ ભેદો દર્શાવે છે.

(૧) **અનાગત પચ્ચક્ખાણઃ**- તપ કરવા માટેના નિયત પર્વો જેવા કે પર્યુષણા કે ઓળી પૂર્વે જ તપ કરી લઇ, પર્વોમાં બાળ-ગ્લાન-વૃદ્ધ આદિની વૈયાવચ્ચ કરે.

(૨) **અતિક્રાન્ત પચ્ચક્ખાણઃ**- પર્વોમાં વૈયાવચ્ચ આદિ કારણે તપ ન થયો હોય તો પછીથી કરે.

(૩) **કોટિસહિત પચ્ચક્ખાણ**:- ઉપવાસાદિક તપ પુરો થયા પછી ફરીથી તેવી જ તપશ્ચર્યા કરવી.

(૪) **નિયન્ત્રિત પચ્ચક્ખાણઃ**- પૂર્વે જે પ્રત્યાખ્યાનાદિનો સંકલ્પ કર્યો હોય તે રોગાદિ ગમે તે કારણો ઉભા થાય તો પણ પુરો કરવો. જો કે આ પચ્ચક્ખાણ જિનકલ્પી આદિ માટે હોય તેનો હાલ વિચ્છેદ છે.

(૫) **સાગાર પચ્ચક્ખાણ** :- આગાર સહિત જે પ્રત્યાખ્યાન કરવું હોય તે સાગાર પચ્ચક્ખાણ.

(૬) **અનાગાર પચ્ચક્ખાણ** :- આગારો રાખ્યા વિના જે

પચ્ચક્ખાણ કરવું તે (વર્તમાન કાલે આ પ્રત્યાખ્યાનનો નિષેધ છે.)

(૭) **પરિમાણ કૃત પચ્ચકખાણ** :- એક-બે વગેરે દત્તી, કવળી કે ઘટની સંખ્યાનો નિયમ કરવો તે.

(૮) **નિરવશેષ પચ્ચકખાણ**:- ચતુર્વિધ આહાર તથા અણાહારી તમાકુ વગેરે સર્વના પચ્ચક્ખાણ

(૯) **સંકેત પચ્ચકખાણ** :- સંકેત એટલે નિશાની જેવી કે અંગુઠો (મુટ્ઠીમાં અંગુઠો રાખીને પચ્ચક્ખાણ પારવું) મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ પ્રચલિત છે. બીજું ગાંઠ (ગાંઠ ખોલીને પારવું), ત્રીજું વેઢ (વીંટી બદલીને પચ્ચક્ખાણ કરવું)

મુટ્ઠીસહિયં એક જ સંકેતનો વિચાર કરો. તમે નવકારસી કે પોરસી પચ્ચક્ખાણ લીધું. હવે સૂર્યોદય બાદ માત્ર બે ઘડીમાં નમુક્કાર સહિયં પચ્ચક્ખાણ આવી જાય છે અને એક પ્રહર થતાં પોરસી પચ્ચક્ખાણ આવી જાય. પણ ખરેખર પચ્ચક્ખાણ બરાબર તે સમયે જ પળાતું નથી, મોડુ પણ થાય. ત્યારે આ મુટ્ઠીસહિયં પચ્ચક્ખાણ તો મહત્વનું બનશે. કેમકે મુટ્ઠી સહીયં પચ્ચક્ખાણ પારો નહીં ત્યાં સુધી ચાલુ જ છે.

જ્યારે પણ વાપરવું હોય ત્યારે મુટ્ઠી વાળી પચ્ચક્ખાણ પારવું અને વાપર્યા પછી પાછો ચારે આહાર નો ત્યાગ થઇ શકે. કહેવાય છે કે ખાતાપીતાં પણ (૨૫) પચીસ ઉપવાસનો લાભ દેનારું આ પ્રત્યાખ્યાન છે. તેના કરતા પણ આ **નિયમનો મહિમા** એ છે કે ગમે ત્યારે અચાનક મૃત્યુ થાય તો ચાર આહારના ત્યાગમાં જવાનું થશે. વળી ખાવા-પીવાની ગમે ત્યારે છુટતો છે જ.

ગંટ્ઠીસહિયં પચ્ચક્ખાણ માટે પણ એક નાનકડો સુંદર પ્રસંગ આવેછે. વજ્રસ્વામીજી ક્ષિતિપુર નગરમાં ગયા ત્યાં દારુમાંસમાં આસકત એવા કુવિંદ વણકરને ઉપદેશ આપતા કહ્યું કે-

भणिऊण नमुक्कारं निच्चं विस्सरण वज्जियं धन्ना
पारंति गंठि सहियं गंठि सह कम्मगंठिवी

જે ધન્ય પુરુષો હંમેશાં સ્મરણ પૂર્વક નમસ્કાર ભણીને ગંઠસી પચ્ચક્ખાણ પારે છે, (ગાંઠ છોડે છે) તેણે તે ગાંઠ છોડવાની સાથે કર્મરૂપી ગાંઠ પણ છોડી નાખી છે તેમ સમજવું.

કેમકે જેઓ રાત્રે ચોવિહાર કરે અને દિવસમાં એકજ વાર

ભોજન લેતાં ગંઠસી પચ્ચક્ખાણ કરે તો ૨૯ નિર્જળ ઉપવાસનું અને બે વખત ભોજન લેતાં ૨૮ નિર્જળ ઉપવાસનું ફળ પામે છે.

આ રીતે વણકર પ્રતિબોધ પામ્યો. તેણે ગંઠિસહિયં પચ્ચક્ખાણ લેવાનું શરૂ કર્યું. જયારે જ્યારે દારૂની તલપ લાગે ત્યારે ત્યારે ગાંઠ છોડીને પીએ ફરી ગાંઠ વાળી લેતો. એક વખત ગાંઠ અવળી પડી ગઇ છે. કેમે કરી છુટતી નથી ને દારુનું વ્યસન પણ જોરદાર છે. ધીરે ધીરે તેની નસો તુટવા લાગી.

ધીમે ધીમે તેનું શરીર ખેંચાવા લાગ્યું પણ નીયમને વળગી રહેલો તે શુભ ધ્યાનમાં મૃત્યુ પામ્યો, ત્યાં સુધી પણ નીયમ ન છોડયો અને શત્રુંજય ગિરિ પર કપર્દી યક્ષ થયો.

આ છે **નિયમનો મહિમા**—પૂજ્ય દેવસૂરિજી કૃત યતિદિનચર્યાની ૫૬ મી ગાથામાં પણ લખ્યું કે જે આત્માઓ હંમેશાં ગંઠિસહિત પચ્ચક્ખાણની ગાંઠ બાંધે છે તેઓ સ્વર્ગ અને મોક્ષનું સુખ પોતાની ગાંઠે બાંધે છે. તેથી કેવળ નીયમ ધારણાની ટેવ વિકસાવવા પણ સંકેત પચ્ચક્ખાણ કરવું આવશ્યક છે.

**(૧૦) અદ્ધા પચ્ચક્ખાણ**:— સમયની મર્યાદા વાળુ પચ્ચક્ખાણ જેને કાલિક પચ્ચક્ખાણ પણ કહે છે. જેમાં (૧) નમુક્કારસહિયં (૨) પોરિસી (૩) પુરીમડ્ઢ (૪) એકાસણું (૫) એકલઠાણું (૬) આયંબીલ (૭) ઉપવાસ (૮) ચરિમ (૯) અભિગ્રહ (૧૦) વિગઇ.

આવા દશ પ્રકારના પચ્ચક્ખાણોની વાત અદ્ધા પચ્ચક્ખાણમાં આવે. તેમાં માત્ર અભિગ્રહ પચ્ચક્ખાણ કરવા માટે આચાર્ય મહારાજ વંકચૂલને જણાવે છે. **નિયમનો મહિમા** તમે પણ સમજી રાખો જેથી અભિગ્રહ પચ્ચક્ખાણ લેવા માટેની રુચિ અને પ્રિતિ ઉત્પન્ન થાય.

શ્રીપુરનગરમાં શ્રીપતિ શ્રેષ્ઠીને કમલ નામે એક પુત્ર હતો. દેવગુરુનું દર્શન પણ ન કરે. ધર્મ પ્રત્યે કોઇ પ્રીતિ નહીં. પિતાને ચિંતા થઇ. એક વખત ગુરુમહારાજ પાસે મોકલ્યો. ગુરુએ ઉપદેશ આપી સમજાવ્યું. પછી પૂછ્યું કે અલ્યા શું સાંભળ્યું ? કમલ કહે મહારાજ હું તો તમારા કંઠનો હડીયો ઉંચોનીચો થતો હતો તે ગણતો'તો. ૧૦૮ વખત થયો. શ્રાવકોએ હાંસી કરી તેને કાઢી મુકયો.

બીજી વખત ગુરુમહારાજ પાસે મોકલ્યો. શ્રેષ્ઠીએ પૂર્વનો પ્રસંગ ગુરુમહારાજને જણાવી દીધેલો. તેથી મહારાજશ્રીએ પણ કમલને સૂચના

આપી કે જો નીચી નજરે મારી વાત સાંભળજે બોલ શું સાંભળ્યું ધર્મ સમજાવી પૂછ્યું, કમલ કહે હું તો દરમાં જતી-આવતી કીડી ગણતો હતો. તે ૧૦૮ વખત બરાબર આવી અને ગઇ. ફરી શ્રાવકોએ હાંસી કરી રવાના કર્યો.

ત્રીજી વખત સર્વજ્ઞસૂરિ નામે આચાર્ય ત્યાં પધાર્યા. પૂર્વના પ્રસંગો જાણતા હોવાથી તેણે કમલ સાથે ધર્મને બદલે કામશાસ્ત્રની વાતો શરૂ કરી. પછી સ્ત્રીઓ વિશે, અને એવી એવી વાતો કરી મહિનો પુરો કર્યો. વિહાર વખતે કમલને પૂછ્યું બોલ કેવી મજા આવી? કમલ કહે બહુ મજા આવી ઘણું જાણવા મળ્યું.

સર્વજ્ઞ સૂરિજી કહે હવે તું એક નિયમ લે, કમલે મશ્કરી કરી. મારે તો ઘણા નિયમ છે. જેમકે મારી ઈચ્છાથી મરવું નહીં, પકવાન્નમાં નળીયા કે ઇંટ ખાવા નહીં, સ્ત્રીઓમાં ચાંડાલની સ્ત્રી સાથે વિષય સેવન કરવું નહીં.

આચાર્ય મહારાજ બોલ્યા આવી મશ્કરી ગુરુ મા'રાજ સાથે હોય? કમલ શરમાણો, એમ કરો મહારાજ સાહેબ મારી સામે કુંભાર રહે છે તેના માથાની ટાલ જોયા સિવાય મારે ખાવું-પીવું નહીં. ગુરુ મહારાજે લાભ જોઈ નીયમ આપ્યો. લોકલાજે કમલ પણ તે નીયમ બરાબર પાળે છે.

એક વખત કામવશાત્ કમલ બહાર ગયેલો. આવતા લગભગ મધ્યાહ્ન થઇ ગયો. ઘેર આવતા નીયમ યાદ આવ્યો. પણ કુંભાર તો માટી લેવા ગયેલો. તે પણ પહોંચ્યો તળાવને કિનારે ને કુંભારની ટાલ દેખાતા તેનાથી બે-ત્રણ વખત બોલાઇ ગયું જોઇ લીધી-જોઇ લીધી.

કમલ તો ટાલના વિચારમાં હતો, પણ કુંભાર સમજ્યો કે છોકરાએ સોના મહોર જોઈ લીધી છે. કુંભાર કહે અલ્યા બુમો ન પાડ, અડધી તારી ને અડધી મારી. જા કોઇને કહેતો નહીં.

કમલને થયું કે મશ્કરીમાં લીધેલ નીયમ પણ આટલો ફળ્યો તો શ્રદ્ધા પૂર્વક-ભાવથી ગ્રહણ કરેલ પ્રત્યાખ્યાન કેટલું ફળદાયી બને! ત્યારે તેણે સમ્યકત્વમૂલ બારવ્રતો અંગીકાર કર્યા. આરાધના કરી સ્વર્ગે સંચર્યો.

વંકચૂલના મનમાં પણ થયું કે ચાલો હવે આચાર્ય મહારાજ કહે ને નીયમ ગ્રહણ કરી લેવા. મહારાજશ્રીએ તેને માત્ર ચાર પચ્ચક્-

ખાણ કરવા જણાવ્યું (૧) અજાણ્યા ફળ ખાવા નહીં (૨) કોઈ પણ ઉપર પ્રહાર કરતા પહેલાં સાત ડગલાં પાછા હઠવું (૩) રાજરાણી સાથે સંગ ન કરવો (૪) કાગડાનું માંસ ખાવું નહીં.

વંકચૂલને થયું કે ચાલો આ નીયમો તો સામાન્ય છે. માંસમાં માત્ર કાગડાનું માંસ જ બંધ છે, પરસ્ત્રીગમનમાં પણ માત્ર રાજરાણી જ છોડવાની છે, હિંસાની પણ મનાઈ નથી કેવળ સાત ડગલાં પાછાં ફરવાનું છે. માટે આમાં કયાંય મુશ્કેલી નથી.

એક વખત વંકચૂલ કવાંયથી ધાડ પાડીને પાછો ફરતા માર્ગ ભૂલ્યો. ત્રણ દિવસની લાંઘણો થઈ. તેમના સાથી ચોરોએ મનોહર ફળ દીઠા એટલે થયું કે ચાલો ફળ ખાઇને ભુખ ભાંગીએ. વંકચૂલને આચાર્ય મહારાજે આપેલ પચ્ચક્ખાણ યાદ આવ્યું. એટલે ફળ કયાં છે તે નામ પૂછ્યું. પણ કોઈનેય ખબર નથી. વંકચૂલ કહે મારે અજાણ્યા ફળ ન ખાવાનો નીયમ છે. જે સાથીઓએ ફળ ખાધાં તે બધાં જ મૃત્યુ પામ્યા. ત્યારે વંકચૂલે મનોમન ગુરુ મહારાજનો આભાર માન્યો કે સારું થયું મેં નીયમ લીધો નહીં તો આજે મારું પણ મોત થાત.

આ છે **નીયમનો મહિમા.**

તમે પણ ગુરુ સાક્ષીએ જ નવકારશી લો છો ને? કે પછી "સ્વયં સંબુદ્ધાણં." આ પચ્ચક્ખાણ કઈ રીતે થાય? ચારે આહારના ત્યાગ પૂર્વક. રાત્રીએ કરેલ ચઉવિહાર પચ્ચક્ખાણને અંતે, કાંઠે પહોંચીને તરી જવા બરાબર આ પચ્ચક્ખાણ છે. સૂર્યોદય પછી ૪૮ મિનિટે પચ્ચક્ખાણ પળાય છે. નારકીનો જીવ ૧૦૦ વર્ષે અકામ નિર્જરા પૂર્વક જે કર્મ ખપાવે તેટલા કર્મો નવકારશી કરનારો માત્ર એક વખતના નમુક્કાર સહિયં પચ્ચક્ખાણથી ખપાવે.

**પ્રશ્ન** :- આ પચ્ચક્ખાણમાં તો માત્ર નવકાર ગણવાનું વિધાન છે. પછી તેને સંકેત પચ્ચક્ખાણ કેમ ન કહ્યું?

**સમાધાન** :- આ પ્રશ્ન બરાબર નથી. કેમ કે નમુક્કાર સાથે જે સહિયં શબ્દ છે તે મુહુર્ત પ્રમાણ કાળનું વિશેષણ છે. વિશેષણથી વિશેષ્યનો બોધ થતો હોવાથી મુહૂર્ત પ્રમાણકાળ એટલે બે ઘડી લીધી. તેથી તે અદ્ધા પચ્ચક્ખાણ જ કહેવાય. સંકેત પચ્ચક્ખાણ નહીં.

**પ્રતિપ્રશ્ન** :- અહીં મુહુર્ત શબ્દ કયાં લખ્યો છે.

**સમાધાન** :- કાળ પચ્ચક્ખાણમાં શરૂઆત તો પોરિસીથી થાય છે. તેથી નાનું ( વહેલું ) પચ્ચક્ખાણ મુહૂર્ત પ્રમાણ જ ગણાય માટે નવકારશીની મુહૂર્ત પ્રમાણ ગણના કરી.

આવી નવકારશી કરનારો જીવ પૂર્વે કહ્યા મુજબ નારકીનો જીવ ૧૦૦ વર્ષે અકામ નિર્જરાથી જેટલા કર્મો ખપાવે તેટલે એક નમુક્કાર સહિયંથી ખપાવે તે - જ - રી - તે —

પોરિસી પચ્ચક્ખાણથી ૧૦૦૦ વર્ષના કર્મ ખપે- સાઢ પોરિસીથી ૧૦૦૦૦ વર્ષના. પુરિમડ્ઢ કરો તો ૧ લાખ વર્ષના. – એકાસણું કરે તો દશ લાખ વર્ષના- નીવિ કરવાથી કોટી વર્ષના–આંબેલ કરવાથી ૧ હજાર કરોડ વર્ષના અને ઉપવાસ કરતા ૧૦ હજાર કરોડ વર્ષે નારકી નો જીવ અકામ નિર્જરા થકી જેટલા કર્મો ખપાવે તેટલા કર્મો ખપે.

આવો પચ્ચક્ખાણનો મહિમા શાસ્ત્રકારે દર્શાવેલ છે. માત્ર ચાર અભિગ્રહને ધારણ કરેલો વંકચૂલ એક વખત બહાર ગામ ગયેલો તે જાણી તેના કોઇ વૈરી રાજાના નાટક વાળાએ આવીને તેના રહેઠાણ પાસે નાટક શરૂ કર્યું.

વંકચૂલની બહેનને થયું કે જો વંકચૂલ આજ પલ્લીમાં નથી તેવી ખબર પડશે તો રાજા ગામનો નાશ કરાવી દેશે, એટલે તેણી પોતે જ વંકચૂલનો વેશ પહેરી નાટક જોવા બેસે છે. છેલ્લે નાટકીયાને દાન આપી ઘેર પાછી ફરતાં પોતાના ભાઈનાં જ વસ્ત્રો પહેરેલી તે ભાભીની બાજુમાં સૂઈ જાય છે.

વંકચૂલ તે જ રાતે ઘેર આવ્યો. જે દૃશ્ય જોયું તેનાથી ક્રોધ વડે ધમધમી ઉઠયો. મારી સ્ત્રી પરપુરુષ સાથે. તલવાર ખેંચી લીધી, મારવા જાય ત્યાં ફરી ગુરુમહારાજે કરાવેલ પચ્ચક્ખાણનું સ્મરણ થયું. “ પ્રહાર કરતાં પહેલાં સાત ડગલા પાછળ હઠવું.” પાછળ હઠતાં તલવાર ભીંત સાથે અફળાઇને પુષ્પચુલાથી બોલાઇ ગયું. ખમ્મા મારા વીરને ! વંકચૂલને આશ્ચર્ય થયું અરે આ શું ? પુષ્પચુલાએ ખરી હકીકત જણાવી. ફરી વંકચૂલને આચાર્ય મહારાજ યાદ આવ્યા. **નિયમનો મહિમા કેટલો ?** ખરેખર જો આજે ગુરુ મહારાજનું દીધેલું પચ્ચક્ખાણ ન હોત તો કેવડો અનર્થ સર્જાત.

આપણે પણ દશ પ્રકારના પચ્ચક્ખાણ જોયાં તેમાં અદ્ધા પચ્ચક્-

ખાણ માટે છ પ્રકારની શુદ્ધિ જણાવતાં પ્રવચન સારોદ્ધાર ગાથા ૨૧૨ માં જણાવ્યું—

फासिअं पालियं चेव सोविअं तीरिअं तहा
किट्टिअ माराहिअं चेव एहिसंमि जइअव्वं

(૧) फासिअं ( स्पर्शित: ) પચ્ચક્ખાણ પૂર્ણ થયું છે તે વિચારવું. જેમ કે નવકારશી જે સમયે થતી હોય તે સમય થાય ત્યારે પચ્ચક્ખાણ સ્પર્શ્યું કહેવાય.

(૨) पालिअं (पालित:) સતત પચ્ચકખાણની સ્મુતિ રહેવી તે. નિયમ ગ્રહણ કર્યો હોય તેનો ઉપયોગ કે જાગૃતિ અને તે મુજબનું વર્તન.

(૩) सोहिअं ( शोधित: ) ગુરુ મહારાજને વહોરાવીને પછી જ શ્રાવક ભોજન કરે તે.

(૪) तीरिअं (तीरित:) તારવવું. પચ્ચક્ખાણનો સમય થઈ ગયો હોય તેના ઉપર બીજી પાંચ–સાત મિનિટ થયા પછી પચ્ચક્ખાણ પાળવું.

(૫) कोट्टिअ ( कीर्तित: ) ભોજન વખતે પચ્ચક્ખાણનું કીર્તન કરવાથી. અનુમોદના કરે કે અહો મારા ધનભાગ કે આજે આયંબિલ થયું છે પછી પચ્ચકખાણ પાળે.

(૬) आराहिअं ( आराधित: ) વિધિ પૂર્વક પચ્ચક્ખાણની આરાધના કરે એટલે કે ઉપર્યુક્ત પાંચે શુદ્ધિ પૂર્વક પચ્ચક્ખાણનું પાલન કરે તે આરાધિત છે.

મોતીશા શેઠને આંગણે હાથી ઝુલે, દરિયે વહાણ ડોલે, સોના-રૂપાના અપરંપાર ખજાના અને શત્રુંજય પર તેની ટુંક એટલે ઝાકઝમાળ જિનાલયોનો નમુનો.

મોતીશા શેઠના દીકરા ખીમચંદ શેઠને કાળ ફર્યો. પિતાજી ગયા-નાણાં ગયા. વિ. સં. ૧૯૦૮ શ્રાવણ વદ ૧ પેઢી બંધ કરી સરકારને જાણ કરી. લોકો કહે શેઠ ધંધામાં તો આવું બધું ચાલે. પણ ખીમચંદ શેઠ કહે નહીં. જેના માબાપે પૈસાને હાથનો મેલ માન્યો તે પૈસા માટે હું મન મેલું કરું. દોકડા પાઈ સાથે કોર્ટમાં હિસાબ રજુ કર્યો. ઘરેણાં-ગાંઠાનું પુરું લિસ્ટ આપ્યું. જજ તો આભા બની ગયા. કોઈ શેઠીયો જોયો ન હતો કે આમ કાંડા કાપી દે. ખીમચંદ શેઠ ધીમે પગલે બહાર નીકળતા હતા ત્યાં હાંફળા-ફાંફળા થતા દોડયા. સાહેબ મારા કાનમાં એક વારી છે નીલમ-હીરા અને મોતીની. તે નોંધવી રહી ગઈ છે.

અને જજ ગળગળા બની ગયા. આને કહેવાય વિધિપૂર્વક પચ્ચ-ક્ખાણ પાલન. લેશમાત્ર અસત્ય–ચોરી કે પરિગ્રહ નહીં. તપના પ્રત્યા-ખ્યાનમાં પણ આટલી શુદ્ધિ ભાવના- રાખવી જોઇએ.

આ છ શુદ્ધિ બીજી રીતે પણ વર્ણવાએલ છે.

(૧) પ્રત્યાખ્યાન પર દઢ **શ્રદ્ધા** રાખવી.

(૨) દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી આહારાદિકની શુદ્ધિ અશુદ્ધિ યથાર્થ રીતે જાણીને **ઉપયોગ** કરવો.

(૩) હીનતા–અધિકતા રહિત, જ્ઞાનાદિક આચાર વડે અવિધિ રહિત ગુરુવંદન પૂર્વક પચ્ચક્ખાણ તે **વિનય.**

(૪) દુષ્કાળ કે રોગાદિક કારણે પચ્ચકખાણ પાળવું નહીં તે **અનુપાલન** શુદ્ધિ.

(૫) ગુરુ મહારાજ પચ્ચક્ખાણ આપે ત્યારે પાઠને બરાબર સાંભળી તે મુજબ પોતે પાઠ બોલે તે **અનુભાષણ.**

(૬) રાગ-દ્વેષ થી પચ્ચક્ખાણ દુષિત ન કરે તે ભાવશુદ્ધિ.

વંકચૂલ પણ આ રીતે પચ્ચક્ખાણ શુદ્ધિને જાળવતો નીયમમાં આગળ વધે છે. રાજમહેલમાં ચોરી કરવા જતા રાણીને સ્પર્શ થઈ ગયો. કામ વિહ્વળ રાણી ભોગ માટે પ્રાર્થના કરે છે. વંકચૂલને ફરી નીયમ યાદ આવ્યો. “રાજરાણીનો સંગ ન કરવો” એ **નિયમનો મહિમા** અનુભવેલો વંકચૂલ અહીં પણ અડોલ રહ્યો.

રાણીએ આળ ચડાવી વંકચૂલને પકડાવી દીધો. સવારે રાજાએ તેને નિર્દોષ જાહેર કરતાં કહ્યું કે રાત્રિની બધી વાત મેં સાંભળી છે. તેની પ્રશંસા કરી, તેને રાજનો સામંત બનાવ્યો.

ચોરી છૂટી ગઇ. પણ અચાનક અસહ્ય પીડા ઉપડી. ચિકિત્સકે કહ્યું કાગડાનું માંસ ખવડાવો તો દર્દ મટે. વંકચૂલે ત્રણ ત્રણ વખત **નીયમનો મહિમા** અનુભવેલો હતો. ચોથા પચ્ચક્ખાણને યાદ કરી તે બોલ્યો મરી જવું બહેતર પણ હવે કાંગડાનું માંસ ખાવું નથી. તેના નીયમની પ્રશંસા કરી તેની સેવામાં જિનદાસ શ્રાવકને મુકયો. ( શ્રાવક જિન-દાસ જ હોય કદી નિજ–દાસ ન હોય) તેણે અનિત્યાદી ભાવના સમજાવી નવકાર મંત્રનું શરણ સ્વીકારાવી આરાધના કરાવી. વંકચૂલ બારમે દેવલોકે ગયો. કારણ કે દ્રવ્ય પચ્ચક્ખાણ, ભાવ પચ્ચક્ખાણનું કારણ બન્યું. તમે પણ પ્રત્યાખ્યાન મહિમા જાણી છ આવશ્યમાં ઉદ્યમવંત બનો.

# (૩૩) પર્વ મહિમા

—પરભવનું ભાથું

जइ सव्वेसु दिणेसुं पालह किरिअं तओहवइ लट्ठं
जं पुण तहा न सक्कह तह वि हु पालिज्ज पव्वदिणं

જો સર્વ દિવસોમાં (ધર્મ) ક્રિયાનું પાલન કરો તો ઉત્તમ છે. પણ ન કરી શકો તો પર્વ દિવસોમાં તો અવશ્ય કરવું જ જોઈએ.

મન્નહ જિણાણં સજ્ઝાયમાં શ્રાવકના કર્તવ્યો ને વર્ણવતા દશમું કર્તવ્ય મુકયું. पव्वेसु पोषह वयं પર્વ દિવસોમાં પૌષધ વ્રત કરવું જોઈએ. પણ પર્વ દિવસ એટલે શું?

આરંભના શ્લોકમાં પણ પર્વદિવસે ધર્મના પાલનનું મહત્વ ગાયું પણ પર્વદિનની વ્યાખ્યા કરાઈ નથી. માટે સૌ પ્રથમ "પર્વદિન એટલે શું?" તે જાણવું જરૂરી છે.

શ્રાદ્ધ વિધિના તૃતીય પ્રકાશમાં જણાવે કે—

अट्ठमि चउद्दसि पुणिम्माय, तहामावसा हवइ पव्वं આઠમ-ચૌદશ-પૂનમ અને અમાસ એ છ પર્વદિનો છે.

પર્વ દિવસો તો સમજ્યા પણ પર્વ એટલે શું? पूरयति इति पर्वं. આવશ્યક સૂત્રની ટીકામાં કહ્યું કે "ધર્મનો સંચય કરવામાં હેતુ ભૂત બનીને ધર્મને જે પૂરણ કરે તે પર્વ".

**પર્વ** અને **પર્વદિવસ** ની વ્યાખ્યા સમજ્યા બાદ પર્વ દિવસોનો મહિમા વર્ણવતા કહ્યું કે, આ દિવસોમાં ધર્મારાધન વિશેષ ફળદાયી બને છે.

ગૌતમ સ્વામીએ શ્રી મહાવીર પરમાત્માને પ્રશ્ન કર્યો હે ભગવંત! બીજ-પાંચમ-આઠમ આદિ તિથિને વિશે કરેલું ધર્માનુષ્ઠાન શું ફળ આપે? ભગવંતે ઉત્તર આપ્યો, હે ગૌતમ! તે દિવસોએ કરેલ ધર્માનુષ્ઠાન બહુ ફળદાયી બને. કારણ કે પાંચ તિથિઓને વિશે (જીવને આયુનો બંધ ત્રીજા ત્રીજા-ભાગે પડતો હોવાથી) પ્રાયઃ જીવ પરભવનું આયુષ્ય બાંધે છે.

**જીવને આયુ પરભવતણું તીથી દિન બંધ હોય પ્રાય**
**તે ભણી એહ આરાધતાં પ્રાણીએ સદ્ગતિ જાયરે**
**વિરતિએ સુમતિ ધરી આદરો**

અષ્ટમીના તપમાં વીર જિનેસરના ઉપદેશને ગુંથતા કહ્યું કે પર્વ તીથીમાં આયુષ્યનો બંધ પડતો હોવાથી **પરભવનું ભાથું** બાધવા એ દિવસોમાં તપ–આરાધનાદિ ધર્માનુષ્ઠાન કરવા જોઇએ. જેથી શુભ ગતિનું આયુ ઉપાર્જન થઇ શકે.

પર્વ આરાધનાના બે હેતુઓ જણાવ્યા (૧) આયુષ્યનો બંધ (૨) પ્રાયશ્ચિતથી બચવા

(૧) આયુષ્ય જીવનમાં એકજ વાર અને અંતર્મુહૂર્ત માં બંધાય છે. પછી તેમાં કદી ફેરફાર થઇ શકતો નથી. જેમ શ્રેણિક મહારાજાએ પૂર્વે ગર્ભીણી મૃગલીની હત્યા કરી એક જ તીર વડે એક સાથે બે જીવ મારી નાખ્યા. પણ ગર્ભ જુદો પડયો નહીં તેથી વારંવાર પોતાના પરાક્રમની પ્રશંસા કરી નરક ગતિનું આયુષ્ય કર્મ નીકાચીત કર્યું.

ત્યાર પછી ઘણી આરાધના કરી. અરિહંત પદની અનન્ય ઉપાસના કરી, તીર્થંકંર નામ કર્મ બાંધ્યુ પણ નરકગતિમાંથી છૂટી શકયા નહીં.

તેથી પ્રભુના વચનોમાં શ્રદ્ધા રાખી પર્વ તિથિએ વિશેષ આરાધના કરવી જોઇએ.

**(૨) પ્રાયશ્ચિતથી બચવા** :– શ્રી મહાનિશીથ સૂત્રમાં ફરમાવેલ છે કે બળ હોયે છતે (છતી શકિતએ) જીવ અને શરીરથી વીર્ય વડે તપ-સંયમરૂપ પરાક્રમ કરી અષ્ટમી-ચતુર્દશી–જ્ઞાન પંચમી; પર્યુષણા અને ચાતુર્માસી વિશે ઉપવાસ, અઠ્ઠમ અને છઠ્ઠ ન કરે તો પ્રાયશ્ચિત આવે.

અતિચારમાં પણ તમે બોલો જ છોને કે છતી શકિતએ પર્વતિથિએ ઉપવાસાદિક તપ કીધો નહીં.

માટે અતિચાર ન લગાડવા તથા **પરભવનું ભાથું** બાંધવા પર્વ તિથિનું આરાધન કરવું.

વિષ્ણુ પુરાણમાં પણ કહ્યું છે કે, હે રાજેન્દ્ર, ચૌદશ, આઠમ, અમાસ, પૂર્ણિમા અને સૂર્યની સંક્રાન્તિ એ દિવસો પર્વદિવસો છે. તેમાં તેલ ચોળીને સ્નાન કરનાર, સ્ત્રી સેવન કરનાર, માંસ ભોગી પુરુષ મૃત્યુ બાદ વિણ્મુત્ર [જયાં વિષ્ઠા અને મુત્રનું ભોજન છે] તે નરક માં ઉત્પન્ન થાય છે.

ધનેશ્વર નામે એક શ્રેષ્ઠીને ધનશ્રી નામે પ્રિયા હતી. તેમને ધનસાર નામે પુત્ર થયો. શ્રાવકોના સમુહમાં મુખ્યતાને પામેલો તે દરેક પખવાડીયા અને દરેક માસે છ પર્વનું પૌષધ વગેરે ધર્મકરણી દ્વારા આરાધન કરતો હતો. એક વખત અષ્ટમીને દિવસે પૌષધ લઇને રાત્રિને સમયે શ્રાવકની પ્રતિમાને વહન કરતો કાયોત્સર્ગે રહેલો હતો.

સુધર્મા નામક સભામાં શક્રેન્દ્રએ તેને મેરુની જેમ અકંપિત જોયો. ગુણાનુ રાગી એવા તેણે પ્રશંસા કરતા કહ્યું કે, અહો તિર્છા લોકમાં આ ધનસાર ધર્મમાં કેવો દઢ છે? તે ધનસારને દેવોનો સમુહ પણ ચળાવી શકે તેમ નથી.

કોઇ મિથ્યાદષ્ટી દેવ પરીક્ષા કરવા માટે મનુષ્ય લોકમાં આવ્યો. પ્રથમ તો મિત્રરૂપે ધનની લાલચ આપી જોઇ, પણ ધનસાર શ્રેષ્ઠી ચલાયમાન ન થયો. તેની સ્રીના રૂપે સ્નેહાળ વચનોપૂર્વક ક્ષોભ પમાડ્યો, તો પણ શ્રેષ્ઠી ચલાયમાન ન થયો. એ રીતે અનેક અનુકૂળ ઉપસર્ગો કર્યા પણ ધનસારને નિશ્ચલ જોઇ વરદાન માંગવા કહ્યું.

પણ પર્વ આરાધનમાં ડુબેલા ધનસારે તેનો પણ ઉત્તર ન વાળ્યો. ત્યારે તુષ્ટ થયેલા દેવે સોનૈયાની વૃષ્ટી કરી પછી દેવ ગયો. **પરભવનું ભાથું** બાંધી રહેલા ધનસારનું પર્વ આરાધનનું આવું માહાત્મ્ય જોઇ ઘણા માણસો પર્વ દિવસોનું પાલન કરવા લાગ્યા.

પણ ફરી એજ પ્રશ્ન. પર્વ દિવસો કયા? સામાન્યથી આઠમ, ચૌદશ, પૂનમ અને અમાસ એ પર્વદિન ગણાય છે તેને કેટલાંક ષટ્-પર્વી કહે છે કેટલાંક ચતુષ્પર્વી. તે આ રીતે છે. જો બે આઠમ અને બે ચૌદશ અલગ અલગ ગણીએ તો છ પર્વદિન થાય અને અલગ ન ગણીએ તો ચાર પર્વદિન થાય.

ગૌતમ સ્વામીએ બીજ-પાંચમ-આઠમ-અગીયારસ-ચૌદશ એ પાંચ પર્વતિથિઓ જણાવેલ છે.

बीआ पंचमी अट्ठमी एगारसी चउद्दसी पण तिहीओ
ए आउ सुअतिहीओ गोयम गणहारिणा भणिआ

આ ઉપરાંત આસો ચૈત્ર માસની શાશ્વતી બે ઓળી, ત્રણ ચોમાસી, પર્યુષણાની એક એમ કુલ છ અઠ્ઠાઇઓ (ત્રણ ચોમાસી અને સંવત્સરી સહિત) **શ્રી** જિનેશ્વર ભગવંતના પાંચે કલ્યાણક એ સર્વે પર્વદિવસો જાણવા.

सो जयइ जेण विहिणा संवच्छर चउमासिअ सुपव्वा
निद्धम्माण वि हवइ जेसिं पभावा धम्ममई

જે મનુષ્યે સંવત્સરી તથા ચોમાસી આદિ સુપર્વોનું વિધિપૂર્વક આરાધન કરેલ છે તે જયવંતા વર્તે છે. કેમકે જે પર્વના મહિમા થકી નિધ્વંસ પરિણામ વાળા જીવોને પણ ધર્મને વિશે બુદ્ધિ થાય છે.

કારણકે પર્વના મહિમાનો પ્રભાવ જ એવો છે.

**પ્રશ્ન :–** આરાધના માટે કેટલાંક ત્રિપર્વી ગણાવે છે, કેટલાંક ચતુષ્પર્વી–પંચપર્વી કે ષટ્પર્વીની વાત કરે છે તો આરાધના શેની કરવી ?

**સમાધાન :–** પખવાડીયાને આશ્રીને આઠમ, ચૌદશ, પુનમ (કે અમાસ) તે ત્રિપર્વી, દરેક માસની આઠમ, ચૌદશ, પૂનમ, અમાસ તેને ચતુષ્પર્વી કહે, બે આઠમ, બે ચૌદશ, પૂનમ, અમાસ તે ષટ્પર્વી ત્રણેમાં તો કોઇ ભેદ જ નથી.

માત્ર પંચ પર્વીમાં શુકલ પંચમીનો સમાવેશ થતો હોઇ થોડો ફેરફાર થશે. ચારિત્ર તિથિને આશ્રીને આરાધન કહ્યું હોઇ ૮–૧૪–૧૫––૩૦ની વાત કરી અને જ્ઞાનની આરાધના તરીકે પાંચમનો સમાવેશ કર્યો તે રીતે પંચપર્વી પણ આરાધ્ય જ છે.

**અજવાળી પક્ષ પંચમી રે લાલ**
**કરો ઉપવાશ જગીશ રે હો આતમ**
**નમો નાણસ્સ ગણણું ગણો રે લાલ**
**નવકાર વાળી વીશરે હો આતમ**
**પંચમી તપ પ્રેમે કરો રે લાલ**

આ રીતે પર્વારાધના કરતા ધનસાર શ્રેષ્ઠી ને જોઇને રાજાની કૃપાના સ્થાન રૂપ એક ધોબી, બીજો ઘાંચી, ત્રીજો કણબી, ત્રણે ધર્મમાં દૃઢ બની પર્વ દિનોમાં પોતપોતાના આરંભને જરાપણ નહીં કરતા જીવન વીતાવે છે. ધનસાર શ્રેષ્ઠી તેને ભોજન વસ્ત્રાદિ આપી સત્કાર કરે છે.

એક વખત કૌમુદી મહોત્સવ નજીક આવતા રાજાના સેવકો રાજધોબીને વસ્ત્રો ધોઇ લાવવા કહે છે. ત્યારે ધોબીએ જવાબ આપ્યો. કે આજે ચતુર્દશી છે અને મારે વસ્ત્રો ધોવાના આરંભ ત્યાગનો નીયમ છે.

રાજસેવકો કહે નીયમ શું ? રાજની આજ્ઞા ભંગથી મોટી આપત્તી આવશે. ધોબીને મનમાં થયું કે દૃઢતા વગરનો ધર્મ શા કામનો ? તેથી ધર્મ છોડતો નથી.

રાજસેવકો ઉશ્કેરાયા. રાજાએ ધોબીને દંડ દેવાનું નક્કી કર્યું. તેજ રાત્રીએ રાજાને શૂળની પીડા ઉત્પન્ન થતા હાહાકાર થઇ ગયો. ધોબીનો દંડ ભૂલાઈ ગયો. ચૌદશ પૂનમ પર્વતિથિ વીતી ગયા બાદ ધોબીએ વસ્ત્રો ધોઈ આપ્યા.

આવો જ બીજો પ્રસંગ બન્યો ઘાંચીનો—ચતુર્દશીનો દિવસ છે, રાજાએ હુકમ કર્યો ઘાંચીને તેલ કાઢી આપવાનો. ઘાંચીએ રાજ સેવકોને કહ્યું, આજે તો પર્વતિથિ છે, મારે આરંભ ત્યાગ નો નિયમ છે. માટે તેલ કાઢી આપી શકુ નહીં.

રાજા તેના ઉપર પણ અત્યંત કોપાયમાન થયો. તેવામાં અકસ્માત તે નગર ઉપર નદીના પુરની માફક શત્રુ રાજાનું સૈન્ય ચડી આવ્યું. તેને જીતવા રાજા સૈન્ય સહિત ગયો તેટલામાં પર્વ દિવસ વીતી ગયો. પછી ઘાંચીએ તેલ કાઢી આપ્યું. તેના નિયમની ચોતરફ પ્રશંસા થઇ ને રાજાએ પણ કંઇ કહ્યું નહીં.

પછી જ્યારે કણબીનો વારો આવ્યો અને રાજાએ બોલાવીને કહ્યું કે આજે વૃષ્ટિ થઈ છે માટે તું હળ જોડ. કણબી કહે આજે તો અષ્ટમી તિથિ છે. મારે પર્વ તિથિએ આરંભ-સમારંભનો ત્યાગ છે. માટે આજે હું ખેતર ખેડીશ નહીં. રાજાએ પણ તેને કંઇ ન કહેતા જવા દીધો.

(જો કે આ વાતો આજના યુગમાં માત્ર કથા જેવી લાગે. છતાં આજે પણ આ વાત તદ્દન કાઢી નાખવા જેવી નથી. હરીશ ભાઈ બેંકર નામે એક પ્રોફેસરને ચોખ્ખો ચોવિહાર કરવાનો નિયમ હતો. પ્રારંભમાં થોડી મુશ્કેલી નડી. પણ પછીથી ખુદ પ્રીન્સીપાલ તેને સૂર્યાસ્ત પહેલાં વ્યવસ્થા કરી આપવા લાગ્યા. તે વાત અમે નજરા-નજર જોયેલી છે.]

આપણી કથામાં એકે ન ધોવાનો નિયમ રાખ્યો, બીજાએ ઘાણી ન પીલવાનો, ત્રીજાએ ખેતર ન ખેડવાનો. આ રીતે પર્વ દિવસોમાં કયા કયા કૃત્યોનો નિષેધ થાય છે તેની યાદી જણાવતાં જ્ઞાની પુરુષો ફરમાવે છે કે—

ખાંડણુ પીસણુ ગારનાં રે લોલ,
નાવણુ ધોવણુ જેહ ભવિ પ્રાણી રે

**એવા આરંભને ટાળીએ રે લોલ**
**વંછો સુખ અછેહ ભવિ પ્રાણી રે**
**પર્વના દિવસ આવીયા રે લાલ**

પર્વ દિવસોમાં પૌષધ કરવો એ મુખ્ય કર્તવ્ય જ છે. છતાં વિરાધનાથી બચવા માટે સ્નાન ન કરવું, માથું ગુંથવું, વસ્ત્ર ધોવા કે રંગવા, ગાડાં હળ વગેરે ચલાવવા, યંત્રો ચલાવવા, દળવું, ખાંડવું, વાટવું. અનાજ લણવું, કાપવું, ભૂમિ-ભીંતોનું લીંપણ કરવું, માટી ખોદવી વગેરે પાપકર્મોને ત્યજવા જોઇએ. સંક્ષેપમાં કહીએ તો સર્વથા આરંભ ન વર્જી શકાય તો થોડો થોડો પણ આરંભ ત્યાગ કરવો.

પર્વ દિવસોમાં આરાધના માટે કદાપી પૌષધ ન જ થઇ શકે તો બે વખત પ્રતિક્રમણ, સામાયિક કે દેશાવગાસિક, બ્રહ્મચર્યનું પાલન, ઉપવાસાદિ તપ, સ્નાત્ર, ચૈત્ય પરિપાટી, ગુરુવંદન, સુપાત્ર દાન આદિ ધર્મારાધન કરવું.

પર્વો બે પ્રકારે છે (૧) લૌકિક (૨) લોકોત્તર

**(૧) લૌકિક** :- સંવત ૧૯૫૭ ની સાલમાં આગલા વર્ષે છપ્પનીયા જેવો ભયંકર દુકાળ પડયો. આ વર્ષે ભીનનો-લીલો દુકાળ થયો. જેઠ બેસતાં જ વરસાદ ત્રાટકયો. ખરેખરૂં ચોમાસું જામ્યું. ત્રણ ત્રણ મહિના થયા પણ ઢોરની ખરી સુકાણી નથી. શ્રાવણે તો બારે મેઘ ખાંગા થયા. ખોરડા ઉપર નાળ્યુંમાં પાણી સમાતા નથી.

છત્રાવા ગામને અનાજ ખુટયું. બહાર ગામ જવાય તેવું નથી. માણસો અધભુખ્યા દિવસો કાઢે છે. ત્યાં સાતમના પરવના દિવસો આવ્યા. આઠમે તો ઠીક ઉપવાસ ખેંચી લે પણ સાતમના પર્વના અંદેશા પડયા. હવે શું થાય ?

બળેવને દિવસે વરસતા વરસાદે માથે કુંચલી ઓઢી હરજીવન શેઠ મૂળુભાને ત્યાં આવ્યા. શેઠ આમ તો સાધારણ વેપારી છતાં બીજાને દુઃખે દુભાય તેવો જીવ. અને પ્રતીષ્ઠા પણ બહુ સારી. મૂળુભાઇને કહ્યું, મૂળુભાઇ ! ગામમાં અનાજનું બી નથી. આ પર્વને ટાણે ગામ ભુખ્યું રહેશે. મારી નજર તમારા ઉપર ઠરે છે. હિંમત કરો તો

નવી બંદરના શેઠ પર ચિઠ્ઠિ લખી દઉં. અનાજની હોડી ભરી લાવો. જીવનો જોખમ છે. પણ પર્વના દિવસો સચવાય તો સારૂં.

મૂળુભાઇ એટલે છત્રાવા ગામના ભારે તરવૈયા જુવાન. પાણીનું માછલું જ સમજી લો. નવી બંદર એટલે પાંચ ગાઉનો પંથ. પુરો જળ બંબાકાર છે. સરપની ફેણ જેવા મોજા ઉછળે છે. ભલભલાના ટાંટીયા ધ્રુજી જાય તેવી સ્થિતિ છે. આ ગાંડા પુર દરીયા ભેગા કરી દે. પણ મૂળુભાઈ તો જવામર્દ માણસ. બોલ્યા કે ભલે શેઠ તમે ઉઠીને આવોને ના પડાય. તણાઇ ગયા તો લેખે છે અને પુગી ગયા તો ગામનું પર્વ સુધરશે.

શેઠે ચિઠ્ઠીમાં લખ્યું કે પર્વના દિવસ આવે છે. આઠ ખાંડી જુવાર, બે ખાંડી ઘઉં તુરત રવાના કરો. હોળી આવશે ત્યારે અપવાસ છુટશે.

મૂળુભાઇએ કછોટો માર્યો. કેડે તુંબડાનો જોટો બાંધ્યો. માથે ફટકામાં ચીઠ્ઠીને વાંસની ભુંગળીમાં નાખી બાંધી. ઝંપલાવ્યુ વહેતા પુરમાં. માણસોના શ્વાસ અદ્ધર થઇ ગયા. પણ મૂળુભાઇ તરવા માંડયા તે જાણે શઢ વગરનો મછવો છુટયો.

હૃદયમાં રામ, પર્વનું નામ ને મનમાં હામ ઘડીક દેખાય, ઘડીક અલોપ થાય એમ કરતાં પહોંચ્યાં નવી બંદર. "શાબાશ જુવાન શાબાશ" ના પોકારો ઉઠયા નવી બંદરે. મૂળુભાઇએ ચિઠ્ઠી આપી. તરત જ હોડી રવાના થઇ. સાંજે તો છત્રાવામાં દશ ખાંડી અનાજ ઠલવાઇ ગયું.

સાંજે બબ્બે મણ દાણા ઘર દીઠ વહેંચી દીધા. આખા ગામમાં એક જ વાત થવા લાગી કે આખરે મૂળુભાઈએ સાતમના પરબ સુધાર્યા.

શીતળા સાતમની જેમ ગોકુળ અષ્ટમી, વિજયા દશમી, નાગ પંચમી વગેરે લૌકિક પર્વો છે. પણ આ સર્વે પર્વોમાં લોકો ખાનપાન અને આરંભ-સમારંભને મહત્ત્વ આપે છે. જ્યારે લોકોત્તર પર્વમાં ચારિત્ર તિથિ, કલ્યાણક તિથિ, અઠ્ઠાઇઓ વગેરે આવે છે. તે આરંભ-સમારંભનો ત્યાગ અને યથાશક્તિ આરાધના પૂર્વક આદરવા જોઈએ.

દીવાળી એ એવું પવ છે જે લૌકિક અને લોકોત્તર બન્નેમાં ગણાય છે. ફર્ક એટલો છે કે લોકોત્તર (જૈન) દીવાળી પર્વ છઠ્ઠ વગેરે આરાધના પૂર્વક ઉજવવું જોઇએ. છતાં ત્યાં તિથિ-નિર્ણય માટે વાકય શું બોલે? લોક કરે તે દીવાળી.

પણ તમે અર્થ ફેરવી નાખ્યો. તમે લોક કરે તે રીતે દીવાળી કરી નાખી. ત્યાગના પર્વને ભોગમાં ફેરવી દીધું.

લૌકિક પર્વો ભોગને માટે છે. પણ આપણા પર્વો ત્યાગના માટે છે. ત્યાગ અને ત્યાગીનો રાગ એ જિનશાસનની જડ છે.

કહ્યું છે કે બીજની આરાધનાથી અણુવ્રત અને મહાવ્રતમય ધર્મ આરાધાય છે. અથવા તો નિશ્ચય અને વ્યવહાર ધર્મ કે શ્રુત અને ચારિત્ર ધર્મની આરાધના થાય છે.

પાંચમની આરાધનાથી મતિ આદિ પાંચ જ્ઞાનની આરાધના થાય છે. આઠમની આરાધના અષ્ટ કર્મોના ક્ષયને માટે છે. એકાદશી અગીયાર અંગોની આરાધના માટે, ચૌદશ ચૌદ પૂર્વની આરાધના માટે છે તેમ જાણવુ.

આવા પર્વોની આરાધના થકી પેલો ધોબી–ઘાંચી–ખેડુત ત્રણે લાંતક નામે છઠ્ઠા સ્વર્ગમાં ચૌદ સાગરોપમના આયુ વાળા દેવો થયા. ધનસાર શ્રેષ્ઠી પર્વ આરાધનથી અચ્યુત નામે અગીયારમા દેવલોકમાં દેવ થયો. ચારે દેવોને પરસ્પર મૈત્રી છે. ચ્યવન અવસરે ત્રણે દેવો શ્રેષ્ઠી દેવને વિનંતી કરે છે કે તમારે અમને પૂર્વભવની માફક બોધ પમાડવો.

ત્રણે દેવો ચ્યવીને જુદા જુદા સ્થળોએ ધીર–વીર–હીર નામે રાજાઓ થયા.

ધીર રાજાના નગરમાં કોઈક શ્રેષ્ઠીને પર્વના દિવસે વ્યાપારમાં ઘણો લાભ થતો હતો પણ બાકીના દિવસોમાં વેપાર કરે તો કંઈ લાભ થતો ન હતો. એક વખત તેણે જ્ઞાની મુનિને પૂછયું કે વ્યાપારમાં મારે આવી વિચિત્ર લેણદેણ કેમ હશે? મુનિરાજે કહ્યું તે પૂર્વે પર્વ તિથિની દૃઢ આરાધના કરી હતી માટે પર્વદિને તને લાભ થાય છે. પણ કૃપણતાને લીધે બીજા દિવસોમાં પુન્યકર્મ ન કર્યુ હોવાથી તે દિવસોમાં લાભ થતો નથી. તેથી જ શ્રેષ્ઠીએ પણ પર્વતિથિમાં જ વેપાર કરી લાભ મેળવ્યો એ રીતે સુવર્ણની અનેક કોટી પ્રાપ્ત થઈ.

ધીર રાજાએ બોલાવીને પૂછયું કે આ ધન કયાંથી આવ્યું? બસ પછી તેનું દ્રવ્ય લઈ જેલમાં પુરી દીધો. પંચમીનો દિવસ આવ્યો

એટલે શ્રેષ્ઠીને થયું કે આજે પર્વનો દિવસ છે માટે મને જરૂર લાભ થશે. તે દિને ધીર રાજાના ભંડાર ખાલી થયા અને શ્રેષ્ઠીનું ઘર સોના-રત્નો આદિથી ભરાઈ ગયું. રાજાને શ્રેષ્ઠીની પર્વ આરાધના વિશે વિચારતા જાતિ સ્મરણ જ્ઞાન થયું. રાજાએ પણ જાવજજીવ માટે ષટ્પર્વી આરાધના માટે નિયમ કર્યો. ત્યારે પૂર્વભવના શ્રેષ્ઠી દેવે પ્રગટ થઇને કહ્યું કે તને બોધ પમાડવા માટે જ મેં આ બધું કર્યું હતું.

બીજા બન્ને મિત્રો જે વીર અને હીર નામે રાજાઓ હતા, તેઓને પણ શ્રેષ્ઠી દેવે સ્વપ્નમાં પૂર્વભવ જણાવી બંને રાજાઓને પર્વારાધનામાં દૃઢ કર્યા.

અનુક્રમે ત્રણે રાજાઓએ દીક્ષા ગ્રહણ કરી પર્વદિનોમાં આરાધના કરતા એવા ત્રણે રાજર્ષિ શુભ ધ્યાનથી કેવલજ્ઞાન ઉપાર્જન કરી પર્વનો ઉપદેશ આપતા વિચરી મોક્ષને પામ્યા.

ધનસાર શ્રેષ્ઠીનો જીવ પણ દેવલોકથી ચ્યવી માનવભવ પામી દીક્ષા ગ્રહણ કરી પવ આરાધન કરતાં કેવલ જ્ઞાન પામી મોક્ષે ગયા.

માટે શ્રાવકોએ પણ પર્વ—આરાધન કરી પૌષધાદિમાં ઉદ્યવંતમ રહેવું.

અહીં એક પ્રશ્ન થાય છે કે તિથિ ત્રણ પ્રકારે કહી
(૧) ચારિત્ર તિથિ ૮–૧૪–૧૫–૩૦
(૨) જ્ઞાન તિથિ – ૨–૫–૧૧
(૩) દર્શન તિથિ- બાકી સર્વે દર્શન તિથિ જાણવી.

આ ત્રણેમાં ચારિત્ર તિથિને આશ્રીને ષટ્પર્વી કે ચતુષ્પર્વીની વાત કરતાં આરાધના બતાવી પણ તિથિ કઈ રીતે સમજવી ?

સવારે પ્રત્યાખ્યાન સમયે સૂર્યોદય વખતે ભોગવાતી તિથિને પ્રમાણ કરવી.

શ્રાદ્ધવિધિ પ્રકરણ ત્રણની ગાથા અગીયારમીમાં રત્નશેખર સૂરિજી જણાવે છે કે–

चाउम्मासिअ बरिसे पक्खिअपंचठ्ठमीसु नायव्वा
ताओ तिहीओ जासिं उदेइ सुरो न अण्णउ

ચોમાસી, વાર્ષિક કે પાક્ષિક અને પંચમી તથા અષ્ટમીમાં તે તિથિ પ્રમાણ કરવી કે જ્યારે તે તે તિથિ સૂર્યોદયમાં હોય.

કેમ કે જો તિથિ આરાધનામાં બીજી તિથિ માનવામાં આવે તો.

(૧) આજ્ઞાભંગ (૨) અનવસ્થા

(૩) મિથ્યાત્વ (૪) વિરાધના

આ ચાર દોષો લાગે છે.

હવે પર્વતિથિની આરાધના તો કરવી જ છે. કેમ કે **પરભવનું ભાથું** બાંધવા આયુષ્યનો બંધ પડે ત્યારે દુર્ગતિ નક્કી ન થઈ જાય તે માટે સતત પ્રયત્નશીલ રહેવું પડશે.

અહીં એક પ્રશ્ન થાય કે વર્તમાન કાલે પંચાંગમાં જ્યારે જ્યારે તિથિની ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે શું કરવું ?

ઉમાસ્વાતિ મહારાજાએ એક પદ આપ્યું.

क्षये पूर्वा तिथि कार्या वृद्धौ कार्या तथोत्तरा

■ તિથિનો ક્ષય આવેલો હોય ત્યારે તેની આરાધના કરવા પૂર્વની તિથિ કરવી. એટલે કે આઠમના ક્ષયે સાતમનો ક્ષય ગણી આઠમની આરાધના કરવી. ચૌદશનો ક્ષય પંચાંગમાં દેખાય ત્યારે તેરસનો ક્ષય માની પાક્ષિક પ્રતિક્રમણ કરવું.

તિથિની વૃદ્ધિ આવે ત્યારે ઉત્તર એટલે કે પછીની તિથિની આરાધના કરવી મતલબ કે પંચાંગમાં બે ચૌદશ દેખાડે ત્યારે પૂર્વની તિથિ તેરસ બે ગણી બીજી ચૌદશની આરાધના કરવી.

પર્વતિથિએ **પરભવનું ભાથું** બાંધવા એટલે કે આયુષ્યના બંધ માટે અને તિથિ આરાધના ન થયાના પ્રાયશ્ચિતથી બચવા માટે પૌષધાદિની આરાધના પૂર્વક પર્વ આરાધો—

✲ ✲ ✲

* (નોંધ :— તિથિ વિષયક વિવાદને મહત્વ આપી આ વિષય ન વિચારવા-ન ચર્ચવા વિનંતી)

# ( ૩૪ ) પૌષધ–પરિચય

—ચાર શણગાર

पोसोइ कुसल धम्मे जं ताहारादि चागणुट्ठाणं
इह पोसहो त्ति भण्णति विहिणा जिणभासिएणेव

"જે કુશલ ધર્મનું પોષણ કરે છે અને જેમાં જિનેશ્વર દેવોએ કહેલા આહાર ત્યાગાદિનું વિધિપૂર્વક અનુષ્ઠાન કરાય તે પૌષધ કહેવાય છે."–તેમ શાસ્ત્રકાર મહર્ષિ શ્રીમાન્ હરિભદ્રસૂરિજી પંચાશકમાં જણાવે છે पोषं—पुष्टिं प्रकमाद् धर्मस्य धत्ते करोति इति पौषधः પોષ એટલે પુષ્ટિ–પ્રસ્તાવથી ધર્મ સંબંધિ જે ધારણા કરે તે પૌષધ. સામાન્ય ભાષામાં એટલુંજ કહેવાયકે ધર્મને પોષે તે પૌષધ.

અહોરાત્ર સાવદ્ય વ્યાપાર છોડીને સ્વાધ્યાય–ધ્યાનમાં પ્રવૃત્તિ કરવી તે વ્યવહારથી પૌષધ. આત્માના સ્વગુણનું જ્ઞાન ધ્યાનાદિ વડે પોષણ કરવું તે નિશ્ચયથી પૌષધ વ્રત કહેવાય.

પ્રત્યેક પર્યુષણમાં અષ્ટાહ્નિકા વ્યાખ્યાનમાં ત્રીજા દિવસે પૌષધ સંબંધિ વ્યાખ્યાન આવે ત્યારે તમે સૌ ઉદાયન રાજર્ષિને યાદ કરો છો ને ? अंतिम इव राजर्षि धन्यास्ते गृहिणोऽपि हि તે ગૃહસ્થો રાજર્ષિની જેમ ધન્ય છે. પણ અંતિમ રાજર્ષિ કોણ ?–ઉદાયન.

ઉદાયન રાજર્ષિને ત્યાંથી સુવર્ણ ગુળિકા નામની દાસી અને જિન-પ્રતીમા લઈને ચંડપ્રદ્યોત ભાગ્યો છે. ઉદાયી રાજા દશ મુગટ બદ્ધ રાજા સાથે તેની પર ચડાઈ લઈને લડવા ગયો છે. ચંડપ્રદ્યોતને જીવતો પકડીને કેદ કરી લીધો. અને અવંતીથી લડાઇ જીતીને આવતા આવતા રસ્તામાં ચાતુર્માસ થઇ ગયું. દશે રાજાઓ જુદાજુદા પડાવ નાખી ત્યાં રહ્યા અને દશપુર નગર વસાવ્યું.

ચોમાસા દરમ્યાન પર્યુષણ મહાપર્વ આવ્યા. ઉદાયન રાજર્ષિના રસોયાએ ચંડપ્રદ્યોતને પૂછ્યું કે તમે આજે ભોજનમાં શું લેશો ? અવંતિપતિ મુંઝાણા અરે ! આટલા દિવસથી સાથે છું, કોઈ દિવસ નહીં ને આજે જ રસોયો ભોજન માટે કેમ પૂછવા આવ્યો ? રસોયો કહે સ્વામી, આજે અમારા મહારાજાને ઉપવાસ છે. કેમકે પર્યુષણ મહાપર્વ ચાલી રહ્યા છે. તેથી આપને પૂછવા આવેલો છું.

**પ્રશ્ન** :– પર્યુષણમાં તો ઉદાયન રાજર્ષિના પૌષધની વાત આવે છે તમે ઉપવાસની વાત કયાંથી લાવ્યા ?

**સમાધાનઃ**– કથાની રજૂઆતમાં ભેદ હોઇ શકે છે પણ તેમાં કોઇ વિસંવાદિતા નથી. કેમકે (૧) ઉપવાસ પૂર્વક પૌષધ પણ હોઇ શકે છે. (૨) આહાર ત્યાગરૂપ પૌષધ પણ હોઇ શકે છે.

શ્રી ઉપાસક દશાંગ સૂત્રમાં આ વ્રતનું નામ **પોસહોપવાસ** કહેલું છે. અભયદેવસૂરિજી એ તેની ટીકામાં લખેલ છે કે—पौषधे उपवासः इति पोषधोपवासः स च आहारादि विषयभेदाच्चतुर्विधः पौષધમાં ઉપવાસ તે આહારાદિ વિષયના ચારભેદ વડે છે. પણ તેમાં ઉપવાસની મુખ્યતા ગણી.

પ્રતિક્રમણ સૂત્ર પ્રબોધ ટીકામાં જણાવ્યુ કે પૌષધમાં ગુરુસમીપે રહીને સાધુજીવનની તાલીમ લેવાની છે. તેથી उपवसथ–સમીપે વસવું ઉપ–વાસ તેવો અર્થ રૂઢ થયો છે. તેમાં व નો उ થતા उपोसथ બન્યું उ ઉડી ગયો અને थ નો વિકલ્પે ह થતાં पोसह શબ્દ બન્યો. એટલે કે ઉપ-વાસ. નજીક વસવા પૂર્વકનું સંયમી જીવન એવો અર્થ થયો. ઉદાયન રાજર્ષિને આ જીવનની તાલીમ એટલી બધી સુંદર લાગી કે તેઓ સર્વવિરતિ ગ્રહણ કરીને રાજામાંથી રાજર્ષિ બની ગયા.

અંતિમ રાજર્ષિ શબ્દ એટલા માટે મુકાયો કે હવે બીજો કોઇ રાજા ચારિત્ર ગ્રહણ કરશે નહીં.

પૌષધ ચાર પ્રકારે કહ્યો. જેને આપણે જીવનના **ચાર શણગાર** રૂપે ઓળખીએ છીએ. સૂત્રપાઠમાં પણ કહેવાયુ છે કે आहार पोषहं- शरीर सक्कार पोषहं बंभचेर पोषहं अव्वावार पोसहं.

આ ચાર પ્રકારના પૌષધમાં "आहार पोषह" સર્વથી હોય એટલે કે ઉપવાસ હોય તો આહાર ત્યાગ રૂપ પૌષધ ગણાય અને ચારે પ્રકારે પૌષધ હોય તો તેને ઉપવાસ પૂર્વકનો પૌષધ ગણાય.

**૦ ચાર શણગારો કયા કયા ?**

"आहार तनु सत्कारा ऽब्रह्म सावद्य कर्माणम्
त्यागः पर्व चतुष्टयां तद्विदुः पौषधव्रतम्

(१) आहार पोषहः– આવશ્યક હારિભદ્રીય વૃત્તિમાં કહ્યું છે કે આહાર પૌષધ બે પ્રકારે છે. દેશથી અને સર્વથી. દેશથી અમુક વિગઈ ત્યાગ–આયંબીલ–એક કે બે થી વધુ વખત ન જમવાનો નિયમ.

સર્વથી આહાર પોષહ એટલે ચારે પ્રકારના આહારનો દિવસ-રાત્રી માટે ત્યાગ કરવો તે.

**આ થયો પહેલો શણગાર**

(૨) शरीर सक्कार पोषहः- સ્નાન, ઉદ્વર્તન, પીઠી ચોળવી વગેરે [વર્તમાન સંદર્ભમાં લાલી લીપસ્ટીક આદિ] વિલેપન, ફૂલ, સુગંધ [સેન્ટ-અત્તર વગેરે] પાન, વસ્ત્ર, આભરણ [ઘરેણાં] નો પરિત્યાગ તે સર્વ શરીર સત્કાર પૌષધ. જો અમુક શરીર સત્કાર કરીશ અને અમુક શરીર સત્કાર નહીં કરું તેમ નક્કી કરે તો તે દેશ શરીર સત્કાર પૌષધ કહેવાય.

**આ થયો બીજો શણગાર**

(૩) बंभचेर पोषह :- દેશથી ત્યાગ એટલે દિવસે જ મૈથુનનો ત્યાગ કરવો અથવા રાત્રિમાં એક કે બે વખતથી વધુ સ્ત્રી સેવનનો ત્યાગ કરવો તેને દેશથી બ્રહ્મચર્ય પૌષધ કહે છે. સર્વથા બ્રહ્મચર્ય પાલન કરવું તે सव्व बंभचेर पोषह તેમાં અહોરાત્રિ સર્વથા સ્ત્રી સેવન ત્યાગ કરવાનો હોય છે.

સુદર્શન શેઠ પૌષધ વ્રત ગ્રહી ધ્યાનમાં ઉભા છે. અભયા રાણીને પુરોહિત મિત્ર પત્ની કપીલાએ એક પડકાર ફેંકેલો છે. "તમે સુદર્શન શેઠને ચારિત્રમાંથી ચલાયમાન કરી શકો તો હું માનું કે તમે શક્તિ-શાળી છો-સમર્થ છો." અભયા રાણીએ સુંદર અવસર સાધ્યો, ગામ આખું ઉત્સવ મનાવવા બહાર ગયું છે, ત્યારે દાસી દ્વારા રથમાં સુદર્શનશેઠને ઉપાડીને સીધા રાજમહેલમાં લાવવામાં આવ્યા. સુદર્શન તો પૌષધમાં દૃઢ બની ધ્યાનસ્થ જ છે.

અભયારાણી તેને ચળાવવા ઘણી ચેષ્ટા કરે છે, છેવટે રાણીએ ધમકી આપી કે હવે જો મારી સાથે તમે ભોગ ન ભોગવ્યા તો હું રાજાને ફરિયાદ કરીશ કે ધર્મના બહાને આ શેઠ મારા પર કુદૃષ્ટિ કરવાજ ગામમાં રહ્યો હતો. છતાં આ બધું જ નિષ્ફળ ગયું. કેમકે તેઓ "बंभचेर पोषह" માં મક્કમ પણે સ્થિર થયેલા હતા.

અભયારાણીએ છેવટે વેર લેવા શેઠ પર જૂઠું કલંક ચડાવ્યું. આ પાપી સુદર્શન મારી લાજ લેવા જ રાજમહેલમાં ઘુસ્યો હતો. રાજાએ સુદર્શન શેઠને શૂળીએ ચડાવવા હુકમ કર્યો. હવે શેઠે જો ખુલાસો

કર્યો હોત કે રાણી ખુદ જ મારી સાથે દુરાચાર ખેલવા માગતી હતી, હું તો ધર્મધ્યાનમાં જ રહેલો હતો તો રાજા અને પ્રજા બધા માની જાત. પણ સુદર્શન શ્રેષ્ઠી ઉપસર્ગ આવેલો માની મૌન પણે ઉભા છે. પૌષધમાં સ્થિર છે. આખી સભા સ્તબ્ધ બની ગઇ. કોઇને હોશ રહ્યા નથી. સ્થિર હોય તો માત્ર સુદર્શન શેઠ.

એટલા માટે જ તમે પણ પૌષધ પાળવાના સૂત્ર માં પણ તેને જ યાદ કરો છો ને ? સુદંસણો નામ લઇને.

છેલ્લું પદ પણ सागरचंदो સૂત્રમાં કેવું સુંદર મુકયું अखंडिया जिवीयंते वि જીવનના અંત પર્યન્ત મરણ આવ્યા છતા પણ अखंडिया. વ્રતને ખંડિત કર્યું નહીં. તો પરીણામ પણ કેટલું સુંદર આવ્યું ?

શૂળીએ ચડાવેલ શેઠને શૂળીને સ્થાને સિંહાસન બની ગયું.

**શેઠ સુદર્શનને ટળી, શૂળિ સિંહાસન હોય**
**ગુણ ગાયે ગગને રે દેવતા મહિમા શિયળનો જોય**
**પાપ સ્થાનક ચોથું વરજીએ**

શાસન દેવીએ કરી દીધો ચમત્કાર. કારણ बंभचेर पोषहं અને તમારી સ્થિતિ શું છે ? સાહેબ દિવસના પૌષધ કરવો તો બરાબર છે પણ રાત્રે પૌષધ ન ફાવે. "ભલા માણસ ચોખ્ખુ બોલોને કે રાત્રે ઘરવાળી વગર ફાવે નહીં."

### આ થયો ત્રીજો શણગાર

(૪) अव्वावार पौषहं:- અવ્યાપાર પૌષધ न व्यापार: अव्यापार: तन्निमित्तं पौषध: अव्यापार पौषध: "વ્યાપારનો અભાવ તે અવ્યાપાર." એવો અર્થ ન કરતા "न" અવ્યય કુત્સિત અર્થમાં ગ્રહણ કરવો. એટલેકે કુત્સિત પ્રવૃત્તિના ત્યાગરૂપ પૌષધ તે અવ્યાપાર પૌષધ.

તે દેશથી અને સર્વથી બે પ્રકારે છે. તેમાં અમુક એક અથવા વધારે કુવ્યાપારોને તજવા તે દેશથી કુવ્યાપાર-વર્જન અને ખેતી, વ્યાપાર, નોકરી, પશુપાલન, ઘરનું સર્વ કામકાજ આદિ સાવદ્ય વ્યાપારોનો ત્યાગ કરવો તે સર્વથી કુવ્યાપાર વર્જન કહ્યું.

### આ થયો ચોથો શણગાર

હાલમાં પુર્વાચાર્યોની પરંપરા એ પ્રકારની ચાલે છે કે આહાર

પૌષધ સર્વથી અને દેશથી બે પ્રકારે છે. બાકીના ત્રણ પૌષધ સર્વથી જ થાય છે. તેથી પાઠ પણ એ રીતે જ મુકયો છે. करेमि भंते पोसहं आहार पोसहं देसओ सव्वओ, शरीर सक्कार पोसहं सव्वओ, बंभचेर-पोसहं सव्वओ, अव्वावार पोसहं सव्वओ चउविह पोसहंठामि.

આ પૌષધ પણ હાલ બે પ્રકારે થાય છે એક દિવસનો અને બીજો રાત્રિનો. દિવસના પૌષધમાં આહાર પૌષધ સર્વથા કે દેશથી બંને રીતે થઈ શકે છે. પણ રાત્રિ પૌષધ તો ચારે પ્રકારે સર્વથા જ ગ્રહણ કરવાનો છે. કેમકે રાત્રિ ભોજન સર્વથા વર્જ્ય છે અને બાકીના ત્રણ પૌષધ દેશની ગ્રહણ કરવાની પરંપરા બંધ છે.

**પૌષધનું ફળ શું ?** પૌષધનો અર્થ અને પ્રકારો એટલે કે **જીવનના ચાર શણગારો** ને સમજ્યા પછી આ છે વણિક બુદ્ધિનો એક પ્રશ્ન કે સાહેબ વાત બધી સાચી પણ પૌષધ કરવાથી ફાયદો શું મળશે ?

સંબોધ પ્રકરણમાં શ્રાવક વ્રતાધિકારની ગાથા ૧૩૦ માં જણાવ્યું "જે મણીજડીત સુવર્ણના પગથીયાવાળું હજાર સ્તંભયુક્ત અને સોનાના તળીયાવાળું જિનમંદિર કરાવે તેનાથી પણ તપયુક્ત સંયમ એટલે કે પૌષધ વિશેષ ફળદાયી છે.

સંબોધ પ્રકારણની ગાથા ૧૩૪માં લખેલ છે—

सत्तत्तरी सत्तसया, सत्तह सत्तरी सहस लक्ख कोडोओ
सगवीसं कोडीसया नव भागा सत पलिअस्स

૨૭ અબજ, ૭૭ ક્રોડ, ૭૭ લાખ, ૭૭ હજાર, ૭૭૭ ૭/૯ પલ્યોપમ જેટલું દેવભવનું આયુષ્ય આઠ પ્રહરનો પૌષધ કરનારને બંધાય છે. જો કે આ તો પૌષધનું અનંતર ફળ થયું પણ પરંપર ફળ તો મોક્ષ થશે.

આપણી એક કમનસીબી છે કે આજકાલ અઠ્ઠાઈ આદિ તપનું મહત્વ વધી ગયું છે. પ્રભાવના પણ તેને જ વધારે કરવાનો રીવાજ ચાલે છે. સાંજી પણ તેના ઘેર અને ભેટણા પણ તેઓને જ.

અને પર્યુષણમાં ચોસઠ પહોરી પૌષધ કરનારને કોઈ ઓળખતુ નથી. કારણ તમે પૌષધનો અર્થ જ નથી સમજ્યા. **ચાર શણગારમાંના**

**એક શણગારને** જ તમે ઓળખ્યો છે. આહાર ત્યાગ રૂપ પૌષધને.

બાકીના ત્રણ–શરીર સત્કાર, બ્રહ્મચર્ય, અવ્વાવાર પૌષધ તે ત્રણે **શણગાર** ને તમે મહત્ત્વજ નથી આપ્યું. અઠ્ઠાઇમાં માત્ર આહાર ત્યાગ પૌષધ છે. જ્યારે ચોસઠ પહોરી પૌષધ કરનારો ચારે પ્રકારે પૌષધ કરે છે.

તમે આ **ચારે શણગારને** પહેલાં શણગાર રૂપે ઓળખો તો અઠ્ઠાઈ કરતાં પૌષધનું મહત્ત્વ શું વધુ છે તે સમજાઇ જશે.

શંખ અને પુખલી નામે બે શ્રાવક શ્રાવસ્તી નગરીમાં રહે. તેઓ વીર ભગવંતને નમીને પાછા વળ્યા ત્યારે શંખ શ્રાવકે પુખલી શ્રાવકને કહ્યું તમે જઈ ભોજન વગેરે તૈયાર કરાવો. તે જમીને આપણે પૌષધ લઇશું. પાક્ષિક પુખલી શ્રાવકને આ પ્રમાણે કહ્યા પછી શંખે વિચાર્યું કે આજે તો જમ્યા વગર જ પૌષધ વ્રત કરવું ઠીક છે, કારણકે ઉપવાસ સહિત પૌષધવ્રત કરવાનું મોટું ફળ છે. એવું વિચારી પોતાની પત્નીને કહી શંખ શ્રાવક પૌષધશાળામાં જઇ એકાકીપણે શરીર ઉપરથી અલંકારાદિ ઉતારી શરીર સત્કારનો ત્યાગ કરી, દર્ભના સંથારા પર બેસી શુભ ધ્યાનમાં રહ્યો.

અહીં પુખલી શ્રાવકે ભોજનાદિ સર્વ તૈયાર કરાવ્યું શંખને નિમંત્રણ કરવા આવ્યો. શંખની સ્ત્રી ઉત્પલાએ પુખલી શ્રાવકને જોઇને સન્માન આપ્યું. શંખ પૌષધશાળામાં છે તે જાણી ત્યાં આવી શંખને નિમંત્રણા કરી ત્યારે શંખ શ્રાવકે કહ્યું કે મારે તેમાંથી કંઇ જ હવે કલ્પતું નથી. ભોજનાદિ ક્રિયા માટે મારું અનુમોદન પણ નથી. આપને ઉચીત લાગે તેમ કરો.

**પ્રશ્ન** :– પહેલાં શંખે જમીને પૌષધ લેવાની વાત કરી પછી જમ્યા વગર જ પૌષધ કરવા વિચાર્યું તો ખરેખર આહાર લેવો કલ્પે કે નહીં ?

**સમાધાન** : આહાર પૌષધ સર્વથી અને દેશથી બે રીતે થઇ શકે છે. તેથી નિરવદ્ય (અચિત્ત) આહારનો બાધ જણાતો નથી. વળી સર્વ સામાયિક ઉચ્ચરનાર સાધુ તથા ઉપધાન તપમાં પણ આહાર ગ્રહણ કરાય છે. માટે આહાર લેવામાં કંઇ ખોટું નથી.

શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે જો દેશથી આહાર પૌષધ કર્યો હોય તો ગુરુ સમક્ષ પચ્ચક્ખાણ પાળી આવસ્સહી કહી (પૌષધ-શાળામાંથી) નીકળે. ઘેર ઇર્યાસમિતિ પ્રતીક્રમી પાત્ર આદિનું પ્રમાર્જન કરી આહાર કરવા બેસે.

**પ્રશ્ન** :– નિર્દોષ આહારની જેમ નિર્દોષ વ્યાપાર કે નિર્દોષ દેહ સત્કાર થઇ શકે કે નહીં ?

**સમાધાન** : બંને ક્રિયા દેહની શોભા અને લોભાદિક હેતુભૂત છે. માટે તે બંનેનો પ્રતિષેધ કર્યો છે. વળી આહાર પૌષધ સિવાયના ત્રણે પૌષધ સર્વથા કરવાના છે દેશથી નહીં માટે પણ નિર્દોષ દેહ સત્કાર કે નિર્દોષ વ્યાપાર થઇ શકે નહીં.

શંખ શ્રાવક આ રીતે **આત્માના શણગાર ભૂત** એવા ચારે પ્રકારના પૌષધને ગ્રહણ કરીને રહેલો છે. રાત્રે ધર્મ જાગરણમાં ચિંતવના કરે છે કે શ્રી વીરપ્રભુને નમન-વંદન કરીને હું પૌષધ પૂર્ણ કરીશ. પ્રભાતે તે શ્રી વીરપ્રભુના વંદનાર્થે પહોંચ્યો. ત્યાં પુખલી શ્રાવક પણ આવેલો છે. તેણે પ્રભુને નમન કરી શંખ શ્રાવકને કહ્યું કે હે શંખ ! ગઇ કાલે તમે યોગ્ય ન કર્યું. ત્યારે પ્રભુએ પુખલી શ્રાવકને કહ્યું તમે શંખની નિંદા ન કરો. તે ગઇ રાત્રીને વિશે સુદક્ષ જાગરિકા કરીને આવેલો છે.

જાગરિકા ત્રણ પ્રકારે થાય છે. શ્રી વીર પરમાત્મા ગૌતમ સ્વામીને જણાવતા કહે છે હે ગૌતમ !

(૧) બુદ્ધ જાગરિકા છે તે માત્ર કેવલી ભગવંતોને જ હોય છે.

(૨) અબુદ્ધ જાગરિકા છે તે છદ્મસ્થ સાધુઓને હોય છે.

(૩) સુદક્ષ જાગરિકા છે તેનો અર્થ છે "સારી રીતે ધર્મ ધ્યાનમાં પ્રવર્તવું" આ જાગરિકા શ્રમણોપાસક–શ્રાવકને હોય છે.

આવી સુદક્ષ જાગરિકા કરીને શંખ શ્રાવક અત્યારે આવેલો છે. માટે હે પુખલી ! તમે તેના પર કોઇ જાતનો રોષ ધરશો નહીં. ત્યારે શંખ શ્રાવકે પ્રભુને પૂછ્યું, હે ભગવંત ! ક્રોધ-માન–માયા-લોભ ચારે કષાયોનું ફળ શું ? [યાદ રાખજો કષાય ચાર છે માત્ર ક્રોધ એ જ કષાય નથી અભિમાન, માયા–કપટ કે લોભ પણ કટુ કષાયો જ છે.]

શ્રી વીર પરમાત્મા ઉત્તર વાળતા જણાવે કે ક્રોધ, માન, માયા,

લોભ ચારે કષાયો આયુષ્ય સિવાયની સાતે કર્મ પ્રકૃતિઓને શિથિલ બંધ વાળી હોય તો દૃઢ બંધન વાળી કરે છે. આ વાત સાંભળી પુખલી શ્રાવકે વારંવાર શંખ શ્રાવકની ક્ષમાપના કરી.

શંખ શ્રાવક પણ પૌષધાદિ વ્રતોની ઉત્તમ પરિપાલના કરતો સૌધર્મ દેવલોકમાં દેવ પણે ઉત્પન્ન થયો તે પૌષધનું અનંતર ફળ જાણવું. પણ જીવનના **ચાર શણગાર રૂપ** ચતુર્વિધ પૌષધનું પરંપર ફળ **એ** છે કે તે શંખ શ્રાવક પછીના ભવે મહાવિદેહમાં જન્મ પામી ચારિત્ર ગ્રહણ કરી મોક્ષે જશે. આ આખો અધિકાર પંચમ અંગ શ્રી વિવાહ પ્રજ્ઞપ્તિ સૂત્રના બારમાં શતકમાં વર્ણવેલ છે.

ગણધરે સૂત્રમાં ગુંથેલ અને ભગવંતે અર્થ વડે પ્રરૂપેલ એવા પાંચમા અંગમાં ચાર પ્રકારના પૌષધ વ્રત યુક્ત એવું આ ચરિત્ર વખાણાયું. તે રીતે વ્રતની ઉત્તમ પરિપાલના દરેક શ્રાવક વડે ક્યારે શક્ય બને ?

પૌષધના અઢાર દોષોનું વર્જન કરી પૌષધવ્રતની ભાવપૂર્વક આરાધના કરે ત્યારે —

**૦ પૌષધના અઢાર દોષો કયા કયા ?**

(૧) **પૌષધ ન કર્યો હોય તેમનું કે તેમણે લાવેલું પાણી વાપરે**–બોલો તમે પાણી લાવો છો કે પછી પેઢીના નોકરને કહી દો છો – "ભાઈ ! પાણી લાવજે." પાછો પાણી ન લાવે તો તેની ભૂલ હોય તેમ ધમકાવે. ટ્રસ્ટી સાહેબો એ ભૂલી જ જાય છે કે તેઓ શ્રાવક પ્રથમ છે ટ્રસ્ટી બાદમાં.

(૨) **સ્વાદિષ્ટ આહાર જમવો** – આયંબિલ ઉપવાસ કરીને પૌષધ કર્યો હોય તો બરાબર છે. પણ એકાસણું કરીને સત્તર નવા ફરસાણ, મિષ્ટાન્ન ખાવા ને જીભને પોષવી.

(૩) **પારણાની ચિંતા કરે** – આઠ દિવસના પૌષધ કર્યા હોય, સંવત્સરીને દિવસે જ ઘરવાળા આવે એટલે દશ જાતની સૂચના આપી રાખે કે કાલે આટલું આટલું સવારે તૈયાર કરી રાખજો.

કદાચ અમારા જેવા કોઈ સાધુ પૂછી બેસે કે કેમ ભાઇ ! આ બધું શું છે ? તો શું જવાબ મળે ખબર છે ? ના—ના સાહેબ, આ તો તમારો લાભ મળેને એટલે બાકી અમારે એવું કાંઇ હોય ?

જાણે અમારા નિમિત્તે પોતે કેમ નિર્દોષ આહાર વાપરતા હોય રોજ ?

(૪) **શરીર શોભા વધારે** – પૌષધ કર્યા પછી શરીર સત્કારનો ત્યાગ છે, પહેલા તો ત્યાગ નથી ને ! તેમ કહી ઘેરથી જ "અપ-ટુ-ડેટ" થઈને આવે.

(૫) **પૌષધ માટેના વસ્ત્રો ધોવડાવે.**

(૬) **ઘરેણા પહેરે** – પૌષધ કરવા આવે ત્યારે શેઠ બહુ શ્રીમંત છે તેમ કયાંથી ખબર પડે ? એટલે ભાઈ દશે આંગળીએ વીંટી ને ડોકમાં ચેઇન પહેરીને પૌષધ કરે.

(૭) **વસ્ત્રો રંગાવે** – પૌષધમાં વસ્ત્રો મેલાન થાય માટે રંગાવીને કપડાં લઇ આવે.

(૮) **શરીરનો મેલ ઉતારવો** :- પૌષધમાં શરીર સત્કારનો સ્નાનાદિકનો ત્યાગ હોય છે. આઠ–આઠ દિવસમાં તો જાણે મેલનાથર જામી જવાના ન હોય તેમ બેઠા બેઠા શરીરનો મેલ ઉતારે.

(૯) **કુસમયે સુવું** :- દિવસના નિદ્રા લે. તેમજ રાત્રિએ પણ સંથારા પોરિસિ ભણાવ્યા પહેલાં જ ઊંઘ ખેંચી લે.

(૧૦ થી ૧૩) **વિકથા કરે** :- રાજકથા, દેશ કથા, ભક્ત કથા અને સ્ત્રી કથા એ ચારે વિકથા કરે. તે ચારે વર્જવી.

**પૌષધ શાળે ભેગા થઇને ચાર કથા વળી સાંધે**
**કાંઇક પાપ મીટાવણ આવે બારગણું વળી બાંધે**
**આજ મારે એકાદશી રે નણદલ મૌન ધરી મુખ રહીયે**

સ્ત્રી કથા વર્જન માટે જોગીદાસ ખુમાણનું એક સુંદર દષ્ટાન્ત વાંચેલું.

એક વખત જોગીદાસ બાબરીયાધાર આવતા હતા, તે દિવસની વાત છે. નવલખાના નેરડામાં ઘોડીઓ ઉતારી ત્યારે પાણીના પ્રવાહમાં પિંડી બુડ પગે ઉભેલી એક જુવાનડી દીઠી. હતી તો અઢારેક વર્ષની. પણ શું તેનું રૂપ હમણાંજ જાણે ઓગળીને પાણીના વહેણમાં વીચું જાહે. સામે નજર નોંધીએ તો નક્કી પાપે ભરાઇએ તેવું રૂપ. છતાં આવા જોગીદાસને ઇ વાતનું ઓહાણેય ન મલે. નેરાની ભેખડું કે જીવતી અસ્ત્રી બેય આપાને મનતો એક સરખાં.

આપાએ ઘોડી પાણીમાં નાખી તૈ પડખે ચડી જુવાનડીએ ઝબ દઇને ઘોડીની વાઘ ઝાલી લીધી. ઘોડીએ ઝબકીને મોઢાની ઝોંટ દીધી.

જોરાવર આદમીનું કાંડુ છૂટી જાય એવા જોરની સાંકળ ઉલાળી પણ જુવાનડી તો જડોની જેમ ચોંટી ગઈ.

આપા કહે અરે! બાઇ, બાપ મેલ્ય મેલ્ય નકર ઘોડી વગાડી દેહે. નહીં મેલું જોગીદાસ નહીં મેલુ આજે. પાછું આપાએ પૂછયું શું કામ પણ? શું તારી વાંહે કોઈ પાપીયા પડ્યા છે, તારો ધણી સંતાપે છે, તુંને થયું છે શું? તારું દુઃખ દૂર કરીને જ ડગલું દઈશ. ઝટ બોલ.

બાઇ બોલી જોગીદાસ ઘણાં દી'થી ગોતતીતી. પણ છો કોણ તું? સુતારની દીકરી છું, કુંવારી છું આપાએ પૂછયું, કેમ પૈસા નથી બાપ પાસે? તો હું આપું તું એ મારી દીકરી કમરી બાઇ.

બોલોમા જોગીદાસ. મારી આશા ભાંગોમા હું તો તમારા શુરાતન માથે ઓળઘોળ થઇ જાત્યભાત્ય મેલી ભટકું છું. જુઓ આ માથાના મોંવાળા કોરા રાખવાનો નીમ લીધો છે.

મેલ્ય મેલ્ય મળવા વાળી. તું તો મારી દીકરી કેવા, એમ બોલતા જોગીદાસે ભાલાની આડી મારી ને ઘોડું છટકાવી ચાલવા માંડયું.

એક બહારવટીયો અને રખડતો આદમી પણ સારી-સુંદર અને સામેથી સમર્પીત સ્ત્રી સામું ન જુએ. તો માત્ર વાણી દ્વારા સ્ત્રી કથા કરવી તે શ્રાવક માટે શું યોગ્ય ગણાય?

**(૧૪) પારિષ્ઠાપનિકામાં ભૂલ:**— પૂજ્યા—પ્રમાર્જ્યા વિના ની ભૂમિમાં લઘુનીતિ વગેરે પરઠવવું.

**(૧૫) પરનિંદા કરે:**— જો કે અઢારે પાપ સ્થાનક વર્જવાના હોય છે. છતાં આ પ્રવૃત્તિની વિશેષતા દર્શાવતા અહીં જણાવેલ છે કે નિંદાનો ત્યાગ કરવો.

**(૧૬) ચોર કે ચોરીની વાતો કરવી,**

**(૧૭) સરાગ દૃષ્ટિએ સ્ત્રીના સાંગોપાંગ નીહાળવા.**

**(૧૮) પૌષધ નહીં લીધેલા ગૃહસ્થો કે માતા-પિતા સંબંધિ વાર્તાલાપ કરવો.**

આ રીતે પૌષધના અઢાર દોષ વર્જીને **ચાર શણગાર રૂપ** એવા ચાર પ્રકારના પૌષધ વ્રતની ઉત્તમ આરાધના કરવા દ્વારા ચારિત્ર ધર્મને અનુસરવા વાળા બનો અને—

**આઠ પહોરનો પોષહ કરીએ ધ્યાન પ્રભુનું ધરીએ**
**મન-વચ-કાયા વશ કરીએ તો ભવ દરિયે ઝટ તરીએ**

એ ઉક્તિને સાર્થક કરનારા બનો એજ શુભેચ્છા

# ( ૩૫ ) પર્વમાં પૌષધ

— સંયમ દિન આરાધો

सव्वेसु—काल पव्वेसु पसत्थो जिणमए हवइ जोगो ।
अट्ठमो चउद्दसीसु अ नियमेण हविज्जि पोसहिओ ।।

શ્રાદ્ધવિધિ પ્રકરણ ત્રણ–ગાથા અગીયારની ટીકામાં જણાવે કે જિનમતમાં સર્વપર્વ કાલમાં પ્રશસ્ત યોગ [મન-વચન-કાયાની શુભ પ્રવૃત્તિ રૂપ ધર્મ] સેવવાનો છે. પણ અઠ્ઠમી ચતુર્દશીએ તો નિયમા પૌષધ કરવો જ જોઇએ.

શાસ્ત્રકાર મહારાજા અહીં એક સાથે બે બાબત સ્પષ્ટ કરે છે. (૧) પર્વોમાં પ્રશસ્ત યોગ સેવવો (૨) પર્વતિથિ આઠમ-ચૌદશમાં તો પૌષધ અવશ્ય કરવો.

મન્નહ જિણાણુંમાં શ્રાવકના છત્રીશ કર્તવ્યોમાં પણ પવ્વેસુ પોષહવય કહ્યું. પર્વમાં પૌષધવ્રત કરવું. અહીં પ્રશ્ન થાય કે જો પર્વોમાં પૌષધ વ્રતનું વિધાન કર્યું તો શું અપર્વમાં પૌષધ ન કરવો ?

કેમકે શ્રાદ્ધવિધિ અને મન્નહ જિણાણું તો ઠીક પણ શ્રી સૂયગડાંગ આગમ સૂત્રના શ્રાવક અધિકારમાં ખુદ ભગવંત પણ ફરમાવે છે કે "ચતુર્દશી, અષ્ટમી, અમાવસી અને પૂર્ણિમામાં પૌષધનું અનુપાલન કરવું." એમ જોતાં લાગે કે ચાર પર્વોમાં જ પૌષધ કરવો બાકીના દિવસોમાં નહીં. —પણ—

આ વાત બરાબર નથી. કેમકે શ્રી વિપાકસૂત્ર નામક અગીયારમાં અંગમાં સુબાહુકુમારના વર્ણનમાં ત્રણ દિવસ સાથે પૌષધ કર્યાનું આવે છે. ત્યાં અઠ્ઠમ તપની આરાધના પૌષધ પૂર્વક સુબાહુકુમાર આદરતા....તેવી વાત આવે છે. માટે પવ્વેસુ પર્વમાં અર્થ કર્યો તે બરાબર પણ માત્ર પર્વમાં પૌષધ કરવો તેમ નહીં. અપર્વ દિવસોમાં ન થઇ શકે તો પર્વદિનોમાં તો અવશ્ય પૌષધ કરવો તેમ સમજવું.

વળી અપર્વતિથિ–દિવસોમાં પૌષધ કરવાથી અવિધિ જ થતો હોય તો અભયકુમાર અને વિજયશાએ તે તે કાર્ય પ્રસંગે ત્રણ દિવસ અને સાતદિવસના પૌષધોપવાસથી તેઓના ધારેલા કાર્યની સિદ્ધિ થવા પામી તે કઈ રીતે શકય બને ?

જો અકાળે સ્વાધ્યાય કરવાથી વિઘ્ન આવે તો અકાળે (અપર્વ-દિનમાં) પૌષધ કરતાં પણ વિઘ્ન આવવું જોઈએને ? તેને બદલે ધારેલી કાર્યસિદ્ધિ કેમ થઇ ? કારણકે પર્વના દિવસોમાં પૌષધ કરવો તે વિધિ વાકય છે-નિષેધ વાકય નથી. ત્યાં પર્વનું માહાત્મ્ય દર્શાવે છે. માટે અષ્ટમીના સ્તવનમાં પણ સ્પષ્ટ શબ્દો લખ્યા—

**કરી શકો ધર્મ કરણી સદા તો કરો એહ ઉપદેશ રે**
**સર્વ કાલે નવિ કરી શકો તો કરો પર્વ સુવિશેષ રે**
**વિરતિએ સુમતિ ધરી આદરો**

પર્વ દિવસની આરાધના વિરતી પૂર્વક આદરવી જોઇએ. વિરતિ એટલે વ્રતમાં રહેવું તે. પણ વ્રત કયું ? "પૌષધ વ્રત" છતાં તેમાં અષ્ટમી ચતુર્દશીને વિશેષ મહત્ત્વ કેમ આપ્યું ? કારણ કે તે ચારિત્ર તિથિ છે. આપણે પણ આજનું પરિશીલન **સંયમ દિન આરાધો** રાખ્યું તે ચારિત્રતિથિને મહત્ત્વ આપવા જ રાખ્યું છે.

વાણિજ્ય ગ્રામ નગરમાં આનંદ ગાથાપતિ શ્રાવક પોતાના સગાં-સંબંધિઓને ભોજન માટે નિમંત્રે છે. બધાંને ભેગા કરી ભગવાને પ્રરૂપેલા ધર્મમાર્ગને અનુસરવા સઘળો ભાર પોતાના જ્યેષ્ઠપુત્રને સોંપી પોતે નિવૃત્ત થયો. કોલ્લાક નામના પરામાં જઈ જ્ઞાતવંશના ક્ષત્રિય મહોલ્લાની પૌષધશાળા આવી શ્રાવકની અગીયાર પ્રતિમામાં ચોથી પૌષધ પ્રતિમા નામક પ્રતિમાને ધારણ કરીને રહેલો છે.

આ પ્રમાણે પોષહ પડિમા વહન કરતાં એવા તે આનંદ ગાથા-પતિને કેટલાંક સમય બાદ લાગ્યું કે હવે જીવનકાલ અધિક નથી. તેથી સમસ્ત ભૂલોની ક્ષમાયાચના કરી, સર્વજીવરાશી સાથે ક્ષમાપના કરી, વ્રતોનું સ્મરણ કરી તેમાં જે જે દોષ રહ્યા કે થયા હોય તેનું મિચ્છા-મિદુક્કડમ્ કર્યું પછી અનશન ગ્રહણ કર્યું. ધર્મ ધ્યાનમાં સ્થિર થતાં વિશાળ અવધિજ્ઞાનને પ્રાપ્ત કર્યું અને એ રીતે એક માસના અનશન બાદ દેવલોકમાં ગયો અને ત્યાર પછીના ભવે મોક્ષે જશે.

આ બધો પ્રભાવ કોનો ? "પૌષધ પ્રતિમાનો" એટલા માટે જ પૌષધની વ્યાખ્યામાં પણ ચાર પ્રકારના પૌષધને સમાવતા જણાવ્યું કે—

आहार तनु सत्काराऽब्रह्म सावद्य कर्माणम
त्यागः पर्व चतुष्टयां तद्विदुः पौषधव्रतम्

આહાર, શરીરસત્કાર, મૈથુન અને પાપ વ્યાપારનો ત્યાગ ચાર પર્વદિનોમાં કરવો તેને પૌષધવ્રત કહેવાય છે. જે ચારે પ્રકારના પૌષધની આનંદ ગાથાપતિએ પણ આરાધના કરેલી હતી.

પર્વ એટલે શું ? पूरयति इति पर्व " ધર્મનો સંચય કરવામાં હેતુભૂત બની, ધર્મને જે પૂરણ કરે તે પર્વ." એ પર્વદિનોમાં પૌષધ કરવો તેને पव्वेसु पोषह वय કહેવાય છે. પર્વતિથિમાં આઠમ–ચૌદશ-પૂનમ અમાસનો સમાવેશ કરે છે, જે ચારિત્રનીતિથિ હોવાથી તેમજ પૌષધ એ સર્વવિરતિ જીવનની આરાધના હોવાથી **સંયમ દિન આરાધો** નામ રાખ્યું.

પણ **સંયમ દિન** (પર્વદિન) સંબંધમાં કદી કોઇ ચિંતન કર્યું છે ખરૂં ?

ખ્રીસ્તીઓ અઠવાડીયે એક વખત છુટ્ટી રાખે, તેનું નામ પાડયું રવિવાર પણ તેઓ રવિવારને Holiday કહે છે. Holiday એટલે પવિત્ર દિવસ. આપણે તેનો અર્થ કરી દીધો રજાનો દિવસ. મુસ્લીમોએ શુક્રવાર રાખ્યો. કેમ રાખ્યો ? રોજ પાંચ નમાજ પઢવી જોઇએ પણ રોજ ન થાયતો છેવટે એક દિવસ પણ ધર્મકાર્ય માટે ફાળવવો.

એ રીતે તમે કોઇ દિવસ ધર્મકાર્ય માટે રાખ્યો કે પછી બારે મહિના ગધેડાની જેમ મજુરી કરવાની ?

આઠમ અને ચૌદશ એ ચાર દિવસ મહિનામાં જૈનોના રજાના દિવસો રાખ્યા. રજાના એટલે મજા કરવાના નહીં, પણ ધર્મ આરાધના કરવાના દિવસો જેમ નોકરીયાત કે બાળકને શનિવારની સાંજે આનંદ હોય તેમ શ્રાવક પણ તેરસ કે સાતમની સાંજે આનંદમાં હોય કે અહો કાલ તો પર્વનો દિવસ છે. અમે તો પૌષધ કરી સંસારના કાર્યોમાં કાલે રજા રાખીશું. પૌષધ દ્વારા સાધુપણાની તાલીમ લેશું.

કેમકે પર્વતિથિ શામાટે છે ? આરાધના, ધર્મધ્યાન, બહારના સંબંધોમાંથી રાજીનામું અને આત્મીય સંબંધો સાથે મોજમજા–નિજાનંદ કે શાશ્વત આનંદ આત્માનો જ હોયને ! દેહનો આનંદ માણવો તે બાળકોના રવિવારની રજા જેવો કહેવાય. હવે તમે બાળક છો કે સમજદાર ? નક્કી કરી લેજો.

મૌન એકાદશીનો દિવસ છે. નેવું જિનના દોઢસો કલ્યાણકોના પર્વનો દિવસ છે. સુવ્રતશેઠ પૌષધવ્રતની આરાધના કરવા બેઠા છે. ઘેર ચોર આવે, પેટીઓ તોડવાના અવાજો સંભળાયા, પણ સુવ્રત શેઠ ધ્યાન આપતા નથી.

બીજો એક પ્રસંગ બન્યો. ચારે તરફ આગ લાગી છે. જવાળાઓ ફેલાઈ રહી છે. બચાવો–બચાવોની બૂમો સંભળાય છે. છતાં સુવ્રત શેઠના કાન સંદેશો સાંભળતા નથી કે આંખો દશ્યોને ઝીલતી નથી.

પૌષધ થકી સંયમ આરાધનામાં ડૂબેલા શેઠ તો એકજ વિચાર કરે છે. આત્મધન ચોરાવાનું નથી અને જે ચોરાય છે તે મારું નથી. તેને એ પણ સમજણ બરાબર છે કે બળે છે તે મારું નથી અને મારુ છે તે બળતું નથી. પરિણામ કેટલું સુંદર આવ્યું કે ન તેનું ઘર બળ્યું કે ન કોઇ વસ્તુઓની ચોરી થઈ.

पव्वेसु पोषह वयं **સંયમ દિન આરાધો** એ વાત સુવ્રત શેઠને એટલી બધી દૃઢ થઈ ગઇ હતી કે અગ્નિ કસોટીમાં પણ તેઓએ વ્રતને છોડયું નહીં. તો તે સર્વ વિરતિ જીવનની તાલીમ તેને દીક્ષા અને કેવળજ્ઞાન અપાવનાર નીવડયા.

सर्वेष्वपि तपोयोग: प्रशस्त काल पर्वसु
अष्टम्यां पंचदश्यां च नियत: पौषधं वसेत्

સર્વકાલ પર્વમાં તપોયોગ શ્રેષ્ઠ છે, પણ આઠમ અને પૂનમે તો અવશ્ય કરીને પૌષધ ગ્રહણ કરવો. એ પ્રમાણે ઉત્તરાધ્યયન સૂત્રની શાંતિસૂરિજીએ રચેલ વૃત્તિમાં જણાવેલ છે. અલબત્ત વર્તમાન કાલે પૂર્ણિમા ને બદલે ચતુર્દશીએ પાક્ષિક આરાધના કરવાની પરંપરા ચાલે છે તેથી આપણે આઠમ અને પાખી (પખ્ખી) એ તિથિઓમાં પૌષધની આરાધના ખાસ કરવી. પૂજ્ય લક્ષ્મીસૂરિજી મહારાજા એટલા માટેજ પક્ખી શબ્દને લક્ષમાં રાખી ઉપદેશ પ્રાસાદના વ્યાખ્યાન–૧૫૨માં જણાવી ગયા કે—

सर्वारंभ परित्यागात् पाक्षिकादिषु पर्वषु
विधेय: पौषधोऽजस्त्र-मिव सूर्ययशा नृप:

પાક્ષિક વગેરે પર્વોમાં સર્વ–આરંભનો ત્યાગ કરી સૂર્યયશા રાજાની જેમ પૌષધ વ્રત અંગીકાર કરવું.

ઋષભદેવ પ્રભુના પુત્ર ભરત ચક્રવર્તીના સવા કરોડ પુત્રોમાં સૌથી મોટો પુત્ર હતો સૂર્યયશા. તે પાક્ષિક (પક્ખી) વગેરે પર્વતિથિઓમાં આઠ પ્રહરનો પૌષધ કરતો હતો. આહાર, શરીર સત્કાર, બ્રહ્મચર્ય અને અવ્યાપાર ચારે પ્રકારના પૌષધ ને સર્વથી સુંદર રીતે આદરતો જોઈને એક વખત ઈન્દ્રમહારાજાએ પોતાની સભામાં મસ્તક ધુણાવ્યું. અવધિ જ્ઞાન વડે સૂર્યયશા રાજાનું પર્વ સંબંધિ ધર્મારાધન જોતા ઈન્દ્ર મનોમન તેની પ્રશંસા કરી રહ્યો હતો. આ સમયે રંભા ઉર્વશી વગેરે મધુર ગાન-તાન પૂર્વક નૃત્ય કરી રહી હતી તેઓએ ઈન્દ્રને આમ બેધ્યાન જોઈને પૂછયું કે હે સ્વામી! આપે મસ્તક કેમ ધુણાવ્યું?

ઈન્દ્ર કહે મૃત્યુલોકમાં સૂર્યયશા રાજાની ધર્મ દઢતા અત્યારે જેવી દેખાય છે તેવી બીજા કોઈની જણાતી નથી. વળી તે સૂર્યયશા રાજાના નિત્ય આરાધનથી પ્રેરાઈને બીજા પણ ઘણાં જીવો પર્વ આરાધના કરવામાં તત્પર બનેલા છે.

તેની પૌષધની આરાધના કેવી છે?

दुविहं तिविहेणं બે પ્રકારે કરણ-કરવા અને કરાવવા રૂપ. તથા ત્રણ પ્રકારે યોગ-મન વચન અને કાયાનાં યોગ વડે—પૌષધનું આરાધન કરી રહ્યો છે.

વળી તે સૂર્યયશા રાજા "સર્વ" થી પૌષધ કરી રહ્યો છે એટલે કે સર્વથા આહાર ત્યાગ સર્વથા શરીર સત્કાર ત્યાગ, સર્વથા બ્રહ્મચર્ય પાલન, સર્વથા અવ્યાપાર એટલેકે સાવદ્યકર્મનો ત્યાગ કરવા પૂર્વક આઠ પ્રહરનો પૌષધ લઈને રહેલો છે. વળી તેણે સામાયિક પણ ઉચ્ચરેલી છે. કેમ કે પાપ વ્યાપાર ત્યાગ પૌષધમાં નિશ્ચયથી સામાયિક વ્રત ઉચ્ચરવું જોઈએ.

**પ્રશ્નઃ- પૌષધ સાથે સામાયિક દંડક શા માટે ઉચ્ચરવો જોઈએ?**

**સમાધાન.**- ધર્મસંગ્રહમાં લખ્યુ છે કે

यदि परं पोषध सामा-यिक लक्षणं व्रतं द्वयं
प्रतिपन्नं मयेत्यभि प्रायात्फल वदिति (द्वयं)

"મેં પૌષધ અને સામાયિક બંને વ્રતો અંગીકાર કર્યા છે" તેવો ભાવ વ્રત કરનારના હૃદયમાં હોય તો બંનેનું ફળ મળે છે. માટે

સામાયિક દંડક પણ પૌષધમાં સાથે જ ઉચ્ચરાવવામાં આવે છે.

સૂર્યયશા રાજા અઢાર દોષથી રહિત એવા પૌષધની આરાધના જે દઢતાથી કરી રહ્યો હતો તે જોતાં ગુણાનુરાગથી ઈન્દ્રનું મસ્તક ધુણી ગયું.

રંભા અને ઉર્વશીને થયું કે માનવ તો ધાન્યનો કીડો ગણાય તેની આટલી પ્રશંસા શું કરવાની હોય? અમારું રૂપ જોયું નથી ત્યાં સુધી જ માનવીની બધી દઢતા રહે છે. ઇન્દ્રએ તો આ વાતે મૌન જ ધારણ કર્યું.

બંને દેવીઓ આટલી પ્રતીજ્ઞા કરી મૃત્યુલોકમાં આવી. રાજા સૂર્ય-યશા પાક્ષિક પૌષધ કરી પ્રભુને વંદન કરવા ગયો હતો. પ્રભુને વંદન કરીને બહાર નીકળ્યો ત્યારે રંભા અને ઉર્વશીના સંગીત–નૃત્ય-સ્મીત વેશ લાવણ્ય વગેરે બધું તેના જોવામાં આવ્યું એટલે મંત્રી દ્વારા તે બંનેના જાતિ–કુલ વગેરેની તપાસ કરાવી.

બંને ને મંત્રીએ પૂછયું કે તમારી જાતિ–કુલ વગેરે શું છે? ત્યારે તેઓ બોલી કે અમે વિદ્યાધરની પુત્રીઓ છીએ. મંત્રીએ રાજા સાથે લગ્ન માટે પ્રસ્તાવ મુકયો ત્યારે રંભા અને ઉર્વશી બોલીકે જો તમારો રાજા કદાપી અમારી વાતનું ઉલ્લંઘન ન કરે તો અમે લગ્ન કરવા માટે તૈયાર છીએ. રાજા પણ એ શરત કબૂલ કરી અને રંભા તથા ઉર્વશી સાથે લગ્ન કર્યા.

અષ્ટમીની પર્વતિથિ આવતા પટહ ઘોષણા થઈ તે સાંભળી તે બંને દેવીઓ બોલી કે આ શેનો ધ્વનિ છે. ત્યારે રાજાએ જણાવ્યું કે આવતી કાલે અષ્ટમી પર્વ તિથિ હોવાથી અનેક પ્રકારે દળવું, ખાંડવુ, પિષવું, રાંધવું, અબ્રહ્મનું સેવન કરવું, જ્ઞાતિ ભોજન કરાવવું. પિલવું, રાત્રિભોજન કરવું, વૃક્ષો છેદવા, ભૂમિ વિદારવી, ઈંટ ચુનો પકાવવા, વસ્રો ધોવા, વાસી ભોજન કરવું, શાલીકે ચણા સેકવા, શાકપાન ખરી-દવા વગેરે કોઇપણ જાતના પાપવ્યાપાર કોઈ કરશે નહીં–કરાવશે નહીં બાળકો સિવાયના સર્વલોકો પ્રાયઃ ઉપવાશ કરશે. દશ હજાર રાજા આવતી કાલે પૌષધ કરશે અને હું પણ પૌષધ કરીશ.

જરા વિચાર કરવા જેવું છે દશહજાર રાજાનો અધિપતિ, સવા-લાખ પુત્રનો પિતા અને વિશાળ રાજ્યનો એક રાજશ્રી–પર્વ તિથિએ પૌષધ કરી શકે અને તમે સો રૂપીયાનો વેપાર ન થતો હોય તો પણ

રવિવારે દુકાન ખોલીને બેસવાની વાત કરો પણ ધર્મ–આરાધન માટે સમય ન હોય!

રાજા સૂર્યયશાની વાણી સાંભળી રંભા અને ઉર્વશી બંને મૂર્છા ખાઈને ઢળી પડી. ચંદનના સિંચન વડે તેમને મૂર્છારહિત કરતા તે બોલી કે એક ક્ષણ માટે પણ અમે તમારો વિરહ સહન કરી શકતા નથી તો આઠ–આઠ પ્રહર સુધી તમારો વિરહ કઈ રીતે ખમાશે? તમે જો અમારા સંગના સુખની અભિલાષા કરતા હો તો પર્વ દિવસનો પૌષધ કરવાનું છોડી દો.

સૂર્યયશા રાજા કહે પ્રાણાંતે પણ હું પર્વદિનોમાં પૌષધ છોડીશ નહીં.

આ તો તદ્ભવ મોક્ષગામી જીવ છે, વળી અરિસાભુવનમાં ગૃહસ્થ પણામાં જ કેવળજ્ઞાન પામનારો જીવ તે કદાપી પૌષધ છોડે ખરો? તેને તો એક સૂત્ર પાઠજ બસ હતો जेसिं पोषह पडिमा अखंडिया जीवोअंते वि

જેઓની પૌષધ પ્રતિમા (પ્રતિજ્ઞા) (જેઓએ) જીવનના અંત પર્યંત પણ અખંડિત રાખી હતી, ધન્ય છે તેઓને. કારણકે તેઓ બરાબર સમજે છે કે ઇન્દ્રની પદવી સુલભ છે પણ ધર્મની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે.

ત્યારે વિદ્યાધર પુત્રી બનેલી બંને દેવીઓ બોલી કે તમે પાણી–ગ્રહણ વખતે વચન આપેલું છે.

સૂર્યયશા રાજા કહે વચનને માટે બધું ધન–રાજ્ય વગેરે તમે જે કહો તો છોડી દેવાય. પણ ધર્મ એ તો આત્માનું ધન છે તે કઇ રીતે છોડાય?

તમે કહેશો કે મહારાજ સાહેબ, અમને પણ ધર્મ પ્રત્યે ઘણી પ્રીતિ છે. પણ નોકરી ધંધા છોડીને પર્વદિને પૌષધ કઈ રીતે કરવો?

હું તમને પૂછું કે શું રવિવારે નોકરી છે? તો નક્કી કરો કે દર રવિવાર અને રજાના દિવસોમાં તો હું જરૂર પૌષધ કરીશ. કદાચ પરિસ્થિતિવશ પવિત્ર પર્વદિવસો ને ન સાચવી શકો તો કંઇ નહીં હોલિડે ને તો Holi–પવિત્ર અને Day–દિવસ તરીકે મનાવવાનું કબૂલ રાખી શકો કે નહીં?

સૂર્યયશા રાજા રંભા અને ઉર્વશીના ઉપાલંભને કારણે પોતાનું મસ્તક છેદવા તૈયાર થયો. જેવો તે પોતાની ડોક ઉપર પ્રહાર કરવા ગયો કે ખડ્ગની ધાર બુઠ્ઠી થઇ ગઈ. તે નવા–નવા ખડ્ગ લેતો જાય છે ને પ્રહાર કરેછે પણ દરેકની ધાર બુઠ્ઠીઈ થ જાય છે.

છેવટે રંભા અને ઉર્વશી પોતાના મૂળરૂપે પ્રગટ થઇ સૂર્યયશા રાજાની દૃઢ ધર્મારાધનનાની પ્રશંસા કરી ત્યાંથી સ્વર્ગમાં પાછી ફરી.

**સંયમ દિન આરાધનામાં** દૃઢ એવા સૂર્યયશા રાજા પણ અરીસા ભુવનમાં બેઠાબેઠા કેવલજ્ઞાન પામ્યા.

પાક્ષિકાદિ પર્વતિથિમાં તમે પણ સૂર્યયશા રાજાની માફક પૌષધ ધર્મની વિધિપૂર્વક આરાધના કરો.

વિધિપૂર્વક એટલે શું ?

પ્રભાતમાં પૌષધ ગ્રહણ કરે. ત્યાર બાદ પ્રતિક્રમણ કરી, પડિલેહણ કરે, દેવવંદન કરી, સજ્ઝાય કરે પછી ગુરુવંદન કરે.

મુખ્ય માર્ગે તો પ્રતિક્રમણાદિ ગુરુ નિશ્રાએ જ કરવા જોઇએ. છતાં કારણ વશાત્ પ્રતિક્રમણ ગુરુ નિશ્રામાં ન કરેલ હોયતો રાઇય મુહપત્તિ પડિલેહવાની વિધિ કરીને પ્રત્યેક મુનિરાજને વંદના કરવી.

ત્યાર પછી યોગ્ય સમયે જિનાલયમાં જઇ ચૈત્યવંદન કરે. પછી વ્યાખ્યાન શ્રવણ કરી પોરિસિ ભણાવે. મધ્યાહ્ને પુનઃ દેવવંદન વિધિ કરી પચ્ચક્ખાણ પારે. વચ્ચેના સમયમાં સ્વાધ્યાય-આદિ કરે.

જો આહાર પૌષધ દેશથી કર્યો હોય તો એકાસણું, નિવિ કે આયંબિલ કરીને પછી વાપર્યા બાદનું ચૈત્યવંદન કરે. સાંજે ફરી પડિલેહણ, દેવવંદન, ગુરુવંદન, પ્રતિક્રમણાદિ કરી, સ્વાધ્યાય કરે. રાત્રે એક પ્રહર વીતે ત્યાર બાદ પોરિસિ ભણાવી વિધિ પૂર્વક સંથારો કરે.

વિધિ પૂર્વક સંથારો એટલે શું ?

आणुजाणह संथारं बाहु वहाणेण वाम पासेणं
कुक्कुडो पाय पसारणं अतरंत पमज्जए भूमिं

સંથારો કરવા માટેની અનુજ્ઞા લઇ ડાબે પડખે, હાથને ઓશીકા રૂપે ગોઠવી, કુકડીની જેમ પગ સંકોચી અને તેમ કરવા અસમર્થ હોય તો ભૂમિનું પ્રમાર્જન કરીને પછી પગ લાંબા કરે.

વળી ફરીથી જો પગ સંકોચે તો પાછા ઢીંચણનું પ્રમાર્જન કરે અને કદાચ પડખું ફેરવે તો પણ શરીર અને ભૂમિને પુંજીને પછી પડખું ફેરવે.

જો કદાચીત કાલચિંતા માટે ઉઠવું પડે તો નિદ્રાનું નિવારણ કરવા માટે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની વિચારણા કરે દ્રવ્યથી-હું કોણ છું ? તેમ વિચારે.

○ ક્ષેત્રથી–હું કયા સ્થાને રહેલો છું તે યાદ કરે.
○ કાળથી–રાત્રિનો આ કયો સમય ચાલે છે તે ચિંતવે.
○ ભાવથી-કાળચિંતાની પીડા વિશે વિચારણા કરે.
મારે લઘુનીતિ–વડીનીતિ જવાની જરૂર છે કે કેમ ?

તેમ કરતા પણ નિદ્રા દૂર ન થાયતો શ્વાસનું નિરોધન કરે. રાત્રિએ સૂતા પહેલાં પણ પોતાના દેહને વિશે ચિંતવે કે જો રાત્રિએ મરણ થાયતો–આહાર, ઉપધિ અને દેહને મન-વચન–કાયાવડે વોસિરાવું છું એટલે કે સાગારી અનશન ધારણ કરે.

ચાર મંગલ અને ચાર લોકોત્તમ પણાની વિચારણા કરી અરિહંત-સિદ્ધ-સાધુ અને કેવલિ ભગવંતે કહેલા ધર્મનું શરણ ગ્રહણ કરે. અઢાર પાપસ્થાનક વોસિરાવે. આત્મામાં એકત્વ, સંસાર વગેરે ભાવના ભાવે. ક્ષમાપનાદિ કરી મન-વચન–કાયાથી પાપનું મિચ્છામિદુક્કડમ્ આપે.

આવા સુંદર પૌષધની આરાધના કરતા સાગરચંદ્રને યાદ કરીએ છીએ. શ્રીકૃષ્ણના ભાઈ બળદેવના પુત્ર નિષદનો તે પુત્ર હતો. અને કમલામેલા નામની સુંદર રાજકન્યાને પરણેલો હતો.

એક વખત શ્રી નેમિનાથ પરમાત્મા દ્વારિકામાં પધાર્યા. તેમની દેશના સાંભળી સાગરચંદ્રે બારવ્રત ગ્રહણ કર્યા. પછી એક વખત પૌષધ પ્રતિમા વહન કરતાં કાયોત્સર્ગમાં શ્મશાનમાં રહેલા છે. ત્યારે નભસેન નામક તેનો વૈરી ત્યાંથી પસાર થયો. તેણે શ્મશાનમાં રહેલો એક ઘડાનો કાંઠો સાગરચંદ્રના માથામાં મુકી તેમાં અંગારા ભરી દીધા. તેમનું મસ્તક ફાટી ગયું છતાં તેઓ મન-વચન-કાયાથી ચલિત થયા નહીં.

એકજ ભાવનામાં દૃઢ બની ગયા एगो मे सासओ अप्पा એક મારો આત્મા શાશ્વત છે. नाण दंसणसंजुओ જ્ઞાન–દર્શનથી યુક્ત છે. सेसा मे बाहिरा भावा બાકી બધા બાહ્ય ભાવો છે.—

એ ભાવનાની ધારાએ સ્વર્ગપણાને પામ્યા.

શ્રાવકે પણ આ રીતે પર્વદિનોમાં પૌષધવ્રતની આરાધના કરવી જોઇએ. તમે કહેશો મહારાજ આવા બધાં ગપ્પા કયાંથી શોધી કાઢયા ?

ભાઈ સાંભળ આ ગપ્પા નથી તેં અત્યારે પૌષધ લીધો તેમાં શું પ્રતીજ્ઞા કરીછે તે જરા યાદ કરીલે પછી પૌષધ પાળતી વેળાએ સાગરચંદ્રને યાદ કરીશ તો તને બધુ બરાબર સમજાઈ જશે.

પૌષધની પ્રતીજ્ઞા શું છે? करेमि भन्ते पोषहं હે ભગવંત ! હું પૌષધ ગ્રહણ કરુ છું (સ્વીકારવાને ઈચ્છું છું) પણ કઈ રીતે? दुविहं तिविहेणं मणेणं वायाए काएणं–મન, વચન, કાયાના કરણ વડે (જો જો સામાયિક ભેગી ઉચ્ચરેલી છે તે વાત ન ભૂલતા) સાવદ્ય પ્રવૃત્તિ કરું નહીં–કરાવું નહીં.........છેલ્લે अप्पाणं वोसिरामि કર્યું છે ને? કે પછી करेमि भन्ते ને બદલે वदामि भन्ते કરી દીધું છે કરવાનું કંઈ નહીં માત્ર वदामि એટલે કે હું બોલુ છું કે –

ખાસ યાદ રાખજો **સંયમ દિન આરાધવા** करेमि "હું કરું છું–સ્વીકારું છું" શબ્દ મુકેલ છે. છેલ્લે अप्पाणं वोसिरामि-કષાયાત્માને કે બહિરાત્માને વોસિરાવુંછું કાયાના મમત્વનો ત્યાગ કરુંછું.

આટલી પ્રતીજ્ઞા યાદ રાખો તો સાગરચંદ્રની જેમ પૌષધ કરવાનું કહ્યું તે વાત સમજાઈ જશે. बहुवेल संदीसाहुं, बहुवेल करशुं પદ યાદ રહેશે તો પછી કોઈ શંકાજ નહીં રહે.

પૌષધમાં આ બે આદેશ માંગો છો ને? તેનું રહસ્ય સમજવા જેવું છે. તેમાં સમર્પણ ભાવ રહેલો છે. પૌષધ કરનાર ગુરુને પોતાની કાયા અર્પણ કરે છે. કાયા વડે થતી ક્રિયામાં શ્વાસોશ્વાસ, આંખનો પલકારો, ધબકાર વગેરે અશકય ક્રિયાઓને છોડીને બધીજ ક્રિયા ગુરુની આજ્ઞા પૂર્વક કરવાની. માત્ર અશકય ક્રિયાની જ છૂટ.

बहुवेल संदिसाहु એ बहुवेल करशुंની આજ્ઞા માંગવામાટેની આજ્ઞા છે. કેવું શીસ્ત છે કે રજા માંગવા માટેની પણ રજા માંગવાની. बहुवेल-संदिसाहुं ના આદેશ પછીજ बहुवेल करशुं નો આદેશ માંગે.

આવા સમર્પણ પૂર્વક પૌષધની ક્રિયા કરો તો **સંયમ દિન આરાધના**–पव्वेसु पोषह वयं કર્તવ્યની સાર્થકતા થશે–તમે પણ આવા આરાધક બનો તે શુભેચ્છા.

## દ્રવ્ય સહાયક

# શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે. મૂર્તિ. સંઘ—નીમચ છાવણી તથા

## નીમચ શ્રી સંઘના સુશ્રાવક-શ્રાવિકાઓ

| નામ | શેર |
|---|---|
| પટવા મનાલાલજી સંપતલાલજી | ૧૦ |
| નાગોરી સૂરજમલજી | ૫ |
| ગંભીરમલજી મનોહરસિંહજી કોઠારી | ૫ |
| સાગરમલજી પામેચા | ૫ |
| કેશરીમલજી શેરસિંહજી પામેચા | ૫ |
| હંસરાજ હરપાર લાલકા | ૫ |
| ગણેશીલાલજી પૂનમચંદજી ચોરડીયા | ૪ |
| સોભાગમલજી ભામાવત | ૪ |
| ચંદ્રકાન્તબેન ધ. પ. પ્રકાશચન્દ્ર માનવજી | ૪ |
| રાજમલજી ડુંગરવાલ | ૨ |
| રાજમલજી સંતોષકુમારજી રાંકા | ૨ |
| પ્રમોદકુમારજી જૈન | ૨ |
| કૃષ્ણાબાઈ ધ. પ. પુનમચંદજી પગારિયા | ૨ |
| ચીરંજીવલાલજી શંકરલાલજી પોરવાળ | ૨ |
| કજોડીમલજી બસંતીલાલજી લસોડ | ૨ |
| ઉત્તમચંદજી પારસમલજી ડોસી | ૨ |
| પૂ. પિતાશ્રી કસ્તુરચંદજી ની સ્મૃતિમાં ખ્યાલીલાલજી ગોપાવત્ પીપલીયા રાવજી વાળા | ૨ |
| ચોથમલજી યશવંત સિંહજી લોઢા | ૧ |
| નીર્મલાબેન ધ. પ. કુંદનમલજી ભામાવત | ૧ |
| માંગીલાલજી હસ્તીમલજી ચૌધરી | ૧ |
| જ્ઞાનચંદજી કનૈયાલાલજી લોઢા | ૧ |

| નામ | શેર |
|---|---|
| માંગીલાલજી મોગરા | ૧ |
| માણેકલાલજી કટારીયા–ધમોતરવાળા | ૧ |
| ચાંદમલજી પ્રદીપકુમાર લોઢા | ૧ |
| કાંતાબાઈ ધ. પ. શાંતિલાલજી લોઢા | ૧ |
| મનોહરસિંહજી લોઢા સાડી (સેન્ટરવાળા) | ૧ |
| હમીરમલજી સંતોષસિંહજી કોઠારી | ૧ |
| રામચંદ્રજી જૈન | ૧ |
| જ્ઞાનચંદજી ડુંગરવાલ | ૧ |
| શીવદયાલ પારસમલજી ભંડારી | ૧ |
| રાજમલજી પોરવાળ | ૧ |
| ધરમચંદજી ભામાવત | ૧ |
| નેમિચંદજી (ઠેકેદાર) આંચલીયા | ૧ |
| મોતીલાલજી માણેકચંદજી શેખાવત | ૧ |
| હમીરમલજી અખેસિંહજી કોઠારી | ૧ |
| કમલાબાઈ ધ. પ. મદનલાલજી વીરાણી | ૧ |
| કનૈયાલાલજી યશવંત સિંહજી લોઢા | ૧ |
| અનીતા ધ. પ. વિનોદકુમારજી ખાબીયા | ૧ |
| રોશનલાલજી બોથરા (દલાલ) | ૧ |
| ૐકાર લાલજી બંસીલાલજી ચોરડીયા | ૧ |
| શાંતિલાલજી સગરાવત | ૧ |
| સરદારમલજી ઊમરાવસિંહજી જૈન | ૧ |
| શાન્તાબેન ધ. પ. માનમલજી ભામાવત (જીરનવાળા) | ૧ |
| શ્રી પાર્શ્વ મહિલા મંડળ નીમચ છાવણી | ૧ |

**એક ગુપ્ત દાતા–જેની લાગણી ભરી વાણી અને આર્થિક સહાય થી જ આ પુસ્તકનું પ્રકાશન થયું છે.**

## પૂજ્ય મુનિશ્રી દીપરત્ન સાગરજી (M. Com. M. Ed)

### દ્વારા સંપાદિત-સર્જિત પ્રકાશનો

(૧) શ્રી નવકાર મહામંત્ર નવલાખ જાપની નોંધપોથી-૧૪ આવૃત્તિ [સર્વ પ્રથમ વાર પ્રત્યેક માળા માટે અલગ નોંધની સુવિધા]
(૨) શ્રી ચારિત્ર પદ ૧ કરોડ જાપની નોંધપોથી-૩ આવૃત્તિ [ક્ષાયિક ચારિત્ર પ્રાપ્તિ માટે]
(૩) શ્રી બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો-૩ આવૃત્તિ [સર્વ પ્રથમ ડબલ કલર, વિશિષ્ટ વિભાગી કરણ તથા નિયમો લેવાની અત્યંત સુવિધા યુક્ત]
(૪) અભિનવ જૈન પંચાંગ-૨૦૪૨ [સૂર્યોદયથી પુરીમડ્ઢ. કામળી કાળ, સાંજે બે ઘડી, ભણવવાની પોરસિના સમય સાથેનું સર્વ પ્રથમ પ્રકાશન]
(૫) અભિનવ હેમ લઘુ પ્રક્રિયા-૧ સપ્તાંગ વિવરણ
(૬) અભિનવ હેમ લઘુ પ્રક્રિયા-૨ સપ્તાંગ વિવરણ
(૭) અભિનવ હેમ લઘુ પ્રક્રિયા-૩ સપ્તાંગ વિવરણ
(૮) અભિનવ હેમ લઘુ પ્રક્રિયા-૪ સપ્તાંગ વિવરણ
(૯) કૃદન્તમાલા [૧૨૫ ધાતુના ૨૩ પ્રકારે કૃદન્ત]
(૧૦) શત્રુંજય ભક્તિ (ગુજરાતીમાં) ૨ આવૃત્તિ
(૧૧) શ્રી જ્ઞાનપદ પૂજા
(૧૨) शत्रुंजय भक्ति બે આવૃત્તિ
(૧૩) ચૈત્યવંદન પર્વમાલા
(૧૪) ચૈત્યવંદન સંગ્રહ-તીર્થજિન વિશેષ
(૧૫) ચૈત્યવંદન ચોવિસી
(૧૬) अभिनव जैन पंचांग—२०४६ [સર્વ પ્રથમ-વિશાળ માહિતી સાથે ભીતીયું પંચાંગ-હિન્દીમાં)
(૧૭) અભિનવ ઉપદેશ પ્રાસાદ-ભા. ૧
(૧૮) ☼ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભા. ૨
(૧૯) ☼ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભા. ૩
(૨૦) ☼ ચૈત્યવંદનમાળા

[૧૮-૧૯-૨૦ હવે પછી પ્રકાશિત થનાર છે]

—: અભિનવ-શ્રુત પ્રકાશન :—

C/o. પ્ર. જે. મહેતા, હેડ પોસ્ટ ઓફિસ પાછળ, જામનગર

## વ્યાખ્યાન પૂર્વે બોલવાના માંગલિક શ્લોક

સચ્ચિદાનંદ સંપૂર્ણં વિશ્વજ્ઞં વિશ્વપાવનમ્
શંખેશ્વર પુરોત્તંસં પાર્શ્વનાથ નમામ્યહમ્ ૧

સત્યાનંદ નિધાન મહેશં, શ્યામ શરીરમનંતં
ક્લેશ કલંક નિવારક દેવં, વંદે નેમિ જિનેશં ૨

સંસાર વારાંનિધિ યાનપાત્રં,
નિજાત્મભાવા લયલીન ચિત્તં
સુદર્શન ક્ષાયક ભાવ યુક્તં,
નમામ્યહં શ્રી જિન વર્ધમાનં ૩

યેન ક્રમેણ કૃપયા શ્રુત ધર્મ એષ
આનીય માદૃશજનેઽપિ હિ સંપ્રણીતઃ
શ્રીમત્સુધર્મ ગણભૃત્ પ્રમુખં નતોઽસ્મિ
તં સૂરિ સંઘમનઘં સ્વગુરુંશ્ચ ભક્ત્યા ૪

ભગવદ્ વદનામ્ભોજ વાસિનીં પાપ નાશિનીં
વાણીં સર્વ વિદાં વંદે વિશ્વે વિશ્વતમોઽપહાં ૫